ॐ

શ્રી વીતરાગાય નમઃ

# અધ્યાત્મ સુધા

(ભાગ-૮)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'બહેનશ્રીના વચનામૃત' ગ્રંથ
ઉપરના સળંગ પ્રવચનો)

(વચનામૃત-૨૫૨ થી ૨૯૭)

પ્રકાશક

**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :
- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૨૦–૭–૨૦૧૬ (અષાઢ વદ ૧, મહાવીર ભગવાનની દિવ્યધ્વનિ છૂટવાનો પ્રથમ દિવસ)
પ્રત : ૧૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૧૨ + ૮ = ૪૨૦
પડતર કિંમત : ૭૧૦/–
મૂલ્ય : ૨૦/–

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
૧૯૨૪/, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર–૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**ભગવતી ઓફસેટ**
અમદાવાદ
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રસ્તાવના

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ, પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણા સૌનું મહાન સદ્ભાગ્ય છે. વર્તમાનકાળમાં 'સીમંધર' ભગવાનની સાક્ષાત્ દિવ્યદેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન'નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો !

લઘુવયથી જ પ્રખર વૈરાગ્યધારી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે એવી તીખી તમન્ના જેમને સહેજે પ્રગટી અને અપૂર્વ પુરુષાર્થના પરાક્રમ દ્વારા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની દિવ્ય દેશનાને સફળ કરી એવા પૂજ્ય 'બહેનશ્રી'ના અંતર ગુણોનું વર્ણન પામર જીવોથી કઈ રીતે થઈ શકે ? પ્રતિપળ જ્ઞાયક તરફ દોડતી નિર્મળ પરિણતિ દ્વારા સાધનાની અપ્રતિહત અખંડ ધારા જાણે કે ઝટ કેવળજ્ઞાનને બોલાવી રહી છે ! પૂર્ણ શુદ્ધિ તરફની મીટ માંડી એક ક્ષણ પણ જાણે કે અપૂર્ણતામાં રહેવા ન માગતી હોય એવી અખંડ ધારા, સતત જ્ઞાયકદેવથી અભેદ રહેતી ધારા વારંવાર ઉપયોગને નિર્વિકલ્પ કરી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરાવી રહી છે. હું ભરતમાં છું કે વિદેહમાં છું તેની પણ જેમને સ્મૃતિ રહેતી નથી એવી અવગાઢ ચિદ્પરિણતિના ધારક પૂજ્ય 'બહેનશ્રી'નો મહિમા વચનોમાં કરવો અસંભવ છે.

જૈનની ગીતા એટલે 'બહેનશ્રીનાં વચનામૃત' ! મુમુક્ષુ માટે અમૃતની વેલડી ! જ્ઞાનીપુરુષોની અંતર પરિણતિ તો નિરંતર અમૃતનું પાન કરી જ રહી છે સાથે સાથે નિષ્કારણ કરુણાથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો પણ આ અમૃતનું પાન કરે એવી વિશાળ ભાવનાથી તેમના શ્રીમુખેથી મુખરિત થયેલા વચનોને પણ 'અમૃત'ની ઉપમા અપાય છે કેમકે આ વચનરૂપી અમૃતનું પાન કરી મુમુક્ષુ જીવ પણ મુક્તિરમાના અમૃતસુખનો ભોગી થાય છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્યદેશનાને ગ્રહણ કરનાર ગણધરનું દ્રવ્ય ! પછી તો પૂછવું જ શું !! એવા ગણધરદેવ દ્વારા ઝીલાયેલી દિવ્ય દેશનાનું

મૂલ્ય કઈ રીતે થાય ?

એવા પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન'ના વચનામૃતો ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના આ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા' ભાગ-૮ પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઇત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

ભાવના, મુમુક્ષુની યથાર્થ ભૂમિકા, પ્રેરણા, પુરુષાર્થ, કર્તવ્ય, ગુરુ મહિમા, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાનીપુરુષની અંતર્‌બાહ્ય દશા, ભેદજ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, મુનિદશા આદિ અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'પ્રવચનઉદધિ' સમાન છે. અનેક રત્નોનો સંગ્રહ જેમાં હિલોળા લઈ રહ્યો છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદની છોળો ઊછળી રહી છે, પરિપૂર્ણ આત્મહિતની ભાવનાના મોજાઓનો ગુંજારવ થઈ રહ્યો છે, પ્રવચનોના ધવલશ્વેત મોજાઓનો સમૂહ સંસારની કાલિમાને ધોઈ નાખવા તત્પર થઈ રહ્યો છે, મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચનઉદધિના ઘુઘવાટા થનગનાટ કરી રહ્યા છે, એવા પ્રવચનસમુદ્રમાં ડૂબકી લગાવી મુમુક્ષુ જીવ આત્મહિત સાધે અને અધ્યાત્મસુધાનું પાન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્ય 'બહેનશ્રી'ના એક એક વચનામૃતમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઇત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુ જીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચનઉદધિના શ્વેત મોજાઓના સમૂહમાં ધોઈ, અતીન્દ્રિય આનંદની છોળમાં આનંદરસનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઇતિ શિવમ્

ટ્રસ્ટીગણ

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

**ભાવનગર**

# પ્રકાશકીય

પ્રસ્તુત ગ્રંથ 'અધ્યાત્મ સુધા' ભાગ-૮ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ ગ્રંથમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર કરુણાસાગર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' દ્વારા થયેલ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર, ભાવનગરમાં ૧૯૮૬માં આ પ્રવચનો થયેલા છે. કુલ ૩૫૫ જેટલા પ્રવચનોને ૧૨ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવનાના ફળસ્વરૂપે આ આઠમા ભાગનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર સ્થિત 'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'માં નિયમિતપણે ચાલતા રોજના સી.ડી. પ્રવચનોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો સાંભળતાં એમ લાગ્યું કે જો આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત કરવામાં આવે તો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય.

પૂજ્ય 'બહેનશ્રી'ના સાદી ભાષામાં લખાયેલા આ વચનામૃતોની અંદર રહેલો ઊંડો મર્મ, આશય અને રહસ્યને પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'એ સ્વયંની મૌલિક રોચક અને રસપ્રદ શૈલીમાં ખોલ્યા છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથની મુક્તકંઠે જે પ્રશંસા ગાઈ છે તે સૌને સુવિદિત છે. તેનું કારણ ખોલતાં પૂજ્ય ભાઈશ્રી ફરમાવે છે કે, આ ગ્રંથમાં મુમુક્ષુજીવને ઉપયોગી એવું માર્ગદર્શન ભરપૂર માત્રામાં છે જે મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પર્યંત પહોંચવામાં પ્રકાશસ્તંભરૂપ છે. અનેક વિષયોને આવરી લેતા એવા એકેએક બોલમાં કેટલું ઊંડાણ રહેલું છે તે પ્રવચનો વાંચતાં પાઠકવર્ગને અવશ્ય પ્રતીતિમાં આવી શકશે. મુમુક્ષુજીવની જઘન્ય ભૂમિકાથી માંડીને મધ્યમ અને ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં મુમુક્ષુજીવે કેવી રીતે આગળ વધવું અને ક્યા પ્રકારે અટકી ન જવાય તેની સાવધાની અને જાગૃતિ રાખવી, તે સંબંધિત અનુભવપૂર્ણ સ્પષ્ટ માર્ગદર્શન પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત'ના આધારે આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સૌ પ્રથમ સી.ડી.માંથી સાંભળીને અક્ષરશઃ ટાઈપ કરીને તેનું સંપાદન કરવામાં આવેલ છે. પ્રવચનોમાં જ્યાં વ્યક્તિગત નામ બોલાયા હોય તે લેવામાં નથી આવેલ. શ્રોતાગણમાંથી આવેલ પ્રશ્ન જ્યાં સ્પષ્ટપણે સંભળાતા નથી ત્યાં ડોટ ડોટ કરીને ખાલી જગ્યા છોડવામાં આવી છે તથા વાક્યરચના પૂર્ણ કરવા અર્થે જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. આ જ પ્રવચનોને મુદ્રણકાર્ય માટે મોકલતાં પહેલાં ફરીથી એક વાર સી.ડી.માંથી સાંભળીને તપાસી લેવામાં આવે છે જેથી કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો તે નીકળી જાય. તેમ છતાં પ્રસ્તુત ગ્રંથના સંપાદનકાર્યમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તેની જિનવાણીમાતા પ્રત્યે ક્ષમાયાચના કરવામાં આવે છે. પાઠકવર્ગને કોઈ ક્ષતિ જાણમાં આવે તો

અવશ્ય જાણ કરે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો અત્ર હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપેલ છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટીંગ માટે પૂજા ઈન્પ્રેશન્સનો તથા સુંદર મુદ્રણકાર્ય માટે ભગવતી ઑફસેટનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ વીતરાગ જિનવાણીના પ્રકાશન કાર્યમાં મન, વચન, કાયાથી અજાગૃતિપૂર્વક પ્રમાદવશ જે કોઈ ભૂલ રહી ગઈ હોય તો જન્મ-મરણના ભયસહિત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ અને આ અધ્યાત્મ સુધારસનું પાન કરી શીઘ્ર સૌ આત્મહિતને પામે એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**ભાવનગર**

## 'અધ્યાત્મસુધા' ભાગ-૮ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| સ્વ.જયંતિલાલ કુરજીભાઈ મહેતાના સ્મરણાર્થે, | |
| હ. ડો. મહેશભાઈ મહેતા તથા ડો. ગીતાબેન મહેતા | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, ભાવનગર | ૧૧,૦૦૦/- |
| શ્રી નગીનદાસ ચુનીલાલ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી હીરાલાલ જૈન, ભાવનગર | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી ચારુબેન નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| સ્વ. ઈન્દુમતી જસવંતલાલ કામદારના સ્મરણાર્થે, હ. જસુભાઈ કામદાર | ૫૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |

# પ્રવચન અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | બોલ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૦ | ૧૯-૧૨-૮૭ | ૨૫૨-૨૫૩ | ૦૦૧ |
| ૨૦૧ | ૨૦-૧૨-૮૭ | ૨૫૪-૨૫૫ | ૦૧૭ |
| ૨૦૨ | ૨૨-૧૨-૮૭ | ૨૫૬-૨૫૭ | ૦૩૨ |
| ૨૦૩ | ૨૩-૧૨-૮૭ | ૨૫૭-૨૫૮ | ૦૪૪ |
| ૨૦૪ | ૨૫-૧૨-૮૭ | ૨૫૯-૨૬૦ | ૦૬૦ |
| ૨૦૫ | ૨૬-૧૨-૮૭ | ૨૬૧-૨૬૨ | ૦૭૫ |
| ૨૦૭ | ૨૯-૧૨-૮૭ | ૨૬૪-૨૬૫ | ૦૮૮ |
| ૨૦૮ | ૩૦-૧૨-૮૭ | ૨૬૫-૨૬૬ | ૧૦૪ |
| ૨૦૯ | ૦૧-૦૧-૮૮ | ૨૬૬-૨૬૭ | ૧૧૯ |
| ૨૧૦ | ૦૨-૦૧-૮૮ | ૨૬૮ | ૧૩૪ |
| ૨૧૧ | ૦૩-૦૧-૮૮ | ૨૬૯-૨૭૦ | ૧૫૦ |
| ૨૧૨ | ૦૪-૦૧-૮૮ | ૨૭૧-૨૭૨ | ૧૬૩ |
| ૨૧૩ | ૦૫-૦૧-૮૮ | ૨૭૨ થી ૨૭૪ | ૧૭૮ |
| ૨૧૪ | ૦૬-૦૧-૮૮ | ૨૭૪ થી ૨૭૬ | ૧૯૩ |
| ૨૧૫ | ૦૯-૦૧-૮૮ | ૨૭૭-૨૭૮ | ૨૦૮ |
| ૨૧૬ | ૧૦-૦૧-૮૮ | ૨૭૮ | ૨૨૨ |
| ૨૧૭ | ૧૨-૦૧-૮૮ | ૨૭૮ | ૨૩૪ |
| ૨૧૮ | ૧૩-૦૧-૮૮ | ૨૭૯ | ૨૪૯ |
| ૨૧૯ | ૧૫-૦૧-૮૮ | ૨૮૦-૨૮૧ | ૨૬૬ |
| ૨૨૦ | ૧૬-૦૧-૮૮ | ૨૮૨-૨૮૩ | ૨૮૦ |
| ૨૨૧ | ૧૭-૦૧-૮૮ | ૨૮૪-૨૮૫ | ૨૯૫ |
| ૨૨૨ | ૧૮-૦૧-૮૮ | ૨૮૬ થી ૨૮૮ | ૩૧૦ |
| ૨૨૩ | ૧૯-૦૧-૮૮ | ૨૮૯ | ૩૨૫ |
| ૨૨૪ | ૨૦-૦૧-૮૮ | ૨૯૦ થી ૨૯૨ | ૩૩૯ |
| ૨૨૫ | ૨૧-૦૧-૮૮ | ૨૯૩-૨૯૪ | ૩૫૩ |
| ૨૨૬ | ૨૭-૦૧-૮૮ | ૨૯૫ | ૩૬૯ |
| ૨૨૭ | ૩૦-૦૧-૮૮ | ૨૯૬-૨૯૭ | ૩૮૪ |

ॐ
नमः श्रीसिद्धेभ्यः

# અધ્યાત્મ સુધા

## (ભાગ-૮)

## ('બહેનશ્રીના વચનામૃત' ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના પ્રવચનો)

**ભેદજ્ઞાનના લક્ષે વિકલ્પાત્મક ભૂમિકામાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે. વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા સૂઝવાનું કારણ બને છે; તે સત્-માર્ગને સુગમ કરે છે. ૨૫૨.**

**તા. ૧૯-૧૨-૧૯૮૭, વચનામૃત-૨૫૨,૨૫૩**
**પ્રવચન નં. ૨૦૦**

પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૨૫૨. પાનું-૮૬. યથાર્થ પ્રકારે શાસ્ત્રનું અધ્યયન અથવા અવગાહન માર્ગની ચારે તરફની દિશા સૂઝવાનું કારણ છે. એ યથાર્થ પ્રકાર એટલે કેવો પ્રકાર એ પ્રથમ વાત કરી છે. યથાર્થ પ્રકારે એટલે ભેદજ્ઞાનના લક્ષે. ભેદજ્ઞાનના લક્ષે એટલે ચાલતા રાગથી, જ્ઞેય પદાર્થોથી જ્ઞાનમયપણે પોતે ભિન્ન છે એવું ભિન્ન પડવાનું પ્રયોજનભૂત લક્ષ જેને છે તેને ભેદજ્ઞાનનું લક્ષ કહીએ.

જેમ કે આમ કહેવામાં આવે કે કમાણીના લક્ષે વેપાર કરવો. વિશેષ કહેવાની જરૂર નથી કે નુકસાન ન જાય એવું પણ લક્ષ રાખવું. એમ કહેવાની જરૂર નથી. અહીંયાં આગમના અધ્યયનનો વ્યાપાર છે એમાં ક્યું લક્ષ (છે) ? ભેદજ્ઞાન ઉત્પન્ન થાય છે કે નહિ ? એવું ધ્યાન કે એવું લક્ષ્ય રહે છે કે નહિ ? એવું જો લક્ષમાં ન રહેતું હોય એવું ... હોય તો આગમનું જે અધ્યયન છે એમાં કોઈ બીજું લક્ષ તો થશે ને થશે. લક્ષ

વિનાનો આત્મા હોતો નથી. કોઈ આત્મા લક્ષ વિનાનો હોતો નથી, રહેતો નથી. તેથી કાંઈને કાંઈ અન્યથા લક્ષ રહેતા ભેદજ્ઞાન ઉત્પન્ન ન થાય અને ભેદજ્ઞાન ઉત્પન્ન ન થાય તો અનાદિનું જે પહેલું કરવું બાકી છે એ જ બાકી રહી જશે. એ રીતે એને મોક્ષમાર્ગને વિષે, જિનમાર્ગને વિષે, સન્માર્ગને વિષે આવવાનું બનશે નહિ, બની શકશે નહિ. ૨૫૨ (બોલ પૂરો) થયો.

અત્યારે સાંભળવાનું થાય કે કહેવાનું થાય. વર્તમાન પ્રવૃત્તિ (ઉપર) એનો પ્રયોગ લઈએ. જે શબ્દો છે અને જે શાસ્ત્ર પ્રત્યેનો વિકલ્પ છે એનાથી પણ ભિન્ન, ચાલતું જે જ્ઞાન છે એ એનાથી પણ ભિન્ન છે. પ્રવર્તતું જે જ્ઞાન છે, પરિણમનરૂપ જે જ્ઞાન છે અત્યારે જ તેનાથી એ ભિન્ન છે. એવું કોઈ લક્ષ છે અને પ્રવૃત્તિ ચાલે છે કે એ લક્ષ વિનાની પ્રવૃત્તિ ચાલે છે ? ઘરે જઈને શાસ્ત્ર વાંચ ત્યારે લક્ષ રાખજે એમ કહ્યું નથી. જ્યારે જ્યારે શાસ્ત્ર વાંચે ત્યારે. આમ તો પછી જે Practice છે એમાં તો બધી જ પ્રવૃત્તિ લક્ષપૂર્વક થશે. પણ બીજા ઉદયભાવોમાં તો તમે કહ્યું તેમ... શાસ્ત્ર કે જે ભેદજ્ઞાનનું નિરૂપણ કરનાર વિષય છે ત્યાં પણ એ નિરૂપિત વિષયનું જે વાચ્ય છે એ લક્ષ બહાર જાય અને શાસ્ત્રનું અધ્યયન કે સ્વાધ્યાય થાય તો પછી બીજા ઉદયભાવમાં તો તને ભેદજ્ઞાનનું લક્ષ થવાનો, રહેવાનો પ્રશ્ન જ રહેતો નથી, એમ કહે છે. એટલે અહીંથી શરૂ કરે છે.

વાસ્તવિકપણે તો તમામ ઉદયભાવમાં પ્રવૃત્તિ તો ભેદજ્ઞાનની છે અને એ ભેદજ્ઞાનની પ્રવૃત્તિનો ખ્યાલ જ ન રહે, લક્ષ એટલે અહીંયાં ખ્યાલ રહેવો, ખ્યાલ જ ન રહે અને એમ ને એમ ઉદયભાવમાં તન્મય થઈને પરિણમવાનું થાય છે ત્યાં તો કોઈ રીતે બહિર્મુખપણું છોડીને અંતર્મુખ થવું એ પ્રકાર જ ત્યાં આવતો નથી. પણ જે શાસ્ત્ર અંતર્મુખ થવાના માર્ગને દેખાડનારા છે, દર્શાવનારા છે એવા શાસ્ત્રનું અધ્યયન કરતી વખતે પણ તને જુદાં પડવાનો ભેદજ્ઞાનનો ખ્યાલ ન રહ્યો તો એ શાસ્ત્રનું અધ્યયન છે એની પદ્ધતિ ખોટી છે. અધ્યયન કરવાની પદ્ધતિ ખોટી છે અને એનું ફળ પણ મોક્ષમાર્ગમાં આવવું એવું જે યથાર્થ એનું ફળ થવું જોઈએ એ ફળ નહિ થઈ શકે. એ બહુ સારી ચોખવટ છે અહીંયાં.

મુમુક્ષુ :- ... ભિન્ન છે એને ભિન્ન અવલોકે ?

પૂજ્ય ભાઈશ્રી :- ભિન્ન છે, એના ભિન્નપણાનો ખ્યાલ રહે છે કે નહિ ? ખ્યાલ રહેવો. જેમ કે હું ફલાણો છું એનો ખ્યાલ રહે છે. એક વચન ... એક છે, બે નથી પણ કોઈ એક વચનથી બોલાવે જોય. એનો ખ્યાલ જાય છે કે મારું અપમાન થાય છે. કેવો ખ્યાલ જાય છે એને ? ... એક છે. એકવચનથી બોલાવે. કેટલો ખ્યાલ છે

પોતાના સ્થાનનો. વ્યવહાર તો વ્યવહારની રીતે હોય. એવી રીતે કોઈ બોલાવે તો એને ઉચિત લાગતું નથી. કેમકે એ પ્રકારનો વ્યવહાર નથી. તો એ ખ્યાલનો વિષય છે. એમ અહીંયાં ખ્યાલ રહેવો જોઈએ કે હું શાસ્ત્ર સ્વાધ્યાય ભેદજ્ઞાન માટે કરું છું કે ભેદજ્ઞાનનો ખ્યાલ છૂટી જાય છે અને શાસ્ત્ર-સ્વાધ્યાય થાય છે ? કે ભેદજ્ઞાન કરવાનું છે એ ખ્યાલમાં રહીને શાસ્ત્ર સ્વાધ્યાય થાય છે ? તો શાસ્ત્ર સ્વાધ્યાયમાં ભેદજ્ઞાન જ્યાં જ્યાં કેવી રીતે થાય છે એ બધી વાત એને એકદમ કેવા અનુભવથી એ વિષય નિરૂપિત થઈ રહ્યો છે એનો મર્મ સૂઝે છે, એનું રહસ્ય પકડાય છે. અનુભવનું રહસ્ય પકડાય છે. નહિતર એ વિષયમાં અનુભવનું રહસ્ય નથી પકડાતું.

વાંચતા વાંચતા ભાષાજ્ઞાનને કારણે ભાષાજ્ઞાનની આવડત હોવાને કારણે એનો અર્થ સમજાય તેથી કાંઈ એનું રહસ્ય સમજાય એમ માનવાની જરૂર નથી. અર્થ સમજાય નહિ, ભાવાર્થ સમજાય કે અહીંયાં આમ કહેવાનો ભાવાર્થ છે તોપણ રહસ્ય જુદી વાત છે અને ભાવાર્થ જુદી વાત છે. નહિતર ભાવાર્થ સમજે છે એમાં પ્રાયઃ બુદ્ધિમાન માણસો એમ માની લ્યે છે કે માત્ર આપણે શબ્દોના અર્થ નથી કરતા પણ એના ભાવાર્થ સુધી જઈએ છીએ. એ પણ એક બુદ્ધિની વિશેષ પહોંચ છે. એથી વધારે કાંઈ નથી.

જે અનુભવથી, જે વિધિથી નિરૂપિત થયેલું છે એ જ પદ્ધતિથી એનું અધ્યયન જ્યારે થાય ત્યારે એનું રહસ્ય, એનો મર્મ પકડાય છે. એમાં અનુભવ પદ્ધતિ શું છે ? અનુભવરૂપ કાર્ય શું છે ? એ એને ખ્યાલમાં આવે છે અને ત્યારે એને એ રસ્તે ચડવાનું પોતાને શક્ય બને છે. નહિતર અર્થ અને ભાવાર્થ સમજવાવાળાને એક સમસ્યા ઊભી રહે છે કે આટલું સમજાયા પછી હવે કાર્ય કરવું કેવી રીતે ? પુરુષાર્થ કરવો કેવી રીતે ? માર્ગે ચડવું કેવી રીતે ? માર્ગની પ્રાપ્તિ કરવી કેવી રીતે ? આ સમસ્યા રહે છે. એ સમસ્યા ન રહે એ ક્યારે (બને) ?

અહીંયાં જે માર્ગદર્શન છે એ પ્રકારે જો આગમનું અધ્યયન કે ચિંતવન થતું હોય તો એને એ સમસ્યા નહીં રહે. એને વાંચતા, સાંભળતા પણ અંદરમાં કેવી રીતે ભેદજ્ઞાનથી એ માર્ગે ચડાય ? અને એ માર્ગે ચડતા ક્યાં ક્યાં તકલીફ પડે, અડચણ આવે છે, એ બધો વિષય એને સ્પષ્ટ થાય છે અને એનો ઉકેલ પણ એને સ્પષ્ટ થાય છે. કેમકે અનેક પડખેથી નિરૂપણ તો આવે છે. કહેનારને પણ મુશ્કેલી નડી છે. એ મુશ્કેલીનું એને નિવારણ ... .. પણ કર્યું છે કે આમ થાય.. આમ થાય... તો આમ થાય તો આમ થાય. આમ થાય તો આમ થાય. એ અનેકવિધ પ્રકારે અનેક પડખેથી એક જ વિષયને કહેવા પાછળ એ બધો અનુભવ રહેલો છે.

મુમુક્ષુ :- આ જે નિરૂપણ બધું છે એ અનુભવ પદ્ધતિથી જ નિરૂપણ કરેલું છે પણ વાંચવું...

પૂજ્ય ભાઈશ્રી :- જે પદ્ધતિથી નિરૂપણ કર્યું હોય તે પદ્ધતિથી એનું અધ્યયન ન કરવામાં આવે તો કહેવા ધારેલો વિષય લક્ષ ઉપર ન રહે. કહેવા ધારેલો વિષય ખરેખર એને સમજાતો નથી. અને જે કાંઈ બુદ્ધિની પહોંચથી સમજાય છે, કેમકે એટલી બધી શક્તિ છે, કેટલીક શક્તિ છે, વ્યક્ત શક્તિ છે, તો એને સંતોષ પકડાય છે કે હું સમજું છું. અર્થ સમજુ છું અને ભાવાર્થ પણ સમજુ છું. એટલો સંતોષ પકડી લેશે. ખરેખર કાંઈ સમજતો નથી. હજી ઓઘસંજ્ઞા છે. પછી ભૂલો પડે. એ જીવ શાસ્ત્ર વાંચતો વાંચતો, અર્થ અને ભાવાર્થ સમજતો સમજતો ભૂલો પડશે. જેને અર્થ અને ભાવાર્થ ન સમજાય એ તો ભૂલો પડે એમાં કાંઈ નવી વાત નથી. એ તો પડે જ પડે. કેમકે એને તો બીજા ઊંધા લાકડા બુદ્ધિપૂર્વકના ગરેલા છે એ લાકડા જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી એને એ વાત બુદ્ધિગમ્ય પણ નહિ થાય.

મુમુક્ષુ :- .... છતાં લક્ષ રહેતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનમોહનો પ્રભાવ ઘણો છે, દર્શનમોહનો પ્રભાવ ઘણો છે. 'શ્રીમદ્જી' એક જગ્યાએ લખે છે કે સાચા દેવ-ગુરુ અને સત્પુરુષ મળવા છતાં પ્રાપ્તિ ન થાય, તત્ત્વની પ્રાપ્તિ ન થાય, માર્ગની પ્રાપ્તિ ન થાય તો એમ સમજવું ઘટે છે કે મહામોહનીયનું બળ પ્રવર્તે છે અથવા મહામોહનીય એવો જે દર્શનમોહનીય બળવાનપણે પ્રવર્તે છે એમ સમજવું. કેમકે જ્ઞાનમાં સમજણ કરવા જેટલી સંજ્ઞી પંચેન્દ્રિય જીવની બુદ્ધિ શક્તિ વ્યક્ત હોવા છતાં, પ્રગટ હોવા છતાં કેમ એને એ કાર્યની વાત અનુભવ પદ્ધતિથી લક્ષ ઉપર આવતી નથી ? અનુભવ પદ્ધતિ કેમ એ ગ્રહણ કરતો નથી ? એનું કારણ આ છે-દર્શનમોહ. ભાવની અંદર દર્શનમોહ બળવાનપણે પ્રવર્તે છે. એનું કારણ એ છે. અને એ જ જ્ઞાનને મલિન કરે છે. જ્ઞાનમાં મલિનતા થવાનું એ કારણ છે. કેમકે જ્ઞાન પ્રવૃત્તિ નથી કરતું તો એનું શું કારણ છે ? કે જ્ઞાનમાં મલિનતા છે. મલિનતા છે એનું કારણ દર્શનમોહ છે. દર્શનમોહ ન પકડાય તો રાગરસ પકડાશે. જ્યાં જ્યાં વિભાવરસ તીવ્ર છે ત્યાં ત્યાં દર્શનમોહની અવિનાભાવીપણે હયાતી છે, એમ પકડવું. રસ અને રુચિ સાથે દર્શનમોહને અવિનાભાવીપણું છે. એમ સમજી શકાય એવી વાત છે. એટલે તમામ ઉદયમાં મંદ રસે પ્રવૃત્તિ કરવાની જ્ઞાનીઓની શિક્ષા છે. પાછું ... છે. દર્શનમોહનીય નહી પકડી શકે પણ રસને પકડી શકશે. એ સ્થૂળ પરિણામ છે, દર્શનમોહનો સૂક્ષ્મ પરિણામ છે એટલે.

મુમુક્ષુ :- દર્શનમોહ જે છે અંદરમાં શું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ... રુચિ ઊલટી છે, માન્યતા ઉલટી છે. જ્ઞાનમાં કલ્પના થાય છે, ભ્રમણા થાય છે અને આચરણમાં રાગની ઉપાદેયતા અને પરની ઉપાદેયતા રહે છે. જ્ઞાનમાં ભ્રાંતિને લીધે પરમાં સુખબુદ્ધિ રહે છે. એટલે અનંત સુખનો ભંડાર એવું જે પોતાનું સ્વરૂપ એ સૂઝતું નથી એને જ્ઞાનમાં, એની સૂઝ આવતી નથી. એ બધા પ્રકાર બધા ગુણની અંદર ઊભા થાય છે.

એટલે એક જ વાત એવી છે કે જો આ પદ્ધતિથી ભેદજ્ઞાનના લક્ષે આગમનું ચિંતવન અથવા આગમનું અધ્યયન કરવામાં આવે. નહિતર તો એમ કહે કે નિર્વિકલ્પ થયું નથી અને સવિકલ્પથી કામ થતું નથી. કરવું શું ? સવિકલ્પને તો તમે ઉડાડો છો અને નિર્વિકલ્પ અમે થયા નથી. કરવું શું ? ... કરવું શું ? આ કરવું.

મુમુક્ષુ :– એક શબ્દમાં તો ...

પૂજ્ય ભાઈશ્રી :– ચોખ્ખે ચોખ્ખો રસ્તો બતાવ્યો છે. એકદમ પાધરી પાટી.

મુમુક્ષુ :– ... લખાણ આપ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– ભેદજ્ઞાનમાં ઊભા રહીને લખનારે લખ્યા છે. જેણે લખ્યા છે એ ભેદજ્ઞાનમાં પ્રવર્તતા પ્રવર્તતા લખ્યા છે. અને તમે શાસ્ત્ર વાંચી જાવ ને ભેદજ્ઞાનનું લક્ષે જ ન રહે. શું કર્યું ત્યારે ? એનું શાસ્ત્ર અધ્યયન છે એ અવગુણનું કારણ થઈ પડશે. ગુણનું તો કારણ નહીં થાય, અવગુણનું કારણ થઈ પડશે. યથાર્થ પદ્ધતિ અંગીકાર ન કરી તો અવળી શાસ્ત્ર પદ્ધતિ અંગીકાર કરી છે. એનું પણ ફળ આવશે. કોઈ ભાવ નિષ્ફળ નથી. એનું કાંઈને કાંઈ ફળ છે એમ સમજવા યોગ્ય છે. અયથાર્થ પદ્ધતિથી કરેલા કાર્યમાં કાંઈને કાંઈ વિઘ્ન આવશે. અને એ ... છે એ મિથ્યાત્વને દૃઢ કરે, દર્શનમોહને તીવ્ર કરે. કેવી રીતે ? અર્થ અને ભાવાર્થ તો આવડે બુદ્ધિ છે એટલે. અર્થ આવડ્યો અને ભાવાર્થ આવડ્યો. વિશેષ વિદ્વત્તા હોય તો નયાર્થ આવડે, મતાર્થ આવડે, આગમાર્થ બધા ભિન્ન ભિન્ન આગમની સાથે મેળવીને આગમાર્થ આવડે. એ બધા ઘણાં અર્થો આવડે. પણ અનુભવનું જે રહસ્ય છે, ભેદજ્ઞાનનું જે રહસ્ય છે, એ રહસ્યાર્થ રહી ગયું. મુખ્ય જે છે ઈ રહી ગયું છે. ... ગયો છે. એટલે સમજાવા છતાં એ પ્રશ્ન ઊભો રહે, સમસ્યા ઊભી રહે કે કરવું કેવી રીતે ? અંદરમાં કરવું કેવી રીતે ? અંદરમાં આગળ વધવું કેવી રીતે ? આ પ્રશ્ન એને હંમેશા ઊભો રહે છે.

**‘ભેદજ્ઞાનને લક્ષે વિકલ્પાત્મક ભૂમિકામાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે.’** આ પ્રકારે જો આગમનું અધ્યયન થયું હશે તો વિશેષ શાસ્ત્રજ્ઞાન.. કેવું ? આ પ્રકારમાં વિશેષ એટલે આ પ્રકાર લેવો. ભેદજ્ઞાનના લક્ષે થયેલું. વિશેષ એટલે આ. એનું નામ વિશેષ છે. વિશેષમાં એ લીધું. ગૂઢતા છે. નહિતર જુદો અર્થ કરે છે લોકો કે ઘણું વાંચે

એટલે વિશેષ શાસ્ત્રજ્ઞાન અને થોડું વાચે એટલે સામાન્ય શાસ્ત્રજ્ઞાન. અને સામાન્યથી વિશેષ બળવાન છે, 'ટોડરમલજી'એ કીધું છે. આવે છે ને ? ત્યાં એટલો સૂક્ષ્મ અર્થ નથી. ત્યાં તો એમ કહ્યું કે તું ચરણાનુયોગ પણ વાંચજે, કરુણાનુયોગ પણ વાંચજે, દ્રવ્યાનુયોગ પણ વાંચજે, કથાનુયોગ (વાંચજે), ચારે અનુયોગ વાંચજે. વિશેષ બહોળું, વિશેષ એટલે બહોળું ત્યાં, બહોળું શાસ્ત્રજ્ઞાન તારી માન્યતાનું તને દઢતાનું કારણ થશે. પણ ત્યાં એટલો બધો અધ્યાત્મનો વિષય નથી ચાલ્યો હજી. પોતે 'મોક્ષમાર્ગ પ્રકાશક' શરૂ કર્યું છે, ગ્રંથ અધૂરો રહ્યો છે. એમના જ્ઞાનમાં અને અનુભવમાં ઘણી ઘણી વાતો છે. એ વાતોનું નિરૂપણ કરવાનો પોતાનો અભિપ્રાય પણ છે પણ જ્યાં જે પ્રકરણ ચાલે ત્યાં ત્યાં તે તે વાત ચાલે. મર્યાદિત વાત ચાલે. આવા બધા વિષય એમને નિરૂપણ કરવા હશે પણ કદાચ રહી ગયા છે.

મુમુક્ષુ :- વિશેષ આગળ કહીશું, વિશેષ આગળ કહીશું....

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણી જગ્યાએ આવે છે. એ વિષયમાં આગળ કહેશું, એ વિષયમાં આગળ કહેશું એમ કરીને.

મુમુક્ષુ :- ઘણી જગ્યાએ કીધું છે, પ્રયોજનની વાત...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રયોજન ઉપર ઘણી વાત લીધી છે. ઘણાં પડખાં ઉપર એમણે પ્રકાશ ફેંક્યો છે, ઘણાં પડખાં ઉપર પ્રકાશ ફેંક્યો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો, એમ જ છે. એમણે બહુ સારી વાત એ કરી છે, 'પરમાગમસાર'માં આપણે ખેંચી છે કે મિથ્યાદષ્ટિ અને સમ્યક્દષ્ટિને બન્નેને શાસ્ત્રનો પ્રયોજનભૂત વિષય અને અપ્રયોજનભૂત વિષય સમજવાની શકિત છે. પણ મિથ્યાદષ્ટિ પ્રયોજનભૂત વિષયને ગૌણ કરી જાય છે અને અપ્રયોજનભૂત વિષયને મુખ્ય કરે છે. તેથી તેને પ્રયોજન સધાતું નથી. સમ્યક્દષ્ટિને બંને વિષય સામે આવે છે. એમાં પ્રયોજનભૂત વિષય એને મુખ્ય થાય છે અને અપ્રયોજનભૂત વિષય એને ગૌણ થાય છે. તેથી તે પ્રયોજનને સાધે છે. શાસ્ત્રો તો બેય વાંચે છે. એક પ્રયોજનને સાધે છે, એક પ્રયોજનને સાધતો નથી. ઘણી ઘણી વાતો કરી છે.

અહીંયાં કહે છે કે ભેદજ્ઞાનના લક્ષે વિશેષ શાસ્ત્રજ્ઞાન જો હોય, થાય તો માર્ગની એટલે માર્ગ પ્રાપ્તિની વિધિની. માર્ગ એટલે વિધિ-ઉપાય. કેવી રીતે મોક્ષમાર્ગમાં આરૂઢ થવું ? કેવી રીતે મોક્ષમાર્ગમાં પ્રવર્તવું, દાખલ થવું ? એની ચારેય દિશા સૂઝવાનું તને કારણ બનશે. ચારે પડખેથી ચોખ્ખું થઈને માર્ગ મળી જશે. નહિ મળવાનો તો પ્રશ્ન છે નહિ. મળશે કે નહિ મળે એ પણ પ્રશ્ન છે નહિ. પણ ચારે દિશાથી ચોખ્ખું થઈને માર્ગ

સૂઝશે કે આ માર્ગ છે, એની વિધિ આવી છે. આ પ્રયત્ન છે અને આ રીતે આગળ વધવાનું છે. એને બરાબર ખ્યાલ રહે છે (અને) માર્ગ પ્રાપ્ત કરી લે છે.

**'વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા સૂઝવાનું કારણ બને છે; તે સત્-માર્ગને સુગમ કરે છે.'** એવી જે પદ્ધતિ છે એ સન્માર્ગને, સત્-માર્ગ કહો, સંધિ થઈને સન્માર્ગ કહો. 'ત' નો 'ન' થઈ જાય છે. એ સુગમ કરે છે. બહુ ચોખ્ખે ચોખ્ખો કરી નાખે છે, સુગમ કરી નાખે છે. આ પદ્ધતિથી જો શાસ્ત્ર અધ્યયન થાય તો વિકલ્પાત્મક ભૂમિકામાં પણ એને જ્ઞાન પ્રાપ્તિ થવાની પૂર્વ ભૂમિકા ચોખ્ખી થઈ જાય છે, સુગમ થઈ જાય છે, સરળ થઈ જાય છે અને સ્પષ્ટ થઈ જાય છે. એમાં કાંઈ ફેરફાર નથી. ચોખ્ખે ચોખ્ખી વાત રાખી દીધી છે.

એ વાત લીધી કે ભેદજ્ઞાનના લક્ષે શાસ્ત્રનું અધ્યયન રાખવું એટલે કેમ ? વર્તમાન જોવાનું છે. વર્તમાનમાં રાગ અને રાગનો વિષય શાસ્ત્ર છે. શુભરાગનો વિષય શાસ્ત્ર છે. શુભરાગ છે એ એ પ્રત્યેનો, સત્શાસ્ત્ર પ્રત્યેનો પ્રશસ્ત રાગ છે. અને અત્યારે એનાથી ભિન્ન છે. અત્યારે પ્રવૃતતું જ્ઞાન એનાથી ભિન્ન છે. એ બરાબર કાળજી, દરકાર રાખીને-ભિન્ન જ્ઞાનની દરકાર રાખીને, એનું લક્ષ રાખીને હવે તું આગળ ચાલ, એમ કહેવા માંગે છે. જેટલી જાગૃતિ, પોતાની જેટલી જાગૃતિ ભિન્નપણાની એટલું પોતાને પોતાનું હિત થવાનું કારણ છે. જેટલું કારણ આપે, આવું જેટલું કારણ આપે તેટલું જ કાર્ય થાય. કારણ આપે એટલું કાર્ય થાય. કારણ આપે, કાર્ય ન થાય એવું આમાં બનતું નથી. બીજે ગમે ત્યાં બને ન બને આમાં તો એવું બનતું નથી. એ ૨૫૨ (બોલ પૂરો) થયો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભિન્નને ભિન્ન અવલોકવાનો અભ્યાસ કરવો. એનું અવલોકન કરવું પડે છે. ભિન્નને ભિન્ન અવલોકન કરવાનો અભ્યાસ કરવો. ભિન્ન છે એ ભિન્ન નથી રહેતું એ પોતે ભૂલી જાય છે. આગળ એક બોલ આવી ગયો. કેવી રીતે થાય છે ? ... છે. ડાબા હાથ બાજુ નીચે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, એકમેક થઈ જાય છે. એકત્વબુદ્ધિ. એકત્વબુદ્ધિનો બોલ છે. બધું એકમેક થઈ જાય છે. એને જુદું પાડવાનું છે. એ પહેલાં તો આ જ્ઞાનદોરાવાળો બોલ છે. અથવા આગળ આવશે.

૩૧૨ છે. **'અનાદિકાળથી એકત્વપરિણનમમાં બધું એકમેક થઈ રહ્યું છે તેમાંથી હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું એમ જુદું પડવાનું છે.'** જ્ઞાનદોરાનો જ બોલ છે. ૩૧૨.

**'અનાદિ કાળથી એકત્વપરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે તેમાંથી હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું એમ જુદું પડવાનું છે. ગોસળિયાની....'** ... જ્ઞાનમાત્ર એમ જુદું પડવાનું છે. આ પ્રયોગ છે. હું જ્ઞાનમાત્ર છું એમ જુદું પડવું છે એ પ્રયોગ છે, એ પદ્ધતિ છે. એટલે હું જ્ઞાનમાત્ર છું એમ લક્ષમાં રહે છે ? વિકલ્પ કરવો એમ નથી. એમ લક્ષમાં રહેવું, એમ પ્રયાસ થવો, વારંવાર પ્રયાસ થવો એ પ્રયત્ન છે.

મુમુક્ષુ :- શબ્દો, શુભભાવ અને શાસ્ત્ર એનાથી અત્યારે જ હું ભિન્ન છું.

પૂજ્ય ભાઈશ્રી :- અત્યારે ચાલતું જ્ઞાન એનાથી ભિન્ન છે. એને લઈને જ્ઞાન નહિ, જ્ઞાનને લઈને એ નહિ. નહિતર શું થશે ? કે સાંભળવાથી સમજાય છે, વાંચવાથી સમજાય છે, એમ આવ્યા વિના રહેશે નહિ. જે એકત્વ પરિણમન થઈ રહ્યું છે એ એમ થશે. હવે આ શાસ્ત્ર તો ના પાડે છે. ... આ શાસ્ત્ર એમ કહે છે કે એ શબ્દને લઈને તારું જ્ઞાન નહિ, શાસ્ત્રને લઈને તને જ્ઞાન નહિ. અને એ જ શાસ્ત્ર વાંચતા વાંચતા શબ્દથી જ્ઞાન થયું, સાંભળવાથી જ્ઞાન થયું એવો અનુભવ તને થાય તો એ શાસ્ત્રની તું વિરૂદ્ધ ચાલ્યો. એ શાસ્ત્રની વાતથી, વિષયથી તું વિરૂદ્ધ ચાલે છે. કેવી રીતે એનો ગુણ થવાનો ?

મુમુક્ષુ :- શાસ્ત્રકારને એમ કહેવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બિલકુલ નહિ. એથી ઉલટું કહેવું છે. એમ તો કહેવું નથી, એથી ઉલટું કહેવું છે. ઉલટો ચાલે છે. ગુણ થશે કે અવગુણ થશે ? અવગુણ થશે, ગુણ નહિ થાય. શાસ્ત્ર અધ્યયન કર તો આ પ્રકારે કરજે. ભલે થોડું કર પણ આ વિશેષતાવાળું શાસ્ત્ર અધ્યયન છે. અને આવું શાસ્ત્ર અધ્યયન એ જ વિશેષ શાસ્ત્ર અધ્યયન છે. ઘણું વાંચે એ શાસ્ત્ર અધ્યયન વિશેષ છે એવી જે 'ટોડરમલજી'એ અપેક્ષા લીધી છે એ વાત અહીંયાં નથી.

બહુભાગ તો ભેદજ્ઞાનના લક્ષ વિના જે શાસ્ત્રજ્ઞાન અથવા શાસ્ત્ર અધ્યયન થાય છે એમાં કાંઈને કાંઈ અન્યથા કલ્પના થવાનું કારણ બને છે. જો ભેદજ્ઞાનના લક્ષે થાય તો જ યથાર્થ થાય અને તો જ બીજી કલ્પના ન થાય. નહિતર કાંઈકને કાંઈ તો અનુમાન કરે જ છે. કેમકે આ તો સંકેતમાત્ર વિષય આવે છે. અધ્યાત્મનો વિષય તો સંકેતમાત્ર આવે છે. એટલે જાત જાતના અનુમાન પણ (થાય કે) આમ કહેવા માંગે છે, આમ કહેવા ધારે છે, આમ કહેવા ધારે છે. શ્રુતજ્ઞાનની અંદર અનુમાનને લંબાવવું પડે છે. અથવા વાંચે છે એની વિચારણા કરે છે જે શ્રુતજ્ઞાનની અંદર, એ વિચારણાની અંદર કાંઈને કાંઈ કલ્પના કરી બેસશે. જો ભેદજ્ઞાનનું લક્ષ નહિ હોય તો. એટલે કાર્ય કરવાની પદ્ધતિને અહીંયાં ચોક્કસ કરી છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટવાનું

નિમિત્ત તત્ત્વજ્ઞાન જરૂર છે. તત્ત્વજ્ઞાનના શાસ્ત્ર છે એ દ્રવ્યશ્રુત છે. એ એક જ મુખ્ય સાધન છે, બીજું કોઈ સાધન નથી. સત્સમાગમ કહો અથવા દ્રવ્યશ્રુત કહો. એની અંદર તારું ભેદજ્ઞાનનું લક્ષ છે આ એક જ પદ્ધતિ સાચી છે. બીજી પદ્ધતિ સાચી નથી.

મુમુક્ષુ :- શાસ્ત્ર સ્વાધ્યાય...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. પણ એ તો એના ઉપર સાધનનો ઉપચાર આવે છે. જ્યારે ભેદજ્ઞાનના લક્ષપૂર્વક એનું અધ્યયન થાય ત્યારે. કેમકે કહેનાર તો અનુભવી પુરુષો છે. સત્પુરુષો અનુભવી મહાત્માઓ છે કહેનાર તો. એના વચનો છે. પણ એમણે એ પદ્ધતિએ કહ્યા એ પદ્ધતિએ વાંચવું જોઈએ, અધ્યયન કરવું જોઈએ તો એ પદ્ધતિથી એના માર્ગે ચડાય અને નહિતર એ કહે છે એ માર્ગે નહિ ચડાય. માર્ગથી દૂર લઈ જશે.

અહીંયાં તો એક વિશેષ વાત એ પણ છે કે આ રીતે આ પ્રકારનું વિશેષતાવાળું જે શાસ્ત્રજ્ઞાન છે, જેનાથી માર્ગની વિધિના ચારે પડખાં જેને સૂઝી ગયા છે, એ રીતે જે માર્ગની અંદર પ્રવેશ કરે છે, માર્ગમાં આવી જાય છે, માર્ગમાં આરોહણ કરે છે એને બધાં પડખાં ચોખ્ખા હોવાથી એટલી સુદઢતા હોય છે કે એને પછી પડવાનું કારણ બનતું નથી. જેમકે કોઈવાર પૂર્વ સંસ્કારથી જીવ આવી ગયો હોય પણ લક્ષ એકદમ પહોંચી જાય પાછું, જાગૃત થઈ જાય અને વળી પાછો વમી જાય. એવું થઈ જાય. આ પદ્ધતિએ જો આવ્યો હોય તો એના ચારે પડખાં ચોખ્ખા હોય. અને એને લઈને એટલું સુદઢ પરિણમન હોય કે ક્યાંય ચ્યુત થવાની જગ્યા ન હોય–અવકાશ ન હોય.

મુમુક્ષુ :- અવલોકન પદ્ધતિ બે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- પદ્ધતિ તો એક જ છે પણ યોગ્યતાની અંદર ફરક હોય છે. પદ્ધતિ ક્યાંય બે છે નહિ, પદ્ધતિ તો એક જ છે. પણ ... ઓછું કર્યું હોય. ભલે શાસ્ત્રજ્ઞાન ઓછું હોય, પૂર્વના સંસ્કાર હોય, થોડું-ઘણું એમાંથી પકડી લે. એમાં એણે ભેદજ્ઞાન કર્યું હોય એવું .... ભેદજ્ઞાન થયા વગર થાય એમ કાંઈ કહેવું નથી. એમ એના ચારેય પડખાં ચોખ્ખા ન હોય. એ ... પ્રવેશ ન થયો હોય. ... પુરુષાર્થની વાત મુખ્ય છે એની અંદર. જ્ઞાનને અને પુરુષાર્થને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. જ્ઞાન અને પુરુષાર્થને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. એ પડે જ એવું કંઈ નથી. એ તો પુરુષાર્થમાં જ આગળ હોય. અને શાસ્ત્રજ્ઞાનનો વિષય એટલો સ્પષ્ટ ન હોય તો એની જ્ઞાનશક્તિ, એ નિશ્ચય જ્ઞાનશક્તિ, જે સ્વરૂપને ગ્રહણ કરવાની અંતર જ્ઞાનશક્તિ એ ઘણી વિકાસ પામી જાય છે, વિકસિત થઈ જાય છે. એને પડવાનું કારણ નથી. ભલે ચારે પડખાની વિચારણા શાસ્ત્રના અધ્યયનની એ પ્રકારની વિશેષ ન હોય તોપણ. એમ યોગ્યતાના

ભિન્ન ભિન્ન પ્રકાર છે. કેમકે રાજમાર્ગ ... એ તો અપવાદનો વિષય થઈ ગયો. ... જે છે એ અપવાદ છે. રાગમાર્ગ તો આવો છે. ચારે દિશાથી માર્ગ સૂઝે તો માર્ગ સરળ સુગમ થાય છે. જીવ સહેલાઈથી સહજપણે એને પ્રાપ્ત કરે છે.

**આત્માને ત્રણ કાળની પ્રતીતિ કરવા માટે 'હું ભૂતકાળમાં શુદ્ધ હતો, વર્તમાનમાં શુદ્ધ છું, ભવિષ્યમાં શુદ્ધ રહીશ' એવા વિકલ્પ કરવા પડતા નથી, પણ વર્તમાન એક સમયની પ્રતીતિમાં ત્રણે કાળની પ્રતીતિ સમાઈ જાય છે આવી જાય છે. ૨૫૩.**

૨૫૩. '**આત્માને ત્રણ કાળની પ્રતીતિ કરવા માટે હું ભૂતકાળમાં શુદ્ધ હતો, વર્તમાનમાં શુદ્ધ છું, ભવિષ્યમાં પણ એવો ને એવો શુદ્ધ રહીશ એવા વિકલ્પ કરવા પડતા નથી.**' પોતાના ધ્રુવ સ્વરૂપની, શાશ્વત સ્વરૂપની જે પ્રતીત છે એ પ્રતીત કરવા માટે એવા વિકલ્પ કરવા પડતા નથી. ત્રણ કાળના વિકલ્પને લંબાવે ત્યારે એને પ્રતીત થાય એમ નથી. તો કેમ છે ? એક અલ્પવિરામ છે, કરવા પડતા નથી. '**પણ વર્તમાન એક સમયની પ્રતીતિમાં...**' વર્તમાનમાં જ શુદ્ધ છું. ત્રિકાળીનું વર્તમાન વર્તે છે. શુદ્ધ જ છું, શુદ્ધપણે જ વર્તું છું. વર્તુ છું એટલે રહું છું. એવી જે એક સમયની એટલે વર્તમાન સમયની જે પ્રતીતિ છે એમાં ત્રણ કાળની પ્રતીતિ આવી જાય છે અથવા સમાઈ જાય છે. એટલે એક સમયની વર્તમાન અનુભવની પ્રતીત, અનુભવપૂર્વકની પ્રતીતિ એમાં ત્રણ કાળની પ્રતીત થઈ.

હવે સ્થૂળપણે જો વિચાર કરવામાં આવે તો માણસને એમ લાગે છે કે ત્રણ કાળનો વિચાર કર્યો. ભૂતકાળમાં પણ આત્મા શુદ્ધ હતો, વર્તમાનમાં પણ શુદ્ધ જ રહે છે, ભવિષ્યમાં પણ શુદ્ધ જ રહેવાનો છે. કેમકે આત્માનું ત્રિકાળ શાશ્વત શુદ્ધ સ્વરૂપ છે. આવું જે ત્રણે કાળની વિચારણાવાળું, વિકલ્પવાળું જ્ઞાન, એનાથી વિશ્વાસ બેઠો-વિશ્વાસ બેઠો એટલે પ્રતીત થઈ કે આત્મા ત્રણે કાળે શુદ્ધ છે. એ પ્રતીત ખરેખર સાચી પ્રતીત નથી. ત્યાં સુધીની પ્રતીત ખરેખર સાચી પ્રતીત નથી. ત્રિકાળીની સાચી પ્રતીત ક્યારે થાય છે ? કે જ્યારે અનુભવ થાય છે ત્યારે. અનુભવ લક્ષ પ્રતીત. 'વૃત્તિ રહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત' પરમાર્થ સમકિત અથવા પરમાર્થ આત્માની પ્રતીતિ ક્યારે ? કે વર્તમાન સમયમાં શુદ્ધોપયોગ દ્વારા અથવા શુદ્ધનય દ્વારા શુદ્ધ જ છું એમ અનુભવગોચર થયું, ત્યારે જેવો શુદ્ધ છું. શુદ્ધા-શુદ્ધની અપેક્ષા વિનાનો જેવો શુદ્ધ છું

એવો છું એવી પ્રતીતિ થઈ, એવો અનુભવ થયો અને એ અનુભવમાં એવો જ છું એવો જે ભાવ પ્રતીતનો ઉપજ્યો એ એક સમયની પ્રતીતમાં ત્રણ કાળની પ્રતીત આવી ગઈ. એમાં ત્રણ કાળની પ્રતીત આવી ગઈ.

બીજી રીતે વિચારી શકાય એવું છે કે તિર્યંચને અનુભવમાં પ્રતીત થાય છે, સમકિત થાય છે. તો એની એટલી બધી વિચારણા સ્પષ્ટ નથી ચાલતી કે હું અનંત કાળથી શુદ્ધ હતો. ભવિષ્યમાં અનંત કાળ પર્યંત હવે હું શુદ્ધ રહેવાનો છું અને વર્તમાનમાં પણ શુદ્ધ છું માટે હું ત્રિકાળ શુદ્ધ છું, એવી લાંબી લાંબી વિચાર કરવાની ત્યાં ઉઘાડશક્તિ હોતી નથી. તોપણ વર્તમાનમાં જ્ઞાનમાત્ર છું એમ જ્ઞાનદોરા ઉપરથી જુદો પડી જાય છે અને જ્ઞાનમાત્રનો અનુભવ કરી લે છે. ત્યારે એને પોતાનું શુદ્ધાત્મ દ્રવ્ય જેવું છે એવું અનુભવગોચર થાય છે. અને જેવું છે એવું અનુભવગોચર થાય છે એમાં ત્રણે કાળની એને પ્રતીત થઈ જાય છે. થાય છે વર્તમાનમાં અનુભવગોચર પણ ભૂતકાળમાં હું અનંત કાળમાં આવો જ હતો, અનંત કાળમાં આવો જ રહીશ એનો વિચાર કર્યા વિના ત્રણે કાળની પ્રતીતિ એને આવી જાય છે. એમ બને છે. એને વિચારને આવવો જરૂરી નથી અને છતાં ત્રણ કાળની પ્રતીત એને આવી જાય છે.

મુમુક્ષુ :- વર્તમાનમાં પ્રતીતિ એટલે ... પ્રત્યક્ષ વર્તમાન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વર્તમાન હયાતી જે છે, કેમકે પ્રતીત તો સત્તાને પકડે છે ને. દૃષ્ટિ તો સત્તાનું ગ્રહણ કરે છે-શુદ્ધ સત્તાનું ગ્રહણ કરે છે. વર્તમાન હયાતી એનાથી શાશ્વતતા પકડાઈ જાય છે. એક વર્તમાનની હયાતી ઉપરથી એની ત્રિકાળ શાશ્વતતા પકડાઈ જાય છે. કેમ ? કે વર્તમાન હયાત ક્યારે છું ? પહેલાં નહોતો અને વર્તમાન નવો ઉત્પન્ન થયો ? કે નવો ઉત્પન્ન થયો એવો અનુભવ થયો નથી. હવે સમય વ્યતીત થવા છતાં મારો નાશ થાય છે એવો અનુભવ થતો નથી. બસ. વર્તમાન હયાતીમાં ત્રિકાળ હયાત છું. એની શાશ્વતતાની પ્રતીતિ એને આવી જાય છે.

મુમુક્ષુ :- સંપૂર્ણ... એ તો વર્તમાનવત્ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વર્તમાન ... બધી પર્યાયને વર્તમાનવત્ જાણે છે. ભૂતકાળની અને ભવિષ્યકાળની જેટલી પર્યાયો થઈ ગઈ અને થવાની એને વર્તમાનવત્ જાણે છે. તેમ એ શાશ્વત હયાતી છે એ તો શાશ્વત હયાતી જ છે. એ તો ત્રિકાળ હયાત જ છે.

મુમુક્ષુ :- વર્તમાનવત્ જાણે છે... અહીંયાં જે નીચલી ભૂમિકા છે એ તો વર્તમાનને જ લક્ષ રાખીને વર્તમાનવત્ એ રીતે જાણે છે...

પૂજ્ય ભાઈશ્રી :- વિષય શું છે ? શાશ્વતતાનો વિષય છે. વસ્તુ જે શાશ્વત છે એ

શાશ્વત છે એવો વિકલ્પ કરવો પડતો નથી, એમ કહે છે. પ્રતીત કરવા માટે વિકલ્પના નિમિત્તની જરૂર નથી. કરવો પડતો નથી એટલે પોતાની ધ્રુવ સત્તાને અવલંબવા માટે, શ્રદ્ધાએ કરીને અવલંબવા માટે ... માટે એને આવા વિકલ્પની મદદની જરૂર નથી. એનો એક સમયનો અનુભવ છે એની અંદર જે પ્રતીતિ ઉત્પન્ન થઈ એમાં ત્રણે કાળ પ્રતીત થઈ ગયા. ત્રણે કાળનું જ્ઞાન પણ થઈ ગયું. જ્ઞાન અને પ્રતીત બંને ત્રણે કાળના થઈ ગયા. કેમકે પોતાની હયાતી છે એ નવો ઉત્પન્ન થયેલો અનુભવ કર્યો નહિ. એટલું તો નહિ, પણ જન્મ-મરણ જેને કહેવામાં આવે છે એટલે મરણને નાશ કહેવામાં આવે છે, પોતાનો નાશ થયો એવો અનુભવ કરતો હોવાનું દુઃખ પણ એને થાય છે. ખરેખર નાશ થતો નથી માત્ર દુઃખ જ થાય છે અને જ્યારે જન્મ થાય છે ત્યારે એ જીવ ઉત્પન્ન થયો, એકેન્દ્રિયપણે ઉત્પન્ન થયો, બેઈન્દ્રિયપણે ઉત્પન્ન થયો, પંચેન્દ્રિયપણે ઉત્પન્ન થયો એવો વ્યવહાર કરવામાં આવે છે. એ સંબંધીનું એવું જ્ઞાન થાય છે કે મારા શાશ્વત પદાર્થના મારા સ્વરૂપના ક્યારેય જન્મ-મરણ થયા નથી. એટલે કે મારા જન્મ-મરણ ક્યારેય થયા જ નથી. ફક્ત જે જે ભવમાં દેહનો સંયોગ થયો અને દેહનો ત્યાગ થયો એવો જે સંયોગિક ફેરફાર થયો, મારા અસંગ તત્ત્વની નજીકમાં જે સંગનો, સંયોગનો ફેરફાર થયો એને મેં મારા જન્મ-મરણ માનવાની ભૂલ કરી હતી એવું મને અત્યારે જ્ઞાન વર્તે છે. એવું જ્ઞાન થાય છે. હું ક્યારેય જન્મ્યો કે હું ક્યારેય મર્યો એ વસ્તુસ્થિતિ મારી અંદર અસંભવિત અને અશક્ય છે એમ જ્ઞાન થાય છે. એટલે સળંગ છે. પોતે હયાતી તરીકે સળંગ હયાતી ધારણ કરે છે એ વાત એને સ્પષ્ટ અનુભવગોચર થાય છે, વર્તમાન હયાતી ઉપરથી. એ વર્તમાન હૈયાતી ઉપરથી થાય છે. પાછી એ કોઈ વિચારણા નથી, કલ્પના નથી પણ વર્તમાન હયાતીનો અનુભવ છે. હું... હું... હું... પરિણામ દ્વારા એ પોતાના શાશ્વત પદને સાધી લ્યે છે. એ સહિત વાત છે. એટલે એને પોતાના જન્મ-મરણ ક્યારેય થયા નથી એમ એને બરાબર લાગે છે-ભાસે છે પોતાના સ્વરૂપને વિષે અને વર્તમાન ભવ જે છે એ સ્વરૂપ એનું નથી એમ એને ભાસે છે. હું વર્તમાન ભવ સ્વરૂપે નથી. જ્યારે હું આ વર્તમાન ભવ સ્વરૂપે નથી તો જે સ્વરૂપે હું નથી એમાં ઉદાસીનતા સહજ આવે છે.

જેમકે પાડોશીના ઘરે શેરો રાંધ્યો હોય તોપણ ભલે, કઢી રાંધી હોય તોપણ ભલે, કોઈ મહેમાન આવ્યા હોય તોપણ ભલે અને કોઈ ન આવ્યા હોય તોપણ ભલે. તમારે શું છે ? કાંઈ લેવા કે દેવા. ... તમે ઉદાસ છો કે નહિ ? આ તો પંચાતમાં નથી એની વાત છે. પંચાત કરતો હોય એ જુદી વાત છે. સામાન્ય રીતે ઉદાસ રહે છે કે આપણે શું લેવા-દેવા ? કાંઈ લેવા-દેવા નથી.

જ્યાં પોતાપણું નથી ત્યાં લેવા-દેવા નથી. ભવ સ્વરૂપ જ પોતે નથી તો ભવના બીજા પ્રસંગો છે એનું પોટલું વાળી દીધું. આખી ગાંસડી વાળી, પોટલું વાળીને ફગાવ્યું કે આ ભવરૂપે હું નથી. 'દીપચંદજી'એ 'અનુભવ પ્રકાશ'માં જ્ઞાનીને એક વિશેષણ લગાવ્યું છે કે જ્ઞાની તો ભવઉદાસી છે. આખા ભવ પ્રત્યે એમને ઉદાસીનતા છે. તો ભવના પેટામાં જેટલા પણ ઉદયના પ્રસંગો બને છે એમાં ઉદાસ રહેવું એ એનો સહજ સ્વભાવ છે.

મુમુક્ષુ :- એક સમય તે સૌ સમય... આવે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- હયાતી માટે વાત છે. જો એક સમય છે તો એ કાયમ છે, ત્રણે કાળ છે. 'એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય.' જે ભિન્ન ભિન્નપણું જણાય છે એ તો અવસ્થાને લઈને જોવામાં આવે છે. ખરેખર તો હયાતી તો શાશ્વત છે. અવસ્થાની ભિન્નતા છે, હયાતીની ભિન્નતા નથી. એમ છે. એ હયાતી માટે જ વાત છે. 'એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય.'

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા ને કે એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ છે. એક સમયમાં પૂર્ણ.

પૂજ્ય ભાઈશ્રી :- એક સમયમાં પૂર્ણ છું. પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છું. પૂર્ણ આનંદસ્વરૂપ છું. સર્વ ગુણથી સંપન્ન પૂર્ણ છું. પણ સત્તાનો વિષય-પ્રતીતિનો વિષય 'છું' એટલો છે. કેવો છું એ જ્ઞાનનો વિષય છે. છું એટલો સત્તાનો વિષય છે. હું... હું... હું.. પરિણામના આસ્તિક્ય દ્વારા સ્વપદને સધાય છે. આ શ્રદ્ધાનું કાર્ય છે. શ્રદ્ધાથી જે સ્વપદની સાધના છે એમાં હું... હું.. પરિણામ દ્વારા હું છું... હું છું... હું છું... છું... છું... છું... પોતાની સત્તાનું આસ્તિક્ય જે છે એના દ્વારા એ શ્રદ્ધાથી સ્વપદને સધાય છે. એટલે છું, હતો અને રહીશ એ છુંના બે ક્રિયાપદ છે, ભૂત અને વર્તમાનના. વર્તમાનનું એ ક્રિયાપદ છે. હતો, છું અને રહીશ એ ત્રણે કાળની વર્તનાના ક્રિયાપદ છે અને એને એની પ્રતીત માટે કોઈ વિકલ્પ કરવાની જરૂર નથી.

એમ કહીને એમ કહે છે કે તું વિકલ્પવાળા પ્રયત્નની પાછળ લાગેલો છે પણ નિર્વિકલ્પ પ્રતીતમાં ત્રણે કાળનું જ્ઞાન આવે છે. વિકલ્પના કારણે જ્ઞાન ઉત્પન્ન નથી થતું. તને કદાચ ભ્રાંતિ થશે કે મેં ભૂતકાળનો વિચાર કર્યો, વર્તમાનનો વિચાર કર્યો અને ભવિષ્યકાળનો વિચાર કર્યો એટલે મને શાશ્વતપણું સમજાણું. એમ નથી. ખરેખર તો અનુભવમાં એક સમય (છે). શુદ્ધના અનુભવમાં એક સમય, એક જ વર્તમાન સમય, એક એટલે વર્તમાન વર્તતા અનુભવનો સમય. એ એક સમય અહીંયાં લેવો. ત્યાં વર્તમાન એક સમયની જે શુદ્ધની પ્રતીતિ છે એમાં ત્રણે કાળની પ્રતીતિ ઉત્પન્ન થઈ

ગઈ. ત્રણે કાળનું ગ્રહણ પણ એમાં ઉત્પન્ન થઈ ગયું, આવી ગયું. એમાં લબ્ધ પણ આવે છે. પ્રતીતિમાં લબ્ધ-ઉપયોગનો વિષય રહેતો નથી. એ તો એકધારું પરિણમન છે. એમાં કોઈ લબ્ધ-ઉપયોગનો પ્રશ્ન રહેતો નથી.

એ રીતે દ્રવ્યદૃષ્ટિ, આ વિષય છે દ્રવ્યદૃષ્ટિનો, કે દ્રવ્યદૃષ્ટિ અથવા નિર્વિકલ્પ સત્તાની-શુદ્ધ સત્તાની પ્રતીત કેવી રીતે થાય છે ? એ વિષય સ્પષ્ટ કર્યો. નિર્વિકલ્પ પ્રતીતનું પરિણમન કેમ થાય છે અને વિકલ્પ એમાં કાર્યકારી નથી અને વિકલ્પ કાર્યકારી છે એવી ભ્રાંતિની નિવૃત્તિ કરવા યોગ્ય છે. એવી ભ્રાંતિની નિવૃત્તિ કરવા યોગ્ય છે. કેમકે એવા વિકલ્પ કરવા પડતા નથી એમ કહે છે. ત્રણ કાળની પ્રતીત કરવા માટે એવા વિકલ્પ કરવા પડતા નથી. વિકલ્પથી કરેલી પ્રતીતને તું પ્રતીત માનીશ નહીં.

એ નવ તત્ત્વમાં પણ એમ લાગે છે. નવ તત્ત્વનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. અમે બરાબર નવ તત્ત્વને માનીએ છીએ. પાપને પાપ માનીએ છીએ, પુણ્યને પુણ્ય માનીએ છીએ, જડને જડ માનીએ છીએ, ચેતનને ચેતન માનીએ છીએ, મોક્ષને મોક્ષ માનીએ છીએ. બંધને બંધ માનીએ છીએ. તો કહે છે, એના વિકલ્પ છે એ માન્યતા એ ખરી માન્યતા નથી.

મુમુક્ષુ :- એક્કે તત્ત્વને નથી માનતો.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ'ની ભાષામાં 'ગુરુદેવ' એમ કહેતા કે એ તારો માન્યતાનો રાગ છે. શું છે ? ભેદવાળા નવ તત્ત્વની ભેદની માન્યતાનો તારો રાગ છે. અને રાગમાં તેં માન્યું કે મને પ્રતીત થઈ, મને શ્રદ્ધાન થયું. એટલે બધું રાગમાં જ તું ખતવે છો. તને રાગ થાય છે. જ્ઞાનને પણ રાગમાં ખતવે છો, શ્રદ્ધાને પણ તું રાગમાં ખતવે છો, આચરણને પણ તું રાગમાં ખતવે છો. મંદ કષાય થાય એને આચરણ માને. એટલે સર્વત્ર રાગ... રાગ.. ને રાગ. રાગમાં તન્મય હોવાને લીધે તું સર્વત્ર રાગને સ્વીકારે છો. એનું કારણ એ કે રાગ રહિત આત્મતત્ત્વથી અજાણ છો અથવા જ્ઞાનમય આત્મતત્ત્વથી તું અજાણ છો. એવી માન્યતા એ માન્યતા નથી. એ ભૂલ કરે છે. માન્યતાના વિષયમાં એ ભૂલ કરે છે.

એમ અહીંયાં પ્રતીતના વિષયમાં (છે). પ્રતીતનો વિષય શુદ્ધ શ્રદ્ધાન તે શાશ્વત સ્વરૂપનું શ્રદ્ધાન છે. એક સમયની અનુભવની નિર્વિકલ્પ પ્રતીત એ પ્રતીત સાચી, એ શુદ્ધની પ્રતીત સાચી. બાકી વિચારણામાં માન્યું એ ખરેખર માન્યું નથી અને એને માન્યતા સમજવાની નથી, એને શ્રદ્ધાન સમજવાનું નથી.

મુમુક્ષુ :- અજ્ઞાનીની કઈ માન્યતા સાચી ?

પૂજ્ય ભાઈશ્રી :- એકેય નહિ. અજ્ઞાનીની માન્યતા (એમાં) સાચી-પાકી બે વાત

કેવી રીતે ? એક તો માન્યતા અજ્ઞાનીની, તો પછી સાચી હોય તો એને અજ્ઞાની કેમ કહેવો ? એને અજ્ઞાની કહી શકાય નહિ.

(અહીં તો) બહુ ચોખ્ખો વિષય શ્રદ્ધાને અડીને વાત છે. શ્રદ્ધાની મર્યાદાનો ચોખ્ખો વિષય છે કે શ્રદ્ધા છે એ સત્તાને ગ્રહે છે. આટલું એનું કાર્ય છે. નિર્વિકલ્પભાવે પોતે પરિણમે છે અને નિર્વિકલ્પ સત્તાને નિર્વિકલ્પભાવે ગ્રહણ કરવું આટલું સમકિતનું શ્રદ્ધાનું, સમ્યગ્દર્શનનું કાર્ય છે. આ માન્યતાનો વિષય છે. હવે ત્રણે કાળના જે વિકલ્પ છે એ તો જ્ઞાનનો વિષય થાય છે. માન્યતામાં વિકલ્પ ઉઠતા નથી. ભેદ પડતા નથી. એ તો નિર્વિકલ્પ સ્વરૂપ છે, અભેદ સ્વરૂપ છે. ... ... એ માન્યતાનું સ્વરૂપ જ નથી. એમ કરીને દૃષ્ટિ જે પરિણમે છે એ વિષયને સ્પષ્ટ કરી દીધો છે. દૃષ્ટિ તો આમ કામ કરે છે. વિચારમાં દૃષ્ટિને ભેળવી દે તો ગડબડ થશે. એમ કહેવું છે. ૨૫૩ (બોલ પૂરો) થયો.

**જીવને જેમ પોતામાં થતાં સુખદુઃખનું વેદન થાય છે તે કોઈને પૂછવા જવું પડતું નથી, તેમ પોતાને સ્વાનુભૂતિ થાય છે તે કોઈને પૂછવું પડતું નથી. ૨૫૪.**

૨૫૪માં સ્વાનુભવનો મહિમા કર્યો છે. વેદનની મુખ્યતાથી, વેદનના દૃષ્ટાંતથી સમજાવ્યું છે. સ્વાનુભવ છે એ અનુભવનો વિષય છે. જેમ સુખદુઃખનો અનુભવ થાય છે. ચાલતા અનુભવને પકડાવે છે.

**'જીવને જેમ પોતામાં થતાં સુખદુઃખનું વેદન થાય છે તે કોઈને પૂછવા જવું પડતું નથી,'** એમ સમજાવો ને કે મને કેવું દુઃખ થાય છે એ જરાક મને સમજાવશો ? માથું પોતાને દુઃખે, પેટમાં પોતાને દુઃખે, અનુભવ થયો એની પીડા પોતાને થાય અને ડૉક્ટરને પૂછે કે મને કેવી રીતે પીડા થાય છે ? ડૉક્ટરને એમ કહે કે ભાઈ ! એટલી મને પીડા થાય છે કે તમને સમજાય છે કે નથી સમજાતી ? મારી પીડાની હાલત તમને સમજાય છે કે નથી સમજાતી ? પૂછો નહિ કેવી થાય છે. કેમકે એના વેદનનો વિષય છે. સુખ-દુઃખનું વેદન જેમ પોતાના વેદનનો વિષય છે અને એ વિષયમાં કોઈને પૂછવા જવું પડતું નથી, તેમ કોઈપણ જીવને પોતાને સ્વાનુભૂતિ થાય છે તે કોઈને પૂછવું પડતું નથી.

બીજા એને Certificate આપે, બીજા જ્ઞાની કે અજ્ઞાની Certificate આપે તો મને અનુભવ થયો, નહિતર ન થયો, એ પ્રશ્ન એને લાગુ પડતો નથી. એમ છે. બીજાને

પૂછવું પડતું નથી. પોતાને પોતાનો અનુભવ પૂછીને નક્કી કરવો પડે તો એને અનુભવ થયો છે એ વાત ક્યાં રહી ? અનુભવ વખતે જાગતો હતો કે ઊંઘતો હતો ? એવું થઈ ગયું એ તો. એવું તો કોઈ દિવસ બને નહિ. પણ કષાયની મંદતા થાય કોઈને (ત્યારે) શાંતિ જેવું લાગે. ત્યારે એ કલ્પના કરી લે મને આ અનુભવ થઈ ગયો લાગે છે. લાવ હવે કોઈ બીજા અનુભવીને પૂછીને નક્કી કરું. અનુભવ આવો હોય કે નહિ ? અનુભવ આવો હોય કે નહિ ? અનુભવ આવો હોય કે નહિ ? બસ ! અનુભવના વિષયમાં તારી તને નિઃશંકતા નથી એ એમ સાબિત કરે છે કે અનુભવ હજી તને થયો નથી. એ સ્પષ્ટ વાત છે. એ શંકાને દૂર કરવા માટેનો વિષય છે અહીંયા. વિશેષ લઈશું...

**જ્ઞાનીને દ્રવ્યદષ્ટિ હોવાને લીધે, સર્વ જીવો સિદ્ધ સ્વરૂપે જણાય છે. ભલે તેઓ અજ્ઞાન અને પર્યાય દષ્ટિને લીધે પોતાને ગમે તેમ માનતા હોય, પરંતુ જ્ઞાની તો તેમને સિદ્ધપણે જ દેખે છે. તેથી માથાનો વાઢનાર અર્થાત્ તીવ્ર વિરોધ કરનાર પ્રત્યે પણ જ્ઞાનીને વ્યક્તિગત દ્વેષ થતો નથી. પરંતુ તેની વિકારી દોષિત વૃત્તિનો નિષેધ આવે છે, તો પણ દ્રવ્યની મુખ્યતા છૂટીને નિષેધ આવતો નથી. (દ્વેષ મુખ્ય થતો નથી). પરંતુ દ્રવ્યની મુખ્યતા સહિત નિષેધ (દોષભાવનો) કરુણાબુદ્ધિથી આવે છે. - આવા અંતરંગ પરિણામોને જ્ઞાની જ સમજે છે. બીજા સમજી શકતા નથી.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૨૮)**

## તા. ૨૦-૧૨-૧૯૮૭, વચનામૃત-૨૫૪,૨૫૫
## પ્રવચન નં. ૨૦૧

'બહેનશ્રીના વચનામૃત' ૨૫૪-બોલ, પાનું-૮૬-૮૭. આ બોલમાં સ્વાનુભવનો મહિમા કરેલો છે. અનુભૂતિ શબ્દ અન્યમતમાં પણ છે. સ્વસંવેદન નથી પણ અનુભૂતિનો શબ્દપ્રયોગ છે. અને એ વિષયમાં પણ જૈન અને જૈનેત્તરમાં અનેક પ્રકારની ભ્રમણા ચાલે છે. સ્વાનુભવ પોતે પોતાના અભેદ વેદનસ્વરૂપે હોવાથી એ વિષયની નિઃશંકતા અસાધારણ હોય છે. એવી વસ્તુસ્થિતિ હોવા છતાં પોતાના સ્વાનુભવને વિષે જરા પણ શંકા થાય અથવા એ સ્વાનુભવ છે તે બીજુ કાંઈ છે એમ ખાતરી કરવા એ પૂછવાનો વિકલ્પ ઊઠે, વૃત્તિ ઊઠે તો એને સ્વાનુભવ થયો નથી અથવા એને સ્વાનુભવ વિષે ઊંડી શંકા છે. એમ કહે કે સહેજ શંકા છે. સહેજ પૂછવાનું છે, સહજ જાણવાનું મન થઈ ગયું. એ સહેજ નથી પૂરેપુરી એને શંકા છે. અને એ સ્વાનુભવને સમજી શક્યો નથી, સ્વાનુભવની એમાં ખબર નથી. અને એ ... આ ૨૫૪ બોલમાં કહેવા માગે છે.

દૃષ્ટાંત આપ્યું છે સ્થૂળ સુખ-દુઃખના પરિણામના વેદનનું. '**જીવને જેમ પોતામાં થતાં સુખદુઃખનું વેદન થાય છે તે કોઈને પૂછવા જવું પડતું નથી.**' પોતાને સારું લાગે છે, શાતારૂપ લાગે છે, સુખરૂપ લાગે છે, ચેનરૂપ લાગે છે કે પોતાને અશાતારૂપ લાગે છે કે આકુળતારૂપ-દુઃખરૂપ લાગે છે, વેદના થાય એવું લાગે છે, પીડારૂપ લાગે છે એવું વેદન એટલે અનુભવ પોતાને થાય છે અને એ વિષયમાં કોઈની પાસે નક્કી કરવા જવું પડતું નથી કે મને સુખ થાય છે કે મને દુઃખ થાય છે. એવું કાંઈ પૂછવા જવું પડતું નથી.

વેદનનો વિષય એમાં એક દૃષ્ટાંત સુખ-દુઃખનું શાતા અશાતાનું છે અને વેદનના વિષયમાં એક દૃષ્ટાંત સ્વાદનું છે. જેમ ગળ્યું લાગે તે કોઈને પૂછવા જવું પડે નહિ. કડવું લાગે તે કોઈને પૂછવા જવું પડે નહિ. ખારું, ખાટું લાગે તે કાંઈ પૂછવા જાવું ન પડે કે સાકર ગળી મને લાગે છે કે નહિ ? તમે નક્કી કરી દો. આ કરિયાતું કડવું લાગે છે એ કોઈ મને સમજાવી દો. એ સમજવાનો પ્રશ્ન નથી. કેમકે એને અનુભવ સાથે સીધો સંબંધ છે.

ગમે તેટલી એ વિષયની વ્યાખ્યા કરવામાં આવે તોપણ અનુભવનો વિષય એ માત્ર વ્યાખ્યાના વિષયથી પૂરેપૂરો સ્પષ્ટ થતો નથી. અનુભવના વિષયનું સ્પષ્ટીકરણ

વેદનથી જે સ્પષ્ટ થાય છે એ શબ્દોથી સ્પષ્ટ થતું નથી. શબ્દોથી તો સ્પષ્ટ થતું નથી પણ વિચાર વિકલ્પથી પણ તે સ્પષ્ટ થતું નથી. આજે એક બહુ ભાવતી ચીજ ખાધી. કાલે એનું સ્મરણ કરવામાં આવે કે કાલે આ ચીજ બહુ સરસ બનાવી હતી અને એ ખાધી હતી. તોપણ ખાતી વખતે એના સ્વાદનું જે સ્પષ્ટીકરણ હતું એ ત્યાર પછીના વિચારનું સ્પષ્ટીકરણ નથી, વિકલ્પનું સ્પષ્ટીકરણ નથી.

આ વિષય એટલા માટે લીધો છે કે મુમુક્ષુઓમાં પણ આ વિષય ચર્ચાય છે. અનુભવની ખબર પડે કે નહિ? વિકલ્પમાં આવ્યા પછી અનુભવનો વિચાર કેવો આવે? અથવા વિકલ્પમાં આવ્યા પછી એને ખ્યાલ આવે કે આવો અનુભવ છે. ત્યારે એ વિકલ્પમાં સ્પષ્ટ થાય છે ને કે અનુભવમાં સ્પષ્ટ થાય છે? સ્પષ્ટીકરણ (શું છે)? વેદનથી જે સ્પષ્ટ થાય છે તે વિચારથી પણ સ્પષ્ટ થતું નથી, વિકલ્પથી સ્પષ્ટ થતું નથી. અને જે વિચાર વિકલ્પથી સ્પષ્ટ થતું નથી એ શબ્દથી તો સ્પષ્ટ થવાનો સવાલ નથી. અથવા એમાં અસ્પષ્ટતા રહે, ઓછું સ્પષ્ટ થાય એ સમજી શકાય એવો વિષય છે.

એ દૃષ્ટાંતે લીધું કે, સુખ દુઃખ માટે જેમ કોઈને પૂછવા જવું પડતું નથી. સુખ દુઃખની વ્યાખ્યા આવે છે. શબ્દોમાં આવી વ્યાખ્યા આવે છે કે નિરાકુળપણું તે સુખ અને આકુળતાપણું તે દુઃખ. આકુળતા નામ દુઃખ એમ વ્યાખ્યા કહેવાય છે. આકુળતા નામ દુઃખ એવી ભલે પરિભાષા કરી પણ છતાં દુઃખ, દુઃખરૂપે જે વેદનથી સમજાય એ શબ્દની વ્યાખ્યામાં સમજવામાં આવે નહિ. કેમકે ખરેખર એ વેદનનો વિષય છે. એ માત્ર શબ્દનો વિષય રહેતો નથી. એવી જ રીતે.

**'તેમ પોતાને સ્વાનુભૂતિ થાય...'** અનંત કાળમાં નહિ થયેલો એવો નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ અનુભવ થાય અને એના આત્માના સ્વભાવને આનંદસ્વભાવ, અતીન્દ્રિય આનંદસ્વભાવ આહલાદરૂપે અનુભવમાં આવે એને એ નક્કી કરવાનું કે બીજા કોઈને પૂછવું પડે કે એ આવો મને અનુભવ થયો એ સ્વાનુભવ હશે કે બીજું કાંઈ હશે ? તો એ વસ્તુ એને ખ્યાલમાં, સમજવામાં આવી નથી.

ભલે અતીન્દ્રિય અનુભવ છે, અતીન્દ્રિય આનંદ અને અતિન્દ્રય જ્ઞાનનો સ્વાનુભવ તેને સ્વાનુભૂતિ કહેવાય છે. તે (અનુભવમાં) ઇન્દ્રિયનું પણ વચ્ચે માધ્યમ નથી, નિમિત્ત નથી, પરોક્ષપણું નથી. એવો જે અતીન્દ્રિય અભેદ અનુભવ એમાં નિઃશંકતા કેટલી હોય ? કે એની નિઃશંકતા ચૌદ બ્રહ્માંડ ફરે તોપણ એને શંકા પડે નહિ કે એની નિઃશંકતામાં કોઈ તડ પડે નહિ. એવી નિઃશંકતા હોય છે. એટલે એ વિષયમાં કોઈને શંકાનું કે પૂછવાનું (રહેતું નથી), પ્રશ્નનો અવકાશ રહેતો નથી. પૂછવું પડતું નથી કે પૂછવાનો અવકાશ રહેતો નથી. અને એ કોઈથી નક્કી કરવાનો, બીજા કોઈથી નક્કી

કરવાનો વિષય નથી. પોતે જ નિઃશંકપણે પોતાના સ્વાનુભવને અનુભવીને નિશ્ચિંત રહે છે, નિશ્ચિત રહે છે, ચિંતા વિનાનો રહે છે અને અનિર્ણય ને શંકા વિનાનો રહે છે.

મુમુક્ષુ :- ...માતાજીના

પૂજ્ય ભાઈશ્રી :- કેવો જવાબ આપ્યો હતો ! કેવો જબરદસ્ત જવાબ આપ્યો હતો !! પ્રશ્ન કર્યો ત્યારે શું પૂછયું એ મુખ્ય વાત નથી, જવાબ કેવો આપ્યો એ મુખ્ય વાત છે. વેદનથી જવાબ આપ્યો હતો. જવાબમાં વેદનની મુખ્યતા લીધી છે. આ પ્રત્યક્ષ વેદન થાય છે એ જ્ઞાન છે. શાસ્ત્રમાં આવેલું જ્ઞાન એ જ્ઞાન જ નથી. એવો જવાબ આપ્યો છે. વેદનથી જવાબ આપેલો.

મુમુક્ષુ :- પરિણતિ લીધી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણતિ લીધી. હા, પરિણતિ લીધી. એ વખતે પરિણતિ લીધી હતી. શુદ્ધઉપયોગ વખતે વાતચીત કરવાનું તો હોય જ નહિ અથવા શુદ્ધોપયોગ વખતે તો સર્વ પ્રવૃત્તિ આપોઆપ બંધ જ થઈ જાય. મનની પ્રવૃત્તિ નથી તો બીજી સ્થૂળ પ્રવૃત્તિ તો ક્યાંથી હોય ?

વેદન એટલે કોઈ સાધારણ ચીજ નથી. પરિણતિનું વેદન એ કોઈ સાધારણ ચીજ નથી. ખરેખર તો મોક્ષમાર્ગ એટલો જ છે. જેટલું વેદન છે એટલો જ મોક્ષમાર્ગ છે. સાધકદશામાં વિકલ્પ ઊઠે છે એ તો બંધમાર્ગ છે. એટલે તો મિશ્રદશા કહી છે. સાધકને મિશ્રદશા કહી છે. જેટલા અંશે બંધભાવ છે એનો નિષેધ અને નકાર વર્તે છે. એનો અનાદર વર્તે છે અને શુદ્ધાત્માનો અબંધ પરિણામમાં આદર વર્તે છે. એમ છે.

મુમુક્ષુ :- સ્વાનુભૂતિમાં બીજું શું શું થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- મુખ્યપણે આનંદ હોય. બાકી તો અનંત ગુણોનું વેદન છે કે જે વચનગોચર નથી. અધ્યાત્મનો બહુભાગ વિષય અવક્તવ્ય હોવાથી પણ જેટલું કહ્યું છે, જેટલા શાસ્ત્રો લખાણા છે અને જેટલા જ્ઞાનીઓ, આચાર્યોએ જે કાંઈ શબ્દોથી કહ્યું છે એ સંકેતમાત્રમાં આવે છે. એનો માત્ર સંકેત કર્યો છે એમ જ કહી શકાય છે. કેમકે જે બહિર્જલ્પનો વિષય નથી એ શબ્દનો વિષય તો કેમ થાય? જે બહિર્જલ્પનો વિષય નથી, અંતર વિકલ્પનો વિષય નથી. બહિર્વિકલ્પનો વિષય નથી, માત્ર અતીન્દ્રિય પરિણમનનો વિષય છે એને કેવી રીતે શબ્દમાં કહે?

એક શ્રદ્ધા કહી શકાય નહિ એવી ચીજ છે. એમ જ્ઞાનનું વેદન બતાવે કેવી રીતે ? આ જુઓને, બાળક રડે છે. પેટમાં ચૂંક આવે. છ મહિનાનું, આઠ મહિનાનું બાળક હોય બોલતા ન શીખ્યું હોય, રડે. એને પૂછે કે તને ક્યાં દુઃખ થાય છે? કેટલું દુઃખ થાય છે? શું કહે ? કેટલી વેદના થાય કે ચીસાચીસ પાડ્યા કરે. તો દુઃખનો અનુભવ થાય છે

એને, અશાતાનો અનુભવ થાય છે. કહી શકે, સ્પષ્ટ કહી શકે તો એ દુઃખ છે અને નહિતર એને દુઃખ નથી એમ કાંઈ છે ? વિચાર કરી શકે તો દુઃખ છે, કહી શકે તો દુઃખ છે અને નહિતર દુઃખ નથી એવું કાંઈ છે ? દુઃખ છે એ દુઃખ જ છે. એ વેદનનો વિષય છે. એમ સ્વસંવેદન અને આનંદ છે, નિર્વિકલ્પ આનંદ છે એ અતીન્દ્રિય છે. એને કેવી રીતે ભાષામાં કહેવો ? એ ભાષામાં કહેવાની કોઈ ચીજ નથી. નામ લેવાય છે એને સંજ્ઞા આપી છે એ બસ છે, બહુ છે.

સંજ્ઞી પંચેન્દ્રિય જીવના મતિ-શ્રુતજ્ઞાનમાં એવી શક્તિ છે કે એ શબ્દના વાચક ઉપરથી વાચ્ય સુધી પહોંચી જાય અંદરમાં. એમ કહે કે આ જ્ઞાન તે આત્મા છે. લ્યો, આટલું જ કહે. જ્ઞાન તે આત્મા છે. એના વાચ્ય સુધી જાય. એનું વાચ્ય જ્ઞાન તો જ્ઞાનભાવ છે, પ્રગટ જ્ઞાનભાવ છે. જ્ઞાન તો પ્રગટ છે. જ્ઞાન પ્રગટ છે તો એની અંદર સ્વભાવ પણ પ્રગટ છે. જોકે પ્રગટ-અપ્રગટની અપેક્ષા એને નથી. પણ આ તો પર્યાયમાં છે એટલે એને પ્રગટ એમ કહીએ. પર્યાયમાં નથી એને અપ્રગટ એમ કહીએ. દ્રવ્યમાં છે એને અપ્રગટ એમ કહીએ. પણ દ્રવ્ય અને પર્યાય બંનેમાં છે. પ્રગટ અપ્રગટ એ તો અવસ્થાનો વિષય છે, સ્વભાવનો વિષય નથી.

મુમુક્ષુ :- પ્રગટ-અપ્રગટ પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રગટ - અપ્રગટ એ પર્યાયનો વિષય છે, સ્વભાવનો વિષય નથી. એટલે 'દીપચંદજી'એ લીધું છે કે, પ્રગટ-અપ્રગટ તો અવસ્થાભેદ છે. સ્વભાવ તો જેવો છે તેવો છે. એવી શ્રદ્ધા તે સુખનું મૂળ છે. આમ કહી દીધું. એવી શ્રદ્ધા સુખનું (મૂળ છે.) આવો સ્વભાવ તને શ્રદ્ધાય એટલે હુંપણે છે એમ તને અસ્તિત્વમાં ગ્રહણ થાય (તો) તને આત્માનું સુખ ઉપજશે. બીજો કોઈ સુખ ઉપજવાનો ઉપાય નથી. એમણે તો કેટલીક વાતો શાસ્ત્રોમાંથી ગોતવી મુશ્કેલ પડે એવી વાતો લીધી છે. શબ્દ સાધક છે, એનો અર્થ સાધ્ય છે અથવા દ્રવ્યશ્રુત શબ્દ છે એ દ્રવ્યશ્રુત છે. એનું સમ્યક્ અવગાહન તે સાધક છે અને ભાવશ્રુત સાધ્ય છે. ત્યાં કહે છે, અર્થ સાધ્ય છે કે આ જ્ઞાન તે આત્મા, એનો અર્થ સમજાણો. તો કહે છે, અર્થ સાધક છે અને જ્ઞાનરસ સાધ્ય છે. તને રસ પડ્યો ને.

એક રહસ્યવાળો વિષય સ્પષ્ટ કરીએ તો 'પૂજ્ય બહેનશ્રીજી' જે ભાવનાને મુખ્યતા આપે છે એની પાછળ એક બીજું રહસ્ય એ છે કે ભાવાનામાં રસ આવે છે. જેને જેની ભાવના એનો એને રસ. અને પરિણામનો દોર આખો પરિણામમાં રહેલા રસના આધાર ઉપર છે. તમામ પરિણામનો દોર, સમસ્ત પરિણામનો દોર એ પરિણામમાં રહેલા રસ ઉપર છે. રસ છે એ પરિણામની શક્તિ છે. એટલે એ ભાવનાથી

એ વાત કહેવામાં આવે છે. જ્યાં જેની ભાવના છે ત્યાં તેનો રસ છે.

રાગરસવાળાને રાગની ભાવના છે અને જ્ઞાનરસવાળાને જ્ઞાનની–આત્માની ભાવના છે. એટલે જે આત્મભાવના ઉપર વજન છે એની પાછળ રસ ખેંચવાની વાત છે, રસ બતાવવાની વાત છે. રસ વિના બધું શુષ્ક છે. શાસ્ત્રનું જ્ઞાન તો અનેક વિદ્વાનોને, પંડિતોને થઈ શકે છે પણ જ્ઞાનનો રસ ઉપજવો એ બીજી વાત છે. ભાવનામાં આવવું એ તદ્દન બીજી વાત છે. નહિ તો શુષ્કજ્ઞાન થઈ જાય છે એનું કારણ એ છે કે રસવિહિન અને ભાવનાવિહિન પરિણામ હોય છે. એટલે એને જ્ઞાન કહેતા નથી. એને અજ્ઞાન કહેવામાં આવે છે. અથવા એને સાધારણ અજ્ઞાન નહિ પણ એને મોટું અજ્ઞાન કહેવામાં આવે છે. વિષય સામે આવ્યો, જ્ઞાનનો વિષય સામે આવ્યો અને જ્ઞાન ન થયું. જ્ઞાનરસ ઉપજે એવો વિષય સામે આવ્યો અને જ્ઞાન ન થયું માટે એ મોટું અજ્ઞાન છે. બીજાને તો એ વિષય સામે નથી આવ્યો એટલે એને રસ ન ઉપજે એ તો સ્વભાવિક છે, અસ્વભાવિક નથી. પણ જેને એ જ્ઞાનરસ ઉપજે એવો વિષય સામે આવ્યો અને એને જ્ઞાનરસ ન ઉપજ્યો તો એ સ્વભાવિક નથી, અસ્વભાવિક કાર્ય થયું છે. એટલે એને મોટું અજ્ઞાન કહે છે. એમ છે.

સ્વાનુભૂતિ તો સ્વરૂપના અસાધારણ અથવા ઉત્કૃષ્ટ કોઈ અપૂર્વ રસના ફળસ્વરૂપે ઉત્પન્ન થયેલી દશા છે. અને એટલો બધો તીવ્ર રસ આત્માને આવે અને એની ખબર પડે નહિ કે એનો અનુભવ થયો છે કે નહિ? એને કોને પુછવું છે ? ... કોઈ દિવસ શંકા હોઈ શકે નહિ. શંકા હોય તો એને સ્વાનુભવ હોઈ શકે નહિ. સ્વાનુભવવાળા એમ સમજી શકે છે કે આ કેટલી નિઃશંક ચીજ છે પોતાની ? આટલી પોતાની નિઃશંક ચીજમાં એને શંકા પડી ? સ્વાનુભવ નથી. ખલાસ થઈ ગઈ વાત. થોડીક શંકા પડી છે. થોડી નથી પડી પૂરેપૂરી પડેલી છે. શંકા થોડીક પડતી નથી. શંકા પૂરી જ આવે છે હંમેશા.

મુમુક્ષુ :– 'સમયસાર'માં જ્ઞાનમાત્ર કહીને જ્ઞાનની ખાણ જ બતાવવી છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, આખી જ્ઞાનની ખાણ બતાવી છે. જ્ઞાનમાત્ર કહીને સ્વભાવ બતાવ્યો છે અને જ્ઞાનમાત્ર કહીને સ્વભાવનું અવલંબન પણ બતાવ્યું છે. બેય વાત એક શબ્દમાં કહેવાનું સામર્થ્ય છે આચાર્ય ભગવાનનું. એક શબ્દમાં કહેવાનું (સામર્થ્ય) છે. કાલ ૩૧૨માં આપણે એ વાત લીધી. જ્ઞાનદોરા ઉપરથી જ્ઞાનમાત્ર તે હું (એમ ગ્રહણ થાય છે). જ્ઞાનમાત્ર શબ્દ ત્યાં વાપર્યો છે. એ તો કુદરતી જ આવે છે. ભલે ત્યાં 'સમયસાર'નું લક્ષ હોય કે ન હોય. ૩૧૨ છે ને ? હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું. બસ! જ્ઞાનમાત્ર એમાં આવી ગયું. અવતરણમાં ચિહ્નમાં એટલી વાત લીધી છે.

એકત્વબુદ્ધિએ ચાલતું અનાદિનું જે પરિણમન છે એ પરિણમનમાંથી ભિન્ન પડવા માટે હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું, એમ પ્રયોગ કરીને જુદું પડવાનું છે. એમ જુદું પડવાનું છે એમ લખ્યું છે. એટલે એમ એટલે એમ વિકલ્પ કરીને નહિ, એમ વિચાર કરીને નહિ, એમ બોલીને નહિ પણ એમ પ્રયોગ કરીને જુદું પડવાનું છે, પ્રયત્ન કરીને જુદું પડવાનું છે. એમ કહેવા માગે છે. ફરીને પછી છેલ્લે અતરણ ચિહ્નમાં લીધું છે કે '**હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે.**' પહેલાં ઓળખાણ થાય છે પછી અનુભવ થાય છે. એમ કહેવું છે.

એટલે એ વિષયની અંદર બહુ સારું સ્પષ્ટીકરણ છે કે જો તને એમ લાગ્યું હોય કે મને અનુભવ થયો છે, તો એટલી નિશંકતા વર્તે છે ? તો અનુભવ થયો છે. નિઃશંકતા, અસાધારણ નિઃશંકતાનો એ વિષય છે. એમાં જરાપણ તને જો શંકા હોય તો એ વાત નથી બની. બીજું કાંઈક થયું છે, તેં માન્યું છે બીજું કાંઈક. એમ ત્યાં નિર્ણય કરવા યોગ્ય છે એમ ત્યાં સમજવા યોગ્ય છે. એમ કહીને શંકા આશંકાના પડખેથી સ્વાનુભવના વિષયને આ બોલમાં સ્પષ્ટ કર્યો છે. ૨૫૪ થયો.

'બહેનશ્રી'ને ('ગુરુદેવશ્રી'એ) પ્રશ્ન પૂછ્યો કે આ શાસ્ત્રની ગાથાનો અર્થ કરો. ત્યારે એવો વિકલ્પ ન આવે કે મારી જ્ઞાનદશા માન્ય કરે તો સારું. શ્રીગુરુ મારી... મહિમા પરમાત્મા જેટલો હોય. કેટલો મહિમા હોય ? જે નિમિત્ત પડ્યા છે એવા શ્રીગુરુ પોતાને અનંત તીર્થંકરથી અધિક છે. સર્વ જ્ઞાનીનો અભિપ્રાય છે. શબ્દો ભલે 'સોગાનીજી'ના છે, એ સર્વ જ્ઞાનીનો અભિપ્રાય છે. એટલો અપૂર્વ મહિમા અસાધારણ મહિમા અતિમહિમા હોય. કોઈની સાથે એનો મહિમા તોળી ન શકાય. છતાં એ Certificate આપે તો મારું જ્ઞાન અને નહિતર મારું જ્ઞાન નહિ. એટલી અપેક્ષા ત્યાં હોતી નથી. એનું નામ નિઃશંકતા છે. એટલી નિઃશંકતા છે. શું પ્રશ્ન પૂછશે ? કેવી રીતે પરીક્ષા કરશે ? એ તો કાંઈ ખબર નથી હોતી. પોતાની પરિણતિ હાજરાહજૂર છે કે નહિ ? બસ ! વાત પૂરી થઈ ગઈ. બીજાના વિકલ્પ અને બીજાના પ્રશ્ન અને ઉત્તરની સાથે સંબંધ શું છે ? પોતાનિ મોજૂદ પરિણતિ છે, ઉપસ્થિત પરિણતિ છે એને કોઈની અપેક્ષા હોતી નથી.

જે ધ્રુવધામના આધારે અનુભવ થયો છે એમાં પણ એક ધ્રુવત્વ આવ્યું છે. એટલે એને પંચમગતિ કહી છે. ચાર ગતિથી બહારના એ પરિણામ છે. ઉદયભાવથી બહારના પરિણામ છે. અને એને '**ध्रुवमचलमणोवमं गंदि पत्ते**' પહેલી ગાથા છે. 'સમયસાર'ની પહેલી ગાથા. 'ધ્રુવ અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને' તે ધ્રુવ ગતિ કહી છે. કેમકે એ ગતિ પછી નહિ ફરે. મોક્ષ પામે એ તો ધ્રુવગતિ ખરી પણ મોક્ષ પામવાના

કારણભૂત જે સ્વાનુભવના પરિણામ ઉત્પન્ન થયા એમાં એક મોક્ષનો અંશ છે. એ આંશિક મોક્ષ દશા છે. એટલે ધ્રુવત્વ આવ્યું છે. જેમ સ્વભાવ ધ્રુવ છે એમ એના અનુભવની નિઃશંકતા એ ધ્રુવ ચીજ છે. એમાં ધ્રુવત્વ છે, એ જ ધ્રુવત્વ છે. સ્વભાવની જાતિ ધ્રુવત્વ છે. એટલે એને પૂછવું પડતું નથી. એની નિઃશંકતા પણ કોઈ અલૌકિક હોય છે ! એ રીતે અહીંયાં સ્વાનુભવને સ્પષ્ટ કર્યો છે.

૨૫૫માં સ્વરૂપનો મહિમા લીધો છે. જિનેન્દ્ર વાણી, ભગવાનની વાણી, ગુરુની વાણી 'ગુરુદેવ'ની વાણી એનો મહિમા કરે છે. ભલે તેમને નિમિત્ત છે. ભલે તેમને નિમિત્ત છે પણ એ પોતાના અંતર ઉપાદાનથી સાધકજીવ પોતાનો અનુભવ કરે છે તોપણ નિમિત્તને યથાસ્થાનમાં રાખે છે. કુદેવ અથવા કુશાસ્ત્ર અથવા અજ્ઞાનીની વાણી અને જ્ઞાનીની વાણી, જિનેન્દ્રની વાણી એને સમતોલ કક્ષાએ રાખતા નથી. જુદી જુદી રીતે તોળે છે. એકનો મહિમા કરે છે. બીજાનો ભૂલથીએ મહિમા કરે નહિ. એટલો બધો ફેર છે. કુશાસ્ત્રનો મહિમા કરે તો દર્શનમોહની તીવ્રતા હોય તો જ કરે. એને દર્શનમોહ તીવ્ર થયેલો છે ત્યાં. કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર તીવ્ર દર્શનમોહને વશ જ એ બાજુનો મહિમા ભક્તિ, પ્રશંસા, ગુણાનુવાદ જે કાંઈ થાય એ બધું તીવ્ર દર્શનમોહને વશ થાય છે.

મુમુક્ષુ :– કુગુરુનો મહિમા કરે એ દર્શનમોહ.

પૂજ્ય ભાઈશ્રી :– દર્શનમોહ નિગોદમાં જવાનું મુખ્ય કારણ. દર્શનમોહ એટલે બહુ ભયંકર ચીજ છે એટલું ખ્યાલમાં આવવું જોઈએ. નિગોદમાં જવાનું કોઈ મુખ્ય કારણ હોય તો ... પ્રકારના પરિણમનમાં એ દર્શનમોહ છે. નહિતર 'ગુરુદેવ'ને ખબર નથી કે ત્રણે ફિરકાના સંપ્રદાયના જે સાધુસમાજ છે એ સમાજના ગુરુપદના સ્થાને બધા બેઠા છે. એને એમ કહીએ કે આ કુગુરુ છે. તો શું પરિસ્થિતિ ઊભી થાય કાંઈ ખબર નથી પોતાને ? અંદાજ બહારની વાત છે કાંઈ ? બહુ વિચક્ષણતા છે પોતાની. પણ એવી કોઈ સાધારણ તાકાત ! પોતાનું સામર્થ્ય પણ અસાધારણ હતું. દાંડી પીટીને કહ્યું, વંદન નમસ્કાર કોઈપણ પ્રકારે, ધાર્મિક બુદ્ધિએ આદર-સત્કાર કાંઈપણ બની શકે નહિ. દર્શનમોહની તીવ્રતા નિગોદમાં જવાનું કારણ કોઈ ભોગે, કોઈ કારણે સેવી શકાય નહિ. એમ છે.

મુમુક્ષુ :– ... આવતા બધા.

પૂજ્ય ભાઈશ્રી :– બિલકુલ નહિ. ઉલટાનું હોય એમ કહી દે. સ્પષ્ટ. .. ત્યાં ... લગભગ ચાર-સાડા ચારે 'પાલીતાણા' બાજુ છે ને. પહેલાં મુખ્ય મંદિરના, માનસ્તંભજીના દર્શન કર્યા. ત્યારે તો આ પરમાગમ મંદિર નહોતું. દર્શન કરીને પછી

પ્રવચન મંડપમાં ગયા. ત્યાં એમને એક રૂમ આપી હતી. પોતે પણ આહાર કર્યા પછી. એ દર્શન બધે કરતા હતા ત્યારે 'ગુરુદેવ' આહાર કરતા હતા. પોણા પાંચ-પાંચ વાગ્યા આસપાસનો ટાઈમ હતો. 'ગુરુદેવ'નો આહારનો ટાઈમ હતો. ચાલતા-ચાલતા ક્યારે આવે એ તો ખબર નહિ, પણ સમાચાર આવી ગયા હતા કે આજે આવવાના છે. એ દર્શન કરીને પ્રવચન મંડપ બાજુ જતા હતા. એમ લાગે કે આ દિગંબર મુનિ છે ! નવાઈ લાગે.

જે મુનિની શાંતતા, સૌમ્યતા, ઠરેલપણું એ કાંઈ દેખાય નહિ. હાલચાલમાં દેખાય નહિ. એટલી તો ચંચળતા. ઠેકડા મારતા મારતા જાણે ચાલતા હોય. દૃષ્ટિચપળતા, ચંચળતા.. કોઈ ઠેકાણું નહિ. અવલોકન કરીએ તો એમ થાય કે આપણું જે ચિત્ર છે એની પાસે કાંઈક જુદું જ લાગે. જે આપણને સમજમાં આવે છે કે આવા મુનિ હોય. એનાથી તો સાવ જુદું લાગે.

પછી ગુરુદેવ આંટા મારતી વખતે ત્યાં આવ્યા એટલે એ બેઠા હતા પોતે પણ. કીધું કે મારી પાસે એક પુસ્તક છે. સમ્મેદશિખરના મહિમાનું. એક વખત સમ્મેદશિખરની યાત્રા કરે તો એને ભવભ્રમણ મટી જાય છે. 'ગુરુદેવ' કહે, ખોટી વાત છે. એ શાસ્ત્ર નથી. શું કીધું ? ... શાસ્ત્ર નથી. શાસ્ત્ર હોય એ એમ કહે નહિ. કેટલી નિઃશંકતા છ! શાસ્ત્ર હોય, સુશાસ્ત્ર હોય એ એવી વાત કરે નહિ કે રાગથી ભવભ્રમણ મટે. એ તો શુભરાગ છે, યાત્રાનો શુભરાગ છે. શુભરાગથી ભવભ્રમણ છેદાય જાય એ વાત (વીતરાગની નહિ). શુભરાગ હોય તો દેવગતિ મળે. તિર્યંચગતિ કે નરકગતિ ન મળે, જુદી વાત છે. એવી રીતે આયુષ્યબંધ થયો હોય તો એની મુખ્યતામાં. ભવભ્રમણ .. એ શાસ્ત્ર જ ન કહેવાય. સીધુ જ કીધું. ચર્ચા લાંબી ચાલી નહિ.

**અંતરનો અજાણ્યો માર્ગ; અંતરમાં શી ઘટમાળ ચાલે છે, તે આગમ ને ગુરુની વાણીથી જ નક્કી કરી શકાય છે. ભગવાનની સ્યાદ્વાદ-વાણી જ તત્ત્વ પ્રકાશી શકે છે. જિનેદ્રવાણી અને ગુરુવાણીનું અવલંબન સાથે રાખજે; તો જ તારી સાધનાનાં પગલાં મંડાશે. ૨૫૫.**

૨૫૫. '**અંતરનો અજાણ્યો માર્ગ; અંતરમાં શી ઘટમાળ ચાલે છે, તે આગમ ને ગુરુની વાણીથી નક્કી કરી શકાય છે.**' મુમુક્ષને માટે બહુ સુંદર માર્ગદર્શન છે આ વાતનું. ... હું તો જન્માંધ છું, મને શું ખબર પડે ? ફલાણી દિશા કઈ બાજુ આવી મને શું ખબર પડે ? દોરી દોરીને સૌ લઈ જાય છે. કઈ બાજુ લઈ જાય છે મને કાંઈ ખબર

હોતી નથી. અજાણ્યું હોય એને બધું સરખું છે. એમ કહે છે કે આ જગતમાં પરિભ્રમણ કરતાં ચૌદ બ્રહ્માંડમાં કોઈ ક્ષેત્ર જન્મ-મરણમાં બાકી રાખ્યું નથી. એવો અજાણ્યો, અનાદિનો અજાણ્યો તારા પરિણમનમાં શું ઘટમાળ ચાલે છે ? પરિણમનની ઘટમાળ, જે ઘટના જે જે પરિણામની ઘટે છે એ પરિણામો કેવા હોય છે ? એના ફળ શું હોય છે ? ક્યા પરિણામનું તત્ત્વદૃષ્ટિએ શું એનું સ્થાન છે ? ક્યા ખાતામાં એ ખતવાય છે ? એની તને શું ખબર પડશે ? એ તારો વિષય નથી, એમ કહે છે.

**'અંતરનો અજાણ્યો માર્ગ અંતરમાં શી ઘટમાળ ચાલે છે, તે આગમ ને ગુરુની વાણીથી જ નક્કી કરી શકાય છે.'** પછી મેળવે પોતાના પરિણામ સાથે. આગમની વાત, ગુરુની વાત પોતાના પરિણામથી મિંઢવે અને નક્કી કરે ત્યારે એને જેમ તાળો મળી રહે, જવાબ છેલ્લે લખ્યો હોય, અહીંયાં રકમ લખી હોય અને દાખલો ગણે, જવાબ મળે (તો) બરાબર છે. મારો સાચો દાખલો છે. એમ નક્કી કરી શકાય છે.

જો આગમ અને ગુરુવાણી સાથે મેળ ન ખાતો હોય તો એણે ઊભા રહી જવું જોઈએ કે કાંઈક મારી ભૂલ થાય છે. કદી પણ એમ વિચારવા યોગ્ય નથી કે મારું બરાબર છે અને કાંઈક આમની ભૂલ લાગે છે, ગુરુની વાતમાં કાંઈક ભૂલ લાગે છે કે આગમમાં કાંઈક ભૂલ લાગે છે. એવું જરા પણ વિચારવા યોગ્ય નથી. શંકા પડે તોપણ એણે એ પોતાની ભૂલ છે એવી શંકા મુખ્યપણે કરવા યોગ્ય છે. મુખ્યપણે એ શંકામાં એણે આવવા યોગ્ય છે.

**'આગમ ને ગુરુ વાણીથી જ નક્કી કરી શકાય છે.'** જુઓ ! નિમિત્તની પ્રધાનતા. લોકો એમ સમજ્યા છે કે નિમિત્તને માનતા નથી. નિમિત્તને નિમિત્તના સ્થાનમાંથી કોઈ આઘુંપાછું કરે તો એ ચલાવવા તૈયાર નથી. કાયદાનો પ્રશ્ન ઊઠે તો વકીલની સલાહ લેવા જાય. તબિયત બગડે, છાતીમાં ગોળો ચડે, ગેસ ચડ્યો છે કે ... છે (તો) Cardiologist પાસે જાય. ક્યાં જાય ?

મુમુક્ષુ :- ડૉક્ટર પાસે જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ડૉક્ટર નહિ, Cardiologist પાસે જાય. કે કાંઈક પાછા ... કોઈ કરી નાખે નહિ. અને અહીંયાં અનાદિમાં અજાણ્યો માર્ગ છે, અનાદિનો ભૂલો પડેલો છે અને ધર્મના નામે કાંઈક ગોથા ખાયને પાછો પડ્યો છે અને માર ખાધા છે. માર ખાધા છે એટલે હલકી ગતિમાં જન્મ-મરણમાં ગયો છે. તો એને .... જો એને વિવેક ન હોય, એટલો નિમિત્તનો વિવેક ન હોય તો એને ઉપાદાનમાંથી કોઈ સારા પરિણામ થવાની આશા રાખવી એ તદ્દન વ્યર્થ છે, તદ્દન વ્યર્થ છે.

'શ્રીમદ્જી'એ સત્પુરુષનો બહુ મહિમા કર્યો છે. સત્સમાગમનો બહુ મહિમા કર્યો

છે. નિમિત્તમાં ને નિમિત્તમાં ફેર પાડીને. 'પ્રત્યક્ષ સત્ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર'. આગમ પરોક્ષ છે. આગમ ઉપકારી છે પણ એ પરોક્ષ છે. આ પ્રત્યક્ષ છે. ૬૬૧ પત્રમાં તો એ લીધું કે કોઈ પ્રત્યક્ષ સમાગમ સત્પુરુષના સમાગમને અને સાચા આગમને (એ તો) ઊંચા ગુણસ્થાને બિરાજમાન છે, એને બરાબર ગણે કે અધિક ગણે તો તેને તે અપ્રશસ્ત શાસ્ત્રિય અભિનિવેષ છે. એ આગમનો અભિનિવેષ એને વર્તે છે. વિપરીત અભિનિવેષ છે, અપ્રશસ્ત નામનો. પ્રશસ્ત નથી ત્યાં. પરિણામ શુભ થાય છે પણ. 'શ્રીમદ્જી'ને કોઈ પ્રશ્ન કરે કે સાહેબ ! આ પરિણામ તો એના શુભ થાય છે. શાસ્ત્ર વાંચે ત્યારે બિચારો ક્યાં અશુભ પરિણામ કરે છે ? અને આપ એને અપ્રશસ્ત શાસ્ત્રિય અભિનિવેષ કહો છો ? હા. એને જે પરિણામ ઉપર ઉપરના મંદ કષાયના છે. અંદરમાં એને તીવ્ર અશુભ ભાવ, અશુભ..., અશુભ કારણ, અશુભ હેતુ, અશુભ અભિપ્રાયને વશ એ પ્રવર્તી રહ્યો છે. તો જ આમ બને. તો જ પ્રત્યક્ષને ગૌણ કરે અને પરોક્ષને મુખ્ય કરે. પ્રત્યક્ષ ભલે રહ્યા આપણે તો ... જગ્યાએ જઈને આરામથી મોટા મોટા શાસ્ત્રો વાંચો. એ અપ્રશસ્ત વિપરીત શાસ્ત્રીય અભિનિવેષ છે. એટલો બધો તો નિમિત્ત અને નિમિત્ત વચ્ચે ફેર પાડ્યો છે.

નિમિત્ત-ઉપાદાનનો પ્રશ્ન જેટલો 'ગુરુદેવે' ચર્ચ્યો એટલો 'શ્રીમદ્જી'એ Agenda ઉપર લઈને ચર્ચ્યો નથી. 'ગુરુદેવે' એટલો બધો ચર્ચ્યો નિમિત્ત ઉપાદાનનો પ્રશ્ન. નિમિત્ત કાંઈ કરે નહિ, નિમિત્ત કાંઈ કરે નહિ. છતાં નિમિત્તની વાત આવે તો બીજી વાત એની અંદર હોઈ શકે નહિ. નિમિત્ત ને નિમિત્તના સ્થાનમાં બરાબર રાખે. ... આખો સ્થાનકવાસી સંપ્રદાય મૂકી દીધો. કેમકે ત્યાં પ્રતિમાજીની સ્થાપના નથી. આખા સંપ્રદાયનો ત્યાગ કર્યો. દીક્ષા લીધા પછી ત્યાગ કર્યો. જરાય આઘુપાછું (ચાલે નહિ). ત્યાં સિદ્ધાંત તૂટે છે. નિમિત્તમાં પણ આટલો વિવેક કરે છે અને એમાં પણ આઘુપાછું હોય તો જ્ઞાનીઓ ચલાવતા નથી. એમાં જરાય ફેર ન ચાલે.

એક વાર (અમારે) ચર્ચા ચાલતી હતી 'કલકત્તા' પ્રવચનમાં. આમાં નિમિત્તાધીન દૃષ્ટિવાળી વાત નથી ? બિલકુલ નથી. સિદ્ધાંતનો વિષય છે. જો ઉપાદાન સિદ્ધાંતનો વિષય હોય તો કહેવાની જરૂર નથી કે નિમિત્ત પણ સિદ્ધાંતનો વિષય છે. ... ઉપાદાન જો સિદ્ધાંતનો વિષય છે એમાં તો બે મત થઈ શકે એમ નથી. તો નિમિત્ત સિદ્ધાંતનો વિષય છે, સિદ્ધાંત બહારનો વિષય નથી. એનો જેને વિવેક નથી એ નિશ્ચયના બહાને ઉપાદનના નામે ભૂલા પડેલા છે. 'પરમાગમસાર'નો ૮૨૭મો બોલ. અહીંયાં 'પૂજ્ય બહેનશ્રી' એ વાત લે છે. નિમિત્તાધીન દૃષ્ટિ નથી પણ વિવેકનો વિષય છે. અને આટલો જેને બહારનો વિવેક નથી, સ્થૂળ વિવેક નથી, એને આત્માનો સૂક્ષ્મ વિવેક,

અલૌકિક વિવેક પ્રગટે એ વાતમાં કાંઈ માલ નથી.

**'અંતરનો અજાણ્યો માર્ગ, અંતરમાં શું ઘટમાળ ચાલે છે તે આગમ ને ગુરુવાણીથી જ નક્કી કરી શકાય છે.'** સુશાસ્ત્રમાં જોજે અને એથી વિશેષપણે જો તને કોઈ પ્રત્યક્ષ સત્પુરુષ મળે તો એને ગુરુ તુલ્ય માનીને, એના વચનને નિર્ગ્રંથ પ્રવચન માનીને ચાલજે. એ નિર્ગ્રંથ પ્રવચન છે. મોહની ગ્રંથિમાંથી છૂટા ... એ નિર્ગ્રંથ પ્રવચન છે. એમ છે. કેમકે જે એ કહે છે એ જ પરમેશ્વર (કહે છે), જૈન પરમેશ્વર એ જ કહે છે જે આ કહે છે. જે જૈન પરમેશ્વર કહે છે તે જ આ કહે છે. બેયના મતમાં કોઈ ફેર નથી, બંને જિનમત છે. એક જ મત છે–એક જ અભિપ્રાય છે.

કોની પાસે જાવું એ વિવેક કરવા જેવો છે, એમ કહે છે. કેમકે જીવ અનાદિથી ભૂલેલો છે અને અનાદિથી અજાણ્યો એનો માર્ગ છે. કેવા કેવા પરિણામ અને એના શું શું ફળ હોય છે એ તું કેવી રીતે નક્કી કરીશ ? તારી મેળે તું કાંઈ નક્કી કરી શકીશ નહિ. આગમ અને ગુરુની વાણીથી જ તે નક્કી કરી શકાય છે. એ બેયની અંતર મેળવણી કરવી પડે છે, એની અંદર ઘણું અંતર મંથન કરવાનું હોય છે. એની અંદર એ બધી વાત નક્કી કરવામાં આવી જાય છે. નક્કી કરી શકાય છે એટલે કે પોતાના ભાવને બતાવનારા, પોતાનો ભાવ વાચ્ય છે, ગુરુવાણી કે આગમવાણી છે એ વાચક છે. વાચક–વાચ્ય નિયોગ. બેની સંધિ પોતે કરે, મેળવણી કરે, મિંઢવણી કરે અને નક્કી કરે અને તત્ત્વદૃષ્ટિએ નક્કી કરે કે આ આસ્રવતત્ત્વ છે, આ બંધતત્ત્વ છે, આ પુણ્યતત્ત્વ છે, આ પાપતત્ત્વ છે. એ નક્કી કરવું પડે છે.

**'ભગવાનની સ્યાદ્વાદ–વાણી જ તત્ત્વ જ પ્રકાશી શકે છે.'** જે તત્ત્વનું પ્રકાશન છે એ ભગવાનની સ્યાદ્વાદ–વાણી પ્રકાશી શકે છે. સર્વજ્ઞને નહિ માનનારા અને સર્વજ્ઞના પંથને નહિ અનુસરનારા એ કોઈ તત્ત્વની વાણી તત્ત્વને પ્રકાશી શકે, તત્ત્વને કહી શકે તે વાત બની શકતી નથી. ગમે તેટલો ત્યાગ વૈરાગ્ય હોય અને ભલે ગમે તેટલું શાસ્ત્રજ્ઞાન કે વિદ્વતતા હોય તોપણ એ તત્ત્વને પ્રકાશી શકતા નથી.

'ગુરુદેવ' તો આમ સરખામણી કરતા. અન્યમતની સાથે કોઈ સરખામણી ન કરતા. પણ અગિયાર અને નવ પૂર્વનો ભણેલો દ્રવ્યલિંગી હોય અને ગૃહસ્થાશ્રમમાં રહેલા જ્ઞાની સમકિતી ધર્માત્મા હોય તો સંગ સમકિતીનો કરાય, દ્રવ્યલિંગીનો ન કરાય. પ્રવચનમાં એ વાત બહુ સ્પષ્ટ કરતા હતા. અથવા આને સાંભળવા જવાય, આને સાંભળવા ન જવાય. આ ત્યાગી છે, મુનિ થયા છે, નગ્ન દિગંબર, અગિયાર અંગ નવ પૂર્વધારી. એને સાંભળવા ન જવાય. આ ગૃહસ્થ હોય તો એને સાંભળવા જવાય. સંગ આનો કરાય, સત્સમાગમ એનો કરાય, આનો સત્સમાગમ કરાય નહિ. કેમ એમ કર્યું

છે ? જો કોઈ સમકિતી હોય તોપણ સમકિતીનો સંગ કરજે. સમકિતી ન હોય પણ દ્રવ્યલિંગી સાધુ છે એનો સંગ કરવા જેવો છે એમ રાખીશ નહિ. તો તારું સમકિત વમાઈ જશે. પોતે સમકિતી થઈને દ્રવ્યલિંગી સાધુને માને તો એનું સમકિત (રહે નહિ). એટલે ના પાડી છે. એના ઉપરથી આ બોલ મૂક્યો છે ને. તારી પરિણતિ પડી જશે. સંગનો જે બોલ લીધો છે ને ? છેલ્લે એ વાત (લીધી છે).

મુમુક્ષુ :- સમકિતીને .... થવાનો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- .... સત્સમાગમ ન હોય, એવું કોઈ ક્ષેત્ર હોય કે મુમુક્ષુ સમાજ ન હોય, સમકિતી ન હોય અને આ દ્રવ્યલિંગી હોય તો શું કરવું ? આત્માની વાત તો કરે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની વાત તો કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ફરક જણાય છે એટલે જ ના પાડે છે. ૨૨૯મો છે. ૭૯ પાને.

'**આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને ભલામણ છે...**' એમ કરીને (વાત લ્યે છે). '**અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે, પણ પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે...**' આ સિદ્ધાંત છે. '**પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ મંદ પડી જાય. આ તો સ્વરૂપમાં ઝુલતા મુનિઓને (આચાર્યદેવની) ભલામણ છે. નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે. આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાએ સમજી લેવાનું છે.**' એમ કરીને મુમુક્ષુની વાત લઈ લીધી છે.

ચોથા ગુણસ્થાનવાળા, પાંચમા ગુણસ્થાનવાળા, પહેલાં ગુણસ્થાનવાળા મુમુક્ષુઓ, છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળા બધી ભૂમિકામાં .... મારે .... છે તો વિશેષ ગુણીનો સંગ કરવો. વિશેષ ગુણીનો સંગ કરવો એ જ મારી માટે.... પોતે રસપૂર્વક અસત્સંગમાં જાય (એટલે) જાય નીચે. એને નુકસાન થાય, થાય ને થાય જ. ખાસ કરીને લૌકિક સંગ એટલે જે મુમુક્ષુ નથી એનો પરિચય તો ઘટી જ જવો જોઈએ.

શરૂઆત એવી રીતે લીધી છે કે '**તું તો આત્માની સાધના કરવા નીકળ્યો...**' તારું ધ્યેય તો પૂર્ણ શુદ્ધ થવાનું છે. તો આ લૌકિક જનનો પરિચય કેમ ? જે મુમુક્ષુ નથી, જેની પાસે વાત નથી, જેની પાસે આ વિષય નથી, જે દુનિયાદારીના વિષયમાં રચ્યા-પચ્યા પડ્યા છે એનો સંગ વિશેષપણે તું કેમ કરે છો ? જૂનો સંગ હોય તો એ ઓછો થઈ જાય, છૂટી જાય એવો પ્રકાર એમાં ઊભો થાય. પણ .... એનો વધારે રસ લે કે એ સંગમાં આવે તો એને રસ પડે તો એને નુકસાન થાય છે, એમ કહેવું છે. પોતાનું સાધન કરવું છે એ દિશામાં અને એવા પરિણામ, પોતાના એવા પરિણામ અવરોધનું કારણ થાય છે એને એની ખબર પડતી નથી.

આવા અનેક પ્રકારના જે પરિણામ થાય છે એને અહીંયાં ઘટમાળ કહી છે. અનેક જાતના પરિણામ જીવોને થાય છે. એની ઘટમાળ છે આ. માર્ગદર્શનમાં પહેલું-વહેલું એના ઉપર છે આખું. માર્ગદર્શન. અનેક પગલે પગલે ચિત્ર-વિચિત્ર જાતના જેટલા કોઈ પરિણામ છે ત્યાં પગલે પગલે સત્પુરુષોના વચનોનું માર્ગદર્શન મળે છે. એ એને સમજવા માટે, પોતાને માર્ગે ચડવા માટે નિમિત્ત થાય છે એટલે એમ કહે છે કે આગમ અને ગુરુની વાણીથી તું નક્કી કરજે અને ઉન્માર્ગ છૂટીને માર્ગ ઉપર કેમ અવાય ? કેવી રીતે અવાય ? એના પાયા, એના જ પાયા શોધજે. શોધકવૃત્તિ વિના માર્ગ હાથમાં આવતો નથી. જેને માર્ગની શોધ છે એને માર્ગ મળે છે. જેને માર્ગની શોધ નથી એને માર્ગ કહેવાવાળા મળે તોપણ એને માર્ગ મળતો નથી. આ એનો સિદ્ધાંત છે.

'**ભગવાનની સ્યાદ્વાદ-વાણી જ તત્ત્વ પ્રકાશી શકે છે.**' 'ગુરુદેવે' માર્ગ બતાવ્યો છે, એ 'પૂજ્ય બહેનશ્રી'નું ખાસ વચન છે. કોઈ પ્રશ્ન પૂછે છે (ત્યારે) એ એમનું ખાસ વચન છે. 'ગુરુદેવે' માર્ગ બતાવ્યો છે. બધું 'ગુરુદેવે' બતાવ્યું છે અને બધું 'ગુરુદેવે' સ્પષ્ટ કર્યું છે.

મુમુક્ષુ :- આત્મા બોલતા પણ 'ગુરુદેવે' ...

પૂજ્ય ભાઈશ્રી :- આપણા બોલતા પણ 'ગુરુદેવ' (પાસે શીખ્યા). એ ... આવે છે. એનું .. છે. માર્ગ છે એ સૌથી સૂક્ષ્મ વિષય છે. તમામ શાસ્ત્રનો-સત્શ્રુતનો જેટલો નિરૂપણનો વિષય છે એમાં માર્ગ કહો, ઉપાય કહો, વિધિ કહો એ સૌથી સૂક્ષ્મ વિષય છે. તત્ત્વનું તત્ત્વ છે. એને '**आत्मनः तत्त्वम्**' એમ 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું છે. સૌથી સૂક્ષ્મ. આત્મા તત્ત્વ છે પણ આત્માનું તત્ત્વનું તત્ત્વ એ છે. ૨૪૬માં લીધું છે, ૨૩૯માં લીધું, બે કળશમાં એ શબ્દનો પ્રયોગ છે.

કહે છે કે, અનાદિથી જીવ માર્ગે ચડ્યો નથી. આત્મા ધ્રુવ છે અને કૂટસ્થ છે એ તો સાંખ્યમતિ પણ કહે છે. તો એને બિચારાને પરિણામનો વિષય છૂટી ગયો. જૈનોની અંદર કોઈ પ્રમાણાભાસી પણ હોય છે. પ્રમાણભાસમાં પ્રમાણનો વિષય એને જાણવા મળે, પ્રમાણના વિષયમાં નિશ્ચયનો વિષય અને વ્યવહારનો વિષય બેય આવે છે. છતાં આભાસ ઉત્પન્ન થાય છે. બચવું કઈ રીતે ? આ એક સવાલ ઊભો થાય છે. કેમકે માર્ગ ઘણો સૂક્ષ્મ છે. પહેલી વાત એ કરે છે કે માર્ગ 'ગુરુદેવે' બતાવ્યો છે. કેમકે પોતાને માર્ગ મળ્યો છે. શું બતાવ્યું છે એ ખબર છે. માર્ગ 'ગુરુદેવે' બતાવ્યો છે. ... પણ 'ગુરુદેવે. માર્ગ 'ગુરુદેવે' બતાવ્યો છે એ શબ્દ ખાસ આવે છે. ..... વાત આવે ને. એ તો સમજવાનો વિષય છે કે આમાં શું કહેવા માગે છે. બીજાએ તો સમજવાનો વિષય છે. એ તો કુદરતી જ એમ આવે. તમને લાડવો ખવડાવ્યો હોય તો એમ કહે ને મને

લાડવો ખવડાવ્યો. બીજું શું કહે ? લાડવો ખવડાવ્યો હોય એને એમ કહે ગાંઠિયા ખવડાવ્યા ? એમ કહે ? મને લાડવો ખવડાવ્યો એમ જ કહે. એમ માર્ગ બતાવ્યો છે એમ કહે છે.

**'ભગવાનની સ્યાદવાદવાણી તત્ત્વ પ્રકાશી શકે છે.'** બધા પડખેથી, ચારેય પડખેથી. અથવા જે પડખે જેમ છે એ વાત તમામ જગ્યાએ પોતાને ન પડવા દે એવી સ્થિર રાખનાર સત્પુરુષની વાણી છે. 'શ્રીમદ્જી' ગાયું છે ને ? આપના વચન... **'પડતી વૃત્તિને સ્થિર રાખનાર'** એમ કરીને વાત લીધી છે ને ? એવું કોઈ નિમિત્તત્વ એમાં રહેલું છે. બચવું હોય એને ખબર પડે કે બચવું એ શું ચીજ છે. જેને બચવું નથી એને ખબર પડતી નથી. એને તો ખબર પડતી નથી કે આ શું ચીજ છે. અથવા એ ઉપકાર શું ચીજ છે. બચ્યો એને ખબર પડે છે કે એક વાર મરતો બચ્યો નથી, અનંત વાર હું મરતો બચ્યો. એટલો ઉપકાર થયો છે કહેનાર પ્રત્યેથી. એ વિષય આખો જુદો થઈ પડે છે. એની તુલના કોઈની સાથે થઈ શકે નહિ.

**'જિનેન્દ્રવાણી અને ગુરુવાણીનું અવલંબન સાથે રાખજે.'** સાથે રાખજે એટલે મેળવ્યા જ કરજે. તારા પરિણામ સાથે-તારા પરિણમનની ઘટમાળ સાથે જિનેન્દ્રવાણી અને ગુરુવાણીને મેળવજે, એનો તું આધાર લેજે. અવલંબન એટલે એનો આધાર લેજે. એ જે કહે છે એમ ચાલુ છું કે હું કાંઈ બીજી રીતે ચાલુ છું? એ કહે છે એમ ચાલુ છું કે હું કાંઈ બીજી રીતે ચાલુ છું ? મેળવતો જજે. એનો આધાર લઈને મેળવતો જજે. તારા અભિપ્રાય પ્રમાણે એના વચનો ખતવીશ નહિ. એમના અભિપ્રાય પ્રમાણે તારો અભિપ્રાય અને પરિણામ છે કે નહિ ? એ મેળવીને ઠીક કરવાનો પ્રયત્ન કરજે.

મુમુક્ષુ :- વાણી રહી ગઈ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમણે જે કહ્યું છે, જે તત્ત્વ પ્રકાશ્યું છે, જે માર્ગદર્શન આપ્યું છે એ રીતે મેળવજે. એક મુમુક્ષુભાઈ સાથે ચર્ચા થઈ. શાસ્ત્ર બહુ વાંચે, શાસ્ત્ર બહુ વાંચે. ... બહુ વાંચે, બહુ સાંભળે અને બહુ વાંચે. એટલું બધું કે કોઈ વાર તો વ્યાખ્યાન છોડી દે. વાંચવા માટે, સાંભળવા માટે. 'બહેનશ્રીનાં વચનામૃત'માં આવે છે. વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા સૂઝવાનું કારણ બને છે. મેળવ્યું, ઠીક ! આવી મેળવણીમાં પણ ગડબડ થઈ જાય છે. ભાઈ! એમ કહેવાનો અભિપ્રાય નથી. પ્રત્યક્ષ સમાગમ છોડીને કોઈને સાંભળવું કે વાંચવું એમ કહેવાનો ત્યાં કોઈ અભિપ્રાય નથી. ઘણું વાંચે તો ઘણું શાસ્ત્રજ્ઞાન થાય. તો અહીંયાં કહે છે કે ભેદજ્ઞાનના લક્ષે એ વિશેષ શાસ્ત્રજ્ઞાન ચૌદિશા સૂઝવાનું કારણ થાય છે. ભેદજ્ઞાનનો કાંઈ વિકલ્પ પણ ન આવે એને પ્રયોગનો તો પ્રશ્ન જ નથી. ... ચાર દિશા સૂઝવાનું શું એકેય દિશા સૂઝવાનું

કારણ નહિ બને. ઉલટાનો દિશામૂઢ જેવું થઈ જાય.

મેળવણી કરવી એમાં પણ ... આત્મહિતનું જ લક્ષ હોય. એની મુખ્ય ચાવી ક્યાં છે ? કે એક આત્મહિતનું જ લક્ષ હોય અને આત્મહિતને લક્ષે જ એ પ્રવૃત્તિ થતી હોય તો એની મેળવણી સીધી ઉતરે. કેમકે પોતાના અભિપ્રાય પ્રમાણે શાસ્ત્રની વાતને પોતાના અભિપ્રાયને ઢાળામાં ઢાળવાનો પ્રયત્ન જીવ કરે છે અને જીવ ત્યાં પાછું ગોથું ખાય છે કે જુઓ ! હું કહું છું એમ શાસ્ત્ર કહે છે. એમ નહિ, શાસ્ત્ર કહે છે એમ તું કરે છે કે નહિ ? આ સવાલ છે. જ્ઞાનીઓને તો પોતાના પરિણમનમાં શાસ્ત્રની સાક્ષી મળે છે. એ તો એની મેળવણીની વાત અનુભવ સાથેની જુદી છે. જ્ઞાનનેત્ર એને ખુલી ગયું છે. પણ અનાદિનો જે અજાણ્યો છે એને તો મેળવણી કરતા પણ જો ન આવડે તો એને ગડબડ ઘણી વધી જાય છે. એ પોતાના અભિપ્રાયને શાસ્ત્રના બહાને દૃઢ કરી જાય છે ત્યાં પણ એ ભૂલો પડે છે. અથવા ખુબ ભૂલો પડે છે, વધારે પડતો ભૂલો પડે છે.

અહીંયાં જે એક વાત કરી કે '**જિનેન્દ્રવાણી અને ગુરુવાણીનું અવલંબન સાથે રાખજે...**' એમાં આ વાત છે કે કાંઈક એવો પ્રયત્ન તો નથી થતો નથી ને કે તારા અભિપ્રાયની સાથે એને તું તારા ઢાળામાં ઢાળ, અભિપ્રાયના ઢાળામાં ઢાળ, એવી તો મેળવણી નથી થતી ને ? એનું તો અવલંબન નથી લેતો ને તું ? તો તારું ગુરુવાણીનું કે જિનેન્દ્રવાણીનું અવલંબન છે એ વિપરીત છે. એવા વિપરીત અવલંબનથી પણ તને પત્તો લાગશે નહિ. ઉલટાનો વિપરીતતામાં આગળ વધી જઈશ. પણ જો તારે સાધનાની શરૂઆત કરવી હોય. પગલા માડવાં, કહે છે ને ? 'તો તારી સાધનાના પગલા મંડાશે.' એટલે શરૂઆત કરવી હોય, સાધનાની શરૂઆત કરવી હોય તો તારું હિત થાય એ હિત બુદ્ધિએ, હિતના લક્ષે ગુરુવાણી અને જિનેન્દ્રવાણીનું અવલંબન સાથે રાખજે.

નિર્દોષ થવું છે, પરિપૂર્ણ નિર્દોષ થવું છે, એ વાત બરાબર સધાય છે, કહેનારને એમ જ કહેવું હોય. જિનેન્દ્રવાણી ગુરુવાણી હંમેશા નિર્દોષતા પ્રત્યે જ દોરી જાય. દોષ કરાવવાનો કોઈ સીધો કે આડકતરો કોઈ પણ ત્યાં માર્ગ હોઈ શકે જ નહિ, માર્ગ જ નિર્દૅષતાનો છે, પૂર્ણ નિર્દોષતાનો માર્ગ છે. એ રસ્તે દોરી જાય છે, એ રીતે જ મારું હિત છે. એ માર્ગે જ મારું હિત છે. એમ હિતબુદ્ધિએ એનું અવલંબન કરજે, હિતબુદ્ધિએ એનું અવલંબન સાથે રાખજે તો તને સાધનાની શરૂઆત થશે અને નહિતર શરૂઆત પણ નહિ થાય. શરૂઆત જેવું કાંઈ નહિ હોય. ભલે ગમે તે પ્રક્રિયા ને ગમે તે વાત હોય પણ એમાં શરૂઆત જેવું કાંઈ હોતું નથી. એમ કરીને અહીંયાં વિશેષ વાત દ્રવ્યશ્રુતની લીધી છે. વિશેષ લઈશું...

## તા. ૨૨-૧૨-૧૯૮૭, વચનામૃત-૨૫૬,૨૫૭
## પ્રવચન નં. ૨૦૨

**સાધકદશાની સાધના એવી કર કે જેથી તારું સાધ્ય પૂરું થાય. સાધકદશા પણ એનો મૂળ સ્વભાવ તો નથી. એ પણ પ્રયત્નરૂપ અપૂર્ણદશા છે, માટે તે અપૂર્ણ દશા પણ રાખવા જેવી તો નથી જ. ૨૫૬.**

મુમુક્ષુપણામાં ઈષ્ટ અનિષ્ટપણાનો અભિપ્રાય તોડવાનો પ્રયત્ન કરીને એ અભિપ્રાય તોડ્યો ત્યારે એમાંથી સમ્યગ્દર્શનની દશા ઉત્પન્ન થઈ. એટલે ત્યાં ન તો અનુકૂળતાનો રસ ચડે છે, ન તો અનુકૂળતાની વાંછા રહે છે. સર્વાર્થસિદ્ધિના દેવ પર્યંતની અનુકૂળતા માટે અભિપ્રાય એમ આવે છે કે એવા Junctionમાં મારી ગાડી રોકાય તો મને કંટાળો આવે. જેમ કોઈ જગ્યાએ મુસાફરીમાં ગાડી પડી રહે તો શું થાય છે ? અહીંયાં ઠોઠિયું પડ્યું છે કલાક, બે કલાક, ત્રણ કલાક, ચાર કલાક (થયા), આને શું થવાનું છે ? એમ થાય. ત્યાં તો ૩૩ સાગર ! ભારે થઈ જાય છે માથું એમનું. આ તો માથુ દુઃખવા આવે એવી વાત છે. ૩૩ સાગર સુધી આટલો મોટો કાળ સર્વાર્થસિદ્ધિમાં રહેવું પડે, મારે એ સંમત થાય એવું નથી. અહીંથી તો કોઈ સમ્યક્દૃષ્ટિ જતા નથી અત્યારે. ... ને ચોથા ગુણસ્થાનવાળા વૈમાનિક દેવથી ઉપર જતા નથી.

મુમુક્ષુ :- સાધકદશા અપૂર્ણ ન રહી જાય અને વમાઈ ન જાય એને માટે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્નરૂપ દશા છે. એટલે તો કહ્યું પ્રયત્નરૂપ દશા છે. પ્રયત્ન સતત ચાલુ છે. જાગૃતિ સતત રહે છે કે હું એક આત્મા છું. હું કોઈ મનુષ્ય નથી. મનુષ્યને લાયક જે ભાવો છે એ મારું સ્વરૂપ નથી, સંયોગો છે એ મારું સ્વરૂપ નથી. એ ભાવો અને સંયોગોવાળો હું નથી. એ એનો પ્રયત્ન વર્તે છે. સતત પ્રયત્ન વર્તે છે. એટલી વાત નાખી છે વચ્ચે. અપૂર્ણ દશા છે એ રાખવા જેવી નથી એમ કહેવું છે તો પણ વચ્ચે એક વાત નાખી છે કે એ 'પ્રયત્નરૂપ અપૂર્ણ દશા છે.'

મુમુક્ષુ :- પ્રયત્ન ચાલુ । છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્ન ચાલુ છે એનો. એ પ્રયત્ન એવા પ્રકારનો પ્રયત્ન ચાલુ છે કે પૂર્ણતા લીધા વિના એ ક્યાંય થંભે એમ નહિ બને. પૂર્ણતાની ભાવનામાં છે અને પૂર્ણતા લીધે છૂટકો છે. પૂર્ણતા વિના એને ક્યાંય અટકવાનું પોસાતું નથી. ચક્રવર્તીનું

દૃષ્ટાંત લીધું છે. ચક્રવર્તી જેમ પગ વાળીને બેસતો નથી. એમ ચૈતન્ય ચક્રવર્તી જાગ્યો. ૨૪૬. સમ્યગ્દર્શનરૂપી ચક્ર પ્રાપ્ત થયું. હવે તો અપ્રમત્તભાવે પ્રમાદ કર્યા વિના કેવળજ્ઞાન લેવાનું છે. પ્રમાદ કરીને બેસી રહેવાનો પ્રશ્ન રહેતો નથી. પ્રમાદ કર્યા વિના કેવળજ્ઞાન લેવું છે.

મુમુક્ષુ :- પુરુષાર્થમાં હું આત્મા છું એમ આવ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થમાં પોતાના પરિણામનું જોર છે. અંતર્મુખી પરિણામનું સાધકદશા રૂપી જે શુદ્ધતારૂપ સાધનારૂપ પરિણામ છે એમાં જે જોર છે–આવેગ છે, સ્વરૂપ પ્રત્યેનો આવેગ (છે) એને પુરુષાર્થ કહેવામાં આવે છે. અને એ જાત એવી છે કે પૂર્ણતા વિના એ પુરુષાર્થ ક્યાંય થંભતો નથી. ક્યાંય રોકાવાનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- એને જ સાધક કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- એને જ સાધક કહેવાય. એવી જ સાધક દશા હોય. બીજા પ્રકારની સાધક દશા ન હોય. એટલે તો એવું... એવું... એવું... એ વાત રાખી છે. એવું કહેવાની પાછળ એ છે.

**'સાધકદશાની સાધના એવી કર કે જેથી તારું સાધ્ય પૂરું થાય.'** એવી દશા કર એમ કહે છે. એટલે તારી કલ્પનામાં કોઈ બીજા પ્રકારે સાધકદશા હોય તો એ સાધકદશા નથી. આવી યથાર્થ સાધકદશાને ... પોતાની કલ્પેલી સાધકદશામાં પર્યાયદૃષ્ટિપણું ચાલુ રહ્યું હોવાને લીધે એ જીવો પર્યાયમાં અટકેલા હોય છે. એવી રીતે પછી એણે પોતાની કલ્પના કરી હોય, એ સમ્યક્દૃષ્ટિપણે, કોઈએ વેશ બદલીને મુનિપણે, ક્ષુલ્લકપણે જે કાંઈ વેશ ધારણ કર્યો હોય અને જે કાંઈ એણે માન્યતા કરી હોય એ તેમાં અટક્યા વિના રહેતો નથી. કેમકે ત્યાં યથાર્થ સાધકદશા વર્તતી નથી. જ્યારે આમ તો મુમુક્ષુદશામાં પૂર્ણતાના લક્ષે શરૂઆત માંડી છે. ત્યાંથી સમ્યગ્દર્શનનો પ્રારંભ થયો છે અને પૂર્ણતા થાય ત્યાં સુધી ક્યાંય અટકવાનો પ્રશ્ન નથી. 'કુંદકુંદાચાર્ય' ભગવાને કહ્યું કે **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** હું પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. મુનિ થઈ ગયો હવે વાંધો નથી, હવે અહીં તો પંચમકાળમાં મુનિદશાથી આગળ જવાતું નથી. છેલ્લે સુધી પહોંચી ગયો, એમ નથી વાત.

મુમુક્ષુ :- એમને એવો વિકલ્પ પણ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ આવે જ નહિ. કેમકે એની ભાવના જ પૂર્ણતાની છે. એને કેમ અધુરાશનો વિકલ્પ આવે ? એ ... પોતે પણ લીધું છે, મુનિદશાનું ચિત્ર દોરતા, કે આ ધીમી ધારે અમૃત પીવાય છે એ અમને પોસાતું નથી. અંદર પૂરું ભર્યું છે. આવડું મોટું તરબૂચ હોય અને છોકરાને પાતળી ચીર આપે, આ શું? આટલું શું આપો

છો? એમ કહે. આટલું શું આપો છો? આટલું બધું છે, એમાં આટલું શું આપો છો? એમ કહે. એમ અંદર પૂરું ભર્યું છે અને અલ્પ મળે છે, એ અલ્પ અંદરથી આવે છે એ વાત એને પોસાતી નથી. પૂરું જ જોઈએ. બહારમાં પણ ક્યાં અધૂરું માગે છે? પૂછો, જેની સંયોગની દોડ છે એને પૂછો કોઈને. ભલે ન વિચાર્યું હોય. કેમ અટકતા નથી? જેટલું આવ્યું એને પૂરું પડતું નથી. હજુ જોઈએ... હજી જોઈએ... હજી જોઈએ. લખપતિ, કરોડપતિ, અબજપતિ હોય તોપણ લાગ્યો જ રહે છે, લાગ્યો જ રહે છે એનું શું કારણ ? ... કરોડપતિ થયા પછી ... કરે છે અત્યારે તો. આટલા બધા થયા પછી હવે શું ? હજી જોઈએ...હજી જોઈએ. કેમકે પૂર્ણ છે એને પૂર્ણ જોઈએ છે. જ્યાં દૃષ્ટિ પડી છે ત્યાં પૂર્ણ જોઈએ છે.

મુમુક્ષુ :- અહીંયા તો પૂર્ણતાનો ... ખ્યાલ છે કે આવો ... એટલે એને બરાબર લક્ષ્ય...

પૂજ્ય ભાઈશ્રી :- આ તો વાસ્તવિક છે. લક્ષ અને હાજરાહજૂર છે. પ્રત્યક્ષ છે. પૂર્ણ છે એવું પ્રત્યક્ષ છે. એના જ્ઞાનમાં સહજ પ્રત્યક્ષ છે અને એ પ્રત્યક્ષ પોતે જ હોવાથી એને એની દશા અધૂરી કેવી રીતે પોસાય? તમે એકદમ સ્વચ્છ કપડા પહેરવાના હિમાયતી છો. એકદમ સારામાં સારા Quality ના સ્વચ્છ કપડા રાખો. પછી થોડો ડાઘ કે થોડું મેલાપણું કેમ ચલાવતા નથી ? એ પ્રશ્ન જ નથી. બધું બરાબર જ જોઈએ. પૂરું જ જોઈએ. પૂરુ જ સરખું જ જોઈએ. એમ પૂર્ણ જ જોઈએ, પૂર્ણ શુદ્ધતા એટલે પૂર્ણ શુદ્ધતા જોઈએ. ક્યાંય પણ એક વિકલ્પનો કષાયકણ અને કલંક એ એને પોતાને પોસાતી વાત નથી.

મુમુક્ષુ :- સંસારીજીવને પૈસા મળે તો એને તો એનું ધ્યેય કાંઈ ચોક્કસ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ચોક્કસ નથી પણ કેટલા જોઈએ છે. તોપણ દૃષ્ટિ છે એ કામ કર્યા વગર રહેતી નથી. પણ અહીં તો ચોખ્ખું છે બધું. અહીં ચોખ્ખું છે બધું. એકદમ ચોખ્ખું છે. સ્પષ્ટ છે પોતે. પોતાની દશા વિષે સ્પષ્ટ છે, પોતાના ધ્યેય વિષે સ્પષ્ટ છે, પોતાના પુરુષાર્થ વિષે સ્પષ્ટ છે. બધું દીવા જેવું ચોખ્ખું સ્પષ્ટ અંદરના જ્ઞાનમાં છે. એ ક્યાંય ભૂલાવામાં પડતા નથી.

માર્ગદર્શનના વિષયમાં ઘણાં પડખાં ચોખ્ખા કર્યા છે. કેમકે આ સાધકદશામાં પણ કલ્પનામાં જીવો ભુલાવામાં પડે છે અને સાધકદશાની પણ કાંઈ ને કાંઈ એવી કલ્પના કરે છે. છેવટે કાંઈ નહિ તો સમ્યગ્દર્શન થાય એટલે, બસ! બસ! એક સમ્યગ્દર્શન થઈ જાય. પણ એવું સમ્યગ્દર્શન નથી. ઘણું થઈ જાય એવું સમ્યગ્દર્શન છે જ નહિ. પહેલેથી જ તેં કોઈ બીજી પર્યાયની કલ્પના કરી છે. વાત કોઈ બીજી પર્યાયની ચાલે છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- થાય જ નહિ કોઈ દિવસ. કોઈપણ અવસ્થાના લક્ષે રાગ જ થાય. જેમ પરદ્રવ્યના લક્ષે રાગ જ થાય. પછી ભલે પૂર્ણ પરમાત્મા સાક્ષાત્ અરિહંત જૈન પરમેશ્વવર હોય તોપણ એમના લક્ષે રાગ જ થાય. એમ પર્યાયના લક્ષે રાગ જ થાય. તેથી તેને પરદ્રવ્યમાં નાખી છે. શુદ્ધ પર્યાયને પરદ્રવ્ય કેમ કહી ? જોકે શુદ્ધ પર્યાયવાળાને શુદ્ધ પર્યાયનું લક્ષ નથી હોતું પણ વિકલ્પ ઊઠે તો રાગ થાય. આવી મોક્ષદશાનો વિકલ્પ થાય, મુનિદશાનો વિકલ્પ ઊઠે તો રાગ થાય. લક્ષ તો પૂર્ણ દશાનું જ હોય છે. પૂર્ણતા સહિતનું હોય છે અને દશાની મુખ્યતા એમાં હોતી નથી. ભાવના હોય છે તોપણ મુખ્યતા હોતી નથી. એમ છે. એટલે દશાને પરદ્રવ્યમાં નાખી છે.

મુમુક્ષુ :- મુમુક્ષુઓ બધા સાધકમાં લેવા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુ એટલે? મુમુક્ષુને સાધક તો ખરેખર તો ન કહેવાય. પણ મુમુક્ષુ કહેવાતા મુમુક્ષુ તો ઘણાં છે. પાત્રતા હોય તો સારી વાત છે. પણ મુમુક્ષુને તો કેમ સાધક કહેવાય? સાધે તે સાધક. ખરેખર તો એમ છે. સમ્યગ્દર્શનથી સાધે તે સાધક. ચઢતી શ્રેણિમાં હોય, આગળ વધતા હોય એ વાત ઠીક છે, સારી વાત છે. અટકવાનો પ્રશ્ન તો ક્યાંય નથી. બાકી તો કોઈ દશામાં આ ઠીક છે એ વાત લેવાનો શ્રદ્ધાની બહારનો વિષય છે. પર્યાયદૃષ્ટિનો જ જ્યાં નિષેધ છે ત્યાં આ દશા મને ઠીક છે એ વાત રહેતી નથી.

અહીંયાં વર્તમાનકાળમાં કોઈ ભાગ્યે જ મુમુક્ષુતા જોવા મળે એવું છે. નામ કાંઈ મુમુક્ષુથી મુમુક્ષુ થઈ જવાતું નથી. ભાગ્યે જ મુમુક્ષુતા જોવા મળે એવું છે. કેમકે અસત્સંગનો ઘેરાવો વિશેષ છે. સત્સંગ કેટલો ? જીવોને સત્સંગ કેટલો ? મુમુક્ષુને તો સત્સંગ એક જ સાધન છે. બીજું કોઈ એને સાધન નથી. એને સત્સંગ કેટલો ચોવીશ કલાકમાં ? પ્રમાણમાં તો અસત્સંગનો ઘેરાવો છે. એટલે પાત્રતામાં આવવું મુશ્કેલ છે. સમ્યગ્દર્શ તો કોઈક વિરલ જીવ, લાખોમાં કોઈક વિરલ જીવને સમ્યગ્દર્શન થાય એવી પરિસ્થિતિ વર્તમાનકાળની છે.

'ગુરુદેવશ્રી' જેવા અધ્યાત્મની ક્રાંતિ જેમણે કરી, થઈ આવી અને વિષયને અધ્યાત્મના વિષયને જે જ્ઞાનીઓનું Secrete છે અથવા ગુપ્ત તત્ત્વ છે, હૃદયમાં રહેલું ગુપ્ત તત્ત્વ છે, જે જ્ઞાનીઓનું હૃદય છે એને ખુલ્લું કરીને મૂક્યું. પાત્રતા વિના પકડાય કેવી રીતે? નહિતર આવા મહાપુરુષનો ઉદય હોય અને ચોથા આરા જેવો આરો હોય, તીર્થંકર બે તીર્થંકર વચ્ચે ગાળો પડે ને આવા કોઈ મહાપુરુષો પણ, ભાવિ તીર્થંકર જેવા મહાપુરુષોનો ઉદય થાય તો તીર્થંકર જેવું વચ્ચે કામ થઈ જાય. એટલા ટોળબંધ

સમ્યક્દૃષ્ટિઓ થાય, સાધકો થઈ જાય. કાળ હિણો છે (એટલે) કોઈક જીવ ભાગ્યે જ કોઈક જીવને સ્પર્શે, નહિતર બધું ઉપર ઉપરથી જાય.

પોતાની .... ઘોષણા કરી, ઢંઢેરો પીટ્યો કે આ દિગંબર છે એ સાચું છે. તો દિગંબરોમાં તો ... સંપ્રદાયમાં ... આવી શક્તિ છે એનો સાથ દેવાને બદલે વિરોધ કર્યો. કાળદોષ છે. કાળદોષ એટલે જીવોનો અનાદિનો દોષ છે. કાળ એટલે બીજી કોઈ ચીજ નથી. એવા હિન પરિણામવાળા જીવો જ અહીંયાં હોય છે. એટલે યથાર્થ વસ્તુને યથાર્થ પ્રકારે સમજી શકતા નથી. એ તો પોતાનું કામ કરીને ચાલ્યા જાય છે. નુકસાન થઈ ગયું એને નુકસાન થઈ ગયું. પોતે તો પોતાનું કરીને પોતાના રસ્તે ચાલતા જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ ભૂલ્યા. એ પંચમકાળનો, પ્રગટ પંચમકાળનો પુરાવો છે. સાથે રહે તોપણ ન ઓળખી શકાય. એ વિષયમાં તો અફસોસ કરીએ એટલો ઓછો છે.

મુમુક્ષુ :- દરેક દશાના જીવનું હોનહાર.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હોનહારનો સવાલ છે. સન્માર્ગને કોણ મિટાવે? સન્માર્ગને કોઈ મિટાવી શકતું નથી. એના ઉપરથી પોતે બોધ લેવા જેવો છે કે આપણે કરી લેવા જેવું છે. આ યોગ મળ્યો છે, ઘડીકમાં ચૂકી જવાય એવું છે. આપણે કરી લેવા જેવું છે. માંથી બોધ લેવાનો વિષય થાય છે.

મુમુક્ષુ :- ૨૫ વર્ષ વીતી ગયા ....

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એમ જ છે. ખરેખર તો એમ જ છે કે ગયા છતાં ખરેખર નથી ગયો. સમાગમ કર્યો છતાં... 'વિષય કષાય સહિત જે રહ્યા મતિના યોગ, પરિણામની વિષમતા તેને યોગ અયોગ.' પરિણામમાં એવી વિષમતા ઉત્પન્ન થઈ જાય છે કે યોગ છે એ અયોગ બરાબર થઈ જાય છે. યોગ થયો ન થયો બંને સરખું જ રહે છે. 'શ્રીમદ્જી'એ તો બહુ ચોખ્ખું કર્યું છે.

મુમુક્ષુ :- આ વચનામૃત અમે ૧૫-૨૦ વખત વાંચ્યું હશે પણ તમે જે ભાવ કાઢો છો એ નથી કાઢી શકતા. એમાં ભૂલ ...

પૂજ્ય ભાઈશ્રી :- સાદી ભાષામાં ચોખ્ખી વાત છે. એ તો વિષયના વાચ્યને પહોંચવાનો પ્રયત્ન કરે તો નીકળે એવું છે. એમાં વાચ્ય ... છે. ભાવ તો એનો કસ લઈને આવ્યા છે. એ કસ કેવો છે? કેમ છે? કેટલો છે? કેવી રીતે છે? એ બધું...

'દીપચંદજી' એક વાત કરે છે કે શાસ્ત્ર કેમ વાંચવું? જો શાસ્ત્રનું અધ્યયન સમ્યક્ પ્રકારે કરવામાં આવે એટલે આત્મહિતની એકમાત્ર આત્મહિતની બુદ્ધિથી એનું અવગાહન કરવામાં આવે તો દ્રવ્યશ્રુતનું સમ્યક્ અવગાહન સાધક છે અને ભાવશ્રુત

એનું સાધ્ય છે. દ્રવ્યશ્રુત અને ભાવશ્રુતની સાધ્ય-સાધકની એમણે સંધિ લીધી છે. આ દ્રવ્યશ્રુત છે. દ્રવ્યશ્રુતનું સમ્યક્ અવગાહન સાધક છે અને ભાવશ્રુત એનું સાધ્ય છે. એમાંથી ભાવશ્રુત થાય છે.

એ કેવી રીતે ? એમણે તો ઘણી વાતો ચોખ્ખી કરી છે. દ્રવ્યશ્રુત છે એ શબ્દ છે. શબ્દમાંથી અર્થ સાધ્ય થાય છે એ વાત નક્કી છે. શબ્દનો અર્થ સમજાય છે. તો શબ્દ સાધક છે અને અર્થ સાધ્ય છે. હવે સાધ્યને સાધકના સ્થાને મૂકે છે કે જો અર્થ સાધક છે તો જ્ઞાનરસ એનું સાધ્ય છે. તો ક્યાં ફેર પડે છે ? એટલો ફેર ક્યાં પડે છે ? કે જ્યાં અર્થ સમજાય છે ત્યાં રાગરસ સધાય છે તો ભાવશ્રુત પ્રગટતું નથી. એમ જો અર્થમાંથી જ્ઞાનરસ સમજાય છે તો ભાવશ્રુત પ્રગટે છે. ભાવશ્રુત અને જ્ઞાનરસ એ શબ્દ જુદાં છે, વાત એક જ છે, ચીજ એક જ છે. જ્ઞાનરસ કહો, જ્ઞાનને જ્ઞાનનો રસ કહો કે ભાવશ્રુત કહો કે ચિદ્‌રસ કહો કે આત્મરસ કહો, જ્ઞાનરસ, આત્મરસ બધું એકાર્થ છે. દ્રવ્યશ્રુત અને ભાવશ્રુતની સંધિ કરી છે.

મુમુક્ષુ :- દ્રવ્યથી અર્થ અને અર્થથી જ્ઞાનરસ. બહુ સરસ!

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ' તો કહી ગયા છે કે આમાં એકલું માખણ છે. આ દ્રવ્યશ્રુતમાં તો એકલું માખણ છે. એ માખણ માખણ તરીકે ખાવું કે ખડ તરીકે ખાવું? રાગ ખડ છે અને જ્ઞાન માખણ છે. માખણને માખણ તરીકે ખાવું કે ખડ તરીકે ખાવું એ પોતાને ખાનારને વિવેક કરવાનો છે. ચીજની Guaranty છે. ભેળસેળ વિનાની ચોખ્ખી Guaranted ચીજ છે. જ્ઞાનીપુરુષોનું પ્રમાણપત્ર મળેલું છે. પછી કેટલું કેવી રીતે કરવું એ તો પોતાના ... આધીન છે. એ કોઈ બીજું કરી દે, મહાપુરુષ કરી દે કે સત્પુરુષ કરી દે એમ નથી. કરવાનું પોતે છે.

મુમુક્ષુ :- સાધુના ૨૮ મૂળગુણ છે એમ મુમુક્ષુના પણ કાંઈક...

પૂજ્ય ભાઈશ્રી :- હા. મુમુક્ષુના જ પણ ગુણ છે. આખું મોક્ષાર્થીનું પ્રકરણ 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'માં લખ્યું છે એના ઉપર. આખું એક પ્રકરણ એના ઉપર લખ્યું છે. પહેલો ગુણ એ કે એને પૂર્ણતાના લક્ષે શરૂઆત થવી જોઈએ. પૂર્ણતાનું લક્ષ એણે બાંધવું જોઈએ. પછી આડોઅવળો પગ નહિ પડે. કેમકે એક ધ્યેય નક્કી થયું. પૂર્ણ શુદ્ધતાનું ધ્યેય નક્કી થયું. બીજું એનું મુખ્ય લક્ષણ-આત્મસ્વરૂપની ભાવના. આ મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે. ભાવના હશે તો ફળીભૂત થશે. ભાવના નહિ હોય તો સફળ થવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- બે મુખ્ય મુદ્દા છે.

પૂજ્ય ભાઈશ્રી :- બે મુખ્ય મુદ્દા ... આનુંષંગિક જે લક્ષણો પાત્રતાના છે એ

બધા ... એને લગની લાગશે, એને પ્રયોજનભૂતની દૃષ્ટિ તીક્ષ્ણ થાશે, એને તાલાવેલી લાગશે. એને દોષ થશે તો એનો ખેદ ઉત્પન્ન થશે, એની ખટક રહેશે, નહીં પહોંચાય એની ખટક રહેશે. બધા પ્રકાર જે છે એ બધા ઊભા થાશે. એને સમય બગડશે એનો ખેદ લાગશે. બધું ઘણાં પ્રકાર છે. ... 'શ્રીમદ્જી'એ એ લીધું, સત્પુરુષના ચરણનો ઈચ્છુક. સત્પુરુષ પ્રત્યે એને અપૂર્વ અપૂર્વ બહુમાન આવશે. એ બધા પ્રકાર એના ઊભા થયા વગર ન રહે. એ પ્રકારના બધા લક્ષણ છે. મુમુક્ષુના એ પ્રકારના બધા લક્ષણ છે. સંપ્રદાયનો જે પ્રકાર છે એવું નથી. કોણ કેટલા ઉપવાસ કરે છે, કોણ ફલાણું છે ? કોણ દાન છે ? કોણ જાત્રા કરે છે ? કોણ 'મહાવીરસ્વામી'ની માળા ફેરવે છે ? એ લક્ષણ નથી લીધા. આખી Line જુદી પકડી છે. આ લક્ષણ છે બધા.

મુમુક્ષુ :- સરળતા, બાહ્ય આચરણ... ...

પૂજ્ય ભાઈશ્રી :- સરળતા તો મુખ્ય વાત છે. એ તો સ્વભાવિક જ... જેની ... જ એવી છે એને તો આવી જ જાય. આવવું જોઈએ ને. દયા, શાંતિ, સમતા, ક્ષમા...

મુમુક્ષુ :- આ બાજુ પહેલા વ્યવહારમાં પાત્રતા આવવી જોઈએ. પોતાના જે આચરણ છે એમાં એને ખાસ પહેલા પછી ...

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. ... આપણે તો શું જુદું પાડીએ છીએ ? કે જે રૂઢીગત રીતે સંપ્રદાયમાં છે અને જે 'ગુરુદેવશ્રી'એ, 'શ્રીમદ્જી'એ, બધા જે છેલ્લા સત્પુરુષો થયા એમની જે Line છે, આ 'બહેનશ્રીના વચનામૃત'માં જુદી Line પડે છે થોડી. ધાર્મિકક્ષેત્રમાં પણ એ જાતની ... છે. આ ક્ષેત્રની થોડી Line જુદી પડે છે. એટલી વાત થોડી સ્પષ્ટ સમજણમાં હોવી જોઈએ. એમાં શું છે કે બાહ્ય વ્યવહાર તો .. ક્ષેત્રની અંદર ઘણાંએ સુધારી લીધેલો હોય છે. હવે એવી રીતે તુલના કરીએ તો. કે એક ક્ષેત્રની અંદર બાહ્ય વ્યવહાર ઘણો સારો હોય, નીતિમય જીવન હોય, દયા-દાન આદિ વિશેષ હોય. શાંત પ્રકૃતિ હોય, વૈરાગ્ય હોય, એ બધા પ્રકાર હોય પણ આ વિષય એના લક્ષ્યમાં હોય તો... એનાથી .. થાય . એટલે થોડું વજન આવે છે.

મુમુક્ષુ :- સત્પુરુષનો મહિમા આવ્યો ને ત્યાં જ આ લક્ષણ આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- આ વિષય એટલો બહોળો છે અને મુમુક્ષુની ભૂમિકામાં જે ... છે અને એના પ્રકાર એટલા બધા ચિત્ર-વિચિત્ર છે કે એની એક રીતિમાં પરિભાષા બાંધી શકાય નહિ. એને બાંધી લેવાય નહિ. એટલા માટે સત્સંગ બોધ્યો છે. સત્સંગની અંદર શું છે કે જીવ પોતાને થતાં દોષનો પ્રશ્ન ઉઠાવી શકે કે આમ હોય તો શું? મને આમ થાય તો (શું). કોઈની વાત નથી વિચારવી. મને આમ થાય તો શું? મને આમ થાય તો શું? મને આમ થાય તો શું? બસ. એનું માર્ગદર્શન મળી રહે છે. જેને પોતાના

દોષ ટાળવા છે એને જરૂર માર્ગદર્શન મળી રહે છે. પોતાના દોષનું ... આત્મલક્ષી વિચારધારા ન હોય અને પ્રશ્ન પણ બીજાના લક્ષે પૂછવામાં આવે કે આમ થતું હોય તો, તેમ થતું હોય. એ બરાબર નથી. એ પોતાને કામમાં નહિ આવે.

મુમુક્ષુ :- દોષમાંથી નિર્દોષ થવા તો અહીંયાં આવ્યા છે. દોષમાંથી નિર્દોષ થવા આવ્યા છીએ. દોષમાં તો ઊભા જ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવે' પ્રણાલિકા શરૂ કરી છે ને એ બહુ સરસ કરી છે. નહિતર તો ખબર છે કે બધા સમ્યક્દૃષ્ટિ નથી. પણ વાંચન કરવાનું કેમ પોતે સંમત કર્યું? પ્રશ્ન ચાલ્યો. મારી ઉપસ્થિતિમાં આ તો ચર્ચા સાંભળેલી છે. વાંચન કરે છે તો એ બધા સમ્યગ્દૃષ્ટિ નથી. એ તો એક સત્સંગનો પ્રકાર છે. પછી ન સમજાય, સમાધાન માટે તો વિશેષ જ્ઞાની બિરાજમાન હોય, વિશેષ કોઈ સમજદાર હોય એની પાસે જાય, એ બીજી વાત છે. પણ અરસપરસમાં પણ જે દોષ ટાળવા ભેગા થયા છે, શું કરવા ભેગા થયા છે? દોષ ટાળવા ભેગા થયા છે એ ઈ જ ચર્ચા કરશે કે આવો દોષ કેમ ટળે? તમને કાંઈ વિચારમાં આવે છે કે આવો દોષ કેમ ટળે? તમને કાંઈ સમજાય છે કે આવો દોષ કેમ ટળે? હવે વિચારોને આપણે અત્યારે સમકક્ષપણે. એમાંથી વાત ગળાય છે, છણાય છે અને એમાંથી રસ્તો નીકળે છે. અને એ પ્રકાર નહિ હોય તો ભૂલ થાય પણ ભૂલની ખબર પડે નહિ પોતાને. કેમકે એની ચર્ચા જ ન થતી હોય તો કેમ ખબર પડે પોતાને? એને તો કાંઈ નીકળવાનો રસ્તો નથી. એટલે સત્સંગને અમૃત કીધું છે.

મુમુક્ષુની ભૂમિકામાં સત્સંગને શાસ્ત્રની અંદર અમૃત કીધું છે. મરતો બચે. અમૃત એટલે મરતો બચાવે એને અમૃત કહીએ. અને 'શ્રીમદ્જી'એ એને એટલું બધું મહત્વ આપ્યું. એક ૨૬૯ નંબરનો પત્ર છે. મોક્ષ કરતાં અમને સત્સંગ અધિક પ્રિય છે. મોક્ષ કરતાં પણ અમને સત્સંગ અધિક પ્રિય છે. એવું શું કરવા ... ? મોક્ષ પામવાનું તો ધ્યેય છે, મોક્ષનું તો ધ્યેય છે. ભાઈ! જેમ કોઈ માંદો માણસ હોય. વૈદે એક મહિનાના ઉપવાસ કરાવ્યા હોય. એને સાલમપાક દ્યે ? એને અડદિયો પાક દે ? કાજુ ને બદામ ને કેસર નાખેલું હોય એ દ્યે તો ચોંટી જાય અને ખલાસ થઈ જાય. એને એ શક્તિ ન લાવે, એને માંદો પાડે ઈ. એને તો મગનું પાણી જોઈએ. એ મગનું પાણી એને માટે અમૃત છે. એમ મુમુક્ષુને સત્સંગ જોઈએ. એ ત્યાગ કરીને દીક્ષા લઈ લે એટલે એને કાંઈ મોક્ષ મળી જાય એ પ્રશ્ન નથી. એને સત્સંગ જોઈએ પહેલાં. એમ ક્યાં શું જોઈએ.. એ વાતનો જે હેતુ છે એ એટલો જ છે. નહિતર એટલું બધું જોરથી લખે કે મોક્ષને ગૌણ કરાવે અને સત્સંગને મુખ્ય કરે! ભાઈ! આ મુમુક્ષુ મૂળ તો માંદો છે, એ નબળો છે, એની નબળી સ્થિતિ છે. એને તો મગનું પાણી જોઈએ. તો એ પચે. એમાંથી

આગળ વધે.

મુમુક્ષુ :- મુખ્યતા તો છે, દોષની મુખ્યતા તો છે પણ વર્તમાન પૂરતી... ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વર્તમાન અત્યારે શું જરૂર છે? તરસ લાગી હોય તો એને ગાંઠિયા, ભજીયા કેમ ખાઈ શકે? એને પાણી જ જોઈએ. પાણીનું મૂલ્ય અને ગાંઠિયાનું મૂલ્ય સરખું નથી. પાણી સસ્તુ છે. એ સસ્તુ છે છતાં એની કિંમત ત્યાં વધારે છે. ખરેખર તો એમ છે.

૨૪મા વર્ષનો પત્ર છે. ૨૪માં વર્ષનો પત્ર (૨૬૯) છે, ભાદરવા મહિનાનો. દશા પ્રાપ્ત (થયા) પહેલાનો નથી. દશા પ્રાપ્ત થયા પછીનો પત્ર છે. '**ઈશ્વરઈચ્છા હશે તો પ્રવૃત્તિ થશે; અને તે સુખદાયક માની લઈશું પણ મન મેલાપી સત્સંગ વિના કાલક્ષેપ થવો દુર્લભ છે.**' અમારો વખત જતો નથી. સત્સંગ વિના અમને ... લાગે છે. અમારો વખત જતો નથી. ... અમારો કાઠિયાવાડી શબ્દ છે. ... એટલે જેમ કોઈ માણસને બહુ ઘામ થાય અને રહી શકે નહી. ઘામ એટલે ગરમી બહુ પસીનો... પસીનો... પસીનો થાય, મૂંઝવણ થાય. એને ... કહે. એમ '**મન મેલાપી સત્સંગ વિના કાલક્ષેપ થવો દુર્લભ છે. મોક્ષથી અમને સંતની ચરણ-સમીપતા બહુ વહાલી છે.**' જેટલો અમને મોક્ષ વહાલો નથી એના કરતાં કોઈ સંત મળે એના ચરણમાં રહીએ એ વધારે વહાલું છે. '**પણ તે હરિની ઇચ્છા આગળ દીન છીએ.**' એટલે કે એવી કોઈ હરિ ઇચ્છા નથી કે અત્યારે કોઈ સત્પુરુષ અમને દેખાતા નથી એટલે એ બાબતમાં અમે લાચાર છીએ-દીન છીએ. '**ફરી ફરી આપની સ્મૃતિ થાય છે.**' 'સોભાગભાઈ'ને લખ્યો હશે.

મુમુક્ષુ :- ઈશ્વર ઇચ્છા એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઈશ્વર ઈચ્છા એટલે બનવું હશે તો. એ ભાષા સામાને સમજાય એવી લખે છે. એમની જે પદ્ધતિ છે એ બોલવાની પદ્ધતિ લીધી છે. લગભગ ૨૫-૨૬ વર્ષના પત્રમાં ઈશ્વર કર્તૃત્વવાળા જે ભાષા લ્યે છે એવી ઘણી ભાષા આવી છે એમની. એટલે ઘણાંને એમ લાગે છે કે આ વૈષ્ણવ હતા એટલે આવું લખે છે? એમના પિતાશ્રી વૈષ્ણવ હતા ને. 'સોભાગભાઈ'ને લખેલો છે. એ લીધું ને? ફરી ફરીને આપનું સ્મરણ આવે છે. કેમકે એમને સત્સંગ માટેનું ઉત્કૃષ્ટ પાત્ર હતું. ભલે છે એમના કરતા ઓછી દશાવાળા, બીજો ન્યાય કાઢીએ તો....

**શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને તથા અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને તું પુરુષાર્થ કરજે, તો મોક્ષ પ્રાપ્ત થશે. ૨૫૭.**

૨૫૭. '**શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને તથા અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને તું પુરુષાર્થ કરજે તો મોક્ષ પ્રાપ્ત થશે.**' બેય પડખા લીધા છે. નિશ્ચયનો વિષય અને પોતાની દશાનો વ્યવહારનો વિષય. વ્યવહારનો વિષય એટલે પોતાની દશાનો વિષય. '**શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને**' દૃષ્ટિ કરીને એટલે દ્રવ્ય સ્વભાવમાં શ્રદ્ધાએ કરીને હુંપણાની સ્થાપના કરવી. શ્રદ્ધાના પરિણામ દ્વારા નિજ સત્તાનું-નિજ શુદ્ધ સત્તાનું ગ્રહણ થવું એને દૃષ્ટિ કરવી એવી ટૂંકી ભાષામાં, સહેલી ભાષામાં દૃષ્ટિ કરવી એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- હુંપણાનું સ્થાપન કરવું.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધાનું કાર્ય તો-દૃષ્ટિનું કાર્ય તો હુંપણું કરવું એટલું જ છે. પોતાના મૂળ સ્વરૂપમાં હું... હું... પરિણામ દ્વારા સ્વપદની આસ્તિક્યતા લાવીને સ્વપદની સાધના કરવી. આટલી વાત છે. એટલું એની અંદર આવે છે. એની દૃષ્ટિ કરવી એમ કહેવામાં આવે છે. આ દૃષ્ટિ કરવી. સીધો પરિણમનનો વિષય છે. વિકલ્પ કરવાની વાત નથી.

'**શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને...**' એક બાજુ એ વાત છે. ત્રિકાળ શુદ્ધ છું અને એમાં કોઈ પણ ત્રણ કાળમાં એક સમયમાત્ર કોઈ ફેરફાર નથી. અને ત્યાં પર્યાયનો કોઈપણ પર્યાયનો ત્યાં પ્રવેશ નથી. ... પર્યાયમાં ... બીજી બાજુ એમ કહે છે કે અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને. આ એક આ વિષયની કોઈ વિશેષતા છે કે જે જૈનદર્શન સિવાય ક્યાંય મળે એવી ચીજ નથી એ આ છે. એક બાજુ દૃષ્ટિનો વિષય પૂર્ણ પરમાત્મ દ્રવ્ય. એવું ઐશ્વર્ય જેમાં ત્રણે કાળે એવું ને એવું અકબંધ રહે છે. એ દૃષ્ટિનો વિષય છે એવો હું, બીજી બાજુ વર્તમાન અવસ્થા છે એનો ખ્યાલ છૂટતો નથી. એમાં ભૂલ પડતી નથી, એમાં ગડબડ થતી નથી. અને તો જ એમાં ભૂલ નથી થતી. જો દૃષ્ટિ ત્રિકાળી શુદ્ધની હોય તો જ વર્તમાન અવસ્થાનો યથાર્થ વિવેક રહે. નહિતર અવસ્થાનો વિવેક રહેતો નથી.

મુમુક્ષુ :- પોતાને તો વર્તમાનમાં રાગ-દ્વેષ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અશુદ્ધતાને ઓળખશે ક્યાંથી? ત્રિકાળી શુદ્ધની ઓળખાણ વિના અશુદ્ધતાને ઓળખશે ક્યાંથી ? કેમકે એ શુદ્ધ અને અશુદ્ધ તો સાપેક્ષ છે. એકની

અપેક્ષા વગર બીજું રહી શકાય એવું નથી. વર્તમાન જે અશુદ્ધતા છે એને લક્ષમાં-ખ્યાલમાં રાખવાની વાત છે. તો એનો અર્થ કે શુદ્ધ એના લક્ષમાં છે તો ખ્યાલમાં રહે, નહિતર ખ્યાલમાં રહે નહિ. કોના લક્ષે એને ખ્યાલમાં રાખવાની વાત છે?

અહીંયાં એવું માર્ગદર્શન બહુ સૂક્ષ્મ છે. અયથાર્થપણે જે કૃત્રિતમતાથી અયથાર્થપણે દૃષ્ટિના વિષય બાજુ ખેંચાય છે અને એમ ને એમ વિકલ્પમાં અને મનમાં જોર માર્યા કરે છે એને પુરુષાર્થ જેવો વિષય નથી હોતો. પુરુષાર્થની વાત નીકળે તો કહે એ પર્યાયની વાત છે, જાવા દ્યો એને. અવસ્થામાં અશુદ્ધતાનો ખ્યાલ રહે છે અને એ અશુદ્ધતાના ખ્યાલથી એ અશુદ્ધતા મટાડવાનો એક પુરુષાર્થ નામનો પ્રકાર ઊભો થાય છે. પરિણામમાં જે અશુદ્ધતા ટળવાનો જે પ્રકાર ઊભો થાય એને પુરુષાર્થ કહે છે. એ પ્રકાર છે? એમ કહે છે. તો મોક્ષ પ્રાપ્તિ થશે, તો મોક્ષ બાજુ આગળ વધીશ. આમ બે વાત એક સાથે છે? નહિતર ક્યાંક ભૂલો પડ્યો છો. ક્યાંક ભૂલ થઈ ગઈ છે તારી. એટલું સ્પષ્ટીકરણ છે આની અંદર.

મુમુક્ષુ :- પરિણામ સાથે ...

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામનું જ્ઞાન યથાયોગ્ય પાછું. ન તો પરિણામની પકડ આવે. દોષનો ખ્યાલ રહે, શુદ્ધિ કે અશુદ્ધિ ગમે એનો ખ્યાલ જાય તોપણ ન એના ઉપર વજન આવે, ન એના ઉપર પકડ આવે અને છતાં એનો ખ્યાલ જાય નહિ. વ્યવહારમાં એવા કાર્યો છે. આ છરીને ધાર કાઢે છે કે નહિ? .. સરાણ ઉપર. સરાણ ઉપર છરીને મૂકે તો ભીંસ મારે છે ને? અંગુઠાથી ધાર તપાસે. આંગળી મૂકીને ધાર તપાસતા જાય.

મુમુક્ષુ :- ભીંસ ન મારે.

પૂજ્ય ભાઈશ્રી :- જરાય ભીંસ ન મારે, છતાં ધાર ... નહિ. જ્યાં સુધી બરાબર ન આવે ત્યાં સુધી ઘસતો જાય અને તપાસતો જાય, ઘસતો જાય અને તપાસતો જાય અને બીજાની ઘણી વાતો કરતો જાય. એટલું ... થઈ ગયું છે ને. એટલી Practice પડી ગઈ છે એને. જ્ઞાન એટલું બધું સફળ થઈ ગયું છે કે બીજાની સાથે વાતો કરીને, હજાર વિચાર આવે. જેમ બીજા .... વિચાર કરે એનેય વિચાર આવે. પોતાના ... ... કેવી રીતે એને ક્યાં ... ઘસવી? ક્યા Angleથી ઘસવી ? એ વિષયની સૂક્ષ્મતા છે. એને ધાર કાઢવાની ... ... ધાર બરાબર ન હોય તો બૂઠી થઈ જાય. કાં સરાણ તોડે કાં આંગળીને કાપા પાડે. વાતું કરતો જાય, .... ... એને ઘસતો જાય, તપાસતો જાય પાછો બધું કરતો જાય અને બીજો વિચાર ને વાતો કરતો જાય. પછી એની ભીંસ ઓછી લાગે, વધારે લાગે, ક્યારે વધારે લાગે, શરૂઆતમાં વધારે લાગે. જેમ જેમ ધાર

નીકળતી જાય એમ ઓછી ઓછી લાગતી જાય. બધું બરાબર થાય છે. કેમકે એનું Practical જ્ઞાન છે. એમ આ વિષયનું .. Practical જ્ઞાન .. દૃષ્ટિ થાય ત્યારે પણ એની દશાને તપાસવાનું જીવને ભૂલાતું નથી. એટલે તો દ્રવ્યદૃષ્ટિમાં મસ્તીમાં આવીને વાત ગમે એટલી કરે. કોઈક વાર પરમાત્માને પરદ્રવ્ય કહીને ઉડાડે, પરમાત્માને એમ કહે, તું ... જરૂર નથી.

'શ્રીમદ્જી'એ અમે ૨૫મા તીર્થંકર છીએ એમ કહી દીધું કે નહિ? ચોવીસ પૂરા થઈ ગયા, કોઈ દેખાતું નથી. બીજા દેશમાં તો છે નહિ, આ દેશમાં થોડી અધ્યાત્મવિદ્યા ખૂણેખાંચરે રહી છે. કોઈ નજરમાં દેખાતું નથી. ભગવાન ૨૪ તીર્થંકરોએ જે બોધ આપ્યો એ બોધનું રહસ્ય અમારા હૃદયમાં અમારી પાસે રહેલું છે. મોક્ષમાર્ગ કોઈ પ્રગટપણે કહી શકે તો તે અમે છીએ. એમ લખ્યું છે, હોં! આ કાળમાં કોઈ પ્રગટપણે મોક્ષમાર્ગને કહી શકે તો તે અમે છીએ. પોતાને વિશ્વાસ કેટલો છે! આત્મવિશ્વાસ Self confidence કેટલો છે!! અમે અત્યારે કહેનારા ઊભા છીએ.

મુમુક્ષુ :- અમે વર્તમાનના 'મહાવીર' છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- વર્તમાનના 'મહાવીર' છીએ, વર્તમાનના બીજા 'શ્રીરામ' છીએ. ૨૫મા તીર્થંકર છીએ. કેટલું આત્મવિશ્વાસથી લખ્યું છે! અને તોપણ એમ કહે કે અહંબુદ્ધિમાં આવીને લખ્યું નથી. માત્ર નિષ્કામ કરુણાથી જગતની અંદર હિત કરવા માટે ભટકતા જીવો પ્રત્યેની કરુણાથી લખ્યું છે. એમ લખ્યું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, છતાં એને ખ્યાલમાં છે કે અંદર દોષ કેટલો છે. ... જાય નહિ. મુનિદશા આવી નથી, ... ... મોક્ષ તો બાકી છે નહિ, મુનિદશા પણ હજી મારે બાકી છે. 'સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને'. પોતે પછી એક એક ગુણસ્થાન (કરીને) ચૌદમા ગુણસ્થાન ... સિદ્ધ દશા સુધીની બધી વાત કરી. ... ૨૧, ૨૨ કડી. એટલે પોતાની દશાનો ખ્યાલ છે. આટલી વાત કર્યા છતાં પોતાની દશાનો પાછો ખ્યાલ છે. એમણે પોતાની દશા તો પત્ર પત્રમાં લખી છે. અત્યારે આમ વર્તે છે, અત્યારે આમ દશા વર્તે છે. અત્યારે આમ છે. મુમુક્ષુઓને પણ પોતાની દશા ચોખ્ખી કરી છે. એટલી તો સરળતા છે. અહીં સુધી રાખીએ...

## તા. ૨૩-૧૨-૧૯૮૭, વચનામૃત-૨૫૭,૨૫૮
## પ્રવચન નં. ૨૦૩

'બહેનશ્રીનાં વચનામૃત'. ૨૫૭ ચાલુ છે. પાનું-૮૭. '**શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને તથા અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને તું પુરુષાર્થ કરજે,...**' પુરુષાર્થની જે પર્યાય છે, નિજ શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરતાં જ એ ઉછળે છે. પોતાના સ્વભાવના આધારે, પોતાના સ્વરૂપની ઓથ મળતાં આત્મવીર્ય ઉછળી પડે છે. એ રીતે સ્વરૂપનો પુરુષાર્થ થવા યોગ્ય છે. બીજી બાજુ, અવસ્થામાં રહેલી અશુદ્ધતા અને અપૂર્ણતા છે એ અનિષ્ટ તત્ત્વ છે, પોતાને યોગ્ય નથી એટલે એને પણ ખ્યાલમાં રાખીને પુરુષાર્થ કરવા યોગ્ય છે.

સ્વરૂપને કરીને પોતે પૂર્ણ હોવાથી સ્વરૂપમાં ભલે કાંઈ કરવાનું નથી અને તેથી કૃતકૃત્ય એવું સ્વરૂપ છે એ દૃષ્ટિમાં કાંઈ કર્તવ્ય નથી એવા શાસ્ત્રવચનો પણ મળે, એવો ઉપદેશ પણ મળે તોપણ કહેનારને એની મર્યાદા હોય છે કે વર્તમાન અશુદ્ધિ છે એ અશુદ્ધિ અવસ્થામાંથી ટળવી જોઈએ એ વાતની અપેક્ષા રાખીને કહેલું છે. નિશ્ચયના વિષય ઉપર જોર આવે કે અત્યારે જ પૂર્ણ છું, કોઈના વિના પણ અત્યારે જ પૂર્ણ છું, મોક્ષ પણ મારામાં કરવાનો નથી, એ બધા વચનો આવશે. એનાથી ભ્રમણામાં પડવા જેવું નથી કે અવસ્થામાં કાંઈ બાકી નથી. એમ કંઈ લેવા જેવું નથી.

આગળ એક બોલ બહુ સારો આવે છે. મુનિરાજ ખુદ કેવી રીતે વિચારે છે? પોતાના સ્વરૂપની પૂર્ણતા જોવે છે ત્યારે પોતાને ત્રણલોકનો નાથ જાણે છે. બીજી બાજુ સામે જિનેન્દ્ર ભગવાન ત્રણલોકના નાથ છે, એની અવસ્થા જોવે છે ત્યારે પોતાની પામરતા જોવે છે, એક બોલ આવે છે. અવસ્થાદૃષ્ટિએ પોતાની પામરતા જોવે છે, સ્વરૂપદૃષ્ટિએ પોતાની પૂર્ણતા જોવે છે. બેમાંથી એક પણ બાજુ કલ્પના નથી. અવસ્થાની પણ એ વાસ્તવિકતા છે અને સ્વરૂપની પણ એ વાસ્તવિકતા છે. બન્ને જુદી જુદી પરિસ્થિતિમાં છે.

સ્વરૂપ અનાદિઅનંત પરિપૂર્ણ છે, શુદ્ધ છે. અવસ્થા અનાદિથી મલિન છે અને અપૂર્ણ છે. એક જ પદાર્થને વિષે એટલે પોતાને જ વિષે એમ બન્ને પ્રકાર છે. એમાં જે શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે એ દૃષ્ટિ કરવાનો એટલે અહંપણું કરવાનો, પોતામાં પોતાનો આધાર લેવાનો એ વિષય છે. જ્યારે અવસ્થાની અશુદ્ધતા માત્ર જ્ઞાનમાં રાખવાની વાત છે. એને ભૂલીને નહિ પણ એને જ્ઞાનમાં રાખીને. એને જ્ઞાનમાં રાખીને એટલે

એને ભૂલીને પણ નહિ અને એને જ્ઞાનમાં રાખીને એટલે એનો આધાર લેવો એમ પણ નહિ. એ વાત છે એમાં. લક્ષમાં ખ્યાલમાં રાખવું એટલે એનો આધાર નથી લેવાનો, એની દૃષ્ટિ નથી કરવાની, એનું અવલંબન નથી લેવાનું. એ જ્ઞાનનો વિષય છે.

એ વિષયનું માર્ગદર્શન તો કેવું-કેવું આપે છે. કેટલાક વસ્તુના સ્વરૂપના આભાસમાં આવે છે ત્યારે કાં તો એ નિશ્ચયાભાસી થઈને વર્તમાન અવસ્થાની અશુદ્ધિને ભૂલે છે. એવું ખ્યાલમાં રહેતું નથી અને નિશ્ચયાભાસમાં પ્રવર્તે છે. એટલે પરિણામ એના નબળા થાય છે તોપણ હું શુદ્ધ છું, હું શુદ્ધ છું, હું શુદ્ધ છું એવું માત્ર વિકલ્પ અને વાણી બે એના ચાલે છે. એને જ્ઞાનમાં શુદ્ધ સ્વરૂપનો આશ્રય નથી, શ્રદ્ધાનમાં શુદ્ધ સ્વરૂપનો આશ્રય નથી, જ્ઞાનમાં એનું શુદ્ધ સ્વરૂપ પોતાને દેખાતું પણ નથી. વિચાર કરે છે એ કલ્પનામાત્ર છે. અને ફકત આભાસની અંદર એને વિકલ્પ અને વાણીનો વ્યવહાર ચાલે છે. એ એને કેટલા હિણા પરિણામ થાય છે અને એ પરિણામમાં એને દુઃખ કેટલું વધે છે. જ્યારે જ્યારે પણ અજ્ઞાન વિશેષ ... થાય તેમ તેમાં દુઃખ પણ વિશેષે જ થાય. એની ખબર ન પડે, દુઃખ વધી જાય તોપણ નિશ્ચયાભાસીને ખબર ન પડે કે આ દુઃખ વધી ગયું અત્યારે તો. જેને દુઃખ વધી જાય એની ખબર ન પડે એને સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવની ક્યાંથી ખબર પડે? એ તો પ્રશ્ન રહેતો નથી. એટલે એને કહે છે કે અશુદ્ધતાને ખ્યાલમાં રાખીને. કટેલો બધો ખ્યાલ હોય છે અશુદ્ધતાનો?

'સોગાનીજી'ની ભાષામાં નિશ્ચયપ્રધાનતા ઘણી હતી. તોપણ આ વિષયનો ખ્યાલ કેટલો બધો હતો? કે સૂક્ષ્મ પણ મંદ રાગ થાય અથવા ઉપયોગ, રાગ તો લીધો નથી, ઉપયોગ દેવ, ગુરુ અને શાસ્ત્ર પ્રત્યે જાય, રાગ તો ઉત્પન્ન થવાનો જ છે ગુણસ્થાનનો પણ રાગનો વિષય ન લીધો, ઉપયોગનો વિષય લીધો-જ્ઞાનનો વિષય લીધો કે ઉપયોગ-જ્ઞાનનો ઉપયોગ આ બાજુ ગયો-સામે જિનેન્દ્ર પરમાત્મા છે, શ્રીગુરુ છે, વાણી છે, તો કહે, ભઠ્ઠી જેવું દુઃખ લાગે. આટલું બધું લીધું. કેટલો ખ્યાલ છે એમને! કે ઝીણામાં ઝીણો ખ્યાલ છે કે ભઠ્ઠી જેવું દુઃખ લાગે. જેટલી નિશ્ચયની પ્રધાનતા કરી છે એટલો સાથે સાથે વ્યવહારનયના વિષયનો ખ્યાલ પૂરો છે. જો નિશ્ચયનો આભાસ હોત તો વર્તમાન અવસ્થામાં દુઃખનો ખ્યાલ ન આવત. જો નિશ્ચયનો આભાસ હોત તો વર્તમાન અવસ્થામાં નિશ્ચયના અવલંબને આનંદની ઉત્પત્તિ થાય છે એમ ન બનત.

સમાજની અંદર એમના વિષે થોડો વિવાદ થઈ ગયેલો કે નિશ્ચયાભાસી લાગે છે. બહુ આવી નિશ્ચયની વાત કરે છે, નિશ્ચયાભાસી લાગે છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'ના પ્રકાશન પછી 'ગુરુદેવશ્રી'એ એકવાર સ્પષ્ટતા કરી હતી કે નિશ્ચયાભાસ નથી એની સાબિતી છે.

સાબિતી છે એમ કરીને વાત કરેલી. એમનો જ બોલ પકડીને વાત કરી હતી કે કોઈ ભલે નિશ્ચયાભાસ કહે પણ મુજે તો આનંદ આ રહા હૈ ન. મને તો આત્મામાંથી આનંદ આવે છે. મારે કોની સાબિતી લેવા જાવી? કદાચ કોઈને વાત ઉપરથી નિશ્ચયાભાસપણું લાગે પણ મને અંદરમાંથી આનંદ આવે છે. એ બોલ પકડીને કહ્યું કે એ એમ બતાવે છે કે આનંદ આત્માનો ઉત્પન્ન થયો છે. એ નિશ્ચયાભાસીને હોતો નથી. કેમકે નિશ્ચયાભાસ તો એક આભાસપણું છે એટલે મિથ્યાત્વપણું છે. આભાસ કહો મિથ્યાપણું કહો, ... કહો, એમાં આનંદની ઉત્પત્તિ થાય નહિ, કલ્પના છે અને કલ્પના તે દુઃખની ઉત્પત્તિનું નિમિત્ત છે એ કલ્પના છે. બધા જ દુઃખ કલ્પનામાંથી ઉત્પન્ન થયેલા છે.

મુમુક્ષુ :- પોતે નિશ્ચયાભાસી નથી ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજો પણ આધાર લીધો હતો કે એકાંતમાં આચાર્યોના શાસ્ત્રો વાંચીએ છીએ ત્યારે જાણે કે શાસ્ત્રમાંથી પણ આનંદની બુંદ બુંદ ટપકે છે. એ આચાર્યોના પરિણમનને પકડ્યું છે. આનંદ સહિત આ નિરૂપણ થયું છે, આત્માના આનંદમાં ઝુલતા ઝુલતા આ નિરૂપણ થયું છે એ વાત જે આવી છે એ આભાસીને આનંદની પ્રધાનતા હોઈ શકતી નથી. કેમકે એને આનંદ જરાય આવતો નથી. ઊલટાનું એને દુઃખ વધેલું હોય છે. એટલે બીજું પડખું સાથે આપ્યું છે. દૃષ્ટિનું જોર એમ ને એમ વિકલ્પમાં કે વાણીમાં આવે એમાં કૃત્રિમતા હોય, એમાં આભાસપણું હોય એને વર્તમાન અશુદ્ધિનો ખ્યાલ રહેતો નથી.

વાસ્તવિક જેને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ હોય છે એને તો પોતાની વર્તમાન અવસ્થા વિશેષપણે ખ્યાલમાં હોય છે. વિશેષપણે એટલે કે બીજાને જ્યાં સાધારણ દુઃખ લાગે છે ત્યાં પોતાને તીવ્ર દુઃખ લાગે છે. પોતાનો દોષ એક ન્યાયથી નાનો હોય તોપણ મોટો દેખાય છે. છતાં એની મુખ્યતા નથી, એનું અવલંબન નથી. ગૌણ છે તોપણ મોટો દેખાય છે, એક ન્યાયે. નિશ્ચયનો વિષય મુખ્ય છે, વ્યવહારનો દોષનો વિષય ગૌણ છે તોપણ આ ન્યાયે એને પોતાનો દોષ મોટો દેખાય છે. કેમ? કે જ્ઞાનમાં નિર્મળતા થઈ છે. નિર્મળ જ્ઞાનને વિષે એ દોષ છે એ બિલકુલ સંમત થતો નથી અને અભિપ્રાય જ્ઞાનની પર્યાય છે, બિલકુલ સંમત થતો નથી એટલે ઉત્પન્ન થાય છે એ દોષ મોટો દેખાય છે.

એક તો દ્રવ્યસ્વભાવનો આધાર પુરુષાર્થનો ઉત્પાદક છે. બીજું, વર્તમાનમાં અશુદ્ધિ થઈ તે પણ પુરુષાર્થની ઉત્પાદક છે કે હજી આ ભાવ ઉત્પન્ન થયો? હજી આવો ભાવ ઉત્પન્ન થઈ જાય છે? તો એને ટાળવા માટે હજી મારે પુરુષાર્થ વિશેષ

હોવો ઘટે છે. એ પ્રકારની બેય બાજુથી એક ન્યાય પકડે છે. શુદ્ધ સ્વરૂપનો આધાર લઈને પણ પુરુષાર્થની Line પકડાય છે, અશુદ્ધિનું જ્ઞાન થઈને પણ પુરુષાર્થની જ Line પકડાય છે. વિષય બન્ને વિરૂદ્ધ છે પણ પ્રયોજન બન્નેમાંથી એક સિદ્ધ થાય છે. આમ છે. પુરુષાર્થનું જેમાં ઉત્પન્ન થવું અનિવાર્ય છે. બન્ને પ્રકારે પુરુષાર્થનું જ ઉત્પન્ન થવું બને એવો એક આ સમ્યક્ માર્ગનો વિષય છે. નથી સમજાતું એને વિષય વિરૂદ્ધતા લાગે છે કે એક બાજુથી શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ કરે, બીજી બાજુથી આ અશુદ્ધતાને પણ એટલું મહત્ત્વ આપી દ્યે કે અશુદ્ધતા ખ્યાલમાં રહેવી જોઈએ, એક વિકલ્પ પણ ભઠ્ઠી જેવો લાગવો જોઈએ.

(એક મુમુક્ષુ) તો બહુ બુદ્ધિશાળી હતા. એમાં તો કોઈ બે મત નથી. પણ એ વિષયની અંદર, ભઠ્ઠી જેવું તીવ્ર દુઃખ .... વિકલ્પમાં તો કેમ સમ્યગ્દષ્ટિ હોય? એવો વિચાર આવ્યો હતો. એમનો પ્રશ્ન હતો. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં ૧૦૪ નંબરનો બોલ છે. તીવ્ર કષાય હોય તો તીવ્ર દુઃખ લાગે. દેવાદિ પ્રત્યે ઉપયોગ જાય એ તો મંદ કષાય છે. આ તો બુદ્ધિની પહોંચનો વિષય (નથી), પ્રયોગનો છે. મંદ કષાય હોય તો મંદ દુઃખ હોય, તીવ્ર કષાય હોય તો તીવ્ર દુઃખ હોય. તો મંદ કષાયમાં તીવ્ર દુઃખ લાગ્યું? તો આ જ્ઞાન બરાબર નથી. એમ કાઢ્યું. એ ભૂલ્યા. ક્યાં ભૂલ્યા?

'ગુરુદેવશ્રી'એ એ વિષયની ચર્ચા કરતાં સ્પષ્ટ નિર્દેષ કર્યો. પછી વ્યાખ્યાનમાં એ વિષય અવારનવાર ખોલતા. આ તો દૃષ્ટાંત છે. નામ દેવામાં તો દૃષ્ટાંત ખાલી લેવું છે. ટીકાની વાત નથી. આત્માની શાંતિ એવી નિરાકુળ હોય છે કે એ આત્માની શાંતિની સાથે મિંઢવણી કરીને આ વાત આવેલી છે. જેને વિકલ્પમાં ભઠ્ઠી જેવું દુઃખ ન લાગે તો એણે આત્માની શાંતિ જોઈ નથી, એને મળી નથી. આમ કાઢ્યું. એટલે ક્યારે કઈ બાજુથી લેવું એ ગમે તેમ ચાલે એવું નથી આમાં. સ્યાદ્વાદ છે કે ન્યાયનો વિષય છે, એમ ગમે તેમ ન્યાયથી તોળી લ્યે, અહીંયાં ચાલે એવું નથી. બહુ ચોક્કસ પદ્ધતિ છે, ચોક્કસ Line છે અને એમાં જરાક આઘુંપાછું જાય એટલે તત્ત્વનું ખૂન થાય, બીજું કાંઈ નહિ થાય. એટલે સહેજ ચૂક્યો, આખું તત્ત્વ ગયું. શ્રદ્ધામાંથી ગયો, જ્ઞાનમાંથી ગયો. બહુ સ્પષ્ટ કહી દીધું, શાંતિ જોઈ નથી. શાંતિ જોઈ હોય તો આ પ્રશ્ન આવે નહિ. સીધું કાઢ્યું.

મુમુક્ષુ :–જ્ઞાનીને ... દુઃખ જ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ... દુઃખભાવ છે એ દુઃખભાવ જ છે. અનુભવ સિવાઈનો જેટલો ભાવ છે એ દુઃખરૂપ જ છે. દુઃખમાં દુઃખ જ છે, દુઃખમાં સુખ નથી. જે જ્ઞાનધારા છે એ સુખની ધારા છે, એ શાંતિની ધારા છે, એમાં દુઃખ નથી. એક

પરિણામમાં બે ભાવ છે. બે ભાગ જેમ હોય એવી રીતે બે ભાવ છે. સુખમાં દુઃખ નથી, દુઃખમાં સુખ નથી, શાંતિમાં અશાંતિ નથી, અશાંતિમાં શાંતિ નથી. એકનું મુખ પોતાની બાજુ છે. એક ભાવ અંતર રહેલો છે. આત્મા સાથે એક છે, અભેદ છે. બીજો ભાવ પર નિમિત્ત સાથે બહિર્મુખ છે. આંશિક બહિર્મુખતા, આંશિક અંતર્મુખતા એવો મિશ્રભાવરૂપ પરિણામ છે. સાધક દશાનો એક સમયનો પરિણામ એવો છે. દુઃખમાં દુઃખ જ છે. જ્ઞાન નિર્મળ હોવાથી એને દુઃખ ઘણું લાગે છે. એટલે પુરુષાર્થ .. છે. દઝાડે તો કેવો ભાગે? હાથ ભૂલથી અગ્નિના ... કોલસા ઉપર, ફડાક ઉપાડી લ્યે. દાઝે છે. 'રાગ આગ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ'. ગમે તે જ્ઞાનીનું કાઢે નહિ, એક જ નીકળે, બીજું નીકળે નહિ.

મુમુક્ષુ :- .. આવ્યું કે બળબળતા અંગારામાં શેકાશે એનું કારણ જે છે એ ભઠ્ઠી જ છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- ભઠ્ઠી જ છે. અહીંયાં ભઠ્ઠી છે, ભઠ્ઠીના ફળમાં ભઠ્ઠી જ આવવાની છે. ત્યાં તો શું છે કે ત્યાં તો દ્રવ્યલિંગી લીધા છે. 'પંચાસ્તિકાય'. દ્રવ્યલિંગી લીધા છે. ઘણો શુભભાવ છે. દેવલોકમાં ચિરકાળ પર્યંત તે લાંબા આયુષ્યે જાશે. શુભનો રસ ઘણો પડ્યો છે એટલે અઘાતિની સ્થિતિ મોટી પડે. ત્યાં બળબળતા અંગારામાં શેકાશે. એને ભૂલ પડે. .... એના જેવી વાત છે.

સુખ-દુઃખનો વિષય જ્યાં સુધી જીવ તાત્ત્વિક રીતે ન સમજે ત્યાં સુધી કષાયની મંદતામાં શાતા હોવાથી સુખ માન્યા વિના રહેશે નહિ. એ વિભાવને જ સ્વભાવ માને છે, બીજું કાંઈ એમાં નહિ થાય. એ એને ઉપાદેય થઈ જશે, વિભાવ ઉપાદેય થઈ જશે. સ્વભાવની જગ્યાએ વિભાવ ઉપાદેય થઈ જશે. અને અનાદિથી આમ જ ભૂલ થઈ છે. જે ભૂલ થઈ છે એ શુભમાં થઈ છે. અશુભની ભૂલ નથી. ... અશુભમાંથી તો જીવ તરત પાછો વળે છે. કેમકે એવું જાડું, સ્થૂળ અને પોતાને સમજાય એવું પરિણામ છે કે તરત જીવ પાછો વળે છે કે નહિ, આ તો નહિ. શુભમાં છેતરાઈ જાય છે. એટલે 'ગુરુદેવશ્રી'એ જો વિશેષ કૃપા કરી હોય તો એ વિષય ઉપર કરી. અનેકવિધ શુભના ભંગભેદથી સમજાવ્યું કે આ પણ ધર્મ નહિ, આ પણ ધર્મ નહિ, આ પણ ધર્મ નહિ. આ પણ ધર્મ નહિ.

મુમુક્ષુ :- ... અજ્ઞાનીની તારતમ્યતા વધી જાય છે અને જ્ઞાનીને રસ ઓછો છે. છતાં એના પરિણામમાં .. એ આને નથી લાગતું. એમની નિર્ળતાને હિસાબે...

પૂજ્ય ભાઈશ્રી :- તારતમ્યતા. નથી લાગતું. આનું જ્ઞાન મૂંઢાયેલું છે. આને નિર્મળતા છે. અજ્ઞાનીને સ્પષ્ટ નથી, સ્વચ્છ નથી એટલે એને દુઃખ દુઃખરૂપે નથી

લાગતું.

મુમુક્ષુ :- એને દુઃખ જ નથી લાગતું.

પૂજ્ય ભાઈશ્રી :- ટેવાઈ જાય છે. જેમ .. ઉપાડે છે એ ટેવાઈ જાય છે. .. ઉપાડે છે એ ટેવાઈ જાય છે કે નહિ ? એના જેવું છે. એને દુઃખ દુઃખ નથી લાગતું. આને જે ઘણું દુઃખ લાગે છે એનું કારણ નિર્મળતા ઘણી છે. જેમકે કહે છે ને, જેનું નાક ચોખ્ખું હોય એને થોડી વાસ હોય તોપણ ખબર પડે. જેને શરદી ઘણી હોય એને વાસ ન આવે. એના જેવું છે. ચોખ્ખું છે, જ્ઞાન ચોખ્ખું છે.

ગુણ-દોષનો વિષય અને સુખ-દુઃખનો વિષય એ નિર્મળ જ્ઞાનની અંદર એટલો ચોખ્ખો આવે, એકદમ એને ક્યાંય ભૂલ ન પડે. એક કણમાં ભૂલ ન પડે. ... રાગ તો સ્થૂળ છે પણ ઉપયોગ આ બાજુ જાય તોપણ સીધો નિષેધ આવે છે. ભલે ઉપયોગનો વિષય સાક્ષાત્ જિનેન્દ્ર હોય, ઉપયોગનો વિષય ઉપકારી શ્રીગુરુ હોય. ઉપયોગ આ બાજુ ગયો એ સાધના નથી, એ આરાધના નથી, એમાં પોતાને સુખ નથી. આ સીધેસીધી વાત છે, ચોખ્ખેચોખ્ખી વાત છે.

મુમુક્ષુ :- નિશ્ચયાભાસીની સામે સમકિત છે કે નહિ એ પ્રશ્ન થાય તો આપે પહેલા જવાબ આપી દીધો. નિશ્ચયાભાસીની સામે આ બોલ લેવો હોય તો લઈ શકાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ પડખાં લીધા છે. નિશ્ચયાભાસીને અશુદ્ધતનો ખ્યાલ રહેતો નથી. એટલે કહે છે કે તું ધ્યાન રાખજે. અને અશુદ્ધતા તને ખ્યાલમાં આવે તો એના ઉપર વજન દેવા માટે એની દૃષ્ટિ નથી કરવાની, એમાં હુંપણું નથી સ્થાપવાનું. દૃષ્ટિ કરવી એટલે હુંપણું સ્થાપવું, એ નથી કરવાનું. એ તારી શુદ્ધ સત્તા નથી, એ તારો આધાર લેવાનું સ્થાન નથી. એ માત્ર સમજવાનો વિષય છે અને એ ટાળવાનો વિષય છે. જેને ટાળવું છે એની પક્કડ ન હોય, એમ કહે છે. જેને ટાળવું છે એની પક્કડ ન આવવી જોઈએ. એમ બન્ને પડખાં સુયોગ્ય પ્રકારે હોય, સમ્યક્ હોય, સરખા હોય, સાચા હોય તો મોક્ષ પ્રાપ્ત થાય. નહિતર મોક્ષ પ્રાપ્ત થાય નહિ. બેમાંથી એકમાં ફેર પડ્યો (તો) એને બેયમાં ફેર છે. થોડો અટપટો વિષય લાગે. જ્ઞાનનો વિષય થોડો અટપટો છે.

પોતાનો દોષ જોવે, ખ્યાલ કરે, દોષને મોટો ગણે, છતાં ગૌણ રાખે. એને દૃષ્ટિનું અવલંબન, એની પકડ ન આવે. બીજાનો દોષ જોવે તો એને ગૌણ કરે, એને મોટો ન કરે. થોડો પણ એનો ગુણ હોય તો એને મોટો કરે. આ તો ગુણ છે ને, આ તો એમાં સારું છે ને, આ તો ઠીક છે ને.

મુમુક્ષુ :- જેને જ્ઞાની થવું છે એને આવી દૃષ્ટિ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એને પ્રકાર એવો હોય છે. ગુણગ્રહણપણું. બીજાના ગુણને મુખ્યપણે ગ્રહવા. પોતાના ગુણને પણ ગ્રહવા, મુખ્યપણે. દોષ? પોતાનો દોષ મોટો ગણવો, બીજાનો નાનો જાણે. ન્યાયનો વિષય થોડો અટપટો છે. ખ્યાલ હોય બધો કે આ દોષ મોટો છે. પણ છતાં એને એટલી મુખ્યતા ન આપે. બીજાનો ગુણ હોય તો એની મુખ્યતા આપે.

મુમુક્ષુ :- બીજાનો દોષ હોય તો ... આમાં શું રહસ્ય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- રહસ્ય એવું છે કે પોતાને દોષની પક્કડ કરવી નથી. જેમ પોતાના દોષની પક્કડ કરવી નથી એમ બીજાના પણ દોષની પક્કડ નથી.

મુમુક્ષુ :- ગુણ લેવા છે?

પૂજ્ય ભાઈશ્રી :- ગુણ લેવા છે, દોષની પક્કડ નથી કરવી. એમ એક ન્યાય છે. પોતાને લાભ-નુકસાન શું છે? શા માટે ન્યાય એમ છે એનું પણ Logic છે. એક ઉલટી પરિસ્થિતિ લઈએ એટલે તરત સમજાય એવું છે કે જો બીજાનો દોષ મુખ્ય થાય તો એને પોતાનો કષાય તીવ્ર થયા વિના રહે નહિ. નુકસાન થયું કે લાભ થયો? નુકસાન થયું કે લાભ થાય? જો સામાનો દોષ મુખ્ય કરે તો અહીંયાં કષાય તીવ્ર થયા વિના નહિ રહે. એટલે પોતાને દોષથી બચવું છે તો ન્યાય પકડે છે. એનો અર્થ કે પોતાને નુકસાન ન થાય એનું નામ ન્યાય. પોતાને નિર્દોષ થવાનું ભૂલી જાય તે અન્યાય. ખ્યાલમાં આવે કે આ દોષ મોટો છે, છતાં એની મુખ્યતા ન કરે, એની પક્કડ ન કરે. જો એની મુખ્યતા કરે તો પોતાનો દોષ તીવ્ર થાય. પોતાનો દોષ તીવ્ર થાય, મોટો થઈ જાય. એ તો એને કરવું નથી. એ તો પૂર્ણ (નિર્દોષતાના) રસ્તે ચડ્યો છે, નાશ કરવાના રસ્તે ચડ્યો છે.

મુમુક્ષુ :- તમે કહો છો એવા ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ... એવા જ છે. ખરી વાત છે. ... એટલે સાચો .. પોતાનું નુકસાન ન થાય એવો .. સીધી વાત છે. ... પડખાં એટલા બધા સુલભ છે આ માર્ગને વિષે, એ બહુ સુલભ માર્ગ કહેવામાં આવ્યો છે.

મુમુક્ષુ :- દોષને પ્રોત્સાહન આપે એ ..

પૂજ્ય ભાઈશ્રી :- પ્રોત્સાહન ન આપે. એને મુખ્ય ન કરે. તેં ઠીક કર્યું છે, ભલું કર્યું છે, સારું કર્યું છે, એમ ક્યાં આમાં વાત છે આમાં ? દોષને દોષ જાણે, દોષ કહે. પણ મુખ્ય કરવું એ બીજી વાત છે. મુખ્ય કરવું એ બીજી વાત છે. મુખ્ય ન કરે.

મુમુક્ષુ :- મુખ્ય કરે તો જે લાભ લેવાનો છે એનાથી વંચિત રહી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- જો મુખ્ય કરે તો પોતાને નુકસાન કરી બેસે, પોતાનું નુકસાન કરી બેસે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખરી વાત છે. સામાન્ય રીતે શું છે કે ભાવના હોય એટલું તો શુદ્ધ પરિણમન કોઈને આવે નહિ. મુમુક્ષુ હોય કે સાધકજીવ હોય ભાવના તો એની એકદમ ઊંચી હોય શુદ્ધ થવાની. કોઈને વિષે અપેક્ષા રાખીએ કે એનો જેવો ભાવ છે એવું પરિણમન કેમ નથી? એ સંભવિત નથી. કેમકે એવી એક ભાવનાનો વિષય છે કે મારે આવા થવું છે, મારે આવા થવું છે. એટલે જેવી ભાવના હોય એવું જ પરિણમન અપેક્ષિત નથી. ... હોય એ પહોંચી ગયો હોય, એ શુદ્ધ થઈ ગયો હોય. એટલે એ તફાવત તો જ્ઞાનીને વિષે પણ દેખાવાનો. એટલે તો જ્ઞાની ઉપર કોઈ એવો આરોપ કરી બેસે છે કે પૂર્ણ શુદ્ધતાની વાત કરે છે અને વ્યવહારની અંદર તો એને આ પ્રવૃત્તિ છે, આ પ્રવૃત્તિ છે, આ પ્રવૃત્તિ છે, આ પ્રવૃત્તિ છે એમ લાગે. એ તો બનવાનું. પણ એની ભાવના .. પ્રકારે છે કે નહિ, યથાર્થ પ્રકારે છે કે નહિ એટલું જો સમજાય (તો ભૂલ ન પડે).

(બીજાના દોષ હોય તો) એને પ્રસિદ્ધ ન કરે, એને ઢાંકે, એને મુખ્ય ન કરે એ તો સમ્યગ્દૃષ્ટિને સહજ જ હોય છે. સહજ જ હોય છે એનું કારણ શું છે કે એ પોતાના જ્ઞાનમાં જ એ રીતે ચાલે છે, નહિતર નુકસાન પોતાને કરશે. એની અંદર પોતાને નુકસાન થઈ જાય. પોતે માર્ગમાં બરાબર ચાલવા માગે છે એટલે સહેજ જ એને સદ્‌ગુણ જ પ્રગટ થાય છે. ઉપગૂહનનો-ઉપબૃહણનો. એમ બને છે.

મુમુક્ષુ :- એની Line જ એવા પ્રકારની હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ ચાલે, એમ જ Line ચાલે, સહજપણે.

મુમુક્ષુ :-- આઠે આઠ અંગ કેવા સરસ થઈ ગયા! કાંઈ ભૂલ ન પડે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો માર્ગ જ એટલો બધો સુંદર છે અને .... પોતાના અનુભવમાં આવેલી વાત છે એટલે એ વિષયનો પ્રકાશ કર્યો. ...એ એમ જ થાય, બીજી રીતે થાય નહિ.

'યોગસાર'ના પ્રવચનો હમણાં બહાર પડ્યા ને. ૨૪૫માં આવ્યું છે, એમ કે તત્ત્વજ્ઞાનની ભૂલ હોય તો શાંતિથી પરસ્પર કષાય ન વધે તે રીતે એકબીજાને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ એવી બધી વાત લીધી છે. સાધર્મી છે. ભૂલ હોય તો ભૂલનો ખ્યાલ આવે તોપણ શાંતિથી પરસ્પર એકબીજાના વિચારોની આપલે કરીને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. એને માટે વિવાદ કરીને કે અશાંતિ ઊભી કરીને, એ પ્રકારે નહિ પ્રવર્તવું જોઈએ. એવી બધી વાતો લીધી છે. 'યોગસાર' તો એકદમ નિશ્ચયનો અધિકાર છે. છેલ્લે છેલ્લે આ વાત લીધી છે. ૨૪૫ પાને આ Paragraph છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- ... કુદરતી બધી વાતો 'ગુરુદેવ'ના શ્રીમુખે આવી છે. એ જે વાતો આવી છે એ આપણે આજ્ઞા સમજીને ચાલવું જોઈએ. આજ્ઞા સમજીને ચાલવું જોઈએ.

**તું વિચાર કર, તારા માટે દુનિયામાં શી આશ્ચર્યકારી વસ્તુ છે ? કોઈ નહિ; એક આત્મા સિવાય. જગતમાં તેં બધી જાતના પ્રયાસ કર્યા, બધું જોયું, બધું કર્યું, પણ એક જ્ઞાનસ્વરૂપ, સુખસ્વરૂપ, અનંતગુણમય એવો આત્મા કદી ઓળખ્યો નથી, તેને ઓળખ; બસ તે જ એક કરવાનું બાકી રહી જાય છે. ૨૫૮.**

૨૫૮. '**તું વિચાર કર, તારા માટે દુનિયામાં શી આશ્ચર્યકારી વસ્તુ છે? કોઈ નહિ;...**' તું વિચાર કર કે તારા માટે દુનિયામાં શી આશ્ચર્યકારી વસ્તુ છે? ઉપર ઉપરથી વિચાર કરવાનો વિષય નથી. ઊંડાણથી વિચાર કરવા યોગ્ય છે કે આ જગતમાં આશ્ચર્ય પામવા જેવું છે શું? એક પડખું એવું છે કે જે દર્શનમોહનું નુકસાન કરે છે. જગતના પદાર્થો વિષેનું કુતૂહલ, એનું આશ્ચર્ય એ જગતના પદાર્થને મહિમા આપવાનો એક પ્રકાર છે. ... એને તેં મહિમા આપી દીધો. અને એ મહિમા આપ્યો એમાં એ પદાર્થ પ્રત્યેનો રસ વૃદ્ધિગત થયો, એ મહિમા આપતા એને એ પદાર્થ પ્રત્યેની એટલે આત્મા સિવાયના, પોતાના સ્વરૂપ સિવાયના પરપદાર્થને વિષે રુચિ વૃદ્ધિગત થઈ. એટલે દર્શનમોહ ત્યાં વધ્યો, તીવ્ર થયો.

એટલે એમ કહે છે, આશ્ચર્ય થાય, જગતના કોઈ પ્રસંગો છે, જગતના કોઈ પદાર્થ વિષે આશ્ચર્ય થાય એમાં કાંઈ બહુ તીવ્ર કષાયનો રસ નથી દેખાતો. કદાચ ચિત્ર-વિચિત્ર ઘટના બને, કોઈ પદાર્થને વિષે આશ્ચર્ય થાય તો એમાં કાંઈ તીવ્ર કષાય નથી લાગતો. તીવ્ર કષાય હોય કે ન હોય, દર્શનમોહ સાથે એને સીધો સંબંધ છે અથવા આત્મરુચિ સાથે એને સીધો સંબંધ છે. એ રુચિને તોડનારા પરિણામ છે, એ સ્વરૂપની અરુચિમાંથી ઊભા થયેલાં પરિણામ છે. પરપદાર્થનું કુતૂહલ અને પરપદાર્થ પ્રત્યેનું આશ્ચર્ય એ સ્વરૂપની અરુચિના દ્યોતક પરિણામ છે-પ્રકાશનારા પરિણામ છે.

'**તું વિચાર કર, તારા માટે દુનિયામાં શી આશ્ચર્યકારી વસ્તુ છે ? કોઈ નહિ;...**'

એક પોતાના આત્મા સિવાય. **'એક આત્મા સિવાય.'** એટલે પોતાના આત્મા સિવાય. અદ્‌ભુતથી અદ્‌ભુત જો કોઈ હોય મહાઆશ્ચર્યકારી, મહા ચૈતન્યસત્તાધારી, અનંત આનંદની ખાણ એક પોતાનું સ્વરૂપ છે. 'અનુભવ પ્રકાશ'માં તો શબ્દો લીધા છે. સાર, અવિકાર કરીને ... વાતો આવી છે. એકધારા ... એટલો મહિમા કર્યો છે, એટલો મહિમા કર્યો છે 'અનુભવ પ્રકાશ'માં. એની પાસે જગતના બધા પદાર્થોને તુચ્છ ગણ્યા છે. પોતાના મહિમા આગળ જગતના સર્વ પદાર્થોને તુચ્છ ગણેલા છે.

**'તું વિચાર કર તારા માટે દુનિયામાં શું આશ્ચર્યકારી છે?'** શું મોટું છે? તારાથી મોટું શું છે કે તું એમાં આશ્ચર્ય પામે છો? આશ્ચર્યકારી તો તું પોતે છો. એક સમયમાં સિદ્ધપદ પ્રગટ કરે આથી બીજું કયું મોટું આશ્ચર્ય હોય? ઊંધો પડે (તો) એક સમયમાં નિગોદમાં ચાલ્યો જાય. સવળો પડે (તો) એક સમયમાં સિદ્ધપદ પ્રગટ કરે. કેટલી શક્તિ છે જેની! પરિણામથી આટલી શક્તિ વ્યક્ત થાય છે. અંદરની શક્તિનું તો માપ નીકળે એવું નથી. આ તો સવળાઈ-ઊંધાઈ ઉપરથી એનો નમૂનો-પ્રસાદી બહારમાં દેખાડવામાં આવે છે. એક સમયની. વસ્તુનું ત્રિકાળી સામર્થ્ય તો અગાધ અગાધ સામર્થ્ય છે, જેનો કોઈ હિસાબ-કિતાબ જગતમાં બેસે એવું ગણિત નથી. ગણિત જેની પાસે ટુંકૂ પડે છે. સંખ્યાએ અનંત શક્તિઓ અને એક એક શક્તિનું સામર્થ્ય અનંત, એમ લીધું છે. સંખ્યા 'ગુરુદેવ' ગણાવતા. આકાશના પ્રદેશોથી અનંત. અનંત આકાશના પ્રદેશોથી પણ અનંતગુણ અને એક એક ગુણનું સામર્થ્ય અનંત. આવો ધ્રુવ પર્વત આત્મા છે, શાશ્વત પર્વત આત્મા છે. એનાથી બીજું શું આશ્ચર્યકારી છે કે તું તારી મહત્તા ખોઈને બીજાને મહત્તા આપે છો? એ કરવા જેવું નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ચક્રવર્તીપદ હોય .. થાય જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નથી ને. 'ગુરુદેવ' એમ કહેતા કે એ ધૂળ છે. 'ગુરુદેવ'ની ભાષા બહુ તીખી ભાષા આવી છે. સીધું એમ કહે કે રસ્તામાં, સડકપર ધૂળની કિંમત નથી. એના ઉપર બધા પગ દઈને ચાલે છે. એમ આ ચક્રવર્તીની સંપત્તિ એ ધૂળ છે. 'બનારસીદાસે' એન કાગડાની વિષ્ટા કીધી છે. 'કાગવિટ સમ જાનત હૈ સમ્યગ્દષ્ટિ લોક'. આમ છે. એટલી તુચ્છતા લીધી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'સોગાનીજી'એ કહ્યું, પુણ્ય તો વિષ્ટા કા ઢેર હૈ. 'ગુરુદેવ' કહે, લ્યો, આપણે વિષ્ટા વિષ્ટા કહેતા હતા, આ વિષ્ટાનો ઢગલો કીધો. પ્રમોદ કરતા હતા. આપણે વિષ્ટા કહેતા હતા, આ તો કહે, વિષ્ટાનો ઢગલો છે. કોઈપણ જ્ઞાનીના વચનો લો, એક જ અભિપ્રાયથી દરેક વાત છે. લોકો જેનું આશ્ચર્ય કરે છે, લોકો જેની

પાછળ ગાંડા છે-પાગલ છે અને આત્માને અધોગતિમાં લઈ જવાના પરિણામથી મેળવવા ચાહે છે એવી ચીજને આ ઉપમા આપી છે-વિષ્ટાની. કાગડાની વિષ્ટાની, મનુષ્યની વિષ્ટા પણ નહિ. તુચ્છમાં તુચ્છ, ધૂળની તુચ્છમાં તુચ્છ ઉપમા આપી છે.

**'જગતમાં તેં બધી જાતના પ્રયાસ કર્યા,...'** બાહ્ય પદાર્થો, જગતના પદાર્થો મેળવવા માટે અનંતકાળમાં બધી જાતના તેં પ્રયાસ કર્યા. કોઈ પ્રયાસ તેં છોડ્યો નથી. જગતમાં બધી જાતના સાહસ જેને કહેવામાં આવે એ બધા સાહસ તેં કર્યા. આ આવે છે ને સર્કસની અંદર બધા જુદાં જુદાં ખેલ? એમાં ... સિંહના મોઢામાં, વાઘના મોઢામાં હાથ નાખે, માથું નાખે. હાથ શું, માથું નાખે છે. મોઢું ખોલે ને પોતાનું માથું આપે. બંધ કરે ત્યારે ... બધા પ્રયત્ન કર્યા. પ્રાણને હોડમાં મુકીને, તાર પ્રાણને હોડમાં મુકીને, જીવનને હોડમાં મુકીને બાહ્ય પદાર્થો મેળવવા માટે તેં બધી જાતના પ્રયાસ કર્યા.

**'જગતમાં તેં બધી જાતના પ્રયાસ કર્યા...'** ઈ કરે છે એમ નહિ, આ જીવ બધું કરી બેઠો છે પાછો. અત્યારે એમ જોવે છે કે પેલો કરે છે. પણ એક વખત તેં એમ જ કર્યું છે. એવી સ્થિતિ છે. **'જગતમાં તેં બધી જાતના પ્રયાસ કર્યા, બધું જોયું, બધું કર્યું...'** તેં કંઈ ન જોયું હોય, તેં ન જોયેલા પદાર્થોનું આશ્ચર્ય થાય છે પણ તેં બધું જોયું છે. બધે ઉપજ્યો છે. ક્યાંય કોઈ ક્ષેત્ર જગતનું તેં છોડ્યું નથી. **'બધી જાતના પ્રયાસ કર્યા, બધું જોયું, બધું કર્યું,...'** પુણ્ય-પાપના બધા ફળની અંદર બધા ભોગવટા થઈ ગયા.

**'પણ એક જ્ઞાનસ્વરૂપ, સુખસ્વરૂપ, અનંતગુણમય એવો આત્મા કદી ઓળખ્યો નથી,...'** ઓળખવાની વાત પહેલાં લીધી છે. આત્માને કદી તેં ઓળખ્યો નથી. બાકી બધું કર્યું છે. એટલે અત્યારે એની મુખ્યતામાં વાત રહી જાય છે ને. અત્યારે પોતાનું હિત સાધવાનું કેમ રહી જાય છે? કે વર્તમાનમાં કોઈપણ ઉદયમાં જીવ એવી રીતે પકડાય છે કે એ ઉદયની પાછળ પરિણામનો આખેઆખો પ્રવાહ ચાલ્યો જાય છે અને હિત રહી જાય છે. એટલે આવું અનંત વાર થઈ ગયું. અનંત વાર ... પ્રાપ્ત થયો, પુણ્યનો ઉદય થયો. અનંત વાર આથી વધારે, આથી વધારે પાપનો ઉદય થયો. આ તો સામાન્ય છે. અત્યારે જે મનુષ્ય પર્યાયમાં વર્તમાન સંયોગોનું જે કાંઈ લાભ-નુકસાન થાય છે, સુખ-દુઃખના પ્રસંગો થાય છે એ બધા તમામ સાધારણ કોટિના છે. એથી ઉત્કૃષ્ટ કોટિના સુખના અને દુઃખના, પુણ્યના અને પાપના ઉદય આવી ચૂક્યા. એનું અત્યારે તને કાંઈ નથી. એના કોટિનું અત્યારે એનું કાંઈ છે? એનું કાંઈ નથી તારે. તો પછી એથી હિણા પ્રસંગોની અંદર તું શા માટે તારું આખેઆખું પરિણમન ત્યાં લઈ જાય છે? એમ કહેવું છે. આખેઆખું પરિણમન કેમ વહેંચી દે છે? આથી વિશેષ થયું

તોપણ તને એનો કાંઈ લાભ નથી. લાભ થયો એનો લાભ અત્યારે નથી, નુકસાન થયું એવું નુકસાન અત્યારે નથી.

વધુમાં વધુ માણસને પ્રાણ જાય, પ્રાણ છૂટી જાય એ એક દુ:ખનો મોટો પ્રસંગ જગતની અંદર ગણવામાં આવે છે. મૃત્યુ થઈ ગયું. અનંત વાર પ્રાણ છૂટ્યા. તારામાંથી શું છૂટ્યું? જે જે દસ પ્રાણોનો, આ છ પ્રાણથી માંડીને દસ પ્રાણ સુધી જે સ્થિતિ છે, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયની, એ બધા અનંત વાર ઉદયો આવ્યા, તારામાંથી શું ગયું? આવ્યું ત્યારે તારામાં શું આવ્યું? ગયું ત્યારે તારામાંથી શું ગયું? કાંઈ નહિ. જે લોકો બહુ પ્રવૃત્તિમાં પડ્યા છે, વિચાર સુદ્ધા કરતાં નથી. એને એમ કહેવાય છે, શું કામ પ્રવૃત્તિમાં પડ્યા છો? તો કહે, શું કરીએ? ભાઈ! કેટલીક જવાબદારીઓ છે. અમુક રીતે આપણું Status હોવું જોઈએ, આટલું તો આપણે હોવું જ જોઈએ, આથી ઓછું તો ન ચાલે એટલે કર્યા વગર ... પ્રવૃત્તિ કર્યા વગર છૂટકો નથી. (એને એમ કહીએ) કે પ્રાણ જાય એથી મોટી વાત છે? ના, એથી મોટી વાત નથી. ... કરવું પડે એવું છે? તોપણ જન્મ-મરણના પ્રસંગોનો અભાવ થાય અને તું શાશ્વત અજરઅમર પદને પ્રાપ્ત થઈ જાય એની માટે મહેનત કરે ને. એક વખત પ્રાણ જાય, એથી નાના નાના પ્રસંગોમાં તો આખી જિંદગી વેડફવી છે અને એક વાર નહિ, કોઈ વાર પણ તારું મૃત્યુ ન થાય, અજરઅમર પદની પ્રાપ્તિ થાય એને માટે તારે કાંઈ સમય, શક્તિ ક્યાંય રસ લેવો નથી? એ પોતાના અવિવેકને પ્રસિદ્ધ કરે છે કે એને નાની વાત પાછળ વધારે શક્તિ ખર્ચવી છે, મોટી વાત પાછળ એને ધ્યાન દેવું નથી. 'ખાળે ડૂચા અને દરવાજા મોકળા' જેવી વાત છે.

**'બધું જોયું, બધું કર્યું, પણ એક જ્ઞાનસ્વરૂપ, સુખસ્વરૂપ, અનંતગુણમય એવો આત્મા કદી ઓળખ્યો નથી,...'** એક વાર પણ એણે ઓળખાણ કરી નથી. ઓળખાણ કરે તો આખી ખાણનો પત્તો લાગે. ત્યારથી પરિણમન સન્મુખ થઈને કેટલીક પુરુષાર્થની સરળતા અને બીજા ગુણોને ઉત્પન્ન થવાનો અવકાશ આપોઆપ-Automatic થાય છે. એટલે ઓળખાણની વાત પહેલા લેવામાં આવે છે.

**'એક જ્ઞાનસ્વરૂપ,...'** એટલે અનંત જ્ઞાનસ્વરૂપ એવો એક અભેદ. **'સુખસ્વરૂપ,...'** એટલે અનંત સુખસ્વરૂપ એવો એક અભેદ પોતે, એમ લેવું છે. એવો આત્મા કદી ઓળખ્યો નથી. એવા એવા અનંત ગુણમય, અનંત શક્તિમય એવા આત્માની કદી ઓળખાણ થઈ નથી. ઓળખાણ થઈ નથી એથી હજી મહિમા આવ્યો નથી. વગર ઓળખ્યે કૃત્રિમતાએ મહિમા કર્યો છે. ઓળખાણથી કદી એને મહિમા આવ્યો નથી. ઓળખાણ થાય એ મહિમાના ફળમાં એને અનુભવ થયા વિના રહે નહિ.

આ નિયમ છે.

મુમુક્ષુ :- જાતિ ત્યાંથી પલટે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જાતિ પલટે છે. ખરેખર ત્યાંથી પલટે છે. આમ તો સમ્યગ્દર્શન થાય પછી જાતિ પલટે છે. ખરેખર અહીંથી પલટે છે. અહીંથી સન્મુખ લીધો ને? સન્મુખપણું લીધું. સમ્યક્ સન્મુખ લીધો છે. છે મિથ્યાદષ્ટિ.

મુમુક્ષુ :- જ્ઞાન અને સુખ બે ગુણ..

પૂજ્ય ભાઈશ્રી :- બધા શાસ્ત્રમાં લીધું. 'રાજમલજી'એ શું લીધું? પાંચ દ્રવ્ય અને છઠ્ઠા સંસારીજીવને જાણતાં જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. બે મુખ્ય ગુણ છે. બે મુખ્ય ગુણ જીવને મિથ્યાત્વ અવસ્થામાં બુદ્ધિપૂર્વક સમજાય એવા આ બે ગુણ છે. દરેક જીવને એની વાંછા છે. સુખની વાંછા છે અને જ્ઞાનની વાંછા છે. એને બધું જાણવું છે. જેટલું કહો એટલું જાણવાની કદી ના નહિ પાડે. એને દુનિયા આખી જાણવી છે. કેમકે મૂળ કેવળજ્ઞાન સ્વભાવ છે અને પૂર્ણ સુખ એનો સ્વભાવ છે એટલે પૂરું સુખ જોઈએ છે. આમ બે મુખ્ય છે. અને બેય બુદ્ધિગોચર વિષય છે. બીજા ગુણોનું પરિણમન બુદ્ધિમાં એટલું આવતું નથી જેટલું આ બે ગુણનું આવે છે. એટલે અધ્યાત્મનો વિષય બુદ્ધિગમ્ય વિષય તરીકે લેવામાં આવ્યો છે.

'ટોડરમલજી'એ એ ચર્ચા કરી છે. અધ્યાત્મનો વિષય એવો છે કે બુદ્ધિપૂર્વક સમજવામાં આવે છે તો જીવ પુરુષાર્થ કરી શકે છે. એટલે તો કહ્યું આ જોઈએ, આ જોઈએ એની પાછળ એનો પુરુષાર્થ થાય ને? એટલે જ્ઞાન અને સુખને ... ચકલું કે દેડકું, અનુભવ થાય ત્યારે એને આ બે વાત સમજાય છે કે મને સ્વસંવેદનરૂપ જ્ઞાન થયું અને મને નિરાકુળતારૂપ સુખ થયું. અનંત ગુણનું પરિણમન છે ત્યાં. એ અનુભવમાં અનંત ગુણનો રસ પડે છે પણ અનંત ગુણ સમજાતા નથી. બે ગુણ તો સમજાય જ છે, ચકલું અને દેડકું હોય તો એને બે ગુણ સમજાય છે. એમાં બધું આવી ગયું.

અનંતગુણમય સુખસ્વરૂપ એવો જે પોતાનો આત્મા એને કદી ઓળખ્યો નથી. ક્યારેય એની ઓળખાણ કરી નથી. પહેલી વાત જે છે એ આ છે-આત્માને ઓળખવાની. આત્માને ઓળખવું એટલે પોતાના પરમ સત્‌ને ઓળખવું. પરમ સત્ છે એ સામર્થ્યરૂપે હોવાથી અપ્રગટ છે એટલે ઓળખવામાં થોડી કઠિનતા છે. ... પર્યાયની જેમ પ્રગટ હોય તો એટલી કઠિનતા ન લાગે જેટલી સામર્થ્યરૂપે-શક્તિરૂપે ... દિવાસળી સળગાવવી હોય તો તરત ભડકો દેખાય. પણ ટોપકામાં અગ્નિ છે એ સમજતા થોડી એને તકલીફ પડે છે. એવું આમાં છે. એટલે વધારે અનુકૂળતા, સત્‌ને ઓળખવાની વધારે અનુકૂળતા પ્રગટ સત્પુરુષ છે. એ પ્રગટ સત્ છે. પોતાનો આત્મા અપ્રગટ સત્

છે અને આ પ્રગટ સત્ છે. એટલે જો પ્રગટ સત્ ઓળખાય તો પોતાનું અપ્રગટ સત્ ઓળખાશે. નિયમથી ઓળખાશે.

'શ્રીમદ્જી'એ એક જગ્યાએ એવી વાત લીધી કે અનંત કાળમાં આ જીવનો કોઈ મોટો દોષ હોય તો એણે સત્પુરુષને ઓળખ્યા નથી તે છે. પ્રશ્ન ત્યાં થાય કે આત્માને ઓળખ્યો નથી એ મોટો દોષ છે, એમ કેમ ન કીધું? અને સત્પુરુષને ઓળખ્યા નથી એ મોટો દોષ કીધો? સત્પુરુષને ઓળખવા એ સહેલા છે, આત્માને ઓળખવો એ વાત એથી અઘરી છે, સરખામણીમાં એથી અઘરી વાત છે. કેમકે એક પ્રગટ સત્ છે, એક અપ્રગટ સત્ છે. અને સત્પુરુષની નહિ ઓળખાણ થવાના ત્રણ કારણો છે. એમણે કેટલીક વાત બહુ ચોખ્ખી કરી છે.

લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગ. આ ત્રણ પ્રકારને જીવ સેવે છે એ સત્પુરુષને ઓળખી શકતો નથી. લોકસંજ્ઞામાં ચડેલો જીવ લોક અને સમાજને મુખ્ય કરીને એની નજરમાં રહેવાની વાત સત્પુરુષને નહિ ઓળખવા દ્યે. એક સત્પુરુષ નજીક હોવા છતાં ઓઘસંજ્ઞાએ પ્રવર્તે એટલે ઓળખવાની દિશામાં એનો પ્રયત્ન ન હોય એ ઓઘસંજ્ઞા છે. ઓઘેઓઘે ચાલે. ઓળખવાની દિશામાં પ્રયત્ન ન થાય. એ પણ એને સત્પુરુષને નહિ ઓળખવાનું કારણ છે. અને અસત્સંગ એટલે ... પ્રત્યે પ્રીતિ રહે એ પણ એને સત્‌ને નહિ ઓળખવા દે. કેમકે એ નિર્દોષતત્ત્વ છે, આ દોષિત તત્ત્વ છે. ... નિર્દોષતાની ઓળખાણ કરવામાં જ્ઞાનની અયોગ્યતાને ઊભી કરી દ્યે છે. જ્ઞાનમાં જે ઓળખવાની શક્તિ છે, એમાં સત્‌ને ઓળખવાની જે શક્તિ છે એની યોગ્યતા અવગુણના પ્રેમમાં નથી થતી, અવગુણની રુચિમાં નથી થતી. એ ત્રણ કારણો લીધા છે. એકદમ ચોખ્ખી વાત કરી છે. ... એક પ્રશ્ન લીધો છે. ...એટલી વાત લીધી. તેં નથી કર્યું એમાં એક આત્માને નથી ઓળખ્યો. અનંત ગુણમય એક જ્ઞાનમય અને સુખમય આત્મા છે એને નથી ઓળખ્યો. નથી ઓળખવાનું કારણ કે આ ત્રણમાંથી કોઈ એક કારણને તેં અથવા ત્રણે કારણને કે કોઈ એક કારણને સેવવાનું ચાલુ રાખ્યું છે.

મુમુક્ષુ :- ... તો શ્રદ્ધાન આવી જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો ... એના ગર્ભમાં છે. કોઈને પ્રવૃત્તિરૂપ ન હોય. ... લોકસંજ્ઞા ન દેખાતી હોય અંદરમાં બધું પડ્યું છે. ઓઘસંજ્ઞામાં ચઢી ગયો હોય. એમાં બીજી વાતો આવી જ જાય છે. એટલે ભેદ પાડીને ભેદ-પ્રભેદથી સ્પષ્ટ કર્યું છે. એટલે શું છે કે જેને સ્વલક્ષી વિચારધારા છે એ મેળવણી કરે કે આમાંથી કોઈ એક મુદ્દો મારે વિષે છે? તો મારે એ ટાળવા જેવું છે. નહિતર સત્ નહિ ઓળખાય. સત્ નહિ

ઓળખાય તો ... જાય. પહેલા પગથિયે જે ખામી છે એ રહી જાય છે. આગળનું કોઈ કામ થતું નથી. આ પગથિયે પગ મૂક્યા વગર બીજા પગથિયે પગ આવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાતો નથી.

**'અનંતગુણમય એવો આત્મા કદી ઓળખ્યો નથી, તેને ઓળખ;...'** એ ઓળખવા માટે ઓઘસંજ્ઞાની નિવૃત્તિ કર, લોકસંજ્ઞાની નિવૃત્તિ કર, અસત્સંગની નિવૃત્તિ કર. અસત્સંગ અને અસત્પ્રસંગ બેય વાત લીધી છે. અસત્સંગ અને અસત્પ્રસંગ. પ્રસંગ એટલે લૌકિકજીવના પરિચયમાં વિશેષ ન રહે. એ અસત્પ્રસંગ છે. લૌકિકજીવોમાં તો રહે છે બધી ઘટમાળ દુનિયાની, સંયોગોની વાતો, સંયોગોની મહત્તા.. એ બધું ચાલતું હોય છે.

**'બસ તે જ એક કરવાનું બાકી રહી જાય છે.'** આત્માને ઓળખવાનું એક બાકી રહી જાય છે. એકવાર આત્માને ઓળખ, તારો છૂટકારો થઈ જશે. કેમકે એ પોતાના મૂળ શુદ્ધપદની ઓળખાણ છે. એક જ્ઞાનસ્વરૂપ જ્ઞાન અથવા સુખસ્વરૂપ અનંત ગુણમય એનો અર્થ કે સાક્ષાત્ સિદ્ધપદસ્વરૂપ છે એ જો ઓળખવામાં આવ્યું એટલે એ પદ જ્યાં સુધી પ્રગટ ન થાય ત્યાં સુધી એને અવસ્થામાં અટકવાનો પ્રશ્ન રહેતો નથી. ... ... આવીને ઉભી રહેવાની. હું જો અંદરમાં આવો છું તો અવસ્થા એથી બીજી રીતે ચાલે એ વાતનો એને સત્કાર થાય, હકાર થાય એ કોઈ દિવસ એને બનવાનું નથી. કેમકે પોતાની ઉચિત અવસ્થાને એ ચાહે છે, પોતાથી અનુચિત અવસ્થાને એ ઈચ્છતો નથી. ઈચ્છે જ નહિ. આવું ઊંચામાં ઊંચું પદ હોય એ નીચપદને કેમ ઈચ્છે? સર્વોત્કૃષ્ટ પદ છે. એને છોડીને, અનંત સુખને છોડીને દુઃખને કોણ ઈચ્છે? શુદ્ધતાને છોડીને મલિનતાને કોણ ઈચ્છે? અને પોતાના સ્વરૂપથી વિપરીતતાને કોણ ઈચ્છે? ઊંધાઈ છે એ તો વિપરીતતા છે અને એ પોતાના સ્વભાવથી વિપરીતતા છે. સ્વભાવની ઓળખાણ થયા પછી આ બધો નિષેધ ઊભો થઈ જાય છે. અને એ એક થઈ ગયું એટલે આગળનું કામ આપોઆપ થવા લાગે છે. આપોઆપ એમ જ થાય. પછી એને કૃત્રિમતા કરીને કરવું પડે એ પ્રશ્ન નથી રહેતો. આપોઆપ થવા લાગે છે. એવી ઓળખાણ એક બહુ મોટી ચીજ છે. સ્વરૂપ નિશ્ચય-સ્વરૂપનો નિર્ણય એ બહુ મોટી ચીજ છે કે જેમાંથી આખું સિદ્ધપદ ઊભું થાય છે. એટલે એને બહુ મોટી વાત આપી છે.

મુમુક્ષુ :- જેટલી મહત્તા છે એટલી ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, સંસ્કાર પણ એમાં પડે છે અને એક વાર ૧૪૩ ગાથાની ટીકા ઉપર પ્રવચન કરતાં.. સમ્યક્ સન્મુખનો અધિકાર ચાલ્યો છે ને? 'ગુરુદેવશ્રી' ... વિષય ચાલતો હતો. કેવો એને નિષેધ આવે છે. અંતર પુરુષાર્થમાં જે જીવ પડ્યો છે

(એને) વિકલ્પ ઉઠે છે એનો નકાર આવે છે. જ્ઞાનના હકારમાં વિકલ્પ ઉઠે છે અને નકાર આવે છે. હું શુદ્ધ છું, એવો વિકલ્પ છે. છે શુભ, શુદ્ધનો હકાર છે અને વિકલ્પનો નકાર છે. એ સૂક્ષ્મ ભેદજ્ઞાનનો વિષય લેતા હતા. એક ન્યાયે તો આ સમ્યગ્દૃષ્ટિ જીવ જ છે. કેમકે ભેદજ્ઞાન સમ્યગ્દૃષ્ટિ કરે છે, આ પણ ભેદજ્ઞાન કરે છે. ત્યાં સુધી કહ્યું. એક ન્યાયે તો એ સમ્યગ્દૃષ્ટિ જેવો છે. સમ્યગ્દર્શનની નજીક પહોંચી ગયો, સમીપ પહોંચી ગયો. એને ભેદજ્ઞાન એવું ઉપડ્યું છે કે અંદરમાં શુદ્ધ સ્વરૂપનો અને શુદ્ધ સ્વભાવનો વિકલ્પ ઉઠે તોપણ એને નકારે. એનો એને નકાર આવે છે. પોતાના સ્વરૂપનો હકાર આવે છે, ઓળખાણમાં આવેલા–લક્ષમાં આવેલા સ્વરૂપનો હકાર આવે છે. (વિકલ્પનો) નકાર આવે છે. એવા પુરુષાર્થના વેગમાં ચડેલો છે. જે પામ્યો કે પામશે એવી તૈયારી છે. હજી નથી પામ્યો તો કહે એક ન્યાયે તે સમ્યગ્દૃષ્ટિ જેવો છે. કેમકે Automatic પરિણમન થઈ ગયું. કૃત્રિમતા નથી કરવી પડતી. એ બધું કારણ આત્માની ઓળખાણ થઈ તે છે. ઓળખાણ ન થઈ હોય તો એ પરિસ્થિતિ ઊભી થાય નહિ. અહીં સુધી રાખીએ.

**પુદ્‌ગલ પર્યાય પ્રતિ જીવનો રસ - વિભાવરસ જેટલી માત્રામાં પ્રવર્તે છે, તે પર્યાયને બહિર્મુખ રહેવાનું - થવાનું કારણ છે અને અંતર્મુખનો પુરુષાર્થ થવામાં બાધક અર્થાત્ અવરોધક - પ્રતિબંધક છે. વિભાવરસથી અધિકમાત્રામાં સ્વભાવનો - ચૈતન્યનો રસ થયા વિના પર્યાય અંતર્મુખ થતી નથી. આમ બહારમાં અટકવામાં કષાયરસ - રાગરસ મુખ્ય છે. તેથી પરમાગમમાં તે રસને જ ‘બંધ તત્ત્વ’ બતાવ્યું છે. ચાલતા પરિણામમાં તેનું યથાર્થ અવલોકન થવાથી તે રસ મંદ પડે છે. ત્યાં સ્વભાવ રસ ઉપજવાનો અવકાશ થાય છે. (‘અનુભવસંજીવની’ બોલ નં.૧૩૪)**

**તા. ૨૫-૧૨-૧૯૮૭, વચનામૃત-૨૫૯,૨૬૦**
**પ્રવચન નં. ૨૦૪**

**કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી. એક આત્મામાં જ રહેવું તે હિતકારી, કલ્યાણકારી અને સર્વસ્વ છે. ૨૫૯.**

'બહેનશ્રીનાં વચનામૃત'. ૨૫૯-બોલ. પાનું-૮૮. '**કોઈ જાતની પ્રવૃત્તિમાં ઊભા રહેવું તે આત્માનો સ્વભાવ નથી.**' આત્મસ્વભાવ, આત્મસ્વભાવમાં પ્રવૃત્તિ, માત્ર પ્રવૃત્તિ થાય. નીચે લીધું છે '**એક આત્મામાં જ રહેવું...**' એટલે? પરિણામની જે પ્રવૃત્તિ છે એ પણ સ્વભાવમાં લીનતા કરે એ જાતનો એનો સ્વભાવ છે. પરિણામની અપેક્ષાએ પણ નિજ શુદ્ધ સ્વરૂપના પરિણામ, જેવું સ્વરૂપ છે એવું તદાકાર પરિણામ થવું એવો સ્વભાવ છે. અન્ય દ્રવ્યની કોઈ પ્રવૃત્તિમાં રહેવું, કોઈ જાતની એટલે અન્ય દ્રવ્ય સંબંધિત કોઈપણ પ્રવૃત્તિમાં ઊભા રહેવું એ આત્માનો સ્વભાવ નથી.

જેને પોતાનો આવો સ્વભાવ સમજાય છે એને એ અભિપ્રાય છે અને એ અભિપ્રાય હોવાને લીધે તે બાહ્ય પ્રવૃત્તિમાંથી ખસતો જાય છે. સંસારિક પ્રવૃત્તિમાંથી ખસતો જાય છે અને ત્યારપછી ધાર્મિકક્ષેત્રની બાહ્ય પ્રવૃત્તિમાંથી પણ તે ખસતો જાય છે. ત્યાં સુધી કે સાક્ષાત્ ધ્યાનની મૂર્તિ એવા જે મુનિરાજ એ પછી કોઈ પ્રવૃત્તિમાં ઊભા જોવામાં આવતા નથી. કદાચિત્ શાસ્ત્રલેખન કે શાસ્ત્ર પ્રવચનની પ્રવૃત્તિ હોય છે. પણ એ ક્યારેક હોય છે. એમાં ઊભા રહેવું એ વાત નથી. ઊભા રહેવું એટલે જવાબદારી નથી. એ વિષયની કોઈ જવાબદારી હોતી નથી. એ સાક્ષાત્ ચારિત્રની વાત થઈ.

એ ચારિત્ર ક્યાંથી ઉત્પન્ન થયું? કે પ્રથમ આવા સ્વભાવનો અનુભવ થયો ત્યારે આવું મારું સ્વરૂપ છે અને જેવું સ્વરૂપ છે એવું જ પરિણમન મને હિતકારી છે. એથી વિરૂદ્ધ પરિણમન મને હિતકારી નથી, મને નુકસાનીનું કારણ છે, કર્મબંધનું કારણ છે. એમ પ્રથમ અભિપ્રાય એ યથાર્થ અને પાકો થાય છે. યથાર્થ છે એટલે જ પાકો છે. એ સિવાય યથાર્થતા વિનાનું દઢતાપણું-દઢપણું હોઈ શકતું નથી. તેથી પોતાના સ્વભાને અનુસરીને જેટલા પરિણામ છે તે સંમત કરે છે. પોતાના અભિપ્રાયથી પોતાના

પરિણામ વિરૂદ્ધ પણ જાય છે એને દોષ સમજે છે અને એનો નિષેધ કરે છે. પોતાના જ પરિણામનો પોતે નિષેધ કરે છે કે આવા પરિણામ મને હોવા યોગ્ય નથી.

મારું કર્તવ્ય, કર્તવ્યનો બોલ છે કે મારા સ્વરૂપમાં રહેવું, આત્મામાં જ રહેવું એવું મારું કર્તવ્ય છે. તે એકમાત્ર મને હિતકારી છે, સુખકારી છે, કલ્યાણનું કરનારું છે અને એ કર્તવ્યમાં મારું સર્વસ્વ આવી જાય છે. એ કર્તવ્યમાં મારું કાંઈ બાકી રહેતું નથી. પ્રશ્ન એ થવા યોગ્ય છે કે ભૂમિકા અનુસારના બીજા પ્રશસ્ત રાગ-દ્વેષના જે પરિણામ છે એ પણ હોવા અનિવાર્ય છે એમ પણ શાસ્ત્રની અંદર કથન આવે છે. એ કથનને કેવી રીતે સમજવું?

પોતાની ઉપાદેયતામાં આવીને સમજવું. સર્વસ્વપણે ઉપાદેય તો એક મારું સ્વરૂપ છે. એવો અભિપ્રાય, એવું કર્તવ્ય, એવો સિદ્ધાંત બરાબર પોતાને બેસે પછી એને એ વાત સમજાય છે કે સહજપણે અંદરમાં પરિણામ સ્થિર ન હોય, સ્વરૂપમાં પરિણામ સ્થિર ન હોય ત્યારે ઉચિત રાગ-દ્વેષના પરિણામ, મર્યાદિત રાગ-દ્વેષના પરિણામ હોય છે. હોય છે, આવ્યા વિના રહેતા નથી. એમ બન્ને વાત એક જ અર્થમાં, એક જ ભાવમાં, એક જ અભિપ્રાયમાં છે. એ કરવા પડે અને કરવા જોઈએ એ વિષય ત્યાં નથી. કર્તવ્યનો વિષય નથી. હોય છે એ બીજી વાત છે. સહજ કુદરતી હોવું એક વાત છે અને કૃત્રિમતાએ કરવા એ બીજી વાત છે. અને છતાં પણ એ પરિણામ અભિપ્રાય નિષેધે છે. એ પરિણામ ટાળીને પણ શુદ્ધાત્મ સ્વરૂપમાં રહેવાના પુરુષાર્થમાં તે અગ્રેસર થાય છે અને એ જ પોતાને કર્તવ્ય છે. એવા વલણ સાથે બધા પરિણામ થઈ જાય છે એ એની મર્યાદા છે.

'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માં એવો એક બોલ છે કે સ્વરૂપની દૃષ્ટિ થયા પછી બીજા બીજા પરિણામની કેટલી મર્યાદા ક્યાં ક્યાં કેવી છે અથવા શાસ્ત્રમાં બીજા જે કથનો આવે છે કે આમ પણ કર્તવ્ય છે, આમ કરવા યોગ્ય છે, વ્યવહાર તો આવો હોવા યોગ્ય છે, ફલાણું આમ હોય, આ તો આમ જ હોય એની મર્યાદા કેટલી? કે સ્વરૂપદષ્ટિ થયા પછી એ કથનની મર્યાદા, શાસ્ત્રકથનની મર્યાદા સમજાય છે, એ પહેલાં એ મર્યાદા ખરેખર કોઈને સમજાતી નથી.

એટલે સમ્યક્ એકાંત આ છે. એમાં જ ... થયેલી વાત છે. આ સમ્યક્ એકાંત છે કે '**એક આત્મામાં જ રહેવું હિતકારી છે,...**' એ સિવાયની આત્મસ્વરૂપની પ્રવૃત્તિથી બીજી કોઈ પ્રવૃત્તિ એ પ્રવૃત્તિથી ઉચ્ચ કોટિની નથી, ઊંચી કક્ષાની નથી કે જેથી બીજી પ્રવૃત્તિમાં ઊભા રહેવું અને આત્મપ્રવૃત્તિને છોડી દેવી, ત્યાગ કરવો તે હિતકારી મનાય. એવી તો કોઈ પ્રવૃત્તિ જગતમાં છે નહિ. આત્મામાં રહેવું તે તો સમ્યક્ એકાંતે નિર્દોષ

પરિણમન છે અને એ લોકોત્તર નિર્દોષતા પાસે લૌકિક નિર્દોષતાનો કોઈ સરખામણીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એટલે આ સિદ્ધાંત છે. એક આત્મામાં રહેવું તે સિદ્ધાંત છે. એ હિતકારી, કલ્યાણકારી અને સર્વસ્વ છે. એમ પૂરું જોર એના ઉપર છે. તેમ છતાં બીજું કાંઈ થાય તો તે અપવાદમાં જાય છે. સિદ્ધાંતમાં એ વાત નથી. સિદ્ધાંત એક વાત છે, અપવાદ બીજો માર્ગ છે.

'પ્રવચનસાર'ના ચરણાનુયોગસૂચક ચૂલિકાના અધિકારમાં એ વિષય આચાર્ય મહારાજે સ્પષ્ટ કર્યો છે, સિદ્ધાંત અને અપવાદનો. ત્યાં એટલી વાત લીધી છે કે આત્મામાં રહેવું તે જ એક સિદ્ધાંત છે, વીતરાગતા તે જ એક સિદ્ધાંત છે. અને જ્યારે મુનિરાજ દીક્ષા અંગીકાર કરે છે ત્યારે એવી પ્રતિજ્ઞા કરે છે કે હવે હું શુદ્ધોપયોગમાં જ રહીશ, શુદ્ધોપયોગની બહાર હું નહિ જાઉં. ત્યારે પ્રશ્ન થાય કે મુનિરાજ અઠ્યાવીસ મૂળગુણ, પંચ મહાવ્રત આદિનું પાલન કરે છે એ બાહ્ય પ્રવૃત્તિ છે, શુભોપયોગની પ્રવૃત્તિ છે. શુદ્ધોપયોગમાં ન રહ્યા. તો કહે છે, એ અપવાદમાર્ગ છે. છઠ્ઠા ગુણસ્થાનમાં આવ્યા, અપવાદમાર્ગમાં આવ્યા. પ્રતિજ્ઞા કરીને ધ્યાનમાં સાતમા ગુણસ્થાને આવ્યા. સિદ્ધાંત અનુસાર ગુણસ્થાનને પ્રાપ્ત કરેલ દશા, મુનિદશા ભાવલિંગી દશા મેળવી લીધી. છઠ્ઠા ગુણસ્થાનમાં આવ્યા તો કહે છે અપવાદમાં આવ્યા. અપવાદનો આગ્રહ નથી. છતાં પણ મુનિરાજને અપવાદનો આગ્રહ નથી કે આવા પંચ મહાવ્રતના પરિણામ મારે કરવા જોઈએ, એવો એનો આગ્રહ નથી.

સિદ્ધાંતમાં રહેવું, સિદ્ધાંત અનુસાર પરિણમન થવું એ અભિપ્રાય છે તોપણ એ પરિણામ કૃત્રિમતાએ કરી શકાતા નથી, સહજ સ્થિતિના છે. તેથી એમાં પણ આગ્રહ કામમાં આવતો નથી. બેય વાત લીધી છે. સિદ્ધાંતનો આગ્રહ અને અપવાદનો આગ્રહ બન્નેમાંથી એક પણ આગ્રહ મોક્ષમાર્ગીને હોતો નથી. એમ ત્યાં લીધું છે. સિદ્ધાંત અનુસાર અભિપ્રાય છે, અપવાદ છે તે અભિપ્રાય વિરૂદ્ધના પરિણામ છે. તેથી તેની સ્થિતિ ઘટતી જાય છે અને સિદ્ધાંતિક પરિણમન, વીતરાગતાનું પરિણમન વૃદ્ધિગત થઈને પૂર્ણ થઈ જાય છે. એટલે વજન એના ઉપર છે. બન્ને પરિણામમાં વજનને તોળવામાં આવે તો એક આત્મામાં રહેવું તે જ હિતકારી છે અને તે જ સર્વસ્વ છે. એવું વજન એ પરિણામ માટે આવી શકે. કદાપિ એક વાર પણ એવું વજન વ્યવહારના પરિણામ માટે આવી શકે નહિ કે આ હિતકારી છે ને આ કલ્યાણકારી છે ને આ સર્વસ્વ છે એવું કદી આવે નહિ. એક વાર પણ ન આવે.

મુમુક્ષુ :- એવી ભાવના નિરંતર રહેવી ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, મુમુક્ષુને એવી ભાવના નિરંતર રહે છે. મુમુક્ષુને એ

ભાવનાનો વિષય છે. ભાવના, ઉપયોગ અને લબ્ધ. લબ્ધ એટલે અહીંયા પરિણતિ લેવી છે. ભાવનામાંથી પરિણતિ થાય, પરિણતિમાંથી ઉપયોગ થાય. જો ભાવના ન હોય તો પરિણતિ ન થાય, પરિણતિ ન થાય તો ઉપયોગ થવાનો પ્રશ્ન રહેતો નથી. શુદ્ધોપયોગ કેમ આવે છે? કે આ ભાવના છે. ભાવના છે એ રસનો વિષય છે. રસ જેમ જેમ ગાઢ થતો જાય છે, જેમ જેમ રસ ગાઢ થતો જાય છે, ભાવના ભાવતા.. ભાવતા.. ભાવતા પરિણતિ થઈ જાય છે. 'પૂજ્ય બહેનશ્રી'એ કહ્યું ને પરિણતિ થઈ જવી જોઈએ. એ પરિણતિ થાય છે એમાંથી ઉપયોગ થાય છે. કોઈ જીવને પરિણતિ થયા વગર ઉપયોગ થાય એવું કોઈ દિવસ ન બને.

બહુભાગ જીવો શું વિચારે છે? કે આ બધી વસ્તુવ્યવસ્થા સમજે. પછી યથાર્થ ભાવના અને પરિણતિમાં આવ્યા પહેલાં શુદ્ધોપયોગની આશા ધારે છે કે મને સમ્યગ્દર્શન કેમ થતું નથી? મને કેમ નિર્વિકલ્પ દશા પ્રગટ થતી નથી? ધ્યાનમાં પણ બેસે. એકાંત સ્થળમાં ધ્યાનમાં બેસે. સ્વરૂપની વિચારણા કરે. હજી ભાવના અને પરિણતિના પગથિયે ન આવ્યા હોય અને શુદ્ધોપયોગની આશા રાખે, એવી રીતે તો કોઈને શુદ્ધોપયોગ પ્રગટ થતો નથી. એ વિષય સ્પષ્ટ વ્યવહાર-નિશ્ચયનો છે.

કોઈ એવો તર્ક કરે છે કે જિનાગમને વિષે અથવા સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં, કેમકે આગમ તો દિવ્યધ્વનિમાંથી ઉતરી આવેલી ચીજ છે, કે નિશ્ચયનયનો પણ ઉપદેશ છે અને વ્યવહારનયનો પણ ઉપદેશ છે. બંને નયો આવ્યા છે, એક નય કાંઈ નથી આવી. આવો એક તર્ક થાય છે. એને એમ કહે છે કે બન્ને વાત આવી છે એમાં તફાવત એ છે કે નિશ્ચયનયનો વિષય એ જ હિતકારી છે, એ જ કલ્યાણકારી છે, એ જ સર્વસ્વ છે એવું વજન આવે છે. વ્યવહારનયના વિષયમાં એવું વજન ક્યારેય નહિ આવે. આ વચનને અનુસરીને લઈએ તો.

બીજી સ્પષ્ટ એ (વાત) છે કે નિશ્ચયથી વ્યવહાર નિષિદ્ધ છે. તેથી વ્યવહાર નિષેધવા યોગ્ય હોવાથી નિષેધ્ય છે. એવું અનેક વાર (ઘણી) વાર કથન આગમની અંદર આવશે પણ એક વાર વ્યવહાર દ્વારા નિશ્ચય નિષિદ્ધ છે એવું એક વાર પણ નહિ આવે. આ ઉપરથી કહેનારનો અભિપ્રાય સ્પષ્ટ થાય છે. બન્ને વાત આવે છે. એકથી બીજાની નિષેધની વાત આવે છે. એમાં નિશ્ચયથી વ્યવહાર નિષેધ છે એ વાત અનેક વાર આવશે. અપવાદ ખાતર પણ એક વાર એવી વાત નહિ આવે કે વ્યવહાર દ્વારા નિશ્ચયનો નિષેધ આ સ્થાને કરવા યોગ્ય છે. એવું એક વાર એક વખત પણ નહિ આવે. એ અભિપ્રાયને સ્પષ્ટ કરે છે કે આત્મામાં જ રહેવું તે હિતકારી છે, બાહ્ય વ્યવહારની પ્રવૃત્તિમાં રહેવું તે પણ આત્માને હિતકારી નથી.

'ગુરુદેવ' પોતે એ વિષયમાં સ્પષ્ટ કહેતા કે એ સંસાર છે. એક વખત પ્રચાર, પ્રસારના વિષયની અંદર એવો વિચારભેદ થઈ ગયેલો. (તો કહે), એ બધો સંસાર છે. પણ સાહેબ! તત્ત્વની પ્રચાર પ્રસારની પ્રવૃત્તિ સંસાર છે? હા, એ પણ સંસાર છે. એને સંસાર કીધો. સંસાર તો અશુભભાવના પરિણામને સંસાર કહે છે. આ પણ સંસાર છે. કેમકે તું બહાર ગયો, ઉપયોગ બહાર ગયો એ એના સ્વભાવને પ્રતિકૂળ છે. સીધે સીધી વાત છે કે એ સ્વભાવને પ્રતિકૂળ છે. સર્વ ઉદ્યમથી પૂરા પુરુષાર્થથી સ્વરૂપમાં રહેવા યોગ્ય છે એવો અભિપ્રાય અને પ્રયત્ન થવા છતાં પરિણામ બહાર નીકળી જાય ત્યારે એનું નામ વ્યવહાર અપાય છે. એ સિવાય એ પરિણામને વ્યવહારનું સ્થાન પણ મળતું નથી. વ્યવહાર યોગ્ય એ પરિણામ નથી. એ તો કર્તાબુદ્ધિએ અભિપ્રાયથી કર્તૃત્વપણે કરાયેલી બાહ્ય શુભપ્રવૃત્તિના પરિણામ છે. એ તો વ્યવહારનું પણ સ્થાન પામતા નથી.

એટલે આવા વચનો છે એ વચનો આત્માર્થીને બહુ ઉપકારી અને અનુકૂળ થઈ પડે છે. જે આત્મકાર્યમાં રહેવાની ભાવનાવાળા છે એવા મુમુક્ષુને આ વચનો બહુ પ્રિય હોય છે અને એ પોતાના પરિણમનમાં અનુકૂળ થઈ પડે છે. એવા વચનો છે. એ પરિણામ અપેક્ષાએ વિષય છે.

**શુદ્ધાત્માને જાણ્યા વગર ભલે ક્રિયાના ઢગલા કરે, પણ તેનાથી આત્મા જાણી શકાતો નથી; જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે. ૨૬૦.**

૨૬૦. '**શુદ્ધાત્માને જાણ્યા વગર ભલે ક્રિયાના ઢગલા કરે,...**' એટલે ઢગલાબંધ બાહ્યક્રિયા કરે. શુભોપયોગમાં રહીને ઘણાં કાળ સુધી અને ઘણાં રસપૂર્વક શુભોપયોગના ઘણા રસથી ઘણા કાળ પર્યંત અનેક પ્રકારના શુભોપયોગમાં રહે. કેવી રીતે? શુદ્ધાત્માને જાણ્યા વિના, ઓળખ્યા વિના. તો તે પરિણામના નિમિત્તે, તે પરિણામના કારણથી, તે શુભભાવના, શુભરસના કારણથી પણ તેનાથી આત્મા જાણી શકાતો નથી. આ બહુ સરસ વાત કરી છે.

સંપ્રદાયમાં-ત્રણે સંપ્રદાયમાં ક્રિયાની વિશેષતા થઈ છે અને આત્માને ઓળખવો, આત્માનો અનુભવ કરવો, આત્મજ્ઞાન કરવું એ વિષય લોપાઈ ગયો છે. પછી આત્માનો ... વિષય તો તદ્દન ગૌણ થઈ ગયો છે. વીતરાગ ભાવરૂપ જે ચારિત્ર છે એ ચારિત્ર તો જાણે કોઈને ખબર નથી કે એવું ચારિત્ર હોઈ શકે. એવી પરિસ્થિતિ સંપ્રદાયમાં ઘણું ચારિત્ર પાળનારાની થઈ ગઈ. એટલે આ વિષય બહુ સ્પષ્ટ કર્યો.

આત્માને જાણ્યા વિના, ઓળખ્યા વિના ભલે ક્રિયાના ઢગલા કરે, ઢગલાબંધ

ક્રિયા કરે તેનાથી આત્મા જાણી શકાશે નહિ. કોઈ વખત એવો વિચાર કરવામાં આવે છે કે પહેલાં કષાયની ઘણી મંદતા કરીએ તો પછી આત્મજ્ઞાન થાય. અને આત્મજ્ઞાન તો બહુ ઊંચી ચીજ છે. એમ ને એમ આત્મજ્ઞાન કેમ થાય? પહેલા આવી ક્રિયાથી આત્માની લાયકાત કેળવી હોય, ઘણી ક્રિયા કરીને આત્માની લાયકાત કેળવી હોય પછી આવું ઊંચું જ્ઞાન પ્રાપ્ત થાય. એમ ને એમ સીધું આવું ઊંચું જ્ઞાન કાંઈ પ્રાપ્ત થઈ જાય, ક્રિયા કર્યા વિના? પહેલા તો ક્રિયામાં આવવું જોઈએ. એવી પણ સંપ્રદાયની અંદર વાત ચાલે છે. એને એમ કહે છે કે તિર્યંચ છે, નારકી છે એને પણ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે એવી અપેક્ષાથી એનું ઊંચાપણું લઈને, ઊંચાપણું બતાવીને પણ એનાથી દૂર જવું તે યોગ્ય નથી. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે શું કરવું જોઈએ? એવું વિચારવા યોગ્ય છે. પણ આ ક્રિયા કરું તો આત્મજ્ઞાન થાય અને નહિતર ન થાય એ વાત કાંઈ યોગ્ય નથી.

ક્રિયા કરે છે એની નજર બાહ્યક્રિયા ઉપર રહે છે, પોતાના પરિણામ ઉપર નથી રહેતી. જેમકે ઉપવાસ કરે છે, અમુક રસનો ત્યાગ કરે છે. એ સંબંધીની જે મીઠાશ છે, આહારના પદાર્થની જે મીઠાશ છે અને એ મીઠાશના પોતાના જે પરિણામ છે એ સંબંધીનું વિજ્ઞાન શું છે એને સમજ્યા વિના, એના ઉપર કાંઈ પણ એ જાતના પ્રહાર થયા વિના, એની વિરૂદ્ધતા થયા વિના એમ ને એમ જ બહારની ક્રિયા કરવામાં આવે છે. એટલે રસ એમ ને એમ રહે છે, ખાદ્ય પદાર્થોનો રસ એમ ને એમ રહે છે, ક્રિયા કરવામાં આવે છે અને જીવને એ ક્રિયાની સફળતા થઈ શકતી નથી. એનાથી કોઈ એનો રસ તૂટતો નથી અને શુદ્ધિને માર્ગે એક ડગલું પણ એ આગળ વધી શકતા નથી. ઉલટાનો ક્રિયાનો આગ્રહ થઈને વિપરીત માર્ગમાં દઢ થઈ જાય છે.

એટલે જે જીવોને ક્રિયા ઉપર વજન છે, જે જીવોને ક્રિયાનો આગ્રહ છે, ભલે ... ક્રિયા ન કરતા હોય, કોઈ એમ કહે કે બહુ ક્રિયા કરતા હોય એને આ વાત લાગુ પડે છે ને. એટલું પણ નહિ. જેનું ક્રિયા ઉપર વજન છે અને જેને ક્રિયાનો આગ્રહ છે એને એમ કહે છે કે પહેલા શુદ્ધાત્માને ઓળખવો, જાણવો એ કર્તવ્ય છે, એ પગથિયું પહેલું છે. ક્રિયા ઉપરનું વજન છે એ તને ભાવ ઉપર વજન જવા નહિ દ્યે. ક્રિયા છે એ જડ પરિણામની પ્રવૃત્તિ છે, ભાવ છે એ આત્મપરિણામની પ્રવૃત્તિ છે. જેનું વજન જડ પરિણામ ઉપર છે એનું વજન આત્મપરિણામ ઉપર નહિ રહે. જેનું (વજન) આત્મપરિણામ ઉપર છે એનું વજન જડ પરિણામ ઉપર નહિ રહે તોપણ એની ક્રિયા યથાયોગ્ય બહારમાં ગોઠવાય જશે. બરાબર જ રહેશે. ગુણસ્થાન અનુસાર અનુચિત રહે.

મુમુક્ષુ :- ખરેખર તો શુદ્ધાત્માના લક્ષે...

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રશ્ન થાય છે કે વેપાર-ધંધો કરે એના કરતાં તો વેપાર-ધંધો છોડીને બેઠા હોય એ સારા કે નહિ? આટલો પ્રશ્ન છે.

મુમુક્ષુ :- પર્યુષણમાં ઉપવાસ...

પૂજ્ય ભાઈશ્રી :- એનો અર્થ કે વેપાર-ધંધો અને ગૃહસ્થાશ્રમવાળાને કોઈને સમ્યગ્જ્ઞાન ન થાય. એવા અનેક જ્ઞાની ધર્માત્માઓ, મહાત્માઓ થઈ ગયા કે જેને પૂર્વકર્મ અનુસાર બાહ્ય પ્રવૃત્તિમાં રહેવાનું થયું અને છતાં આત્મજ્ઞાનમાં આવ્યા. એવું તો સ્પષ્ટ છે. એટલે એ વિષય સિદ્ધાંતિક રીતે તો નિષેધ ન થાય કે એમ થઈ જ ન શકે. જ્યાં સુધી વેપાર-ધંધો અને ગૃહસ્થાશ્રમનો ત્યાગ ન કરે ત્યાં સુધી આત્મજ્ઞાન થઈ ન શકે, એ વાત તો સિદ્ધાંતિક રીતે નથી. કેમકે આત્મજ્ઞાન તો સમ્યગ્દર્શનપૂર્વક છે અને સમ્યગ્દર્શન તો આત્મરુચિનો મુખ્ય વિષય છે. તો રુચિ તો ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની પોતે પલટાવી શકે છે. આત્મરુચિ પ્રગટ કરવી એ તો કોઈપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પ્રગટ કરી શકે છે. રુચિમાંથી અને રસમાંથી હટી જાય એટલું એને થવું જોઈએ. કરવું પડે એક વાત છે અને રુચિ, રસથી કરવું તે બીજી વાત છે. આમ છે. આ તો સમજી શકાય એવો વિષય છે.

જે જીવ ઉલજીને કરે છે કે આ મારા સુખનું કારણ છે, આ નહિ કરું તો મારું સુખ ઝુટવાય જશે, મારું સુખ મટી જશે, મારી અનુકૂળતાઓ ચાલી જશે. માટે એ તો કરવું જ જોઈએ. પછી આપણી પાસે સમય બચે તો આત્માનું કરવું પણ આ તો કર્યા વગર ચાલશે નહિ. એમ પહેલો નંબર એનો અને આત્મકાર્યનો નંબર બીજો, એણે આત્મકાર્યને નંબર બીજો નથી આપ્યો, એણે છેલ્લો પણ નથી આપ્યો, એની પાસે એકેય નંબર નથી. એ સંસારના જ કાર્ય કરશે.

જેને આત્મકાર્ય કરી લેવું છે અને કરવું છે એનો નંબર પહેલો છે. એને બીજા પરિણામો ન ચાલતા કરવા પડે છે, અરુચિ ભાવે કરવા પડે છે તો એ એને એટલું નુકસાનનું કારણ નહિ થાય. અરુચિથી પરિણામ થાય છે એ એટલું નુકસાનનું કારણ થતું નથી. રુચિથી થાય છે તે ઘણું નુકસાનનું કારણ થાય છે. આમ બે વચ્ચે ફરક પડે છે.

વિચારમાં એટલો તો નિર્ણય કરે કે પહેલું મારે મારા શુદ્ધ સ્વરૂપને જાણવું એ મારું કાર્ય છે. ક્રિયા કરવી પહેલી એ મારું કાર્ય નથી પણ મારા શુદ્ધાત્માને જાણવો અને ઓળખવો એ મારું કાર્ય છે. એમ તો પહેલું નક્કી કરે. તો એનો રસ્તો છે, આગળ વધવું છે એ દિશામાં, આત્મજ્ઞાન કરવાની દિશામાં આગળ વધશે. આત્મજ્ઞાન કેમ થાય

એનો રસ્તો ગોતશે. એ દિશાની અંદર એને સૂઝ નહિ પડે તો એ વિષે કોઈને પૂછશે. નહિતર ક્રિયાના રસ્તે તો અનાદિથી જાય છે. તેનાથી આત્મા જાણી શકાતો નથી આ સિદ્ધાંતિક વાત છે.

ઢગલાબંધ ક્રિયા કરે તોપણ એનાથી આત્મા જાણી શકાતો નથી. દ્રવ્યલિંગી કેટલી ક્રિયા કરે છે. દિગંબર મુનિ, ભાવલિંગી દિગંબર મુનિને યોગ્ય બધી ક્રિયા કરે છે. નિરતિચાર. અતિચાર દોષ પણ ન આવે એટલી સાવધાનીથી કરે છે અને એટલા મંદ કષાયમાં પ્રવર્તે છે. નવમી ગ્રૈવેયક જાય છે. અનંત સંસારી છે. અભવિ પણ હોય છે. એવા જીવોમાં અભવિ જીવો પણ હોય છે. અગિયાર અંગ અને નવ પૂર્વ અને દ્રવ્યલિંગી પર્યંતની વાત બાહ્ય ક્રિયામાં અભવિ પર્યંતની લીધી છે. એથી તો એને કાંઈ કાર્ય થતું નથી. એ ક્રિયા કાંઈ ઓછી નથી. નવમી ગ્રૈવેયક જેના ફળમાં જાય, પછી ભલે અનંત સંસાર છે, એના કારણરૂપ પરિણામ કેટલા મંદ કષાયના હશે! ચારિત્રમોહમાં એટલું થાય છે પણ નિરર્થક ગયું એમ કહેવું છે. દર્શનમોહ ઉપર એનો ખ્યાલ નથી, દર્શનમોહ કેમ ટળે એની એને ખબર નથી અને એ દિશામાં એનો પ્રયત્ન બિલકુલ નથી. જરા પણ પ્રયત્ન નથી. એટલે એનો દર્શનમોહ (મટતો નથી).

'ગુરુદેવશ્રી'એ જે વિશિષ્ટ ઉપકાર કર્યો છે એ આ વિષય ઉપર કર્યો છે. દર્શનમોહ તને ક્યાં કેમ લાગે છે, એ વાતનો વિચાર કર. કોઈ વાર પ્રવચનમાં મોડું થયું હોય તો એમનો અણગમો પ્રસિદ્ધ થઈ જાય. બધાને માટે નહિ પણ એમનું કોઈ પ્રિયપાત્ર હોય તો એમને અણગમો થાય. કેમ? એ બહુ મોટો અપરાધ છે? હા, દર્શનમોહનો... મોટો અપરાધ છે. આ તો દૃષ્ટાંત લઈએ છીએ. આપણે તો હમણાં એક Article છપાઈ ગયો છે. આ વિષય ઉપર એક Article તૈયાર કર્યો છે. દર્શનમોહ ક્યાં ક્યાં, કેમ લાગે અને કેમ નિવર્તે? એમાં આ એક બોલ લીધો છે કે ત્યાં શાસ્ત્રનો અવિનય છે. શાસ્ત્ર વાંચે છે એવા શ્રીગુરુનો પણ અવિનય છે. દેવ, ગુરુ, શાસ્ત્રનો અવિનય થાય, વ્યવહારે પણ, એ દર્શનમોહનો દોષ છે. ચારિત્રમોહનો દોષ તો ઓમાં છે જ, ઉપરાંત એમાં દર્શનમોહનો દોષ છે. એવા અનેક પ્રકારના પરિણામ સામાન્ય પરિણામો હોય છે કે જેમાં એમ લાગે કે આમાં શું? એમાં શું એમ નથી. દર્શનમોહ છે એ ભયંકર છે. એની ભયંકરતા સમજીને કેમ એમાંથી નિવૃત્ત થવાય, એના રસ ઉપર ઘા પડે, એનો રસ તૂટે અને એનો રસ તૂટે તો એમાં મુમુક્ષુની ભૂમિકાને યોગ્ય ક્ષયોપશમની અંદર એને પોતાના સ્વભાવની સૂઝ આવે. નહિતર એને સૂઝ ન આવે.

'શ્રીમદ્જી' એ વાત લખે છે કે મોહના વિકારને લઈને પોતાનું સ્વરૂપ સૂઝતું નથી. મોહનો વિકાર એટલે ત્યાં ચારિત્રમોહનો વિકાર નથી લેવો. જો ચારિત્રમોહનો વિકાર

લઈએ તો દ્રવ્યલિંગીને તો તરત પોતાનું સ્વરૂપ સૂઝવું જોઈતું હતું. દર્શનમોહનો વિકાર એવો છે કે જે એને પોતાનું દર્શનમોહ રહિત, દેહરહિત જે નિરાવરણ સ્વરૂપ છે એની સૂઝ એમાં એને આવતી નથી. એટલે ભ્રાંતિગતપણે એ ત્યાં પ્રવર્તે છે. એટલે બાહ્યક્રિયામાં ચારિત્રમોહ પર અસર થાય છે, જે નિરર્થક જાય છે.

(બાહ્ય ક્રિયાના) ઢગલા કરે પણ તેનાથી આત્મા જાણી શકાતો નથી. આત્મા જાણવા માટે આત્માને જાણવા યોગ્ય જે પાત્રતા છે એ પાત્રતા અવશ્ય હોવી જોઈએ એનો અહીંયાં નિષેધ નથી. પણ એ પાત્રતાને બાહ્યક્રિયા સાથે સંબંધ નથી, એ પાત્રતાને સીધો અંતરંગ પરિણામ સાથેનો જ સંબંધ છે. પછી એ પરિણામના મૂળમાં પાત્રતાના પરિણામ મૂળમાં, એને બહારમાં કેટલીક મર્યાદાઓ આપોઆપ આવી જાય છે. કેમકે એને સંપૂર્ણ નિર્દોષતા અને સંપૂર્ણ શુદ્ધિનો એનો આદર્શ છે, એનું ધ્યેય છે એટલે કેટલીક મર્યાદામાં એ આપોઆપ આવી જાય છે. એના લક્ષે કેમ થાય, આત્માના લક્ષે ક્રિયા થાય બીજી વાત છે, ક્રિયાના લક્ષે ક્રિયા થાય (એમાં) આત્માને કોઈ લાભ નહિ થાય. આમ ફેર છે.

'શ્રીમદ્જી' ઉપર કેટલાક એ દૃષ્ટિએ સંપ્રદાયના સાધુઓ આરોપ કરતા હતા કે એ તો 'મુંબઈ'માં વેપાર-ધંધો કરે છે. 'દેવકરણજી' તો એક વાર એમની પેઢી ઉપર 'મુંબઈ' ગયા. એમણે સીધું પૂછ્યું. ઝવેરાતના, હીરાના, મોતીના પડિકા ખોલી ખોલીને જોવે અને ભાવની વાત કરે. આ ભાવ લાગે છે. તમારે વેચવો હોય તો વેચો, લેવો હોય તો લ્યો. ત્યાં તો એ જ ચાલે. પ્રવૃત્તિ, ભાષા ... બધું સ્પષ્ટ લાગે. પૂછ્યું કે આ શું કરો છો? તો કહ્યું, આ પરિણામ થાય છે એને અમે કાળકૂટ વિષ જાણીએ છીએ. એની તમને ખબર છે? પછી ચોંક્યા. એ ઝેર છે. કર્તવ્ય છે એમ માનીને કરીએ છીએ એમ બિલકૂલ નથી.

એક પત્રમાં ખુલાસો કર્યો છે કે પરાનુકંપારૂપ અમારી બાહ્ય પ્રવૃત્તિ છે. પર અનુકંપા-પરાનુકંપા. ગમે તેને લક્ષમાં રાખીને એ વાત લખી છે. પછી પરિવારને લક્ષમાં રાખીને ગમે તેમ પણ પોતે અભિપ્રાયથી કરે છે એમ નથી. અંતરંગને ઓળખ્યા વિના તો ભૂલા પડી જાય એવી પરિસ્થિતિ હોય છે. એમાં કોઈ ... કરવી છે તો ... એમ કહેવું છે.

શુદ્ધ આત્માને જાણવો. એ '**જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે.**' આ સિદ્ધાંત લીધો અહીંયાં કે જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે, બીજા કોઈ પ્રકારે આત્મા જાણી શકાતો નથી. જેમ ગણિત શીખવા માટે અથવા પહેલો એકડો શીખવા માટે ઉપવાસ કરો તો એકડો આવડે કે ન આવડે? આહારનો ત્યાગ કરે અને ગણિત શીખવાની

મહેનત કરે તો નહિ આવડે. 'ગુરુદેવશ્રી'એ 'પરમાગમસાર'માં દષ્ટાંત લીધું છે, કે કેટલા ઉપવાસ કરો તો એને ગણિતનું જ્ઞાન થાય? ગણિતનું જ્ઞાન કરવા માટે એને ગણિતાનુયોગમાં જ જવું પડે. ગણિતનો વિષય જ એને ... લેવો પડે, બીજો એનો ઉપાય નથી.

જ્ઞાનમય એવો આત્મા એ જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે. એ સિવાય આત્મા જાણી શકાતો નથી. ક્રિયાનું શું? ક્રિયા ગુણસ્થાન અનુસાર કષાયનો અભાવ થવાને લીધે આપોઆપ નિશ્ચિત થઈ જાય છે, મર્યાદિત થઈ જાય છે. એમાં એ દિશામાં આગળ વધી જ્ઞાન નથી કરી શકાતું. પણ જ્ઞાનમાં રમણતા કરતાં કરતાં ક્રિયામાં આપોઆપ આવી જવાય છે. છતાં એ ક્રિયા ઉપર વજન નથી. એ વાત સાથે સાથે છે.

ખરેખર તો મોક્ષમાર્ગી જ્ઞાની જ્ઞાનરસમાં રમણતા કર્યા કરે છે. એનો જ્ઞાનમય એવો આત્મા નિર્વિકલ્પ જ્ઞાનરસની વેદનામાં અને આનંદની મસ્તીમાં પડ્યા છે. શુદ્ધિ વધતી જાય છે, અશુદ્ધિ તૂટતી જાય છે. ક્રિયા ક્રિયાના સ્થાને ગોઠવાય જાય છે. એની સાવધાની નથી, સાવધાની પોતાના સ્વભાવમાત્રની છે. અને એ રીતે આખો માર્ગ છે, બીજી રીતે કોઈ માર્ગ નથી. એ વિધિ કહો કે માર્ગ કહો. કોઈ ક્રિયા કરવાથી આત્મજ્ઞાન નહિ થાય, જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે. અને જ્ઞાનથી આત્મા જાણી શકાતો હોવાથી તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિને નિમિત્ત ગણવામાં આવ્યું છે. કોઈપણ તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ નિમિત્ત ક્યારે? કે સ્વલક્ષી હોય ત્યારે. પરલક્ષી હોય તો અગિયાર અંગ અને નવ પૂર્વની તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિને નિમિત્તપણું લાગુ પડતું નથી. એ નિમિત્તપણું પણ નથી કહેવાતું કે આ નિમિત્ત છે. કેમકે નિમિત્ત તો તેને કહેવાય કે જેને ઉપાદાન સાથે સંધિ થાય તેને. નિમિત્ત-ઉપાદાનને સંધિ છે. જે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે એવા તત્ત્વજ્ઞાનને નિમિત્ત કહીએ.

'ટોડરમલજી'એ એ વાત લીધી કે સમ્યગ્દર્શનનું નિમિત્ત તો તત્ત્વજ્ઞાન છે. તેથી તત્ત્વજ્ઞાનમાં પ્રવેશ કરવો જોઈએ. તત્ત્વજ્ઞાનને છોડીને ક્રિયામાં રહે એ તો એને મોક્ષમાર્ગમાં કદી પણ આવવાનું કારણ બનશે નહિ. તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિમાં પણ એ તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ સમ્યગ્દર્શનનું નિમિત્ત ક્યારે? પૂર્વ પર્યાય ગણીને. કે સ્વલક્ષી પ્રવૃત્તિ હોય ત્યારે, પરલક્ષી પ્રવૃત્તિ હોય તો અગિયાર અંગ અને નવ પૂર્વનો જે ઉઘાડ છે એ તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ બાહ્ય ક્રિયામાં ગઈ, ક્રિયાના ઢગલામાં એણે નાખી. એણે એને ક્રિયામાં ઢગલામાં નાખી દીધી. કેટલા કલાક તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ અને શાસ્ત્રવાંચન ચાલે છે? કેટલા કલાક ચાલે છે, એ સવાલ નથી. એ બાહ્યક્રિયાનો વિષય છે. અંતરંગ સ્વલક્ષ કેટલું છે એના ઉપર બધો આધાર છે. સ્વલક્ષ વિના એ બધું નકામું છે. અને

સ્વલક્ષી હોય તો જ એને ભેદજ્ઞાનની પ્રવૃત્તિ શરૂ થાય. સ્વલક્ષ છે એ જ ભાવનાને પ્રદર્શિત કરનારા ભાવ છે. સ્વલક્ષ ન હોય તો એને ભાવના નથી, ભાવના હોય એને સ્વલક્ષમાં આવવાનું થાય. ભાવના વિના કોઈ સ્વલક્ષમાં આવી શકે નહિ. એને અને એને સીધો સંબંધ છે.

એટલે એ કહ્યું કે જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે. ત્યાં પણ આટલી અપેક્ષા લેવી. અંદર ને અંદર. જ્ઞાનમાં પણ સ્વલક્ષી જ્ઞાન તે આત્માને જાણવામાં ઉપયોગી છે, પરલક્ષી જ્ઞાન તે આત્માને જાણવા માટે ઉપયોગી નથી. કેમકે ઉઘાડજ્ઞાનમાં તો ધારણા શક્તિ છે કે આત્મા કેવો છે? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી આત્મા આવો છે. શાસ્ત્ર અનુસાર સમજી શકાય છે, વિષય બુદ્ધિગમ્ય થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ગુણ-પર્યાય, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ગુણ-ગુણી ભેદ બધા પડખેથી બુદ્ધિગોચર કરે છે અને મોટા પંડિત થઈ જાય છે. તો કહે છે, પરલક્ષી જ્ઞાનમાં આત્માનું માહિતી જ્ઞાન (થાય કે) આવો આત્મા હોય. આત્મપદાર્થ આવો હોય, એનું આવું બંધારણ હોય. એ પદાર્થનું બંધારણ પરલક્ષી જ્ઞાનમાં થયેલું જાણવું, બંધારણનું જાણવું એ એને જરા પણ કાર્યકારી નથી. ... ઉપયોગી નહિ થાય.

એટલે એ વાતને ત્યાં ખીલે બાંધી છે કે એનું લક્ષ ક્યાં છે? એને સ્વરૂપ પ્રાપ્તિની ભાવના છે? પૂર્ણ થવાનું ધ્યેય છે? અને એને ભેદજ્ઞાનના લક્ષે આ તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ થાય છે કે જ્ઞાનથી હું જુદો પડું છું? મારો જ્ઞાનસ્વભાવ નિર્લેપ છે. એ ક્યાંય લેપાતો નથી. જ્ઞાન અળગું ને અળગું રહે છે. ગમે તેટલા પદાર્થોનું પ્રતિબિંબ પડવા છતાં જ્ઞાન નિર્લેપ ને નિર્લેપ રહે છે. એવી એને જુદાંપણાના લક્ષે તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ થતી હોય તો આત્મા જાણી શકાશે. જ્ઞાનમય આત્મા જ્ઞાનમય સત્તા છે એનું જ્ઞાન થશે. અને નહિતર એનું જ્ઞાન નહિ થાય. જ્ઞાન થવું એટલે આધાર લઈને જ્ઞાન થવું. પરલક્ષમાં પરનો, રાગનો આધાર લઈને જ્ઞાન પ્રવર્તે છે. સ્વલક્ષમાં જ્ઞાનનો આધાર લઈને જ્ઞાન પ્રવર્તે છે. આ આધાર અને અવલંબન છે એના ઉપર પરિણામનો આખો દોર છે.

'સમયસાર'માં 'નિર્જરા અધિકાર'માં એને જ્ઞાનગુણ કહ્યો છે. ૧૪૨ નંબરનો કળશ છે. **'ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि'** જ્ઞાન જ્ઞાનગુણ વિના પ્રાપ્ત નહિ થાય. કારણ કે ... ક્ષમતા છે. ભલે તું ક્રિયાના ઢગલા કર. ત્યાં પણ એ વાત લીધી છે કે મહાવ્રત આદિ પાળીને તું તૂટી મર. એવો શબ્દ લીધો છે. **'भग्नाः'** તું ભાંગી પડ, તૂટી પડ, તને આત્મજ્ઞાન નહિ થાય. જ્ઞાનગુણ વિના એ રીતે આત્મા પ્રાપ્ત થતો નથી. તો જ્ઞાનગુણ શું છે? કે જ્ઞાન જ્ઞાનનો આધાર લે તે જ્ઞાનનો ગુણ છે, જ્ઞાન જ્ઞાનનો આધાર લેતા રાગાદિથી ભિન્ન પડે તે જ્ઞાનનો ગુણ છે અને એ જ્ઞાનગુણ વિના કદી

પણ હિત થતું નથી, કલ્યાણ થતું નથી કે આત્મજ્ઞાન થતું નથી.

જેટલું અનાદિથી વર્તમાન સુધી કર્યું છે એ આ જીવે રાગના આધારે કરેલું છે. રાગ મુખ્ય કર્યો છે, ક્રિયા પણ રાગની મુખ્યતાથી કરી છે, ભલે શુભરાગની મુખ્યતાથી કરી છે. અને એમાં ભલે શુભરસ ચડી ગયો છે, શુભરાગનો રસ ચડી ગયો છે પણ એ તો જેમ અશુભરાગનો રસ આત્મજ્ઞાનથી જીવને દૂર લઈ જાય છે, તેવી જ રીતે શુભરાગનો રસ પણ આત્મજ્ઞાનથી જીવને દૂર લઈ જય છે. કેમકે રાગરસ બન્નેની અંદર સામાન્ય છે. એક અશુભ છે અને એક શુભ છે. તોપણ રાગરસ સામાન્ય છે. અને રાગરસ છે એ વીતરાગરસસ્વરૂપી જે જ્ઞાન છે અથવા રાગના અભાવસ્વરૂપી જે જ્ઞાનરસ છે એનાથી રાગરસ વિરૂદ્ધ છે. રાગરસથી રાગનો આધાર રહ્યા કરે છે. રાગનું આલંબન છૂટતું નથી અને ત્યાં સુધી જીવનું કલ્યાણ કદી થતું નથી.

એટલે અહીંયાં જે વાત છે એ આધાર બદલવાની વાત છે. જ્ઞાનથી આત્મા જાણી શકાય છે. ક્યારે? જ્ઞાન જ્ઞાનનો આધાર અને અવલંબન લે ત્યારે. જ્ઞાન શબ્દથી તો બુદ્ધિગત રીતે એટલું પ્રસિદ્ધ છે કે જાણે તે જ્ઞાન. પછી એ જ્ઞાન ઇન્દ્રિય મારફત જાણે તો એને ઇન્દ્રિયજ્ઞાન કહેવામાં આવે છે. મતિ-શ્રુતજ્ઞાન છે તો એને મતિ-શ્રુતનું વિશેષણ લાગે છે કે આ મતિજ્ઞાન છે, આ શ્રુતજ્ઞાન છે એવું વિશેષણ લાગે છે. એમ જ્ઞાનને અનેક પ્રકારે સમજવામાં આવે છે પણ જ્ઞાનનું સ્વરૂપ, સ્વભાવ સ્વરૂપ શું છે એ સમજ્યા વિના એની એકેય ઉપાધિ કે વિશેષતા વિશેષણો સાચા સમજી શકાતા નથી. એટલે જ્ઞાનને સ્વભાવથી જોવું એ આત્માને-જ્ઞાનને ઓળખવું એમ કહો કે આત્માને ઓળખવું એમ કહો, એની એ પ્રક્રિયા છે.

જ્યારે એમ કહ્યું કે જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે તો એવું કયું જ્ઞાન છે કે જે જ્ઞાનથી આત્મા જાણી શકાય છે? આ પ્રશ્ન અહીંયાં થવા યોગ્ય છે. જ્ઞાનથી આત્મા જાણી શકાય છે. તો આપણે ત્યાં અધ્યયન કરનારા તર્ક કરે છે કે અમારી પાસે તો ઇન્દ્રિયજ્ઞાન છે, અલ્પ જ્ઞાન છે. ભાઈ! જ્ઞાન છે એનો સ્વભાવ છે. જ્ઞાનના આધારે ત્યાં સ્વભાવ રહેલો છે. જ્ઞાનના આધારે એમ કહેવાય છે. જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન છે. 'સંવર અધિકાર' ની ગાથા. 'ઉપયોગમાં ઉપયોગ, નહિ ઉપયોગ ક્રોધાદિમાં'. આવી વાત લીધી છે. જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન છે.

'ગુરુદેવે' પ્રશ્ન કર્યો કે જ્ઞાનક્રિયા તો પર્યાય છે. પર્યાયના આધારે સ્વભાવ? સ્વભાવના આધારે પર્યાય થાય એ તો સમુચિત છે. કેમકે અવલંબનનો વિષય સ્વભાવ છે. પણ અહીંયા પર્યાયના આધારે સ્વભાવ? આ આચાર્યદેવની કથનશૈલી કેવી છે! તો કહ્યું, આધાર એટલે અહીંયાં નિમિત્ત. જ્ઞાનક્રિયામાં સ્વભાવ છે એ સમજાશે, એ ત્યાંથી

પકડાશે. સંવર કરાવવો છે ને? ભેદજ્ઞાન કરાવવું છે. એટલે જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન છે એમ ત્યાં કહ્યું. ત્યાંથી સ્વભાવ પકડાય છે. જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે. એ જ્ઞાનની વાત લેવી છે કે જે જ્ઞાનની અંદર સ્વભાવ ગ્રહણ કરવામાં આવે. એ જ્ઞાનથી આત્મા પકડાય છે. જે જ્ઞાનક્રિયા છે એ પોતે જ સ્વભાવનું ગ્રહણ કરે છે. ક્યાંથી ગ્રહણ કરે છે? કે પોતામાંથી ગ્રહણ કરે છે. બીજે ક્યાંયથી રાગમાંથી સ્વભાવ ગ્રહણ નહિ થાય, દેહમાંથી સ્વભાવ નહિ ગ્રહણ થાય, કોઈ શુભજોગની ક્રિયામાંથી સ્વભાવ ગ્રહણ નહિ થાય, કોઈ નિમિત્તમાંથી સ્વભાવનું ગ્રહણ નહિ થાય. જ્ઞાનથી જ આત્મા જાણી શકાશે. એ જ્ઞાન પોતામાં છે તો પોતાનો આત્મા જાણે છે. અને તે ગ્રહણ કરવાની ક્રિયામાં રહેલા જે સ્વભાવને, વ્યાપેલા જે સ્વભાવને પર્યાય ભેદ લાગુ પડતો નહિ હોવાથી ત્યાં પર્યાયમાત્રનું અવધારણ થતું નથી. ઊલટાનું પર્યાયનું અવધારણ ત્યાં છૂટી જાય છે.

ફરીથી એ વિષય લઈએ. અનાદિથી જીવને પર્યાયમાત્રનું અવધારણ પર્યાયબુદ્ધિરૂપ મિથ્યાદષ્ટિપણું છે. અહીંયાં જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન છે એમ કહીને સંવર કરાવવો છે. સંવરનો તો પોતે અધિકાર લીધો છે. પ્રકરણ સંવરનું ચાલે છે. કોઈ તર્ક કરે કે જ્ઞાનક્રિયા તો પર્યાય છે. પર્યાયના આધારે જ્ઞાન લઈએ તો પર્યાયબુદ્ધિ દઢ નહિ થાય? તો કહે છે, અહીંયાં આ વિશેષતા છે કે અહીંયાં પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. પર્યાયબુદ્ધિ થતી નથી ઊલટાની થયેલી છે તે છૂટે છે. કેમકે સ્વભાવને દ્રવ્ય-પર્યાયનો ભેદ લાગુ પડતો નથી. એનું નામ સ્વભાવ છે. સ્વભાવ કેવો? કે જેને પર્યાયનો ભેદ તો નથી પણ દ્રવ્યનો ભેદ નથી, ગુણનો ભેદ નથી. પર્યાયનો ભેદ રહેવાનો પ્રશ્ન નથી. એનું નામ સ્વભાવ છે.

એવા સ્વભાવથી, એવા સ્વભાવને જ્ઞાનથી જાણવામાં આવે છે અને એ જ્ઞાન પોતે જાણનાર છે, પોતાનો જ જાણનાર છે, પોતાને જ જાણનાર છે. ત્યાંથી આત્મા જણાઈ શકે છે. બીજી રીતે, બીજી કોઈ રીતે આ સિવાય બીજી કોઈ વિધિએ આત્મજ્ઞાન થતું નથી, બીજી કોઈ વિધિએ આત્મજ્ઞાન કરવાનો પ્રયત્ન કરે તો તે અવિધિ છે. અવિધિએ કાર્યની પ્રાપ્તિ થશે નહિ. કોઈ કાળે પણ નહિ થાય.

મુમુક્ષુ :- આ બધા વિકલ્પ...

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પો મતિ-શ્રુતમાં હોય છે. પણ જે વિકલ્પ છે, જ્યાં વિચાર છે ત્યાં રાગ અને જ્ઞાન બન્નેની પ્રવૃત્તિ છે. બરાબર છે? જ્યાં વિચાર છે, જ્યાં વિકલ્પ છે ત્યાં રાગ અને જ્ઞાન બન્નેની પ્રવૃત્તિ છે. અત્યાર સુધી વિકલ્પ કરીને બન્નેને એકમાં ખતવ્યા. બન્નેને એક માનીને ચાલ્યા. હવે એમ કહે છે કે અહીંયાં જરા ભેદ

પાડવાની જરૂર છે. રાગને જુદો પાડવો, જ્ઞાનને જુદું પાડવું. જે જ્ઞાનમાત્રની વાત ચાલે છે, આપણે એ વિષય અવારનવાર (ચાલે છે). એમાં એકલું જ્ઞાન લેવું છે. વિકલ્પ હોવા છતાં વિકલ્પ વિનાનું, રાગ હોવા છતાં રાગ વિનાનું. જ્ઞાન છે તો જ્ઞાનમાં વિકલ્પ નથી. અજ્ઞાનીનું જ્ઞાન પણ રાગરૂપ થયું નથી.

'ગુરુદેવશ્રી' આ વાત તો બહુ સ્પષ્ટ કહેતા કે અજ્ઞાનદશામાં તને એમ કહીએ છીએ, મિથ્યાત્વ દશામાં તને એમ કહીએ છીએ કે તારું જ્ઞાન રાગરૂપ થયું નથી. તારો રાગ જ્ઞાનરૂપે થયો નથી. તારા ને તારા જ્ઞાનરૂપે થયો નથી. તો આ બેને તું જુદું પાડ. 'રાગ તે હું' એવી ભ્રાંતિમાં, એવા મિથ્યાભાવમાં તું તારી જ્ઞાનની સાવધાની ખોઈ બેઠો છો. જ્ઞાનસ્વરૂપે તું હોવા છતાં તારી જ્ઞાનની સાવધાની તું ખોઈ બેઠો છો. હવે એ બન્નેમાં જુદું પાડીને જ્ઞાન તે હું એમ લ્યે તો રાગ તને પર તરીકે જણાશે. રાગ તને પરજ્ઞેયના સ્થાને જણાશે. સ્વજ્ઞેયના સ્થાને નહિ જણાય. રાગ જણાશે ખરો. કોઈ કહે, રાગ જણાય જ નહિ. એ વાત ખોટી છે. રાગ જણાશે ખરો પણ પરજ્ઞેયના સ્થાને જણાશે. જેવું જ્ઞાન સ્વજ્ઞેયના સ્થાને જણાય છે, એવો જ રાગ પર્યાયમાં હોવા છતાં, બન્ને પર્યાયમાં હોવા છતાં રાગ પરજ્ઞેયના સ્થાને જણાશે.

એના ઉપર 'કર્તા-કર્મ અધિકાર'ની ૬૯-૭૦ ગાથા છે. જેવી રીતે ક્રોધાદિ ક્રિયા થતી માલુમ પડે છે તેવી રીતે જ્ઞાનક્રિયા થતી માલુમ પડતી નથી. જેવી રીતે જ્ઞાનક્રિયા થતી માલુમ પડે છે, વિચાર કરવાની વાત નથી, માલુમ પડવાની વાત છે, એવી રીતે ક્રોધાદિ ક્રિયા માલુમ પડતી નથી. માલુમ પડવી ... 'ગુરુદેવશ્રી'એ પ્રવચન કરતાં એમાં બે વાત લીધી. મિથ્યાદૃષ્ટિને ક્રોધાદિ ભાવમાં હુંપણે થતી ક્રોધાદિ ક્રિયા માલુમ પડે છે ત્યારે તેને જ્ઞાનક્રિયામાં હુંપણું થતું માલુમ પડતું નથી. પહેલો બોલ એ લીધો છે. પછી ઉપાડ્યો એ બોલને કે જ્ઞાનીને જ્ઞાનક્રિયામાં હુંપણું થતું માલુમ પડે છે. પોતાનો સ્વભાવ અને અસ્તિત્વનું ગ્રહણ થાય છે. ત્યારે એને ક્રોધાદિ ક્રિયા થતી હોવા છતાં, ક્રોધ એટલે આ ક્રોધ-ગુસ્સો નહિ, કોઈપણ વિભાવ, એમાં હુંપણું થતી એ ક્રિયા માલુમ પડતી નથી. એ પરજ્ઞેય તરીકે એને માલુમ પડે છે. આમ ભેદજ્ઞાન થાય છે, આમ ભેદજ્ઞાન થાય છે. એ વાત લીધી છે.

'ધર્મદાસજી'એ એ વાત કરી, 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બુરો અજ્ઞાન.' ભેદજ્ઞાન તે જ્ઞાન છે અને બાકી બુરો અજ્ઞાન. 'હેમરાજજી' કરીને એમના શિષ્ય છે (એમને સંબોધીને કહે છે), હે હેમરાજ! તું હું કહું છું એ માન. આમ ભેદજ્ઞાનને જ જ્ઞાન કહ્યું છે. બાકી કોઈ જ્ઞાન તે જ્ઞાન નથી. બધું જ્ઞાન, માત્ર જ્ઞાનમાં જ્ઞાન ભલે હોય પણ એ જ્ઞાન નથી. બધાને અજ્ઞાનમાં લેવું પડે છે. આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયની

માહિતી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની માહિતી ભેદજ્ઞાન વિના અજ્ઞાનમાં લઈ જવી પડે છે. એ અજ્ઞાનનો વિષય છે, જ્ઞાનનો વિષય નથી.

એક વાર 'સોગાનીજી'ની હાજરીમાં એ ચર્ચા ચાલી હતી. કોઈએ પ્રશ્ન કર્યો કે આત્માના સ્વભાવમાં અને શક્તિમાં રાગ નથી તો આવ્યો ક્યાંથી? પાછો એ વ્યય થયો તો ગયો ક્યાં? પ્રશ્નકારે પ્રશ્ન બહુ ખેંચ્યો. પર્યાયમાં આવ્યો એ સ્વભાવમાંથી આવ્યો નથી. તો કહે, સામાન્યમાંથી વિશેષ થયું છે. તો કહ્યું, ધર્મ વિશેષનો છે, સામાન્યનો એ ધર્મ નથી. અને પાછું વિશેષ સામાન્યરૂપ થયું, એ સામાન્યનો ધર્મ નહિ હોવાથી એને સામાન્ય સાથે સંબંધ રહેતો નથી. ભલે સંબંધ વિશેષ પર્યાય પૂરતો છે. પ્રશ્ન પૂછનારને વાત બહુ સમજવા સમજાવવામાં મેળ ખાતી નહોતી એટલે ખેંચતા હતા. એટલે એમણે એક પ્રશ્ન કર્યો, ઈન સબ બાતોં સે આપકા પ્રયોજન હૈ? આવી રીતે પ્રશ્ન પૂછવાની વાતમાં તમારું પ્રયોજન શું છે? દ્રવ્ય, ગુણ, પર્યાય.. આત્મામાં રાગ થાય છે, એની પર્યાય ક્યાંથી આવી ને ક્યાં ગઈ ને આ બધું બરાબર જાણવું તો જોઈએ ને. તો આત્મજ્ઞાન થાય. એટલે આત્મજ્ઞાન કરવાનું અમારું પ્રયોજન છે. એટલે આ પ્રશ્ન પૂછીએ છીએ. તો કહે, એવી રીતે આત્મજ્ઞાન થતું નથી. કેમ? એવું જાણ્યા પછી એવું જાણવું અજ્ઞાન રહેશે. તો કહે, આ દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન અજ્ઞાન છે? હા, આ રીતે તો દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન પણ અજ્ઞાન છે. એટલે એનું વજન શું હતું? કે જે દૃષ્ટિના વિષયભૂત, નિશ્ચયનયના વિષયભૂત જે આત્મા છે, ખરેખર જે આત્મા છે એનું જ્ઞાન તે જ્ઞાન છે. સ્વભાવનું જ્ઞાન તે જ્ઞાન છે. એ આત્મજ્ઞાન છે અને એ સિવાયનું જ્ઞાન તે આત્મજ્ઞાન નથી, એમ કહેવું છે.

એ રીતે અહીંયાં કહેવા માગે છે કે જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે. બીજી કોઈ રીતે આત્મા જાણી શકાતો નથી, બીજી કોઈ રીતે આત્માનું જ્ઞાન થઈ શકતું નથી. બાહ્યક્રિયા ઉપરથી તો એકદમ પોતાનું વજન છૂટી જવું જોઈએ. અહીં સુધી રાખીએ...

## તા. ૨૬-૧૨-૧૯૮૭, વચનામૃત-૨૬૧,૨૬૨
## પ્રવચન નં. ૨૦૫

**દૃષ્ટિ પૂર્ણ આત્મા ઉપર રાખી તું આગળ જા તો સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે. જો સ્વભાવમાં અધૂરાશ માનશી તો પૂર્ણતાને કોઈ દિવસ પામી શકીશ નહિ. માટે તું અધૂરો નહિ, પૂર્ણ છો–એમ માન. ૨૬૧.**

'**દૃષ્ટિ પૂર્ણ આત્મા ઉપર રાખી તું આગળ જા તો સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે.**' દ્રવ્યદૃષ્ટિથી વાત છે. શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ અથવા પૂર્ણ આત્મા પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપ, સંપૂર્ણ ગુણ સંપન્ન આત્મા ઉપર દૃષ્ટિ રાખ. દૃષ્ટિ રાખવી એટલે શ્રદ્ધાએ કરીને અહંપણું થવું. એ પ્રકારે તું આગળ જા. એ પ્રકારના પરિણમનથી તું આગળ જા. શ્રદ્ધાએ શુદ્ધાત્માનું અવલંબન લઈને શુદ્ધાત્માના આધારે '**તું આગળ વધ તો સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે.**' જે પરિપૂર્ણ સિદ્ધ પરમાત્મા સિદ્ધાલયમાં બિરાજમાન છે એવી તારી દશા થઈ જશે. અંદરમાં પણ આધાર સિદ્ધપદનો થયો. એવી જ દશા તદાકાર થઈ ગઈ. આગળ વધીને સંપૂર્ણ એ દશા થઈ ગઈ.

પ્રથમની દશામાં અને સિદ્ધ દશામાં તારતમ્ય ભેદ છે. બંને તદાકાર દશા છે. તદાકાર એટલે તદ્ નામ આત્મા, આત્માના આકારે. જેવું આત્મસ્વરૂપ છે એવી જ દશા થવી તે તદાકાર દશા છે. '**સિદ્ધ ભગવાન જેવી દશા થઈ જશે.**' ખાતરી આપે છે પોતે કે શુદ્ધાત્મા ઉપર દૃષ્ટિ દેવાનું આ ફળ છે. બહારમાં જેમ કોઈ અત્યારે પરિણામ કરે છે તો પુણ્ય-પાપના ફળ પાછળથી આવે છે એમ કહેવાય છે. તો એ એનું મૂળ નક્કી થયું. એમ અહીંયાં દૃષ્ટિ મૂળ સ્વરૂપે છે. દંસણ મૂલો ધમ્મો. સિદ્ધપદનું આ મૂળ છે. દ્રવ્યદૃષ્ટિ એ સિદ્ધપદનું મૂળ છે. એમાંથી સિદ્ધપદ પાંગરી જશે.

સાધારણ લાભનો આ વિષય નથી. એટલા માટે એમ સમજાવવામાં આવે છે અથવા કહેવામાં આવે છે કે જીવના પરિણામનું વિજ્ઞાન એવું છે કે જેટલો એ લાભ જોવે એટલો રસ અને એટલો પુરુષાર્થ એના પ્રમાણમાં એના અનુપાતમાં ઉત્પન્ન થાય છે. સાધારણ લાભ-નુકસાન હોય તો જીવ એને ગણકારતો નથી. મોટું લાભ-નુકસાન હોય તો ત્યાં એ પૂરી શક્તિથી કામે લાગે છે.

એમ અહીંયાં સાદિઅનંત કાળ સિદ્ધપદની જે દશા છે એટલો લાભ એ દ્રવ્યદૃષ્ટિ ઉત્પન્ન થતા થશે, એમ કહેવું છે. અત્યારે સિદ્ધપદ ઉત્પન્ન થાય એવી પરિસ્થિતિ નહિ હોય તોપણ સિદ્ધપદ ઉત્પન્ન થાય એનું પાકુ મૂળ, સાજુ મૂળ અહીંયાં થઈ જાય છે અને એ શક્ય છે. સિદ્ધપદ ભલે શક્ય નથી પણ દ્રવ્યદૃષ્ટિ એ શક્ય છે.

એ સિદ્ધપદનો અનુભવ તો અહીંયાં પ્રથમ દશામાં જ છે. હું એવા સિદ્ધપદસ્વરૂપ છું એ અનુભવ તો અહીંયાં પ્રથમ દશામાં થાય છે. પોતાના સિદ્ધપદનો અપરોક્ષ નામ પ્રત્યક્ષ અનુભવ એ પ્રથમ દશામાં જ થાય છે. પછી અવસ્થા એવી પૂરી થશે એ ભલે પછીની વાત છે પણ અત્યારે એવો સિદ્ધપદસ્વરૂપે છું એવો અનુભવ તો આવ્યો. આનંદ સહિત આવ્યો. કે જે આનંદ પાસે જગતના કોઈ પણ ઈન્દ્રના ઈન્દ્રાસનના વિકલ્પ દુઃખરૂપ જણાય છે, દુઃખરૂપ ભાસે છે, દુખઃરૂપ અનુભવાય છે. સુખરૂપ નહિ પણ દુખઃરૂપ અનુભવાય છે. એવો પ્રથમ દશાનો આનંદ છે. કેમકે એ આનંદ સિદ્ધપદને વળગીને ઉત્પન્ન થયેલો છે. એવી દશા દ્રવ્યદૃષ્ટિ થતાં થશે. માટે એના ઉપર દૃષ્ટિ રાખીને તું આગળ જા. દૃષ્ટિના જોરમાં આગળ જા. દૃષ્ટિના જોરે આગળ વધાશે એ બધી વાત એમાં આવી જાય છે.

**'જો સ્વભાવમાં અધૂરાશ માનીશ તો પૂર્ણતાને કોઈ દિવસ પામી શકીશ નહિ.'** તારું જે પૂર્ણ પદ છે, જે સ્વભાવ છે એમાં અધૂરાપણું, ઓછાપણું, કોઈ ક્ષતિ, કોઈ ખામી એવો કોઈ પ્રકાર એની અંદર નથી. સ્વભાવ તો જેવો છે એવો પૂર્ણ કહેતાં પણ જેની હદ નથી એવો, પૂર્ણ કહેતા હદવાળો છે એમ નહિ પણ પૂર્ણ કહેતા પણ જેને હદ નથી એવો બેહદ સ્વભાવ. એમાં કિંચિત્ પણ અધૂરાશ (માને તો) એ સ્વભાવને એણે જોયો નથી, સ્વભાવ એના લક્ષમાં આવ્યો નથી, સ્વભાવ એના જ્ઞાનમાં આવ્યો નથી. એટલે કોઈ કલ્પના થાય તો એ જીવ કદી પામે નહિ. કોઈ દિવસ પામે નહિ. એટલે જ્યાં સુધી એવી એની કલ્પના, એવી એની માન્યતા રહે ત્યાં સુધી કદી પામે નહિ. એ કલ્પનાનો વિષય માત્ર છે.

**'જો સ્વભાવમાં અધૂરાશ માનીશ તો પૂર્ણતાને કોઈ દિવસ પામી શકીશ નહિ.'** સ્વભાવ એટલે પોતે એમ લેવું છે. સ્વભાવ એટલે બીજો કોઈ નહિ પણ સ્વભાવ એટલે પોતે. માટે તું અધૂરો નહિ પૂર્ણ છું એમ માન. જેને પોતાની વર્તમાન દશાનું અવલંબન આવે છે એને એ ભૂલ થાય છે કે હું અધૂરો છું. કેમકે દશા અધૂરી છે. દશા અલ્પ છે. અલ્પ જ્ઞાન છે. અલ્પ શક્તિ છે દશામાં તો એને એ કલ્પના થાય છે કે હું આવો છું, હું આવો છું, હું આવો છું. એવી માન્યતા જ્યાં સુધી રહેશે, એવી દૃષ્ટિ જ્યાં સુધી એટલે અધૂરાશની દૃષ્ટિ એ પર્યાયદૃષ્ટિ છે. નિશ્ચયનો વિષય એવો છે કે એમાં

ગુણોનું ઓછા-વત્તાપણું જોવાનો નિષેધ છે. ગુણને ઓછા-વત્તાપણે ન જો.

એ નિશ્ચયનું પ્રકરણ લીધું છે 'અનુભવ પ્રકાશ'માં. નિશ્ચયના ઘણાં બોલ લીધા છે. આમાં 'ચિદ્ વિલાસ'માં બીજા પ્રકરણમાં છે. વ્યવહાર અને નિશ્ચય એમ કરીને છે. અનંત શક્તિ વડે જે ગુણ છે એ ગુણને જ દેખો. તેના જઘન્ય ઉત્કૃષ્ટ એવા ભેદ ન દેખવા. એ શક્તિને એકને જ દેખવી. જઘન્ય ઉત્કૃષ્ટ એવા ભેદ તો પર્યાય અપેક્ષાએ પડે છે. એ પર્યાય અપેક્ષાથી શક્તિને ન દેખવી. કેટલું પરિણમન થયું? કેટલો આનંદ આવ્યો? કેટલું જ્ઞાન પ્રગટ થયું? એ જોવાની પદ્ધતિ બરાબર નથી. નિશ્ચયથી આમ જોવું.

મુમુક્ષુ :- ગુણ ... એટલે ધ્રુવ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ધ્રુવ. ગુણ એટલે ધ્રુવ. એને જઘન્ય ઉત્કૃષ્ટ ભેદે ન દેખવું. એવા ભેદ ન દેખવા. એવું જે અભેદદર્શન, એક જ રૂપનું દર્શન, એકરૂપ દર્શન એને અભેદદર્શનરૂપ નિશ્ચયસંજ્ઞા કહીએ. એને નિશ્ચય એવું નામ આપીએ, એમ કહેવું છે. નિશ્ચયના પ્રકરણમાં આવી એક વાત લખી છે.

અહીંયાં બહુ સાદી ભાષામાં ખુલ્લું કરીને કહે છે કે '**સ્વભાવમાં અધૂરાશ માનીશ તો પૂર્ણતાને કોઈ દિવસ પામી શકીશ નહિ.**' એટલે ધ્રુવ સ્વભાવમાં ઓછા-વત્તાપણું, તીવ્ર-મંદપણું એવા ભેદથી અભેદ સ્વભાવને તું જોઈશ નહિ. અભેદ સ્વભાવ તો જે અભેદ છે એવો છે. જેને વિષે, જે સ્વભાવને વિષે વિકલ્પ કરવો એ એના સ્વભાવને વિકલ્પ અનુકૂળ નથી. એ વિકલ્પ એ વિષે ઉઠાવવો એ એને અનૂકૂળ નથી. એવું નિર્વિકલ્પ સ્વરૂપ છે, એવું અભેદ સ્વરૂપ છે એનો વિકલ્પ કરવો એ એની સાથે સુસંગત થતો નથી. એવો સ્વભાવ છે.

કહેવું તો કઈ રીતે? વિકલ્પ કરવો સુસંગત નથી તો કહેવું કેવી રીતે એને? એવો પ્રશ્ન થાય. એમ કહે, તારી અવસ્થા છે એ અધૂરી અવસ્થા છે. એ અવસ્થામાં તને હુંપણું થઈ રહ્યું છે, પર્યાયદૃષ્ટિ હોવાને લીધે. એવું જે હુંપણું થઈ રહ્યું છે એવું માનતા તો કોઈ દિવસ તું તારા નિજપદને પામી શકીશ નહિ. તારો સ્વાનુભવ તું કરી શકીશ નહિ. માટે તું પરિપૂર્ણ છો, '**અધૂરો નહિ પણ પૂર્ણ છો એમ માન.**' એવો અનુભવ કર. અને એ દૃષ્ટિએ પૂર્ણતાની દૃષ્ટિએ, પૂર્ણ શુદ્ધની દૃષ્ટિએ તું આગળ વધ. એ સિવાય આગળ વધવાનો કોઈ ઉપાય નથી.

દૃષ્ટિના જોરથી આગળ વધાય છે. એવું જ કોઈ દૃષ્ટિનું વચનાતીત પરિણમન છે. એવું કોઈ વચનાતીત પરિણમન છે કે જેના જોરથી પરિણમન આગળ વધવા લાગે છે. એટલે કે અનંત ગુણોનો વિકાસ થવા લાગે છે. એવી દ્રવ્યદૃષ્ટિ છે એનું સ્વરૂપ અને

એનું ફળ દર્શાવીને જીવને એવો પુરુષાર્થ ઉત્પન્ન થાય, જીવને એ દશાનો રસ ઉત્પન્ન થાય એ કાર્યમાં એને ઉત્સુક્તા આવે. એવું અહીંયાં કહેવા પાછળ કારણ છે. ૨૬૧માં એ દ્રવ્યદષ્ટિનો વિષય લીધો. આમાં દ્રવ્યદષ્ટિના ઘણાં બોલ છે. આ ગ્રંથમાં પદાર્થના અને ઉપયોગની સૂક્ષ્મતાના પણ ઘણાં બોલ છે.

**દ્રવ્ય સૂક્ષ્મ છે; માટે ઉપયોગને સૂક્ષ્મ કર તો સૂક્ષ્મ દ્રવ્ય પકડાશે. સૂક્ષ્મ દ્રવ્યને પકડી નિરાંતે આત્મામાં બેસવું તે વિશ્રામ છે. ૨૬૨.**

વસ્તુનું સ્વરૂપ જ સૂક્ષ્મ છે. '**દ્રવ્ય સૂક્ષ્મ છે;...**' એમ કહ્યું ને? વસ્તુનું સ્વરૂપ જ સૂક્ષ્મ છે. જો વસ્તુનું સ્વરૂપ સૂક્ષ્મ ન હોત તો સર્વને સ્થૂળ જ્ઞાનમાં તે જ્ઞાનગોચર હોત. એ જ્ઞાન તો સાધારણ બધા જીવોને છે તો એ બધાને જ્ઞાનગોચર હોત. બધાને એ જ્ઞાનગોચર થતું નથી કેમકે વસ્તુનું સ્વરૂપ સૂક્ષ્મ છે અથવા જ્યારે કોઈ જીવ એવી વાત કરે છે કે અમને સમજાતું નથી. આ વિષય હજી અમને સમજણમાં આવતો નથી અથવા અમારો દ્રવ્ય સ્વભાવ અમને ગ્રહણ થતો નથી, અમને પકડાતો નથી, શું કરવું અમારે? આ તો ન પકડાય એવો વિષય છે એવું લાગ્યા કરે છે.

એને એમ કહે છે કે સ્થૂળ ઉપયોગે ગ્રહણ નથી થતું. વસ્તુ સૂક્ષ્મ હોવાથી ઉપયોગ સૂક્ષ્મ થાય તો જ એ ગ્રહણ થાય છે. એના માટે કોઈ બીજો ઉપાય છે એવું નથી. સૂક્ષ્મ એવા દ્રવ્ય સ્વભાવને સૂક્ષ્મ ઉપયોગે કરીને જ ગ્રહણ કરી શકાય અને બીજી રીતે એ ગ્રહણ ન થઈ શકે. આ એક જ એનો (ઉપાય છે). એના માટે કોઈ બીજો વિકલ્પ નથી, બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- સૂક્ષ્મ ઉપયોગ કરવો એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- સૂક્ષ્મ ઉપયોગ કરવો એટલે આ સ્થૂળ-સૂક્ષ્મથી તો... સ્થૂળ છે એમાં તો મોટી મોટી સમજ આવે છે. જેમ કે સ્થૂળ ઉપયોગમાં વ્યાખ્યા સમજાય છે કે દ્રવ્ય કોને કહીએ? કે અનંત ગુણના પિંડને દ્રવ્ય કહીએ. શાસ્ત્રોમાં જુદા જુદા પ્રકારે વર્ણન આવે છે. દ્રવતિ ઈતિ દ્રવ્યં. જે ત્રણે કાળે પર્યાયરૂપે દ્રવ્યા કરે, ગુણ પર્યાયરૂપે દ્રવ્યા કરે એને દ્રવ્ય કહીએ.

'અનુભવ પ્રકાશ'માં 'દીપચંદજી'એ ત્યાંથી ગ્રંથ શરૂ કર્યો છે. ...માંથી ગ્રંથ શરૂ કર્યો છે. '**द्रवति इति द्रव्यं**'. પછી '**सत् द्रव्य लक्षणं**'. દ્રવ્યનું લક્ષણ સત્તા છે. જે ત્રિકાળ હયાત રહે છે. જેની કદી ઉત્પત્તિ નથી, જેનો કદી નાશ નથી એવો શાશ્વત

સત્તાધારી પદાર્થ તેને દ્રવ્ય કહીએ. પછી છએ દ્રવ્ય એમાં આવી જાય છે. એમ અનંત ગુણના પિંડને પણ દ્રવ્ય કહેવામાં આવે છે. એ બે, ત્રણ, ચાર રીતે વાત કરી છે. ગ્રંથની શરૂઆત જ એવી રીતે કરી છે. સિદ્ધાંતજ્ઞાન બહુ સ્પષ્ટ હતું.

**'પ્રથમ આ લોક છ દ્રવ્યનો બન્યો છે. તેમાં પાંચ દ્રવ્યથી ભિન્ન સહજસ્વભાવરૂપ સચ્ચિદાનંદાદિ અનંત ગુણમય ચિદાનંદ (આત્મા) છે. તે (ચિદાનંદ આત્મા) અનાદિના કર્મસંયોગથી અનાદિથી અશુદ્ધ થઈ રહ્યો છે.'** 'ચિદ્‌વિલાસ'માં એ વાત લીધી છે. આમાં નહિ, 'ચિદ્‌વિલાસ'માં એ વાત લીધી છે. 'ચિદ્‌વિલાસ'માં પહેલો જ દ્રવ્ય અધિકાર લખ્યો છે. **'પ્રથમ જ વસ્તુ વિષે દ્રવ્ય-ગુણ-પર્યાયનો નિર્ણય કરીએ છીએ ત્યાં દ્રવ્યનું સ્વરૂપ કહીએ છીએ કે 'સત્ દ્રવ્યં લક્ષણં'**.

'પંચાસ્તિકાય'ની દસમી ગાથામાં આ વાત છે. 'તત્ત્વાર્થસૂત્ર'ના પાંચમા અધ્યાયનું આ ૨૯મું સૂત્ર છે અને 'પ્રવચનસાર' ગાથા ૫૭માં આ વિષય છે અને 'આલાપ પદ્ધતિ'માં પૃષ્ઠ ૯૬માં આ વિષય છે. દ્રવ્યં સત્ લક્ષણં. '**(અર્થાત્ દ્રવ્યનું લક્ષણ સત્ છે). એમ જિનાગમમાં કહ્યું છે. ત્યાં શિષ્ય પ્રશ્ન કરે છે કે પ્રભો ! 'ગુણસમુદાયો દ્રવ્યં'** ગુણના સમુદાયને દ્રવ્ય કહ્યું છે. એવું પણ જિનવચન છે. 'પંચાધ્યાયી'ની ગાથા ૫૭. '**માટે સત્તામાત્રને (દ્રવ્યનું લક્ષણ કહેવામાં) અનંત ગુણની સિદ્ધિ થતી નથી.**' એક અસ્તિત્વ ગુણ આવે છે એમ કહે છે. '**વળી ગુણસમુદાય (તે દ્રવ્ય છે)' એમ ન કહેતાં ગુણ પર્યાયવત્ દ્રવ્યં. (અર્થાત્ ગુણ-પર્યાયવાળું દ્રવ્ય છે) એવી સિદ્ધિ થતી નથી.**' એ ગુણપર્યાય વત્ દ્રવ્યં છે એ 'તત્ત્વાર્થસૂત્ર'ના પાંચમા અધ્યાયમાં ૩૮મું સૂત્ર છે. 'પ્રવચનસાર'માં ૫૫મી ગાથા છે. અને 'પંચાધ્યાયીમાં' એ ૭૨ નંબરની ગાથા છે. ગુણ પર્યાયવત્ દ્રવ્યં. એની સિદ્ધિ થતી નથી. તો કહે છે કે '**દ્રવ્યત્વયોગાદ્ દ્રવ્યં' 'એવું પણ જો દ્રવ્યનું વિશેષ લક્ષણ કરો...**' દ્રવ્યત્વના સંબંધથી એને દ્રવ્ય કહીએ. દ્રવ્યત્વના સંબંધથી એટલે સંયોગ સંબંધ નહિ પણ ગુણનો સંબંધ છે. '**એવું પણ જો દ્રવ્યનું વિશેષણ (લક્ષણ) કરો તો એમ કહીએ છીએ કે દ્રવ્ય સ્વતઃસિદ્ધ છે તેથી તે વિશેષણ જૂઠું ઠરે છે.**' 'પંચાધ્યાયી' ગાથા ૮. '**કેમકે તેને આધીન દ્રવ્ય નથી.**' એટલે એમ કહ્યું, દ્રવ્યત્વનો સંયોગ નથી. '**દ્રવ્યત્વયોગાદ્**' ગુણ-પર્યાયને દ્રવ્યા વગર દ્રવ્ય ન હોય. '**દ્રવ્યત્વયોગાદ્**' એટલે દ્રવ્યા જ કરે છે. દ્રવવાનો જેમાં સ્વભાવ છે. તેથી તે ગુણ-પર્યાયમાં વ્યાપીને, દ્રવીને રહે છે તેથી તેને ગુણ-પર્યાયનું પ્રગટ કરવાપણું દ્રવ્યત્વગુણથી છે એમ કહેવામાં આવે છે.

પોતે ને પોતે આગળ એ ખુલાસો કર્યો છે. આમ સત્તા, ગુણનો સમુદાય, ગુણ-પર્યાય, દ્રવ્યત્વ એમ ચાર પ્રકારે દ્રવ્યની પરિભાષા એક દ્રવ્ય અધિકારને વિષે કરી છે. ઘણી ચર્ચા કરી છે.

'પ્રવચનસાર'ની ૮૦મી ગાથામાં વળી બીજી જ વાત કરી છે કે જે અન્વય છે તે દ્રવ્ય છે. 'પ્રવચનસાર' ૮૦ ગાથા. 'જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે' એમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની જે વાત આવી કે દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંતને જાણે. એમાં દ્રવ્ય (શું)? જે અન્વય છે તે દ્રવ્ય છે એમ કહી દીધું. અન્વય એટલે ચાલુ રહેવાપણું. અવસ્થાનો નાશ થાય. એક અવસ્થાનો નાશ થાય, બીજી અવસ્થા ઉત્પન્ન થાય તોપણ જે ચાલુ ને ચાલુ રહે એને દ્રવ્ય કહીએ કે જેમાં ઉત્પન્ન થવાપણું, લય થવાપણું, અવસ્થાવિશેષનું કાંઈ લાગુ ન પડે. એને દ્રવ્ય કહીએ. ત્યાં પાછી એવી એક વાત કરી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા ... એને દ્રવ્ય કહીએ.

જ્યાં ઓળખવાની વાત છે ત્યારે અન્વયથી ઓળખવાની વાત છે. ત્યાં ઓળખવાનું પ્રકરણ ચાલ્યું છે. મન વડે અરિહંતના આત્માને દ્રવ્ય-ગુણ-પર્યાયથી કળી લે. તો તારો આત્મા પણ એવો જ છે એવું તને ભાસ્યમાન થશે. પહેલાં તને દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદથી સમજ થઈ પણ હવે વસ્તુ ભેદરૂપ નહિ હોવાથી પર્યાયને ગુણમાં અંતર્લીન કરવા યોગ્ય છે અને ગુણને દ્રવ્યમાં અંતર્લીન કરવા યોગ્ય છે. એ રીતે અભેદનો નિશ્ચય કર, અભેદનો નિર્ણય કર, અભેદની ઓળખાણ કર. એવી વાત ત્યાં ચાલી છે.

એ અન્વય છે તે સૂક્ષ્મ છે એમ કહેવું છે. દ્રવ્ય કેવી રીતે સૂક્ષ્મ છે ? અહીંયાં દ્રવ્ય સૂક્ષ્મ છે એટલે અન્વયની વાત લેવી છે. ગુણ પર્યાયે દ્રવે છે એ વાત પણ નથી લેવી. દ્રવ્ય છે તે સૂક્ષ્મ છે-અન્વય સ્વભાવ. અહીંયાં દ્રવ્ય એટલે દ્રવ્ય સ્વભાવ લેવો છે. એ સૂક્ષ્મ છે. અવસ્થા અનુભવગોચર થાય છે એટલે અવસ્થા સમજાય છે. તો અવસ્થા અંગ છે એ સ્થૂળ છે. એવું સ્થૂળપણું જે લક્ષમાં નથી આવતું છતાં જેની હયાતી મતિ-શ્રુતજ્ઞાનમાં નિશ્ચિત થઈ શકે છે, જેનો નિશ્ચય થઈ શકે છે, નિર્ણય થઈ શકે છે એ રીતે અન્યરૂપ દ્રવ્ય છે.

જેમ કે હીરાની ચમક છે એ એની પ્રગટ અવસ્થા છે. કોઈ એમ કહે કે હીરાની પર્યાય દેખાય છે. હીરો અમે શોધીએ છીએ હજી. હીરો આમાં શું છે? તો એને પૂછીએ કે હીરાની ચમકરૂપ અવસ્થા હીરા વગર તેં જોઈ કેવી રીતે? ક્યાંય અધ્ધર કોઈ

એ અવસ્થા ચાલે છે? એ પદાર્થની અવસ્થા છે. એમ અવસ્થા પદાર્થ વગર હોતી નથી એવો જે પદાર્થ, અન્વયરૂપ કાયમ રહે છે એવો પદાર્થ તે દ્રવ્ય છે.

એવું દૃષ્ટાંત છે કે, છરીને કાટ લાગેલો હોય છે. તો કાટવાળી છરી છે એમ કહેવાય. કટાઈ ગયેલી છરી છે. એને ઘસીને કાટ કાઢી નાખવામાં આવે છે તો અંદર જે ચમકે છે એ ચમકતી છરી છે. જ્યારે કાટ ગયો ત્યારે ચળકાટ ઉત્પન્ન થયો. કાટવાળાપણું અને ચળકાટવાળાપણું બંને અવસ્થા છે. એકનો વ્યય થયો, બીજાનો ઉત્પાદ થયો. છરી? તો કહે છે, છરી દ્રવ્યના સ્થાનમાં હોવાથી, કાટવાળાપણામાં, કાટવાળાના નાશ વખતે પણ, ચળકાટવાળાના ઉત્પાદ વખતે પણ અને ચળકાટના હોવા વખતે પણ છરી તો છરીપણે જ રહી છે. એ છરી છે એ વસ્તુ છે એ દ્રવ્યના સ્થાને છે. અને જે સદાય કાયમ રહે છે, અવસ્થા વ્યતીત થતી હોવા છતાં જે એમ ને એમ ચાલી રહે છે એ હું છું, એવું દ્રવ્યદૃષ્ટિમાં લેવાનું હોય છે. એ જ હું છું. એ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. દૃષ્ટિનો વિષય એ દ્રવ્ય છે.

જેમકે મૃત્યુ છે એમાં નાશ ગણવામાં આવે છે કે મૃત્યુ થઈ ગયું. હવે આ જ ભવની એની હયાતી એમ સાબિત કરે છે કે એનો નાશ નથી થયો. 'બનારસીદાસે' એક બહુ સરસ વાત લીધી છે કે જેમ કોઈ સ્વપ્નની અંદર પોતાનું મૃત્યુ જુએ તો એ કલ્પનામાત્ર છે. કેમકે જાગૃત અવસ્થામાં તો કોઈ પોતાનું મૃત્યુ જોવા હયાત રહેતા નથી. ક્યાંક બીજે જ હોય છે. અહીંયાં અનાયાસે કોઈનું મૃત્યુ થયું. એવું સપનું જોવે તો સપનામાં એ કલ્પના સંભવિત છે કે બધા ભેગા થયા. પોતે ને પોતે જોવે. પોતાની ને પોતાની ક્રિયા જુએ, અંતિમક્રિયા જુએ. જાગૃતમાં એ સંભવિત છે? એ સપનું પૂરું થાય ત્યારે એને એમ લાગે છે કે ના, આવું કાંઈ બન્યું નથી. જે સપનામાં જોયું એવું કાંઈ બન્યું નથી. કેમકે હું તો આ રહ્યો. મારું મૃત્યુ થયું નહોતું.

એમ જેને આત્મજ્ઞાન થાય છે એને શાશ્વત સત્તાનો અનુભવ થાય છે ત્યારે એ જોવે છે કે ભવથી ભવાંતર થયો એમાં ક્યાંય મારો નાશ નથી થયો. હું ચાલુ જ રહ્યો છું. મારા હયાતી હંમેશા ચાલી જ રહી છે. મારી હયાતીનો ક્યારેય નાશ થઈને ભવ વ્યતીત થયો છે કે નવો ભવ ઉત્પન્ન થયો છે કે મારી હયાતી ક્યારેય બંધ થઈ છે, એવા કોઈપણ પ્રસંગમાં મારી હયાતી બંધ થઈ ગઈ છે એવું ક્યારેય નથી બનતું. હું સદા હયાત છું. અને એક સમય જે હયાત છે એની પાછળ એને ઉત્પાદ-વ્યય છે એ સપના જેવો દેખાય છે. એટલે એમ કહ્યું કે જ્ઞાનીને સંસાર સ્વપ્નવત્ દેખાય છે. 'સકળ જગત છે એંઠવત અથવા સ્વપ્ન સમાન.'

પોતાના ધ્રુવ અન્વયને વિષે જોતા પર્યાયમાં જે કાંઈ બન્યું તે ધ્રુવમાં કાંઈ બન્યું

નથી. ધ્રુવમાં એટલે પોતામાં. અહંપણું એણે ધ્રુવમાં સ્થાપ્યું છે એને અનુભવ થાય છે કે મારામાં કાંઈ બન્યું નથી. જે બન્યું તે પર્યાયમાં બન્યું. પર્યાયમાં બન્યું તે ભલે બન્યું. મારામાં બન્યું નથી. એ એને સ્વપ્નવત્ દેખાય છે.

'સોગાનીજી' છેલ્લે ૧૭ દિવસ 'સોનગઢ' રોકાયા. Station ઉપર 'સોનગઢ'ના Station ઉપર 'સોનગઢ' છોડ્યું ત્યારે એમ કહ્યું કે સત્રહ દિન કા એક સ્વપ્ન, ઔર એક સ્વપ્ન પૂરા હુઆ. ઔર એક સ્વપ્ન (પૂરા હુઆ). ઘણાં સપના પૂરા થાય છે, આ એક સપનું પૂરું થયું. સત્તર દિવસ પહેલા આવ્યા હતા, સત્તર દિવસ પછી જઈએ છીએ એ સપના જેવું છે. હું તો જ્યાં છું ત્યાં છું. 'નિશ્ચય નિહાલભાઈ કભી કહીં ન આયે, ન કભી કહીં ગયે.' આ સત્તર દિવસનું સપનું પૂરું થઈ ગયું. ભક્તિ એટલી હતી કે જતા પહેલાં આંસુ પડી ગયા. એમ છતાં કેટલું વજન દ્રવ્ય ઉપર છે અને કેટલું વજન પર્યાય ઉપર નથી એ એક સ્પષ્ટ વિષય છે.

એવું દ્રવ્ય છે એ સૂક્ષ્મ છે. આ ગ્રંથની અંદર સૂક્ષ્મના ઘણાં બોલ છે. સૂક્ષ્મતાની અનેક ભેદે વાત લીધી છે. '**માટે ઉપયોગને સૂક્ષ્મ કર તો સૂક્ષ્મ દ્રવ્ય પકડાશે.**' સ્થૂળ ઉપયોગે કરીને સૂક્ષ્મ દ્રવ્યનું ગ્રહણ કદી નહિ થઈ શકે. જોકે શાસ્ત્ર સ્વાધ્યાય કરવાનો એ નિયમ છે અથવા એ શિસ્તબદ્ધ નિયમ છે. Disciplinery principle છે કે સૂક્ષ્મ ઉપયોગે શાસ્ત્ર સ્વાધ્યાય કરવો. સ્થૂળ ઉપયોગે ન કરવો. કેમકે શાસ્ત્રનો વિષય જ આવા દ્રવ્ય-ગુણ-પર્યાયનો સૂક્ષ્મ વિષય હોય છે. જો સ્થૂળ ઉપયોગે એનો સ્વાધ્યાય કરવામાં આવે છે તો યથાર્થરૂપે એ સ્વાધ્યાય નથી થતો. ૧૯૭માં એ વિષય આવ્યો છે. પાનું છે ૬૨-૬૩. ભેદજ્ઞાનનો જ્ઞાનનો વિષય છે. બીજી લીટીમાં કહ્યું. ૬૨ પાને.

'**ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો.**' અહીંયાં પણ સૂક્ષ્મ ઉપયોગ કરવાની વાત આવી. શેને વિષે? સ્વભાવ અને વિભાવ એ બંનેનું જુદાંપણું કરવા અર્થે અહીંયાં ઉપયોગને સૂક્ષ્મ કરવો. એ વાત લીધી. સ્વભાવનું હુંપણે ગ્રહણ થાય તો વિભાવ પરપણે જણાય. જ્ઞાનક્રિયા હુંપણે થતી માલુમ પડે તો ક્રોધાદિ ક્રિયા પરપણે થતી માલુ પડે. એમ લેવું છે. સાવધાન થઈને એટલે પછી પોતે ચોખવટ કરે છે કે '**સાવધાન થઈને પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને,..**' બરાબર એકલા શુદ્ધ જ્ઞાનના લક્ષણ વડે, એકલા જ્ઞાનના લક્ષણ વડે ઓળખીને શુદ્ધભાવને જુદો પાડવો, વિભાવને જુદો પાડવો.

એ જ વાત ૬૩ પાને કહે છે. '**પ્રજ્ઞાથી ગ્રહવો...**' પહેલા Paragraphમાં. '**જે જાણનારો છે તે હું, જે દેખનારો છે તે હું એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને**

**વિભાવને જુદાં પાડી શકાય છે.**' આ શું કરવું? કેમ કરવું? કેવી રીતે કરવું? એ બધી ચોખવટ છે આની અંદર. મુમુક્ષુની ભૂમિકામાં શું કરવું? કે સૂક્ષ્મ ઉપયોગ કરીને સ્વભાવ-વિભાવ વચ્ચે ભેદ પાડ. પહેલા બીજા Paragraphમાં ત્રીજી લીટીમાં એ વાત છે.

છેલ્લા Paragraphમાં પાછી વિશેષ વાત છે કે '**સ્વભાવમાં જ રસ લાગે, બીજું બધું નીરસ લાગે.**' જ્યારે સ્વભાવમાં જ રસ લાગે, સ્વભાવનો મહિમા આવે, બીજું બધું નીરસ લાગે '**ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.**' આ ઉપાય કહી દીધો. ઉપયોગને સૂક્ષ્મ કેવી રીતે કરવો? કે જો સ્વભાવનો મહિમા આવે અને વિભાવમાં નીરસપણું લાગે તો ઉપયોગ સૂક્ષ્મ થાય. એનો સીધો અર્થ એ થયો કે જેને વિભાવમાં રસ છે એનો ઉપયોગ સ્થૂળ થાય છે. જેટલો વિભાવરસ તીવ્ર એટલો જ્ઞાનનો ઉપયોગ સ્થૂળ. આ સીધેસીધો પલાખા જેવો વિષય છે. જેટલો સ્વભાવમાં રસ અને રુચિ એટલો ઉપયોગ સૂક્ષ્મ. બહુ સીધી સાદી વાત આ છે. ૧૯૭ બોલ ઉપરથી.

મુમુક્ષુ :- ઉપયોગ સૂક્ષ્મ કરતા તો જીવને આવડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતાના પ્રયોજનમાં. દુનિયાદારીના પ્રયોજનમાં...

મુમુક્ષુ :- બહુ મોટો કરવો હોય તો ... કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- કરે જ છે ને કરે છે. બધું કરે છે. સંજ્ઞી પંચેન્દ્રિય છે ને એટલે એ .. એમ જ થાય. એવો ઉપયોગ સૂક્ષ્મ કરવાની એની પર્યાયશક્તિ પ્રગટ છે એની પાસે, એનો અર્થ એમ છે. પણ જે દિશામાં રસ લે તે દિશામાં. જો વિભાવમાં રસ લ્યે તો સ્વભાવમાં ઉપયોગ સૂક્ષ્મ ન થાય. જો સ્વભાવના મહિમાથી સ્વભાવમાં રસ આવે તો જ સ્વભાવમાં ઉપયોગ સૂક્ષ્મ થઈ અને સ્વભાવને ગ્રહણ કરે. આ એનો નિયમ થયો. એટલે સ્વભાવમાં રસ લેશે તો એનો ઉપયોગ સૂક્ષ્મ થઈને સ્વભાવને ગ્રહણ કરશે. નહિતર સ્વભાવનું ગ્રહણ નહિ થઈ શકે. એમ એ વિષય સ્પષ્ટ થયો.

'**દ્રવ્ય સૂક્ષ્મ છે;...**' માટે '**ઉપયોગને સૂક્ષ્મ કર તો સૂક્ષ્મ દ્રવ્ય પકડાશે. સૂક્ષ્મ દ્રવ્યને પકડી નિરાંતે આત્મામાં બેસવું તે વિશ્રામ છે.**' બસ ! આ આરામ છે અને આ વિશ્રામ છે. સૂક્ષ્માતિ સૂક્ષ્મ એવો જે દ્રવ્યસ્વભાવ એમાં હુંપણું કરીને એમાં ઠરી જવું, એમાં સ્થિર થવું, એમાં બેસવું એ જીવનો વિશ્રામ છે. અનાદિનો થાક ત્યાં ઉતરે છે એ સિવાય આકુળતાનો થાક ઉતરવાનો કોઈ આરોવારો નથી. કોઈ ઉપાય નથી જગતમાં.

શાસ્ત્ર સ્વાધ્યાયમાં એવું છે કે એનું વાચ્ય તો સૂક્ષ્મ છે. સ્થૂળ ઉપયોગે શાસ્ત્ર

સ્વાધ્યાય કરે... સ્થૂળ ઉપયોગે કરે એટલે શું છે કે ખેંચાણ ત્યાંનું ત્યાં હોય, સંયોગોનો વિકલ્પ, સંયોગોના વિચાર ત્યાં ને ત્યાં પરિણતિ રહ્યા કરતી હોય એને ઉપયોગ સૂક્ષ્મ નથી થતો. ઉપયોગ એનો સૂક્ષ્મ નથી થતો. બહુ મોટું કામ છે. જેમ મોટો Project હોય તો કેમ એની મહત્તા આવે છે! એમ આ પણ એક સિદ્ધપદ હાંસલ કરવાનું, સિદ્ધપદ પ્રાપ્ત કરવાનું બહુ મોટું કામ છે. કોઈ નાનું-સુનું કામ નથી. મોટા કામનો પ્રારંભ જ એ રીતે થાય છે એની મહત્તા લાવીને થાય છે. એમ નહિ કે આ પુસ્તક ખોલ્યું ને અને આ પુસ્તક બંધ કર્યું અને આ આવ્યા ને આ ભાગ્યા. એવી રીતે એ કામ નથી થતું. એને પોતાને એની મહત્તા આવવી જોઈએ કે કોઈ મહાન કાર્ય પાછળ હું લાગેલો છું. અને એ કાર્યની મહાનતા સમજીને, ગંભીરતા સમજીને એને અનુસરીને જો મારો પ્રયત્ન અને મારા કાર્યનો પ્રારંભ નહિ હોય તો એ દિશામાં આગળ નહિ વધાય. ક્યાંક બીજી બાજુ ચાલ્યા જવાનું થઈ જશે.

મુમુક્ષુ :- મહત્તા આવવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- મહત્તા આવવી જોઈએ. કેમકે મહત્તાવાળું છે ને મહત્તા આવવાનો સવાલ છે. મહત્તા તો જીવને ક્યારે નથી આવતી? કે એથી વિરુદ્ધ વિષયની મહત્તા એણે જે અનાદિની પકડી રાખી છે એને ખોતો નથી, એને ટાળતો નથી. એની મહત્તા નથી એવું વિચાર વડે કરીને પણ એણે એની કિંમત ખોઈ નથી. એટલા માટે અનેક પડખાથી કેમ સ્વાધ્યાયમાં વિચાર કરવામાં આવે છે? કે તને જેની મહત્તા આવી છે એવા જે સંયોગો, દેહાદિ સંયોગો, દેહના અનુકૂળતાના સંયોગો, બીજી જે કાંઈ પરિસ્થિતિ જગતની છે અને જીવને તો પોતાના ઉદય સાથે જ વધારે સંબંધ છે. કહે છે ને, ઉદયથી છૂટા પડવું એનું નામ મુક્તિ છે. ઉદયની સાથે જોડાયેલા રહેવું એનું નામ બંધન છે.

પહેલાં એક તો શું કરવું છે એ તો નક્કી કર કે બેમાંથી તારે કરવું છે શું? તારે જોઈએ શું? જો ઉદયથી છૂટા પડવું હોય, મુક્તપણું જોઈતું હોય તો એને ગૌણ કર્યે છૂટકો છે. આજે કરે, કાલે કરે, અનંત કાળે કરે, એ સિવાય જગતમાં બીજી રીતે કાંઈ કાર્ય થાય એમ બનવાનું નથી. એટલે એ ઉદયમાં રસ, ઉદયભાવમાં રસ, ઉદયમાં રસ એટલે ઉદયભાવમાં રસ એ ઉપયોગને સ્થૂળ કરે છે. ઉપયોગને સ્થૂળ કરે છે એમાં વિવેકને ટાળે છે.

પર રુચિથી અવિવેકજ્વર ઉત્પન્ન થાય છે. 'દિપચંદજી'ની ભાષા એવી છે. પર રુચિથી અવિવેકજ્વર ઉત્પન્ન થાય છે. જીવને અવિવેક નામનો તાવ આવે છે. અને એ ઉપયોગ સ્થૂળ થઈને મૂંઢાઈ જાય છે. કેમ દેહાંત કાળે બહુભાગ મનુષ્યો અસાધ્ય

અવસ્થામાં, બેશુદ્ધ અવસ્થામાં બેભાનપણે જોવામાં આવે છે? કેમકે અહીંયાં જે સંયોગનો રસ લીધો છે એ સંયોગનો ત્યાગ થઈ જશે એ વાત એને વાસ્તવિકપણે દેખાઈ જાય છે કે ખલાસ ! હવે Doctorનો બાપ આવશે તોપણ મને બચાવી શકશે નહિ. પછી એનો રસ છે એ કાબુ બહાર જાય છે. એ રસ એને કાબુ બહાર જાય છે, રસ ઘણો લઈ લીધો છે. પછી તો એનું Reaction આવે છે.

જ્યારે જીવ સંયોગની પ્રાપ્તિમાં રસ લે છે ત્યારે એને ખબર નથી પડતી કે ઝેર કેટલું ખાધું. એ ઝેર ચડે છે ત્યારે ખબર પડે છે. ઝેર ક્યારે ચડે છે? કે જ્યારે એ સંયોગનો વિયોગ થવાનો પ્રસંગ ઊભો થાય છે ત્યારે એનો પ્રત્યાઘાત આવે છે. એ આઘાત-પ્રત્યાઘાતને જીવ સહન કરી શકતો નથી. ક્યારે આવ્યો આઘાત-પ્રત્યાઘાત? કે સંયોગ થયો ત્યારે રસ લીધો એટલે. ઝેર તો પહેલા ખાધું છે. એ મીઠાશની મીઠા ઝેરની જીવને ખબર પડતી નથી. એટલે પછી એને આકરું લાગે છે. બહુભાગ મનુષ્યો બેભાન અવસ્થામાં દેહત્યાગ કરે છે એનું કારણ ત્યાં તીવ્ર દુઃખથી મૂંઢાઈ ગયેલું જ્ઞાન છે. જ્ઞાન અવરાય જાય છે, જ્ઞાન મૂંઢાઈ જાય છે, મૂંઝાઈ જાય છે. મૂંઝવણમાં ને મૂંઝવણમાં એનો ઉપયોગ છે એ ખલાસ થઈ જાય છે. પોતાને ખબર નથી રહેતી કે મને શું જણાય છે ને શું નથી જણાતું.

એટલે આ રસ્તે ન જાય તો એવી બધી પરિસ્થિતિ જીવની ઊભી છે. આ રસ્તે જવું એ એક જરૂરિયાતનો વિષય છે. જરૂરિયાતનો નહિ પણ અત્યંત જરૂરિયાતનો વિષય છે એવું જ્યાં સુધી એને લાગે નહિ ત્યાં સુધી એનો પુરુષાર્થ ઉપડવાનો નથી કોઈ દિવસ. કોઈ દિવસ ન ઉપડે. કેમકે જીવના સ્વભાવમાં એ વાત નથી. જરૂર લાગે તો જ આગળ ચાલે અને નહિતર એને ધક્કો મારો તોય આગળ ચાલે નહિ. ધક્કો મારો તોય આગળ ન ચાલે. વાત જરૂરિયાતની છે. એની જરૂરિયાત સમજાવી જોઈએ, ભાસવી જોઈએ. અને એ સમજણ માટે આ સ્વાધ્યાયનો વ્યવહાર છે.

કેમ જ્ઞાનીને મહાવિવેક પ્રગટ્યો એમ કહેવાય છે? કે નહિતર કેવી ભૂંડી દશા છે એ નજર સામે છે. ચારે ગતિના જન્મ-મરણના દુઃખો અનિવાર્યપણે આવી પડવાના છે એને કોઈ ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર નહિ રોકી શકે. પોતે સવળો થાય, પલટો ખાય તો પોતાનું હિત સહજમાત્રમાં સાધી લે અને નહિતર દશા વર્ણન ન થઈ શકે એટલી ખરાબ થવાની ઊભી છે. ઊંડી ખાઈમાં-દુઃખની ઊંડી ખાઈમાં ચાલ્યો જાય એને કોઈ રોકી નહિ શકે. આ પરિસ્થિતિ છે. એટલે પોતાના હિત-અહિતના વિવેકનો વિષય છે.

ભાઈ! તું ઉપયોગને સૂક્ષ્મ કરીને સ્વરૂપમાં વિશ્રામ કર. આખા જગતથી જુદો તું પડી જઈશ અને નિજાનંદમાં મોજ કરીશ. સ્વરૂપમાં વિશ્રામ કર તો નિજાનંદમાં તું

મોજ કરીશ પછી ત્યાં કોઈ ઉપદ્રવ નથી, કોઈની ત્યાં પહોંચ નથી. અવસ્થામાં કોઈ ગડબડ થવાની નથી. ૨૬૨ (બોલ પૂરો થયો).

**સાધના કરનારને કોઈ સ્પૃહા હોતી નથી. મારે બીજું કંઈ જોઈતું નથી. એક આત્મા જ જોઈએ છે. આ ક્ષણે વીતરાગતા થતી હોય તો બીજું કંઈ જ નથી જોઈતું; પણ અંદર રહેવાનું નથી, માટે બહાર આવવું પડે છે. અત્યારે કેવળજ્ઞાન થતું હોય તો બહાર જ ન આવીએ. ૨૬૩.**

૨૬૩. '**સાધના કરનારને કોઈ સ્પૃહા હોતી નથી. મારે બીજું કંઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે.**' આ સાધના કરનારની ભાવના છે. આત્મસ્વરૂપની ભાવના કોને કહેવી? એ સીધી સાદી ભાષામાં સ્પષ્ટ વાત છે અહીંયાં. 'શ્રીમદ્જી'એ એ વાત કરી, બહુ મોટી વાત કરી. 'આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે...' એ આ ભાવના છે. કોઈ ધૂન બોલવાની વાત નથી. આ ભાવના છે કે એને એક જ અંદરથી ભાવ રહેવો જોઈએ કે મારે આ જગતમાંથી કાંઈ જોઈતું નથી. એક મારો આત્મા જ જોઈએ છે. મારે મારા સ્વરૂપનું કામ છે. મારા સ્વરૂપમાં મારે રહેવું છે. મારા સ્વરૂપની પ્રાપ્તિ નામ અનુભવ મને હો, બીજું કાંઈ મારે જોઈતું નથી. બધું એમાં આવી ગયું મારે. મારો આનંદ એમાં આવ્યો, મારું સુખ એમાં આવ્યું, મારી તૃપ્તિ એમાં આવી, મારો વિશ્રામ ત્યાં છે, મારું બધું જ ત્યાં છે અને આ સિવાય મારે કાંઈ જોઈતુ નથી. એવી જે આત્મભાવના એને '**કોઈ સ્પૃહા હોતી નથી.**' મુમુક્ષુતામાં અંતરંગ નિસ્પૃહ થઈ જાય છે. સ્પૃહા નથી એને. આ મેળવવું, તે મેળવવું, આની પ્રાપ્તિ કરવી, જગતના પદાર્થોની પ્રાપ્તિમાં કાંઈ નથી.

અનંત વાર અનુકૂળ સંયોગોના ગંજ ખડકાણા (એમાં) આ આત્મામાં કાંઈ આવ્યું નહિ. અનંત વાર પ્રતિકૂળ સંયોગના ગંજ ખડકાઈ ગયા. આ આત્માને એનો એક પ્રદેશ ખાંગો કરી શક્યું નથી. બહારની અનુકૂળતા, પ્રતિકૂળતાને ખરેખર આત્મા સાથે કાંઈ લેવા-દેવા હોતી નથી, થતી નથી. મેળવવાની જે સ્પૃહા છે એ તો વ્યર્થ કલ્પના છે એમ સમજીને એની કિંમત જેણે ટાળી છે અને એક પોતાના સ્વરૂપની જ જેને ભાવના છે એને ઈચ્છા કે વાંછા નથી કહેવાતી, એને ભાવના કહેવામાં આવે છે. કેમકે જેને સમ્યક્ એકાંતપણે એકાંતે પોતાનો આત્મા જ જોઈએ છે એવા આત્માર્થીને ભાવનાની સાથે સાથે સ્વકાર્યનો ઉમંગ ઉત્સાહ ઉદ્યમ વર્તે છે, શરૂ થાય છે.

જેને એ દિશાનો પ્રયત્ન શરૂ થયો એને ભાવના કહીએ. પ્રયત્ન વિનાનો વિકલ્પ એને ઈચ્છા કહીએ. એટલે તો પ્રશ્ન થાય છે કે ભાવના અને ઈચ્છામાં શું ફેર? તર્ક થાય છે લોકોને. તર્ક છે એ એક પરલક્ષી વિચારધારામાંથી ઉઠેલો પ્રશ્ન છે. જ્યારે પોતાને અંદરથી મૂંઝવણમાંથી માર્ગ કાઢવો હોય કે જે સ્વલક્ષી વિચારધારામાંથી ઉત્પન્ન થયેલો પ્રશ્ન છે. પ્રશ્ન એ રીતે થવો ઘટે છે. પોતાની મૂંઝવણ દૂર કરવા અર્થે. તર્ક-વિતર્કથી જે પ્રશ્ન થાય છે એમાં પરલક્ષી વિચારધારા લંબાય છે. એની અંદર ન્યાય ... હોય તો સમજાઈ જાય છે પણ એ ન્યાય એને કામમાં આવતો નથી. કેમકે એની જરૂરિયાત નથી એને. મૂંઝવણમાં આવી જરૂરિયાત ઊભી થઈ છે પોતાની મૂંઝવણ ટાળવાની, તો ત્યાંથી જે પ્રશ્ન ઊઠે છે એ એને કામમાં આવે છે. જીવ એનો ઉપયોગ કરે છે.

સ્વધ્યાયમાં એ પ્રશ્ન ચર્ચા થાય છે એમાં પણ આ એક ધ્યાન ખેંચવા જેવો વિષય છે. પ્રશ્ન પોતાની મૂંઝવણમાંથી આવવો જોઈએ અને મૂંઝવણ એટલા માટે હોવી જોઈએ કે હજી માર્ગ મળતો નથી અંદરમાં. અંદરમાં માર્ગ થતો નથી. અંતર્મુખ ઊંડુ કેમ ઉતરવું એ જડતું નથી, મળતું નથી તો એ મૂંઝવણ છે. એમાંથી પ્રશ્ન ઉઠે તો એને એ કામમાં આવે અને નહિતર તર્ક-વિતર્કથી લોકો પ્રશ્ન કરે છે પણ એ પોતાને કામમાં આવતા નથી.

અહીંયાં આત્માર્થીનું સ્વરૂપ લીધું છે, એની ભાવના લીધી છે અને એનો કેવો આદર્શ છે એ વિષય ૨૬૩માં વધારે સ્પષ્ટ કરે છે. (અહીં સુધી રાખીએ...)

**નિજ અસ્તિત્વનું ગ્રહણ થવા અર્થે, સ્વ. શ્રી દિપચંદજીનું સમ્યક્ વચનામૃત અનુપ્રેક્ષણીય છે. ''મારા દર્શન જ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે.'' અવલોકનથી - પ્રયોગથી આમ દેખવું. માત્ર શબ્દાર્થનો વિચાર કરી, વાચ્યને વિચારની મર્યાદામાં ન રાખતાં, નિજ સત્તાના ગ્રહણનો અભ્યાસ - પ્રયત્ન થવો ઘટે. પરથી વિમુખ થઈને વારંવાર જ્ઞાન-દર્શનમય નિજ પદને અવલોકી સ્વયં સુખી થાય.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૩૮)**

**નોંધ :- પ્રવચન નં. ૨૦૬માં અવાજ ખરાબ હોવાથી લેવામાં આવેલ નથી.**

## તા. ૨૯-૧૨-૧૯૮૭, વચનામૃત-૨૬૪, ૨૬૫
## પ્રવચન નં. ૨૦૭

**તારા ચિત્તમાં બીજો રંગ સમાયેલો છે, ત્યાં સુધી આત્માનો રંગ લાગી શકતો નથી. બહારનો બધો રસ છૂટી જાય તો આત્મા જ્ઞાયકદેવ પ્રગટ થાય છે. જેને ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળી જાય, તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન ? ૨૬૪.**

'બહેનશ્રીનાં વચનામૃત'. ૨૬૪મું. પાનું-૮૯.

**'તારા ચિત્તમાં બીજો રંગ સમાયેલો છે, ત્યાં સુધી આત્માનો રંગ લાગી શકતો નથી.'** આત્મસ્વભાવનો રસ ઉત્પન્ન થવો, વીતરાગીભાવનો રસ લાગવો એ બીજો રસ ઉતરી જાય ત્યારે બની શકે છે. .... જેમ એક રંગ ઉપર બીજો રંગ ચડતો નથી. એ દૃષ્ટાંત છે. એમ અહીંયાં રાગનો રંગ છે. જગતના પદાર્થો, ઉદયિકભાવમાં જેને રસ છે, જગતના કાર્યોમાં જેને ઉત્સાહ છે, ઉમંગ છે, હોંશ છે એને આત્માનો અસંગતત્ત્વનો એને રંગ લાગી શકતો નથી. સંગનો જેને રંગ છે તેને અસંગનો રસ લાગી શકતો નથી. સીધું એ છે.

**'બહારનો બધો રસ છૂટી જાય તો આત્મા-જ્ઞાયકદેવ પ્રગટ થાય છે.'** **'બહારનો બધો રસ છૂટી જાય તો...'** ઉપર લીધું ને? એક આત્મા જ જોઈએ છે. બહારનો બધો રસ તો બધો ત્યાગ કરે ત્યારે છૂટે કે ગૃહસ્થીમાં હોય અને બહારનો રસ છૂટે? કોઈપણ હાલતમાં, આ તો હજી મુમુક્ષુની ભૂમિકાનો વિષય છે, સમ્યક્દૃષ્ટિને તો બહારનો રસ છે જ નહિ, પણ જ્ઞાયકદેવ એટલે શુદ્ધાત્માનો અનુભવ, પ્રગટ અનુભવ ત્યારે જ થાય છે, જ્યારે બહારનો બધો રસ છૂટી જાય ત્યારે. દ્રવ્યલિંગીનો ત્યાગ ભાવલિંગી મુનિ જેવો હોવા છતાં બાહ્ય પદાર્થોનો એમને રાગ અને સંસારિક પંચેન્દ્રિય વિષયક રાગરૂપ પ્રવૃત્તિ નહિ દેખાવા છતાં શુભરાગનો રસ છે. શુભરાગની એકત્વબુદ્ધિ છે અને શુદ્ધાત્માનો

વીતરાગી સ્વભાવનો વીતરાગભાવે પ્રગટ અનુભવ નથી તો એને સમ્યક્દૃષ્ટિ કરતાં પણ નીચે ગણવામાં આવે છે. સમ્યક્દૃષ્ટિની બરાબર ગણવામાં નહિ, ઉપર તો ગણવાનો પ્રશ્ન નથી પણ બરાબરીમાં પણ નહિ. એના કરતાં સમ્યક્દૃષ્ટિ વિશેષ છે અથવા સમ્યક્દૃષ્ટિ નમન કરવા યોગ્ય છે, વંદન કરવા યોગ્ય છે, પૂજન કરવા યોગ્ય છે. જ્યારે દ્રવ્યલિંગી મુનિ સંગ કરવા યોગ્ય પણ નથી. દર્શન, વંદન, પૂજનનો તો પ્રશ્ન નથી પણ સંગ કરવા યોગ્ય પણ નથી. કેમ એમ છે? આ બધો રસ છૂટીને સમ્યક્દૃષ્ટિ થયા છે તેથી. અને એને ભલે અત્યારે શુભરાગનો રસ દેખાય છે અને અશુભરાગનો રસ નથી દેખાતો તોપણ બધો રસ એને પડ્યો છે. રંગ બધો એને ચડેલો છે. એટલે એને આત્માનો રંગ લાગતો નથી. એટલા માટે એની ભૂમિકા ઉપર લીધી છે.

'અષ્ટપાહુડ'માં એ વાત લીધી છે. દ્રવ્યલિંગી મુનિને અસંયમી કહ્યા છે. બહારમાં એણે મુનિદશા યોગ્ય સંયમ અંગીકાર કર્યો હોવા છતાં એને 'કુંદકુંદભગવાન' અસંયમી કહે છે. '**अस्संजदं ण वन्दे**' (દર્શનપાહુડ-ગાથા-૨૬). એવો પાઠ છે. પોતે મુનિ હોય, ભાવલિંગી ન હોય, જો કે દ્રવ્યલિંગી પણ અત્યારે તો નથી, પણ સમ્યક્દૃષ્ટિને વંદન, પૂજન થાય છે એ ખબર પડે (એટલે શાસ્ત્ર આધાર આપે), '**अस्संजदं ण वन्दे**' શાસ્ત્રમાં કીધું છે. આ બધા કેમ લાગી ગયા છે? અસંયમી હોય એને વંદન કરાતું નથી. અવિરત સમ્યક્દૃષ્ટિ જે પોતાના કહેવડાવે છે એને કેમ વંદન થાય છે? આ પ્રશ્ન ઉઠે. પણ '**अस्संजदं ण वन्दे**' એ દ્રવ્યલિંગીનો વિષય લીધો છે.

'કાર્તિકિયાનુપ્રેક્ષા'માં તો 'શુભચંદ્રાચાર્ય'ની ટીકા છે. સ્વામી 'કાર્તિકિયાનુપ્રેક્ષા'ની ટીકા તો 'શુભચંદ્રાચાર્ય'ની છે, જેમણે 'જ્ઞાનાર્ણવ' લખ્યું. જૈનદર્શનનો ધ્યાનનો ઉત્કૃષ્ટ ગ્રંથ છે. એમણે એ વાત લખી છે કે સમ્યગ્દૃષ્ટિ વંદનિક છે, પૂજનિક છે. એવા શબ્દો વાપર્યા છે. પૂજનિક શબ્દ વાપર્યો છે. અર્ચન કરવા યોગ્ય છે, વંદન કરવા યોગ્ય છે.

એ એટલા માટે લીધું છે કે જેને બહારમાં બધો રસ છૂટી જાય છે ત્યારે એને આત્મદેવ પ્રગટ થાય છે. તારે પણ પ્રગટ આત્મસ્વરૂપનો અનુભવ કરવો હોય તો બહારનો રસ છૂટશે તો અનુભવ થશે. છૂટ્યા વિના અનુભવ થશે નહિ. 'રાજમલજી' પણ 'કળશ ટીકા'માં લે છે કે ભલે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની ક્રિયાઓ એકસરખી દેખાય છે તો પણ એની આત્માની દશા જો એકસરખી રહી હોય એટલે પહેલા પણ પોતે પૂજા-ભક્તિ-સ્વાધ્યાય કરતો હતો, સમ્યગ્દર્શન થયા પછી પણ પૂજા-ભક્તિ-સ્વાધ્યાય કરે છે. બીજા ભાવોમાં પ્રવર્તે છે. તો એની દશામાં કાંઈ ફેર પડ્યો છે કે નથી પડ્યો? પ્રશ્ન ઉઠાવ્યો છે. જો એની દશામાં કાંઈ ફેર ન પડ્યો હોય તો એને સમ્યગ્દર્શન થયું કે ન થયું એમાં તો કાંઈ ફેર રહેતો નથી. બહારની ક્રિયા એની જગ્યાએ છે તોપણ?

હા, તોપણ. બહારની ક્રિયા એવી દેખાય છે, એવી જ દેખાય છે તોપણ અંતરની દશામાં ફેર પડ્યો છે. સમ્યગ્દૃષ્ટિ રાગથી વિરક્ત થયા છે. ચાલતા રાગમાં તેમનું પરિણમન વિરક્ત-છૂટુ પડ્યું છે. એમાં રસ અને રક્તપણું નહિ હોવાથી, રક્તપણું એટલે લીનપણું, રસ હોય તો લીનતા હોય, રસ ન હોય તો લીનતા ન હોય, એટલે એ વિરક્ત થયા હોવાથી એમાં એ લીનપણે નહિ વર્તતા હોવાથી અર્થાત્ ભિન્નપણે વર્તતા હોવાથી એમને શુદ્ધાત્મદેવ પ્રગટ થાય છે. પણ બહારમાં પણ રસ રહે એટલે એની ક્રિયા થઈ એટલે એને રસ છે એમ નથી. એ તો અશક્તિને વશ છે. રસ ફરે છે, ક્રિયા રહી જાય છે. એવું નીચેના ચોથા ગુણસ્થાને બને છે. પહેલું એટલે શરૂઆતનું. શરૂઆતના ગુણસ્થાને એમ બને છે. રસ ઊડી જાય છે, ક્રિયા રહી જાય છે. તેથી ઓળખાણ થવી કઠિન પડે છે, દુર્લભ થાય છે.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી પર્યંતનો ત્યાગ સ્વચ્છંદે જ થયો છે, એમ થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વચ્છંદ કરતાંય તે ભૂલથી થયો છે, જીવ ભૂલ્યો છે. કર્યો છે ધર્મબુદ્ધિથી. કેમકે એના ફળમાં નવમી ગ્રૈવેયકે જાય છે. કષાયની મંદતા ઘણી હોય છે. પણ કોઈને છેતરવા માટે નહિ કે ઈરાદાપૂર્વક નહિ, ખોટું કરવું, ઈરાદાપૂર્વક જાણી જોઈને ખોટું કરવું એમ નહિ. એ તો કષાયની (તીવ્રતા છે), પણ ભૂલથી કે આમ કરવાથી આમ ધર્મ થાય, કલ્યાણ થાય. જેમ ભૂલથી દરેક પોતાના ધર્મમાં કલ્યાણ માને જ છે ને. જે તે સંપ્રદાયમાં જે તે ક્રિયા કરે છે એમાં એને કલ્યાણનું કારણ માનીને ચાલે છે. એમ આ જૈન દિગંબર સનાતન સંપ્રદાયમાં પણ અંદરનો ફેરફાર કર્યા વિના બહારનો ફેરફાર કરવાથી ધર્મ થાય છે એવી બુદ્ધિથી બહારમાં પૂરેપૂરો ફેરફાર કરે છે. જેટલો શક્ય છે એટલો બધો જ ફેરફાર મુનિદશા યોગ્યનો ત્યાગનો ફેરફાર કરે છે. અને એ સમજવું સહેલું પડે છે અને અંદરની વાત સૂક્ષ્મ હોવાથી એને સમજવી સહેલી પડતી નથી. એને એમ કહો કે તમે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી નાખો. બધો સર્વસંગપરિત્યાગ કરીને મુનિ દીક્ષા લ્યો તો એ વાત સમજવી અઘરી નથી પડતી. મનોબળ હોય તો એ કરી શકે છે. પણ અંદરમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવનું અસ્તિત્વ ગ્રહણ કરવું એ વાત અનાદિનો અભ્યાસેલો નહિ હોવાથી, રાગ તો અનાદિનો અભ્યાસેલો છે એટલે શુભરાગની કે અશુભરાગની કોઈ ક્રિયા કરતા એને વાર નથી લાગતી. ઝટ દઈને કરી લ્યે છે.

આ અજાણ્યો માર્ગ છે એટલે આ માર્ગે એને આવવું જરા અનઅભ્યાસેલો માર્ગ હોવાથી કઠિન લાગે છે. અભ્યાસે કઠિન નથી. એનો અર્થ એ છે કે અભ્યાસે કઠિન નથી પણ અનઅભ્યાસે એને-જીવને કઠિન લાગે છે. એટલે જીવ બાહ્ય ક્રિયામાં તરત વળી

જાય છે. બાહ્ય ક્રિયામાં, કોઈ ધર્મની બાહ્ય ક્રિયામાં વાળવો હોય તો કોઈપણ જીવ વળી જાય. બાળકથી માંડીને કોઈપણ જીવ (વળી જાય છે). અંદરમાં વાળવામાં એને એટલું સહેલું નથી લાગતું. ભૂલે છે એ રીતે.

મુમુક્ષુ :- સાચી વિધિ હાથ નથી આવી.

પૂજ્ય ભાઈશ્રી :- વિધિ ખોટી છે. વિધિ ખોટી છે એમ કહો કે વિપરીત અભિનિવેષપૂર્વક ધર્મ કરે છે એમ કહો, બેય એક વાત છે. નહિતર વિધિમાં તો એમ લે કે જુઓ! દીક્ષા અંગીકાર કરી એ બરોબર જિનોક્ત વિધિ પ્રમાણે દીક્ષા અંગીકાર કરી છે. પછી? તો કહે, પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ૨૮ મૂળગુણ જિનોક્ત વ્યવહાર પાળે છે. પણ એ ક્યાં સાચી વિધિ છે? અંતરની વિધિને વિધિ કહી છે. એમાં વિપરીત અભિનિવેષ છે કે આ બાહ્ય ક્રિયા હું કરું છું. એવો એને અભિપ્રાય રહી જાય છે. ઉપદેશમાં તો એમ કહે કે આત્મા પર પદાર્થની ક્રિયા કરી શકતો નથી. પણ છતાં એને પોતે સાવધાનીથી જે ક્રિયાનું પ્રતિપાલન કરે છે, સાવધાનીથી પાળે છે અને પોતે બરાબર સાવધાનીથી કરી શકે છે એવો એને ભાવ–અભિપ્રાય રહી જાય છે.

એ ઉપરાંત એને શુભરાગ થાય છે અને એમાં કષાય મંદ થાય છે તો આત્માની શાંતિ એમાં થાય (એટલે એને) જ્ઞાન પણ છે અને કષાય પણ ઘટ્યો છે, બેય વાત એને મોક્ષમાર્ગની લાગે છે. પણ પરલક્ષી ઉઘાડ જ્ઞાન હોય છે એ મોક્ષમાર્ગ નથી, કષાયની મંદતા એ પણ મોક્ષમાર્ગ નથી. બેમાંથી એકેય મોક્ષમાર્ગ નથી. પણ એને એમાં ભૂલ થઈ છે, ભ્રમ થયો છે એટલી વાત છે.

સ્વચ્છંદે જે ચડે છે એ તો ઝટ દઈને અશુભભાવમાં આવી જાય છે. સ્વચ્છંદની અંદર આ એક મોટો દોષ હોવાથી એને તીવ્ર કષાયમાં આવતા વાર લાગતી નથી. અથવા તો જાણીબુઝીને કરે તો સ્વચ્છંદ કહેવાય. ગુરુની આજ્ઞા આમ છે, શાસ્ત્ર આજ્ઞા આમ છે પણ નહિ, મારે તો મારી રીતે ચાલવું છે. હું મારી રીતે ચાલવા માગું છું. તો એ સ્વચ્છંદ કહેવાય. એમાં તો દોષ તીવ્ર થતા વાર લાગતી નથી.

મુમુક્ષુ :- દ્રવ્યલીંગી સુધી પહોંચ્યો જ નહિ. અધ્યાત્મ શાસ્ત્ર તો વાંચે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મ શાસ્ત્ર વાંચે એટલું નહિ, અધ્યાત્મ શાસ્ત્રનું અર્થઘટન પણ શાસ્ત્રમાં જે કહ્યું એ પ્રમાણે કરે. અર્થનો અનર્થ કરીને ન કહે. એટલો ઉઘાડ હોય છે. અંગ પૂર્વનો જેને ઉઘાડ હોય એ કાંઈ સાધારણ ઉઘાડ નથી. અત્યારે તો એનો સહસ્ત્રાંશ કોઈને શાસ્ત્ર અધ્યયન નથી. હજારમાં ભાગે (પણ નથી). એટલો ઉઘાડ હોય, એટલી કષાયની મંદતા હોય, બેય હોય. અર્થઘટન શાસ્ત્રને અનુકૂળ કરે, પ્રતિકૂળ ન કહે. તો તો ગૃહીત મિથ્યાત્વ લાગે. આ તો અગૃહીત મિથ્યાત્વ હોય છે.

પણ મિથ્યાત્વ તે ભૂલ એમ કહ્યું છે. ક્રિયા તે કર્મ, ઉપયોગ તે ધર્મ, મિથ્યાત્વ તે ભૂલ. એમ લીધું છે. ભૂલ થાય છે. વીતરાગ માર્ગ શું અને સરાગ માર્ગ શું, બે વચ્ચેનો આંતરો એને ખબર નથી. વીતરાગભાવની એને ઓળખ નથી, સ્વભાવભાવની એને ઓળખ નથી. ઓળખ નથી, પરિચય તો હોવાનો પ્રશ્ન નથી. રાગની ઓળખાણ છે અને રાગનો પરિચય છે. ભૂલ થાય છે.

મુમુક્ષુ :- પ્રતિક્રમણમાં બધુ આવે. એને વાંચવામાં બધુ આવી જાય. આ એક ભૂલ (રહી જાય છે)?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવની ઓળખાણ જુદી વસ્તુ છે ને! નવ તત્ત્વની પરિભાષા કરે એમાં સંવરની પરિભાષા આવે, નિર્જરાની વ્યાખ્યા આવે, મોક્ષની વ્યાખ્યા આવે. પણ એ ભાવને ઓળખવો બીજી વાત છે. 'ટોડરમલજી'એ જેમ સંગીતનો દાખલો આપ્યો છે. વસંતતિલકામાં છંદ છે એની અંદર આટલી માત્રા હોય. મંદાક્રાંતામાં આટલી માત્રા હોય. તો એ બરાબર પાકું (હોય), એમાં ભૂલ ન હોય. પણ એ રાગ વાગતો હોય, કોઈ ગાતું હોય ત્યારે એને ખબર ન પડે કે આ કયો ચાલે છે. ત્યાં ક્યાં માત્રા ગણવા જાય? ભણવું જુદી વાત છે. ભણીને સમજવું જુદી વાત છે અને અનુભવમાં લેવું એ જુદી વાત છે.

આપણે નથી કહેતા? કોઈ Degree ઘણી લઈ લે પણ ભણતા ભણતા એવો વેદ્યો થઈ ગયો હોય અને Practical life માં એનો-એના ભણતરનો ઉપયોગ ન કરી શકતો હોય, તો કહે, ભણ્યો તો છે પણ ગણ્યો નથી. સાદી ભાષામાં શું કહે? કહેવત છે ગુજરાતીમાં, ભણ્યો છે પણ ગણ્યો નથી. એમ કહે. ગણ્યો નથી એટલે એને એનું Practical જ્ઞાન નથી.

એક ભાઈ Doctor થઈને તાજા તાજા આવ્યા, Practice કરતા. દર્દી આવ્યો. ભાઈ! શું થયું છે? તો કહે, દુઃખાવો કેડમાં થાય છે. ક્યારે થયો? તો કહે, આજ સવારે સબાકો આવ્યો. સબાકો આવ્યો. આટલી બધી ચોપડી વાંચી એમાં ક્યાંય સબાકો શબ્દ જ નહોતો આવ્યો. એ તો ગુજરાતી ઘરગથ્થું શબ્દ છે. હિન્દીમાં શું કહેતા હશે ખબર નથી.

મુમુક્ષુ :- લચક લચક.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ કહે, આવું તો કાંઈ ભણવામાં જ આ તો નથી આવ્યું. પણ આ તો સામાન્ય ઘણાયને આવે છે. ઘણાં Doctor આની Treatment કરે છે. તમને ખબર નથી? તો કહે, ભણવામાં આવ્યું જ નથી. એ વાત જ નથી. ભાઈ! એ ભણવા-બણવાનું ન જોવાય. ભણવામાં શું આવ્યું હતું, ભણવામાં શું નહોતું આવ્યું એ

દર્દીને સમજાબવાની કે કહેવાની જરૂર નથી. પણ ખલક્ક ગણી લે કે આને શું થયું હોવુંજોઈએ? ક્યા પ્રકારનું આને દર્દ હોવું જોઈએ? એની શું દવા થાય, એ એને પોતાને સમજવાનો વિષય છે. આ ભણવામાં આવ્યું નથી. ફરીને આવે પેલો? આને કાંઈ ખબર પડતી નથી. એના જેવું છે. Degree શું કામ આવે?

અહીંયાં તો મુમુક્ષુની ભૂમિકાનો વિષય છે. જ્યાં સુધી પોતાને ચિત્તમાં એટલે અંતરંગમાં, ચિત્ત શબ્દ લીધો છે, ચિત્તમાં એટલે અંતરંગમાં એને રસ અને રુચિ પડી છે. આત્મા સિવાય અન્ય દ્રવ્ય ભાવની. બીજો એટલે અન્ય દ્રવ્ય અને અન્ય ભાવ એ સંબંધીની રસ-રુચિ પડી છે અને શાસ્ત્રમાં પણ અપ્રયોજનભૂત વિષયનો રસ અને રુચિ પડી છે.

મુમુક્ષુ :- એ પણ બીજો રં?

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ બીજો રંગ છે. દૃષ્ટાંત મલાવે. સિદ્ધાંતની વાત પડી રહે એક કોર. દૃષ્ટાંતમાં વાંચન અડધી કલાક ચાલ્યું. એ બધી ક્યાં રસ પડ્યો છે એની સૂચક પ્રવૃત્તિ છે. પ્રયોજનભૂત પોતાનો વિષય છે, પોતાનો શુદ્ધાત્મા છે એનો રંગ, એનો રસ, એની મહિમા, એની રુચિ પ્રગટ થાય અને બીજાનો રસ અને રુચિ અને મહિમા ચાલ્યા જાય, ત્યારે એને પોતાનો શુદ્ધાત્મા પ્રગટ થાય છે. પ્રગટ થાય છે, પ્રગટપણે એને જણાય છે.

બે રસ સાથે ન રહી શકે. મોક્ષમાર્ગમાં, સાધક ભૂમિકામાં રાગ અને વીતરાગતા સાથે રહે. સાધક હોય ત્યાં સુધી રાગ પણ હોય અને વીતરાગતા પણ હોય. બેય એક પરિણામમાં આંશિકપણે હોય પણ બંનેનો રસ સાથે ન હોય. આ ફેર છે. બંનેની રુચિ ન હોય, બંનેનો રસ ન હોય. રસ અને રુચિ અવિનાભાવી છે. જ્યાં રુચિ છે ત્યાં રસ જામે છે. જ્યાં રુચિ નથી ત્યાં રસ જામતો નથી.

આપણે સ્વલક્ષી જ્ઞાનના વિષયમાં એ લઈએ છીએ કે સ્વલક્ષી જ્ઞાન હોય તો એની રુચિ પ્રગટે, એનો રસ પ્રગટે. પરલક્ષી જ્ઞાન હોય તો જાણે બધું પણ એને રસ અને રુચિ એમાં હોય નહિ તેથી શુષ્કતા પ્રગટે. આનું હૃદય ભીંજાયેલું રહે, આનું ચિત્ત રસ અને રુચિથી ભીંજાયેલું રહે. પેલાને શુષ્કતા આવે. બે જીવ એક જ શાસ્ત્રનો સ્વાધ્યાય કરે. એકને રસ-રુચિ વધે, એકનેશુષ્કતા વધે. એકનું અધ્યયન સ્વલક્ષી છે. પોતાને જોતો જોતો, પોતાના ભાવને મેળવતો મેળવતો, એમાં ફેરફાર કરતો સુધારો કરતો કરતો એ આગળ જાય છે. એટલે એને પોતાને ગુણ પ્રગટાવવાનો રસ છે. એટલે ગુણ-અવગુણની વાત એ રસથી ઝીલે છે. પેલાને પોતાના ગુણ-અવગુણ સાથે સંબંધ રહેતો નથી. એને તો કોઈને સમજાવવું છે, કોઈને કહેવું છે અને એ રીતે પોતાની

મોટાઈ પ્રદર્શિત કરવી હોય છે. જાણે અજાણ્યે. સ્થૂળ વિચાર ન હોય તો સૂક્ષ્મપણે પણ એવું બને છે.

હવે ગુણની વાત લે છે. '**જેને ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળી જાય, તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન?**' ગમે તે પ્રકારનો શુભરાગ હો, પણ એ તુચ્છ છે. પોતાના આત્મગુણ પાસે તો આ અવગુણ છે. વિભાવ છે તે અવગુણ છે અને એ તુચ્છ છે. 'રાજમલજી' તો નિર્જરા અધિકારમાં એવો શબ્દ વાપરે છે કે, સમ્યગ્દૃષ્ટિને રાગમાંથી અસ્તિત્વ ખસી ગયું છે. એનું અસ્તિત્વ જ એણે ઉપાડી લીધું છે. પહેલા રાગમાં હું... હું... હું... હુંપણે કરીને રાગમાં રાચતો હતો. એ રાગમાંથી એણે અસ્તિત્વ ઉપાડી લીધું છે. સ્વભાવમાં પોતાનું અસ્તિત્વ છે, છે ત્યાં શ્રદ્ધા-જ્ઞાને કરીને અનુભવ કર્યો છે. એને સ્થાપ્યું છે એમ કહેવામાં આવે છે. પણ છે તો અનાદિથી. પણ શ્રદ્ધા-જ્ઞાનના પરિણામ વડે એને યથાસ્થાને, પરિણામથી યથાસ્થાને ભોગવ્યું, યથાસ્થાને રાખ્યું, અનુભવ્યું ત્યારે રાગ છે એ એકદમ તુચ્છ ભાસે છે. ગમે તે રાગ ચાલતો હોય તો એને ખ્યાલ છે કે જોડે રાગ ચાલે છે. જ્ઞાતાધારાની વીતરાગી નિર્વિકલ્પ પરિણતિ અને પરિણતિના પ્રગટ ભાવ સાથે સાથે પ્રગટ રાગનો ભાવ સાથે ચાલે છે પણ એ તુચ્છ વસ્તુ છે. એ આત્મા નથી, આત્માને અનુકૂળ નથી અને એ અનાત્મા હોવાથી ઉદાસીનતાનો, ઉપેક્ષાનો વિષય છે. હેયપણાનો એ વિષય છે.

હવે જેને પોતાનો આત્મા મળ્યો. કેવો આત્મા મળ્યો? કે અલૌકિક ગુણરત્નોથી ગૂંથાયેલો છે એવો આત્મા મળ્યો. આ મહિમા કરીને કહ્યું. સીધું એમ ન કહ્યું, જેને આત્મા મળ્યો. '**ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળ્યો.**' શા માટે એને રસ છે એનો. પાત્રતાના લક્ષણમાં એક વાત છે. એ લક્ષણ છે કે જેને ગુણથી ઉત્પન્ન થતું સુખ જોઈએ છે. ગુણથી ઉત્પન્ન થતું સુખ જોઈએ છે. અનેક પ્રકારના બાહ્ય સાધનોથી સુખ જોઈએ છે, બાહ્ય વિષયોથી સુખ જોઈએ છે, એમ નથી. એમાં તો એને મૂંઝવણ થાય છે.

જેમ કોઈ નાક દાબે અને મૂંઝાઈ જાય. શ્વાસોશ્વાસ રોકાઈને મૂંઝવણ થઈ જાય અથવા જેમ Tension વધી જાય અને મૂંઝવણ થઈ જાય. એમ એને અનુકૂળતાના સંયોગો હોવા છતાં એમાં એને સુખબુદ્ધિ નથી, રસબુદ્ધિ નથી, મહિમા નથી તો એને મૂંઝવણ થાય છે. જે વસ્તુ હું ઈચ્છતો નથી, ચાહતો નથી એ આવીને સામે ઉદયમાં ઊભી રહે છે. તો એને મૂંઝવણનો વિષય થાય છે. જેમ કોઈ અચાનક પ્રતિકૂળતા આવે તો માણસ મૂંઝાઈ જાય છે કે નથી મૂંઝાઈ જતા? અરે! અમથી અમથી આ બધી પ્રતિકૂળતા ઊભી થઈ, કાંઈ નહોતું ને.

એમ આ મૂંઝાય છે. અનેક પ્રકારના જે કોઈ વ્યામોહના પરિણામ થાય એવી

ઇષ્ટ-અનિષ્ટપણાની પરિસ્થિતિ ઊભી થાય તો એમાં મૂંઝાય છે. અને જેને ગુણથી ઉત્પન્ન થતું સુખ જોઈએ છે, આત્મગુણથી ઉત્પન્ન થતું સુખ જોઈએ છે. એને એક પાત્રતા વિશેષ ...

અહીંયાં કહે છે કે જેને **'ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા મળી જાય, એને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન?'** એને તો તમામ વિભાવો, વિભાવોના ફળ એ બધું એને તુચ્છ છે. એની તુચ્છતા છે. એના ઉપર એને કાંઈ વિશેષતા લાગતી નથી. અથવા એ અપ્રયોજનભૂત લાગે છે. અપ્રયોજભૂત છે તે ઉદાસીનતાનો, ઉપેક્ષાનો વિષય થાય છે. પ્રયોજભૂત છે તે અપેક્ષાનો વિષય થાય છે. એ તો સીધો સીધો હિસાબ છે.

એ રીતે જેને અંતરંગમાં આત્માનો રસ છે, આત્માની રુચિ છે અને જેના પરિણામ આત્માના રંગે રંગાય છે, આ દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત એટલા માટે છે કે એમાંથી બધા આત્મભાવો પ્રદર્શિત થાય છે. દેવમાંથી આત્મભાવ પ્રગટ થાય છે. ગુરુ પણ એ જ વાત કરે છે, શાસ્ત્ર પણ સ્વભાવની જ વાત કરે છે તો એને પોતાને રંગ ચડવાનું નિમિત્ત છે. આત્મભાવનો રંગ ચડવાનું એ નિમિત્ત છે. જગતના પદાર્થો શુભાશુભ રાગનો રંગ ચડવાનું નિમિત્ત છે. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર એ રાગનો રંગ ચડવાનું નિમિત્ત નથી. આત્માનો રસ ચડવાનું, રંગ ચડવાનું એ નિમિત્ત છે. રૂઢિગતપણે જે શુભરાગનું નિમિત્ત બનાવી દે છે, એ ખરેખર મળેલી તકને ખોઈ બેસે છે.

મુમુક્ષુ :- બહુ સરસ. શુભરાગનું નિમિત્ત બનાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શુભરાગનું નિમિત્ત બનાવી નાખે. રૂઢિગતપણે રોજ દર્શન કરવાનું, પૂજન કરવું, રોજ શાસ્ત્ર સ્વાધ્યાય કરવો, શુભરાગ તો થાય. એટલો અશુભ તો ન થાય. દુકાને જઈને બેસીએ તો વળી વેપારની વાત થાય. અહીં એ વાત તો નથી. એમ નથી કહેવું.

મુમુક્ષુ :- એટલી વિકૃતિ આવી ગઈ. છત્ર ચડાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અન્યમત થઈ જેવું થઈ ગયું. એટલી બધી વિકૃતિ છે કે અન્યમત જેવું છે. અન્યમતની અંદર જેમ પોતાના દેવની, પોતાના ગુરુની માનતાઓ માને છે, એવી રીતે અહીંયાં (થઈ ગયું). દિગંબરમાં તો એનો નિષેધ છે. ત્યાં તો નિષેધ નથી બિચારા સમજે કેવી રીતે? ત્યાં તો ક્યાંય નિષેધ છે જ નહિ. ત્યાં તો ઉલટાનું એને એના ગુરુ કે જે હોય ધર્મના ક્ષેત્રમાં, પૂજારી બીજા ને ત્રીજા ને ઇત્યાદિ એ એને રસ્તે દોરી જાય કે તું આમ માનતા માન તો તને આમ લાભ થશે. ફલાણાને આમ લાભ થયો હતો, ઓલાને આમ લાભ થયો હતો. મને ખબર છે હું એનો સાક્ષી છું. પ્રગટ વાત છે. પ્રત્યક્ષ પરચો છે. શું કહે એને? પ્રત્યક્ષ પરચો છે.

મુમુક્ષુ :- આ .. ચડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એની શ્રદ્ધા એવી હોય, શું થાય? લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે. આને ખબર પડી કે આ આનો લોભી છે. બતાડો એને એ રસ્તો. ગમે તેવો બુદ્ધિવાળો હોય તો એના ચક્કરમાં (આવી જાય). આ બધા દિલ્હીમાં તાંત્રિકો કેમ વધી ગયા? છાપાવાળા ઘણીવાર લખે છે. દિલ્હીમાં તાંત્રિકોનું રાજ ચાલે છે. એટલે મંત્ર-તંત્રવાળા ....

વીતરાગમાર્ગમાં તો એનો ઠામ ઠામ નિષેધ કરેલો છે. એ તો ચોખ્ખો અશુભભાવ છે. પણ શુભભાવ અને શુભભાવના ફળનો નિષેધ કર્યો છે. અશુભની વાત તો એને ક્યાં કરવાની રહી. શુભ અને શુભનું ફળ છે એનો નિષેધ કરેલો છે. શુભનું ફળ ભોગ-ઉપભોગ છે. એટલે એના કારણનો પણ નિષેધ કર્યો. ત્યાં સુધી વાત છે એણે પણ આ ગડબડ કરી, પછી બીજાનો તો શું વાંક કાઢવો. અન્યમતી તો એમ જ થઈ જાય. એને તો કોઈ નિષેધ કરનારું છે નહિ.

અહીંયાં તો આત્મભાવની સાથે સાથે ઊંચી કોટિનો શુભરાગ, જિનોક્ત વ્યવહાર, ઊંચી કોટિનો શુભરાગ હોય તોપણ એને તુચ્છ ગણવામાં આવે છે. વ્યવહાર ઊંચી કોટિનો હોય એનો મહિમા આવે અને એનો રસ ચડે તો એ વ્યવહારનું અભિમાન થયા વિના રહે નહિ. સીધી પર્યાયબુદ્ધિ થઈ જવાની છે. અથવા તો ખરેખર ઊંચી કોટિનો વ્યવહાર તેને કહી શકાય કે જે તુચ્છ ભાવે વર્તતો હોય તેને. હોય એનો ઊંચામાં ઊંચી કોટિનો, છતાં એને એમાં તુચ્છતા લાગતી હોય. ત્યારે એની કોટિ બરાબર છે એમ નક્કી કરાય. સુયોગ્ય ઉચ્ચ કોટિનો એ વ્યવહાર છે. નહિતર એમાં અહમ્‌પણું કરનારને સાથે સાથે કર્તૃત્વબુદ્ધિનો, મિથ્યાત્વ સહિતનો અશુભભાવ વર્તતો હોવાથી એને ચોખ્ખો શુભભાવ નથી. મિથ્યાદૃષ્ટિને ચોખ્ખો શુભભાવ નથી. એને તો સાથે મિથ્યાત્વનું પાપ લાગેલું લાગેલું અને ચોંટેલું ને ચોંટેલું સાથે રહે છે.

મુમુક્ષુ :- અઠ્યાવીસ મૂળગુણનો વ્યવહાર પાળે પણ સાચા મુનિને તુચ્છ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનો ઉચ્ચ કોટિનો વ્યવહાર (હોય છે). સર્વાર્થસિદ્ધિમાં જાય એવા પરિણામ હોય. એથી ઊંચું ફળ નથી. છતાં પણ એને એની તુચ્છતા છે, એનું એને અહમ્‌પણું નથી. એની મહત્તા ને એનો રસ એને ચડતો નથી. વ્યવહાર શુદ્ધ પાળે છે પણ એ તો સહેજે કષાયનો અભાવ થઈ ગયો છે. એટલે એવો શુદ્ધ વ્યવહાર એનો રહી જાય છે. એ તો રહી ગયેલી અશુદ્ધિ છે. એટલું રહી ગયું, રાગનું એટલું પણ એમાં અસ્તિત્વ રહી ગયું છે, હયાતી રાગની રહી ગઈ એમ બતાવવું છે. પણ કેટલો ઓછો રહી ગયો એમ બતાવવું છે. પકડવાની વાત એમાં નથી.

મુમુક્ષુ :- આત્મલક્ષે શાસ્ત્ર-સ્વધ્યાય કરવો, એમ આવ્યું. પાંચ લીટીને અત્યારે જ લાગુ કરવી ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને પોતાને મેળવવું કે મારા ચિત્તમાં કયો રંગ ચડેલો છે? મેળવવું પડે. મેળવણી કરીને, અવલોકન કરી કરીને, વારંવાર અવલોકન કરીને મેળવણી કરવી જોઈએ. એટલે તો અવલોકન કરવાની વાત છે એ લક્ષ ફેરવવાની વાત છે. જે તત્ત્વની વિચારધારા પરલક્ષે ચાલે, શાસ્ત્ર અધ્યયન-સ્વાધ્યાય પરલક્ષે ચાલે એ આખી દિશા બદલવાની એમાં વાત છે. એમ નહિ ચાલવું જોઈએ. તો એમ નહિ ચાલવા માટે શું કરવું? અંતર અવલોકન કરવું કે મને આમાં શું લાગુ પડે છે? મારા પ્રયોજનની વાત ક્યાં આવે છે? કેવી રીતે આવે છે? અને આ ભૂલ થાય છે કેવી રીતે એ પણ એને સમજાય. ભૂલની નિવૃત્તિ કેમ થાય છે એ પણ એને સમજાય.

દેવ-ગુરુ-શાસ્ત્રને ઉપકારી એટલા માટે (ગણ્યા છે) કે બહુ મંથન કરીને પોતાની ભૂલ જડે એના બદલે મંથન કર્યા વગર સીધી એને કહે કે જો આમ ભૂલ થાય છે અને મેળવે એટલે તરત એને ખબર પડે કે બરાબર છે. આ તો અનુભવથી વાત કરેલી લાગે છે. મારો અનુભવ એની વાતને સાક્ષી પૂરે છે.

ડૉક્ટર-વૈદ એમ કહે ભાઈ! તમને પેટમાં ચૂક આવે છે? ઓલો કહે, ભાઈ ! ઝાડા થઈ ગયા છે. તો કહે, પણ પેટમાં ચૂક આવે છે? તો કહે, હા આવે છે. એ વાત ઓલાએ બતાવી નહોતી, ઈ વૈદે પૂછ્યું. તો કહે, તમને મરડાની અસર છે. ચૂંક આવવાની વેદના દર્દીને થાય છે અને બતાવે છે વૈદ એને. તો વૈદ જાણકાર છે એમ નક્કી થાય છે.

એમ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીને બધી ખબર નથી હોતી. બતાવે છે. જો મેળવણી કરનાર હોય તો એને ખબર પડે છે. જ્ઞાની પણ બધા ઉઘાડવાળા નથી હોતા. જ્ઞાનીઓને પણ શાસ્ત્ર દેવ-ગુરુ-શાસ્ત્રનો પરિચય થતાં અનેક ભાવો જે અનુભવથી પ્રસિદ્ધ કરેલા હોય છે, પોતાને તો અંતરલક્ષ છે અને મેળવણીની તો એને Practice છે. મેળવતો જ હોય. એ તો અમસ્તોય તે બીજી રીતે વાંચતો નથી. એનું તો સ્વલક્ષી પરિણમન હોવાને લીધે એને તો જે જે ભાવો છે એને મેળવતો જાય છે. તરત એને સમજાય છે. અરે! આ તો ઘણું મંથન કરીને સમજ્યા હોત. એ વાત તો સીધી આપણને આપી દીધી છે. માટે એ ઉપકારી છે. એમ લે છે.

અસ્તિ અને નાસ્તિ બેયમાં ઉપકારી પડે છે. નાસ્તિમાં એને પોતાને ન દેખાતા હોય, ન ખ્યાલમાં આવતા હોય, ન પકડાતા હોય એવા દોષો એને સમજાય જાય છે અને એ દોષો ઉપર તેની અરુચિ તરત પ્રગટ થાય છે. દોષ સમજાય છે તો દોષની

અરુચિ એને પ્રગટ થાય છે.

અસ્તિથી એને આત્મા કહે છે. ગુણરત્નોથી ગૂંથાયેલો આત્મા પોતે રસથી કહે છે તો એને આત્મરસ ચડવાનું નિમિત્ત થાય છે. વિભાવરસ મટવાનું નિમિત્ત થાય છે અને સ્વભાવરસ ચડવાનું નિમિત્ત થાય છે. એમ બેય રીતે ઉપકારી થાય છે. પણ કોને? કે સ્વલક્ષે અધ્યયન કરે, સ્વાધ્યાય કરે એને. પરલક્ષે કરે તો આજે વાંચે છે, અર્થ કરે છે, સાચો અર્થ કરશે. આજે સાચો અર્થ કરશે, કાલે અનર્થ પણ કરશે. આજે ધારણામાં, સ્મૃતિમાં રહી જશે, કાલે એ વિસ્મૃત થઈ જશે. 'દીપચંદજી'એ તો બહુ લીધું છે. સમ્યગ્દર્શન વગર જો તું પૂજા-ભક્તિ-ત્યાગ બધાને મહિમા આપે છે. એમ કહ્યું કે એ સમ્યગ્દર્શનની તારી પૂજા મોહભજન છે. ભગવાનનું ભજન નથી પણ મોહભજન છે. તારો ત્યાગ? તો કહે, જંગલમાં જેમ હરણિયા નિર્વસ્ત્ર ફરે છે (એવો તું છો). તિર્યંચની સાથે મૂકી દીધા.

મુમુક્ષુ :- મુમુક્ષુની ભૂમિકા અનુસાર ત્યાં તકલીફ એટલી જ છે કે સ્વરૂપલક્ષી સ્વાધ્યાય થતો નથી. હવે આ ભક્તિ-પૂજાનો જે ભાવ આવે છે એમાં તો ઠીક હવે, હેય છે. શું કરવું? ... સ્વરૂપ લક્ષે થાય તો જ પોતાને ... લાગુ પડે. આમા બરોબર લાગતું નથી. એમ આ શાસ્ત્ર ... સ્વધ્યાય, પૂજા-ભક્તિ, માત્ર હેય છે એ બધું જવા દો... ઈ જરા સમજાવો.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર પૂજા ન કરવાનો પ્રશ્ન નથી. કઈ રીતે કરવું એ પ્રશ્ન છે અહીંયાં. સ્વાધ્યાય ન કરવાનો પ્રશ્ન નથી પણ કઈ રીતે કરવો એ પ્રશ્ન છે. જ્યારે આપણે સમય ખર્ચીએ છીએ, શક્તિ ખર્ચીએ છીએ. પૂજા કરીએ, સ્વાધ્યાય કરીએ ત્યારે સમય, શક્તિનો ખર્ચ તો થાય છે કે નહિ? તો પછી ખર્ચ કરીને Artificial માલ શું કરવા લેવો? આટલો સવાલ છે. તમે કહો કે ભાઈ! રેશમી કાપડ આપો. રૂપિયા છે અમારી પાસે. તમે કહો એ પ્રમાણે આપી દઈએ. તો પછી કહે કે ભાઈ! આ Artificial લઈ જાવ. ઘરે જઈને ધોવો અને પછી રોવો. એ તો નકામું જાય. પૈસા પડી ગયા. એમ તમારો ખર્ચ પડી જાય. સમય, શક્તિનો ખર્ચ પડી જાય એનો અફસોસ થવો જોઈએ ને! પ્રશ્ન એ છે કે યોગ્ય રીતે ન થઈ શકતું હોય, યથાર્થ રીતે ન થઈ શકતું હોય તો અયથાર્થ રીતે કરવું કે છોડી દેવું? આ તમારો પ્રશ્ન છે. બરાબર છે? યથાર્થ રીતે તમે કહો છે એમ નથી થતું. તો પછી અયથાર્થ રીતે કરવું કે છોડી દેવું? કરવું જ નહિ? આ એક પ્રશ્ન થવા યોગ્ય છે.

જ્યારે કરવું જ છે તો પછી એમાં યથાર્થતા આવે એનો પ્રયત્ન કરવો. યથાર્થતા આવે એવો પ્રયત્ન કરવો અને યથાર્થ રીતે કરવું. વેપાર કર્યા વિના પૈસા કમાવાનું થતું

નથી. હવે વેપાર કરીને કોઈ પૈસા ખોવે તો? અને પછી એ પ્રશ્ન કરે કે મારે વેપાર કરવો કે ન કરવો? પૈસા કમાય એ રીતે વેપાર કર. વેપાર કરવા ન કરવાનો પ્રશ્ન નથી. પૈસા કમાવાનો પ્રશ્ન છે. ક્યાં પ્રયોજન બદલાઈ જાય છે. કોઈ પૂજા-ભક્તિ-સ્વાધ્યાય કરવાનું પ્રયોજન નથી. એ કરતાં અંદરમાં આત્માને આત્મગુણની કમાણી શું થાય એ પ્રયોજન છે. પણ પ્રયોજન ભૂલાઈ જાય છે અને વિસરાઈ જાય છે, લક્ષમાં હોતું નથી એટલે ક્રિયા કરવાનું પ્રયોજન રહી જાય છે. પછી એમાંથી પ્રશ્ન ઊઠે છે કે આ કરવું કે ન કરવું એ કહો. કાં હા પાડો, કાં ના પાડો. કેટલાક તો એવો પ્રશ્ન કરે છે હા કે ના માં જવાબ દ્યો. બીજી લાંબી વાત અમે ન સમજીએ. ભાઈ! તું બધું સમજે છો. પણ તારે સમજવાની ઈચ્છા નથી, અભિપ્રાય નથી. બાકી નથી સમજતો એવું કાંઈ નથી. એમ કરવા નહિ કરવાનું પ્રયોજન નથી. યથાર્થ કરવાનું પ્રયોજન છે. અયથાર્થપણે નહિ કરવું જોઈએ. યથાર્થપણે જ કરવું જોઈએ.

વેપાર મૂડી ખોવાનો કરાય જ નહિ. મૂડી વધારવાનો જ વેપાર કરાય. એમાં ચોખ્ખું સમજાય છે કે નથી સમજાતું? તો કરવો કે નહિ કરવો? ભાઈ! કરવા ન કરવાનો ક્યાં પ્રશ્ન છે? નફો કરવો કે નુકસાન કરવું ઈ પ્રશ્ન છે આની અંદર. એટલી વાત છે. પ્રશ્ન ક્યાં આવીને ઊભો રહે છે એ સવાલ છે આની અંદર. કેમકે તર્ક એમાંથી બીજી રીતે લઈ જવો છે.

જે પરલક્ષી વિચારધારા છે એમાં કેટલીક કુતર્કની, તર્કણાની સાથે સાથે કુતર્કની પરિસ્થિતિ ઊભી થઈ જાય છે. આ પરલક્ષી વિચારધારાની પ્રકૃતિ છે. Tendency જ છે. તર્ક તો એને ઉઠે, એમાં પછી કુતર્ક ઘૂસી જાય છે. એમાં અહીંયાં ક્યાં કુતર્ક ઘુસાડે? તો પછી આ પૂજા કરશે એ બંધ થઈ જશે અને પછી માંડશે દુકાને જવા અને બજારમાં જવા. Marketમાં જાય એના કરતા અહીંયાં ભગવાનની સામે તો પગ વાળીને બેઠો. એમ ન જોવાય. એવા તર્કમાં લઈ જાય છે કે અશુભ કરે એના કરતાં તો શુભ સારું છે. શુભ-અશુભની તું માથાકૂટમાં પડ્યો છો, પણ જૈનમાર્ગ તો પહેલા દર્શનમોહને ટાળવાનો છે. શુભ-અશુભમાં તો ચારિત્રમોહની મુખ્યતાથી વિષય ચાલશે. અને અહીંયાં તો દર્શનમોહને ટાળવાનો જેનો પહેલેથી અભિગમ છે એવી રીતે જે પ્રવર્તવા માગે છે, આ ધ્યેયથી, આ અભિગમથી, એને માર્ગ હાથ આવે છે. આ જીવે એ બધું અનંત વાર કર્યું. અત્યારે તો કાંઈ કરતો નથી. શુભભાવના પણ ઠેકાણા નથી. એટલા બધા શુભભાવ એ કરી ચૂક્યો અને એના ફળ ભોગવી ચૂક્યો છે. શું એને લાભ થયો છે? ત્યાં ને ત્યાં છે. એક આંટો પણ ભવચક્રનો ઓછો થાય એવું નથી.

જન્મ-મરણનો નાશ કરવાનો માર્ગ છે. એ માર્ગનો જ્યાં વિષય ચાલે છે ત્યાં

જન્મ-મરણ ટાળવાના માર્ગનો વિષય આખો એક કોર મૂકીને બીજી વાતે ચડવું એ તો ખોટી વાત છે. શુભાશુભથી તો કાંઈ જન્મ-મરણ ટળવાના નથી. અશુભથી અશુભ કર્મ બંધાશે, શુભથી શુભ કર્મ બંધાશે. સરવાળે અધોગતિ ઊભી છે. ત્રસ પર્યાયની તો મર્યાદા બહુ છે. સંસારમાં અનંત કાળ જીવને રહેવાનું સ્થાન નિગોદ રહે છે. ત્રસ પર્યાયની તો બહુ ઓછી સ્થિતિ છે. અનંત કાળમાં બે હજાર સાગર તો કાંઈ નથી.

બહારનો બધો રસ છૂટીને અંતરમાં અનંત શક્તિવંત જ્ઞાયકદેવ પ્રગટ થાય, અનંત ગુણરત્નોથી વિભૂષિત આત્મા પ્રગટ થાય. રત્નોથી વિભૂષિત છે, સુંદર છે. એવો આત્મા જેને પ્રગટ થાય, પ્રગટ અનુભવગોચર થાય '**તેને આ તુચ્છ વિભાવોથી શું પ્રયોજન?**' પરમેશ્વરપદ પાસે આ વિભાવોનું શું મૂલ્ય છે? શું કામના છે એ? એમ પૂછે છે. પ્રયોજન એટલે એ કોઈ કામની ચીજ છે ? તારું પરમેશ્વરપદ કામની ચીજ છે કે આ તુચ્છ વિભાવો કામની ચીજ છે? એ કોઈ કામ(ની ચીજ) એમાં નથી. ૨૬૪ (બોલ પૂરો) થયો. ભૂમિકાનો વિષય છે. હવે આત્માની અસ્તિથી ૨૬૫ બોલમાં કરી છે.

**આત્મા જાણનાર છે, સદાય જાગૃતસ્વરૂપ જ છે. જાગૃતસ્વરૂપ એવા આત્માને ઓળખે તો પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટે. આત્મા જાગતી જ્યોત છે, તેને જાણ. ૨૬૫.**

'**આત્મા જાણનાર છે, સદાય જાગૃતસ્વરૂપ જ છે.**' શું કહેવું છે? કે જાણનાર છે એ જાણી રહ્યો છે એના ઉપરથી સમજાય છે કે આત્મા જાણનાર છે. બીજો બોલ ત્યાંથી લે છે એ જરા જાણવાની અંદર વિશેષતા શું છે આત્માની? એને સમજાવવી છે. આત્મા પોતે જાગૃતસ્વરૂપ જ છે. પોતે જાગતો જીવ છે. જાગૃતસ્વરૂપ છે એટલે પોતે આત્મા છે એવી જાગૃતિ તે યથાર્થ જાગૃતિ છે અને પોતે મનુષ્યાદિ કર્મના ઉદયજનિત પર્યાયે કોઈપણ દ્રવ્યે કે ભાવે પોતાને અનુભવે તે અજાગૃતિ છે અથવા વિપરીત જાગૃતિ છે. પણ જાગૃતિ વિનાનો જીવ ક્યારેય નથી.

કોઈ એમ કહે કે એવો કાંઈ ખ્યાલ નથી આવતો. ખ્યાલ આવે એવું છે. કોઈ બીજાની વાત કરતાં કરતાં ટોણો મારીને સંભળાવે તો? જાગતો હતો માટે ખ્યાલ આવ્યો. ઊંઘતો નહોતો. એને તરત એમ કહે, ભાઈ! તમે કોને કહો છો, શું કહો છો એ બધી અમને ખબર પડે છે. કેમ ખબર પડે છે? ભાઈ જાગે છે એટલે ખબર પડે છે. કે નથી ખબર પડતી? વાત બીજાને કરે. આ ઘરમાં નથી બનતું? કામવાળી સાથે વાત

કરે. સાસુ હોય કે વહુ હોય અને સંભળાવે જેને સંભળાવવું હોય એને. કેમ ખબર પડે છે એને? આ કામવાળી સાથે વાત નથી ચાલતી, આ મારી વાત ચાલે છે, એમ કેમ ખબર પડે છે? એ જાગતો છે. જીવને પોતાને પોતાના સ્વપદની સાવધાની હંમેશા વર્તે છે. જાગૃતિ વર્તે જ છે. પછી જેવો પોતાને માન્યો હોય એવો. હું ફલાણો કે હું ફલાણી, એની જાગૃતિ એને વર્તે જ છે. જરા પણ કોઈ ચૂકીને બોલે તો તરત એને ખબર પડે કે ભાઈ! તમે સંભાળીને બોલો. આ વાત અનુચિત કરો છો. મારા ઉચિત સ્થાન પ્રમાણે તમારી વાત નથી. તરત ખબર કેમ પડે છે? જીવને જાગૃતિ છે. ક્યાં જાગૃતિ યથાસ્થાનમાં રાખવી એ અહીંયાં મુદ્દો છે.

એટલે એમ કહે છે કે જીવ જાણનાર છે એટલું જ નહિ, **'જાગૃતસ્વરૂપ જ છે.'** પણ સ્વરૂપમાં જાગૃતિ મુમુક્ષુતા છે. જે જીવને છૂટવું છે–મુક્ત થવું છે એને પોતાના હિત–અહિતની જાગૃતિ આવે છે. આત્મસ્વરૂપની જાગૃતિ એમાંથી પ્રગટે છે. અને નહિતર તો એને અહિતમાં પણ હિત માનીને જાગૃતિ આવે છે. જાગૃતિ તો જાતી નથી. કેમકે એ તો પોતે એ સ્વરૂપે છે. જેમ અનુભૂતિસ્વરૂપ હોવાથી અનુભવ વિનાનો કોઈ જીવ ન હોય. કાં તો એને રાગનો અનુભવ હોય, શાતાનો, અશાતાનો, ઠંડીનો, ગરમીનો, ખારાનો, ખાટાનો, બધો જે કહો એ, પણ અનુભવ....અનુભવ....અનુભવ ક્ષણિક અનુભવ કર્યા જ કરે છે. પણ આત્મા અનુભૂતિસ્વરૂપ છે એનો અનુભવ કરતો નથી તો એ વિપરીત અનુભવ છે અથવા મિથ્યા અનુભવ છે. એમ છે પોતે જાગૃતસ્વરૂપ જ આત્મા.

**'આત્મા જાણનાર છે, સદાય જાગૃતસ્વરૂપ જ છે. જાગૃતસ્વરૂપ એવા આત્માને ઓળખે,...'** હવે જે જાગૃતસ્વરૂપ જ છે એવા આત્માને ઓળખે. એ સામાન્ય લીધું. શેનો અનુભવ કરે છે એ વિશેષ છે. અનુભૂતિસ્વરૂપ છે એ સામાન્ય છે. શેની જાગૃતિ છે એ વિશેષ છે. જાગૃતસ્વરૂપ છે એ સામાન્ય છે. વિશેષ ઉપરથી સામાન્યનું ગ્રહણ કરે. અરે! જો આત્મા જ્યાં લાભ–નુકસાનનો પ્રશ્ન હોય છે ત્યાં બધે જાગતો જ રહે છે. ક્યાંય પોતાને સીધું કે આડકતરું નુકસાન થાય તો એ સંમત કરતો નથી. એવી જાગૃતિ એને સદાય વર્તે છે. તો આત્મા જાગૃતસ્વરૂપ છે. જાગૃતસ્વરૂપ છે એમ ઓળખાણ કરે તો એને પર્યાયમાં યથાર્થ સમ્યક્ પ્રકારની જાગૃતિ પ્રગટે. અનુભૂતિસ્વરૂપ છે એમ ઓળખાણ કરે તો એને સ્વરૂપમાં સમ્યક્ પ્રકારની અનુભૂતિ પ્રગટ થાય.

મુમુક્ષુ :– જાગૃતની જાગૃતિ ક્યારે આવે.....

પૂજ્ય ભાઈશ્રી :– હા, જાગૃતની જાગૃતિ. જાગૃત એવો આત્મા એની જાગૃતિ. જાગૃત સ્વભાવની જાગૃતિ. બરાબર છે. એ તો લીધું છે ને? **'જાગૃતસ્વરૂપ એવા**

**આત્માને ઓળખે તો પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટે.**' કોની? કે જે જાગૃતસ્વરૂપ છે એની. એટલે જેણે આત્માને ઓળખ્યો છે, જેણે જાગૃતસ્વરૂપ આત્માને અનુભવ્યો છે એને પર્યાયમાં મારા આત્માને કયો ભાવ અહિત કરે છે એની જાગૃતિ એને અવશ્ય હોય, હોય ને હોય જ છે. ન હોય એમ બને નહિ.

બીજી રીતે વિચાર કરીએ તો મુમુક્ષુતાની શરૂઆત આત્મહિતની જાગૃતિવાળાને થાય છે. અથવા જેને આત્મહિતની જાગૃતિ-દરકાર થઈ, જાગૃતિ થઈ એને મુમુક્ષુતા પ્રગટી છે. બાકીનાને મુમુક્ષુતા પણ નથી. પ્રારંભ અહીંથી છે. કેમકે બીજાને તો પોતે પોતાને નુકસાન કરે છે એવા ભાવ કરે છે એની ખબર નથી હોતી. કેમકે એની જાગૃતિ નથી એને. જાગૃતિ નથી તો એને મુમુક્ષુતા પણ નથી. એટલે એ વિષય આપણે 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'માં લીધો છે. પહેલા પ્રકરણમાં એ વિષય લીધો છે. મોક્ષાર્થીનું જે સ્વરૂપ છે એમાં એ વાત લીધી છે. જેને આત્મહિતની દરકાર જાગી અને આત્માના હિત-અહિતના વિષયમાં જાગૃત થઈ ગયો એ જીવ ખરેખર મુમુક્ષુતામાં આવ્યો. ત્યાં સુધી હજી મુમુક્ષુતામાં આવ્યો નથી.

જ્ઞાની તો સદાય જાગૃત જ છે. એને તો આત્માની જાગતી જ્યોત છે. પ્રગટ એને આત્માની જાગતી જ્યોત વર્તે છે. એને હિત અહિતના ભાવમાં ક્યારે પણ વિપરીતતા ઊભી થાય એવું બનતું નથી. એટલે ક્યારેય પણ જ્ઞાનદશામાં વિપરીત અભિનિવેષ હોતો નથી. અજ્ઞાનદશામાં ગમે તેટલું શાસ્ત્રજ્ઞાન પ્રગટ થયા છતાં વિપરીત અભિનિવેશ ટાળવો એ વાત ઊભી રહે છે. જાગૃતિ આવે છે ત્યારથી એ વિપરીત અભિનિવેશ ટાળવાની બાબતમાં અગ્રેસર થાય છે, મુખ્ય થાય છે અને જ્ઞાનદશા પ્રગટ કરીને વિપરીત અભિનિવેશને ટાળે છે.

મુમુક્ષુ :- જ્ઞાની જાગે જ છે, જગત ઊંઘે છે. એમ બોલ આવે છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્યાં જ્ઞાની જાગે છે ત્યાં આખું જગત ઊંઘે છે. પોતાના પરમપદમાં પરપદને વિષે જ્ઞાની જાગૃત છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' સદાય. અનુભવ થાય ત્યારે એમ નહિ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આગમનો અર્થ જ એમ કર્યો છે. એ આગમ કેરો અર્થ છે એમ લીધું છે. પોતે પોતાના નિશ્ચય શુદ્ધ પદમાં જાગૃત છે ત્યાં આખું જગત ઊંઘે છે અને જ્યાં જગતના લાભ-નુકસાનમાં બધા જાગૃત છે અને ધમાધમ કરે છે એને માટે, ખેંચાખેંચી કરે છે, ત્યાં જ્ઞાની સૂતા છે. ઉપેક્ષા છે એની. જેમ થાતું હોય એમ થાવા દ્યો. થાવું હશે તેમ થાશે. મારે કાંઈ લેવા દેવા નથી. ત્યાં ઊંઘે છે.

એટલું તો અન્યમતમાં પણ આવે છે. 'ગીતા'માં એ વાત લીધી છે. .. તે દિ'

નાનપણમાં, બાળપણમાં બધું કંઠસ્થ કરેલું. ... ભૂતાનિ એટલે જગતના જીવો. જ્યાં જગતના જીવો જાગે છે. શા નિશામ પશ્યતોમ નેઃ એ નિશા છે. એ રાત્રિ છે. ઊંઘવાનો સમય છે. મુનિ ત્યાં ઊંઘે છે. એ તો અન્યમતમાં આ બધી વાતો આવે છે. મૂળ તો દિવ્યધ્વનિમાંથી ઘણું પકડેલું ને.

મુમુક્ષુ :- જાગતો જીવ ઉભો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ આ જાગૃતસ્વરૂપની વાત છે. સદાય જાગૃતસ્વરૂપ છે એ જાગતો જીવ છે. અને એ સદાય હયાતી ધરાવે છે. ઊભો છે એટલે ક્યાંય ગયો નથી. તેં એને સ્મૃતિમાંથી, સાવધાનીમાંથી દૂર કરીને વિસ્મૃત કર્યો તોપણ અમે તને યાદ દેવડાવીએ છીએ કે એ હજી ઊભો છે. તું ભૂલી ગયો પણ એ તને ભૂલ્યો નથી. તારામાં ને તારામાં, તે ને તું, તે ને તું થાય છે. બહુ સરસ. શૈલી બહુ આવી. વાત સાદી છે કે જાગતો જીવ ઊભો છે. જાય ક્યાં? શૈલીની ખૂબી છે. વિષય તો જે તે છે પણ કહેવાની જે પદ્ધતિ એ શૈલી છે. શૈલી બહુ સારી આવી છે.

**'આત્મા જાગતી જ્યોત છે,...'** એટલે જેને કદી બુજાવી ન શકાય એવી જાગતી જ્યોત છે એમ કહેવું છે. આત્માની જ્ઞાનજ્યોતિ છે. જાગૃતિની જ્યોત ક્યારે પણ બુજાતી નથી અને જીવ સદાય જાગૃતસ્વરૂપે રહે છે. પોતાને જાગૃતસ્વરૂપે છે એટલું અવલોકન કરવાની જરૂર છે. જાગતો બનાવવાની જરૂર નથી, જાગતો જ છે–જાગૃત જ છે પણ જેમ છે તેમ તેને નીહાળવો છે, જોવો છે એટલી વાત છે. બીજી કલ્પના કરીને અન્યથા પ્રકારે જોવે છે તો એનું જ્ઞાન મૂંઢાય છે. એની જાગૃતિ હિતના વિષયમાં મૂંઢાતી જાય છે. પછી કોઈ હિતના વિષયમાં મૂંઢાય છે અને અહિતના વિષયમાં જાગૃત રહે છે. પછી તો જે અહિતનો વિષય છે એમાં પણ અહિત વધારે થાય એવી જ પરિસ્થિતિમાં ચાલ્યો જાય છે. પણ છે આત્મા જાગતી જ્યોત. અને એ જાગતી જ્યોત છે એવા જાગૃતસ્વરૂપથી એને જો. જાગૃત સ્વભાવથી એને જાણ તો તને સ્વભાવની ઓળખાણ થશે. એ સ્વભાવના જ એક એક મુદ્દા છે. જ્ઞાન કહો, જાગૃતિ કહો, સાવધાની કહો, ચેતવું કહો, ચિત્‌સ્વભાવ છે એટલે ચેતવું એમ કહો બધી એક જ વાત છે. (અહીં સુધી રાખીએ...)

## તા. ૩૦-૧૨-૧૯૮૭, વચનામૃત-૨૬૫, ૨૬૬
## પ્રવચન નં. ૨૦૮

૨૬૫. જાગૃત સ્વરૂપ આત્મા છે. સ્વરૂપ જાગૃતિ એ આત્માને અન્ય દ્રવ્ય અને અન્ય ભાવને વિષે ઉપયોગ નહિ જવાનું, પરિણામ નહિ જવાનું કારણે બને છે. આત્મા જાણનાર છે એવી પોતાના જ્ઞાનસ્વરૂપની જાગૃતિ પ્રથમથી જ શરૂઆતથી જ હોવી ઘટે છે. 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એવી જાગૃતિ એને વિભાવમાં જતો રોકી દે છે. જે પોતાના જ્ઞાયકસ્વરૂપમાં સાવધાન છે, જાગૃત છે એને અન્ય પદાર્થની જાગૃતિ ટળે છે. એટલે વિભાવમાં જતો નથી.

અહીંયાં વિશેષ વાત એ લીધી છે કે એવી જે જાગૃતિ આત્માને વિશે વર્તે છે એવો એનો સ્વભાવ છે. સ્વરૂપ છે એમ કહીને એવો એનો સ્વભાવ છે (એમ કહેવું છે). સદાય પોતે પોતામાં જાગૃત રહે એવો જાગૃતસ્વરૂપે જ પોતે છે. એ પણ કોઈ નવી બનાવવાની ચીજ છે એમ નથી. કાલે એટલા માટે દૃષ્ટાંત લીધું કે જ્યાં પોતાનું સ્વરૂપ ભલે કલ્પનાથી કલ્પાયેલું છે કે હું માણસ છું, ફલાણો છું, ત્યાં એની જાગૃતિ સદાય રહે છે. એ જાગૃતિ રાખવા માટે એને વિકલ્પની મદદ લેવી પડતી નથી કે હું દેહાદિ સ્વરૂપે છું એ હું ભૂલી ન જાઉં એટલા માટે હું એનો વિચાર કર્યા કરું. સદાય એ પોતાના દેહને વિશે જાગૃત જ છે.

કાંઈપણ બનાવ બને તો આંખ પહેલી બચાવે છે. આંખ બચી જાય છે. ઉથલપાથલ થાય, Accident થાય, કાંઈ તોડફોડ થતી હોય એની આંખ બચી જાય છે. અથવા કોઈ પ્રહાર થતો હોય તો પહેલા આંખને બચાવે છે. એવો લાંબો વિચાર ત્યાં કરવાનો સમય પણ હોતો નથી કે બધા અવયવોમાં આંખ વધારે નાજુક છે, પહેલાં એને બચાવી લેવી જોઈએ. માટે લાવ હું આંખ મીચી જાઉં. જલ્દી હું પહેલાં આંખ મીંચી જાઉં એવો વિચાર કરવાનો સમય હોતો નથી. એવો વિચાર જીવ કરતો પણ નથી. વગર વિકલ્પે સીધો અમલ કરે છે. એટલે કે સીધો પુરુષાર્થ કરે છે. પોતે જ્યાં છે, પોતે જેમ છે એમ ટકવાનો, એમ રહેવાનો એનો સહજ પુરુષાર્થ એ વિષયની જાગૃતિને લીધે સહજ જ વર્તે છે.

અહીંયાં એમ કહે છે કે '**આત્મા જાણનાર છે...**' અને એ જાણનારમાં એક જાગૃતિનો વિશિષ્ટ પ્રકાર છે. એ સ્વરૂપે પોતે છે, એ સ્વભાવે પોતે છે. એવા જાગૃત સ્વરૂપ આત્માને ઓળખે અથવા જાગૃતસ્વરૂપ એવો જે આત્મા તેને ઓળખે તો

પર્યાયમાં પણ આત્મજાગૃતિ પ્રગટે. જાગૃતિ પ્રગટે એટલે આત્મજાગૃતિ પ્રગટે. સ્વરૂપની જાગૃતિ પ્રગટે.

જ્યારથી સાધકદશા શરૂ થાય છે ત્યારથી સદાય નિરંતર સાધકજીવને સ્વરૂપજાગૃતિ વર્તે છે. હું આત્મા છું, જ્ઞાયકમાત્ર જાણનાર છું, જ્ઞાતાદૃષ્ટા છું એવા સ્વભાવની, એવો સ્વભાવે છું એવી જાગૃતિ, એવા સ્વરૂપે છું એવી જાગૃતિ એની અંદર વર્તે છે. અને એવી જાગૃતિ વર્તતી હોવાને લીધે મોક્ષમાર્ગમાં જે કોઈ શુભાશુભ વિભાવભાવો થાય છે એનો નિષેધ આવે છે. નિષેધ આવવાનું કારણ જાગૃતિ છે. અથવા સ્વરૂપની જાગૃતિ, પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ એવા પોતાની જાગૃતિ એ જ રાગાદિ વિભાવભાવનો નિષેધ છે. એ સ્વયં નિષેધ સ્વરૂપ છે. શાસ્ત્રભાષામાં એને નિશ્ચયનો આદર અને વ્યવહારનો નિષેધ કહે છે. નિશ્ચય સ્વરૂપનો આદર એટલે નિશ્ચય સ્વરૂપને વિષે જાગૃતિ અને વ્યવહારનો નિષેધ, શુભાશુભ ભાવનો નિષેધ. શાસ્ત્રભાષામાં એમ કહેવાય છે.

મુમુક્ષુ :- સર્વસ્વ આત્મા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ મારું સર્વસ્વ સ્વરૂપ જ એ છે. એને જ સંભાળવા જેવું છે. એને જાળવીને ચાલે છે, જાળવીને પ્રવર્તે છે. એને જાળવવાની પક્કડ નથી છૂટતી. શુભાશુભ ભાવ થાય છે એ આ પક્કડમાં રહીને–સ્વરૂપજાગૃતિની પક્કડમાં રહીને થાય છે. એટલે એ શુભાશુભભાવ સ્વરૂપ પરિણતિને કોઈ હાનિ પહોંચાડી શકતા નથી. ઊલટાના શુભાશુભ ભાવ નબળા પડતા પડતા ટળી જાય છે. અથવા કોઈવાર કોઈ ચારિત્રમોહનો વિભાવ રાગ કે દ્વેષ તીવ્રતાથી ઉપજે તોપણ એ નબળો જ પડે છે, સબળો થઈ શકતો નથી. પછાડ ખાઈને ટળી જશે. શુભાશુભ ભાવ પછાડ ખાઈને (ટળી જશે). જેમ કોઈ પછાડ ખાય તો એને માર લાગે. માર લાગે એની અશક્તિ આવે. એમ આ પણ પછાડ ખાય છે. એનું કારણ સ્વરૂપજાગૃતિ છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનનો મુખ્ય ભાવ છે એની અંદર. મુખ્ય જ્ઞાનનો ભાવ છે. પણ સમ્યક્ માર્ગમાં તો શ્રદ્ધા અને જ્ઞાન સાથે જ રહે છે. બેય વિરુદ્ધ પડે કે બે જુદાં પડે એવું બનતું નથી. બંને સાથે જ રહે છે અને બંને મૈત્રીભાવે જ પરિણમે છે. વિરુદ્ધ જઈને પરિણમે એમ બનતું નથી.

જાગૃતસ્વરૂપ એવા આત્માને ઓળખે તો પર્યાયમાં પણ જાગૃતિ પ્રગટે છે. આના ઉપર વજન છે સાધકજીવનું. પોતે સદાય પોતામાં જાગૃત છે. એવા સ્વરૂપ ઉપરનું જે વજન છે એ વજન આપનાર કોઈ વિશિષ્ટ પ્રકારનો ભાવ હોય તો એ આત્મજાગૃતિનો ભાવ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સ્વભાવ તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપ્ત છે. સ્વરૂપ-સ્વભાવ તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપેલો છે. એટલે આત્મા જાગતી જ્યોત છે એમ કહે છે. એને ગુણના ભેદમાં લઈ જવું નથી. ગુણના ભેદમાં લઈ જવો નથી. પર્યાયના ભેદમાં લઈ જવો નથી. સ્વભાવે આત્મા જેવો છે તેવો છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ બંધારણ ન સમજાય એને સમજવા માટે છે. એટલું એનું પ્રયોજન છે અને એ બંધારણ સમજતા અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાય સાથે જે જીવનું એકત્વ થઈ રહ્યું છે, એ એકત્વ છે એ વસ્તુસ્થિતિ નથી, એ વસ્તુનું સ્વરૂપ નથી પણ વસ્તુ ભિન્ન છે દ્રવ્ય-ગુણ-પર્યાયથી અથવા દ્રવ્ય-ગુણ-પર્યાયના બંધારણથી જ વસ્તુ ભિન્ન છે, એમ પણ એ દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય ભિન્નતા બાજુ લઈ જાય છે. પરથી ભિન્નતાની દિશામાં એ આત્માને સ્પષ્ટ કરે છે. પણ સ્વરૂપનો અનુભવ છે, જે સ્વરૂપનો અનુભવ છે એમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ છે નહિ. કેમકે એ એનાથી નિરપેક્ષ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદવાળું એ નથી. તેથી એના ભેદમાં એને લઈ જવું નથી.

એવા વચનો આવે છે કે જેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ નિરસ્ત થઈ જાય. જેમકે છેલ્લી લીટી લઈએ. '**આત્મા જાગતી જ્યોત છે.**' જ્યોત પર્યાય છે? જ્યોત ધ્રુવ છે? જ્યોત ગુણ છે? શું લેવું? સ્વભાવ છે, એ એનું સ્વરૂપ છે. એમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની કોઈ કલ્પના કરવાની આવશ્યકતા નથી. એમ લેવું છે.

મુમુક્ષુ :- પર્યાયમાં સ્વભાવ ..

પૂજ્ય ભાઈશ્રી :- છે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સ્વભાવ છે. પુદ્‌ગલનો એક દૃષ્ટાંત લઈએ. પુદ્‌ગલમાં વર્ણ નામનો ગુણ છે. તો પુદ્‌ગલ વર્ણ સ્વરૂપે છે. કોઈપણ ગુણ છે એ એનું સ્વરૂપ છે. તો પુદ્‌ગલ વર્ણ સ્વરૂપે છે. માત્ર વર્ણ સ્વરૂપી નથી પણ બીજા અનેક ગુણો છે એ ખ્યાલમાં રાખીને પુદ્‌ગલ વર્ણ સ્વરૂપે છે. હવે એનો જ્યારે કોઈ રંગ વ્યક્ત થાય છે ત્યારે કાં સફેદ હોય કાં કાળો હોય, કાં પીળો હોય, લાલ હોય, કોઈ ને કોઈ રંગ હોય. વર્ણગુણને તો કોઈ રંગ નથી. જે વર્ણ સ્વભાવ છે એ તો અરૂપી છે. વર્ણ સ્વભાવને કોઈ વર્ણ નથી. છતાં કોઈપણ વર્ણથી વ્યક્ત થતો વર્ણગુણનો જે પર્યાય એમાં વર્ણગુણનો સદંતર અભાવ હોય તો એને વર્ણગુણનો પર્યાય કેવી રીતે કહેવાય? તો વર્ણ સામાન્ય છે ત્યાં. ત્યાં કોઈ વર્ણ છે એ લાલ, પીળો એવી રીતે જોવા જાવ તો સ્વભાવ નહિ પકડાય. કેમકે એકરૂપે રહેવાનો નથી. કોઈપણ વર્ણ એકરૂપે રહેતો નથી અને રહેવાનો પણ નથી. બદલતો જાય છે. પર્યાય બદલતી જાય છે. વર્ણ

પણ બદલતો જાય છે. કોઈનો વર્ણ એકસરખો સદાય રહે એવા પુદ્ગલો ક્યાંય જગતમાં છે નહિ કે એક જ સરખા પરિણામ રહે. વર્ણના પર્યાય બદલતા જાય છે. તો વર્ણ પર્યાયમાં છે. વર્ણ સ્વભાવ પર્યાયમાં છે, દ્રવ્યમાં છે અને ગુણમાં છે. એ સામાન્ય છે. ન તો માત્ર દ્રવ્ય સ્વરૂપે છે, ન તો એકલો માત્ર ગુણ સ્વરૂપે છે, ન પર્યાય સ્વરૂપે છે. સળંગ છે.

એવું જ આત્માના સ્વભાવનું છે. આત્માનો જે સ્વભાવ એ સદાય છે. જેમ કે પરમાં જાગૃતિ છે એ પરમાં જાગૃતિ એવો સ્વભાવ નથી પણ જાગૃતિ એવો સ્વભાવ છે. એક એક ગુણ લઈએ. મિથ્યાત્વ અવસ્થામાં પરમાં જાગૃતિ છે એ પરમાં જાગૃતિ એવો સ્વભાવ નથી પણ જાગૃતિ એવો સ્વભાવ છે. આત્મા દેહને પોતા સ્વરૂપે શ્રદ્ધે છે. દેહમાં શ્રદ્ધાએ કરીને પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે છે. તો એ દેહમાં શ્રદ્ધા કરવી, જે દેહાત્મ શ્રદ્ધા છે એ એનો સ્વભાવ નથી પણ શ્રદ્ધા કરવી એ એનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- શ્રદ્ધાગુણ..

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધાગુણ પરિણામી છે. એટલે શ્રદ્ધા સામાન્ય ત્યાંથી પકડી શકાય છે. પણ અવળી શ્રદ્ધા એ એનો સ્વભાવ નથી પણ શ્રદ્ધા કરવી એનો સ્વભાવ છે. શ્રદ્ધવું એનો સ્વભાવ છે. એવી રીતે લીનતા. પરમાં લીનતા કરે છે એનો સ્વભાવ નથી પણ લીનતા કરવી એ એનો સ્વભાવ છે. પરમાં આનંદ માને છે. પર વિષયમાં આનંદનો અનુભવ કરે છે એવો એનો સ્વભાવ નથી પણ આનંદનો અનુભવ કરવો એવો એનો સ્વભાવ છે. પરમાં એકત્વબુદ્ધિએ જ્ઞાન કરવું, એકત્વપણે પરને જાણવું, અનુભવ કરવો એવો એનો સ્વભાવ નથી પણ અનુભવ કરવો એવો એનો સ્વભાવ છે. અનુભૂતિસ્વરૂપ જ છે. કોઈપણ ગુણ લ્યો. સ્વભાવ છે એ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપેલો છે. પણ પર્યાયનો ભેદ એને અડતો નથી.

આ તો મિથ્યાત્વનો એટલા માટે દૃષ્ટાંત લીધો. પણ સમ્યક્ પર્યાયનો ભેદ એને, શુદ્ધ પર્યાયનો ભેદ એને નથી સ્પર્શતો. મિથ્યાપર્યાયના તો એટલે દૃષ્ટાંત લીધા કે એનાથી સ્વભાવ જુદો છે. એ જુદો સ્વભાવ જુદો સમજાય એટલા માટે. સમ્યક્ પર્યાયમાં તો જેવું સ્વરૂપ છે એવું જ પરિણમન છે તોપણ એ પર્યાયના ભેદમાં સ્વભાવ નથી. એટલે તો શુદ્ધ પર્યાયમાં આત્મા આવતો નથી એમ કહેવામાં આવે છે. શુદ્ધ પર્યાયમાં પણ આત્મા આવતો નથી. કેમકે સ્વભાવ તો સદાય સ્વભાવ સ્વરૂપે જ રહે છે. એ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદરૂપ થતો નથી.

'રાજમલજી' તો આત્મા જેવો છે તેવો એમ જ વાત કરે છે. જ્યાં જ્યાં એવી વાત આવે છે ત્યાં આત્મા જેવો છે તેવો એમ કહે છે. જેવો છે તેવો એમાં એને દ્રવ્ય-

ગુણ-પર્યાયના ભેદથી કહેવો નથી એટલે જેવો છે તેવો એમ કહે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ત્રણેમાં વ્યાપેલો હોવા છતાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદથી નિરપેક્ષ છે. એમ છે. જૈનદર્શનની શૈલી, કથનની શૈલી (લોકોને જલ્દી) સમજાતી નથી.

'શ્રીમદ્જી'એ લીધું, કે '**સર્વ અવસ્થાને વિષે ન્યારો સદા જણાય.**' વિષે તો સાતમી વિભક્તિ છે. વિષે એટલે માં. પ્રાસ મેળવવા માટે બે અક્ષર લીધા. બાકી તો સર્વ અવસ્થામાં એમ કહેવું છે. એક બાજુથી તમે એને અધિકરણ એટલે સપ્તમ વિભક્તિ એ તો આધારની વિભક્તિ છે. અધિકરણની વિભક્તિ છે. તો એક બાજુથી તમે સર્વ અવસ્થામાં કહો છે અને વળી પછી પાછા એમ કહો છો કે ન્યારો છે. તો માં અને ન્યારો બે વાત એકસાથે? હા, બેય વાત એકસાથે. આવું જ વસ્તુનું કોઈ અનેકાંતિક સ્વરૂપ છે. સર્વ અવસ્થાને વિષે સ્વભાવ છે, સ્વરૂપ છે એ સર્વ અવસ્થામાં છે. તો કહે, અવસ્થારૂપે છે? નહિ. એ અવસ્થાથી ન્યારો છે. અવસ્થામાં છે છતાં અવસ્થાથી ન્યારો છે. એ એને સમજાય તો એને દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન બરાબર પ્રાપ્ત થાય. નિરપેક્ષ વસ્તુનું સ્વરૂપ સમજાય તો અપેક્ષાનું જ્ઞાન સાચું. નહિતર અપેક્ષાનું જ્ઞાન સાચું નહિ. આ એનો-અપેક્ષાજ્ઞાનનો નિયમ છે. પ્રથમ તો વસ્તુનું નિરપેક્ષ સ્વરૂપ સમજો પછી એને જે તે પ્રકારની અપેક્ષાઓથી સમજાવી શકાય અથવા સંબંધ હોય તે તે અપેક્ષાઓને પછી યથાર્થ રીતે સમજો. ત્યાં સુધી એને સમજી શકાય એવું નથી. નહિતર એકાંત થયા વગર રહે જ નહિ. કોઈને કોઈ અપેક્ષામાં એકાંત થયા વિના રહે જે નહિ, જો નિરપેક્ષતા સમજાય નહિ તો. એટલે લૌકિક વિજ્ઞાનમાં માત્ર અપેક્ષાવાદથી જ વૈજ્ઞાનિક સિદ્ધાંતોનો વિચાર થાય છે. એક જૈનદર્શનના વિજ્ઞાનમાં નિરપેક્ષપણે વસ્તુનું સ્વરૂપ નિશ્ચિત કર્યા પછી એની અપેક્ષાઓનું કરીને એ વિજ્ઞાનને સમજવામાં આવે છે. આટલો મોટો ઊલટો સુલટો લૌકિક અને અલૌકિક વિજ્ઞાનમાં ફરક છે.

'**આત્મા જાગતી જ્યોત છે,...**' એમાં સ્વરૂપ-સ્વભાવ લઈ લેવો. સ્વભાવે આત્મા જાગૃતસ્વરૂપ છે એ જે કહ્યું છે, જેને ઓળખવો છે એ આત્મા જાગતી જ્યોત છે. એને જાણ. આત્મા જાગતી જ્યોત છે તેને જાણ, તેને સંભાળ. એ જે સ્વરૂપે છે એ સ્વરૂપે એનો અનુભવ કર. જાણ એટલે અનુભવ કર. પોતે પોતાના સ્વરૂપને વિષે સદાય જાગતી જ્યોતરૂપે બિરાજમાન છે. એનો એ રીતે અનુભવ કરવો તે જ વિભાવભાવને ઉત્પન્ન થતાં રોકવાનું સાધન છે. બીજી રીતે વિભાવભાવ ઉત્પન્ન થતાં રોકી શકાય એવું નથી. કેમકે સ્વરૂપ જાગૃતિમાંથી ગયો, એ વિભાવમાં આવ્યો સીધો. સ્વરૂપ જાગૃતિમાં રહ્યો, વિભાવ ગયો, વિભાવથી છૂટી ગયો. ૨૬૫. સંક્ષેપમાં (લીધું).

**જો તારે જન્મ-મરણનો નાશ કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર; તારાં જન્મ-મરણનો નાશ થઈ જશે. આચાર્યદેવ કરુણાથી કહે છે : તું મુક્તસ્વરૂપ આત્મામાં નિઃસ્પૃહપણે ઊભો રહે. મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા. તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ. તારા સુખને માટે અમે આ માર્ગ દેખાડીએ છીએ. બહાર ફાંફાં મારવાથી સુખ નહિ મળે.** ૨૬૬.

૨૬૬. '**જો તારે જન્મ-મરણનો નાશ કરી આત્માનું કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર;...**' આ બોલમાં પુરુષાર્થ કરવાની પ્રેરણા આપી છે. જો તારે પ્રતિકૂળતાઓ ટાળવી હોય તો, એમ નથી કહેતા. માંદગી ટાળવી છે? છૈયા-છોકરા જોઈએ છે? સ્વર્ગ જોઈએ છે? નિર્ધનતામાંથી પૈસાવાળા થાવું છે? દુકાને ધંધો વધારવો છે? એ વાત અહીંયાં નથી. જન્મ-મરણનો નાશ કરીને કલ્યાણ કરવું હોય તો. આ કલ્યાણની વાત છે. આ માર્ગ છે એ જન્મ-મરણના નાશનો માર્ગ છે. માર્ગ એટલે ઉપાય. સ્વર્ગ મેળવવાનો આ માર્ગ નથી. જેને માત્ર સ્વર્ગ મેળવવાની અને માત્ર સંયોગોને ઠીક કરવાની, અનુકૂળ કરવાની જ જેની વૃત્તિ અથવા ધ્યેય હોય એને અન્ય માર્ગ પસંદ કરવાનો રહે છે, એને જૈનમાર્ગ પસંદ કરવાનો રહેતો નથી. કેમકે આ એક જ માર્ગ એવો છે કે જેના કારણ સ્વરૂપે પુણ્યભાવ ઊભો છે. એ બધાનું કારણ શું છે? સ્વર્ગ મળવો કે બહારમાં અનુકૂળ સંયોગો થવા એ પુણ્યભાવ છે. પુણ્યનો નિષેધ એક આ જ માર્ગમાં છે, બીજે ક્યાંય નથી. બધાયમાં નથી રહ્યું એવું. મૂળમાર્ગની વાત છે. ... સંપ્રદાયમાં બધી જગ્યાએ એવું નથી રહ્યું પાછું. .... અપેક્ષા ન રાખવી. પણ જ્યાં આ મૂળ તત્ત્વ રહ્યું છે ત્યાં પણ એ વાત ભૂંસાઈ ગઈ. પુણ્યની પાછળ ધર્મ માનીને લાગી જાય છે.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ...

પૂજ્ય ભાઈશ્રી :- એક જ છે. મોક્ષ એટલે જન્મ-મરણથી છૂટવું-મુક્ત થવું. જન્મ-મરણથી મુક્ત થવું એનું નામ મોક્ષ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ. એને ઓળખતા નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો શુભરાગ થાય ... શાસ્ત્રનું જ્ઞાન થાય, જાણપણાનું ધારણાજ્ઞાન થાય, વીતરાગે કહેલા શાસ્ત્રો ... અને ઉપવાસ અને કોઈપણ જાતની તપશ્ચર્યા ને વ્રતાદિ ગ્રહણ કરે એટલે આ અમારું ચારિત્ર. આ શ્રદ્ધા-

જ્ઞાન-ચારિત્ર થઈ ગયું, આ મોક્ષમાર્ગ થઈ ગયો અને આનાથી અમને જન્મ-મરણ મટશે. એ વ્યવહારશ્રદ્ધા પણ સાચી નથી. નિશ્ચયશ્રદ્ધા તો એ જીવને નથી પણ વ્યવહાર શ્રદ્ધા પણ એમાં નથી.

આત્માનું શ્રદ્ધાન, જેવો સ્વભાવે છે-જેવા સ્વરૂપે છે એવા આત્માનું શ્રદ્ધાન, એનું જ અનુભવરૂપ સ્વસંવેદન જ્ઞાન અને એમાં નિર્વિકલ્પ સ્થિરતા, નિર્વિકલ્પ પ્રતીતિ અને નિર્વિકલ્પ સ્થિરતા સહિતનું જે સ્વસંવેદન (થાય) એને સ્વાનુભૂતિ અથવા સ્વાનુભવ કહે છે અને એને મોક્ષનો માર્ગ કહે છે. એ જન્મ-મરણ ટાળવાનો માર્ગ છે. કેમ એ જન્મ-મરણ ટાળવાનો માર્ગ છે અને બીજો જન્મ-મરણ ટાળવાનો માર્ગ નથી? એ પ્રશ્ન થવા યોગ્ય છે.

જન્મ-મરણ રહિત સ્વરૂપ જે છે એનું શ્રદ્ધાન છે સ્વાકાર ભાવે, એનો જ અનુભવ છે સ્વાકારભાવે. એની જ લીનતા છે કે હું જન્મ-મરણ રહિત છું. એ જ ભાવની લીનતા છે. તો એ જે જન્મ-મરણ રહિત તત્ત્વ છે એવો અનુભવ કરે છે. માટે એ અબંધ ભાવ છે. એને જન્મ-મરણ (મટી ગયા). એ છોડીને કોઈપણ ભાવ કરે એટલે રાગથી પ્રતિબદ્ધ થયો થકો કર્મથી બંધાય છે અને એને જન્મ-મરણ થવાના, થાવાના ને થવાના.

અહીંયાં એ વાત એટલા માટે કરી છે કે જો પોતે આ માર્ગની અંદર કાંઈપણ પ્રવૃત્તિ કરે છે એણે અંતર અવલકોનથી તપાસ કરવી ઘટે છે કે હું જન્મ-મરણનો નાશ કરવા માટે આ માર્ગમાં કાંઈ પ્રવૃત્તિ કરવા માગું છું કે કોઈ બીજા કારણથી? જો બીજું કાંઈ પણ એને અવલંબન હોય તો એ મોક્ષમાર્ગના પુરુષાર્થમાં આવી શકશે નહિ. એ બંધમાર્ગના પુરુષાર્થમાં આગળ વધશે અને બંધાશે અવશ્ય. એ હવે લેવું છે. આ તો પહેલી શરત લીધી કે પહેલાં આ છે વાત? ચોખ્ખી કર. તારા હૃદયને તપાસીને આ વાત ચોખ્ખી કર કે તારે જન્મ-મરણ ન જોઈએ. જન્મ-મરણના નાશ માટે મારે પ્રયત્ન કરવો છે. એના માટે મારે જે કાંઈ કરવું છે તે કરવું છે. બીજું કોઈ કારણ નથી. ધર્મ કરવાનું મારા માટે આ એક જ કારણ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એક કલ્પના છે. કોઈ વ્યક્તિ છે કે એનું કામ કરી દે? વ્યક્તિ હોય તોય નથી કરી દેતા. આ જીવનું કામ કરી દે? ... એ કાંઈ બીજા કોઈ પોતાનું કામ કરી દેશે? દેવ-ગુરુ નથી કરી શકતા તો બીજા કરી દેવાનો પ્રશ્ન રહેતો નથી. નામથી તો કાંઈ કામ થાતું નથી. નામ પાડે લક્ષ્મીકાંત. કાંત એટલે ધણી. અને ભાઈસાહેબ ફૂટપાયરી ઉપર ઠેબા ખાતા હોય. નામથી જો કામ થતું હોય તો નામના પૈસા લાગતા

નથી ક્યાંય. નામથી નથી થતું.

તું આ ચૈતન્યભૂમિનો–ચૈતન્યનો આધાર લે. ભૂમિને ક્ષેત્ર કહેવામાં આવે છે. પુરુષાર્થ કરવા માટે ચૈતન્યના ક્ષેત્રનું અવલંબન લે. જે પ્રદેશમાંથી તારો દર્શન, જ્ઞાનનો ઉપયોગ ઉઠે છે એ તું છો. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું એવો ભાવ તે સમ્યક્ત્વ છે. 'દીપચંદજી'એ 'અનુભવ પ્રકાશ'માં કહ્યું, જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું, જ્ઞાનસામાન્ય લેવું છે, સીધું જે પ્રદેશમાંથી ચૈતન્યભૂમિમાંથી જે સીધું ઉભું થાય છે. ... દ્રવ્યનું અવલંબન લે છે એ જ્ઞાનવિશેષ નથી લેવું, સામાન્ય લેવું છે. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું એવો દૃઢ ભાવ તે સમ્યક્ત્વ છે. અથવા પોતાના સ્વરૂપનું સાધન આ જ્ઞાન છે. આ જ્ઞાન છે તે પોતાના સ્વરૂપનું સાધન છે.

ખ્યાલમાં લેવાનો પ્રયત્ન કરે તો આવે એવું છે, નથી આવે એવું નથી. ખ્યાલમાં લેવા માટેનો જે યથાયોગ્ય પ્રયાસ કરવો જોઈએ એ પ્રયાસ નથી કરવામાં આવતો એટલે એ ખ્યાલમાં નથી આવતો. ઘણી અજાણી ચીજોનો આપણે ખ્યાલ કર્યો છે. જાણી છે. બધી ચીજો જાણતા હતા ત્યારે ... જાણતા હતા. કાંઈ ખબર નહોતી. નવું...નવું...નવું....નવું... જાણતા જ જઈએ છીએ. જાણ્યું નથી એ વાત નક્કી છે. પણ ન જાણી શકાય એવું તો કાંઈ છે નહિ.

જે ચૈતન્યભૂમિમાંથી જ્ઞાનના અંકૂરા ફૂટે છે એમ લેવું છે. એ હું છું એમ આધાર લ્યે. અહીં ઊભો રહે એટલે એના ઉપર ઊભો રહે એટલે એનો આધાર લ્યે. ઊભા રહેવાની આધારભૂત ભૂમિ એને–ચૈતન્યક્ષેત્રને બનાવ. બસ!

અત્યાર સુધી સૂક્ષ્મતા આવી નથી એનો અર્થ કે અત્યાર સુધી આ રીતે પોતાના કલ્યાણની ભાવનામાં આવ્યો નથી. એ ભાવના કરી નથી, સીધી વાત છે. ભાવનાનો વિષય જે ૨૬૩નો છે કે મારે બીજું કાઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે. બસ! અહીંયાં પાત્રતા પ્રગટે છે. ખાસ પ્રકારની પાત્રતા. એને પ્રગટતા કેટલી વાર? એને પ્રગટતા કોઈ વાર નથી. કોઈપણ જીવ, સંસારમાં પરિભ્રમણ કરતો કોઈપણ જીવ ઘડીકમાં ગુલાંટ મારી જાય છે એનું કારણ, ક્ષણમાત્રમાં ગુલાંટ મારી જાય છે એનું શું કારણ? કે એને પાત્રતામાં આવતા કોઈ વાર લાગતી નથી. પોતાના કલ્યાણની તીવ્ર ભાવના (થાય) એ એ જ સમયે વર્તમાન પાત્રતા છે. એ પ્રગટ પાત્રતા છે.

બીજી બધી વાતો માટે પૂર્વપર્યાયનો નિયત ક્રમ છે. પ્રથમ સમ્યક્દર્શનની પર્યાય પ્રગટ કરવી હોય તો? તારે પાત્રતામાં આવવું પડશે. તારે સ્વરૂપ નિશ્ચય થવો જોશે. સ્વરૂપ સન્મુખતા થશે, સ્વરૂપની મહિમા આવશે, એનો રસ ગાઢ થઈ થઈને અનુભવ થશે. એમ મુનિદશામાં પણ પહેલા સમ્યગ્દર્શન થયું હશે તો મુનિદશા થશે. બધાયમાં તો

તો છે. અને મોક્ષ પણ પહેલાં મુનિદશા થઈ હશે તો મોક્ષ થશે. ચારિત્ર વગર મોક્ષ થશે નહિ. એમ આના વગર નહિ થાય... આના વગર નહિ થાય.. આના વગર નહિ થાય. બધી પર્યાયોમાં આ વિજ્ઞાનનો વૈજ્ઞાનિક નિયમ છે. એમાં બીજું ચાલતું નથી. એક પાત્રતામાં એવું નથી. એક Second પહેલાં ગમે એવા પાપ પરિણામમાં તીવ્ર કષાયમાં ઊભો હોય, ગુલાંટ મારીને પાત્રતામાં આવતા એને એક જ Minute લાગે. બીજી ક્ષણ એને લાગે નહિ. એક સમય નથી પકડાતો એટલે ક્ષણથી વાત લઈએ છીએ. ક્ષણ તો પકડી શકાય. પાત્રતામાં ગમે ત્યારે આવી જાય. પાત્રતામાં આવે એટલે એનો ઉપયોગ સૂક્ષ્મ (થવા લાગે છે). નહિતર ઉપયોગ સૂક્ષ્મ થતો નથી.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. જરૂરિયાત એને લાગવી જોઈએ. કેવી જરૂરિયાત લાગવી જોઈએ? કે જેમ માછલું પાણી વિના તરફડાટ નાખે એવી રીતે. ત્યારે વારો આવે. સામાન્ય જરૂરિયાત તો એને ઘણી વાર આવી છે. મારે તો ભાઈ જન્મ-મરણ ટાળવા છે. બીજે ક્યાંય આ વાત નથી. એમ કાંઈ ઉપર ઉપરની જરૂરિયાત કામ આવે એવું નથી. એવી જરૂરિયાત લાગે.

જુઓ! આ શરીર આકારે ચૈતન્યપિંડ આત્મા છે. એ એક ક્ષેત્ર છે, એ ભૂમિ છે કે જ્યાંથી ભાવો ઉઠે છે. બરાબર છે? એક વસ્તુ છે આત્મા, જે શરીરના આકારે એનું ચોસલું છે. એ ચૈતન્યભૂમિ છે, ચૈતન્યનું ક્ષેત્ર છે, ચૈતન્યની એક પાટ છે ત્યાંથી ભાવો ઊઠ્યા કરે છે. જેમ પાણીમાં વમળ ઊઠે, આંદોલિત થાય ત્યારે એમાં વમળ ઊઠે તો એમ કહેવાય કે પાણીમાં હલનચલન થાય છે. પાણીની હલનચલનવાળી દશા કહેવામાં આવે છે. એમ ભાવોનું આંદોલન અનુભવગોચર છે. પર્યાયો થાય છે, ભાવરૂપ પર્યાયો થાય છે. ભલે એના ગુણભેદ ન આવડે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના નામથી પણ અનુભવગોચર તો થાય છે. તો એ ભાવો કઈ ભૂમિમાં થાય છે? એ ભૂમિમાં થાય છે કે (જે ચૈતન્યભૂમિ છે). અને પોતાના ગુણના ભાવો થવા માટે કોઈની જરૂર નથી. એકેન્દ્રિય જીવને પણ થાય છે. કહે છે કે મન હોય તો બધી ખબર પડે પણ એ તો સ્પષ્ટતાનો વિષય છે, ક્ષયોપશમનો વિષય છે. ભાવ તો થયા જ કરે છે. એકેન્દ્રિય નિગોદના જીવને શ્રદ્ધાગુણ નથી પરિણમતો? જ્ઞાનગુણ નથી પરિણમતો? ચારિત્રગુણ નથી પરિણમતો? અનંત ગુણનું પરિણમન એને છે. એને ખબર નથી પડતી તેથી એનું પરિણમન નથી એવું કાંઈ થોડું છે? જ્ઞાનથી પકડાય છે. જ્યારે આત્માનો સ્વભાવ પકડવો છે તો એ જ્ઞાનથી પકડાય છે.

અહીંયાં એમ કહે છે કે પ્રથમ તારો જ્ઞાનનો અંકુર શેમાંથી ઊઠે છે? જરાક ઊંડો

ઊતરીને ઉપયોગને સૂક્ષ્મ કરીને તપાસ તો ખરો. ન જડે તો તપાસવાના પ્રયત્નમાં તો રહે. તારો પ્રયત્ન જરૂર સફળ થશે. પ્રયત્ન જ નહિ કરે ... પ્રયત્ન એણે કરવો જોઈએ. જ્યાંથી જ્ઞાન ઊઠે છે ત્યાં કોઈ જ્ઞાનશક્તિ રહી છે માટે જ્ઞાન ત્યાંથી ઉત્પન્ન થાય છે અને એ શક્તિની વ્યક્તિ થાય છે. માટે કોઈ આવી વસ્તુ છે. જ્ઞાયક વસ્તુ છે. જ્ઞાનપિંડ કોઈ વસ્તુ છે. અને એ વસ્તુ તે હું, એ વસ્તુ તે હું. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું એવો દૃઢ ભાવ તે સમ્યક્ત્વ છે. કેટલું આઘું છે સમ્યક્ત્વ?

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્ન પણ એમાં Practiceનો વિષય છે. પહેલીવહેલી રોટલી વણવા શીખે કોઈ નવ-દસ વર્ષની છોકરી તો સીધી ગોળ થઈ જાય છે એવું છે? લાંબી-ટૂંકી થવાની જ છે. પણ વણતા...વણતા...વણતા... કેવી થઈ જાય? છ-બાર મહિને તો ગપાટા મારતા મારતા ગમે તેટલી વણી નાખે ખબર પડે નહિ. કાંઈ સહેલું નથી. ૭૫ વર્ષના બુઢ્ઢાને રોટલી વણતા ન આવડે. ૧૦ વર્ષની છોકરીને આવડે. Practiceનો વિષય છે. કોઈ એમ કહે કે, વેલણ આમ આમ ફેરવવું. પણ આમ આમ એટલે કેમ કેમ? એમાં શું કળા છે બીજી? છે એમાં કળા. આ જે ઊંચા નીચા ભાગ છે એમાં કળા છે. કેમ વેલણ ફેરવવું એ એની કળા છે. એ કાંઈ શીખડાવવાનો કે કાંઈ પરિભાષાનો કે વ્યાખ્યાનો વિષય છે? એ તો Practiceનો વિષય છે. એનું વજન જવું જોઈએ. બહુ જોર દે તો પાતળી થઈ જાય કે ખાડો થઈ જાય. બહુ જોર દેવાનું નહિ. જોર વગર થાય નહિ. બહુ જોર દેવાનું નહિ. બેય વાત પરસ્પર વિરુદ્ધ સાથે જ હોય છે બધી જગ્યાએ અને ત્યારે જ કામ થાય છે.

એ રીતે '**ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર.**' જ્યાં ઊભું રહેવું છે, ત્યાં હુંપણાનું જોર દેવું છે. એ પુરુષાર્થનો વિષય છે. આ રીતે તું પુરુષાર્થ કર. જ્યાંથી ચૈતન્યના ભાવો પ્રગટે છે, ચૈતન્યના સર્વ ભાવોમાં ચેતના છે. રાગાદિ ભાવ એક ન્યાયે અશુદ્ધ ને જડ ને અચેતન કહેવાય છે તો એક ન્યાયે તેને અશુદ્ધચેતના પણ કહેવામાં આવે છે. ચૈતન્યભૂમિમાંથી ઉત્પન્ન થયેલો ભાવ હોવાથી એનામાં ચેતના છે. પણ અશુદ્ધતા છે એટલે એને અશુદ્ધચેતના કહીએ. પણ ચેતના પકડવી હોય તો છે એમાં. આ ચેતના સામાન્ય તે સ્વભાવ છે. ચેતના સામાન્યનું જ્ઞાન તેને પછી જ્ઞાનચેતના કહેવામાં આવે છે.

મંથન જોઈએ. શોધવા માટેનું મંથન જોઈએ. એક નાકની ચુંક ખોવાઈ ગઈ હોય કે ચુંકમાંથી હીરો પડી ગયો હો તો ઉંઘ આવે નહિ. ગોત્યા જ કરે. લીધો ત્યારે તો ૫૦૦-૭૦૦ નો હતો પણ અત્યારે તો ૫૦૦૦ મળે એવું નથી. ૫૦૦નો પડી ગયો એમ ન

ગણે. કેમકે લેવા જશે ત્યારે ૫૦૦૦ લાગવાના છે. ૫૦૦૦નો પડી ગયો એમ ગણીને એનો શોધવાનો પ્રયત્ન કરે.

તારું અમૂલ્ય ચૈતન્યરત્ન ખોવાણું છે, તને કેમ ઉંઘ આવે છે? આ સવાલ છે. જેમાં તારી શાંતિ ખોવાઈ ગઈ છે, જેમાં તારું સુખ ખોવાઈ ગયું છે, જેમાં તારો આનંદ લુંટાઈ ગયો છે. જેમાં તને કાંઈ ચેન ન પડે એવી સ્થિતિ ઊભી થઈ છે. એવો જે આત્મા એ રત્ન ખોવાઈ ગયું છે, ચૈતન્યરત્ન ખોવાઈ ગયું છે એની શોધ કેટલી? શોધ કરે નહિ તો મળે નહિ. એ સમજી શકાય એવી વાત છે અને શોધ ન કરે છતાં કેમ મળે એ પ્રશ્ન તો અસ્થાને છે. મળતું નથી, મળતું નથી પણ શોધ નથી કરતો મળે ક્યાંથી?

'**તારા જન્મ-મરણનો નાશ થઈ જશે.**' Guaranted વાત લીધી છે. જો તારી '**ચૈતન્યભૂમિમાં ઊભો રહીને....**' તારા સ્વભાવમાં સ્વક્ષેત્રમાં ઊભો રહીને તું તારો પુરુષાર્થ કરીશ તો તારા જન્મ-મરણ અવશ્ય અવશ્ય નાશ થઈ જ જશે. તારા જન્મ-મરણ નાશ થશે કે નહિ એની શંકા પણ તને રહેશે નહિ. એવી વાત છે. એને એ શંકા નહિ રહે. ... તને એમ લાગશે, તને એવી પ્રતીતિ નિર્વિકલ્પ પ્રતીતિ વર્તશે કે હવે આ આત્માને જન્મ-મરણ નથી, જાઓ! સમ્યગ્દર્શન થયા પહેલાં એને ભણકાર આવે છે અને સમ્યગ્દર્શન થયા પછી તો પ્રશ્ન જ રહેતો નથી. એટલે એને નિર્વિકલ્પ પ્રતીતિ કહે છે. એને ભણકાર આવી જાય છે. પણ જન્મ-મરણ નાશ મારા થઈ ગયા કે ન થઈ ગયા શું ખબર પડે? કેમકે આ ભવમાં તો જન્મ થયો છે એટલે મરણ અવશ્ય છે. પણ હવે જન્મ-મરણ નહીં જ થાય એની શું ખબર પડે? કે એની ખબર પડશે તને. જન્મ-મરણ રહિતનો અનુભવ થઈ ગયો એને. કેવો અનુભવ થઈ ગયો? કે પ્રત્યક્ષ અનુભવ થઈ ગયો. પછી એને એ પૂછવાની વાત રહેતી નથી કે ભવિષ્યમાં મારા કેટલા થશે. જેટલા થશે એ નહિ બરાબર છે. એનો કાંઈ ગણતરીનો હિસાબ રહેતો નથી. અલ્પકાળમાં જન્મ-મરણ રહિત શાશ્વત પદની સ્થિતિ પ્રાપ્ત થશે, થશે અને થશે જ એની પ્રતીતિ અહીંયાં એને આવી જાય છે.

એ ચર્ચા ચાલી હતી. નાની મોટી પ્રતિકૂળતાઓ ટાળવા માટે ખૂબ વ્યસ્ત રહો છો. આખો દિવસ પૈસા કમાવા પાછળ હેતુ તો એટલો છે કે કોઈપણ જાતની પ્રતિકૂળતાઓ ન રહે, અનુકૂળતાઓ સચવાઈ રહે. મરણ તો સૌથી મોટી પ્રતિકૂળતા છે. એના માટે (શું)? કે એના માટે કાંઈ સમય લેતા નથી. નથી લેતા એનું કારણ કે એનો ઉપાય પણ જાણતા નથી. પણ આમાં એનો ઉપાય છે એમ કોઈ કહે તો પહેલાં તો વિશ્વાસ આવતો નથી. શું ખબર ભાઈ? જેટલા આસ્તિક્ય દર્શનો છે એ બધાય પોતાના એમ જ ઉપદેશ કરે છે કે તારો મોક્ષ થઈ જશે. અમારા ધર્મથી, આ ધર્મથી

તારો મોક્ષ થઈ જશે. એવી રીતે જૈનધર્મ પણ એમ કહે છે કે તું ધર્મ કરીશ તો તને મોક્ષ થશે. થતો જ હશે કે નહિ થતો હોય કોને ખબર છે? અને એ થતો હોય કે ન થતો હોય એવા શંકાસ્પદ વિષય પાછળ સમય અને શક્તિ બગાડવી એના કરતાં અત્યારે આ બધી અનુકૂળતાઓ મળે એવી તક મળી છે તો એ ઝડપી લ્યો ને, એ કરી લ્યોને! ઓલું તો કોને ખબર છે કે કેમ હશે? આ કહે છે લોકો, પણ હવે આપણને શું ખાતરી એની? અહીંયા તો ખાતરી થાય એવું છે. તને ખાતરી થાય એવું છે કે આ અબદ્ધ પરિણામ છે, આ બંધ પરિણામ છે. સમજી શકાય એવો વિષય છે. અબંધ પરિણામે બંધ ન થાય. પર પદાર્થ સાથે પ્રતિબદ્ધરૂપ ભાવ છે તે બંધ પરિણામ છે. પર સાથે બંધાતો ભાવ તે બંધ પરિણામ છે. સ્વ સાથે બંધાતો ભાવ તે અબંધ પરિણામ છે. નહિ બંધાતો એવો ભાવ છે તે અબંધ પરિણામ છે. જો બંધ પરિણામે બંધ થતો હોય તો અબંધ પરિણામે બંધ ન થાય એ તો સીધી વાત છે. એ તો હજી સમજણનો વિષય થયો, પણ અનુભવમાં તો બિલકુલ એને જન્મ-મરણ રહિત શાશ્વત પરમેશ્વરપદનો પોતાને અપરોક્ષ અનુભવ છે. એમાં તો એને કોઈને પૂછવા જાવું પડતું નથી. એ છાતી ઠોકીને કહી શકે એમ છે કે આ આત્માને હવે જન્મ-મરણ નથી, જાવ! દુનિયાની કોઈ તાકાત હવે એને જન્મ-મરણના ફંદામાં પાડી શકે એ પરિસ્થિતિ હવે રહી નથી. Guaranted કહી શકે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને આસનભવ્ય કહે છે. આ જીવને હવે ભવભ્રમણનો કિનારો આવી ગયો છે. એને બરાબર કિનારો દેખાય છે. એને કાંઈ કોઈને પૂછવા જાવું પડતું નથી. શું કહે છે?

**'કલ્યાણ કરવું હોય તો આ ચૈતન્યભૂમિમાં ઊભો રહીને તું પુરુષાર્થ કર;...'** ચૈતન્યભૂમિના આશ્રયે પુરુષાર્થ કર, એના આધારે, એના અવલંબને પુરુષાર્થ કર. રાગના અને પરના અવલંબને જેટલું જોર કરીશ તે બધું બંધભાવમાં જશે. અબંધ સ્વરૂપ જે આત્મા છે, અબદ્ધસ્પૃષ્ટ જે આત્મા છે એના અવલંબને જન્મ-મરણનો નાશ થશે, અવશ્ય થશે. **'આચાર્ય દેવ કરુણાથી કહે છે,...'** જુઓ! કહેનાર નિસ્પૃહ અને નિઃસ્વાર્થ છે. નિષ્કારણ કરુણાથી કહે છે. એનો કોઈ તું સગો-સંબંધી છો માટે કહે છે કે તારી પાસેથી કોઈ આહાર-પાણીની અનુકૂળતા લેવી છે માટે કહે છે એમ નથી. જૈનદર્શનના ગુરુ નિર્ગ્રંથ લીધા છે. ઉપદેશ આપનારને અપેક્ષા હોય તો તે ઉપદેશક નહિ. ઉપદેશકનો સિદ્ધાંત અહીંથી શરૂ થાય છે. એવા ગુરુ? હા, એવા આ ગુરુ. નિર્ગ્રંથ ગુરુ. દિગંબર અંતર-બાહ્ય જેને કોઈ તિલતુષ માત્ર પરિગ્રહ નથી. એને તું

કોઈ આરોપ કરી શકે એવી જગ્યા નથી કે અહીંથી એને લાભ લેવો હશે. એ જગ્યા એને નથી. કેમ? કે કોઈ આગળથી થયેલી વ્યવસ્થાને સ્વીકારતા નથી. આહારની આગળથી થયેલી વ્યવસ્થાને ઉદ્દેશિક આહાર ગણે છે. પાપ ... ગણે છે. આહારની વાત નથી. કોઈપણ વ્યવસ્થા. આગવી વ્યવસ્થાને એ સ્વીકારે નહિ. એટલે કોઈ એને છાંટો ઉડાડવા જાય, કાદવ ઉડાડવા જાય (એમ બની શકે નહિ). ગૃહસ્થી હોય એને કાદવ ઉડાડે. કેમકે એ જરૂરિયાતવાળો દેખાય છે. ચીજ-વસ્તુ સાથે એને સંબંધ દેખાય છે. આને તો કોઈ સંબંધ નથી. એ ગુરુ એવા છે કે એને કોઈ અપેક્ષા નથી અને ઉપેક્ષા (વર્તે છે). ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એની કરુણા આવવા જેવી છે. એની શું હાલત થશે એ કરુણાનો વિષય છે. બહુ આકરા કર્મ બંધાય. એથી મોટું કોઈ પાપ જગતમાં નથી. એમ ટૂંકામાં સમજો.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... સૌથી મોટું પાપ .. એનાથી મોટું કોઈ પાપ (નથી). દેવ-ગુરુ અને શાસ્ત્રની વિરાધના કરવી, કરાવવી કે અનુમોદવી, સીધી કે આડકતરી રીતે એ બધું એક ફળમાં જાય છે. સીધું એમ નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની આરાધના કરતાં હોય એમાં અંતરાય નાખવો એ પણ વિરાધનાનો (પરિણામ) છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... દર્શનથી માંડીને શાસ્ત્ર-સ્વાધ્યાય.. એની નજીક આવતા, સ્વરૂપની નજીક આવવાના એ બધા નિમિત્તો છે એમાં પણ અંતરાય નાખે. સૂક્ષ્મ રીતે, સ્થૂળ રીતે જાણે, અજાણે તે બધા દોષ ... પોતે કરે નહિ. કોઈ કરે એને ઠીક જાણે. કરવા માટે ... કહે એ કરાવવું થયું, બેય એક જ વસ્તુ થઈ ગઈ.

'**આચાર્યદેવ કરુણાથી કહે છે...**' આચાર્યદેવની વાત છે. જેને કોઈપણ સ્પૃહા નથી, કોઈપણ અપેક્ષા નથી. એટલે તારે કોઈ શંકા કરવાની જરૂર નથી કે આમાંથી મોક્ષમાર્ગ, મોક્ષ મળશે કે નહિ? આ મોક્ષનો ઉપાય હશે કે નહિ? કોને ખબર આપણી મહેનત સફળ થશે નહિ? એ તારે શંકા કરવાની જરૂર નથી.

દવા આપે છે પણ દવાના વેપારી નથી. દવાનો વેપાર કરે એને તો સમજાય કે ભાઈ! આની દવા કામમાં લાગશે કે નહિ? કેમકે એનો તો ધંધો છે. પોતાની દવાના વખાણ કરે. પણ આ એક એવા વૈદ્ય છે, એવા Doctor છે કે જે વ્યવસાયી નથી. એ વ્યવસાય કરતા નથી. એમ જ દવા આપે છે અને Guarantee આપે છે કે મારો

ભવરોગ મટ્યો છે અને જેને આ દવા લેવી હોય એને આ ભવરોગ મટશે. મારો ભવરોગ મટ્યો છે. Guaranted વાત છે અને જે આ દવાનો ઉપયોગ કરશે એનો ભાવ રોગ મટશે. મારે કાંઈ લેવાદેવા નથી. પછી અવિશ્વાસનું કારણ ક્યાં રહે છે?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઊભા રહે એટલે એને પોતાના રાગથી ઉપદેશ આપે છે. એના માટે ઉપદેશ આપવાનો પ્રશ્ન નથી. જે ઉપદેશ આપે છે એ તો પોતાના રાગને કારણે આપે છે.

**'આચાર્યદેવ કરુણાથી કહે છે : તું મુક્તસ્વરૂપ આત્મામાં નિઃસ્પૃહપણે ઊભો રહે.'** જન્મ-મરણના મોક્ષની એકવાર અપેક્ષા અને ચિંતા છોડીને આમ ઊભો રહે. એકવાર તો તું ચૈતન્યભૂમિમાં ઊભો રહે. બહુ સુંદર વાત કરી છે આ જગ્યાએ. કહે છે કે સ્વર્ગની અપેક્ષા અને સ્વર્ગની સ્પૃહા કે બહારની અનુકૂળતાઓની લાલચ એ તો આ માર્ગ જ નથી. પણ મોક્ષનો માર્ગ છે તો મોક્ષની સ્પૃહા થાય કે ન થાય? સ્પૃહા છોડી દે. જો તારે ચૈતન્યભૂમિમાં ઊભું રહેવું છે. નિજ ચૈન્યભૂમિમાં ઊભું રહેવું છે (તો) મોક્ષની સ્પૃહા છોડીને, કેમકે પોતે મુક્તસ્વરૂપ છે. બંધ-મોક્ષની અપેક્ષા પણ જેને લાગતી નથી. મુક્ત સ્વરૂપ કહેવું પડે છે પણ ખરેખર તો મોક્ષની અપેક્ષા પોતાને લાગુ પડતી નથી. એનાથી પર છે અને એનાથી પાર છે. ચૌદ ગુણસ્થાનથી પાર પોતાનું સ્વરૂપ છે.

એવા **'આત્મામાં તું નિઃસ્પૃહપણે ઊભો રહે.'** આવી દશા કરું એ વાત પણ એકવાર ગૌણ કરી નાખ. આ સૂક્ષ્મ ભૂલ ટાળવા માટેનો અહીંયાં વિષય છે. સામાન્ય રીતે પોતાની આવી દશા થાય, પોતાની આવી દશા થાય, પોતાની આવી સારી વીતરાગી દશા થાય, સમ્યગ્દર્શનની દશા થાય, મોક્ષની દશા થાય. એના માટે મારે પુરુષાર્થ કરવો, એના માટે પુરુષાર્થ કરવો. પહેલા કીધું ને જન્મ-મરણના ટાળવા માટે પુરુષાર્થ કરવો, મોક્ષ થવા માટે પુરુષાર્થ કરવો. એ તો દરકાર નથી કરતો એને, જન્મ-મરણની દરકાર નથી કરતો એને બતાવે છે. પણ દરકાર કરવામાં આવ્યો તો કહે છે, હવે એ વાત છોડ. એ પગથિયું છોડી દે. કોઈ જરૂર નથી. મને જન્મ-મરણ રહ્યા કે ગયા એ જોવાની તારે જરૂર નથી. એકવાર બંધ-મોક્ષની અપેક્ષા રહિત એવા આત્માની ભૂમિમાં આવીને ઊભો રહી જા. તારે બંધ-મોક્ષની ચિંતા કરવાનો કોઈ પ્રશ્ન નથી. એ તો ઉલટાનું એને ત્યાં પાછુ અટકવાનું કારણ થાય છે. કેમકે પર્યાયબુદ્ધિ તે મિથ્યાત્વ છે. પર્યાયબુદ્ધિ છોડાવવા માટેનો માર્ગ છે. મિથ્યાત્વ છોડાવાનો માર્ગ છે કે પર્યાયબુદ્ધિ દઢ કરવાનો માર્ગ છે? મોક્ષના બહાને કે સમ્યગ્દર્શનના બહાને પણ પર્યાયનું અવલંબન

લેવડાવવું નથી. એ અવલંબન પણ નહિ. બેય બાજુની વાત છે. એક કોરથી જન્મ-મરણ ટાળવાની વાત કરે અને બીજી કોરથી મોક્ષની સ્પૃહા નહિ. રોટલી વણવામાં ભીંસ દે પણ ભીંસ એટલી નહિ દેતો કે કાણું પડી જાય. એમ તારે મોક્ષ કરવો છે પણ એને એટલું જોર દેવાની જરૂર નથી. નહિતર મોક્ષ નહિ મળે. એમ વાત છે. બહુ સ્પષ્ટ કર્યું છે.

**'તું મુક્તસ્વરૂપ આત્મામાં નિઃસ્પૃહપણે ઊભો રહે.'** કેટલી નિઃસ્પૃહતા? કેટલી સ્પૃહા નહિ? મોક્ષની પણ સ્પૃહા જેમાં નથી. સાચો મુમુક્ષુ મોક્ષની ચિંતા કરતો નથી. એમ છે. સાચો મુમુક્ષુ મોક્ષની ચિંતા કરતો નથી. જ્યાં સુધી મોક્ષની ચિંતા કરે છે ત્યાં સુધી થોડો કાચો છે. એક કોણ નથી મોક્ષની ચિંતા કરતા? જગતના પદાર્થો પાછળ જેની દોડ છે એ મોક્ષની ચિંતા કરતા નથી. એક કાચો-પાકો થાય ત્યારે મોક્ષની ચિંતા કરે છે કે આ જન્મ-મરણ મારે ન જોઈએ. સાચો મુમુક્ષુ પછી મોક્ષની ચિંતા કરતો નથી. .....

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલાં એ ભૂમિકામાં આવે છે. મારે જન્મ-મરણ ન જોઈએ. વેદના ઊઠે છે. ... વેદના ઊઠે છે કે જન્મ-મરણ ન જોઈએ. કોઈ રીતે જન્મ-મરણ ન જોઈએ. મારા આત્માને મારે મુક્ત કરવો છે. બહુ દુઃખ વેઠ્યા આ આત્માએ. હવે બસ થાઓ... હવે બસ થાઓ. એ વેદનામાંથી એને આ માર્ગ મળે છે. માર્ગ મળે છે ત્યારે એને ચિંતા છૂટી જાય છે. ... વિશેષ લઈશું...

**પૂર્વકર્મ અનુસાર પ્રાપ્ત સંયોગોમાં, તે સંયોગો પ્રગટપણે પરદ્રવ્યસ્વરૂપ હોવા છતાં, તેમાં નિજપણું માની, જીવ પોતામાં સુખ કલ્પે છે-તે સર્વથા જૂઠ છે- સૌથી મોટું જૂઠ છે; તેનો દંડ, ચાર ગતિનું પરિભ્રમણ છે-અને જન્મ મરણાદિનું દુઃખ છે. સુખ તો ચૈતન્યના વિલાસમાં ઉત્પન્ન થાય છે. સુખભંડારમાંથી સુખ થાય. ('અનુભવસંજીવની' બોલ નં.૧૫૨)**

## તા. ૧-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૬૬,૨૬૭
## પ્રવચન નં. ૨૦૯

માત્ર ચૈતન્યનો આધાર, ચૈતન્ય સ્વભાવનો આધાર લે. ... પરંતુ પોતાની દશા વિષેની પણ સ્પૃહા, મોક્ષની સ્પૃહા, મોક્ષ એટલે પોતાનો મોક્ષ થાય એની જે સ્પૃહા અથવા એની ચિંતા એનાથી પણ મુક્ત થા. એ પણ એક વિકલ્પ છે. બંધનથી મુક્ત થવું, મોક્ષની વિચારણા એ ચિંતા છે. આર્તધ્યાન છે. ધ્યાનની અપેક્ષાએ એને આર્તધ્યાન કહે છે. મોક્ષની ભાવના હોય છે, પૂર્ણ દશાની ભાવના હોય છે, અભિલાષા હોય છે.

'માત્ર મોક્ષ અભિલાષ.' એક બાજુથી એમ કહે કે મુમુક્ષુ એને કહીએ કે જેને માત્ર મોક્ષની અભિલાષા હોય. અભિલાષા હોવી એક વાત છે, ચિંતા હોવી એક બીજી વાત છે. ચિંતા કરતાં અવસ્થા ઉપરનું વજન વધે છે, સ્વભાવ ઉપરનું વજન ઘટે છે. ચૈતન્ય સ્વભાવમાં-પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં સ્વયંનો અનુભવ એને વર્તમાન અવસ્થા કે ભાવિ અવસ્થાની ચિંતાથી મુક્ત કરી દે છે. એ જીવ પૂરો નિઃસ્પૃહ થઈ જાય છે કે મારું પૂર્ણ સ્વરૂપ જ્યારે મારા કબ્જામાં છે ત્યારે હવે અવસ્થાની ચિંતા કરવા જેવી નથી. જો કે ચિંતા કરવાથી અવસ્થામાં કાંઈ લાભ થાય છે એવું બનતું પણ નથી.

'બંધ અધિકાર'માં બંધના છૂટવા વિષે, બંધનું છૂટવું કહો કે મોક્ષનું થવું એમ કહો, આચાર્ય મહારાજે દલીલ કરી છે કે બંધની ચિંતાથી બંધ છૂટતો નથી. બંધ કેમ છૂટે? બંધનો અભાવ કેમ થાય? એ મુદ્દો ચાલે છે. એ વિષય ઉપર પોતે ટીકા કરી રહ્યા છે. ત્યારે એમ કહે છે કે બંધની ચિંતાથી બંધ નહિ છૂટે અથવા બંધ સંબંધી, બંધ વિષયક જ્ઞાન કરવાથી, બંધનો વિષય-કેવી રીતે બંધ થાય? સત્તામાં બંધાઈને પરમાણુઓ કેવી રીતે રહે? એની સત્તામાં પછી ફેરફાર થાય. સંક્રમણ ઉપકર્ષણ-અપકર્ષણ થાય તો કેમ થાય? એના ઉદયનું શું થાય? એ બંધના પરમાણુઓ બંધાયા પછી એની જેટલી અવસ્થા ભિન્ન ભિન્ન પ્રકારની થાય છે એનું જ્ઞાન કરવાથી પણ બંધ નહિ છૂટે. એટલે કરણાનુયોગ આખો આવી ગયો. કર્મપ્રકૃતિનો વિષય આખો આવી ગયો. એ બંધ છૂટવા માટે એ જ્ઞાન કાર્યકારી થતું નથી. એ જાણવાનો વિષય છે. જો તને એ વિષયમાં ક્યાંક અસમાધાન રહેતું હોય તો. એ વિષયનું અસમાધાન ન રહેતું હોય તો જાણવાનું પણ કાંઈ પ્રયોજન નથી. એ તો જણાઈ જશે. કેમકે એ તો એટલું વિસ્તારવાળું જ્ઞાન

છે અને એ એનો વિષય જ કેવળજ્ઞાનગમ્ય છે. સીધું તો છદ્મસ્થને કોઈ પરમાણુ જ્ઞાનગોચર થતા નથી. કર્મના પરમાણુ જ્ઞાનગોચર થતા નથી, એનો ઉદય જ્ઞાનમાં આવતો નથી, એની સત્તા પકડાતી નથી. કાંઈ પણ એને જ્ઞાનમાં આવતું નથી. એટલે એની સાથે જોઈ બંધના અભાવનો સંબંધ રહેતો નથી.

'**મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા.**' મોક્ષની સ્પૃહા અને ચિંતા એ છોડી દે. એટલો નિઃસ્પૃહ થઈ જા. ચૈતન્યભૂમિમાં ઊભો રહેવા માટે એટલો નિઃસ્પૃહ થઈ જા. મારું જે મુક્ત સ્વરૂપ છે, પૂર્ણ સ્વરૂપ છે એમાં તો કોઈ અવસ્થાવિશેષને કરવા, નહિ કરવાની સ્થિતિ નથી, અવકાશ નથી. અને હું ત્યાં છું, એક સમયની અવસ્થમાં હું નથી. તો જ્યાં હું નથી, જ્યાં મારું અસ્તિત્વ નથી, હયાતી નથી એની મારે ચિંતા શું કામની? જેમ પરની ચિંતા વ્યર્થ છે. એક ન્યાયે અવસ્થાની ચિંતા વ્યર્થ છે. કેમકે એ પર છે. એ ન્યાયે એ વ્યર્થ છે.

આવા વિષયમાં કોઈને એવો તર્ક ઊપજે છે. પરલક્ષી તર્ક છે કે સ્વચ્છંદ નહિ થઈ જાય? અવસ્થાની આટલી બધી ઉડાડશો કે પરદ્રવ્ય છે. થાવી હશે તે થાશે. અવસ્થાની ચિંતા કરવાની કાંઈ જરૂર નથી. ભાઈ! જેણે આત્મહિતની હિતબુદ્ધિથી આ વિષયની અંદર પ્રવેશ કર્યો છે એને સ્વચ્છંદ થવાનું નહી બની શકે. કેમકે આત્મહિતની બુદ્ધિપૂર્વક, આત્મહિતના અભિપ્રાયથી એની પ્રવૃત્તિ ચાલે છે. એમાં એ અહિત કેમ કરે? એ કરે તો એનો એ અભિપ્રાય પહેલેથી જ નહોતો. એ વાત સ્પષ્ટ થઈ જાય છે.

'**મોક્ષની સ્પૃહા અને ચિંતાથી પણ મુક્ત થા. તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ.**' તું પોતે સ્વયમેવ જ સુખરૂપ થઈ જઈશ. મોક્ષની સ્પૃહા કરવાથી, ચિંતાથી સુખ નહિ થાય એટલું ચૈતન્યભૂમિમાં નિઃસ્પૃહપણે ઊભા રહેતાં સ્વયં જ સુખરૂપ થઈ જઈશ. કેમકે ચિંતા પોતે દુઃખની પર્યાય છે. ચિંતા કોઈ સુખની પર્યાય નથી. તું સ્વયમેવ સુખરૂપ થઈ જઈશ તોપણ તારું લક્ષ છે એ તું સુખરૂપ થઈ જઈશ એવી અવસ્થા ઉપર નહિ રહે. વિશેષતા આ છે. સુખરૂપ તું થઈ જઈશ, તારી અવસ્થામાં સુખ થશે તોપણ તારું લક્ષ તારી સુખરૂપી અવસ્થા ઉપર પણ નહિ હોય. એ વિશિષ્ટતા છે આ પ્રકારના પરિણમનની.

'**તારા સુખને માટે અમે આ માર્ગ દેખાડીએ છીએ.**' વળી અવસ્થાની વાત કરે છે. અવસ્થાની ચિંતા છોડાવે છે અને અવસ્થાની વાત કરતા જાય છે. અમે તો તારા સુખને માટે આ માર્ગ દેખાડીએ છીએ. કેમ આ માર્ગ દેખાડીએ છીએ? આવો રસ્તો દેખાડીએ છીએ? કે તું ચૈતન્યભૂમિમાં સામાન્ય ચૈતન્યમાં ઊભો રહીને અવસ્થાની ચિંતા પણ છોડી દે. કેમકે તું તારા સુખ માટે બીજા બીજા ઉપાય કરી રહ્યો છો. એથી

કહ્યું, '**બહાર ફાંફાં મારવાથી સુખ નહિ મળે.**' જ્યાં સુખનો ભંડાર છે એ સુખના ભંડારમાં પરિણામ ન જાય તો પરિણામ બહાર જાય છે અને ક્યાંય બહાર એનું સુખ નથી. પરિણામ પછી સુખના-નિજ સુખના ભંડારને છોડીને ક્યાંય પણ બહાર જાય (નહિ), (કારણ કે) ક્યાંય પોતાનું સુખ નથી. ફાંફાં મારવા એટલે વ્યવર્થ પ્રયત્ન કરવો. ફાંફાં મારવાનો અર્થ તમારે (હિન્દીમાં) કાંઈક ભાષા હશે.

'**તારા સુખને માટે અમે આ માર્ગ દેખાડીએ છીએ.**' આ વાત કહેવા પાછળ પણ પ્રયોજન એ છે કે તારો વર્તમાન દુઃખનો અનુભવ છે એ છૂટીને અને તને સુખનો અનુભવ થાય અથવા તારી સુખ સંબંધીની જે કાર્યપદ્ધતિ છે એ બદલાઈ જાય. મોક્ષની અભિલાષા હોવા છતાં હુંપણાનું સિંચન શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રથી એટલે સર્વ ગુણોથી, એ મુખ્ય ગુણો છે, દ્રવ્ય સ્વભાવમાં કરવાનું હોય છે. અવસ્થા ઉપરથી તો એને વજન ઉઠાવી લેવાનું હોય છે. ભલે મોક્ષની અભિલાષા હોય તોપણ. એ મોક્ષની અભિલાષા આ વાતની મર્યાદામાં છે. આ પ્રકારની મર્યાદા છોડીને એકાંત મોક્ષની અભિલાષા એ અન્ય મતનો વિષય છે, જૈન મતનો વિષય નથી. આસ્તિક્ય દર્શનો તો મોક્ષને માને છે અને માક્ષપ્રાપ્તિ માટે અનેક પ્રકારના વિધિ વિધાન કરે છે. એ બધા બહાર ફાંફાં મારવાની વાત છે.

અંદર જે ચૈતન્યભૂમિ છે એ બંધ-મોક્ષથી રહિત છે. એમાં હુંપણું કરવું એ જ સ્વયમેવ અવસ્થાની મુક્તદશા થવાનો, સ્વયમેવ એટલે આપોઆપ મુક્તદશા થવાનો એક જ માર્ગ છે, એક જ ઉપાય છે. આ સિવાય બીજો કોઈ માર્ગ અને બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- ચૈતન્યભૂમિને બદલે અત્યારે રાગમાં ઊભો છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. રાગની ભૂમિ બનાવી દીધી છે. ચૈતન્યભૂમિમાં ઊભો રહીને પુરુષાર્થ કરવાને બદલે રાગમાં અહંપણું રાખીને, રાગમાં ઊભો રહીને જોર કર્યા કરે છે. એ બધા ફાંફાં છે. પછી ગમે તેટલા આકરામાં આકરા વ્રત, તપ ધારણ કરે પણ જ્યાં સુધી રાગની ભૂમિમાં ઊભો રહીને જોર કરે છે ત્યાં સુધી કાંઈ પણ એને સફળતા થવાની નથી. મોક્ષની દિશામાં એક પણ પગલું આગળ નહિ વધી શકે.

મુમુક્ષુ :- ચૈતન્યભૂમિમાં ઊભા રહેવું, એ શું લક્ષ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં ઊભા રહેવું એટલે એનો આધાર લેવો. આધાર કેવી રીતે લેવાય? કે હુંપણું કરીને આધાર લે છે કે આ હું. ચૈતન્યભૂમિ એટલે ચૈતન્યસ્વભાવ. જે ક્ષેત્રમાં ચૈતન્યસ્વભાવ છે એટલા ક્ષેત્રમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી હુંપણું કરવું છે અને જોરથી-પુરુષાર્થથી. એ ચૈન્યભૂમિમાં ઊભા રહેવાની વાત છે. મેળવવું હોય તો ચાલતા

અનુભવને એ રીતે મેળવી શકાય કે હું હું હુંપણું જે રાગમાં થઈ રહ્યું છે કે કરી રહ્યો છે એણે એ રાગનો આધાર લીધો છે પોતે. 'રાગ તે હું' એવો અનુભવ અને રાગ ઉપરનું જોર અને જે રાગની ચીકણાઈ, એ બધા રાગની ભૂમિ ઉપર જોરવાળા પરિણામ છે. એના બદલે ઉલટાવીને પોતાના ચૈતન્યસ્વભાવમાં હુંપણું જેટલા જોરથી કરે એટલી કાર્યસિદ્ધિ છે. કાર્યસિદ્ધિ છે એ તો કહેવામાત્ર છે. કેમકે એ પણ અપેક્ષાનો વિષય નથી, ચિંતાનો વિષય નથી, સ્પૃહાનો વિષય નથી. કેમકે એ તો આપોઆપ જ છે. જે આપોઆપ પ્રાપ્ત થાય છે એની ચિંતા શું? ચિંતા તો પોતાના ચૈતન્યરત્નને ખોઈ બેઠો છે એની કરે. અને એ ચૈતન્યરત્નને અંદરમાં શોધીને એને શ્રદ્ધા-જ્ઞાનમાં સાચવી રાખે, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં એને જકડી-પકડીને સાચવી રાખે. બસ! બાકી બધું આપોઆપ છે. એ જ કર્તવ્ય છે. કરવા યોગ્ય હોય તો આટલું જ છે, કર્તવ્યની અપેક્ષાએ.

મુમુક્ષુ :- વિધિની રીત પણ કમાલ છે!

પૂજ્ય ભાઈશ્રી :- એવો વિષય છે.

મુમુક્ષુ :- રાગની ભૂમિ તો અસ્થિર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો દુઃખી થાય છે. રાગની ભૂમિ અસ્થિર છે, એકનો એક રાગ રહેતો નથી, રાગ બદલતો જાય છે તોપણ એને જ પકડવા દોડે છે. ત્યાંથી લપસે છે તો બીજા રાગને પકડવા દોડે છે, ત્યાંથી લપસે છે તો ત્રીજા રાગને પકડવા દોડે છે. આકુળતા થવાનું કારણ શું?

એવા દાખલા જોયા છે કે જેને બહારમાં અનુકૂળતાઓનો કોઈ પ્રશ્ન ન હોય, સમસ્યા ન હોય, Problem ન હોય. સામાન્ય રીતે સંયોગો બધા અનુકૂળ હોય. વિશેષ રીતે નાની-મોટી વાતનો કાંઈ પ્રશ્ન નથી. એવા માણસોને પણ બેચેની શા માટે હોય છે? માથે કોઈ કામ નહિ. કામ કરવાવાળા કામ કરે, બોજો ઉપાડવાવાળા બોજો ઉપાડે. ધંધોધાપો ચાલતો હોય. બીજી કાંઈ તકલીફ ન હોય. લાખો રૂપિયાની મૂડી હોય. પાણીની જગ્યાએ દૂધ પીવું હોય તો વાંધો ન આવે એમ કહેવાય. પાણીની જગ્યાએ દૂધ પીવું હોય તો કાંઈ એને તકલીફ ન પડે. પછી એને બેચેની કેમ હોય છે? રાગનો આધાર લીધો છે. એક રાગ મટે છે અને બીજાનો આધાર લે છે. બીજો મટે (તો ત્રીજાનો આધાર લ્યે છે). રાગ એને રુચતો હોય તો એ રાગ પણ ટકતો નથી. ટકાવી શકાતો નથી, રાખી શકાતો નથી, મેળવી શકાતો નથી. બદલાઈ છે, વળી એનો આધાર લે છે. બદલાઈ જાય છે, વળી એનો આધાર લે છે. બદલાઈ જાય છે. એમાંથી એને આકૂળતાની એક પરિણતિ ચાલતી હોય છે. એ પરિણતિ વધારે ગાઢ થાય છે. પરિણમતા... પરિણમતા... પરિણમતા એ પરિણતિનો રસ તીવ્ર થઈ જાય છે. એને

ખબર હોતી નથી. એમાંથી આકુળતા અને બેચેની જન્મે છે. આ તો નજરે જોયેલી વાત છે.

બાહ્ય અપેક્ષાએ–સંસારની અપેક્ષાએ સર્વ વાતે સુખી દેખાતા માણસો બેચેન હોય છે, સુખથી એને નિંદ્રા પણ આવતી નથી. કેમકે એક તો એને મોટામાં મોટી વાતની ખબર પડી ગઈ છે કે આ બધી અનુકૂળતા એક ઝાટકે છૂટવાની છે. કેમકે રોજ મૃત્યુનોંધ તો છાપામાં વાંચવી પડે છે. એમાં વર્ષદાડામાં બે ચાર વખત નજીકના કોઈ ચાલ્યા ગયા હોય તો સ્મશાનભૂમિ સુધી અંતિમક્રિયામાં પણ ભાગ લેવો પડતો હોય છે. એ તો નજર સામે છે કે આ ગયો.. આ ગયો.. આ ગયો. હું રહેવાનો છું એ વાતનો એને વિશ્વાસ તો ઊડી ગયો છે. નક્કી વાત છે. પણ એ વિચારમાત્ર એને દુઃખદાયક છે. એનો વિચાર શુદ્ધા એને દુઃખદાયક છે.

અનુકૂળતાના રસમાં અહીંયાં રહેવું છે, અહીંયાં જ રહેવું છે, આ જ હો, મને આ જ બધું હો, આ બધું હો, આ બધું હો. જે સંયોગ છે એ બધું હો. એની હયાતીનો સ્વીકાર, સંયોગની હયાતીનો સ્વીકાર પોતારૂપે થઈ ગયો છે. એનો રસ જે છે એ રસ એને ક્યાંય સુખ લેવા દેશે નહીં. જડનો રસ ચૈતન્યમાં વિક્ષેપ ઊભો કરે છે. શાંત ચૈતન્ય નિરુપદ્રવી સ્વભાવી જે ચૈતન્યસ્વભાવ છે એની અંદર જડનો રસ છે એ વિક્ષેપને ઊભો કરે છે. જેમ કોઈ શાંત પાણીને ડહોળે. કાદવ નીચે બેસી ગયેલો ઉખાળે એમ પરિણતિને જડના રસથી કાદવવાળી મલિન કરે છે. એટલે ચૈતન્યભૂમિમાં ઊભો રહી અને ચૈતન્યનો રસ લેવાની વાત છે.

સ્વાધ્યાયમાં પણ એ વાત છે કે સ્વભાવની વાત આવે ત્યારે તું સ્વભાવનો રસ લે. અને સંયોગના રસનો નિષેધ આવે ત્યારે પણ તું ચૈતન્યનો રસ લે. સ્વભાવનો આદર અને મહિમા કરવાની વાત આવે ત્યારે એ પણ દ્વારા પણ તું ચૈતન્યનો રસ લે. અસ્તિ અને નાસ્તિ બંને પડખેથી તું એક ચૈતન્યનો જ રસ લે. એ રસ નિરુપદ્રવી મધુર સુખમય શાંતરસ છે, ઉપશમ રસ છે અને એમાં ઠરવા જેવું છે. બાકી ક્યાંય સાર નથી, બધું અસાર છે.

મુમુક્ષુ :– આ બધી વસ્તુના આધારે અનાદિ કાળ નીકળી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– હા. કાઢ્યો દુઃખમાં ને દુઃખમાં. ઘણો દુઃખી થયો, ઘણો દુઃખી થયો. ખૂબ દુઃખી થયો છે. અનંત કાળ કાઢ્યો છે. અનાદિથી વર્તમાન સુધીનો અનંત કાળ એ રીતે પસાર કર્યો છે, એમાં આ જીવ ખૂબ દુઃખી થયો છે. દુઃખ કાંઈ એણે ઓછા ભોગવ્યા નથી. હવે કોઈ ત્યાંથી છૂટવા માટે જ્ઞાનીની આજ્ઞાએ ચાલે, એમના બતાવેલા રસ્તે ચાલે તો એના દુઃખ દૂર થઈ જાય. બાકી તો કોઈ બીજો રસ્તો નથી.

અજાણ્યો માર્ગ છે. જેણે જોયો છે એ માર્ગ ચીંધે છે, ચાલવાનું પોતે છે. એ રસ્તે ચાલીને જાય આગળ.

મુમુક્ષુ :- 'સોગાનીજી' કહે છે, આત્મા મેં આસન લગા દો, જમ જાઓ.

પૂજ્ય ભાઈશ્રી :- થમ જાઓ, જમ જાઓ, આસન લગા દો, બધી એક જ વાત છે. ચૈતન્યભૂમિ ઉપર ઊભા રહો, રાગની ભૂમિ ઉપર ઊભા ન રહો.

જે કાર્યમાં આ જીવને રસ આવે એણે એને પોતાને પૂછવું કે તપાસવું કે આ રીતે સુખી થવાશે? અને મુક્ત થવાશે? પૂછી જોવું, તપાસી લેવું કે આ રીતે મુક્ત થવાશે? આ રીતે સુખી થવાશે? તો આ રસ કેમ આવ્યો? સુખની કલ્પના વગર જીવને રસ આવે નહિ. નિયમ આ છે રસ આવવાનો કે સુખની કલ્પના વિના જીવને રસ આવે નહિ. તપાસી લે કે આ સુખનો રસ્તો પકડ્યો? આ મુક્ત થવાનો રસ્તો પકડ્યો? તો એનો રસનો પારો તપાસ કરવા જાય ત્યાં નીચે ઉતર્યા વિના રહે નહિ. રોકડું ફળ છે. પ્રયોગ કરે તો રોકડે રોકડો અંદરથી જવાબ મળે એવો છે. બરાબર છે. તરત જ એને રસ નીચે આવી જાય, રસ એનો સીધો મંદપણાને પામે.

વિભાવરસ મંદ થયા વિના દર્શનમોહનો રસ પણ મંદ નહિ પડે. વિભાવરસને અને દર્શનમોહને અવિનાભાવી સંબંધ છે. એટલે દર્શનમોહ સીધો નથી પકડાતો એટલે વિભાવરસથી ઘણી વાતો શાસ્ત્રમાં કરી છે. વિશેષ વાતો શાસ્ત્રમાં રસના પરિણામથી કરી છે. કેમકે રસ છે એ સીધો બુદ્ધિમાં પકડાય છે, વેદનમાં પકડાય છે, અનુભવમાં પકડાય છે કે મારો રસ વધી ગયો. તીવ્ર રસમાં હું આવી ગયો. એ વાત એ પોતે સમજી શકે છે. તો ત્યાં મોટું નુકસાન થયું એ વાત જો એની સમજમાં હોય તો રસ તૂટ્યા વિના રહે નહિ.

એમ રસને તોડવાની Practice ચાલે. દર્શનમોહ મંદ થાય અને વર્તમાન જ્ઞાનમાં રસની મલિનતા નબળી પડે. જ્ઞાન પૂર્વભૂમિકા, સમ્યગ્દર્શનની પૂર્વભૂમિકાની નિર્મળતા ધારણ કરે, ક્ષમતા ધારણ કરે તો એને સ્વભાવનો નિશ્ચય થાય. સ્વભાવનો નિશ્ચય થવો સહેલો છે, અઘરો નથી, પણ આ ભૂમિકામાં આવતાં. એ ભૂમિકામાં આવવું સહેલું છે કેમકે ફક્ત એને નિજ હિતની બુદ્ધિ અને નિજ હિતની ગરજ જ થવાની જરૂર છે. બીજી કોઈ આમાં જરૂર નથી. સીધે સીધી Line થઈ ગઈ ને!

જો મારે મારું હિત કરવું છે તો પાત્રતાની ભૂમિકા આવી. જો એમાં હું અગ્રેસર થયો, એની મુખ્યતા કરી તો દર્શનમોહનો રસ ગળ્યો, જ્ઞાનમાં નિર્મળતા થઈ, સ્વભાવનો નિશ્ચય થવાની શક્તિ આવી-યોગ્યતા આવી. બસ! નિર્ણય થયા પછી તો Automatic વાત છે. પછી તો પુરુષાર્થને જાલ્યો રાખી શકાતો નથી. આ રીતે

શ્રીગુરુએ માર્ગને સરળ કરી દેખાડ્યો છે. એમ છે ખરેખર તો. કીધું છે ને 'દીપચંદજી'એ? સંતોએ માર્ગને સરળ કર્યો છે. એ આ રીતે સરળ કર્યો છે કે જો તો ખરો આટલી જ વાત છે. એવો કયો જીવ હોય કે જેને પોતાને હિત અને સુખ થાય એવું ન ચાહે? એવો કોણ હોય કે જે પોતાના પગ ઉપર કુહાડો મારવા તૈયાર થાય? જગતમાં એવા મૂર્ખા હોય છે પણ વિચાર કોઈનો નથી કરવાનો, વિચાર પોતાનો કરવાનો છે. મારે મારું હિત કરવું છે અને મારે સુખી થાવું છે. દુનિયા દુનિયાનું જાણે, જગત જગતનું જાણે, જેનું જે થવાનું હોય તે થાય પણ મારું શું? પહેલી વાત તો મારું શું? ૨૬૬ (બોલ પૂરો) થયો.

**જ્ઞાની દ્રવ્યના આલંબનના બળે, જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક, આગળ વધતો જાય છે અને ચૈતન્ય પોતે પોતાની અદ્‌ભૂતતામાં સમાઈ જાય છે. ૨૬૭.**

૨૬૭માં સાધકદશાનો વિષય છે. જ્ઞાનીના પરિણામ સંબધીનું એક પાસુ રજુ કરે છે. '**જ્ઞાની દ્રવ્યના આલંબનના બળે, જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક આગળ વધતો જાય છે...**' જ્ઞાની એટલે સાધકદશામાં ધર્મની જેની દશા પ્રગટ થઈ છે, ધર્મી છે એવા ધર્માત્માને સ્વદ્રવ્યનું અવલંબન છે. જે પરિણામમાં સ્વદ્રવ્યનું અવલંબન છે એ બળવાન પરિણામ છે, જોરવાળા પરિણામ છે. ચૈતન્યના સ્વભાવની ભીંસ એમાં ઊભી થાય છે.

જ્ઞાનીની વાણીનો જે તફાવત લીધો છે, જ્ઞાનીની વાણીમાં તફાવત છે, અજ્ઞાનીની વાણી કરતાં જ્ઞાનીની વાણીમાં તફાવત છે એવો જે વિષય આવે છે એનું મુખ્ય કારણ આ છે કે ચૈતન્યસ્વભાવની ભીંસમાંથી નીકળેલી વાણી છે. જ્યારે અજ્ઞાનીની વાણી એ રાગની ભીંસમાંથી, કષાયની ભીંસમાંથી ઉત્પન્ન થયેલી વાણી છે. બેમાં એકદમ મોટો ફેર છે. જેમ પ્રકાશ અને અંધકારમાં ફેર હોય એમ બેની વાણીમાં બહુ મોટો ફેર છે. ૬૭૯માં એ વિષય છે. 'શ્રીમદ્‌ રાજચંદ્રજી' રાત્રે ૬૭૯મો પત્ર ન વંચાણો. પત્રનો વિસ્તાર ઘણો હતો. ત્રણ Page ભરેલા. પણ એમાં જે મુદ્દા હતા ને એ એક-બે-ત્રણ ક્રમ કરીને એમાં બીજા મુદ્દામાં વિસ્તારથી એ વાત હતી. ભૂતકાળમાં થયેલા જ્ઞાનીને તેમની વાણી ઉપરથી સમજી શકે છે. એ વિષયની ચર્ચા ૬૭૯માં કરેલી.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ને 'ગુરુદેવશ્રી'એ ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ જ થયું ને. પ્રત્યક્ષ રૂબરૂ હતા ત્યારે વાતચીતથી પરિચયમાં આવવાનો પ્રસંગ ન ઉત્પન્ન થયો. પાછળથી ગ્રંથમાં-એમના પુસ્તકમાં એમના વચનો ગ્રંથાકાર થયા પછી જોયું કે ઓ..હો...! ભારે ઝડપ છે આની, ઘણો તેજ પુરુષાર્થ છે. આવા જીવને તો બીજો ભવ હોય નહિ. એક જ ભવમાં આ તો ખલાસ કરશે બધું. એટલો બધો શ્રુતજ્ઞાનની અંદર આંક બંધાઈ ગયો. જેમ આ અક્ષર ચોખ્ખો વંચાય (એમ નિર્મળ શ્રુતજ્ઞાનમાં વાત નક્કી થઈ ગઈ).

... નિશ્ચયજ્ઞાન તો એને કહીએ કે જે સ્વરૂપાકાર શુદ્ધોપયોગ પ્રગટ થાય એને નિશ્ચયજ્ઞાન કહીએ. શાસ્ત્રનું જ્ઞાન અથવા જગતના કોઈપણ પદાર્થ વિષેનું જ્ઞાન તે તો વ્યવહારજ્ઞાનમાં જાય છે. એ વ્યવહારજ્ઞાનને પણ, એ જ્ઞાનને નિશ્ચયનું અવલંબન હોય છે. એના એક અંશને-લબ્ધ અંશને નિશ્ચયનું અવલંબન છે. નિશ્ચયનું એટલે સિદ્ધપદનું અવલંબન છે. એ પરિણતિ સિદ્ધપદ સાથે લપેટ થઈને પડી ગઈ છે. એમાંથી આ નીકળે છે. કેવળજ્ઞાન જેવી વાત છે.

'શ્રીમદ્જી' એ પોતા વિષે કહ્યું કે અમે એક ભવમાં જવાના છીએ. 'ગુરુદેવે' 'સોગાનીજી' વિષે કહ્યું. આવા નિકૃષ્ટ પંચમકાળમાં, આ હુંડાવસર્પિણી પંચમકાળ છે, એકલો પંચમકાળ નથી પણ હુંડાવસર્પિણી એટલે વધારે ખરાબ છે. એમાં પણ આવા એકાવતારી જીવો પ્રગટે છે. હુંડાવસર્પિણી એટલા માટે કહ્યું કે હુંડાવસર્પિણીનું જોર છે. 'જૈની જૈનગ્રંથ કે નિંદક હુંડાવસર્પિણી જોરા..' જૈન થઈને જૈન ગ્રંથને એટલે જૈન શાસ્ત્રનો નિષેધ કરે. જૈન થઈને જિન પ્રતિમાનો નિષેધ કરે એ બધું હુંડાવસર્પિણીનું જોર છે. જગતમાં લોકો પાપ કરે છે અને કતલખાના ઊભા કર્યા છે માટે હુંડાવસર્પિણી છે એમ નથી કીધું. જૈન કહેવાય અને જૈનમાર્ગ ઉપર પ્રહાર કરે છે એટલે હુંડાવસર્પિણી કહ્યું છે. શું કહે છે?

જ્ઞાનીને તો દ્રવ્યના અવલંબનનું બળ છે. વ્યવહારનો ઉપયોગ છે. વ્યવહારના વિષયનો ઉપયોગ થાય તો એમાં બળ નથી એમ કહેવું છે. કેમ બળ નથી? કે વ્યવહારના વિષયભૂત જે પદાર્થો છે એ પદાર્થો અવલંબનનો વિષય નથી એટલે એના ઉપર જોર નથી. બળ નથી એનું.

**'જ્ઞાની દ્રવ્યના આલંબનના બળે, જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક,...'** જ્ઞાનમાં એટલા માટે કહે છે કે શ્રદ્ધામાં નહિ. જ્ઞાનમાં જે શબ્દ લીધો છે એનો અર્થ એમ કહેવું છે કે શ્રદ્ધામાં નિશ્ચય વ્યવહારની મૈત્રી નથી. શ્રદ્ધા તો એક પોતાના પરમાત્મપદ સિવાય, પરમેશ્વરપદ સિવાય બીજા કોઈની સાથે પછી સંબંધ રાખતી નથી. પહેલાં

બીજાની સંબંધ હતો તો એને પરમાત્મપદ સાથે કાંઈ સંબંધ નહોતો. જ્ઞાન તો વિચારણા કરે અજ્ઞાનદશામાં કે આત્માનું પરમેશ્વરપદ કેવું હશે? લાવ એનો હું જ્ઞાનીના વચનોના આધારે વિચાર કરું. એમ જ્ઞાનમાં એ આવે. શ્રદ્ધા એ વખતે સામું જોતી નથી. હવે એ શ્રદ્ધા જ્યારે ઉથલો, પલટો મારે છે ત્યારે એક પોતાના પરમેશ્વરપદ સિવાઈ કોઈની સામું જોતી નથી. એટલે જ્ઞાનમાં લે છે. જ્ઞાનમાં કહેવા પાછળ એ કારણ છે કે શ્રદ્ધાનો વિષય વ્યવહાર નથી. શ્રદ્ધાનો વિષય માત્ર એક પોતાનું પરમેશ્વરપદ છે અને જ્ઞાનમાં બંને વિષય થાય છે.

મુમુક્ષુ :- નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- બંનેનો સુમેળ હોય છે. જેમ મિત્રો વચ્ચે સુમેળ હોય છે એમ નિશ્ચય-વ્યવહાર વચ્ચે સુમેળ હોય છે. કેવી રીતે? કે નિશ્ચય છે, એ નિશ્ચય પરિણામ દ્વારા નિશ્ચય સ્વરૂપમાં હુંપણું કરવામાં આવે છે તો વિકલ્પ પણ એવો ઊઠે છે કે સ્વભાવ તે હું. એવો વિકલ્પ ન ઉઠે કે દેહ તે હું અને રાગ તે હું. એવો વિકલ્પ ન આવે. પછી વિકલ્પ પણ તેના નિશ્ચયપરિણામને અનુસરતો આવે. જોકે રાગનું પરિણામ પોતે સ્વરૂપના શુદ્ધ પરિણમનની જાત નથી, કજાત છે છતાં તે ઢસડાય છે આની સાથે. જોર અહીંનું છે. અવલંબનનું બળ છે. નિશ્ચયપરિણામનું જોર છે તો રાગ એની પાછળ ખેંચાય છે કે હું ત્રિકાળી છું. આત્મા છું, ચૈતન્યસ્વભાવ છું, ચૈતન્યસ્વરૂપ છું. રાગથી પણ પરમેશ્વરપદનો મહિમા કરે. (એમ) સુમેળ છે. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા રાગથી કરે, કુદેવનો કરે નહિ. એ નિશ્ચય સાથે મેળ છે એનો.

મુમુક્ષુ :- પ્રેરે જે પરમાર્થને તે વ્યવહાર સમંત.

પૂજ્ય ભાઈશ્રી :- તે વ્યવહાર સમંત. અને તે પણ એના ગુણસ્થાન અનુસાર. મુનિદશામાં આવે તો એનો વ્યવહાર ગૃહસ્થને યોગ્ય પાછો ન હોય. જિનમંદિર છે એ ગૃહસ્થ બંધાવે, એનો ફંડફાળો કરે કે એના ચણતરમાં ધ્યાન આપે કે એ બંધાવામાં બરાબર પોતાનો ઉપયોગ આપે. જ્ઞાની હોય તોપણ. મુનિ હોય તો ત્યાં ઊભા રહે નહિ. તો એ એની નિશ્ચય-વ્યવહારની મૈત્રી છે. એનું અવલંબનનું બળ વધી ગયું છે. મુનિરાજનું સ્વદ્રવ્યના અવલંબનનું બળ એટલું વધી ગયું છે કે એનો જે વ્યવહાર છે એની મૈત્રી એવી છે કે એ પોતાના પંચ મહાવ્રતના અઠ્યાવીસ મૂળગુણના મર્યાદિત પરિણામ સાથે એની મૈત્રી છે. એથી બહારના પરિણામ સાથે એની મૈત્રી નથી. એટલો તીવ્ર કષાય ન આવે. સંજ્વલનના કષાયનો મંદ ઉદય હોય છે. એ તો સંજ્વલનનો કષાય જ અતિ મંદ છે. ત્રણ કષાયની ચોકડીનો તો નાશ કરી ગયા પછી માત્ર સંજ્વલનનો ઉદય હોય, એ પણ અતિ મંદ ઉદય હોય.

**'જ્ઞાની દ્રવ્યના આલંબનના બળે, જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક આગળ વધતો જાય છે.'** વ્યવહાર ભલે તૂટતો જાય છે, ઘસાતો જાય છે. મન-વચન-કાયાની પ્રવૃત્તિ ક્ષણે ક્ષણે ભલે સંક્ષેપ થઈને ઘટતી જાય છે તોપણ એની સાથે એની સંધિ છે. નિશ્ચય-વ્યવહારની સંધિ છે.

'ગુરુદેવશ્રી' બપોરનું પ્રવચન પૂરું કરે અને ભક્તિમાં જતા. આ રોજનો 'સોનગઢ'નો, 'સોનગઢ' શું જ્યાં હોય ત્યાં બધે આ જ નિત્યક્રમ હતો. બપોરનું વ્યાખ્યાન પૂરું થાય અને પછી જિનમંદિરમાં ભક્તિ થાય. વાંચનમાં રાગ ઉપર એટલા જોરથી પ્રહાર કર્યા હોય, શુભરાગ ઉપર, હોં! રાગ એટલે શુભરાગ ઉપર. અને ભક્તિ ઉપર પણ પ્રહાર આવે. પૂજા, ભક્તિ બધા પરિણામ. અને પાછા કાર્યક્રમમાં સીધું જ ત્યાં જોડાવાનું થાય. એટલે એ વિષયને ન સમજે, વ્યવહાર-નિશ્ચયની મૈત્રી શું છે એને ન સમજે તો એને એમ થાય કે પણ હજી તો ઘડીક પહેલા આમ કહેતા અને વળી પાછા બધા મંદિરમાં ગયા. ભક્તિ કરવા માંડ્યા. રાગ નથી તો શું થાય છે? અરે..! ભાઈ! એ વ્યાખ્યાનની વાણીમાં પણ રાગ જ છે. વ્યાખ્યાન કરવું એ પણ શુભરાગ છે અને વ્યાખ્યાન સાંભળવું એ પણ શુભરાગ છે. પણ એ વ્યાખ્યાનમાં પણ રાગ તોડવાની છે અને ભક્તિમાં પણ રાગ તોડવાની વાત છે. ભક્તિમાં એવા પદ છે બધા. રાગ વધારવાના પદ નથી પણ રાગ મટાડવાની વાત છે. એને વ્યવહાર-નિશ્ચયની મૈત્રી કહેવામાં આવે છે.

વ્યવહાર-નિશ્ચયની મૈત્રીના ઘણા પડખાં છે. વિષય જરા વિશાળતાવાળો છે પણ એના ઘણા પડખાં છે. પણ સંક્ષેપમાં એમ સમજવા યોગ્ય છે કે જે-તે ગુણસ્થાને યથાયોગ્ય વ્યવહાર હોય. તે-તે ગુણસ્થાનની મર્યાદા બહાર કોઈપણ જ્ઞાનીને-સાધકને વ્યવહાર હોતો નથી. અને તે નિશ્ચય-વ્યવહારની મૈત્રી હોવા છતાં વ્યવહાર છે એ મટતો જાય છે, ઘસાતો જાય છે, તૂટતો જાય છે, ગળતો જાય છે. નિશ્ચય છે એ બળવાનપણે વધતો જાય છે. એમ એ **'આગળ વધતો જાય છે...'** શેમાં આગળ વધતો જાય છે? દ્રવ્યના અવલંબનમાં આગળ વધતો જાય છે. નિશ્ચય-વ્યવહારની મૈત્રી હોય છે તોપણ દ્રવ્યના અવલંબનમાં પોતે આગળ વધે છે. વ્યવહારમાં આગળ વધે છે એમ કહેવું નથી.

મુમુક્ષુ :- નિશ્ચય ગુણ છે અને વ્યવહાર દોષ છે. બંનેની મૈત્રી?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગુણ-દોષની મૈત્રી એટલા માટે કહ્યું કે વ્યવહાર દૃષ્ટિએ ત્યાં સાનુકુળ વ્યવહાર છે. વ્યવહારની દૃષ્ટિએ ત્યાં વ્યવહાર સાનુકુળ છે. નિશ્ચયની દૃષ્ટિએ વ્યવહાર પ્રતિકૂળ હોવા છતાં વ્યવહારની દૃષ્ટિએ તે સાનુકૂળ છે. એમ છે.

મુમુક્ષુ :– વ્યવહાર આડોઅવળો ન હોય એમ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. વ્યવહાર આડોઅવળો હોય તો નિશ્ચયમાં ભૂલ છે. જેમ આપણે કહીએ છીએ ને કે આ લોકો સંપ્રદાયમાં તમારે એમ કહે છે કેમ તમે અમારા દિગંબર મુનિને વંદન, નમસ્કાર કરતા નથી? આ પ્રશ્ન મોટો પ્રશ્ન છે સંપ્રદાયનો. તમે અન્ય સંપ્રદાયમાંથી આવી અને દિગંબર આમ્નાયને સ્વીકારી તો તમે શા માટે વંદન, નમસ્કાર કરતા નથી દીક્ષાધારી મુનિને? કે એનો વ્યવહાર છે એ પણ વ્યવહારની દૃષ્ટિએ યથાયોગ્ય નહિ હોવાથી ત્યાં નિશ્ચય મુનિપણું હોવાનો કોઈ સંભવ નથી. જ્યાં વ્યવહાર યથાયોગ્ય હોય ત્યાં નિશ્ચય મુનિપણું છે કે નહિ એની પરીક્ષા કરવાની જવાબદારી ઊભી થાય છે. અને જો ભાવલિંગ મુનિદશા હોય તો જ વંદન, નમસ્કારના વ્યવહારની શાસ્ત્ર આજ્ઞા છે કે ભગવાનની આજ્ઞા છે. દ્રવ્યલિંગી હોય તો પણ વંદન, નમસ્કારની આજ્ઞા નથી. '**अस्संजदं ण वन्दे**' (દર્શનપાહુડ ગાથા-૨૬). ત્યાં 'અષ્ટપાહુડમાં' વાત કરી છે. દ્રવ્યલિંગી હોય તોપણ વંદન, નમસ્કાર ન કરીશ. તો જે લોકો દ્રવ્યલિંગી પણ નથી એને વંદન નમસ્કાર કરવાનો ક્યાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે? એ ખુલાસો આપણે કરવો પડે છે કે ભલે દિગંબર આમ્નાય સ્વીકારી છે તોપણ મૂળ શુદ્ધ દિગંબર આમ્નાય સ્વીકારી છે. દિગંબર સંપ્રદાયમાં જે વિકૃતિ આવી એ વિકૃતિને સ્વીકારી નથી. એ તો આપણે ખુલાસા બધા કરવા પડ્યા. પ્રતિમાજીનો જ્યારે પ્રશ્ન ઊભો થયો, 'સૂર્યકીર્તિ' ભગવાનનો, ત્યારે આ બધા ખુલાસા કરેલા છે. કોર્ટની અંદર Statement આપેલા છે. એ લોકોની ચર્ચા-વાર્તામાં પણ આ ખુલાસા કર્યા છે.

મૂળ તત્ત્વ મૂળ ધર્મ છે એ અતિ સુંદર છે. સંપૂર્ણ નિર્દોષ માર્ગ છે અને એનો અમે હૃદયથી સ્વીકાર કર્યો છે. એમાં તો અમને કોઈ એમાંથી વિચલિત કરી શકે એવું નથી. તમે તમારી જાતમાં ભેળવો એવી અપેક્ષાથી, કોઈ અમે આ નાત-જાતમાં સંપ્રદાયમાં ભેળવો એવી અપેક્ષાથી કોઈ અમે આ અંગીકાર કર્યો નથી. અમારા આત્માના હિત માટે આ અંગીકાર કર્યો છે અને એ આત્માના હિતનું અહિત થાય એવી કોઈ વાત અંગીકાર કરવા અમે કોઈપણ ભોગે તૈયાર નથી. આ આપણી સાફ વાત હતી. મૂળ તત્ત્વ શું છે એને વળગી રહેવું જોઈએ, એ વ્યવહાર છે એનો. એ એનો વ્યવહાર છે, એની એ મૈત્રી છે.

મુમુક્ષુ :– કહેવાતા આચાર્યો હોય એ વૃક્ષારોપણ કરે.

પૂજ્ય ભાઈશ્રી :– ... શું કરી શકાય, શું ન કરી શકાય, વ્યવહાર પણ ભૂલી ગયા છે. નિશ્ચયની તો ખબર નથી રહી કોઈને. ઘણા તો એવી રીતે જાહેર કરે છે કે શુદ્ધોપયોગ બારમા ગુણસ્થાને હોય. કેમકે મુનિપણું તો છઠ્ઠા-સાતમાનું. પોતે મુનિદીક્ષા

અંગીકાર કરી છે અને શુદ્ધોપયોગ તો છે નહિ. અને છે એમ કહે તો એનો પ્રશ્ન પૂછે તો અંધારુ હોય. કેમકે એ વિષયથી અજાણ્યા હોય તો શું જવાબ દે? તો ઉડાડી વાતને કે શુદ્ધોપયોગ બારમા ગુણસ્થાને થાય. બારમા ગુણસ્થાન પહેલા એકલો વ્યવહારમાર્ગ છે. પછી બારમા ગુણસ્થાને યથાખ્યાતચારિત્ર થાય ત્યારે શુદ્ધોપયોગ થાય. ઠીક! એમ જેને નિશ્ચયની ખબર નથી એને વ્યવહારની પણ ખબર નથી. વ્યવહારની ખબર હોય એને નિશ્ચયની ખબર ન હોય એવું બની શકે. પણ જેને વ્યવહારની પણ ખબર નથી એને નિશ્ચયની ખબર હોય એ વાત તો કોઈ રીતે સંમત થઈ શકે એવું નથી. એ બધી ગડબડ છે. અત્યારે તો 'ટોડરમલ સ્મારક ભવન'માં દિગંબર મુનિઓના પ્રવચન ચાલુ થઈ ગયા. છાપામાં આવ્યું, 'વિદ્યાનંદજી' મુનિના પ્રવચનો થયા. 'ટોડરમલ સ્મારક ભવન'માં પહેલાવહેલા.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' પાસે સ્પષ્ટ સાંભળ્યું છે અને આ...

પૂજ્ય ભાઈશ્રી :- સમાજની જ્યાં મુખ્યતા થાય ત્યાં એ બનવા જોગ છે.

મુમુક્ષુ :- એ તો ઘણા વખતથી જાય છે. પત્રિકાઓ આવે એમાં બધા નામ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો વ્યક્તિગત જાય એ વ્યક્તિગત દોષ છે. આ તો સંસ્થાકીય દોષ.. 'ગુરુદેવ'ના હાથે સંસ્થાની સ્થાપના થયેલી ને. શું કહે છે અહીંયાં?

**'જ્ઞાનમાં નિશ્ચય-વ્યવહારની મૈત્રીપૂર્વક,....'** સાધક છે એ દ્રવ્યના-સ્વદ્રવ્યના અવલંબનના બળે **'આગળ વધતો જાય છે. અને ચૈતન્ય પોતે પોતાની અદ્‌ભુતતામાં સમાઈ જાય છે.'** આ મસ્તીની વાત આવી છે. ચૈતન્યને તો વ્યવહારની સાથે સંબંધ નથી. ચૈતન્ય એટલે ચૈતન્યસ્વભાવ. અદ્‌ભુત ચૈતન્યસ્વભાવ પોતે પોતામાં સમાઈ ગયેલો છે. એને તો ક્યાંય બહારમાં કોઈ વિધિ નિષેધ સાથે સંબંધ રહેતો નથી. નિશ્ચય-વ્યવહારમાં તો વિધિ નિષેધ છે એમ કહે છે. અહીંયાં બધા વિધિ-નિષેધ વિલિન થઈ ગયા. વિધિ નિષેધનું ક્ષેત્ર પૂરું થઈ ગયું, વિધિ નિષેધની મર્યાદા પૂરી થઈ ગઈ. ચૈતન્ય ચૈતન્યમાં સમાઈ ગયો. અદ્‌ભુત સ્વભાવ છે, જેની અદ્‌ભુતતાને લીધે સિદ્ધ પરમાત્માઓ સદાય એમાં સમાયેલા રહે છે, ક્યાંય એથી બહાર નીકળતા નથી.

મુમુક્ષુ :- એટલે પર્યાય શુદ્ધ થઈ ગઈ એમ?

પૂજ્ય ભાઈશ્રી :- એ પર્યાય-બર્યાયનો ભેદ કાંઈ નથી લેવો.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- એ પોતાના સ્વરૂપને જોવે છે. અને સ્વરૂપને જોવે છે તો કહે છે, અરે..! હું છું અહીંયાં. હું અહીંયાં છું. એ તો શુદ્ધપર્યાયમાં હુંપણું પર્યાયના ભેદથી

ક્યાં લેવું છે? હું અહીંયાં છું. બસ! મારામાં હું સમાઈ જાઉં છું. મારે મારામાંથી બહાર નીકળવાનો પ્રશ્ન રહેતો નથી. અદ્‌ભુતથી અદ્‌ભુત એવું જે મારું સ્વરૂપ છે એ સ્વરૂપથી બહાર નીકળવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

**'ચૈતન્ય પોતે પોતાની અદ્‌ભુતતામાં સમાઈ જાય છે.'** સાધક, સાધકના માર્ગે આગળ વધે છે એમ કહેવું છે. બહુ શૈલી પણ ગજબની આવેલી છે! સાધક, સાધકના માર્ગે આગળ વધતો જાય છે. ચૈતન્ય તો પોતાની અદ્‌ભુત નિધિમાં સમાઈ જાય છે. ચૈતન્યને નિશ્ચય-વ્યવહારના વિધિ-નિષેધ સાથે જાણે કાંઈ સંબંધ નથી.

એવો એક પ્રશ્ન 'સોગાનીજી' સાથે ચાલ્યો હતો. આમાં લીધેલો છે એ પ્રશ્ન ૬૪૫માં. સાધકને આમ હોય, સાધકને આવું ભેદજ્ઞાન હોય. ચર્ચા એવી ચાલતી હતી. સાધકપણું આવું હોય એના ઉપર તો જરા બરાબર વજન રહેવું જોઈએ. આવું સાધકપણું હોય, બીજી રીતે ન હોય. વળી ત્યાંથી ઉપાડી વાત. ઠીક છે, કહે છે. 'પરિણામ કી અપેક્ષા સે આપ મુજે સાધક કહો તો કહો.' પરિણામ સ્વરૂપને સાધી રહ્યા છે તેથી પરિણામની અપેક્ષાએ મને સાધક કહો તો કહો. અસલ મેં તો મૈં ન સાધક હૂં, ન મૈં બાધક હૂં. એ આ વાત છે. એ શૈલીની આ વાત છે.

**'ચૈતન્ય પોતે પોતાની અદ્‌ભુતતામાં સમાઈ જાય છે.'** હવે તમે પ્રશ્ન કર્યો ઓલો પરિણામ અંદર લીન થાય છે ને! તો કહે, એ સાધક અવસ્થા છે. એ અપેક્ષા નથી લેવી અહીંયાં. એ અપેક્ષા અહીંયાં લેવી નથી. એની ઉપર જઈને એ વાત છે. જુદું સ્તર છે આ. જેમાં શુદ્ધ પર્યાય છે એને પણ જુદી અપેક્ષાથી કહેવામાં આવતી નથી. **'ચૈતન્ય પોતે પોતાની અદ્‌ભુતતામાં સમાઈ જાય છે.'** શું ચૈતન્યની અદ્‌ભુતતા છે! એમ કહે છે. આ એના રસનો વિષય છે. સ્વભાવરસનો આ વિષય છે. એ પોતાની જે મર્યાદા છે, પોતાના સ્વરૂપની મર્યાદા છે એમાંથી બહાર નીકળવાનો પ્રશ્ન નથી. ઉપરથી આકાશમાં જેમ કોઈ વિહંગાવલોકન કરવામાં આવે, એમ જ્ઞાની પોતાના અનાદિઅનંત કાળ ઉપર એક દૃષ્ટિપાત કરે છે. સીધો. એક દૃષ્ટિએ અનાદિઅનંત At a glance. આમ આખો ત્રણ કાળ પકડે છે તો એને પોતાનો અદ્‌ભુત સ્વભાવ જ જણાય છે. અરે! આની અંદર તો પર્યાયમાં કાંઈક ઉથલપાથલ થઈ. પણ આ સ્વભાવ તો જુઓ એકરૂપ! એનું રૂપ બદલ્યા વિના એમ ને એમ રહે છે. ત્રણે કાળે હું એમ ને એમ રહું છું આ તો અદ્‌ભુત કોઈ વિષય છે! અદ્‌ભુત સ્વભાવ છે!!

જે સ્વભાવને ચૈતન્યવજ્ર કહે છે એનું કારણ આ છે. વજ્ર છે એને શું ફેર પડે? બીજું એની સાથે ટક્કરમાં આવે તો એ ખલાસ થાય. આને શું થાય? એમ આત્મા ચૈતન્યવજ્ર છે. અનાદિઅનંત એની એક કાંકરી ખસતી નથી. અવધઘટ. વધતો નથી,

ઘટતો નથી, કોઈ ફેરફારપણાને પામતો નથી એવી જેની ધ્રુવ સત્તા છે, જેની સત્તાને હલાવી શકાતી નથી. મચક ખાતી નથી. એવી અદ્‌ભુતતામાં પોતે સમાઈ જાય છે. આ ચૈતન્ય પોતાની મસ્તીનો વિષય છે. એને કોઈ વ્યવહાર-નિશ્ચયના ભાંગા સાથે લેવા દેવા નથી. એ અપેક્ષાથી પર જઈને વાત છે. એ ૨૬૭ (બોલ પૂરો થયો).

**બહારના રોગ આત્માની સાધક દશાને રોકી શકતા નથી, આત્માની જ્ઞાતાધારાને તોડી શકતા નથી. પુદ્‌ગલપરિણતિરૂપ ઉપસર્ગ કંઈ આત્મપરિણતિને ફેરવી શકે નહિ. ૨૬૮.**

૨૬૮ બોલમાં સાધકદશામાં, જ્ઞાનદશામાં પોતાને સાધકનું બળ કેટલું હોય છે એવું એક પડખું લીધું છે.

'**બહારના રોગ...**' રોગ છે એ શરીરને થાય છે અને આત્માને થતો નથી એટલે એને બહારનો રોગ કહે છે. સંસારી જગતના જીવ એમ માને છે કે મને રોગ થયો છે. જ્ઞાની એમ માને છે કે રોગ બહાર થાય છે. બહારનો રોગ. આત્માનો રોગ નહિ. આત્માની બહાર છે રોગ તો. દેહનો રોગ તે આત્માની બહાર છે. આત્માને રોગ થઈ શકતો નથી. શરીરનો રોગ તો આત્માની અવસ્થાને પણ થઈ શકતો નથી. રાગ છે તે આત્માની અવસ્થામાં રોગ છે ખરો. તોપણ મૂળ દ્રવ્યસ્વભાવ સુધી એની પહોંચ નથી.

મુમુક્ષુ :- જન્મ-મરણનો રોગ તો થયો છે ને!

પૂજ્ય ભાઈશ્રી :- જન્મ-મરણનો રોગ પણ અવસ્થા પર્યંત છે, મૂળ સ્વરૂપમાં નથી. એવો તો અદ્‌ભુત સ્વભાવ છે. એ તો કહે છે. ચૈતન્ય એ જ અદ્‌ભુતતા છે કે અનંત કાળ જન્મ-મરણ કરીને નિગોદમાં પ્રચુર કષાયકલંકમાં રહેવા છતાં એની પહોંચ સ્વભાવ સુધી ગઈ નથી. એની ગંધ પણ નથી ત્યાં. તીવ્રમાં તીવ્ર કષાય ત્યાં થયા એની ગંધ સુધ્ધા પણ સ્વભાવને વિષે નથી. એવો અદ્‌ભુત સ્વભાવ છે. જેનાથી વિભાવ દૂરનો દૂર જ રહે છે. નજીક આવી શકે નહિ. એનું તેજ એવું છે. ચૈતન્યનું તેજ એવું છે કે એની નજીક વિભાવ ફરકી શકે નહિ. નજીકમાં એનો વાસ ન કરે. એવો એ જબરદસ્ત, પ્રચંડ એનું તેજ છે. એની અપેક્ષાએ શરીરમાં થતો રોગ, જરા અવસ્થા આવે છે એ રોગ છે. વૃદ્ધાવસ્થા, એ પણ એક મનુષ્યપર્યાયમાં દેહનો રોગ છે. આત્માનો રોગ નથી. અનંત આત્માઓએ શરીરની વૃદ્ધાવસ્થાના કાળે નવો પુરુષાર્થ

પ્રગટ કરીને પોતામાં સમ્યગ્દર્શન આદિ ધર્મનું પરાક્રમ કર્યું છે. જ્ઞાનીઓ એમ કહે છે કે એને જુવાની આવી છે. એની અવસ્થામાં એને યુવાની આવી છે. વૃદ્ધાવસ્થા શરીરમાં રહી છે, યુવાની એના પરિણમનમાં આવી છે. આત્માના પરિણમનમાં તો ઉગ્ર પુરુષાર્થ થાય છે. એ યુવાન છે ખરેખર તો.

એવો બહારનો રોગ છે. કહે છે, આત્માની દશાને રોકી શકતો નથી. એ ઉપર જ્ઞાનીનું પરિણમન કેવું હોય છે એ વિશેષ વિસ્તાર આવશે...

'હું જ્ઞાનમાત્ર છું' - આ પ્રકારે 'જ્ઞાનમાત્ર' ભાવમાં અંતર સાવધાની દ્વારા જ્ઞાનથી નિજ પ્રત્યક્ષ જ્ઞાનમય અસ્તિત્વનું ગ્રહણ થવું - તે પ્રયોગ છે. આવો પ્રયોગાભ્યાસ સાધકને અંતરમાં થયા કરે, તેમાં 'જ્ઞાનમાત્ર' નો વિકલ્પ વા રટણ કર્યા કરવાનો પ્રકાર (તે પ્રયોગ) નથી; વિકલ્પથી અસ્તિત્વનું ગ્રહણ પણ થતું નથી. પરંતુ જ્ઞાનની પ્રત્યક્ષતાથી અને વેદકતાથી જ્ઞાનમય સત્તાનો અનુભવ સૂક્ષ્મ અંતર અવલોકનથી સધાય છે. કાંઈપણ 'કરવું' એવો 'કરું-કરું' નો વિકલ્પ તો ઉપાધિરૂપ છે, પુરુષાર્થમાં બાધક છે. વિકલ્પથી નિરપેક્ષ અર્થાત્ વિકલ્પથી પર/ આગળ એવું અવલોકન તે પ્રયોગ છે. પ્રયોગમાં પુરુષાર્થ છે, પ્રયોગ પુરુષાર્થથી થાય છે. વિકલ્પથી - રાગથી કાર્ય સિદ્ધિ નથી. પુરુષાર્થથી જ કાર્ય સિદ્ધિ છે.

('અનુભવસંજીવની' બોલ નં.૧૪૮)

## તા. ૨-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૬૮
## પ્રવચન નં. ૨૧૦

'બહેનશ્રીનાં વચનામૃત' ૨૬૮. '**બહારના રોગ આત્માની સાધક દશાને રોકી શકતા નથી,...**' મનુષ્યપર્યાયમાં શરીરનો રોગ ક્યારેય ન આવે એવું કદી બનતું નથી. શરીરનો સંયોગ છે એવા તમામે તમામ સર્વ મનુષ્યોને ક્યારેક ને ક્યારેક તો રોગની દશા શરીરમાં ઉત્પન્ન થાય જ છે. શાતા અને અશાતા ક્રમથી થયા જ કરે. એક વાર નહિ પણ અનેક વાર શરીરની અશાતા દશા થાય. દેહાત્મબુદ્ધિ હોવાને લીધે 'મને રોગ થયો છે' એવા ભાવે જીવ દુઃખી થાય છે, એને દુઃખ થાય છે. એને શરીરની વ્યાધિની ઉપાધિ પરિણામમાં રહે છે. એ ઉપાધિ સતત રહ્યા કરે છે અને જ્યાં સુધી અશાતા મટે નહિ ત્યાં સુધી એને એ ઉપાધિ ખસતી નથી, ત્યાં ને ત્યાં એનું ચિત્ત ચોંટેલું રહે છે. કેમકે એ જ એનો આત્મા છે એમ એણે માન્યું છે.

અહીંયાં કહે છે કે એ બહારનો રોગ છે, આત્માનો રોગ નથી. સાધકને એ બહારનો રોગ છે. અને સંસારીને તે આત્માનો રોગ છે એમ નથી. વાસ્તવિકપણે એ આત્માથી બહાર છે એમ સાધકનું સમ્યગ્જ્ઞાન જાણે છે, અનુભવ કરે છે. ભિન્નપણાનો અનુભવ કરે છે. એટલે પોતાની વર્તતી દશાથી એમ કહે છે કે મારી સાધકદશાને, આત્માની એટલે મારી સાધકદશાને એ રોકી શકતો નથી. શરીરની વેદના અને પીડા એ મારી સાધકદશાને બાધા પહોંચાડે, મારી સાધનાને હાનિ પહોંચાડે એ પરિસ્થિતિ ઉત્પન્ન થતી નથી અથવા રોગથી એમ થઈ શકતું નથી. ઉલટાનું રોગના કાળે સાધકજીવ વિશેષ પુરુષાર્થમાં આવે છે. સહજપણે એમનો પુરુષાર્થ વિશેષ વૃદ્ધિગત થાય છે અને રોગનો ઉદય, શરીરમાં આવેલો રોગનો ઉદય, પણ આત્મામાં નહિ આવેલો રોગનો ઉદય એને નિર્જરાનું કારણ, વિશેષ નિર્જરાનું નિમિત્ત પડે છે. કારણ એટલે એને નિમિત્ત પડે છે.

'**આત્માની જ્ઞાતાધારાને તોડી શકતા નથી.**' બહારના રોગ, બહારના રોગ બહુવચન લીધું છે. તોડી શકતો નથી (એમ નથી કહ્યું), તોડી શકતા નથી. બહુવચન લીધું છે. એક નહિ અનેક રોગ એકસાથે ઉત્પન્ન થાય તોપણ. જે ભયંકર જીવલેણ રોગ કહેવાય છે એવા રોગ. કોઈને કોઈ રોગ એવા હોય છે કે સર્વ કાળે કે જેનું કોઈ ઔષધ કે અથવા જેની કોઈ એવી Treatment નિમિત્તપણે શોધાણી ન હોય ત્યારે

લોકો એને એમ કહે છે કે આ રોગ થયો માટે નહિ બચે. અત્યારે આ કેન્સર અને એઈડ્સ બેય રોગ એવા પ્રસિદ્ધ છે કે જેને માટે હાથ ખંખેરી નાખે છે. એનો કોઈ ઉપાય કરનારા એમ કહેતા નથી કે આ બચશે. એવો રોગ શરીરમાં થાય ત્યારે તો મિથ્યાત્વ અવસ્થામાં જીવને ઘણું દુઃખ થઈ આવે છે કે જાણે હમણાં જ હું મરી જઈશ. એને એમ લાગે છે. જ્ઞાની જોવે છે કે મારામાં તો રોગ થયો નથી. શરીરમાં થયો હોય તો શરીરનું શરીર જાણે. આવા તો અનંતા શરીર આવ્યા અને અનંતા શરીર ગયા. હું એમ ને એમ હજી ઊભો છું. જે શરીર ગયા, જે શરીરમાં રોગ થયો એનાથી મારામાં કાંઈ ગયું નથી, મારામાં રોગ પ્રવેશ્યો નથી. પોતાના ભિન્ન જ્ઞાનના પ્રત્યક્ષ અનુભવથી એવો એ અનુભવ કરે છે. જાણે છે એટલે અનુભવ કરે છે, પ્રત્યક્ષપણે કે ખરેખર રોગનો મારા આત્મામાં પ્રવેશ નથી.

'**બહારના રોગ આત્માની સાધક દશાને રોકી શકતા નથી.**' ઉત્પન્ન થવી, બે તબક્કા લીધા છે. અલ્પવિરામ છે એમાં સાધકદશા કોઈને ઉત્પન્ન થવા માટે પુરુષાર્થ ઉપડ્યો હોય અને એમાં વચ્ચે રોગ દાખલ થઈ જાય, શરૂ થઈ જાય તો પછી ત્યાં આત્માની સાધકદશા ઉત્પન્ન થતી રોકાઈ જાય એવું બને કે ન બને? એ પણ પ્રશ્ન રહેતો નથી.

જ્ઞાનીની તો જ્ઞાતાધારાને તોડી શકતા નથી પણ મુમુક્ષુને પણ એ નુકસાન કરી શકતા નથી. ખરો મુમુક્ષુ, સાચો મુમુક્ષુ, સાચો આત્માર્થી જીવ ખરેખર જે પોતાના હિતને રસ્તે પડ્યો છે એને રોગ આવે એટલે એની સાધકદશા ઉત્પન્ન થતી બંધ થઈ જાય (એમ બનતું નથી). જગતમાં એવું બને કે એક કામ આવે તો બીજું કામ ન થાય. કેમ આ કામ ન કર્યું? કે બીજું કામ કરવું પડ્યું માટે આ કામ કરવાની વચ્ચે જગ્યા ન રહી. અહીંયાં એવું નથી. એ દવા કરે કે ન કરે, ઈલાજ કરે કે ન કરે પણ સાથે સાથે પોતાનું કામ તો કરે, કરે ને કરે જ. એ કામ કરવાનું ક્ષેત્ર જુદું છે. બહારનું કાર્ય કરવાનું ક્ષેત્ર જુદું છે. બંને જુદે જુદાં છે. બેયની વાત લીધી છે.

સાધકદશાને ઉત્પન્ન થતી ન રોકી શકાય અને ઉત્પન્ન થવાની હોય એવી જેની પુરુષાર્થની પ્રવૃત્તિ હોય તેને ઉત્પન્ન થતી રોકી ન શકાય. અને જેને સાધકદશા ઉત્પન્ન થઈ હોય, ભિન્ન જ્ઞાનધારા જેને પરિણમી હોય તેને તોડી શકતો નથી. રોગ એને કાંઈ નુકસાન કરી શકતો નથી. ખરેખર તો રોગની અવસ્થા જુદી છે. આત્માના જ્ઞાતાધારાની અવસ્થા જુદી છે અથવા રોગને આશ્રિત કિંચિત્ રાગ-દ્વેષ થાય એ અવસ્થા જુદી છે અને અંદરમાં જ્ઞાનધારા પ્રગટ થાય એ અવસ્થા જુદી છે. બંને અવસ્થા જુદી જુદી છે.

જ્ઞાતાધારા છે એ રાગને તોડે છે પણ રોગ પ્રત્યે વિકલ્પ ઉઠ્યો હોય એવી રાગની

ધારા એ જ્ઞાતાધારાને તોડી શકતી નથી. કેમકે જ્ઞાનધારા બળવાન છે. જ્ઞાનીનો રાગ બળવાન નથી પણ નિર્બળ છે. અને રોગની શરીરની અવસ્થા તો રાગ સાથે સંબંધ ધરાવે છે, જ્ઞાન સાથે સંબંધ ધરાવતી નથી. જ્ઞાનમાં જણાય એ જુદી વાત છે પણ ખરેખર જ્ઞાન સુધી એની કોઈ પહોંચ નથી. રોગની કે રાગની જ્ઞાન સુધી પહોંચ નથી.

આ એક રોગથી કે રાગથી મુક્ત થવાનું અમોઘ ઔષધ છે. ખાલી ન જાય એવો ઉપાય છે. અમોઘ એટલે ખાલી ન જાય, વ્યર્થ ન જાય અથવા થાય કે ન થાય એવું ન બને. આમ તો દરેક જીવ ઈચ્છે છે કે મને કોઈ પ્રતિકૂળતાઓ ન આવો. મને કોઈ રોગાદિ, નિર્ધનપણું વગેરે ન થાઓ. એવું બધું ઈચ્છે છે. અહીંયા કહે છે કે એ ન થાવ એ પ્રશ્ન નથી. થાય તોપણ તને એના દુઃખનો અનુભવ ન થાય એ બહુ મોટી વાત છે. બાકી કોઈ ઔષધ, કોઈ ડૉક્ટર, કોઈ પૈસા, જર ઝવેરાત, કોઈ સગા-સંબંધી કોઈની પીડા કોઈ લઈ શકે એ જગતમાં બની શકતું નથી. કોઈનો રોગ કોઈ લઈ શકે, કોઈનો વ્યાધિ લઈ શકે, કોઈની અશાતા લઈ શકે નહિ, થોડોક ભાગ પડાવીને ઓછું કરાવી શકે એવું પણ બની શકતું નથી. તમારી થોડી પીડા હું લઈ લઉં. તમારે થોડું ઓછું એટલું ભોગવવું. એટલું થોડું હું સહન કરી લઉં. એવું પણ બની શકતું નથી.

અન્યમતીમાં એ ગડબડ છે. ઈશ્વરને પ્રાર્થના કરે અને પ્રાર્થના કર્યા પછી એમ કહે કે કોઈનું આયુષ્ય છે, કોઈનો રોગ છે એ પોતે માંગી લે. ઈશ્વર એને ફેરબદલી કરી દ્યે, એની પ્રાર્થના સાંભળીને. એ બધા ગપ્પેગપ્પા છે. જગતમાં એવું કદી બનતું નથી. જેણે જે માઠા પરિણામથી કર્મબંધ કર્યો એનો ઉદય આવવાનો, આવવાનો અને આવવાનો જ. ચીકણા પરિણામથી કરેલા જે ભાવો છે તેનું ફળ ન આવે એવી કુદરતની અંદર અવ્યવસ્થા નથી. અથવા એ ફળ આવતું કોઈ દેવ રોકી શકે, કોઈ મનુષ્ય રોકી શકે એ પણ કુદરતની વ્યવસ્થા બહારની વાત છે. કોઈની પહોંચ એટલી નથી.

ઉદય આવે એ તો અજ્ઞાનભાવે કર્યા. પણ ઉદય આવે છતાં એને દુઃખનો અનુભવ ન થાય? તો કહે, હા. વર્તમાનમાં તારો સમ્યક્ પુરુષાર્થ જાગૃત થાય તો ઉદય આવે છતાં એનાથી તું ભિન્ન પડીને એ ઉદયના દુઃખને, ઉદય હોવા છતાં, ઉદય થવા છતાં એનું દુઃખ ન ભોગવ એવી સ્વતંત્ર સ્વાધીનપણે તારા પરિણામની સ્થિતિ કરવી એ તારા હાથની વાત છે. એ થઈ શકે એવું છે.

મુમુક્ષુ :- ભયંકરમાં ભયંકર રોગ હોય તો જ્ઞાતાધારને તોડી નાખે?

પૂજ્ય ભાઈશ્રી :- ના. ન તોડી શકાય.

મુમુક્ષુ :- એમાં શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- જેટલો અહીંયાં રોગનો ઉદય જોરદાર છે એટલો જ અહીંયાં

પરિણમનમાં પણ પુરુષાર્થ જોરદાર કામ કરે છે. એનાથી ભિન્ન પડીને અંદરમાં વળવાનું જોર વધી જાય છે એ વખતે. આમાં એક બોલ આવે છે ને? નાનું બાળક છે એને પણ એટલી Sense છે કે બજારની અંદર જાય અને એને એમ લાગે કે આ ગડદી ઘણી છે ને હું કાંઈક જુદો, છૂટો પડી જઈશ તો ખોવાઈ જઈશ. ચાર-પાંચ વર્ષે એટલી બુદ્ધિ આવી જાય છે. એની માના સાડલાનો છેડો વધારે મજબૂત રીતે પકડી રાખે કે કોઈની ટક્કર લાગે તો છૂટો પડી જાય નહિ. માનું ધ્યાન ન રહે, એને એમ કે બાજુમાં ચાલ્યા આવે છે છોકરો. એ એમ ને એમ ચાલી જાય અને ઓલો વિખૂટો પડી જાય, અટવાઈ જાય ક્યાંક. એવા ટાણે જોરથી પકડે છે.

એમ ખબર પડી કે આ ઉદય આકરો છે. જો અંતર સાવધાની ન રહી, પ્રમાદ થઈ ગયો તો પરિણામ એ બાજુ ખેંચાઈ જતા વાર નહિ લાગે, એવો દેહનો સંયોગ છે. એનો બંધ છે ને? શરીર છે એ એનો અનુબંધ છે. એક પ્રકારનો નિમિત્ત-નૈમિત્તક સંબંધ સંયોગમાં એવો છે કે જેને લઈને એની પીડાનો અનુભવ થયા વિના રહે નહિ. પીડા, પીડા તરીકે જણાય અને છતાં એનું દુઃખ ન થાય, એવી કોઈ વિશિષ્ટ પ્રકારની અહીંયાં વ્યવસ્થા છે, ભેદજ્ઞાન કરવામાં. ઊલટાનું એને એ કાળે પોતાના પુરુષાર્થને વધવાનું નિમિત્ત જાણીને, આ રોગ કેમ થયો? એવો દ્વેષ, એવો ખેદ કે એ પ્રકારની લાગણી એને ઉત્પન્ન થતી નથી. જે આવ્યો તે ભલે આવ્યો. તું પણ એક લેણદાર છો, તારું લેણું તું લેતો જા. આ શરાફતની વાત છે. દેણું કરવું છે અને દેણું દેવું નથી, એ વાત તો લૌકિક નીતિમાં પણ પ્રમાણિકતાથી વિરુદ્ધ છે. જે કાંઈ પ્રતિકૂળતાઓ રોગાદિ પ્રસંગ આવવાના છે એ કોઈના કરેલા તો આવવાના નથી. પોતાના કરેલા દરેકને આવે છે. કોઈના કરેલા કોઈને આવે છે એવું બનતું નથી.

આના ઉપર તો 'વાલ્મિકી'ની 'રામાયણ' ઊભી થઈ છે. 'વાલ્મિકી' લૂંટારો હતો. જંગલમાં મહાત્માજી મળી ગયા. લૂંટારો તો જે મળે એને મારે અને લૂંટે. ઊભો રહે, એક વાત સાંભળ. તારે જે કરવું હોય તે કરજે, મને કાંઈ વાંધો નથી. મારે કાંઈ ગુમાવાનું નથી. પણ આ તું કરે છે કોના માટે? એમ કહે. એટલા માટે તો લૌકિકમાં પણ કોઈ વધારે પાપના પરિણામથી ધંધાધાપા કરતા હોય, કારખાના કરતા હોય એને પૂછે છે, ભાઈ! તું કરે છે કોના માટે? કેમ મારા કુટુંબ, પરિવાર માટે. મારા બૈરા છે, છોકરા છે. એનું ભરણપોષણ કરવાની મારી જવાબદારી છે. એમના માટે તો કરવું જોઈએ. પણ કરવું જોઈએ એમાં પાપ થાય. હા, એ તો પાપ થાય. પણ એમાં શું? કરવું તો પડે જ ને એમાં કાંઈ ચાલે છે? વાંધો નહિ. પાપ થાય છે. પણ આ પાપ તું એકલો ભોગવીશ કે એ બધાયને એનું ફળ ભોગવવું પડશે? એ તો સૌ ભાગીદાર તો હોય જ

ને. એની માટે તો કરું છું. તો કહે, ના. એ વ્યવસ્થા નથી. એ વ્યવસ્થા નથી. એના ઉપર જીવ પાછો વળ્યો. પછી આ 'રામાયણ'ની રચના કરી. લૂંટારાનો ધંધો છોડી દીધો. લોકોમાં પણ એ કહેવાય છે, એ તો સામાન્ય ન્યાય અત્યારે લોકોના જાણવામાં છે કે કરે એ ભોગવે. એનો ભાગીદાર કોઈ બની શકતું નથી. પણ કુટુંબના મુખ્ય માણસને પાપ કરવાની ફરજ કરી કે નહિ? આ પ્રશ્ન ઊભો થાય છે. નહિ? ભાઈ મુખિયા છે. મુખિયો થા તો પાપ કર. તારે મુખિયા થવું હોય તો પાપ કર. આ સીધી વાત છે.

એ રીતે જીવ અજ્ઞાન ભાવે અનેક પ્રકારના કર્મો બાંધે તોપણ વર્તમાનમાં સાવધાન થાય તો એ કર્મફળના દુઃખને ભોગવવાને બદલે વિશેષ શુદ્ધિ, વિશેષ નિર્જરા, નિર્જરા કહો કે આત્માનું સુખ કહો, વિશેષ આત્માનું સુખ પ્રગટ કરવાનું એને એ સાધન થવા પ્રયોગ કરવાનું નિમિત્ત થઈ પડે છે. એટલે રોગથી ગભરાવાની કે પ્રતિકૂળતાથી ગભરાવાની આત્માર્થીને વિચારવામાં એની વિચારણાનો એ વિષય નથી. જગત આખાથી આ જુદી વાત, ઊલટી વાત છે. આખું જગત પ્રતિકૂળતા ઉત્પન્ન થયા પહેલા પ્રતિકૂળતા નહિ આવવા માટે પાણી પહેલા પાળ બાંધવાની વાત કરે છે. પાણીનું પૂર આવે એ પહેલાં પાળ બાંધવી જોઈએ ને. પૂર આવે ત્યારે પાળ બાંધવા બેસે તો પાળ ટકે? કે બંધાઈ શકે? એ પાળી બંધાશે નહિ, ટકી શકશે નહિ માટે પહેલેથી બાંધી રાખો. પણ કોઈ ઔષધ એવું શોધાણું નથી, Preventive medicine જેને કહે છે કે રોગ ઉત્પન્ન જ ન થાય. તો તો આખી જિંદગી પૈસાવાળા એ ઔષધ ખાધા કરે અને એને કોઈ દિ' રોગ થાય નહિ. એવું જગતમાં બનતું નથી. એવી કોઈ ઔષધિ નથી કે જેથી રોગ થાય નહિ. તોપણ થવાનો હોય પૂર્વકર્મના ઉદયથી તે થાય, થાય ને થાય.

એવા કરોડપતિ માણસ ઘરમાં ઔષધાલય રાખે છે. ઘરમાં ઔષધિ બનાવે. હીરાની ભસ્મ બનાવે, મોતીની ભસ્મ બનાવે, સુવર્ણ ભસ્મ બનાવે, તામ્ર ભસ્મ બનાવે, અબરખ ભસ્મ બનાવે, ભસ્મ બનાવી બનાવીને ખાય. પાઈની ચીજ બને તે પાંચ-પાંચ હજારની તોલો બનાવીને ખાતા હતા. એ બધા ચાલ્યા ગયા, રોગિષ્ટ થઈ થઈને. એમાં કુદરતની વ્યવસ્થામાં એ કાંઈ બની શકતું નથી.

એક તારી પોતાની પરિણામની વ્યવસ્થા કરી શકે એમ છો કે જો તું આત્માના સ્વરૂપને સાધ, સુખના પિંડને પરિણતિ વળગે તો એને બહારના ઉદયનું દુઃખ નથી. એ તો રોગની પીડા હોય અને બીજી કોઈ આશ્ચર્યકારી ઘટના બને તો ભૂલી જાય છે કે નહિ? જેટલો બહારના બીજા પ્રસંગમાં એ વખતે લીન થાય એટલો એનો ઉપયોગ વેદનામાંથી છૂટી જાય. તો ઉપયોગ ત્યાં લાગેલો છે એનું દુઃખ છે. ત્યાં રોગ તો એમ

ને એમ છે. રોગ કાંઈ શરીરમાંથી એટલી ક્ષણ માટે ચાલ્યો ગયો છે કે દૂર થઈ ગયો છે એવું નથી. રોગ તો રોગ જ છે. તોપણ ઉપયોગ ફરે છે તો એને કાંઈ નથી. ઉપયોગ લગાવે તો એને એમાં લીનતા થઈને દુઃખ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- હાડવૈદ્ય ઉપયોગ ફેરવાવે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ ફેરવવાની વાત છે. હા હાડવૈદ્યનું એવું છે. રગતરગનું કરે છે. ખેંચે છે. કોઈ આંગળી ખેંચે છે. કોઈ ... એક Second માટે રાડ પડે એટલી એને પીડા થશે એને ખબર છે તો એને એ વખતે ઉપયોગ ન હોય એવી રીતે વાત કરાવે અને એક Second પૂરતો એને જોરથી આંચકો મારી દે. એ લોકોને પણ એટલો ખ્યાલ છે કે આ ઉપયોગ લાગેલો છે તો દુઃખ છે, ઉપયોગ ન હોય તો દુઃખ ન હોય. તો એ તો ક્ષણિક થાય કે ન થાય.

અહીંયાં તો એને આત્માના સુખ સાથે જે ઉપયોગનો સંબંધ જોડાણો એ ઉપયોગ સુખ સાથે ચોંટ્યો રહેવાનો. એ જ્ઞાતાધારા સુખ સાથે રહેવાની અને સુખથી જુદા પડવાનું બીજાથી બની શકતું નથી. બીજો કોઈ એને એ સુખના પરિણામથી ઉઠાડી શકે, ઉપાડી શકે, ફેરવી શકે, એના પરિણામ વાળી દઈ શકે, અંદર વળેલા પરિણામને બહાર વાળી દે કોઈ, એવું કોઈ જગતમાં સાધન નથી, કોઈ નિમિત્ત નથી. કોઈ દ્રવ્ય, ભાવ એવા છે નહિ.

એ '**આત્માની જ્ઞાતાધારાને તોડી શકતા નથી.**' એવી જ્ઞાનીની સહજ આશ્ચર્યકારી દશા હોય છે. લોકો બહારથી એમ જાણે કે અરેરે...! આકરો ઉદય આવ્યો. જ્ઞાની હોવા છતાં આવો મોટો વ્યાધિ થયો, રોગ થયો. જ્ઞાનીને એ વાત છે નહિ. ઉલટાનો એ તો પોતામાં મોજ કરે છે. પોતાની જ્ઞાતાધારામાં આત્માની મસ્તીમાં ચાલ્યા જાય છે. રોગમાં અહંમપણું એમનું છૂટી ગયું છે. એનું દુઃખ એમને થતું નથી.

'**પુદ્‌ગલપરિણતિરૂપ ઉપસર્ગ...**' ઉપસર્ગ શું ચીજ છે? '**પુદ્‌ગલપરિણતિરૂપ ઉપસર્ગ કંઈ આત્મપરિણતિને ફેરવી શકે નહિ.**' દશા તો દશા છે પણ બુદ્ધિપૂર્વકના સ્વાધ્યાયમાં એની કિંમત કરી શકાય છે કે જગતમાં કોઈ પણ સાધન પીડાને ન મિટાવી શકે, પીડાનું દુઃખ દૂર ન કરી શકે અને આ એક સાધકપણું અથવા ભેદજ્ઞાન-જ્ઞાનધારા એ પીડાના દુઃખને દૂર કરી શકે તો એની કિંમત કેટલી? જગતમાં કોઈ પદાર્થની કિંમત છે એના કરતાં વધારે છે. આ કિંમતની દૃષ્ટિએ મૂલ્યાંકન કરવાનો પણ વિષય છે. રોગનો વિષય ચાલે છે ત્યારે એ કિંમત કરવાનો વિષય છે.

બહારમાં એમ કહે કે ભાઈ! તને મૃત્યુ ન થાય એવી ટીકડી આપું તો? તો ભાઈસાહેબ! દેવું કરીને ખરીદવી છે મારે. તમારી મૂડી આપી દો એટલું નહિ ચાલે.

તમારે મરણથી બચવું હોય તો મૂડી તો દઈ દેવી પડશે પણ માથે દેવું થશે. છે કબુલ? તો કહે, ત્રણ વાર કબુલ છે, સાત વાર કબૂલ છે. કહે કે ન કહે? આ એવી વાત છે. કેટલી એને ગરજ હોવી જોઈએ. આ માર્ગમાં આવવા માટેની પોતાની તૈયારી કેટલી હોવી જોઈએ. એ તૈયારી અથવા ગરજનું બીજું નામ પાત્રતા છે, બીજું કાંઈ નથી. આ તૈયારી કે આ ગરજ એનું નામ પાત્રતા છે.

એક પ્રશ્ન પૂછ્યો હતો. પાત્રતાના કેટલા ભેદ? મુખ્યપણે તો એના જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ કહીએ. ગૌણપણે? કે ગૌણપણે જેટલી ગરજ એટલી પાત્રતા. આ એનું Metere છે. જેટલી ગરજ એટલી પાત્રતા. કોઈ એમ કહે કે આત્મા મેળવવા માટે તમે કહો એટલી પ્રતિકૂળતા.. '**कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्**' 'સમયસારનો' ૨૩મો કળશ છે. આમ સિદ્ધાંત શાસ્ત્ર છે. આ ભૂમિકાનો વિષય છે. ભૂમિકાનો વિષય સિદ્ધાંત શાસ્ત્રોની અંદર શોધવો પડે. સિદ્ધાંતની ઘણી વાત આવે. સમ્યગ્જ્ઞાન, મિથ્યાજ્ઞાન, સમ્યગ્દર્શન, મિથ્યાદર્શન. આચાર્ય મહારાજે આ ભૂમિકાનો વિષય લીધો છે. કોઈ પણ રીતે મરીને પણ એક છ મહિના માટે એ અભ્યાસ કર કે દેહથી અને રાગથી હું ભિન્ન જ્ઞાનમય સત્તાધારી આત્મા છું. આવો તું એક છ મહિના અભ્યાસ કર. તને જરૂર અવશ્યમેવ તારા સ્વરૂપની પ્રાપ્તિ થશે. તારા પરમેશ્વરપદનો ભેટો તને થશે, થશે અને થશે જ.

મુમુક્ષુ :- આવો કિંમતી 'ગુરુદેવશ્રી'નો ઉપદેશ...!

પૂજ્ય ભાઈશ્રી :- આવો કિંમતી છે, જેને પીડ-બીડા બાધા કરી શકે નહિ.

મુમુક્ષુ :- દુનિયાના બધા ડૉક્ટર ભેગા કરો એથી વધી ગયા ને.

પૂજ્ય ભાઈશ્રી :- બધા કાંઈ નહિ. દુનિયાની કોઈ ચીજની કિંમત એની પાસે આંકી શકાય એવું નથી. કેવી રીતે આંકી શકાય? કોઈ પીડા મટાડવા સમર્થ નથી. રોગની પીડા ઉપડે એને મટાડવા કોણ સમર્થ છે? એ વખતે એમ કહે, મને કોઈ મૂકાવો. આ પીડામાંથી મને કોઈ મૂકાવો રે મૂકાવો. કોણ મુકાવે એને? તારા કર્યા તારે ભોગવે છૂટકો છે. એમાં બીજા કોઈનો હસ્તક્ષેપ થઈ શકે એવું નથી. અને પહેલાં તું જાગ્યો નથી હવે તું શું કરી શકે? અત્યારે તો તારા દુઃખના પરિણામમાં ડૂબી ફરીને એવી અશાતા ઊભી થાય એવા કર્મો બંધાશે, બીજો કોઈ એનો ઉપાય નથી.

જ્યારે જીવ અશાતાના કાળમાં વિશેષ અશાતા સાથે જોડાય છે, એવા રાગ-દ્વેષના પરિણામ કરે છે ત્યારે એને એવા જ કર્મનું ફરીને નિબંધન થાય છે. આ ફરીને પીડા ભોગવવાનો એ વખતે ઉપાય કરે છે. આ દશા છે. એમ ને એમ ચક્કર ચાલ્યા જ કરે છે અને ચાલ્યા જ કરે છે. એક ભેદજ્ઞાનથી ભિન્ન પડે અને છૂટો પડે તો મુક્ત

થાય. વર્તમાનમાં પણ લાભ અને ભવિષ્યમાં પણ એનો લાભ. વર્તમાનમાં પણ સુખ અને ભવિષ્યમાં પણ સુખ. નહિતર વર્તમાનમાં દુ:ખ અને ભવિષ્યમાં પણ દુ:ખ, દુ:ખ ને દુ:ખ. આ સ્થિતિ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'નો આવો સુંદર બોધ ચાલુ જ રહે. કેવી સરસ વાતને...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કહે છે કે વીતરાગમાર્ગ સન્માર્ગ ત્રિકાળ જયવંત વર્તો! એવી ભાવના જ્ઞાનીઓ ભાવે છે. સદાય ત્રિકાળ માર્ગ, ત્રિકાળ આવો સન્માર્ગ છે વીતરાગમાર્ગ છે એ સદાય જયવંત વર્તો! શાંતસ્વરૂપ છે, સુખસ્વરૂપ છે એવો માર્ગ છે એ સદાય સુંદર માર્ગ છે, સદાય જયવંત વર્તો!! એ માર્ગ જયવંત વર્તો! એ માર્ગમાં પ્રવર્તનારા સદ્‌ગુરુદેવ જયવંત વર્તો! બધું આવે છે કે નહિ? 'શ્રીમદ્‌જી'ના વચનો છે. આમાં લીધા છે ને? છેલ્લે. એમાં પણ લીધા છે, આમાં પણ લીધા છે.

'અહો! સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ, અહો! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ પ્રધાનમાર્ગના મૂળ .... માર્ગની ભક્તિ કરે છે, માર્ગના મૂળ એવા સર્વજ્ઞદેવની ભક્તિ કરે છે. અહો! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતીત કરાવ્યો. જેણે એની સારી રીતે પ્રતીત કરાવી, સમ્યક્ પ્રતીતિ કરાવી એવા પરમકૃપાળુ સદ્‌ગુરુદેવ... વિશેષણ લગાડ્યું. પરમકૃપાળુ સદ્‌ગુરુદેવ આ વિશ્વમાં સર્વ કાળ તમે જયવંત વર્તો... જયવંત વર્તો! 'શ્રીમદ્‌જી'ના વચનો છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' એ ખાસ કહેતા, વાંચન જગ્યાએ જગ્યાએ ચાલવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વગર તો... સમજણ કર્યા વગર કઈ રીતે, કઈ દિશામાં આગળ જશે? અંતર્મુખની દિશા પકડવાની છે. બાહ્ય પરિણામ આત્માને જરા પણ લાભનું કારણ નથી, ઊલટાનું કર્મબંધનું કારણ છે. ચાહે શુભ હો કે અશુભ હો. એક અબંધ પરિણામ, અંતર્મુખ પરિણામ, સ્વસન્મુખના પરિણામ એક જ આત્માને હિતકર અને સુખકારી છે. એ વાત એને સ્વાધ્યાય વગર સમજાય કેવી રીતે? અને એકલી વાત સમજવી નથી, એનો ભાવ સમજવો છે. ભાવ પકડવાનો છે.

'**પુદ્‌ગલપરિણતિરૂપ ઉપસર્ગ કંઈ આત્મપરિણતિને ફેરવી શકે નહિ.**' રોગનો ઉપસર્ગ આવ્યો છે. એ ઉપસર્ગ કાંઈ આત્માના પરિણામને ફેરવી દે એવું બનતું નથી. સાધકજીવ ધર્માત્મા પોતાના સ્વાનુભવથી પ્રસિદ્ધ કરે છે, જાહેર કરે છે કે એ પુદ્‌ગલપરિણામરૂપ ઉપસર્ગ છે એ અમારા આત્માના પરિણામને ફેરવી નહિ શકે. વધારે પીડા થશે તો હાયવોય કરતાં કરતાં અમારા પરિણામ પાછા ત્યાં ફરીને લાગી જશે અને સાધકપણું છૂટી જશે, એમ હવે નહિ બને. એટલી પૂર્વતૈયારી છે. પૂર્વતૈયારી એવો અભિપ્રાય કરીને બેઠા છે અને સાક્ષાત્ પ્રસંગ ઉત્પન્ન થાય ત્યારે એ પુરુષાર્થના ખરા, ખરા પુરુષાર્થના પરિણામમાં એ વખતે આવી જાય છે. કદાચ પીડા વધે, અસહ્ય પીડા

થાય અને પ્રાણ છૂટી જાય તો આત્માના ભાનમાં છૂટે. આત્માનું ભાન ગુમાવીને પીડાની વેદનામાં તલ્લીન થઈને, લીન થઈને જ્ઞાની દેહ ત્યાગ કરતા નથી. એને સમાધિમરણ કહે છે.

આ અત્યારે આપણે લોકો સંપ્રદાયમાં લખે છે, ત્રણે સંપ્રદાયમાં લખવાની પદ્ધતિ છે. કોઈનું મૃત્યું થયું હોય, કાંઈ સાનભાન હોય નહિ તો કહે સમાધિમરણે દેહત્યાગ કર્યો છે. સમાધિમરણે મૃત્યુ કર્યું, સમાધિમરણે ગયા છે. સાચી વાત હશે? એમ ને એમ ખોટે ખોટું લખે. સમાધિમરણે ગયા છે. સમાધિ એને ક્યાં ભાન હતી. એ તો દુઃખમાં લીન થઈને બેશુદ્ધ થઈ ગયા હોય છે. પછી એને સંભળાવે નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં... એટલે કાંઈ સમાધિમરણ થઈ જાય? એ સાંભળે ક્યાં? એનો ઉપયોગ નથી. એનો ઉપયોગ દેહની અશાતામાં લીન થઈ ગયો છે. એને કાંઈ સંભળાતું નથી. સંભળાવનાર તક પકડે એટલે કહે, સમાધિમરણે મૃત્યુ થયું. વાત ખોટી છે. એમ સમાધિમરણ કહેવાતું નથી.

સમાધાનસ્વરૂપ, સર્વાંગ સમાધાનસ્વરૂપ આત્મામાં પરિણામ રહેતા હોય તો એને સમાધિમરણ કહે. નહિતર એને સમાધિમરણ કહેવાય નહિ. સમાધિમરણ તેને કહેવાય છે કે જેણે સમાધિમય જીવન જીવ્યું હોય તેને સમાધિમરણ થાય. અસમાધિમય જેણે જીવન જીવ્યું હોય, ક્યાંય સમાધાન થાય નહિ. હાલતાં ને ચાલતાં માથું ખરાબ થતું હોય આખો દિવસ, એને મૃત્યુ થાય તો સમાધિમરણ થાય ક્યાંથી? એને તો પીડામાં ને પીડામાં દુઃખની વેદનામાં પ્રાણ છૂટવાના છે. સમાધિમય જીવન જીવ્યા હોય તેનું મરણ સમાધિમય થાય. જેનું મરણ સમાધિમય થાય એ ગમે ત્યાં જન્મે તો એનું જીવન પાછું સમાધિમય ચાલુ થઈ જાય ત્યાં. જેવી પર્યાય ત્યાં ધારણ કરે નવા આયુષ્યની, સીધું ભેદજ્ઞાન ત્યાં ચાલુ થઈ જાય. પરિણતિ ચાલુ થઈ જાય એની. વચ્ચે ઉપયોગ નથી હોતો. ત્યાં પાછી એની પરિણતિ ચાલુ થઈ જાય.

મુમુક્ષુ :- સમાધિમય જીવન એટલે સમ્યગ્દૃષ્ટિએ જીવવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમ્યગ્દૃષ્ટિનું જીવન ભેદજ્ઞાનમય, સમાધાનમય, સુખમય જીવન છે. સાધકદશાવાળું જીવન છે. આત્માને સાધતા સાધતા દેહત્યાગ કર્યો છે. એ પાછુ અનુસંધાન કરશે. દેવલોકમાં જ્યાં જાશે ત્યાં વૈભવમાં લપટાશે નહિ. દેવલોકમાં કુમાર અવસ્થામાં ઉત્પન્ન થાય. ફૂલની પથારી, પલંગમાંથી આળસ મરડીને બેઠો થાય. ૨૫ વર્ષનો જુવાન ઉત્પન્ન થાય એવી રીતે. આમ જોવે તો બધા ખમ્મા ખમ્મા એને પ્રાર્થના કરતા હોય અને સ્તુતિ કરતા હોય કે ઓ..હો ! ભગવાન! તમે ક્યાંથી પધાર્યા! મહાન દેવાધિદેવ તમે છો અમારા. એની નીચેના હોય ને હિન પુણ્યવાળા? અહીંયાં

ખુશામતીયા હોય એમ ત્યાં પણ બધું એવું છે. સંસારમાં તો બધું એવું જ છે. કોઈ પ્રશંસા કરે. આ શું છે આ બધું? આ બધું નવું નવું શું છે? પોતે અંદર જુદો છે. આ વળી નવી ભૂતાવળ ક્યાંથી ઊભી થઈ? અંદરમાં પોતે જુદો છે. સંયોગ રહિત અસંગ તત્ત્વ છે, એ ભાનમાં જેણે દેહ છોડ્યો છે તે ભાન ત્યાં ચાલુ થઈ જાય. આ વળી નવી ભૂતાવળ ક્યાંથી ઊભી થઈ? સાવધાન થઈ જાય છે એકદમ. આ ભિન્ન પદાર્થોમાં મારે આસક્તિ કરવાનો પ્રશ્ન રહેતો નથી. બરાબર જાગૃત થઈ જાય છે. પછી એ ભોગ ઉપભોગમાં લપટાતો નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' સનતકુમાર દેવમાં જન્મ્યા ત્યાં પછી એવી જ રીતે...?

પૂજ્ય ભાઈશ્રી :- હા. જેટલા વૈમાનિક દેવમાં જ્ઞાની જાય છે એ બધા ત્યાં ભિન્ન રહે છે, જુદાં રહે છે. પોતાના આત્માને અંદરમાં સંભાળે છે, બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રની સંભાળ કરે છે. ચમત્કાર કરે, ક્યાંય શાસનને તકલીફ ઊભી થતી હોય તો ચમત્કાર કરે. કોઈ જ્ઞાનીને ધર્માત્માને, તો એ બધું બને છે કોઈવાર. જેની બહુ કિંમત નથી પણ બહારમાં એવો વિકલ્પ ધર્માત્માને આવે છે. બહારમાં તીર્થંકરો બિરાજમાન હોય, આ નંદિશ્વર આદિ શાશ્વત પ્રતિમા બિરાજમાન હોય ત્યાં જાય, ઉત્સવ કરે. એ બધા પ્રકારના પરિણામ (હોય છે). મિથ્યાદૃષ્ટિ દેવો ભોગ ઉપભોગમાં તલ્લીન થઈને એકેન્દ્રિયાદિનું આયુષ્ય બાંધે છે. આ જુદાં રહીને મનુષ્યપણાનું પાછું આયુષ્ય બાંધે છે. મનુષ્ય સિવાય બીજી ગતિ એને પછી ત્યાંથી હોતી નથી. ૨૬૮ (બોલ પૂરો) થયો.

**અહો ! દેવ-શાસ્ત્ર-ગુરુ મંગળ છે, ઉપકારી છે. આપણને તો દેવ-શાસ્ત્ર-ગુરુનું દાસત્વ જોઈએ છે.**

**પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છ. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉફકાર કેમ ભુલાય ?**

**ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.**

**પરમ-ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે. તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.**

**પૂજ્ય ગુરુદેવના ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો.**
**૨૬૯**

૨૬૯મો બોલ છે. 'ગુરુદેવશ્રી'નો મહિમા કર્યો છે. આવા અનેક બોલ છે. એ બોલ એમ સૂચવે છે કે શાસ્ત્ર સ્વાધ્યાયમાં શાસ્ત્રના વિષય ઉપરાંત ઉપકારી ગુરુદેવની ભક્તિ અને મહિમા કરવાનું પણ બનતું હતું. એ વિષયાંતર નથી પણ એ સ્વાધ્યાયનું એક અંગ છે. સ્વાધ્યાયનું એ અંગ છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ ઠેર ઠેર કરી છે. આમાં પણ ઠેર ઠેર આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'શ્રીમદ્જી'એ તો માર્ગદર્શન આપ્યું છે કે આત્મજ્ઞાન થયા પહેલાં શાસ્ત્રવાંચન કરવાનો ઉદય હોય, શાસ્ત્રવાંચન પરાણે કરવું છે એમ નહિ, કેમ મને બેસાડતા નથી એ પ્રશ્ન તો આત્માર્થીને હોય જ નહિ, પણ એને બેસાડે તો.. કહે, નહિ ભાઈ! તમારે તો વાંચવું જ પડશે. બધાનો ભાવ છે. તમારે તો બેસવું જ પડશે. તો એણે મુખ્યપણે સત્પુરુષના ગુણગ્રામ કરવા. એ સૂચના આપી છે.

શાસ્ત્રની વાત સમજાવવામાં હું સમજું છું અને તમને બધાને હું સમજાવું છું, એ ભાવની મુખ્યતા ન આપવી, એવા પ્રકારના પરિણામ ન કરવા પણ હું મારો સ્વાધ્યાય મારા ભાવમાં વધારે રસ પ્રગટ કરવા માટે મારો સ્વાધ્યાય હું કરું છું. આ ભાવો મને પણ રુચે છે. સત્શાસ્ત્રના ભાવો મારા પણ રસ અને રુચિના વિષય હોવાથી મારી રસવૃદ્ધિનું એ નિમિત્ત થાય છે. સાથે સાથે એના કહેનારા જે જ્ઞાનીઓ છે, નિરૂપણ કરનારા જે જ્ઞાનીઓ છે, એ જ્ઞાનીઓનો વિશેષ સમાગમ કરવા બીજા મુમુક્ષુઓને પ્રેરણા થાય, એના વચનો પ્રત્યે એને-મુમુક્ષુને વધારે પ્રેમ થાય, પ્રતીતિ થાય અને એની ગુણપ્રશંસાથી જ્ઞાનીનો વધારે મહિમા આવે. એ પ્રકારે એણે શાસ્ત્ર સ્વાધ્યાય કરવો, કરાવવો. એવી સૂચના આપી છે.

'જ્ઞાનામૃત'માં ખેંચેલું છે. એવી સૂચના કરી છે. એમ કરતાં તને તો લાભ થશે અને બીજાને પણ લાભ થશે. તને એ લાભ થશે કે હું મોટો જ્ઞાની કે હું મોટો વક્તા થઈ ગયો છું, એ વાત તને ઊભી નહિ થાય. કેમકે તારે બીજાનો મહિમા કરવાનો રહ્યો. એટલે તું નીચે અને એ ઉપર. એટલે હું મોટો એ વાત નહિ આવે. પોતાની નમ્રતા, વિનય જળવાય રહેશે અને એ નમ્રતા ને એ વિનય અભિમાનને ઉત્પન્ન થવા દેશે નહિ. બીજું, બીજા જીવોને પણ સત્પુરુષ પ્રત્યે લાભનો સમાગમ થવાની એને પ્રેરણા મળશે તો એ પણ સમાગમમાં જશે, એને પણ સત્સંગનો લાભ થશે. એ ખાસ વાત

લીધી છે.

મુમુક્ષુ :- અહીંયાં આપણે આ બધા બોલ વાંચીએ છીએ. બહુમાન થાય જ ને. એટલું માતાજી પ્રત્યે બહુમાન અત્યારે થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જેટલું ઓળખાણથી થાય એ ઓઘે ઓઘે ન થાય. 'ગુરુદેવે' પ્રસિદ્ધિ કરી એટલે ઓઘે ઓઘે તો સૌ માને કે પૂજ્ય બહેનશ્રી જ્ઞાની છે, એમને આત્મજ્ઞાન થયું છે, સમ્યક્જ્ઞાન વર્તે છે. પણ એ તો કોઈના કહેવાથી સ્વીકારેલી વાત છે. પણ એ કહે છે એ વાતના ઊંડાણમાં જાય અને ક્યાંથી કેવી રીતે આ વાત એમણે કહી? એ કહેવા પાછળ એમનું જ્ઞાન કેટલું વિશિષ્ટ પ્રકારે વર્તે છે, એ સમજનું ઊંડાણ કેટલું છે? એનાથી આત્માને લાભ કેટલો છે? અંતરનો વિષય કેવી રીતે ખોલીને બતાવે છે? ઓળખાણ થાય તો એનું બહુમાન બીજી રીતે આવે. વગર ઓળખાણે બીજી રીતે આવે એ તો સીધી વાત છે. આપણે તો આ બીજી વખત સ્વાધ્યાય ચાલે છે. પાંચ વર્ષ પહેલા એકવાર આ ગ્રંથનો સ્વાધ્યાય થઈ ગયો છે.

(પૂજ્ય બહેનશ્રી) પોતે જ્ઞાની છે તોપણ ઉપકારી 'ગુરુદેવ'નો સ્વધ્યાયની અંદર મહિમા કરે છે. અજ્ઞાનીએ તો કરવો એ પ્રશ્ન રહેતો નથી. વ્યક્તિની વિશિષ્ટતાનો આમાં પ્રશ્ન નથી. ઊંધી રીતે વિવાદમાં કોઈ ખેંચી જાય તો આ વિષય વિવાદમાં ખેંચી જવા જેવો નથી.

મુમુક્ષુ :- આ ગુણોની પૂજા છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો ગુણોની પૂજા છે. જેને ગુણોની પૂજા છે એને ગુણમૂર્તિની પૂજા થાય એ કોઈ મોટી વાત નથી. સહજ છે. ધર્મ જો પૂજનીય છે તો ધર્મના ધણી એવા ધર્મી આપોઆપ પૂજનીય છે. એમાં કહેવાની જરૂર રહેતી નથી.

**'અહો! દેવ-ગુરુ-શાસ્ત્ર મંગળ છે,...'** દેવ-શાસ્ત્ર અને ગુરુ ત્રણે મંગળ છે. ત્યાં વીતરાગતા હોવાને લીધે, મંગળનું કારણ એ છે. એને માંદગી મટાડી દેશે કે એની નિર્ધનતા મટાડી દેશે એ વાત અહીંયાં નથી. પવિત્ર છે, શુદ્ધ છે, વીતરાગભાવ સ્વરૂપ છે તેથી એને મંગળ કહેવામાં આવે છે. **'અહો! દેવ-ગુરુ-શાસ્ત્ર મંગળ છે, ઉપકારી છે.'** એ પોતાના સ્વભાવને પ્રદર્શિત કરતા હોવાથી ઉપકારી છે.

જ્ઞાનીની દૃષ્ટિ એવી છે કે અંદરમાં પોતાના વીતરાગભાવ સ્વરૂપ પોતાના આત્માને વીતરાગી ભાવે જોવે છે. બહારમાં સર્વજ્ઞદેવને જોવે તો એમ જોવે છે કે મારું આવું સ્વરૂપ સીધું બતાવે છે. આવું મારું સ્વરૂપ છે એ સીધે સીધું વગર બોલે, વગર કહે સીધું એ બતાવે છે. એટલે મારું સ્વરૂપ દર્શાવવામાં સીધું નિમિત્ત છે મને તો. સીધું જ મારું સ્વરૂપ બતાવે છે આ. બીજી રીતે એને જોતા નથી. એટલે નિમિત્ત પડે એને ઉપકારી

કહે છે. ઉપકારી છે એટલે એ મારું કાઈ કાર્ય કરી દે છે એમ અહીંયાં કહેવા માગતા નથી.

**'ઉપકારી છે. આપણને તો દેવ-શાસ્ત્ર-ગુરુનું દાસત્વ જોઈએ છે.'** મુખ્યતા જોઈએ છે, મારું પહેલું માન થવું જોઈએ, મારી ખુરશી પહેલી હોવી જોઈએ. હું Second chair નો માણસ નથી, First chair નો માણસ છું. એમ કહે ને માણસ? આ આખી Line જુદી છે. અજ્ઞાનીની વચ્ચે જ્ઞાની પણ એવી માગણી કરતા નથી કે માન આપીને મારી ખુરશી સૌથી મોઢા આગળ રાખો. એવી વાત હોતી નથી. એની નજર નીચે નથી. નીચેવાળા ઉપર એની નજર નથી. ઉપરવાળા ઉપર છે. ઉપર જાવું છે ને. જ્યાં જવું છે એ બાજુ નજર છે. બીજાં કરતાં હું સારો છું, બીજાં કરતા હું આમ કરું છું. બીજા આ નથી કરતા ને હું આમ કરું છું, એ દૃષ્ટિ છોડી દેવા જેવી છે, છોડવા યોગ્ય છે. એવું કદી વિચારી શકાય નહિ.

જેને ઉપર જવું છે, મારા કરતાં કોણ આગળ છે. દુનિયામાં પણ એમ જોવે છે કે નહિ? લાખ થાય તો દસ લાખવાળાની સામું જોવે છે. મારા વેવાઈ પાસે છે એટલું ક્યાં છે? હજી મારે એટલું મેળવવું (બાકી છે). હજી તોફાન કરીને પણ, તોફાન જ કહેવાયને! ગમે તેમ કરીને મેળવવું છે. મારો ભાઈ વધી ગયો છે એના કરતાં પણ મારે વધવું છે. જે જેને ઓળખતો હોય એને. કાંઈ સંબંધ ન હોય તો છેવટે બજારમાં વેપારી મારા કરતાં મોટી Party છે એના કરતા હું આગળ વધી જઉં. એક જ Lineમાં વેપાર કરતા હોય. પછી ગામ સામું જુએ, પછી પ્રાંત સામું જુએ, દેશ સામું જુએ પછી જગતમાં વિશ્વમાં પૈસાદાર કોણ મારા કરતાં? એમ ઊંચુ જ જુએ છે. નીચું જોવે છે કાંઈ? જોઈએ છે એ એ રીતે જોવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર છે એ તારા કરતાં વિશેષ છે. એવા ગુણની પ્રાપ્તિ કરવા માટે એની સામું તુ જો કે મારે પણ આવું થવું છે. અને તે પણ એમનું દાસત્વ સ્વીકારીને. આમ વાત છે.

મુમુક્ષુ :- આ Lineમાં બધા સમાધાન થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ અભિમાનનો અંકૂર ઊઠે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની સામે જોવે, માન ગળી જાય. ઉપદેશ લેનારને અને એમાં પણ ખાસ કરીને મનુષ્યની પર્યાયવાળાને માન તો પહેલા તોડવાની જરૂર છે. જેટલા સંપ્રદાયમાં ફાંટા પડ્યા છે એ માનને કારણે પડ્યા છે. જેટલા તોફાન થાય છે, જગતના વિગ્રહ થાય છે એમાં માન પહેલી વાત છે. પછી બીજી વાત છે. એટલે એ કુદરતી વ્યવસ્થા શું છે? વિચારીએ તો.

સમવસરણની અંદર દરવાજા આગળ માનસ્તંભ છે. આ જે ધર્મસભાની રચના થાય છે દેવો દ્વારા, ધનપતિ કુબેર ઇન્દ્રનો ખજાનચી રચના કરે છે તો એ પહેલાં ચારે

દરવાજા પાસે માનસ્તંભની રચના કરે છે. ઉપદેશ લેવા આવનારની પહેલી સ્થિતિ માન ગળવાની જરૂરી છે. ધર્મસભામાં સાંભળવા બેસે અને માનનું ઠુંઠ થઈને બેસે કે હું મોટો શેઠ, હું મોટો રાજા, હું મોટો પૈસાવાળો, હું મોટો નેતા, હું મોટો President, રાષ્ટ્રનો ફલાણો ઢીકણો. એને કાંઈ એનો બોધ અડે જ નહિ, સ્પર્શે જ નહિ ક્યાંય. કેમકે માનનું બખ્તર પહેરી લીધું. પતી ગયું. પહેલી વ્યવસ્થા અહીંયાં આ છે, ભગવાનની સભામાં. માન ગળે પછી આગળ ચાલે. એ સિવાય કોઈ પરિસ્થિતિ (માન ગળવાની નથી). ત્યાં કુદરતી એ વ્યવસ્થા છે.

શરૂઆતમાં વૈભવ ઘણો હોય છે. બાહ્ય વૈભવ. લોકોને માન છે બાહ્ય વૈભવનું, બાહ્ય .... ઓહોહો..! આ વૈભવ અને આ સભા છે! મારી પાસે તો કાંઈ નથી. આનો લાખ કરોડમો ભાગ મારી પાસે નથી. કોઈપણ સંપત્તિવાળો એમાં દાખલ થાય, ચક્રવર્તી, ઈન્દ્ર ગમે તે દાખલ થાય. ઈન્દ્રને પોતાને આશ્ચર્ય થાય છે કે આ મારા ખજાનચીએ ક્યાંથી કાઢ્યું? અને આ બનાવ્યું કેવી રીતે? મારી પાસે તો આટલો વૈભવ હતો નહિ. આ બન્યું કેવી રીતે? ખુદ બનાવનારને આશ્ચર્ય થાય છે. મારી કલ્પનામાં નહોતી એવી વાત ઊભી થઈ ગઈ છે. આ શું છે? એટલો ઝાકઝમાળ હોય છે. એવા બાહ્ય દૃષ્ટિવાળા જીવો તો શ્રીમંડપ સુધી પહોંચી શકતા નથી. કેટલાક તો બહારને બહાર અટવાઈને પાછા આવે છે. ત્યાં જોવામાં જ રહી જાય છે. એટલો તો બહારમાં ઝાકઝમાળ હોય છે. એ ગમે તેનું માન ગાળી લે છે.

અહીંયાં તો સમજણપૂર્વક વાત છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર છે એ આત્માના-મારા સ્વરૂપને દેખાડનારા છે. મારા આત્મરસમાં વૃદ્ધિ થનારા એ નિમિત્ત છે. મારા ચૈતન્યરસનું એ નિમિત્ત છે. એ મારા સુખના ઉત્પન્ન કરવામાં નિમિત્ત થાય છે. એ મારા ઉપકારી છે. એમનું મને દાસત્વ જોઈએ છે. હવે 'ગુરુદેવ'ના નામથી વાત કરે છે.

**'પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે.'** જુઓ! આત્મા મળ્યો છે એમ કહેવાના બદલે માર્ગ મળ્યો છે એ વાત પહેલી આવે છે. આજે પણ ધ્યાન ખેંચશો તો એ વાત પહેલી આવે છે. 'ગુરુદેવે' માર્ગ દેખાડ્યો છે. કેમકે આ આખો જે વિષય છે, આત્માનો, અધ્યાત્મનો વિષય છે એ વિષયમાં સૌથી કોઈ સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાત હોય તો એ માર્ગની છે. **'आत्मनः तत्त्वम्'** આત્માનું એ તત્ત્વ છે. તત્ત્વનું એ તત્ત્વ છે. અંતર્મુખ થવાની વિધિ અને માર્ગ એ જો અંદરમાં પોતાને સૂઝે તો એ સૂઝાડનાર પ્રત્યે એને કેવી રીતે સૂઝ્યું અને કેવી રીતે સૂઝાવડાવ્યું? એ એને સમજાય છે. ત્યાં સુધી એને સમજાતું નથી. કહેનાર તો કહે છે પણ જ્યારે પોતાને સૂઝે છે ત્યારે એને ખબર પડે છે કે કેવી રીતે આનો પત્તો મને લાગ્યો?

'સોભાગભાઈ'નો વિષય છે ને 'ઈડર'નો? છેલ્લે છેલ્લે 'ઈડર' લઈ ગયા. જ્ઞાનની પ્રાપ્તિ... શરીરની અવસ્થા તો છેલ્લી હતી. થોડા દિવસ પછી તો મૃત્યુ હતું. વૃદ્ધાવસ્થાને લઈને માંદગી તો છેલ્લા છ-આઠ મહિનાથી લાગુ પડી ગઈ હતી. તદ્દન અશક્ત શરીર હતું અને 'ઈડર' લઈ ગયા હતા. 'ઈડર' તો એટલા માટે કોઈ બીજાની વચ્ચે દખલ ન ઊભી થાય. પણ માર્ગ ત્યાં દેખાડ્યો છે. આત્મા દેખાડ્યો અને આત્માનો માર્ગ ત્યાં દેખાડ્યો. બેય સંધી એકસાથે જ છે. જુદી પડી શકે એવી ચીજ નથી.

**'પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે.'** કેટલો? એક બાજુથી નહિ, ચારે બાજુથી-ચોતરફથી વિષયને સ્પષ્ટ કરી દીધો છે. અનેક રીતે, એકના એક માર્ગને કહેવા માટે અનેક રીતે અનેક શૈલીથી એ વાત કરી છે. જોનારને એની શોધ હોય તો મળે છે, શોધ ન હોય તો મળતો નથી. જે માર્ગને શોધે છે, અંધારામાં ભલે ઊભો છે, કોઈ એમ કહે કે ભાઈ! અંધારુ છે એકલું અંધારુ છે, આમાં માર્ગ કેવી રીતે મળે? તો કહે છે, પ્રકાશ થાય તો? તો કહે, તો મળે. તો અંધારામાં જેમ પ્રકાશ અછાનો રહેતો નથી. ઢંકાયેલો રહે અંધારાની અંદર પ્રકાશ? એમ જે માર્ગને શોધે છે એને શ્રીગુરુના વચનમાં માર્ગ પ્રકાશની જેમ દેખાય છે. અંધારામાં પ્રકાશ દેખાય એવી રીતે દેખાય છે. પણ જો પોતે શોધતો હોય તો. ન શોધતો હોય તો એને દેખાડે છે તોપણ દેખાતો નથી. આ સ્થિતિ છે. બહુ ચોખ્ખે ચોખ્ખી વાત છે, ગોળ ગોળ નથી. સીધી ચોખી વાત છે કે કેમ આટલા વર્ષ સાંભળ્યું ને માર્ગ ન જડ્યો? કહે છે, તેં કદી શોધ્યો નથી. સામે બેઠો છો, સાંભળવા બેઠો છો પણ માર્ગની શોધ વિના. આમ વાત છે. એ દેખાશે નહિ. માર્ગની શોધ હોય તો ન દેખાય એવી પરિસ્થિતિ છે જ નહિ. આમ છે.

જેમ કર્યો કોયડો કોડીનો નહિ એમ કહે છે ને? આપણે ગુજરાતીમાં એ કહેવત છે. અરે..! આટલી બધી અઘરી વાત કેમ થતી હશે? તો કહે, આ ચપટી વગાડો એમ થાય છે. એટલું સહેલું અને સરળ હોય છે. એવું જ આમાં છે. કોયડો છે જરૂર. અનાદિથી માર્ગ નથી મળ્યો એટલે એક બહુ મોટી સમસ્યા છે, એક બહુ મોટો કોયડો છે. પણ જો એ માર્ગ બતાવનારા મળે તો લેનારો ચૂકે છે એ પોતાની ક્ષતિને લઈને ચૂકે છે, પોતાની ખામીને લઈને ચૂકે છે. પોતાની ખામી દૂર કરે તો માર્ગ દેખાડનારા ત્રણે કાળે આ જગતમાં વિદ્યમાન છે, વિદ્યમાન હોય છે. એ મળી જાય છે, તરત જ માર્ગ એને મળી જાય છે.

માર્ગની એને પોતાને શોધ હોવી જોઈએ. વળી બતાડનારા એમ કહેશે કે ભાઈ!

તારી જિજ્ઞાસા છે... જુઓ! આવે જ છે, ૨૭૦માં જ છે. તરત જ છે. ૨૬૯ પૂરો થાય ને સીધી જ વાત (લ્યે છે). **'પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે.'** તને માર્ગ સૂઝતો નથી અને બધું આડું આડું દેખાય છે પણ તારી જિજ્ઞાસા હોય તો એ માર્ગ કરે છે. એ અંદરમાં માર્ગ કરી દ્યે છે. કઈ દિશામાં આગળ વધવું? જિજ્ઞાસા પણ નથી, પાત્રતા પણ નથી, માર્ગને શોધતો નથી અને મને કેમ અનુભવ થતો નથી? એવી અભિલાષા, આશા ધરે એ ખોટી-જૂઠી આશા ધરે છે. એને કરવું નથી. ખરેખર કરવું નથી.અને કાર્યનું ફળ કેમ મળતું નથી? આ વાત બેહૂદી છે. એ વાત બરાબર એને લાગુ પડતી નથી.

મુમુક્ષુ :- સમવસરણમાં આ જ બાકી રહી ગયું ને? જિજ્ઞાસા વગર ગયો તો કોરો રહી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- જિજ્ઞાસા વગર ગયો, માર્ગને શોધતો નથી, એને દરકાર નથી. જેટલી દરકાર કરવી જોઈએ એટલી દરકાર કરતો નથી. આ સીધી ચોખ્ખી વાત છે. એમાં ગોળ ગોળ ચાલે એવું નથી. દરકાર કરે તો મળ્યા વિના રહે નહિ. એક વસ્તુ વ્યવસ્થા છે આ, એમાં કાંઈ ફેર પડતો નથી. અપવાદ ખાતર, અનંતા જે પણ જીવોને માર્ગ મળ્યો એમાં અપવાદ ખાતર કોઈને પણ આમાં નિષ્ફળતા પ્રાપ્ત થઈ હોય એવો એક પણ Case નથી. એવો બહુ Solid વિષય છે. એટલે ઉપકારી પ્રત્યે બહુમાન કરવાનો અહીંયાં વિષય છે. વિશેષ લઈશું...

**સત્પુરુષના વચનોમાં આત્મહિત થાય તેવું પૂરું નિમિત્તત્વ હોય છે. લક્ષ્ય-સ્વરૂપનો બોધ થવામાં 'અચુકપણે' તે નિમિત્ત થાય છે. જે જીવની તથારૂપ પાત્રતા અર્થાત્ યોગ્ય તૈયારી હોય તો ખચિતપણે કાર્ય સિદ્ધ થાય છે. અહો ! નિજ પૂર્ણ વીતરાગ સ્વભાવ ઉપરની ભીંસમાંથી પ્રગટેલી વાણી ! આવી વાણી અમોઘ-રામબાણ જ હોય ને ! તે નિષ્ફળ કેમ જાય ! તેની સફળતા સાથે કુદરત બંધાયેલી છે. તેથી આ વાણી પણ (વ્યવહારથી) પૂજ્ય છે. ('અનુભવસંજીવની' બોલ નં.૧૬૨)**

## તા. ૩-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૬૯, ૨૭૦
## પ્રવચન નં. ૨૧૧

૨૬૯ બોલ ચાલે છે. બીજા Paragraphથી. '**પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે.**' પોતાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી માર્ગની પ્રાપ્તિ થઈ છે. એમાં પૂજ્ય 'ગુરુદેવશ્રી'નો ઉપદેશ છે એ નિમિત્ત છે. એમાંથી માર્ગ મળ્યો છે. સાધકજીવને પુરુષાર્થ પોતાનો હોવા છતાં એ પુરુષાર્થમાં બીજા જ્ઞાનીનું, બીજા મહાપુરુષનું નિમિત્ત હોય છે. એમનો ઉપકાર પણ અસાધારણ રીતે ગાવામાં આવે છે. પોતાને મુક્તિનો માર્ગ 'ગુરુદેવ'થી મળ્યો છે એ વિષય સ્પષ્ટ થાય છે. '**તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે.**' મોક્ષમાર્ગ છે એ કઈ રીતે ઉત્પન્ન થાય? ક્યું કારણ આપવાથી મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય? એ વિષય બધા પડખેથી, ચારે બાજુથી એટલે બધા પડખેથી પ્રકાશ્યો છે એટલે સ્પષ્ટ કર્યો છે. એનો ઉપદેશ કર્યો છે. એવા માર્ગ પ્રકાશક માર્ગના દેનારા '**ગુરુદેવ'નો અપાર ઉપકાર છે**'.

ઉપકાર વિષયક વિશેષ વાતો 'પરમાગમસાર'ના ગ્રંથના અનુમોદનાર્થે લખી આપેલા એમના વચનો છે એમાં ઘણી વાતો છે. અહીં સંક્ષેપમાં છે. ત્યાં બે Page ભરીને વાત લખી છે. પોતા ઉપરની વાતમાં બહુ વાત એમણે માર્મિક લખી છે કે આપના ઉપકાર તો હૃદયપટ ઉપર કોતરાઈ ગયેલા છે. એટલે કોતરાઈ ગયેલી વાત ભૂંસાવાનો પ્રશ્ન રહેતો નથી. એ વાત હવે વિસ્મૃત થઈ જશે અને આપની આજ્ઞાથી કાંઈ અમે વિરુદ્ધ ચાલશું એવું ત્રણ કાળમાં બનશે નહિ. કોતરાઈ ગયેલી ચીજ ભૂંસાતી નથી એટલે ઉપકાર હવે ભૂંસાવાનો નથી. ઉપકારથી વિરુદ્ધ જાય તો અપકાર છે, દ્રોહ છે. એવું કદી અમારાથી બનશે નહિ.

બીજી એક વાત એ પણ લખી છે કે આ આત્માની દરેક પર્યાયે આપનો ઉપકાર વર્તે છે. એ પણ વિશેષ વાત લખી છે. સમય-સમયનું જે પરિણમન છે, શુદ્ધ પરિણમન છે એ શુદ્ધ પરિણમનમાં ભલે પોતાનો પુરુષાર્થ વર્તે છે તોપણ એમાં ઉપકાર આપનો વર્તે છે. જો આપે માર્ગ દર્શાવ્યો ન હોત, જે સ્થિતિમાં મેં માર્ગ ગ્રહણ કર્યો એ સ્થિતિનો ભૂતકાળ ખ્યાલ બહાર નથી. અજ્ઞાનનો અંધકાર કેવો હતો એ બરાબર અનુભવગોચર છે, એ વિષે ખ્યાલ બહાર નથી. અને એ માર્ગ દર્શાવ્યો એ દર્શાવ્યો તો જોયો અને ન દર્શાવ્યો હોત તો કદાચ ન જોયો હોત. એ વાત પોતાને સ્પષ્ટ લાગે છે. એટલે એમ કહે છે કે હવે પછીથી, અત્યારે ચાલુ રહેલી ત્યારપછીની જેટલી કોઈ શુદ્ધ

પર્યાયો છે એ તમામ શુદ્ધ પરિણમનમાં આપનો ઉપકાર વર્તી રહ્યો છે.

માણસ કહે ને, ભાઈ! તમે ખરે વખતે મદદ ન કરી હોત તો અત્યારે અમારી પાસે આ લાખો, કરોડો, અબજો છે એ ન હોત. તો આ બધા છે એના મૂળમાં તમે ઊભા છો. તમારો મૂળમાં ઉપકાર છે. તમે જે કહો એમાં અમારે બધું સંમત જ કરવાનું હોય અને તમે કહો એથી વિરુદ્ધ જવાનો પ્રશ્ન હોઈ શકે નહિ. લૌકિકમાં, સજ્જનતામાં પણ એટલો વિષય હોય છે, આત્માર્થીની વાત તો લોકોત્તર સજ્જનતાની હોય છે.

એવા '**ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભૂલાય?**' જે હૃદયપટમાં કોતરાઈ ગયો હોય એ ભૂલાય કેવી રીતે? કે એ ભુલાવાનો, વિસ્મૃત થવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. '**ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે.**' 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં સ્વાધ્યાયની અંદર 'ગુરુદેવ'નો મહિમા ચાલતો હતો એટલે અહીંયાં વર્તમાનકાળની વાત ચાલી છે. '**ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે.**' અત્યારે પણ દ્રવ્ય તો છે જ ને. અહીંયાં નથી. 'ગુરુદેવ' આ ક્ષેત્રે નથી પણ 'ગુરુદેવ'નું દ્રવ્ય કોઈ ક્ષેત્રે નથી એમ તો નથી. જ્યાં છે ત્યાં એમનું દ્રવ્ય અલૌકિક છે. અહીંયાં હતા તો પણ અલૌકિક છે, ત્યાં છે તો પણ અલૌકિક છે અને જ્યાં હશે ત્યાં પણ અલૌકિક જ છે. '**ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે.**' તીર્થંકરદ્રવ્ય છે ને! અને '**તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.**' એનું દ્રવ્ય તો અલૌકિક છે (પણ વાણી પણ આશ્ચર્યકારી છે).

એક વખત 'ગુરુદેવ'ના પોતાના શ્રીમુખેથી એ વાત નીકળી ગયેલી. ૧૦૪ Degree જેટલો તાવ હતો. વાતચીત કરતાં હતા એ બેઠા-બેઠા Normal courseમાં બધા વાત કરે એવી રીતે વાત કરતા હતા. રાત્રે તાવ માપ્યો. ૧૦૪ Degree તાવ છે. લાગે તો છે કે તાવ છે. ઉષ્ણ તો લાગે છે થોડું. એમ કહ્યું. થોડું શું, આ તો ૧૦૪ Degree છે. આમાંથી ૧૦૫ થતા શું વાર લાગે, કાંઈ ખબર ન પડે. સાધારણ માણસને તો ૧૦૪ Degree હોય એટલે પથારીમાં ઢીલોઢબ થઈને નખાય જાય. આ તો બહુ સાજા માણસ બેઠા હોય એ રીતે વાતચીત કરતા હતા. આપણને એમ કે કાંઈ ખ્યાલ નથી આવતો આટલો બધો તાવ છે. 'કોણ જાણે કે આ દ્રવ્ય જ કોઈ એવું છે.' આ દ્રવ્ય જ કોઈ એવું છે. પોતાને પણ એક આશ્ચર્ય લાગે કે જે સાધારણ માણસોને જેવી શરીરની માંદગી વગેરેની માનસિક અસર થાય એ વસ્તુ જ જાણે નથી. પોતે પોતાના સ્વભાવમાં જ્ઞાનરસમાં પડ્યા છે એ રસમાં જ પડ્યા છે. આત્મરસમાં પડ્યા છે. એ બધી અંતર પરિણતિની જેને ઓળખાણ છે એનો મહિમા દ્રવ્યથી કરવામાં આવે છે.

'**ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન...**' છે એ પણ '**આશ્ચર્યકારી**

**છે.**' વાણીનો યોગ છે એ પણ આશ્ચર્યકારી છે. વાણી તો આત્માને નથી હોતી પણ યોગ હોય છે. પુણ્યયોગ હોય તો ભાવ છે એનું ભાષા દ્વારા વ્યક્તપણું થવાનો યોગ બને છે. શ્રુતજ્ઞાન આશ્ચર્યકારી છે એટલા માટે લીધું કે 'ઉમરાળા'ની નિશાળમાં સાત ચોપડી ભણેલા, એ સિવાય તો બીજું કાંઈ ભણતર હતું નહિ. કોઈ સંસ્કૃત વ્યાકરણનું ભણતર નહીં. સંસ્કૃતની વિભક્તિઓનો બધો અર્થ કરતા હતા. વ્યાકરણની ક્યારેક ક્યારેક વિદ્વાનોની સાથે વાતચીત થાય એના ઉપરથી પકડી લે કે આની અંદર કેવી રીતે ભાષાને વ્યક્ત કરવાની ભાષાની પદ્ધતિ છે. વ્યવસ્થિત પદ્ધતિ શું છે વ્યાકરણની, એ થોડામાં ખ્યાલ આવી જાય. જ્ઞાન વિશેષ હોય એટલે થોડામાં ખ્યાલ આવી જાય.

એ વિષયમાં એમના જે શ્રુતજ્ઞાન વિષે જે તે શાસ્ત્રો હતા, જે તે ન્યાયનો વિષય હતો, જે તે અધ્યાત્મનો વિષય હતો, એટલી ભવ્ય વિશાળતા હતી. એમાં Phd. એકડિયા જેવો લાગે એને પાસે. એ વિષયમાં કોઈ Phd. થવા જાય તો એકડિયા જેવો લાગે. એટલા એ વિષયમાં આગળ હતા. ડૉક્ટરો સાંભળવા આવતા હતા. મોટા મોટા ડૉક્ટરો સાંભળવા આવતા હતા. 'રાજકોટ'માં તો બધા ખાસ છે. એ તો બધા શરીરના ડૉક્ટર, એ તો બધા શરીરના ડૉક્ટર કહેવાય છે પણ શરીરમાં પણ ડૉક્ટર કરી શકતા નથી. પણ આપ તો આત્માના ડૉક્ટર છો એમ કહેતા. આત્મામાં રોગ થયો છે એ કાઢવા માટેનું ઔષધ એની સલાહ-સૂચના એનું માર્ગદર્શન, એનો ઉપદેશ આપની પાસે છે.

'**ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.**' એમણે શ્રુતજ્ઞાનના વિષયક કેટલા કેટલા મુખ્ય વિષયો પ્રકાશ્યા છે એ 'પૂજ્ય બહેનશ્રી'એ આ જગ્યા લખ્યું છે. પોતાના હસ્તાક્ષરમાં જે 'ગુરુદેવ'ના ઉપકારના વચનો લખ્યા છે એમાં (લખ્યું છે), '**આપના અંતરમાં ચૈતન્યરત્નાકરસ્પર્શી સાતિશય શ્રુતજ્ઞાનની ચમત્કારી સમ્યક્ પર્યાયોના ઝગમગતા જ્ઞાન-દીવડા પ્રકાશી રહ્યા હતા. આપની સાતિશય વાણી ચૈતન્યદેવનો અદ્‌ભુત ચમત્કાર દેખાડનારી હતી.**' વાણીથી એ ખ્યાલ આવતો હતો.

શાસ્ત્રોના અને આત્મદેવના ઊંડા સૂક્ષ્મ હાર્દ પ્રકાશ્યા છે. એમાં કેટલા કેટલા વિષય આવ્યા એની મુખ્ય મુખ્ય વાત કરી છે. ઉપાદાન-નિમિત્તનો વિષય સ્પષ્ટ કર્યો છે. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહારનો વિષય મોક્ષમાર્ગને વિષે કેવો હોય તે સ્પષ્ટ કર્યો છે. દ્રવ્યદૃષ્ટિનો વિષય પણ સ્પષ્ટ કર્યો છે-સમ્યક્શ્રદ્ધાન. આત્મા જ્ઞાતા છે. કર્તા પણ છે, અકર્તા પણ છે અને સ્વાનુભવની નિર્વિકલ્પ દશા.. આ બધા સૂક્ષ્મ વિષયો (છે), એ વગેરે '**ચૈતન્યની અદ્‌ભુતતા છે વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે.**' એવા 'ગુરુદેવ'નો પોતાના ઉપર

અનંત અનંત ઉપકાર છે. એ અહીંયાં ગ્રંથમાં લખે છે. પ્રકાશન વખતે માગણી કરી હતી કે 'ગુરુદેવ'ના વચનામૃત પ્રકાશિત થાય છે તો એ વિષય ઉપર આપના બે શબ્દો લખી આપો. બે page ભરીને લખી આપ્યું છે. એ વખતે તો સ્વાસ્થ્ય બહુ કમજોર હતું. લખવાની પણ એટલી શક્તિ નહોતી. એ દિવસોમાં લખી આપ્યું.

**'તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે. પરમ-ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે,...'** એ તો લીધું છે ને દેવ, ગુરુ, શાસ્ત્ર મંગળ છે. અહીંયાં કહે છે **'પરમ-ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય પણ મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે. તેઓશ્રી મંગળમૂર્તિ છે,...'** એમની માંગલિકતા... કોઈ સારું કાર્ય થવાને માટે લોકો મંગળ મુહૂર્ત જોવે છે ને! લૌકિકમાં તો બધું તિર્યંચનો પણ એની અંદર સમાવેશ લોકોએ કર્યો છે. આ તો 'ગુરુદેવ'શ્રી પોતે અલૌકિક તીર્થંકરદ્રવ્ય છે. પોતાના મોક્ષમાર્ગના પ્રયાણમાં પહેલા માંગળિક ... એમ કહે છે.

જેમ કોઈ કહે, અમારે દેશ-દેશાવર જાવું હતું અને શુકન જોયા. શુકન જોયા. ....મંગળ શુકન જોવે છે કે નહિ ? છતાં ત્યાં તો થાવું હોય તે થાય. એ Accident થઈ જાય. શુકન જોયા હોય તોપણ, હોં! આ તો મોક્ષનો માર્ગ છે એમાં 'ગુરુદેવ'ના શુકન છે. હવે અપ્રતિહત માર્ગમાંથી પાછા ફરવાનો પ્રશ્ન રહેતો નથી. અલ્પ કાળમાં કેવળજ્ઞાન લીધે છૂટકો. એવા આ શુકન છે. એટલે એમ લ્યે છે, પરમ ઉપકારી 'ગુરુદેવ'નું દ્રવ્ય મંગળ છે. તેમની અમૃતમયી વાણી મંગળ છે અને તેઓશ્રી મંગળમૂર્તિ છે. બધી રીતે તેઓ મંગળિકતાની મૂર્તિ છે. પોતે પવિત્ર છે અને બીજાને પવિત્રતામાં એ નિમિત્ત છે, એમ કહેવું છે.

**'ભવોદધિતારણહાર છે.'** ભવની અંદર ભવનો દરિયો સમુદ્ર છે. ૮૪ લાખ યોનિમાં જીવ જન્મ-મરણ કરે છે. ડૂબકા ખાય છે. ભવસમુદ્રમાં જીવ ડૂબકા ખાય છે. ઉદધિ એટલે સમુદ્ર. ભવની ઉદધિમાંથી તારનારા છે. ભવસમુદ્રમાંથી જેમ કોઈ હાથ પકડીને ડૂબતાને ખેંચી લે એવો અનુભવ જે ભવસમુદ્રમાંથી ડૂબતો બચે છે, જેના નિમિત્તે બચે છે એને એવો અનુભવ થાય છે.

જેમ કોઈએ આશા છોડી જ દીધી હોય કે હવે મર્યા, હવે ડૂબ્યા, ગયા તળીયે. અહીંયાં ક્યાંય કાંઠો દેખાતો નથી અને આ અગાધ સમુદ્રમાં ક્યાંય હવે નીકળવાનો આરો-વારો નથી. આશા છોડીને આંખ્યું મીચી જાય. એ વખતે કોઈ હાથ પકડીને બહાર ખેંચી લે. એને એવો અનુભવ થાય અરે...! શું થયું આ? મેં તો આશા છોડી દીધી હતી. મને પકડ્યો. કેવી રીતે બહાર આવી ગયો? કોઈ ચમત્કાર થઈ ગયો!

એમ ભવસમુદ્રમાં ડૂબતા જીવને જ્યારે કોઈ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનમાં કોઈ

મહાપુરુષ નિમિત્ત પડે છે ત્યારે એને એ પ્રકારનો અનુભવ થાય છે. અત્યારે ડૂબતો બચ્યો છું અને હવે પછી ક્યારેય ભવસમુદ્રમાં ડૂબકી ખાવાનો પ્રશ્ન રહેતો નથી. કાયમ માટે બચી ગયો. પેલું તો અત્યારે બચાવ્યો હોય તો આયુષ્ય પૂરું થાય ત્યારે ફરીને પાછો ગમે તે નિમિત્તે જીવ દેહત્યાગ કરે. અહીંયાં એ પ્રશ્ન રહેતો નથી. સદાને માટે જેના જન્મ-મરણના દુઃખોનો નાશ થાય છે એવો ઉપકાર જોઈને એમને ભવઉદધિના તારણહાર કહેવામાં આવે છે.

અહીંયાં ... નથી કોઈ લગાડવાનું. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકતું નથી. ભક્તિનો વિષય જ એવો છે. ભગવાનની સામે, શ્રીગુરુની સામે જોવે ત્યારે એમ જ કહે, આપ જ અમારા તારણહાર છો. આપ ન હોત તો અમે ડૂબી ગયા હોત, તર્યા ન હોત અને ડૂબી ગયા હોત. ડૂબી જ ગયા હોત. એમ જ કહે.

મુમુક્ષુ :- મુનિરાજ પણ એવી જ ભક્તિ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- મુનિઓ પણ એવી ભક્તિ કરે. કેમકે ત્યાં કોઈ દ્રવ્યાનુયોગનો વિષય નથી ચાલતો, અહીંયાં ભક્તિનો પ્રકાર ચાલે છે. દ્રવ્યાનુયોગમાં દ્રવ્યથી વસ્તુની વ્યવસ્થા શું છે એનું જ્ઞાન બરાબર છે, એ જ્ઞાન જળવાય રહે છે, એ જ્ઞાન ભૂંસાતુ નથી, એ જ્ઞાનને તોડીને કોઈ વાત નથી, એ જ્ઞાનથી વિરુદ્ધ જઈને પણ કોઈ વાત નથી. છતાં એવી ભક્તિ કરે કે ભક્તિનો ભાવ અને જ્ઞાનનો ભાવ બંનેનું સંતુલન અનેકાંતિકપણે એક પર્યાયમાં જળવાઈ રહે એવો આ માર્ગ છે. એનું નામ અનેકાંતિક માર્ગ છે. એક પર્યાયમાં બેય જળવાય રહે. જ્ઞાનની સમતુલા જ્ઞાન ખોવે નહિ. ભક્તિમાં ગમે તેટલી અતિશયોક્તિ થાય તોપણ એ સંમત છે. એમાં કોઈ અતિશયોક્તિનો પ્રશ્ન નથી. ભક્તિ તો ભક્તિની રીતે જ થાય. ભક્તિ કોઈ દ્રવ્યાનુયોગના વિજ્ઞાનની વાતોથી થાય નહિ.

એમણે એક બહુ સરસ વાત નાખી છે કે મુમુક્ષુનું હૃદય તો ભીંજાયેલું હોય છે. હૃદય ભીંજાયેલું હોય છે એટલે શું? કે દ્રવ્યાનુયોગ શીખે એટલે શુષ્કજ્ઞાની થઈ જાય એમ નહિ. એને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના ભક્તિના ભાવોથી એનું હૃદય ભીંજાયેલું જ રહે છે. એનું સમર્પણ, એની અર્પણતા બીજાં કરતાં અસાધારણ હોય છે. એવું એનું હૃદય હોય છે.

મુમુક્ષુ :- આ માર્ગમાં Extra ordinary balance રાખવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- Balance રહી જાય છે. છે Extra ordinary પણ Balance રહી જાય છે, એવું જ Balance રહી જાય છે. આ લૌકિકમાં કોઈએ મદદ કરી હોય અને પોતે બહુ મોટી શ્રીમંતાઈમાં આવ્યો હોય તો એને ખબર નથી કે મેં

વેપાર કેવી રીતે કર્યો? એમાં કુનેહ કેવી રીતે વાપરી? બુદ્ધિકૌશલ્ય કેટલું વાપર્યું? ક્યાં ક્યાં કેવી કેવી રીતે મારે ખુબીથી કામ કરવું પડ્યું. તોપણ કહે છે, જો ... વાત ન હોત તો આ બધું શું કામ આવત? આ તો બધું હતું, બુદ્ધિ હતી પણ બુદ્ધિ શું કરે? એમ જોવાય છે. એને જ્ઞાન બધું હોય છે. જે તે પ્રકારે જે કાર્ય થાય છે એનું જ્ઞાન હોય છે છતાં પણ ઉપકાર તો ઉપકારની રીતે જ કહેવામાં આવે છે, બીજી રીતે કહેવાતો નથી અને એ યોગ્ય જ છે. એ કાંઈ અયોગ્ય નથી. તે યથાર્થ જ છે. અયથાર્થ નથી એ વાત.

મુમુક્ષુ :- ઉપકાર બરોબર વર્તે જ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપકાર વર્તે છે અને એ પ્રકારનું સહજ કુદરતી પરિણમન ન હોય તો નિયમથી અવગુણ ઉત્પન્ન થયા વિના રહે નહિ. અવગુણનો રક્ષકભાવ છે. એ 'શ્રીમદ્જી' સ્પષ્ટ કર્યું છે એ પડખું.

માનાદિક શત્રુ મહા નિજ છંદે ન મરાય,
જાતાં સદ્ગુરુ ચરણમાં અલ્પ પ્રયાસે જાય.

કેમકે શાસ્ત્ર ભણશે (એટલે) ક્ષયોપશમ વધાવાનો છે. સંયમ પાળશે તો બીજા અસંયમી કરતાં પોતાનો દરજ્જો, પોતાનો પ્રકાર જુદો છે, ઊંચો છે એને ખ્યાલ આવ્યા રહેવાનો નથી. તો એ બધા પ્રકારમાં માન નહિ ચડવા માટે એની પાસે શું સાધન છે? કે એક તો પોતાની દ્રવ્યદૃષ્ટિ સાધન છે. પણ એ તો અંતરનો વિષય થયો. પરિણામ બહાર પણ જાય છે. બહારમાં શું સાધન છે? એકલા પરિણામ જો સર્વથા અંતર્મુખ રહે તો સિદ્ધદશા થઈ જાય. એના માટે તો વ્યવહારનો ભક્તિનો વિનયનો પ્રશ્ન રહેતો નથી. અરિહંતપદથી વ્યવહારભક્તિ બંધ થઈ જાય છે. વ્યવહારભક્તિ તો છદ્મસ્થ હોય ત્યાં સુધી હોય છે. એ 'ગુરુદેવે' લીધું ને? છદ્મસ્થને વૈયાવચ્ચ આદિ નથી હોતા. ઉપકાર કરે છે 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન' પણ એ ભગવાન અરિહંત થઈને બહારનો વ્યવહાર કરે એવું બનતું નથી. કેમકે એ રાગયુક્ત પ્રવૃત્તિ છે. રાગ બહારમાં જાય તો એને અહંમપણું ન થાય એનું સાધન સદ્ગુરુ છે, એમ કહેવું છે. સરળપણે.

મુમુક્ષુ :- ભક્તિ હોય તો અવગુણ ઉત્પન્ન ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- અવગુણ ન થાય. નહિતર શુષ્કતા આવ્યા વિના રહે નહિ. અવગુણ જ થાય એને. કુદરતી છે.

મુમુક્ષુ :- આમ તો એ કુદરતી ચીજ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સહજ જ એમ છે. ભક્તિ કૃત્રિમતાથી કરવી પડે તોપણ એ ખોટો વિષય છે. એને સહજ જ ભક્તિ અંતરમાંથી ઉમટે, ઉમટી પડે એનું નામ

સહજતા છે. એક દૃષ્ટાંત આપ્યો હતો.

'સોગાનીજી'નું જીવન જે છે એ બહુ જીવંત દૃષ્ટાંત છે. દ્રવ્યદૃષ્ટિની એટલી બધી કડક વાતો એમણે લીધી છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર અનાયતન છે. સહન ન કરી શકે. બીજી બાજુ, 'ગુરુદેવ'ની એટલી જ જોરથી ભક્તિ કરી છે કે અનંત તીર્થંકરોથી પણ મારા માટે અધિક છે. આ બે વાત એકસાથે આવી કેવી રીતે? આ વિષયનું રહસ્ય છે. એક સાથે એક જ વ્યક્તિને બે પ્રકરના આવા વિરુદ્ધ દેખાતા પરિણામ અને છતાં અવિરોધપણે રહે છે એવા પરિણામ, સાથે રહે છે અવિરોધપણે એવા પરિણામ, એ જ આ વિષયનું રહસ્ય છે. એમ જ હોય, બીજી રીતે બને નહિ. જેટલો નિશ્ચય ઉગ્ર, એટલી જ ભક્તિ ઉગ્ર.

બીજું એવું જીવંત દૃષ્ટાંત છે 'નિયમસાર' પરમાગમ. 'નિયમસાર'ની અંદર ક્ષાયિક પર્યાયને '**परद्रव्यं परभावं हेयं इति**' કહ્યું. ૫૦મી ગાથામાં એ વાત કરી 'પદ્મપ્રભમલધારીદેવે'. 'પદ્મપ્રભમલધારીદેવ'નો નિશ્ચયનો વિષય બહુ તીખો છે. જેવો આ 'સોગાનીજી'નો જોવા મળે છે એવો જ તીખો વિષય છે. છતાં જ્યાં જ્યાં એમણે ભક્તિ કરી છે ત્યાં એટલી જ જોરથી ભક્તિ કરી છે. ભવસમુદ્રમાં ભવસમુદ્રની મધ્યમાં મગરમચ્છના મોઢામાં અમે પકડાયેલા છીએ. એને છોડાવનારા આપ જ છો. ભગવાનની સ્તુતિ કરે છે. ભવસમુદ્રમાં ડૂબીએ છીએ એમ નહિ. ભવસમુદ્રના મધ્યમાં મગરમચ્છના મોઢામાં પકડાઈ ગયા છીએ. દર્શનમોહ આવો છે. ચારિત્રમોહનો ભાવ આવો છે એમ કહે છે. એમાંથી મૂકાવનાર તમે છો. કેમકે તમારું નિર્મોહી સ્વરૂપ જોઈને એમ લાગે છે કે ખરેખર આ જ્ઞાન છે, આ જ વસ્તુ છે, આ જ દ્રવ્ય છે, આવો જ આત્મા છે. એવી ભક્તિ કરી છે. બહુ જોરથી ભક્તિ કરી છે. બેય સાથે જ રહે છે. નિશ્ચયમાં ઉગ્રતા આવે છે તો ભક્તિમાં જેટલો રાગનો અંશ રહ્યો છે એમાં એ જ પ્રકારની એવી જ તીખી ઉગ્રતા આવ્યા વિના રહે નહીં.

મુમુક્ષુ :- .... આમ હોય તો ભક્તિ પણ ઊંચી કોટિની જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંચી કોટિની એવી જ આવે. બેય બાજુમાં એના Extreme point છે.

(અહીંયાં) કહે છે, 'ગુરુદેવ' '**ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.**' એમના ગુણો છે એ જોતાં ગુણની જ મૂર્તિ છે એમ જોવામાં આવે છે. અવગુણ એકપણ નથી એમ જોવે છે. એકલી ગુણની જ મૂર્તિ છે. '**મહિમાવંત ગુણોથી ભરેલા છે. પૂજ્ય ગુરુદેવના ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો.**' જ્યાં સુધી છદ્મસ્થપણું છે ત્યાં સુધીની એ મર્યાદિત વાત સમજવી

જોઈએ. કેમકે પછી ઉપર તો એ પ્રશ્ન, એ ભાવ એ પ્રકારની વાણી, ભાવ કે પ્રવૃત્તિ કાંઈ હોતું નથી. એ બધું ખ્યાલમાં હોય છે. બધી મર્યાદા ખ્યાલમાં હોય છે. વચને વચને કાંઈ અપેક્ષાના ખુલાસા થાય નહિ. એ તો વાંચનારે સમજી લેવું જોઈએ.

**'પૂજ્ય ગુરુદેવના ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો.'** એટલી નમ્રતાથી એ વાત લીધી છે. અહીંયા 'ગુરુદેવશ્રી'નો સ્વાધ્યાયની અંદર મહિમા કરેલો છે. પોતે મહિમા કરે તો સાંભળનારને પણ એ 'ગુરુદેવ' વિશેષ મહિમા કરવા યોગ્ય છે એમ આપોઆપ કહેવાની જરૂર રહેતી નથી. એ પોતે જ સ્વાધ્યાયમાં મહિમા કરતા હતા તો સાંભળનાર જે વર્ગ છે, જે વ્યક્તિઓ સાંભળવા બેઠી છે એને તો કહેવાની જરૂર નથી કે 'ગુરુદેવ'નો મહિમા કેટલો કરવા જેવો છે. આ વચનોથી કાંઈ કહેવાની જરૂર પડતી નથી.

મુમુક્ષુ :- આ મુદ્દો 'શ્રીમદ્જી'એ બહુ ગાયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણો જ ગાયો છે. ૨૬૯ (બોલ પૂરો) થયો.

**પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે. શાસ્ત્રો સાધન છે, પણ માર્ગ તો પોતાથી જ જણાય છે. પોતાની ઊંડી તીવ્ર રુચિ અને સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ જણાય છે. કારણ આપવું જોઈએ. ૨૭૦.**

૨૭૦. **'પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે.'** અંતરમાં માર્ગ નથી મળતો એમ કોઈ ફરિયાદ કરી શકે છે. ઘણાં વર્ષોથી અનેક શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવા છતાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એવો ઉપાય, એવો માર્ગ, એવો રસ્તો અંદરમાં સૂઝતો નથી અને જડતો નથી. તો એનું શું કારણ છે? અને કેમ કરતાં એ મળે? એવા પ્રશ્નનો આ સીધો ઉત્તર છે.

**'પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે.'** આટલો બધો સમય, આટલા બધા શાસ્ત્રો વાંચવાનો પરિશ્રમ જિજ્ઞાસા વગર કર્યો? આ પ્રશ્ન ઉભો થાય. હા, જિજ્ઞાસા વગર કર્યો. ખરેખર જેવી જિજ્ઞાસા પોતાના હિત માટે હોવી જોઈએ એવી જિજ્ઞાસા ઉત્પન્ન થાય તો એ જિજ્ઞાસા જ અંદરમાં માર્ગ કરે છે. એને બીજી વિટંબણા નથી. જો જિજ્ઞાસા ન હોય તો એ જ માર્ગ નહિ મળવાની મોટી વિટંબણા છે. એમ એનો અર્થ છે. ૪૨૫ (બોલમાં) જિજ્ઞાસુ જીવ (લીધો છે). ૪૨૫ છે એમાં વચ્ચે એક લીટી લીધી છે.

**'તે જીવને જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે પણ સ્વભાવની લગનીના**

**બળે નીકળી જાય છે;...**' એ ભૂલ એવી રીતે એને વધતી નથી કે જેથી એ માર્ગપ્રાપ્તિની અંદર અવરોધક થઈ જાય. એવી રીતે એ ભૂલ રોકતી નથી. '**તો તે પણ સ્વભાવની લગનીના બળે નીકળી જાય છે; અંતરની ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ ક્યાંય અટક્યા વિના પોતાના આત્માને પ્રાપ્ત કરી લે છે.**' લગની, જિજ્ઞાસા સાથે જ હોય છે. કોઈ એમ કહે કે જિજ્ઞાસા હતી. તો એને પૂછીએ કે લગની કેટલી હતી? તો તરત એની જિજ્ઞાસાનું માપ અંદરમાં આવી જાય છે.

જેમ કોઈ આ દવા કે ઔષધીની અસર થઈ ગઈ હોય તો શરીરે એકદમ ચટપટી ઉપડે. રહેવાય નહિ અને સહેવાય નહિ, એવી ચટપટી ઉપડે છે કે નહિ? કોઈ Reaction એવું આવ્યું હોય, કોઈ એવી દવા છાંટી હોય તો ત્યાં વિચાર કરે છે કે પહેલાં આ કામ કરી લઉં, પહેલાં આ કામ કરી લઉં. પહેલાં બૂટની દોરી બાંધી દઉં, મોજા પહેરી લઉં, ... માથું સરખું કરી લઉં, માથાની લટ સરખી કરી લઉં, અરીસામાં મોઢું જોઈ લઉં, પાઉડર છાંટી લઉં. એનાથી રહેવાય નહિ ને સહેવાય નહિ. એવી સ્થિતિ થાય છે કે નહિ શારીરિક અવસ્થાની?

અહીંયાં જિજ્ઞાસા ઉપર ઉપરની થાય તો શાસ્ત્ર વાંચે. બે સવાલ કોઈ પૂછી લ્યે અને એમ ને એમ જે ક્રમ નક્કી કર્યો હોય એ ક્રમે ચાલ્યો જાય. પણ અંદરમાં ચટપટી ચાલે નહિ, લગની ઉપડે નહિ તો એને માર્ગ મળતો નથી. આપોઆપ માર્ગ કરે છે, એમ કહે છે. અત્યારે તો વિષય બહુ ચોખ્ખો ખુલ્લો થયો છે. પોતે એકવાર કહેતા હતા કે જ્યારે અમને માર્ગ મળ્યો ત્યારે આટલી સ્પષ્ટતા નહોતી. કેમકે 'ગુરુદેવ' એ વખતે મુહપત્તીમાં હતા. સત્ય ખોલીને કહેવાય નહિ એવી પરિસ્થિતિમાં હતા. ભલે પોતાને ખ્યાલ આવી ગયો હતો કે અહીંયાં રહેવાય એવું છે નહિ, આ બધું ગડબડવાળું છે. માર્ગ બીજો છે. જ્યાં સુધી બહારમાં ફેરફાર કર્યો નહોતો ત્યાં સુધી કહેવાય એવી બહારની મર્યાદા નહોતી. અંદર રહેવું ને મર્યાદા તોડવી એ વાત તો બરાબર નથી. બહાર નીકળ્યા પછી કોઈ પ્રતિબંધ રહેતો નથી. અંદર રહીને મર્યાદા તોડવી એ તો સામાન્ય નીતિમત્તા પણ નથી રહેતી. એટલે બધી વાત ગોળ ગોળ વીંટી વીંટીને કરતા. એમાંથી પકડ્યું છે. પૂજ્ય બહેનશ્રી જે દિ' પામ્યા તે દિ' તો એમાંથી પકડ્યું છે. સમ્યગ્દર્શન શું? માર્ગ શું? આત્મા શું? એ બધું ત્યાંથી પકડ્યું છે. અત્યારે તો 'ગુરુદેવશ્રી' ઘણું ખુલ્લું કહે છે. એ તો કહ્યું, ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. લાખો જીવોને આ બાજુ અંતરના માર્ગે વળવાની સ્થિતિ ઉભી થાય એવો માર્ગ પ્રકાશ્યો છે.

જે જીવો હયાતીમાં આવ્યા એની સંખ્યા મર્યાદિત છે પણ એમની જે વાણી રહી

ગઈ, ટેપની અંદર અને ગ્રંથોની અંદર, પ્રવચનોના ગ્રંથો એક પછી એક પ્રકાશન થાય છે, ૧૨ + ૪ = ૧૬ Volume તો પ્રકાશિત થઈ ગયા. સોળ ગ્રંથ પ્રકાશિત થયા. 'સમયસાર'ના બાર થયા કે અગિયાર થયા? બાર થયા. બાર ભાગ થયા ને? ચાર વચનામૃત ઉપરના પ્રવચનો થયા. સોળ તો પ્રકાશિત થઈ ગયા અને હજી એ કામ ચાલુ છે. બીજા શાસ્ત્રો ઉપરની વાણી જે ટેપમાં છે એ પુસ્તકારૂઢ આસ્તે આસ્તે થશે. વાણી તો રહી જશે, હજારો વર્ષ સુધી રહેશે. પંચમ કાળના છેડા સુધી રહેશે. પૂજ્ય 'સોગાનીજી'એ ભાખ્યું છે. એ એમના નિર્મળ શ્રુતજ્ઞાનમાંથી ભાસેલું ભાખ્યું છે. 'ગુરુદેવે' જે પાયો નાખ્યો છે એ પંચમ કાળના છેડા સુધી રહેશે. ભલે કદાચ કાળ હિણો છે, સંખ્યા ઘટશે, કદાચ ઘટતી જશે એ પરિસ્થિતિ સ્પષ્ટ દેખાય છે. તોપણ એ વચનોને પકડીને કોઈને કોઈ જીવો પોતાનું હિત કરતા રહેશે અને એ રીતે માર્ગ ચાલશે, માર્ગ ચાલતો રહેશે. એ વાત છે, ખરેખર તો એ વાત છે. બહારમાં તો સંખ્યાએ માર્ગ નથી. અંદરમાં માર્ગનો પ્રકાશ થાય, પ્રગટ થાય એ માર્ગ છે. એ ચાલુ રહેશે. એમ કહેવું છે.

**'પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે.'** એમાં શાસ્ત્રો અથવા વાણી સાધન છે. તોપણ '**માર્ગ તો પોતાથી જ જણાય છે.**' તોપણ જે જ્ઞાનમાં આમ અંતર્મુખ થવાય એ તો અંદરમાં પોતાને જણાય છે અથવા જ્ઞાન સ્વયં પોતે અંતર્મુખ થાય અને સ્વસંવેદનમાં આવે છે. એ ક્રિયા ને એ કાર્ય અને એ કાર્યની પદ્ધતિ તો પોતાને સમજાય છે અને પોતે જ એને અંગીકાર કરીને અનુભવ કરે છે. એ કાર્ય તો શાસ્ત્ર કરતું નથી કે બીજી વાણી કરતી નથી. વાણી જડ છે, શાસ્ત્ર જડ છે. કાર્ય તો જિજ્ઞાસામાં આવેલો પોતે જ કરે છે.

એમ કહીને એમ કહેવા માગે છે કે જો તને અંતરમાં માર્ગ ન મળતો હોય, અંતર્મુખ થવાનો માર્ગ અંદરમાં ન મળતો હોય તો એટલી તીવ્ર જિજ્ઞાસાથી પાછળ પડી જા. Guaranted વાત છે કે તને માર્ગ જણાશે, મળશે, મળશે ને મળશે જ. જિજ્ઞાસા માર્ગ કરે છે. આપણે નથી કહેતા? એ રસ્તે તમે ચાલ્યા જાઓ તો તમારે માર્ગ કરવો પડશે. પથરા કે ઝાળાઝાંખરા આડા હોય તો તમારે ખસેડીને ચાલવું પડશે. એવો માર્ગ થોડોક વિકટ છે. તો અનાદિથી અજ્ઞાનભાવે આ જીવે જે મોહ આદિ પરિણામ કર્યા છે, એ ઝાળાઝાંખરા વચ્ચે આડા છે. એમાંથી માર્ગ કોણ કરે છે? એની જિજ્ઞાસા માર્ગ કરે છે. બહુ Practical sideની ભાષા આવી છે. વિચાર કરે છે અને માર્ગ સૂઝે છે એમ નથી કીધું. એની જિજ્ઞાસા માર્ગ કરી દ્યે છે. જે અવરોધ છે એ અવરોધ પોતાના ભાવોનો અવરોધ, પોતાની અયોગ્યતાનો અવરોધ છે એને ખસેડનાર કોણ? એ અવરોધને કોણ ખસેડે છે? કે જિજ્ઞાસા ખસેડે છે.

મુમુક્ષુ :- ઓલું ઉપરની સપાટીએ રહે છે અને ઓલું અંતર વલણ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- જિજ્ઞાસાની એવી ... લીધી છે. 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'માં એ વિષય ચર્ચ્યો છે કે એવી જિજ્ઞાસામાં આવે, સત્‌ની એવી જિજ્ઞાસામાં મુમુક્ષુજીવ આવે કે એ જિજ્ઞાસામાં વિષય એ શોધતો હોય અને જડે નહિ ત્યાં સુધી એને બધેથી એનો રસ ઊડી જાય. જીવની તમામ ક્રિયા, જીવન જીવવાની જેટલી કોઈ પરિસ્થિતિ ઉદયમાન છે એમાંથી એનો રસ એકવાર ખલાસ થઈ જાય. ખાવું, પીવું, ઊંઘવું ત્યાંથી માંડીને બધી રોજીંદી જેટલી કોઈ ઉદયમાન ક્રિયા છે ત્યાંથી એનો બધો રસ ઊડી જાય. લોકોને ચિંતા મોટી આવી પડે ત્યાં Lever બગડી જાય છે. ભૂખ મરી ગઈ. કેમ? Lever ઉપર અસર થઈ ગઈ. Pancreas Fail થાય છે કે નહિ? Diabetes એમાંથી થાય છે. જેટલા કોઈ પેટના અવયવના રોગો છે એનું મોટું કારણ Tension અને ચિંતા છે. વધારેમાં વધારે. પછી બીજા આનુષંગિક કારણો હોય છે પણ વધારેમાં વધારે ભાગ મોટા ભાગના લોકોને આ ભજવે છે. બહારના વિષયમાં તને આટલી ચિંતા થઈ કે તારા શરીર ઉપર અસર થઈ. Hypertensionથી માંડીને બધું. તને તારા જન્મ-મરણની ચિંતા ન થઈ? બહારના સંયોગો તો એક ભવના પેટા વિભાગની રકમો છે. એનો આખો સરવાળો આખો ભવ છે, ઉપર સુધી. પેટામાં રકમો લખીને પછી સર ચડાવે કે નહિ? આખો ભવ તો એ પેટા રકમોનો સરવળો છે. તો પેટા રકમની તને ચિંતા અને આખા સરવાળાની ચિંતા નહિ? આ તે કઈ જાતની મૂર્ખાઈ છે?

એક એક પ્રસંગ માટે તું તારું ચિત્ત ખોઈ બેસે છો, તારું ચેન ખોઈ બેસે છો, તારું સ્વાસ્થ્ય ખોઈ બેસો છો અને તારા અનંત ભવભ્રમણ અને જન્મ-મરણ માટે કાંઈ નથી. એટલી જો જિજ્ઞાસા નથી (તો ક્યાંથી માર્ગ મળે?) જિજ્ઞાસા એના અનુપાતમાં જ હોય છે. જેટલો નફો-નુકસાન છે એના અનુપાતમાં જિજ્ઞાસા, એના Percentageમાં જિજ્ઞાસા હોય અને તો જ કાર્ય થાય. આ કુદરતી વ્યવસ્થા છે. આમાં કાંઈ ઓછુંવત્તું તોળવાનો પ્રશ્ન નથી. કુદરતી વ્યવસ્થા છે આ. એવી જિજ્ઞાસા ઉત્પન્ન થાય એને જિજ્ઞાસા કહે છે. બાકી બધી જિજ્ઞાસાની વાતો છે. એ કોઈ જિજ્ઞાસા-ફિજ્ઞાસા છે નહિ. તો એને માર્ગ જણાય, નહિતર માર્ગ ન જણાય. એવી જિજ્ઞાસામાંથી બધેથી રસ જ્યારે એનો ફીક્કો થયો હોય તો એને અવરોધ શું રહ્યો? પછી માર્ગ મળવામાં, એનો રસ બધેથી ફીક્કો થયો અને તે પણ એક આત્મા માટે, એક સત્‌ માટે, તો એનો અવરોધ શું રહ્યો? એને અવરોધ રહ્યો નહિ. પછી અવરોધ હોવાનો પ્રશ્ન નથી. એ તો સીધીસાદી સમજાય એવી વાત છે.

પોતાનો પર પદાર્થ સંબંધીનો રસ જ મોટો અવરોધ છે. સીધેસીધી વાત એ છે,

ચોખ્ખેચોખ્ખી વાત એ છે કે પર પદાર્થ સંબંધીનો આ જીવનો પોતાનો રસ એ જ પોતાનો આ માર્ગને વિષે અવરોધ છે. બીજો કોઈ અવરોધ નથી. એ જિજ્ઞાસાના તબક્કે ખલાસ થાય છે. જિજ્ઞાસાનું-યથાર્થ જિજ્ઞાસાનું Stage આવે છે એ પહેલાં Stageમાં અવરોધ તો ખલાસ થાય છે. એટલે અહીંયાં એમ કહે છે કે જિજ્ઞાસા જ માર્ગ કરે છે. જો સાચી જિજ્ઞાસા હોય તો માર્ગ અંદરમાં મળ્યા વિના રહે નહિ.

ભલે '**માર્ગ તો પોતાથી જ જણાય છે.**' પણ શાસ્ત્રો એમાં નિમિત્ત હોય છે. જિજ્ઞાસા હોય તો માર્ગ જણાય, નહિતર શાસ્ત્રની વાત, શું શાસ્ત્ર કહેવા માગે છે એ એને સમજાતું નથી. શબ્દાર્થ આવડે, ભાવાર્થ આવડે. એ બધું આવડે. પણ એની કાર્યપદ્ધતિ આવડે નહિ. એ કહે છે એનો અમલ કેવી રીતે કરવો એ ન આવડે. શબ્દાર્થ અને ભાવાર્થ આવડી જાય. એના જેવું છે.

આગળ કહે છે, '**પોતાની ઊંડી તીવ્ર રુચિ...**' રુચિને બે વિશેષણ અહીંયાં લગાડ્યા છે. ઊંડી રુચિ અને તીવ્ર રુચિ. જિજ્ઞાસાની સાથે આ બધું ઊભું થાય છે. લગની કહો, રુચિ કહો, રુચિની તીવ્રતાવાળી રુચિ કહો, ઊંડાણવાળી રુચિ કહો.

મુમુક્ષુ :- ઊંડાણમાં અને તીવ્રતામાં શું ફેર?

પૂજ્ય ભાઈશ્રી :- એ એક જ ભાવનું પાસુ છે. બેય અવિનાભાવી છે. જ્યાં તીવ્ર રુચિ હોય, એ જ ઊંડી રુચિ હોય. ઊંડી રુચિ હોય એ તીવ્ર જ હોય. એમ એને બેય પડખેથી બતાવી છે. રુચિના ભાવને બેય પડખેથી બતાવી છે. એક તો એ એનું વિશેષણ લાગે છે-અનન્યપણું. અનન્ય રુચિ પ્રગટે છે. આત્માની અનન્ય રુચિ પ્રગટે છે એટલે એ ક્યારે પ્રગટે છે? કે જ્યારે ભાવભાસન થાય છે અને સ્વરૂપનિશ્ચય થાય છે ત્યારે અનન્ય રુચિ પ્રગટ થઈ જાય છે. ત્યારે જે ભાસનમાં આવેલું એવું પોતાનું નિજ પરમપદ, એ પરમેશ્વરપદથી અન્ય રહેવાનું પછી એ રુચિને પોસાતું નથી. એને અનન્ય રુચિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એટલે ખરી રુચિ થઈ ગઈ એ વખતે.

પૂજ્ય ભાઈશ્રી :- એ રુચિ સાચી. એ સમ્યગ્દર્શનની રુચિ. આ એ પહેલાં પ્રગટેલી રુચિ છે. જિજ્ઞાસાની સાથે ઉભી થયેલી રુચિ છે. એ તીવ્ર રુચિ છે, ઊંડી રુચિ છે. મારે મારું હિત કરી જ લેવું છે અને એના માટે એને ઘણી તીવ્રતા ઊભી થઈ જાય છે. અને વિષયના ઊંડાણમાં એની શક્તિ છે એટલો એની રુચિથી ઊંડે જવા માગે છે. રુચિ હોય તો વિષયના ઊંડાણમાં જાય અને રુચિ ન હોય તો ઉપર ઉપરથી ચાલ્યો જાય. આ સીધી વાત છે.

મુમુક્ષુ :- ઊંડી અને તીવ્ર રુચિ અનન્ય રુચિ પેદા કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ એની અનન્ય રુચિને સાધી લેશે. અનન્ય રુચિ સમ્યગ્દર્શનને સાધી લેશે અને સમ્યગ્દર્શન સિદ્ધપદને સાધી લેશે. સીધેસીધી પાધરી પાટી છે. શ્રીગુરુએ માર્ગને સરળ કરેલો છે. 'દીપચંદજી'એ નાખ્યું છે કે નહિ? આત્માના અનુભવની વાતો કરતા કરતા ગુરુને વચ્ચે નાખ્યા છે.

શું કહે છે? '**પોતાની ઊંડી તીવ્ર રુચિ અને સૂક્ષ્મ ઉપયોગ...**' એ જ્ઞાનનો પર્યાય છે. જ્યારે રુચિ તીવ્ર થાય છે, ઊંડી થાય છે, જિજ્ઞાસા પણ કોઈ અપૂર્વ સ્થિતિ ધારણ કરે છે, અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે ત્યારે બુદ્ધિ ઓછી હોય, ઉઘાડ ઓછો હોય તોપણ ઉપયોગ સૂક્ષ્મ થઈ જાય છે. ઉપયોગ ઉપયોગમાંથી એટલે ઉપયોગ પોતામાંથી સ્વભાવને પકડી લ્યે છે કે આ મારો સ્વભાવ છે. 'ઉપયોગમાં ઉપયોગ, નહિ ઉપયોગ ક્રોધાદિમાં.' રાગાદિ વિભાવથી ભિન્ન જે જ્ઞાનમાત્રપણું છે એમાંથી એ સ્વભાવને ગ્રહણ કરી લ્યે છે. સ્વભાવ છે એ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે અને એને ગ્રહણ કરવું એ ઘણું સૂક્ષ્મ છે. એને સ્વપણે ગ્રહણ કરવું કે આ મારો સ્વભાવ છે, એ એથી પણ સૂક્ષ્મ છે. એ સૂક્ષ્મ ઉપયોગ વિના પોતામાં ને પોતામાં એ ઉપયોગ કામ કરતો નથી અથવા જે બહાર ફરતો સ્થૂળ ઉપયોગ (છે) એ અંદરના સૂક્ષ્માતિસૂક્ષ્મ અંતર્મુખ તત્ત્વને, અંતઃ તત્ત્વને ગ્રહણ કરી શકતો નથી.

જ્યારે ઊંડી અને તીવ્ર રુચિ થાય ત્યારે જ્ઞાનનો ઉપયોગ આપોઆપ સૂક્ષ્મતા ધારણ કરે છે. એમાં સૂક્ષ્મતા એ વિષયની આવી જ જાય છે અને એને માર્ગ જણાય જાય છે. વિધિ પકડાય જાય છે, રીત પકડાય છે, કાર્યની પદ્ધતિ એને સમજાય જાય છે કે આમ અંતર્મુખ થવાય છે. વસ્તુ આવી છે અને જ્ઞાન જ્ઞાનને વેદે છે, બસ! આ જ વિધિ છે. આમાં બીજું કાંઈ નથી. 'ચતુરાંગુલ હૈ દગસે મિલ હે'. બસ! એની દૃષ્ટિ મળી જાય. આ તત્ત્વ છે. કાંઈ દૂર નથી, મારું તત્ત્વ મારાથી જરા પણ દૂર નથી, સ્વયં હું જ છું. હું મને વેદું છું. હું મને જાણું છું, હું મને અનુભવું છું. એમ એને માર્ગ જણાય છે.

આવું '**કારણ આપવું જોઈએ.**' આવું કારણ આપે એને કાર્ય ન થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. વસ્તુ વ્યવસ્થાની બહાર છે. એને કાર્ય થાય, થાય ને થાય જ. આવું કારણ આપવું જોઈએ. આવું કારણ આપે એને સદાને માટે સંસાર પરિભ્રમણના જન્મ-મરણમાંથી નિવેડા આવી જાય છે. એ અનંત જ્ઞાનીઓની સાક્ષીથી Guaranted વાત છે. (વિશેષ લઈશું...)

## તા. ૪-૧-૧૯૮૮, વચનામૃત-૨૭૧, ૨૭૨
## પ્રવચન નં. ૨૧૨

**જેનો જેને તન્મયપણે રસ હોય તેને તે ભૂલે નહીં. 'આ શરીર તે હું' તે ભૂલતો નથી. ઊંઘમાં પણ શરીરના નામથી બોલાવે તો જવાબ આપે છે, કારણ કે શરીર સાથે તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે. અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે, ધીરા થવું પડે છે, ટકવું પડે છે; તે આકરું લાગે છે. બહારનાં કાર્યોનો અભ્યાસ છે એટલે સહેલાં લાગે છે. પણ જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે. ૨૭૧.**

'બહેનશ્રીનાં વચનામૃત'. ૨૭૧. પાનું-૯૧. **'જેનો જેને તન્મયપણે રસ હોય તેને તે ભૂલે નહીં.'** પરિણામનો મુખ્ય કોઈ મુદ્દો છે તો એ પરિણામમાં રહેલા રસનો વિષય છે. અથવા સર્વ પરિણામનું વજન પરિણામમાં રહેલા રસ ઉપર છે. ચાહે એ રસ સ્વ પ્રત્યેનો હોય કે ચાહે રસ પર પ્રત્યયી હોય. અહીંયાં તીવ્ર રસની વાત લીધી છે. તન્મયપણે એટલે તીવ્ર રસ. મંદ રસની વાત નથી.

દર્શનમોહના પ્રકરણને લાગવળગે છે ત્યાં સુધી દર્શનમોહનો સંબંધ પણ પરિણામના રસ સાથે અવિનાભાવીપણે રહ્યો છે. જો રાગરસ તીવ્ર હોય તો ત્યાં દર્શનમોહ વિશેષપણે કામ કરે છે. ... સામાન્ય ... હોય તોપણ. સાધક અવસ્થામાં મોક્ષમાર્ગમાં પણ જેટલો ચારિત્રમોહ સહિતનો વિભાવ રહ્યો છે, રાગ-દ્વેષાદિ કોઈપણ પ્રકાર હો, એમાં પણ જેટલો રસ વધે છે એટલો ચારિત્રમોહ ત્યાં સાથોસાથ ઉગ્ર થાય છે. કેમકે એ મોહ સહિતના જ પરિણામ છે. મોહ વગર રાગ કે મોહ વગર દ્વેષ હોતો નથી. ખરેખર તો મોહની જ એ પ્રજા છે. રાગ-દ્વેષ તે મોહની પ્રજા છે. એમાં મિથ્યાત્વ અવસ્થામાં તો દર્શનમોહ જીવંત હોવાને લીધે ત્યાં તો રસ ઉગ્ર થાય છે ત્યાં દર્શનમોહ અવશ્ય વૃદ્ધિગત થાય છે.

નવ તત્ત્વમાં બંધતત્ત્વ પણ આ રસને આપેલું છે. વિભાવરસ જે છે, રાગરસ કહો, કોઈપણ વિભાવનો રસ કહો એને જ બંધતત્ત્વનું નામ આપ્યું છે. કેમકે બંધ અવસ્થામાં, મિથ્યાત્વ સહિતની ભાવબંધ અવસ્થામાં જીવ પોતાનો અનુભવ ક્યાં કરે

છે? કે જે તે પ્રકારનો ભાવમાં રસ છે તે રસમાં પોતાનો અનુભવ કરે છે. જો કોઈ પોતાના પરિણામને અથવા પોતાના અનુભવને તપાસે, અવલોકન કરે તો એને સ્પષ્ટ સમજાય એવું છે કે જ્યાં મારો રસ છે ત્યાં હુંપણું થાય છે. ત્યાં એનું અસ્તિત્વ ગ્રહણ થઈ જાય છે, સમ્યગ્દર્શન પહેલાંની અવસ્થામાં.

ચારિત્રમોહમાં પણ રસ જેટલો વિભાવરસ વધે છે એટલું નુકસાન વધે છે. એટલે વિભાવરસ છે એને મલિન તત્ત્વ કહ્યું છે એની પાછળ તત્ત્વદૃષ્ટિની ઘણી સૂક્ષ્મતા છે. તે વિષયમાં જીવનું જેટલું પોતાના પરિણામ ઉપરનું અવલોકન હોય તો એને એ વિષયમાં પોતાના બધા પડખાં સ્પષ્ટ થવા લાગે છે. ભાવનો વિષય જેટલો અવલોકનથી સ્પષ્ટ થાય એટલો પરલક્ષી શાસ્ત્ર અભ્યાસથી સ્પષ્ટ ન થાય. કેમકે એમાં તર્કણા ચાલે છે અને એ તર્કણાનો આધાર અનુભવ નથી. અહીંયાં અવલોકનમાં સમજવાનો આધાર પોતાનો અનુભવ છે.

અહીંયાં તો મિથ્યાત્વ અવસ્થાનો દૃષ્ટાંત આપ્યો છે કે '**જેનો જેને તન્મયપણે રસ હોય તેને તે ભૂલે નહીં. 'આ શરીર તે હું' તે ભૂલતો નથી.**' દૃષ્ટાંત છે. આ શરીર તે હું તે ભૂલતો નથી. એનું ભાન એને સદાય રહે છે કે હું આવા શરીરવાળો છું. આ શરીર તે હું છું, એવું સદાય એને ભાનમાં રહ્યા કરે છે. એનું સ્મરણ કરવું પડે તો એ સ્મૃતિમાં રહે અથવા ન ભૂલાય, એવી સ્મૃતિ વિસ્મૃતિની અપેક્ષાનો પણ અહીંયાં સવાલ રહેતો નથી. ભાનમાં ભૂલતો નથી. અહીંયાં સ્મરણ-વિસ્મરણનો સવાલ નથી. ત્યાં શરીરમાં તન્મયપણે 'શરીર તે હું' એવો તન્મયપણાનો ત્યાં રસ રહેલો છે. શરીરમાં કેટલો તન્મયપણાનો રસ રહેલો છે, એ જેનું જેટલું ઊંડું અવલોકન એટલી જ એને સમજ પડે.

શાસ્ત્ર તો એમ કહે છે કે એકત્વબુદ્ધિએ, દેહાત્મબુદ્ધિએ જીવના પરિણામમાં 'શરીર તે હું' એવો રસ રહ્યો છે. એ દેહાત્મબુદ્ધિ, એકત્વબુદ્ધિ અત્યંત રસવાળા પરિણામ, તીવ્ર રસવાળા પરિણામ (છે). એ શબ્દોથી એટલું નથી સમજાતું જેટલું પોતાના પરિણામના પોતાના અનુભવ જોઈને સમજાય છે.

વળી કેટલીક પરિસ્થિતિમાં તો ઊલટી-સુલટી સમજણ થઈ જાય છે. જેમકે કોઈ જીવ ઉપવાસાદિ તપશ્ચર્યા કરે છે. આહાર છે, આહાર લેવો તે શરીરના પોષણની ક્રિયા છે. કોઈ એમ કહે કે ભાઈ! અમને દેહાત્મબુદ્ધિ હોય તો અમે આહારનો ત્યાગ કેમ કરીએ? અમારા જે સંયોગો છે એમાં તો અમે સારામાં સારો પૌષ્ટિક આહાર બનાવીને રોજ ગ્રહણ કરીએ તો અમે એટલા સંપન્ન છીએ કે કાંઈ અમને તકલીફ પડે એવું નથી. છતાં અમે આહારનો ત્યાગ કરીને ઉપવાસ કરીએ છીએ તો અમને દેહાત્મબુદ્ધિ છે,

દેહમાં અત્યંત રસ છે એમ કેમ કહેવાય? તન્મયપણે રસ છે એમ કેમ કહેવાય? આ સવાલ છે.

જે લોકો આગળપાછળ ઘણું ખાઈ લે છે એનો આપણે દૃષ્ટાંત નથી લેતા. નહિતર એ તો સાબિતી થઈ જાય છે કે પહેલાં ઘણું લઈ લે. ઉપવાસ પૂરો થયા પછી ઘણું લઈ લે તો એ તો એની દેહાત્મબુદ્ધિને સ્પષ્ટ કરતો પૂરાવો છે. કોઈ ન પણ કરતા હોય. કોઈ એવી રીતે આગળ-પાછળ સાદગીથી ઉપવાસ કરતા હોય છે, એવા પણ હોય છે. છતાં પણ દેહાત્મબુદ્ધિ છે. અને જો દેહાત્મબુદ્ધિ છે તો દેહમાં તન્મયપણાનો રસ ઘણો છે એ વાત એને સમજાશે નહિ કે મને દેહમાં હુંપણાનો, આત્મપણાનો રસ રહેલો છે. એ વાત અવલોકન વગર નહિ સમજાય.

જ્યાં સુધી દેહથી ભિન્ન જ્ઞાનમય સત્તાના ગ્રહણ કરવાનો પ્રયત્ન-ઉદ્યમ-પુરુષાર્થ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી દેહની સાથેનું પોતાનું ભાવથી નિર્વિકલ્પપણે તેને કેટલું Attachment છે એ એને પકડાતું નથી. બહુ બહુ તો જીવ વિકલ્પને પકડે છે અને એમાં પણ સ્થૂળ વિકલ્પને પકડે છે. એટલે એ ભૂલ ખાય છે કે હું તો ઉપવાસ કરું છું ને! હું ક્યાં દેહના પોષણવાળા પરિણામ કરું છું. હું તો દેહને કષ્ટ પડે, દેહનું શોષણ થાય, દેહ દુર્બળ થાય એવી ક્રિયા કરું છું. કોઈ પદમાં ગાયું છે કે એટલા પરિણામ કરે કે તેની કાયા દુર્બળ થતી જાય તોપણ એને અનંતા ભવ ઊભા છે. એનું મિથ્યાત્વ ત્યાં દેહાત્મબુદ્ધિનું પડેલું છે. 'તોપણ ગર્ભ અનંતા લેશે' એમ કરીને પદ આવે છે. કાયા તો તપશ્ચર્યાને લઈને દુર્બળ થતી જાય છે પણ એના ભાવમાં આત્મામાં આત્મબુદ્ધિ નથી, આત્મરસ પ્રગટ્યો નથી તો દેહાત્મબુદ્ધિ અવશ્ય છે અને એ દેહાત્મબુદ્ધિ એ એની પરિણતિ છે. બહુ વિકલ્પમાં તો દેહને કષ્ટ પડે એવી ક્રિયામાં લાગેલા રહે છે. અને એ ક્રિયાકાંડમાં ઘણાં તત્પર હોય તોપણ દેહાત્મબુદ્ધિ છે.

**'આ શરીર તે હું' તે ભૂલતો નથી.**' એના ભાનમાં રહે છે. અથવા '**શરીર તે હું**' એવી જાગૃતિમાં રહે છે. એ એની જાગૃતિ છે. '**ઊંઘમાં પણ શરીરના નામથી બોલાવે તો જવાબ આપે છે.**' સૂઈ ગયો હોય અને એના નામની બૂમ પાડે તો ઊંઘમાં ને ઊંઘમાં હોંકારો દઈ દે છે. એટલે પૂરી જાગૃતિ કે વિચારમાં આવ્યા પહેલાં પણ અબુદ્ધિપૂર્વકની એને જાગૃતિ ઊભી છે એનો એ પૂરાવો છે. '**ઊંઘમાં પણ શરીરના નામથી બોલાવે તો જવાબ આપે છે, કારણ કે શરીર સાથે તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે.**' કારણ કે શરીર સાથે તન્મયપણું કહો, શરીર સાથે એકત્વપણું કહો, એકત્વ કહો, એવી જે માન્યતા છે, માન્યતા છે તો એને એ સંબંધીનું આચરણ નથી એમ કેમ કહી શકાય? જેવી માન્યતા છે એવું તો આચરણ છે, છે ને છે

જ. એવી '**માન્યતાનો અનાદિ અભ્યાસ છે.**' આ કાંઈ નવું થયું નથી. નવો રોગ નથી પણ એ અનાદિનો અભ્યાસ છે.

'**શરીર સાથે તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે.**' આ દૃષ્ટાંત પણ અનુભવનો લીધો છે. કોઈ કોઈ દૃષ્ટાન્તમાં અનુભવને લીધો છે કે તારા અનુભવને તપાસ. દેહથી એકત્વબુદ્ધિ શું છે? અથવા દેહમાં પોતારૂપપણાની માન્યતા શું ચીજ છે? માન્યતા પણ એના જ પરિણામ છે ને કે બીજું કાંઈ છે? એમાં હુંપણાથી જે સ્વીકાર આવે છે એ માન્યતાનો ભાવ છે. એમાં પોતાની હયાતી અનુભવાય છે. લેવું પડે છે બધું જ્ઞાનથી. હયાતી ભાસે છે એમ કહો, હયાતી અનુભવાય છે એમ કહો. માન્યતાને પણ જ્ઞાનથી સમજાવવી પડે છે. એ માન્યા વગર નથી. શ્રદ્ધામાં એ પ્રતીતિમાં નિર્વિકલ્પ પ્રતીતિમાં સ્વીકાર્યા વગર એ નથી. 'દેહ તે હું' એ જીવની ઊંધી નિર્વિકલ્પ પ્રતીતિ છે. મિથ્યાશ્રદ્ધાન કહો કે મિથ્યા પ્રતીતિ કહો. પ્રતીતિ હંમેશા નિર્વિકલ્પ રહે છે. '**શરીર સાથે તન્મયપણાની માન્યતાનો અનાદિ અભ્યાસ છે.**'

'**અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે,...**' આ જે બોલમાં કહેવા માગે છે એ અસ્તિનો વિષય અહીંથી (લીધો છે). જેનો અભ્યાસ કર્યો નથી. પ્રયત્ન અભ્યાસ. જેમાં હુંપણું સ્થાપવું. શ્રદ્ધાએ, જ્ઞાને અને આચરણે કરીને હુંપણું કરવું, હુંપણું અનુભવવું. હુંપણું છે અને હુંપણું એમાં યથાસ્થાને અનુભવગોચર કરવું. અસ્તિત્વ છે. જે સ્થાને ત્રિકાળી અસ્તિત્વ છે તે સ્થાનને ભાવમાં પણ યથાયોગ્ય સ્થાન આપવું. એમ અહીંયાં વાત છે. એવો અભ્યાસ, એવો પ્રયત્ન, એવો પુરુષાર્થ કર્યો નથી એટલે એને અનભ્યસ્ત કહે છે. અભ્યાસ નથી એટલે અનભ્યસ્ત કહે છે.

એવો જે જ્ઞાયક સ્વભાવ પોતાનું સ્વરૂપ, તેની અંદર જવા માટે અથવા તેને સાક્ષાત્‌પણે સ્વ રૂપે અનુભવ કરવા માટે '**સૂક્ષ્મ થવું પડે છે, ધીરા થવું પડે છે, ટકવું પડે છે; તે આકરું લાગે છે.**' કોને? જેને શરૂઆત છે આ વિષયની, પ્રવેશ કર્યો નથી એને આકરું લાગે છે. જે અભ્યસ્ત છે, જે એ Line ચડ્યો છે, જેને એ પુરુષાર્થ વર્તી રહ્યો છે એને આકરું લાગે છે એ શબ્દ એને નથી લાગુ પડતો. પણ અહીંયાં એ Stageની વાત નથી. અહીંયાં તો જે જીવે અભ્યાસ નથી કર્યો એને આકરું લાગે છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :- પેલાને તો મહાવરો થઈ ગયો છે એટલે આકરાનો સવાલ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- સહજતા થઈ ગઈ છે ને. જે મોક્ષમાર્ગમાં છે એને તો સહજ છે. એટલે સહજ છે એને આકરું છે એમ ન કહીએ. શું કહ્યું?

'**અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે,...**' ઉપયોગને ઊંડી અને તીવ્ર રુચિ દ્વારા સૂક્ષ્મતા ન આવે તો જે સૂક્ષ્મથી અતિસૂક્ષ્મ સ્વભાવ છે એ

સ્વભાવમાં આવવાનું બનતું નથી. અંદર જવાની વાત કરી છે. જ્ઞાયકમાં અંદર જવું છે. વ્યાપ્ય-વ્યાપકભાવે અનુભવ કરવો, એને એમાં જવું એમ કહે છે. દેહમાં દેહાત્મબુદ્ધિ છે તો એ દેહમાં ગયો છે એમ કહેવાય છે. કાંઈ પોલાણ નથી, કોઈ રજકણમાં પોલાણ નથી કે એની અંદર આત્મા જાય. એકમાં બીજાનો પ્રવેશ થઈ શકતો નથી. તોપણ ભાવથી તો પરપ્રવેશભાવ છે.

જે કોઈ દેહમાં તન્મયપણાનો ભાવ છે એને 'દીપચંદજી' 'અનુભવ પ્રકાશ'માં પરપ્રવેશભાવ કહે છે. આવો તારો પરપ્રવેશભાવ તારા સ્વસંવેદનને રોકનારો છે. સ્વસંવેદનનો રોધક છે, પ્રતિબંધક છે. અથવા જ્ઞાન વેદક સ્વભાવી હોવા છતાં જ્ઞાનમાં પોતાને પોતાનું વેદન નહિ આવવાનું કારણ, વેદન નહિ અનુભવવાનું કારણ આ પરપ્રવેશભાવ છે. કેમકે પ્રવેશભાવમાં એ પરને વેદે છે. શરીરમાં તન્મયપણું કરે છે એટલે શરીરને હુંપણે વેદે છે. શરીરને હુંપણે વેદે છે એ તો વિકલ્પ પણ અમે કર્યો નથી. તો કહે છે, શાતા-અશાતા થાય એટલે તને સમજાઈ જશે. જરાક અવલોકન કર. અશાતા થશે (તો) મને અશાતા થઈ, રોગ થશે (તો) મને રોગ થયો. કાંટો વાગ્યો તો મને કાંટો વાગ્યો. મારામાં કાંટો આવી ગયો એવો અનુભવ તને થાય છે. વિકલ્પ થાય કે ન થાય, અનુભવ થાય છે કે નહિ એ જો. એમાં દેહમાં વ્યાપકતા વસ્તુસ્થિતિએ નહિ થઈ શકતી હોવા છતાં, વસ્તુ સ્વરૂપે એમ બની નહિ શકતું હોવા છતાં એવો અનુભવ કરે છે એને મિથ્યા અનુભવ કહેવામાં આવે છે. એ મિથ્યા અનુભવ છે.

જ્યારે અહીંયાં તો પોતે જ છે. અસંખ્ય પ્રદેશમાં દેહાકાર ચૈતન્યપિંડ છે એ ચૈતન્યપિંડમાં વ્યાપ્ય-વ્યાપકભાવે અનુભવ કરવા માટે એને સૂક્ષ્મ થવું પડે છે. ઉપયોગને ત્યાં સૂક્ષ્મ થવું પડે છે. બહિર્મુખ ઉપયોગ સ્થૂળ છે. પરલક્ષી ઉપયોગ સ્થૂળ ઉપયોગ છે. એ ઉપયોગથી જ્ઞાયકની અંદર પહોંચાતું નથી. અહીંયાં અંતર્મુખ ઉપયોગ દ્વારા, એ સૂક્ષ્મ ઉપયોગ છે, સૂક્ષ્મ થવું પડે છે. તેમાં કોઈ ચંચળતા નહિ હોવાને લીધે અથવા જોડે રહેલા રાગ સાથે પણ એ ઉપયોગનો સંપર્ક નહિ હોવાને લીધે એનાથી ભિન્ન પડે છે. એની એ આત્માની અવસ્થામાં રાગ વર્તે છે એનાથી એ ભિન્ન પડે છે. એને ધીરો થયો એમ અહીંયાં કહે છે. આ ધીરજ છે. પોતાના જ્ઞાયક સ્વરૂપમાં ઉપયોગ ઠરે છે, ઉપશમરસ લઈને આવેલો ઉપયોગ એમાં ઠરે છે તો એને કહે છે કે ઉપયોગ ધીરો થયો, એ ઉપયોગ ધીરો થયો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કહેવું છે એ. આખા બોલમાં એ કહેવું છે. પેલું તો દૃષ્ટાંત છે, દેહાત્મબુદ્ધિનું તો દૃષ્ટાંત છે. સિદ્ધાંત આ સમજાવવો છે કે જો જ્ઞાયકસ્વરૂપમાં

આત્મબુદ્ધિ, આત્મામાં આત્મબુદ્ધિ-તન્મયપણાનો ભાવ થાય તો એને માટે એને ઉપયોગ સૂક્ષ્મ થાય, એને ચંચળતા ઘટે, એને બાહ્ય પદાર્થ વિષેનું આશ્ચર્ય અને આકર્ષણ પણ ઘટે. એનો મહિમા અને એનો રસ એને ન રહે. રાગ અને રાગના વિષયો તુચ્છ લાગે ત્યારે એનો ઉપયોગ ધીરો થઈને અંદર પ્રવેશ કરે. ધીરા થવું પડે છે. સ્વરૂપમાં સ્થિર રહેવાનું થાય છે. ટકવું પડે છે, એ ભાવમાં ટકવું પડે છે. આ પહેલો પ્રયત્ન છે ને? એટલે પડે છે... પડે છે... પડે છે એમ ભાષા આવી છે.

મુમુક્ષુ :- પ્રયત્નપૂર્વક?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્ન-પુરુષાર્થ બતાવવો છે એટલે. ત્યાં તો આવું કાર્ય કરવું પડે છે એમ કહે છે. તને અનાદિનો ઊંધો અભ્યાસ છે કે 'દેહ તે હું', દેહની શાતા-અશાતા તે હું એ સહજ થઈ ગઈ છે. ત્યાં હુંપણું કરવું પડે છે એમ નથી, સહજ થઈ ગયું છે. એવા જીવને પાછા વળવામાં થોડું આકરું પડે છે. પહેલો પુરુષાર્થ થોડો કઠિન લાગે છે. પણ અનભ્યસ્ત છે માટે. એનો અભ્યાસ નથી માટે. અભ્યાસે બધું સુગમ છે, સરળ છે અને એ સહજતા ધારણ કરે છે. સહજતામાં આવી જાય છે.

મુમુક્ષુ :- કહેવાનો અર્થ એ છે કે ચંચળતા બિલકુલ નાબુદ કરવી પડે.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે અહીંયાં ટકવું પડે છે એ ધ્યાનનો વિષય છે. ધ્યાન કોને થાય? કે જે રાગથી વિરક્ત હોય. પાંચ ઇન્દ્રિયોના વિષય ઉપર જેનો Control હોય. શેને લઈને? ભેદજ્ઞાનના અભ્યાસને લઈને. કેમકે ઉદયમાં તો પાંચ ઇન્દ્રિયના વિષયો પૂર્વકર્મને લઈને આવશે પણ ભેદજ્ઞાનનો અભ્યાસ હોવાને લીધે એના પરિણામ ઉપર એને ઘણો Control આવી ગયો હોય. એટલી જાગૃતિ હોય. Control હોય એટલે એટલી જાગૃતિ હોય. એનું મન છે એ એના કાબુ બહાર પછી ગમે ત્યાં ઠેકડા મારે કે ઉછાળા મારીને ગમે ત્યાં ચાલ્યું જાય છે એવું ન બને એવી સ્થિતિમાં આવે ત્યારે અહીંયાં અંદર આવવાનો પ્રશ્ન છે, ટકવાનો પ્રશ્ન છે. નહિતર ટકે કેવી રીતે? અનંત કાળમાં એક સમય પણ અંદરમાં આવીને ટક્યો નથી. આ તો સ્થિતિ છે.

મુમુક્ષુ :- ઠેકડા મારે છે.

પૂજ્ય ભાઈશ્રી :- મારે છે કે નહિ? એને બાંધવું છે. ધ્રુવ ખીલા સાથે એને બાંધવું છે. એનો મહિમા આવ્યા વિના, એ જ્યાં ઠેકડા મારે છે એનો મહિમા ઊડી ગયા વિના એનું ધૈર્ય ઉત્પન્ન નહિ થાય. ઉપયોગને એની ધીરજતા ઉત્પન્ન નહિ થાય.

ધ્યાનના વિષયના કેટલાક ખાસ મુદ્દા છે કે કેવા જીવને ધ્યાન થઈ શકે છે? કેવી યોગ્યતામાં આવે એવા જીવને ધ્યાન થઈ શકે છે? આવો એક સીધો પ્રશ્ન લઈએ તો. પહેલાં તો જેને આગમ-અધ્યાત્મની સ્પષ્ટતા બરાબર થઈ ગઈ હોય તો એને ક્યાંય

શંકા કે સંદેહ રહે નહિ. નિઃસંદેહપણું હોય તો પરિણામમાં હાલક-ડોલકપણું ન આવે. જે દઢતા આવવી જોઈએ એ નિઃશંકતાના આધારે આવે. હજી તો એ પોતાના આગમ-અધ્યાત્મના વિષયમાં જો શંકામાં ગળકા ખાતો હોય, સ્થૂળપણે નહિ તો ઊંડે ઊંડે પણ જેને હજી શંકા રહી હોય એને સ્થિરતા આવવાનો પ્રશ્ન ક્યાં છે? એને તો સ્થિરતા આવી શકતી નથી.

એ ઉપરાંત જેને સ્વરૂપનો ઘણો મહિમા હોય અને એનો ઉદ્યમ વર્તતો હોય. રાગથી વ્યક્ત થઈને ભેદજ્ઞાનનો અભ્યાસ વર્તતો હોય અને એ ભેદજ્ઞાનના (અભ્યાસને) લઈને એની મનની ચંચળતા ઘણી ઘટી ગઈ હોય, એટલો મન ઉપર કાબુ આવ્યો હોય. એનો ઉપયોગ સૂક્ષ્મ થઈને ધીરો થઈને અંદર ટકવા જાય છે. નહિતર એમ ને એમ કાંઈ સ્વરૂપધ્યાન લાગે છે, અદ્ધરથી લાગે છે એવો કોઈ આ વિષય નથી. એ માટે એનો પ્રયત્ન હોય છે, પુરુષાર્થ હોય છે. એને અહીંયાં ધીરા થવું પડે છે, ટકવું પડે છે. એણે નહિ કાર્ય કરેલું હોવાથી અંદરમાં એ કાર્ય કરવાનું જરાક એને આકરું લાગે છે. આકરું લાગે છે એટલે? કઠણ (પડે છે). દુઃખ લાગે છે એમ નહિ. કષાયની મંદતા તો ઘણી થઈ જાય છે. કષાય નહિ, કષાયરસ મંદ પડી જાય છે. તો પછી ત્યાં તીવ્ર કષાયનો પ્રશ્ન નથી. તોપણ જેને કઠિન લાગે છે એ કાર્ય કરવું. એવી શરૂઆતની પરિસ્થિતિ હોય છે.

મુમુક્ષુ :- આમ તો કષાયરસ મંદ પડે છે ત્યારે જ આ ક્રિયામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો પ્રશ્ન જ નથી. નહિતર તો દ્રવ્યલિંગી થઈને ... ... એનું કારણ શું? દ્રવ્યલિંગી તો બહારમાં ભાવલિંગી જેટલા સંયમી છે. જેટલા ભાવલિંગી મુનિ બાહ્ય સંયમમાં છે એટલા દ્રવ્યલિંગી મુનિ બાહ્ય સંયમમાં છે. તો કહ્યું, '**अस्संजदं ण वन्दे**' (દર્શનપાહુડ ગાથા-૨૬). અસંયતને વંદન ન હોય. ભગવાને એને અસંયમી કહ્યા. 'કુંદકુંદાચાર્ય' 'અષ્ટપાહુડ'માં કહે છે, એને વંદન નમસ્કારનો અમે નિષેધ કરીએ છીએ.

સમ્યગ્દષ્ટિને, અવિરત સમ્યગ્દષ્ટિનું ચોથા ગુણસ્થાને વિશેષણ લાગે છે. અવિરતી એનું વિશેષણ છે. એને વંદન નમસ્કાર કહ્યા, આને વંદન નમસ્કાર નિષેધ્યા. આનું શું કારણ છે? કેવી રીતે શુદ્ધાત્મામાં ટક્યો આવ્યો એ એક વિચારણીય વિષય છે. એની પાછળ એટલું કારણ છે, એની પાછળ એટલી સ્થિતિ ઊભી થઈ છે. બાહ્ય દષ્ટિવાન જીવોને બહારનો ફેરફાર દેખાય છે. બાહ્યના ફેરફારનો એને મહિમા પણ આવે છે. અંતર પરિણામની ઓળખ નહિ હોવાથી, પુરુષાર્થના પરિણામની એને ઓળખ નહિ હોવાથી અને એની અંદર એ જગતથી અને રાગથી સમ્યક્ પ્રકારે કેમ જુદો પડ્યો છે,

એની દૃષ્ટિનું બળ એક સિદ્ધ પરમાત્માની દૃષ્ટિના બળ જેવું છે (એની ઓળખ નહિ હોવાથી મહિમા આવતો નથી). 'ગુરુદેવશ્રી' તો એમ કહેતા ને કે તિર્યંચ સમ્યગ્દૃષ્ટિ અને સિદ્ધ પરમાત્મા સમકિતની અપેક્ષાએ સરખા છે. આમ કહેતા. એક Level ઉપર બેસાડતા. સમ્યગ્દર્શનની અપેક્ષાએ બંને સરખા છે એમ કહેતા. તો એણે દૃષ્ટિનું બળ શું ઊભું કર્યું? ... નથી. એની પાસે જે દૃષ્ટિનું બળ છે એ સિદ્ધપદમાં હોય છે એવું બળ છે.

એ વિષય એટલો અજાણ્યો રહ્યો છે કે પ્રચલિત નહિ હોવાને લીધે એની કિંમત લોકોને આવતી નથી. સમ્યગ્દૃષ્ટિ સહજમાત્રમાં સંસારને છોડી શકે છે એનું કારણ શું? મિથ્યાદૃષ્ટિ છે એને તો આકરું લાગે છે. સમ્યગ્દૃષ્ટિને આકરું લાગતું નથી. દીક્ષા પહેલાના એમના ચતુર્થ ગુણસ્થાનના કે પંચમ ગુણસ્થાનના પરિણામનો ચિતાર જો લેવામાં આવે તો એ એટલા બધા ઉગ્ર પુરુષાર્થની અંદર પરિણામ જોર કરતા હોય છે કે એને સંસારમાં રહેવું આકરું છે. પૂર્વ તૈયારીમાં છે.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાનથી છૂટા જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- છૂટા તો પડી જ ગયા છે, ભાવથી તો છૂટા પડી ગયા છે. 'શ્રીમદ્જી' કહેતા, દ્રવ્યે ચોથું (ગુણસ્થાન) છે, ભાવે તો અમારે સાતમું છે એમ કહેતા. એક જગ્યાએ પત્રમાં એવું લખ્યું છે. દ્રવ્યે ચોથું છે, ભાવે તો સાતમું છે. કેમકે દેહને ભૂલી જતાં.

મુમુક્ષુ :- દેહધારી છીએ કે કેમ તે યાદ નહોતું રહેતું.

પૂજ્ય ભાઈશ્રી :- અમે દેહધારી છીએ કે કેમ એ માંડ માંડ યાદ કરીએ ત્યારે કોઈક વાર ખબર પડે છે કે સહેજ છે, બાજુમાં દેહ છે. તેથી દેહને ઉચિત પ્રવૃત્તિ હોવી જોઈએ, મનુષ્યના દેહને ઉચિત પ્રવૃત્તિ રાખવી પડે એવું યાદ રાખવું પડે છે, એક બોજો લાગે છે. સંભારવું પડે છે. ઠીક! એવા આત્મભાવમાં રહેતા. એવી નિર્વિકલ્પતા રહે એમ નહિ. સવિકલ્પ દશામાં એવા આત્મભાવમાં રહેતા હતા એમ કહેવું છે. પરિણતિ છે કે નહિ? આત્મભાવનું જોર એવું ચોથા ગુણસ્થાનમાં છે, એમ કહેવું છે. દ્રવ્યે ચોથું છે, એ પણ નહિતર આમ તો ભાવનું ગુણસ્થાન છે. ગુણસ્થાન કાંઈ દ્રવ્યનું નથી. પણ બહારમાં આવી રીતે છે એટલે દ્રવ્ય નામ આપ્યું. દ્રવ્યે ચોથું છે, ભાવે તો સાતમું છે. મુનિદશા જેવા પરિણામ વર્તે છે. એટલા અંદરથી છૂટા પડી ગયા છે.

શું કહે છે અહીંયાં? મુમુક્ષુને શરૂઆત કરવી છે એટલે એ વિષય ઉપર (વાત કરે) છે. '**અનભ્યસ્ત જ્ઞાયકની અંદર જવા માટે સૂક્ષ્મ થવું પડે છે, ધીરા થવું પડે છે, ટકવું પડે છે;...**' સ્થિર થવાનું હોય છે. એવું જે કાર્ય છે એ શરૂમાં કઠિન લાગે છે. કેમકે

બહારના કાર્યોનો અભ્યાસ એટલો છે, ટેવાઈ ગયેલો છે. એટલે સહેલા લાગે છે, સહજપણે લાગે છે. જુદો પડી ગયા પછી બહારના કાર્યો એને બોજારૂપ લાગે છે. એક એક કામ કરવા એને બોજારૂપ લાગે છે. આહાર ખાવો, સામાન્ય માણસને રસ પડે છે. કેમકે એક તો પુણ્યયોગ હોય અને પોતાને અનુકૂળ લાગે એ બનાવવામાં કાંઈ બીજી રોકટોક ન હોય તો એને રસ પડે છે. આ કહે છે, અમને એ ભાણા ઉપર બેસવું એક બોજો છે. આહાર લેવો એ પણ એક બોજો છે. બીજા કામ કરવા એ તો બોજા જ છે પણ આ તો શરીરની અનિવાર્ય પરિસ્થિતિ છે. એ પણ બોજો છે એમને માટે.

મુમુક્ષુ :- ... ત્યાં આકુળતા થાય એટલે બોજો લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આકુળતાનો જ બોજો છે ને. મૂળ તો જે બોજો છે એ આકુળતાનો, અરુચિનો વિષય છે એટલે બોજો છે. રુચિનો વિષય નથી, રસનો વિષય નથી.

‘**બહારના કાર્યોનો અભ્યાસ છે.**’ રોજ ટેવાઈ ગયેલો છે જે કાર્યો કરવાને ‘**એટલે એને સહેલા લાગે છે. પણ જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે.**’ ઉપયોગને સૂક્ષ્મ કરવો, ધીરો કરવો, અંદર સ્થિરપણે ટકાવવો એ જ્યારે કર ત્યારે કર્યે છૂટકો છે. તારે જ કરવાનું છે. એ કામ તને બીજો કોઈ મદદ કરીને કરી દેશે, બીજા જ્ઞાની મદદ કરશે, બીજા મુમુક્ષુ મદદ કરશે, બીજા કોઈ સાથે રહેનારા મદદ કરશે તો આ કામ થશે, એમ નથી. ‘**જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે.**’ એટલે એમ કહીને પુરુષાર્થ જગાડે છે. કે તો પછી જો મારે જ કરવાનું હોય તો હું અત્યારે શા માટે ન કરું? પછી પણ કરવું અને અત્યારે કરવું. પછી કરવાથી તો કાંઈ લાભ નથી. આ તો દુઃખને ટાળવાની, આકુળતાને ટાળવાની વાત છે. એટલે ભલે તને એ શરૂઆતમાં કઠણ લાગે તોપણ જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે, પોતાને જ કરવાનું છે, બીજા કોઈ કરી દેશે એવી વાત નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર કોઈ કરી દે એ પ્રશ્ન નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર દિશા સૂચન અવશ્ય કરે છે, દિશા દર્શાવે છે, માર્ગદર્શન આપે છે પણ કાર્ય તો પોતે જ કરવાનું છે. જ્યારે કરે ત્યારે. એમ કહીને અત્યારે જ એનો પ્રારંભ કર એમ કહેવું છે. ભેદજ્ઞાનનો અભ્યાસ, સ્વરૂપ પ્રાપ્તિની અત્યંત ભાવનામાં આવીને ભેદજ્ઞાનનો અભ્યાસ અત્યારે જ શરૂ કર. અત્યારે જ ‘આ જ્ઞાન તે હું છું. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું’ એ ભાવ ઉપર આવી જા. એનો અભ્યાસ ચાલુ કર, એ સંબંધીનો પ્રયત્ન ચાલુ કર.

‘**જ્યારે કર ત્યારે તારે જ કરવાનું છે.**’ પોતાને જ કરવાનું છે. એમાં બીજાની જવાબદારી છે અને બીજાને માથે નાખીશ એ પણ એમાં ચાલે એવું નથી. એમ કરીને એને ભાવથી અત્યારે જ તૈયારી આવી જાય અને અત્યારે જ ભાવમાં તૈયારી આવે તો

અત્યારે જ પાત્રતા પ્રગટ થાય એમ લેવું છે. પાયામાં તો પાત્રતા વિના વસ્તુ આવતી નથી. ૨૭૧ થયો.

મુમુક્ષુ :- 'શ્રીમદ્ રાજચંદ્રજી'ની જે વાત નીકળી એમાં સાતમા ગુણસ્થાનના જે ભાવ છે એ... જ્ઞાન તો હોય જ ને કે .. આવા ભાવો આવે જ નહિ. તો ઈ ... વ્યક્ત કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બધી ખબર છે. ભાવમાં વ્યક્ત કરવા. કેવો આત્મભાવ વર્તે છે એ એમાં પ્રદર્શિત કરવું છે. મુનિદશામાં જે આત્મભાવ પ્રવર્તે છે. એમને ગૃહસ્થદશા છે તોપણ કેટલો ઉગ્ર આત્મભાવ પ્રવર્તે છે. એમાંથી જ કાઢ્યું છે પોતે કે હવે એક ભવથી બીજો ભવ અમારે નથી. અત્યારે જે દશા વર્તે છે, ૨૪મે વર્ષે સમ્યગ્દર્શન થયું. વિચારણા જાગૃત થઈ લગભગ ૧૫ વર્ષની આસપાસ ઉંમરમાં. દસેક વર્ષની વિચારદશા, વિચારણા, સુવિચારણાની સુંદર ભૂમિકા, ત્યારપછી જે સમ્યગ્દર્શનની દશા એ પણ દસેક વર્ષનો (ગાળો છે). ૩૩ વર્ષ અને ચાર મહિના. ૩૪ મે વર્ષે દેહાંત છે. બે દસકા છે એમના. પૂર્વભૂમિકાનો એક દસકો છે, એક દસકો એમનો ત્યારપછીનો સમ્યગ્દર્શનની મોક્ષમાર્ગની ભૂમિકાનો છે. એ પહેલાના પંદર વર્ષ તો બાળવયના છે.

એ દસ વર્ષમાં કેટલું કામ કર્યું? અનંત કાળનું સાજુ કર્યું. વેપારી લોકો એમ કહે છે કે દસ વર્ષ જો સારા જાય. ધોમ કમાણી હોય એવા. જિંદગીભર પછી એને વાંધો આવશે નહિ. પછી કમાણી ઘટી ગઈ હોય તો કહે, પહેલા કમાણા છે એનો કસ પૂરે છે આ બધો. પહેલા કમાઈ લીધું છે એટલે હવે કસ પૂરે છે. એમ કહે છે કે નથી કહેતા? વેપારીની ભાષામાં બધા વેપારી લોકો સમજી જાય. એમ આ દસ વર્ષમાં કેટલો કસ આવ્યો હાથમાં? અનંત કાળ ચાલે એટલો. એક ભવ રહ્યો. એટલા રસ-કસથી પરિણામ થયા. દસ વર્ષના પરિણામ એટલા આત્માના રસકસવાળા હતા, આત્મરસવાળા હતા (કે) અનંત કાળનું સાજુ કર્યું.

પોતાને એ જ્ઞાનમાં ભાસી ગયું કે એકાદ ભવ દેવનો થશે. પછી આ આત્માને કોઈ બીજો ભવ થાય એ વાત દેખાતી નથી. પછી ચરમશરીર રહેશે. છેલ્લું શરીર. આવા હુંડાવસર્પિણીકાળમાં એકાવતારી જીવો પાકે છે. આત્મરસ ઘૂંટવો એ એની સ્વાધીનતાનો અને સ્વતંત્રતાનો વિષય છે. એમાં કોઈ હસ્તક્ષેપ કરી શકે, એમાં કોઈ બાધા પહોંચાડી શકે એ પરિસ્થિતિ હોતી નથી. કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (હોય). એવું નહોતું કે મોટા શ્રીમંત હતા. પ્રવૃત્તિ કરવાની ઇચ્છા નહોતી. ... આત્માનો વિચાર આવતો હોય એને પ્રવૃત્તિ કરવાના પરિણામ શું હોય? આ જે પ્રવૃત્તિ કરીએ છીએ તે

પરાનુકંપારૂપ છે. પોતે ચોખવટ કરી છે. બહારની સ્થિતિ એવી કુટુંબની, પરિવારની નહિ હોય. બે ભાઈમાં પોતે મોટા હતા. મોટા-નાના તો ઠીક વાત છે. પરેચ્છાનુચારીને શબ્દભેદ નથી. જાઓ! કોઈ શબ્દ ગમે તે લગાડે અમારે શબ્દભેદ કાંઈ નથી. બીજાની ઈચ્છાથી અનુસરીએ છીએ. આમ કરો તો કરી લઈએ છીએ. અમારો રસ એમાં કામ કરતો નથી. પરેચ્છાનુચારી છીએ.

જ્યાં જ્યાં પોતાનો પુરુષાર્થ મંદ થાય છે ત્યાં ત્યાં પણ સરળતાથી એમણે પત્રની અંદર પ્રસિદ્ધિ કરી છે. પોતાથી નીચેની ભૂમિકાવાળા મુમુક્ષુ પ્રત્યે એ વાત એમણે ઉઘાડી કરી છે, ખુલ્લી કરી છે. આ તો એમની સરળતા છે. અહીં તો હજી ગુરુ પાસે જઈને ન કહી શકે કે મારાથી આ દોષ થયો છે. આ તો જે મુમુક્ષુ એનાથી નીચેની ભૂમિકામાં છે એને પત્રમાં લખે છે. પોતાના જે પરિણામ થાય છે (તે લખે છે). એટલી તો એમની બહારમાં સરળતા છે.

'સોગાનીજી' લખે છે એક પત્રમાં. 'સોનગઢ'થી આવ્યા પછી એનો સહસ્ત્રાંશ પણ ટક્યો નથી. વિશેષપણે અશુભની ભઠ્ઠીમાં આવી ગયા છીએ. એ પોતાના પરિણામ જ લખ્યા. સહસ્ત્રાંશ એટલે હજારમો ભાગ નથી રહ્યો. દસ-બાર દિવસ 'સોનગઢ' રહ્યા હોય અને જે અંતર-બાહ્ય એક જ આત્માની વાત અને આત્માનો રસ ઘૂંટવાનો પ્રકાર હોય, વેપાર-ધંધો-કુટુંબ-પરિવારમાં આવ્યા પછી અહીં તો ધગધગતી ભઠ્ઠીનો અનુભવ થઈ રહ્યો છે અને ત્યાં જે રસ હતો એનો સહસ્ત્રાંશ અહીંયાં જાણે રહ્યો નથી. એટલો રસ મોળો પડ્યો તો એ પણ કહે છે. કાગળમાં લખે છે.

મુમુક્ષુ :- પરિણામનું અવલોકન છે.

પૂજ્ય ભાઈશ્રી :- અવલોકન છે અને એટલું પ્રસિદ્ધ કરવામાં એને એમ નથી કે સામે મારો શું આંક બાંધશે? બસ, તમને આવું થઈ ગયું! એમ નહિ. જે છે ઈ છે. પરિણામ જે છે ઈ છે. કોઈની પાસેથી કોઈ Certificate લેવાનો પ્રશ્ન નથી. સહજ જે થાય છે એ સહજ જ છે. એ પણ એકાવતારી છે. અંદરનું જોર કેટલું હશે! એ સાધારણ મનુષ્યને તો એ અંદાજનો વિષય થાય એવું નથી. બધો ખ્યાલ છે. એમને બીજા પરિણામ થાય છે એ પણ લખે છે. એ સ્પષ્ટ લખે છે.

**જે ખૂબ થાકેલો છે, દ્રવ્ય સિવાય જેને કાંઈ જોઈતું જ નથી, જેને આશા-પિપાસા છૂટી ગઈ છે, દ્રવ્યમાં જે હોય તે જ જેને જોઈએ છે, તે સાચો જિજ્ઞાસુ છે.**

**દ્રવ્ય કે જે શાન્તિવાળું છે તે જ મારે જોઈએ છે-એવી નિસ્પૃહતા આવે તો દ્રવ્યમાં ઊંડે જાય અને બધી પર્યાય પ્રગટે. ૨૭૨.**

૨૭૨ છે. એ મુમુક્ષુજીવની ભૂમિકાને સ્પષ્ટ કરતો વિષય છે. કેવા જીવને આત્માની શાંતિ પ્રગટે? એ પ્રગટવા માટેની યથાર્થ મુમુક્ષુની ભૂમિકા કેવી હોય? એ વિષય ઉપર છે.

'**જે ખૂબ થાકેલો છે,...**' બાહ્ય પરિણામથી. બાહ્યની પ્રતિકૂળતાથી થાકેલો છે એમ નહિ પણ બાહ્ય પરિણામથી જે થાકેલો છે. ઉદયમાન પરિણામમાં જેને થાક લાગે છે. ઉદયથી થાકેલો છે એની વાત છે. પછી જે-તે જેને પૂર્વકર્મનો ઉદય હોય. ચાહે અનુકૂળતાનો હોય, ચાહે પ્રતિકૂળતાનો હોય. પાત્ર જીવ તો અનુકૂળતાના ઉદયમાં અનુકૂળતાને અનુસરીને કરતા પરિણામ, અનુસરીને થતાં પરિણામમાં મૂંઝાય છે. મૂંઝવે છે એને એ પરિણામ. કેમકે એને એ રસ્તે જાવું નથી. એને અંતર્મુખ થઈને અંદરના રસ્તે જાવું છે. એ રસ્તે નથી જવાતું એની એને મુંઝવણ છે. અને એમાંથી જે ખૂબ થાકેલો છે. થોડો થાકેલો છે એમ નહિ પણ ખૂબ થાકી ગયો છે.

એક વિકલ્પ છે એમાં એને દુઃખ લાગે છે. વિકલ્પમાં દુઃખ ન લાગે તો વિકલ્પથી ખસે કેવી રીતે? એમ નથી વિચાર કરતો કે હું તો આત્માના વિકલ્પ કરું છું ને. હું તો શાસ્ત્ર વાંચવાના વિકલ્પ કરું છું ને. હું ક્યાં બીજા વિકલ્પ કરું છું. એમ પણ વિચારતો નથી. એ તો વિકલ્પ ઊઠ્યો એ પોતે સ્વયં જ દુઃખરૂપ છે. એવો દુઃખનો અનુભવ જો થાય તો જ્ઞાન ભૂમિકામાં નિર્મળતાવાળું થયું છે. દુઃખને દુઃખરૂપે નહિ સમજનારું જ્ઞાન ભૂમિકાની નિર્મળતામાં હજી આવ્યું નથી. એને રાગરસની મલિનતા વર્તે છે. લ્યો, એ મુદ્દો અહીંયાં જે રાગરસનો લીધો ને? તન્મયપણે રસ હોય.

જ્ઞાનને મલિન કરનારું અથવા આત્માના સ્વભાવના પરિણામ, પવિત્રતા પરિણામમાં ઉત્પન્ન થાય એના બદલે અપવિત્રતા અને મલિનતા, સર્વ ગુણોના પરિણામમાં મલિનતા લાવવાનું કારણ આ રસ છે-પરરસ છે, વિભાવરસ છે. દેહનો રસ કહો, રાગનો રસ કહો એ બધું એક છે. એ રસ જ મલિનતા ઉત્પન્ન કરે છે. એ

રસ, જેનો રાગરસ તૂટ્યો, શેનાથી? કે સ્વરૂપ પ્રાપ્તિની ભાવનાથી. સ્વરૂપને ઓળખવાની જિજ્ઞાસાથી જેનો રસ તૂટ્યો, ભાવનાથી જેનો રસ તૂટ્યો, લગનીથી જેનો રસ તૂટ્યો એનું જ્ઞાન ભૂમિકામાં થોડું ચોખ્ખું થયું. થોડું ચોખ્ખું થયું તો એને વિકલ્પમાત્ર દુઃખરૂપ અનુભવ થવા લાગ્યો. વિકલ્પનો અનુભવ હજી એકત્વબુદ્ધિએ થાય છે. તો એકત્વબુદ્ધિ હોવા છતાં એક નવી વાત ઊભી થઈ તે એ થઈ કે એને એમાં દુઃખ લાગવા માંડ્યું. આ દુઃખથી થાકેલો છે. દુઃખથી થાકે છે.

જેમ તમને કોઈ એમ કહે કે તમારે પગ વાળીને બેસવાનું નથી. ઠેકડા માર્યા કરો. આ નિશાળની અંદર છોકરાને શિક્ષા કરે છે ને? અંગુઠા પકડાવે, ફલાણું કરે. એમ કોઈ કહે કે ઠેકડા માર્યા કરો. તો થોડીવાર ઠેકડા માર્યા પછી શું કહે? કે ભાઈ! હું થાક્યો હવે. હું થાક્યો છું. આમ ને આમ ક્યાં સુધી ઠેકડા મારવાના? હું ના ન પાડું ત્યાં સુધી ઠેકડા માર્યા કરો. થાક લાગે તો શું કહે? ભાઈસા'બ! થાકી ગયો છું.

આ વિકલ્પના ઠેકડાથી થાક્યો હોય એનું કામ છે. ઈ ઠરશે. જ્યાં સુધી એને એ ઠેકડા મારવામાં રસ છે ત્યાં સુધી એને થાક છે એ દેખાશે નહિ. રસ ચીજ એવી છે કે થાક લાગે તોય ન દેખાય. દુઃખ લાગે તોય ન દેખાય. એક એવી ચીજ છે. ન થઈ શકતું હોય તો પરાણે પણ રસ હોય તો કરે. નાના બાળકને એમ કહે, તું આમ ન કર. તો કહે, નહિ મારે ઉપાડવી છે. થેલી મારે ઉપાડવી છે. બજારમાંથી કિલો-બે કિલો ચીજ લીધી હોય, છોકરો માની સાથે હોય (એ જીદ કરે), મને ઉપાડવા દ્યો. પણ તું ન ઉપાડી શકે. ના મારે ઉપાડવી છે. એને રસ છે તો એને એનું વજન નહિ લાગે. હું ઉપાડી શકીશ, હું ઉપાડી શકીશ એમ કરશે.

એમ આ જીવ સંસારમાં થાક લાગે એવા કાર્યો રસને લઈને કરે છે. એ થાક છે એમાં થાક લાગે ક્યારે? કે એનું જ્ઞાન એટલું ચોખ્ખું થાય ત્યારે. નિરસ થઈને ચોખ્ખું થાય. નિરસ થયા વિના ચોખ્ખું થઈ શકે નહિ. અશુભનો રસ તો તીવ્ર મલિનતા લાવે છે પણ શુભરસમાં પણ રાગરસ એક જ કામ કરે છે. સર્વ પ્રકારનો રાગરસ, રાગમાત્રનો રસ જીવના જ્ઞાનને મલિનતા ઉત્પન્ન કરાવે છે. રસથી નિવૃત્ત થાય તો એને થાક લાગે. થાક લાગે એમાં પણ ઘણો થાક લાગે. થાક લાગવો શરૂ થાય છે. ભૂમિકા અહીંથી શરૂ થાય છે. એમાં જેને ઘણો થાક લાગે.

જે ખૂબ થાકેલો છે અને જેને એક પોતાના આત્મદ્રવ્ય સિવાય બીજું કાંઈ જોઈતું નથી. દ્રવ્ય એટલે અહીંયાં આત્મદ્રવ્યનો-આત્મસ્વભાવનો વિષય છે. જેને આત્મસ્વભાવ, જેને પરમેશ્વર પદ કહેવામાં આવે છે. એ '**સિવાઈ કાંઈ જોઈતું જ નથી, જેને આશા-પિપાસા છૂટી ગઈ છે,...**' બીજા કાર્યો કરવાની આશા પણ નથી.

પીપાસા એટલે અહીંયાં તૃષા અને તૃષ્ણા પણ નથી. હજી તો જેને આ કરવું છે ને તે કરવું છે એને તો થાક લાગવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જેને કાંઈ કરવું નથી એની વાત છે.

**'દ્રવ્ય સિવાય કાંઈ જોઈતું જ નથી, જેને આશા-પિપાસા છૂટી ગઈ છે, દ્રવ્યમાં જે હોય તે જ જેને જોઈએ છે,...'** એમાં અનંત સ્વભાવ છે. દ્રવ્યમાં શું છે? અનંત ગુણોનો સ્વભાવ ભરેલો છે. અનંત ગુણોની વિભૂતિઓ ભરેલી છે એ જ જેને જોઈએ છે અને બહારની વિભૂતિ એને જોઈતી નથી. **'તે સાચો જિજ્ઞાસુ છે.'** આ તો હજી જિજ્ઞાસુની યથાર્થ ભૂમિકાની વાત લીધી. આ સમ્યગ્દષ્ટિને કેમ ઊંચો ગણ્યો છે એની વાત છે. ભૂમિકા જેની આવી છે.

જેની પૂર્વભૂમિકા આવી છે કે જેને દ્રવ્ય સિવાઈ જગતમાંથી કાંઈ જોઈતું નથી. એ એની ભૂમિકામાં લીધા છે. પછી આવશે સમ્યગ્દર્શનની ભૂમિકામાં. એટલે દ્રવ્યલિંગીથી આગળ લીધા. એમ ને એમ અદ્ધરથી કોઈ ઓછુંઅદકું તોળવાની વાત નથી. પણ આ ઓલો પાપ કરતો દેખાય છે. આ તો પાપ કરતા જ નથી. દ્રવ્યલિંગી હોય તો પ્રતિજ્ઞા છે એટલે સર્વસાવદ્યયોગના ત્યાગની દીક્ષા છે. બીજા કોઈ પાપની પ્રવૃત્તિના પરિણામ હોય નહિ. સમ્યગ્દષ્ટિને પાપની પ્રવૃત્તિના પરિણામ હોય, પ્રવૃત્તિ હોય. તોપણ એના કરતાં અંદરની વાત અને બહારની વાતમાં જુદી જુદી વાત છે. આ અંદરની વાત ક્યાંથી આવી? કે આ ભૂમિકામાંથી આવી.

મુમુક્ષુ :- ....પેલાનો આશ્રય જુદો છે, આનો આશ્રય જુદો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આશ્રય જુદો છે. સમ્યગ્દષ્ટિને સિદ્ધપદનો આશ્રય છે, પરમાત્મપદનો આશ્રય છે. દ્રવ્યલિંગીને એક સમયના રાગનો આશ્રય છે. આખા સંસારને પકડ્યો છે. એક સમયના રાગને પકડ્યો છે એટલે આખા સંસારને પકડ્યો છે. ખરેખર આખા સંસારને પકડીને બેઠો છે.

'ગુરુદેવે' આ વાત સમજાવી. નહિતર એ વાત જરા ગળે ઉતરવી મુશ્કેલ પડે બાહ્યદષ્ટિમાં. અત્યારે તો દ્રવ્યલિંગી કોઈ દેખાતા નથી. પણ જુએ તો એકવાર ઠરી જાય. દ્રવ્યલિંગીને જોવે તો ઠરી જાય. એટલો શાંત દેખાતો હોય. ચામડી ઉતરડીને ખાર છાંટે તો એને આંખનો ખૂણો લાલ થાય નહિ. એવો શાંત પરિણામ દેખાય કષાયની મંદતાવાળો એને તમે એમ કહો કે '**अस्संजदं ण वन्दे**'. અસંયત છે, વંદન કરશો નહિ. આખી Line બદલવાની છે. આ Line જુદી છે, એ Line જુદી છે આખી. જેણે શુદ્ધાત્માનો આશ્રય લીધો છે એ વાત જુદી છે. જેણે રાગનો આશ્રય લીધો છે એ Line આખી જુદી છે. એને બહારથી માપે તો ભૂલો પડી જાય એવું છે.

માની લીધું હોય. ક્રિયા એવી હોય અને ... એનું શાસ્ત્રજ્ઞાન એવું હોય. ભૂલાવામાં પડી જાય જીવો. અંતર દૃષ્ટિવાળો અંતરને માપશે. એના હૃદયમાં ગરી જશે એકવાર કે આનું હૃદય શું કામ કરે છે? પછી એને નમી પડશે. ગજબ પરિણતિ છે આની! એમ તેને ઓળખ્યા વિના કોઈ રીતે બહુમાન આવે નહિ. એ મૂળદશા છે. સમ્યગ્દૃષ્ટિની જ્ઞાનીની એ મૂળદશા છે.

કહે છે કે ક્યાંથી થયો? અહીંયાં આવો થયો પછી આગળ વધીને સમ્યગ્દૃષ્ટિ થયો છે. જેને દ્રવ્યમાં છે એ જ જોઈએ છે અને બીજું કાંઈ દ્રવ્ય સિવાયનું જોઈતું નથી. તમામ પ્રકારની આશા-પિપાસા છૂટીને થાકી ગયો છે હવે, એ ઠરવાનો છે હવે આગળ વધીને. એની વાત લીધી છે. અહીંયાંથી આ ભૂમિકામાંથી આગળ વધેલો છે. આ ભૂમિકાથી પાછળ નથી ગયો કાંઈ, ઊલટાનો આ ભૂમિકાથી આગળ આવેલો છે.

અહીંયાં જિજ્ઞાસુ શબ્દ લીધો. અહીંયાં તો કોઈ પ્રશ્ન કરે તો કહે બહુ જિજ્ઞાસા લાગે છે. તર્ક-વિતર્ક કરે તો કહે, બહુ જિજ્ઞાસા! ગમે તેવા અપ્રયોજનભૂત તર્ક-વિતર્ક કરે એને સાચી જિજ્ઞાસા કહી શકાય નહિ. જિજ્ઞાસુ કોને કહેવો એ વિષય ઉપર આ સવા ત્રણ લીટી છે. કોને સાચી જિજ્ઞાસા કહેવાય? તર્ક-વિતર્ક કરે એને જિજ્ઞાસા કહેતા નથી. આને જિજ્ઞાસા કહે છે. જરા વિશેષ લઈશું...

**અનાદિથી જીવ રાગના આધારે પરિણમી રહ્યો છે. 'હું જ્ઞાનમાત્ર છું' તેમ જો જ્ઞાનનો આધાર લેવામાં આવે તો જ જીવ રાગથી ભિન્ન પડી શકે; રાગથી ભિન્ન થવામાં આ પ્રકારની કાર્ય પદ્ધતિ અનિવાર્ય છે. જેને સમયસારમાં (નિર્જરા અધિકાર) 'જ્ઞાનગુણ' કહેવામાં આવેલ છે. આ સિવાઈ બીજો કોઈ ઉપાય - માર્ગ નથી. અન્ય ઉપાય કરતાં રાગાદિની ઉત્પત્તિ થાય છે; આ વિધિની ભૂલ છે. પરંતુ જ્યાં રાગાદિથી જ ભિન્ન પડવું છે ત્યાં રાગનો ઉત્પાદક ઉપાય કરતાં, ભિન્નતા કેમ થાય ? જ્ઞાનના આધારે જ્ઞાનવેદન ઉપજે. ('અનુભવસંજીવની' બોલ નં.૧૬૪)**

## તા. ૫-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૭૨ થી ૨૭૪, પ્રવચન નં. ૨૧૩

'બહેનશ્રીનાં વચનામૃત'-૨૭૨ ચાલે છે. પાનું-૯૨. સાચો જિજ્ઞાસુ અથવા સાચો મુમુક્ષુ, સાચો આત્માર્થી કેવો હોય એ વાત કરી. જેને જગતમાંથી કોઈપણ વાતની આશા-પિપાસા છૂટી ગઈ હોય અને પોતાના સ્વરૂપમાં જે ગુણવૈભવ છે એ જ જેને જોઈએ છે તે સાચો જિજ્ઞાસુ છે. જિજ્ઞાસુ શબ્દ વાપર્યો છે. જિજ્ઞાસુ એટલે સ્વરૂપ પ્રાપ્તિનો અભિલાષી એમ લેવું અહીંયાં. તર્ક-વિતર્ક કરનારો, ઘણાં પ્રશ્ન પૂછનારો જિજ્ઞાસુ છે એમ અહીંયાં લેવું નથી. જોકે જેને અપ્રયોજનભૂત વિષયના તર્ક વિતર્ક વિશેષ ઉત્પન્ન થાય છે એની માનસિક સ્થિતિ ડહોળાયેલી છે અને એ પદ્ધતિ બંધ કરવાથી લાભ થાય છે, ચાલુ રહે તો નુકસાન થાય છે. એટલું અપ્રયોજનભૂત વિષયમાં પ્રશ્નો ઊઠતા હોય તો વિચારવા યોગ્ય છે.

આપણે મુમુક્ષુમાં પણ ક્યાંક ક્યાંક એવા પ્રકાર જોવા મળે છે. ખૂબ પ્રશ્નો કાઢે. પોતાની જરૂરિયાતનો તો ખ્યાલ જ ન હોય એને કે મારી શું જરૂરિયાત છે? જે કાંઈ વાંચે, જે કાંઈ સાંભળે એની સામે એને સીધો તર્ક ઊઠે. આમ કહે છે તો આનું શું? અને આમ કહે છે એનું શું? અથવા અનેક વાતો સાંભળી હોય, અનેક શાસ્ત્રો વાંચ્યા હોય, વ્યવહાર અને નિશ્ચયનો વિષય જ વિરુદ્ધ વિષયનું નિરૂપણ કરવાનો પ્રકાર છે એટલે અનેક કથનો એવા હોય કે જે એકબીજાથી પરસ્પર વિરુદ્ધ દેખાતા હોય. એનો અવિરોધ તો એને સૂઝે નહિ, સમજે નહિ, તર્ક-વિતર્ક ઊઠ્યા કરે. એણે સમજણમાં બુદ્ધિપૂર્વક કેટલાક વિપરીત પ્રકારોને પોષણ આપ્યું છે અને એ વિપરીતતાના લાકડા હજી ઊભા છે. એટલે એવી સ્થિતિ થઈ જાય છે. એ જિજ્ઞાસુની ભૂમિકા નથી. એને સાચો જિજ્ઞાસુ કહી શકાય નહિ.

અહીંયાં તો '**દ્રવ્યમાં જે હોય તે જ જેને જોઈએ છે,...**' દ્રવ્યમાં તો એકલા ગુણો ભરેલાં છે. અનંત ગુણનું નિધાન દ્રવ્ય છે. એ નિધાનમાંથી જેને જે છે એ જોઈએ છે અને એ સિવાય, મારી ચીજ સિવાઈ બીજી કોઈ ચીજનો મારે ખપ નથી. અને મારામાં કોઈ ક્ષતિ ખામી નથી. સર્વ ગુણ સંપન્ન પરમેશ્વરપદે હું બિરાજમાન છું. પછી બીજી ચીજ, બહારની કોઈ ચીજ, અન્ય ચીજ મેળવવાની ત્યાં આવશ્યકતા પણ નથી. એ રીતે જેને આશા-પિપાસા છૂટી ગઈ છે. પોતાની પૂર્ણતાને કારણે, પોતાના પૂર્ણપદનો આધાર લેતાં જેને આશા-પિપાસા છૂટી ગઈ છે તે સાચો જિજ્ઞાસુ છે અથવા તે સાચો

સ્વરૂપ પ્રાપ્તિનો અભિલાષી છે. કેવું છે દ્રવ્ય એ મુખ્ય વાત કરી લીધી.

**'દ્રવ્ય કે જે શાંતિવાળું છે તે જ મારે જોઈએ છે–એવી નિસ્પૃહતા આવે...'** આશા-પિપાસા છૂટી ગઈ એનો અર્થ કે નિસ્પૃહતા આવી. એટલે બહારના કોઈપણ પદાર્થની જેને સ્પૃહા નથી, વાંચ્છા નથી અને જે દ્રવ્યમાં શાંતિ ભરી છે, અનંત શાંતિનું સત્ત્વ જેમાં છે, એ શાન્તિ જેને જોઈએ છે અને તે સિવાય મારે કાંઈ જોઈતું નથી. આ પણ જોઈએ છે અને આ પણ જોઈએ છે. આત્માનો ગુણવૈભવ પણ જોઈએ છે અને બહારમાં પુદ્ગલનો વૈભવ પણ જોઈએ છે એમ બે વાત નથી. નાસ્તિ એની અંદર અનર્પિત છે. **'દ્રવ્ય કે જે શાંતિવાળું છે તે જ મારે જોઈએ છે...'** અને સિવાય કાંઈ મારે જોઈતું નથી. એમ આવે છે. એ મુમુક્ષુ કેવો હોય એમ લીધું છે. સમ્યગ્દૃષ્ટિ કેવો હોય એ વાત નથી ચાલતી. મુમુક્ષુની વાત ચાલે છે.

સમ્યગ્દર્શનની આ ભૂમિકા છે. સમ્યગ્દર્શન એટલે દ્રવ્યની પ્રાપ્તિ, શાંતિની પ્રાપ્તિ, આનંદની પ્રાપ્તિ કોને (થાય છે)? કે જેને જોઈએ છે તેને. જેને એ સિવાય કાંઈ જોઈએ છે એને એવા ભાવમાં જ અશાંતિ ઊભી છે. એ અશાંતિનો જ્યાં સુધી વેગ શાંત ન પડે ત્યાં સુધી તો એ પરિણમન છૂટવાનું નથી. એ ચાલુ ને ચાલુ રહી જશે. બહુ મીઠી વાતો કરેલી છે. શાંતિવાળું દ્રવ્ય જોઈએ છે.

મુમુક્ષુ :– શાંતિવાળું એટલે?

પૂજ્ય ભાઈશ્રી :– બસ, આત્મામાં એકલી શાંતતા છે, નિરૂપદ્રવ અને નિરૂપાધિક જેનું સ્વરૂપ છે એવું પરમશાંત સ્વરૂપ છે આત્મતત્ત્વ. એ સિવાય મારે કાંઈ જોઈએ નહિ. મારે મારી શાંતિ સાથે સંબંધ છે, બીજો કોઈ સંબંધ મારે નથી.

**'દ્રવ્ય કે જે શાંતિવાળું છે તે જ મારે જોઈએ છે–એવી નિસ્પૃહતા આવે...'** સ્વરૂપ શાંતિની ચાહનાથી બીજી સ્પૃહા છૂટી જાય એમ કહેવું છે. **'તો...'** આ શરત નાખી છે. જો આમ થાય તો **'દ્રવ્યમાં ઊંડે જાય...'** જે દ્રવ્યનો સ્વભાવ છે એ સ્વભાવમાં વ્યાપ્ય-વ્યાપકભાવે પ્રસરવું છે એ દ્રવ્યનું ઊંડાણ છે. ઉપર ઉપરથી આત્માનો વિકલ્પ, વિચાર કરે છે એ વિષય અહીંયાં નથી લેતા. જે આત્માનો વિચાર-વાંચન પણ કરતા નથી એની તો ચર્ચા જ નથી કરી. એનો કોઈ ચર્ચાનો અહીંયાં પ્રશ્ન નથી. પણ જે વિચાર-વાંચન કરે છે એને એમ કહે છે કે ઉપર ઉપરથી વિચાર કરવાનો આ વિષય નથી. અને એવો ઉપર-ઉપરના વિચાર-વાંચન કરીને તને થાક લાગવાનો છે. તું થાકી જઈશ એથી. એવું કરી કરીને તું કેટલું કરીશ? અને શું કરીશ પછી?

'સોગાનીજી'એ લખ્યું ને કે વિચાર કર કર કે ભી ક્યા કરેગા? શું કરીશ તું? એમ વિકલ્પ જ કર્યા કરીશ? વાંચ્યા જ કરીશ? વિચાર્યા જ કરીશ? એ માર્ગ નથી. આવે.

આવે પણ જો એના ઉપર વજન હોય તો છૂટે નહિ. આવે છતાં સમજણ એમ હોય કે હજી આ આવે છે એમાં કાંઈ માલ નથી. જે કાંઈ કરવું છે એ હજી આગળની વાત છે. તો એ છોડતાં વાર લાગશે નહિ.

પ્રાયઃ તો એવું બને છે કે જે જીવ જે પ્રકારના પરિણામ કરે એ પરિણામનું એને મહત્ત્વ બહુ આવી જાય છે. પર્યાયબુદ્ધિ હોવાને લીધે જે-તે પ્રકારના એ શુભ પરિણામ કરે, ધર્મબુદ્ધિએ જે કાંઈ પરિણામ એને થાય, જે પ્રકારના (થાય) એનું મહત્ત્વ એને બહુ આવી જાય છે. હું આવું કરું છું.... હું આવું કરું છું... હું આવું કરું છું. અહીંયાં એમ કહે છે કે નિર્વિકલ્પ આત્મદ્રવ્યની, નિર્વિકલ્પ શાંતિ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી બીજા કોઈ પરિણામ સંબંધી વિચાર સુદ્ધાં કરવો એ હિતાવહ નથી. આત્માને લાભનું કારણ નથી, હિતનું કારણ નથી.

મુમુક્ષુ :- અહીંયાં સુધી નિસ્પૃહતામાં આવે તો સીધી સડક આવી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- તો દ્રવ્યમાં ઊંડે જાય એમ કહે છે. પછી દ્રવ્યમાં વ્યાપ્ય-વ્યાપકભાવે અંતર્મુખ થઈને ઊંડુ ઉતરવું એ સરળ છે અને સુગમ છે. અને આ જ કાર્યપદ્ધતિ છે, આ સિવાઈ કોઈ કાર્યપદ્ધતિ આ માર્ગને વિષે નથી. આ એક જ કાર્યપદ્ધતિ છે.

મુમુક્ષુ :- જિજ્ઞાસા ન હોય ત્યારે પ્રશ્ન પૂછવાનો ભાવો નહિ રાખવાનો.

પૂજ્ય ભાઈશ્રી :- શું કરવાનું? વગર જિજ્ઞાસાએ પ્રશ્નમાં ઉડાઉડા કરે, શું એને ફાયદો થાય? એનું માનસ ડહોળાઈ જશે. આ બાજુ જે માનસ વાળવું છે, કાંઈક મન વાળવું છે, આ બાજુ વૃત્તિ વધારવી છે, જિજ્ઞાસા વાળવી છે. જાણી જાણીને જરાક તર્ક ઉઠ્યો, પૂછી લીધું, જાણી લીધું. પછી એ જાણવાને એની સાથે એને કાંઈ સંબંધ જ એને રહેતો નથી. જાણી લીધું, સમજાઈ ગયું, જાણી લીધું, સમજાઈ ગયું. બીજી વાત, ત્રીજી વાત, ચોથી વાત. જે કાંઈ જુદી જુદી તર્કની નવી નવી વાતો ઉગે, ઇચ્છા કરે, જાણી લ્યે, મૂકી દ્યે. આ પરિસ્થિતિ થાય છે.

મુમુક્ષુ :- જાણ્યા પર વજન નથી હોતું.

પૂજ્ય ભાઈશ્રી :- એ જાણ્યું. શું કરવાને પ્રશ્ન પૂછ્યો? મારે ભૂમિકામાં એની કોઈ મારે જરૂરત હતી ને મેં પૂછ્યો? કે વગર જરૂરતે પૂછ્યો? કે કો'કની જરૂરતનો પૂછ્યો? આ એક વિચારવાનું છે. સ્વલક્ષી સ્વાધ્યાય કરવાવાળાને આ એક કડક નિયમ રાખવો જોઈએ કે કોઈ બીજાની સામે જોઈને પૂછવું નથી. બીજાનું બીજો જાણે, હું મારું કરવા બેઠો છું. આ એને બહુ ચૂસ્ત રહેવું પડે. આ નિયમ ઉપર એણે ચૂસ્તપણે વળગી રહેવું પડે તો વાંધો ન આવે. તો લગભગ વાંધો ન આવે.

જે કામ કરવાનું હોય, જે શક્તિ વધારવી છે અને જોઈએ એટલી પ્રગટ નથી થઈ, એ કામ કરતાં કરતાં બીજી બાબતમાં માથું મારવા જાય તો આ કામ તો રખડી પડવાનું છે. સીધી વાત છે. મુમુક્ષુની ભૂમિકા બહુ જ પાંગળી છે, બહુ જ નબળી ભૂમિકા છે. શક્તિ તો સમ્યગ્દર્શન થતાં પ્રગટ થાય છે. એ પહેલા તો હજી આત્મશક્તિ કોઈ પ્રગટ થતી નથી. એવી નબળી ભૂમિકામાં અવળા રસ્તે ચડી જવાના ઘણાં પ્રકાર ભજે છે, ઘણી વાતો ઊભી થાય છે. ત્યાં એણે જો એક લક્ષથી આત્મહિત કરવાનો વિચાર ન રાખ્યો, નિશ્ચય ન રાખ્યો તો ગડબડ થતાં વાર લાગે નહિ.

મુમુક્ષુ :- જિજ્ઞાસા ઉત્પન્ન કરવા માટે નિરંતર જ્ઞાનીના સંગમાં રહેવું અને એની ભક્તિ...?

પૂજ્ય ભાઈશ્રી :- એ વિશેષ લાભદાયી છે. એ વિશેષ લાભદાયી છે એને. કેમ કે એને જો થશે તો માથે રોકનાર કોઈ હોય તો ભૂલવાળા રસ્તે આગળ વધી જાય નહિ. નહિતર આગળ વધ્યા પછી પાછા આવવામાં પણ જીવને વધારે પરિશ્રમ પડે છે. સીધી વાત છે.

પોતાને અંદર માર્ગ મેળવવા માટે મારે શું કરવું જોઈએ? એની મૂંઝવણ ઊભી થઈ હોય તો એ મૂંઝવણ મટાડવા માટે એ પ્રશ્ન કરે તો એ યોગ્ય છે. એ સિવાય બીજા પ્રકારે પ્રશ્ન કરે તો તે યોગ્ય નથી. એક વાત પકડી રાખે તો બીજી બધી અયોગ્ય વાતો કેટલી કેટલી છે એ જાણવાની જરૂર નથી. આ યોગ્ય આટલું છે અને એ કરવું છે, બીજું નથી કરવું.

**'એવી નિસ્પૃહતા આવે તો દ્રવ્યમાં ઊંડે જાય...'** બહારની સ્પૃહાવાળાના પરિણામ બહારથી બહારની દિશા છોડી નહિ શકે, બહારથી પાછા વળી નહિ શકે. દ્રવ્યમાં ઊંડે જાવું એ તો ઘણી બીજી વાત છે. અને એ દ્રવ્યમાં ઊંડે જાય તો એને બધી પર્યાય સમ્યગ્દર્શનથી માંડીને, શ્રદ્ધાગુણથી માંડીને મોક્ષમાર્ગની પર્યાયો અને બધા ગુણોની પર્યાયો, બધી પર્યાયમાં એ બધું લઈ લેવું, બધી પ્રર્યાય પ્રગટે. આ પ્રકારે જોઈએ તો આ બહુ સરળ માર્ગ છે કે બસ! મારે મારું ગુણનિધાન જોઈએ. મારા નિધાનમાંથી મારે લેવું છે તે લેવું છે. ક્યાંય બહારથી લેવાનો પ્રશ્ન છે નહિ. મળવાનું પણ નથી, મળી શકે એવું પણ નથી. બહારથી લેવા જાય તો અશાંતિ અને દુઃખ સિવાય બીજું કાંઈ મળે એવું નથી.

મુમુક્ષુ :- લક્ષ બંધાય.

પૂજ્ય ભાઈશ્રી :- પાકું. આટલું પાકુ હોવું જોઈએ. અને પાકુ એટલું કે એ સિવાયના બીજા પરિણામ ઊઠે તો તરત જ એની જાગૃતિ એને રોકે. એની જાગૃતિ

એને રોકે. એટલી જાગૃતિમાં એને રહેવું જોઈએ અને આવવું જોઈએ. ૨૭૨ (બોલ પૂરો) થયો.

**ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે અને જ્ઞાયકની રુચિ પ્રગટે છે, વારંવાર ચેતન તરફ-જ્ઞાયક તરફ વલણ થાય છે. જેમ ભક્તને ભગવાન માંડમાંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે, તેમ 'હે ચેતન'. 'હે જ્ઞાયક' એમ વારંવાર અંદર થયા કરે, તે તરફ જ રુચિ રહ્યા કરે; 'હું તો હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે' એવું વર્ત્યા કરે. ૨૭૩.**

૨૭૩ છે એ આત્મરુચિનો બોલ છે. એ બધા ભૂમિકાના જુદાં જુદાં પડખા છે, પાસા છે.

**'ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે...'** શું કહે છે? શ્રીગુરુ છે તે હિતકારી ઉપદેશ જ હંમેશાં આપે છે. આત્માને હિતકારી હોય તે જ ઉપદેશ એ કરે છે, બીજી વાત કરતા નથી. ('દીપચંદજી'એ) લીધું છે, ગુરુ કોને કહીએ? કે જે વારંવાર આત્મસ્વભાવને કહે, દર્શાવે, મુહુર્મુહુ-વારંવાર આત્મસ્વભાવને દર્શાવે તેને ગુરુ કહીએ. એટલે જેને આત્મસ્વભાવ દર્શાવવો છે એ જ જેના ઉપદેશનું કેન્દ્રસ્થાન છે. વાત અનેક પ્રકારની આવે પણ બધાનું કેન્દ્ર શું છે? Centre શું છે? એક શુદ્ધાત્મા છે, જેનાથી જીવ અજાણ્યો રહ્યો અને જેનો મહિમા કરવા યોગ્ય છે, જે મહિમાવંત પદાર્થ છે, દર્શાવવા યોગ્ય છે, આદર કરવા યોગ્ય છે. એવો ઉપદેશ, શ્રી ગુરુનો હિતકારી ઉપદેશ, તેના તીક્ષ્ણ પ્રહારોથી. તીક્ષ્ણ પ્રહારો. એને ખરાબ ન લાગે કે હું ફલાણી ફલાણી ક્રિયા કરતો હતો, ફલાણા પરિણામ કરતો હતો અને એ પરિણામને નિષેધ્યા, એવું એને લાગતું નથી. જ્ઞાની ગુરુ છે એ...

મુમુક્ષુ :- ગુરુની વાણીનો પ્રભાવ જ એવો પડે કે આમ અંદર ઉતરી જાય, એમ તીક્ષ્ણ? એવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- તીક્ષ્ણ પ્રહારો છે એટલે શું છે? અણીદાર હથિયાર વાગે. બૂઠું હોય તો ન વાગે. અણીદાર હથિયાર હોય તો વાગે. જીવનો દોષ થાય છે એ દોષ એની ઊંધી શ્રદ્ધાને લીધે પક્કડમાં, એ દોષની પક્કડમાં જીવ છે, દોષને પક્કડમાં રાખેલો છે એના ઉપર પ્રહાર આવે એટલે મર્મસ્થાન ઉપરનો પ્રહાર થાય. જેમ કોઈ આળા ગુમડાને

અડે તો દુઃખાવો થાય એના જેવો એ વિષય છે. મિથ્યાત્વને તોડનારા છે. શ્રીગુરુના વચનો તો મિથ્યાત્વને તોડનારા છે.

આપણને તો 'ગુરુદેવ'નો બહુ ઉત્કૃષ્ટ આ વિષયની અંદર દૃષ્ટાંત છે આપણી સામે. તોપના ગોળા જેવી ભાષા હતી. અવાજ પણ પહાડી અને ભાષા પણ એવી જ કે મિથ્યાત્વના ચૂરા બોલાવે. એવી મિથ્યાત્વ તોડવા માટે કડક ભાષા હતી. બોલાવે પ્રભુ કરીને બોલાવે. પ્રભુ! એમ નથી, હોં! કોઈ ઊંધી વાત કરે, આગ્રહ રાખે, ઊંધી વાત લાવે એનો આગ્રહ રાખે. (તો કહે), એમ નથી, હોં! પ્રભુ! એમ નથી એમ કહે. એવા મીઠાશથી કહે. પણ શુભભાવ ઉપર જીવની અનાદિની પક્કડ છે અને ભૂલ્યો છે એ રસ્તે, તો કહે છે કે જુઓ! આ વિષકુંભ કહે છે. 'સમયસાર' એને વિષકુંભ કહે છે. પ્રત્યાખ્યાનના પરિણામની વાત લીધી છે ત્યાં. પ્રતિક્રમણના. પ્રતિક્રમણના પરિણામની વાત લીધી છે. પ્રતિક્રમણ કરે છે ને લોકો? સંપ્રદાયમાં સવાર-બપોર-સાંજ પ્રતિક્રમણ કરે છે. પ્રતિક્રમણ અને અપ્રતિક્રમણ. બે રીતે અપ્રતિક્રમણ લીધું છે. એક અશુભભાવ છે તે અપ્રતિક્રમણ છે, એ તો વિષકુંભ છે જ. પ્રતિક્રમણ પણ વિષકુંભ છે. અને પ્રતિક્રમણથી ઉપરના શુદ્ધ પરિણામ અપ્રતિક્રમણ કહીને એ અમૃતકુંભ છે એમ કહ્યું છે.

મુમુક્ષુ :- પૈસાદારને પહેલાં બોલાવે આગળ પછી ઘા કરે સીધા.

પૂજ્ય ભાઈશ્રી :- આ દુઃખના ડુંગરામાં તમે દટાયેલા છો. 'દ'નું Aletration છે. દુઃખના ડુંગરામાં દટાઈ ગયા છો. કરોડપતિ, અબજપતિ બધા દુઃખના ડુંગરામાં દટાયેલા છો. આ તમારા મોટા મોટા ૨૫-૫૦ લાખના બંગલા હજીરા. હજીરા કહે એને. એ બધા તીક્ષ્ણ પ્રહાર છે. કેમકે જીવની મીઠાશ છે ને એ બધી. મીઠું મીઠું એને સારું લાગે છે. આ બધી અનુકૂળતાઓ મને સારી છે, આ અનુકૂળતાઓ મને સારી છે, આ બધું મને ઠીક છે. કુટુંબ-પરિવારની વાત કરે. બાપુજી બાપુજી, ભાઈ ભાઈ કરીને મામણા શબ્દોથી તને મીઠું લગાડશે પણ એ બધા લૂંટારા છે, ધુતારાની ટોળી છે. તને ધૂતે છે, તને ખબર પડતી નથી. ધૂતાઈ જાય છે તને ખબર પડતી નથી. ઘણી વાતો પ્રસિદ્ધ કરી છે.

એટલે એ વિષય ઉપર એ મુદ્દો પકડીને વાત લીધી છે અહીંયાં સ્વાધ્યાયમાં કે **'ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઊઠે છે...'** એને ખરાબ નથી લાગતું કે મને કેમ આમ કહે છે. એ એમને હિતકારી ગણે છે, ઉપકારી ગણે છે અને પોતાને દુઃખમાંથી અને દોષમાંથી છોડાવનાર ગણે છે. તે પણ નિસ્પૃહભાવે નિષ્કારણ કરુણાથી છોડાવનાર છે એમ જોવે છે. એટલે એમનો અતિ અતિ ઉપકાર ભાસે છે. કોઈ વળતર લઈને કામ કરી દે એ એટલા ઉપકારી નથી કે જે

વગર વળતરે કામ કરે છે. સીધી વાત છે ને.

મુમુક્ષુ :- સાચો મુમુક્ષુ હોવું જરૂરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ સાચો મુમુક્ષુ છે.

મુમુક્ષુ :- પણ જ્ઞાની પૂજા કરે છે... પોતાને કહે છે એમ લાગે. પોતાને એમ લાગે આ મારી ભૂલ દેખાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જરાક યોગ્યતા હોય તો એને કાંઈકને કાંઈક ચોંટે એમાંથી. કાંઈક વાત મારા લાભની છે અને વિચારવા જેવી છે. એટલે તો શ્રીમંત માણસોને તીક્ષ્ણ પ્રહાર કરે તો સાથે સાથે કહેતા જતા હતા કે અમારે કાંઈ ફંડફાળો કે ચંદો કરવો નથી. નહિતર તો સારું લગાડવું પડે કે તમે બહુ શ્રીમંત છો, ઉદાર છો, ઉદારચિત્ત છો અને તમારા જેવા શેઠિયા બહુ ઓછા હોય. હવે થોડુંક આમાં વધારે લખાવજો. એ વાત તો કદી એમણે રાખી નથી જીવનમાં.

પ્રચાર પણ સહેજ થાય તો થાય. યોજના કરી નથી ક્યારેય પ્રચારની. યોજના નથી કરી કે આવી આવી યોજના કરો. તત્ત્વ પ્રચાર માટેની આવી યોજના ઊભી કરો. એવી વાત નથી કરી. સહેજ થયો તે થયો, ન થયો તો કાંઈ નહિ. કેમકે કર્તાબુદ્ધિ તો ખલાસ થઈ છે. જે સહજ થવાનું તે સહજ થવાનું છે. થાય છે પુણ્યયોગે થાય છે. જેટલો ઉદય હોય એના પરિમાણમાં બહારમાં થાશે. બાકી કોઈ કરવાથી થાય છે એ પ્રશ્ન છે નહિ. પુણ્યનો ઉદય ગયો કે ખલાસ.

સમર્થ પુરુષોને પણ પુણ્યનો ઉદય પૂરો થાય એટલે વાત પૂરી થઈ ગઈ. આ 'શ્રીકૃષ્ણ' કેટલા સમર્થ હતા! ત્રણ ખંડના ધણી હતા. ભગવાનની જેમ લોકો નારાયણ કરીને પૂજતા હતા. પુણ્ય પૂરા થયા, યાદવાસ્થળી થઈ. મા-બાપને બચાવી શક્યા નહિ. પોતે પણ બાણ ખાઈને દેહ છોડ્યો. Normal death નથી. દેહત્યાગ સાધારણ રીતે નથી થયો. બાણ વાગ્યું છે. તૃષામાં આકરા પરિણામ આર્તધ્યાનના વર્તે છે એમાં બાણ વાગ્યું.

કહે છે કે તીક્ષ્ણ પ્રહારો છે એ ખરેખર તો યોગ્યતાવાળા જીવને એ વિશેષ ઔષધ જેવા, રોગને મટાડનારા ઔષધ જેવા પ્રિય લાગે છે કે આ મારો રોગ મટાડશે. આવું ન કહ્યું હોત તો કદાચ મારો રોગ ન મટ્યો હોત. એવો બીજો બનાવ બન્યો છે 'ધર્મદાસજી ક્ષુલ્લક'ના જીવનમાં. 'દેવકીર્તિસ્વામી' એમના ગુરુ હતા. બહુ ક્રિયાકાંડી હતા. ક્ષુલ્લક હતા અને બહુ ક્રિયાકાંડી હતા. સેંકડોં વાર તો 'સમ્મેદશિખર'ની યાત્રા કરી હતી. હજારો ઉપવાસ કર્યા હતા. (એમને પૂછ્યું), સિદ્ધ ભગવાનના દર્શન કર્યા કે નહિ? આ બધું કર્યું પણ સિદ્ધ ભગવાનના દર્શન થયા કે ન થયા? અંધે હો? તુમ અંધે હો?

આંધળો છો તું આંધળો? આપણે નથી કહેતા કોઈને? ભાળતો નથી? આંધળો છો ? ગુજરાતીમાં એમ કહે છે. દેખતા નહિ હૈ, તું અંધા હૈ. એમ જરા કડક કીધું. ગુરુ ઉપર વિશ્વાસ અને પ્રતીતિ એટલી છે કે કડક કહે કે નરમ કહે, ગમે તે ધ્વનિમાં કહે, એકાંતે મારા હિતની જ વાત કરે છે. એ પ્રતીતિ અને એ નિશ્ચય જેનો તૂટતો નથી, ખસતો નથી એને આત્મજ્ઞાન વિશેષ દૂર નથી, એમ કહે છે. 'શ્રીમદ્જી'એ ખાતરી આપી છે. જ્ઞાનીપુરુષ મળ્યા પછી આત્મજ્ઞાન વિશેષ દૂર નથી. કોને? કે જેને તેના વચનોની પ્રતીતિ (આવી છે).

'શ્રીમદ્જી'નો ૫૨૨ નંબરનો પત્ર છે એમાંથી આ ટુકડો છે. **'સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કાંઈ દુર્લભ નથી;...'** એમ કહે છે. જે આત્મજ્ઞાન અનંત કાળથી પ્રાપ્ત કર્યું નથી એવું જે આત્મજ્ઞાન એ સત્પુરુષનો યોગ થયા પછી કાંઈ દુર્લભ નથી, એમ કહે છે. સુલભ છે. મૂર્તિમંત આત્મજ્ઞાન સ્વરૂપ સત્પુરુષ જેને મળ્યા એને એક ન્યાયે તો આત્મજ્ઞાન જ મળ્યું. એમ છે. **'તથાપિ,..'** ક્યારે એ (થાય)? કે તે **'સત્પુરુષને વિષે, તેના વચનને વિષે, તે વચનના આશયને વિષે,...'** આટલી વાત કાઢી છે એમણે. મૂળ શબ્દોમાં ઘણો ભાવ ભર્યો છે. તે **'સત્પુરુષને વિષે, તેના વચનને વિશે, તે વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી;...'** આત્મવિચાર એટલે આત્માના હિતનો વિચાર. આટલું ન થાય તો એને હજી મુમુક્ષુની ભૂમિકામાં આત્મહિતનો વિચાર નથી ઉગ્યો. શંકા પડે, ભૂલ દેખાય એ તો બધું સ્વચ્છંદમાં લઈ ગયા છે. અહીંયાં તો કહે છે કે આટલે હદે આવે તો એને કાંઈક આત્મહિતનો વિચાર ઉગ્યો છે.

**'ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી;...'** અથવા એને એ વિચારનો ઉદય થયો નથી. **'અને તેને સત્પુરુષનો જીવને યોગ થયો છે,...'** એ વાત એને લાગુ પડતી નથી. **'સત્પુરુષનો જીવને યોગ થયો છે, એવું ખરેખરું તે જીવને ભાસ્યું છે, એમ પણ કહેવું કઠણ છે.'** એ તો કહે છે કે ના, ના, અમને તો 'ગુરુદેવ' મળ્યા છે. તો કહે છે, એમ કહેવું કઠણ છે. બહુ મૃદુ ભાષા વાપરી છે. એને એ લાગુ ન પડે એમ કહેવું છે. એમ કેવું કઠણ છે એટલે એ વાત એને લાગુ પડતી નથી. પણ એક વાત બહુ સુંદર કરી છે એમણે કે સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કાંઈ દુર્લભ નથી. અથવા દુર્લભથી દુર્લભ એવો જે યોગ પ્રાપ્ત થયો તો દુર્લભ એવું આત્મજ્ઞાન પ્રાપ્ત થવું સુલભ થયું. એમ એનો અર્થ છે. કેટલા પડખેથી વાતો આવી છે!

મોહનિંદ્રામાં સૂતેલા જીવને પ્રહારથી ઊઠાડે છે. અવાજ કરીને નથી ઊઠતો તો પ્રહાર કરીને ઊઠાડે છે. ઘણા નથી બૂમ મારીને ઊઠાડે ને? ઉઠ ભાઈ! ઊઠ મોડું થઈ ગયું છે. કામ રખડી જાય છે તારું. આ આત્મહિતનું કામ રખડી જાય છે તો તીક્ષ્ણ પ્રહારથી એને જગાડે છે.

તેનો '**આત્મા જાગી ઊઠે છે અને જ્ઞાયકની રુચિ પ્રગટે છે,...**' એને તીક્ષ્ણ પ્રહારોથી બીજી ભાષામાં કહીએ તો લગની લાગે છે કે હવે મારે મારું કામ કરી લેવું છે એવી એની જાગૃતિ આવે છે. અને એ જાગૃતિથી એને પોતાના સ્વરૂપની રુચિ પ્રગટે છે. પોતાના સ્વરૂપનો ભાવ ભાસે છે. ગુણની રુચિ પ્રગટે છે અને જ્યારે ગુણની રુચિ પ્રગટે છે ત્યારે વારંવાર ચેતન તરફ, જ્ઞાયક તરફ વલણ થાય છે. આ એક ઉપલક્ષણ આપ્યું છે.

આત્મરુચિ કોને પ્રગટી છે? અને પ્રગટી છે તો તેનું લક્ષણ શું છે? કે એનું વલણ વારંવાર જ્ઞાયક તરફ થાય. એનો વિકલ્પ જ્ઞાયકનો વારંવાર થાય એવી ભાષા પણ નથી લીધી. વલણ લીધું છે. નિજ ચેતન તરફ, નિજ સ્વભાવ તરફ, નિજ સ્વરૂપ તરફ, જ્ઞાયકભાવ તરફ એનું વલણ વારંવાર થાય. ઉદયભાવમાં ઉપયોગ જાય, પરિણામ જાય અને ત્યાંથી પાછો ફરીને અહીંયાં આવે. છટકી છટકીને આવે. અરે..! હું તો આ છું ને! પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય તે હું છું ને! પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાયક તે હું છું ને! આ ક્યાં હું છું? આ ક્યાં હું છું? જાય ખરો ઉપયોગ. ઉદય હોય એમાં જે-તે પ્રકારના ઉદયમાં જાય ખરો. જાય પણ પાછો વળે. એકવાર નહિ પણ વારંવાર પાછો વળે એવું જો અંદરમાં વલણ થાય તો એને સ્વભાવની-સ્વરૂપની-જ્ઞાયકની રુચિ પ્રગટી છે અને નહિતર એને રુચિ પ્રગટી નથી. આ રુચિનું લક્ષણ લીધું છે. એવો જ આત્મા છે.

અનંત ગુણવાન આત્મા એવો છે એમ લેવું છે. ગુણની રુચિવાળાને ગુણભંડાર મળી ગયો પછી બીજે ઉદયવશ ઉપયોગ જાય છે તોપણ એનું ખેંચાણ અંદરનું છૂટતું નથી એટલે વારંવાર એના ઉપયોગનું વલણ આ બાજુ થઈ આવે છે. હું આ છું ને! હું જ્ઞાયક છું ને! હું તો પણ જ્ઞાયક છું ને! એવું એને વારંવાર વલણ થાય છે. '**જેમ ભક્તને ભગવાન માંડ માંડ મળ્યા હોય...**' અન્યમતીઓએ ભક્તિ એવી કરી છે. ભલે એના ભગવાન કલ્પિત છે તોપણ અન્યમતીઓએ એવી ભક્તિ કરી છે. માંડ માંડ જ્યારે ભગવાન મળ્યા, હવે એને મૂકી દઉં એ વાત કેમ બનશે? એમ કહે છે. એને હું મૂકીશ નહિ. સર્વસ્વ મળ્યું એનું. શું મળ્યું? પોતાનું પોતાને સર્વસ્વ મળી ગયું.

'**જેમ ભક્તને ભગવાન માંડ માંડ મળ્યા હોય તો તેને મૂકવા ન ગમે,...**' એને એને છોડવા ગમે નહિ. 'ભાગવત'માં અન્યમતીમાં ગોપાંગનાઓની ભક્તિ બહુ લીધી

છે. માખણ વેચવા નીકળે તો કહે હાંરે.. કોઈ માધવ લ્યો રે.. માધવ લ્યો. માખણ લ્યો ભૂલી જાય છે. માખણનો મા આગલો શબ્દો સરખો છે. ત્રણ અક્ષરનો શબ્દ છે. માધવ લ્યો... માધવ લ્યો. ત્યાં તો જે શાસ્ત્ર રચનારા છે એનું ઘણું કૌશલ્ય છે એ વિષય ઉપર. દેહનું ભાન ભૂલી જાય છે. સ્ત્રીપર્યાયને ઉચિત સંકોચને ભૂલી જાય છે. ઘણી વાતો લીધી છે.

અહીંયાં એમ લે છે કે પોતાના ભગવાનને જુએ છે તો સંસારની બધી ફરજો ભૂલી જાય છે. તમે આ ભૂલી ગયા... આ ભૂલી ગયા... આ ન આવડ્યું... આમ ન થયું... તેમ ન થયું. હવે એક બાજુ પરિણામનું વલણ એવું થઈ જાય છે કે બીજી બાજુની સાવધાની ઘટી જાય છે. સંયોગની સાવધાની ઘટે તો પ્રતિકૂળતાઓ વધે એવો ભય એને નથી. ઉલટાનું એને એ વાતનું શૂરાતન છે કે સંયોગની સાવધાની ઘટી છે અને કદાચ સંયોગો એનાથી નબળા થશે તો એ નબળા સંયોગોમાં મારો પુરુષાર્થ વિશેષ જાગૃત થવાનો મને એક પ્રસંગ ઊભો થશે. ઠીક! એ જાતનું એણે આગળથી વિચારી રાખ્યું છે.

જગતમાં સામાન્ય જીવો તો પ્રતિકૂળતાના સંજોગો ઊભા થયા પહેલાં એનાથી ભયવાન થઈને ફફડે છે. આમ થશે તો? તેમ થશે તો? નિર્ધનતા થઈ જશે તો? આબરૂ વઈ જશે તો? ઢીકણું થશે તો? અત્યારથી પ્રાપ્ત સંયોગોને ભોગવવાને બદલે દુઃખમાં ને દુઃખમાં, ચિંતામાં ને ચિંતામાં લોકો રોગગ્રસ્ત થઈ જાય છે. માનસિક રોગ, શારીરિક રોગ. આ તો બહુ તૈયાર છે. વીરના માર્ગે ચાલવાવાળો વીર છે. પ્રતિકૂળતા આવશે તો ઔર પુરુષાર્થ જગાડશું. ત્યારે આત્માર્થિતા કેવી છે એની ખબર પડશે મને પણ કે મારી આત્માર્થિતા કેવી છે? લોકોને ખબર પાડવાનો પ્રશ્ન નથી. પણ એ વખતે એનું જે સત્ત્વ છે એ ઝળકે છે. એટલે સંયોગની સાવધાની છૂટવી એ એને માટે કોઈ વિશેષ વાત, અઘરી વાત, કઠણ વાત નથી. જગતમાં એ વાત કઠણ દેખાય છે, અહીંયાં એને કઠણ વાત નથી.

‘**તો તેને મૂકવા ન ગમે, તેમ ‘હે ચેતન’, ‘હે જ્ઞાયક’...**’ આ જુઓ! પોતાને પોતાનું સંબોધન છે. ‘**એમ વારંવાર અંદર થયા કરે,...**’ વિકલ્પ થયા કરે એમ નહિ. લક્ષમાં લઈને જે ચૈતન્ય સ્વભાવનું ભાવભાસન થયું છે એની મહત્તા એને આવ્યા કરે. એની મહત્તા એને વિશેષપણે રહ્યા કરે અને એનો રસ ચડ્યા કરે. આ અનુકૂળતા પ્રાપ્ત થાય તો અનુકૂળતાનો રસ ચડી જાય છે કે નહિ જીવોને? પ્રતિકૂળતા આવે તો એનો ખેદાઈને રસ ચડી જાય છે. અનુકૂળતામાં હરખાઈને રસ ચડી જાય છે. અહીંયાં કહે છે કે અહીંયાં જ્ઞાયકનો અને ચેતનનો વિશેષ વિશેષ રસ ચડી જાય છે.

**'એમ વારંવાર અંદર થયા કરે, તે તરફ જ રુચિ રહ્યા કરે;...'** જેની રુચિ એનો રસ, જેનો રસ એની રુચિ. સીધી વાત છે. **'તે તરફ જ રુચિ રહ્યા કરે;...'** રુચિમાં આંતરો પડે નહિ. ઉપયોગમાં ભલે આંતરો પડે, રુચિમાં આંતરો પડે નહિ. એમ છે. ઉપયોગ બહાર જાય, રુચિ ફરીને બહાર જાય તો એની મુમુક્ષુતા ખલાસ થાય. રુચિ ન પલટાય. ઉપયોગ પલટાય છે, રુચિ પલટાતી નથી. ઉપયોગ પલટાય છે, શ્રદ્ધા પલટાતી નથી. એ શ્રદ્ધા સવળી થવાની છે એની પૂર્વ પર્યાય છે.

રુચિએ તો ઊંધી શ્રદ્ધામાં ફેર પાડ્યો છે. સ્વરૂપની રુચિએ સમ્યક્દર્શન થયા પહેલા મિથ્યાશ્રદ્ધાનના જોરને ગાળી નાખ્યું છે, ગળી ગયું છે એનું. શક્તિહિન કરી નાખ્યું છે. શક્તિ તોડી નાખી છે. એનું નામ આત્માની રુચિ. એ રુચિ પલટાતી નથી. ઉપયોગ પલટાય છે પણ રુચિ પલટાતી નથી. અને ઉપયોગ પલટાય છે છતાં આ બાજુનું વલણ વારંવાર થાય છે. એમાં વારંવાર એટલે ત્રુટકપણું છે. એનું કારણ એની રુચિ છે. આ બોલ રુચિનો છે.

જ્ઞાયકની રુચિ હોવાને લીધે એને વારંવાર વલણ થાય છે. અને પોતાના સ્વરૂપનો મહિમા હે જ્ઞાયક, હે ચેતન એ મહિમાવાચક શબ્દ છે. હે પરમાત્મા! પોતાનો જ પરમાત્મા. પોતે જ પરમેશ્વરપદસ્વરૂપ છે. **'તે તરફ જ રુચિ રહ્યા કરે;...'** રહ્યા કરે એટલે સતત રહ્યા કરે. અને તેને લીધે... આ પદ તો અન્યમતીનું પદ છે. **'હું તો હાલુ-ચાલુને પ્રભુ સાંભરે રે'** અને એ સાંભરે એટલે સ્મૃતિ-વિસ્મૃતિનો વિષય અહીંયાં માત્ર ન લેવો. સાવધાનીનો વિષય લેવો. બીજી સાવધાની છૂટી જાય છે. એના બીજા પદ બધા એવા છે. મને પ્રભુ સાંભરે છે ત્યારે મારું ન્હાવાનું છૂટી જાય છે, મારું જમવાનું છૂટી જાય છે. એવા બધા નાસ્તિના બોલ છે. એટલું મારું લક્ષ્ય ઈશ્વરમાં છે કે બીજી બધી મારી સાવધાની છૂટી જાય છે.

એમ સમ્યગ્દર્શન થયા પહેલાં ખાવા-પીવા, પહેરવા-ઓઢવાથી માંડીને મુમુક્ષુજીવને ઉદયમાન પ્રસંગોમાંથી સાવધાનીની તીવ્રતા છૂટી જાય છે. ઉપયોગ જાય છે પણ એમાં તીવ્રતા આવતી નથી. સાવધાની છૂટી જાય છે. એક ન્યાયે તો એને સાવધાની ઘટી જાય છે અથવા છૂટી જાય છે ત્યારે એને સ્વરૂપની રુચિ પ્રગટી છે. ત્યાંથી આગળ વધીને સમ્યગ્દર્શનમાં આવશે. એ તબક્કાથી પણ આગળ વધીને, વિશેષ વિકાસ પામીને સમ્યગ્દર્શનમાં આવશે. એટલે એને એક ન્યાયે ત્યાગી કહ્યા છે. એવા પણ બોલ આવે છે. આમ અવિરત સમ્યગ્દષ્ટિ કરુણાનુયોગનું Title છે. ચૌદ ગુણસ્થાનમાં અવિરત સમ્યગ્દષ્ટિનું ગુણસ્થાન નામ આપ્યું છે. અહીંયાં અધ્યાત્મમાં એમ કહે છે કે ખાય છે તોપણ ખાતો નથી. ઉપવાસી છે. બોલે છે તો બોલતો નથી.

ચાલે છે તો ચાલતો નથી. એમ લીધું છે. કેમ? કે એ તો રુચિમાં અહીંયાં હતો. તો એની સાવધાની છૂટી ગઈ છે. ત્યારપછી તો પરિણમન વિશેષ આગળ વધી ગયું છે. એ પ્રભુમાં અભેદ પરિણમન થઈ ગયુ છે અથવા જેણે સાક્ષાત્કાર કર્યો છે. એની સ્થિતિમાં એને એમ કહી શકાય છે કે ખાય છે તો ખાતો નથી.

બીજો એનો અર્થ એ છે કે જ્ઞાની છે એ તો આત્મરસમાં પડ્યા છે. એના જ્ઞાનરસને ઘોળે છે અને જ્ઞાનાનંદના અમૃતને પીવામાં એ પડ્યા છે. બીજી બધી કોઈ સાવધાનીની વાત નથી. થાય છે એ બધું બેસાવધાનપણે–અસાવધાનપણે કરે છે, થાય છે. એનો કાંઈ હિસાબકિતાબ રાખવામાં આવતો નથી. આમ કરે છે ને તેમ કરે છે, એ હિસાબકિતાબ એને લાગુ પડતો નથી.

મુમુક્ષુ :– ચક્રવર્તી ઘરમાં વૈરાગી.

પૂજ્ય ભાઈશ્રી :– 'ભરત' ચક્રવર્તી ઘણાં વૈરાગી હતા. બહારનો વૈભવ છ ખંડનો હતો. અંતર વૈરાગ્ય ફાટ ફાટ હતો. મુનિદીક્ષા લીધી તો સાતમું ગુણસ્થાને આવે એ તો કાંઈ નવાઈની વાત નથી. અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન લીધું છે. કેટલું ઘૂંટ્યું હશે! એ છ ખંડના સંયોગોની વચમાં રહીને કેટલું ઘૂંટ્યું હશે, એ બહુ ઊંડો વિચાર માગે છે. એ પણ આત્મા હતા. આપણા જેવા આત્મા હતા. કોઈ બીજી જાતના આત્મા નહોતા. જેવા આત્મા આપણે છીએ એવા જ એ આત્મા હતા. એક સરખી જાત છે. આ શક્તિ એની પ્રદર્શિત કરે છે. શક્તિ શું ચીજ છે? કે જેને કોઈ માપ નથી એવી એ ચીજ છે.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી'માં આવે છે, ખાવું છે તો આત્મા માટે, પહેરવું છે, ઓઢવું છે, સૂવું છે તો આત્મા માટે.

પૂજ્ય ભાઈશ્રી :– એ છે. 'શ્રીમદ્જી'એ લીધું છે. ૨૩માં વર્ષમાં એમની મુમુક્ષુની ભૂમિકા શું છે એ વિષે (લખ્યું છે). રળવું છે તો આત્માર્થે, ખાવું છે તો આત્માર્થે, પીવું છે તો આત્માર્થે, બોલવું છે તો આત્માર્થે. ઊઠવું છે, બેસવું છે, સૂવું છે બધું આત્માર્થે. એવો રુચિનો રંગ ચડે છે. રુચિનો રંગ ચડેલો છે એવો. એને એક જ જાણે કામ કરવું છે. હવે એને જીવનમાં કોઈ બીજું કામ રહ્યું નથી. જ્યારે એને જીવનમાં કોઈ બીજું કામ રહ્યું નથી ત્યારે અંદરની શક્તિ છે એ એને સાથ પૂરાવે છે. એ એની સાથે થઈ જાય છે.

જેમ જરૂર વખતે કોઈ મદદગાર મળે એના જેવી વાત છે. જ્યારે પોતે તૈયાર થયો પોતાની જરૂરિયાત માટે તો અનંત શક્તિનો ધણી અંદરથી ઊભો થાય છે. હવે એને કોઈ બાધા પહોંચાડનાર નથી. એનું કાર્ય નિયમથી થાય છે.

એ પદ લીધું છે. અન્યમતમાં આ પદ આવે છે. પછી તો આપણે લોકોએ આવા પદની રચના કરી છે. આ કોઈ જૂના કવિનું પદ છે. **'એવું વર્ત્યા કરે.'** એવું ભાવની અંદર વર્ત્યા જ કરે. પોતાના પરમેશ્વરપદની મહિમા ન છૂટે, એ મહિમાનો રસ વૃદ્ધિગત થયા કરે અને કોઈ એવા અપૂર્વ તબક્કે પહોંચે, એવા Stage- ઉપર પહોંચે કે જેમાં પછી વિકલ્પ ઊઠાવવાનો પ્રશ્ન ન રહે. નિર્વિકલ્પ પ્રતીતિ અને નિર્વિકલ્પ ઉપયોગ એકસાથે પરિણમન કરવા લાગે. એ અપૂર્વ મહિમાનું ફળ છે. સમ્યગ્દર્શન અને શુદ્ધોપયોગ એ સ્વરૂપના-સ્વભાવના અપૂર્વ મહિમાના ફળસ્વરૂપે ઉત્પન્ન થયેલી દશા છે. એ દશામાં પહેલાં આવું વર્ત્યા કરે, આવું થયા કરે. એ રીતે અહીંયાં રુચિનો બોલ લીધો છે. રુચિની વાત કરી છે. ૨૭૩ (બોલ પૂરો) થયો.

**અનંત કાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો, વિભાવની તુચ્છતા ન લાગી, પરથી અને વિભાવથી વિરક્તતા ન થઈ, માટે માર્ગ મળ્યો નહિ.**
**૨૭૪.**

૨૭૪. ૨૭૪માં અત્યાર સુધી પરિભ્રમણ કરતા એવા પોતાના જીવને સંસારનું એટલે પરિભ્રમણનું કારણ શું રહ્યું એ દર્શાવે છે.

**'અનંત કાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો...'** પહેલી અસ્તિથી વાત લીધી છે. ઉપર જે રસ-રુચિની વાત લીધી એ મહિમા સહિતની વાત છે. એ અનંત કાળમાં નથી થયું. એટલે એ મહિમાને અપૂર્વ મહિમા કહેવામાં આવે છે. ભાવભાસનથી દશા બદલાયા પહેલાં દિશા બદલાય છે અને દિશા બદલાય છે એની દશા બદલાય છે. એક બોલ લીધો છે 'પરમાગમસાર'માં 'ગુરુદેવ'ના શબ્દોમાં. ત્યાં એ વાત લીધી છે 'ગુરુદેવશ્રી'એ કે દિશા બદલાવી તે પણ અપૂર્વ છે. સ્વરૂપના મહિમાથી દિશા બદલવી સ્વસન્મુખ થવું, સમ્યક્ સન્મુખ થવું તે પણ અપૂર્વ છે.

એમ **'અનંતકાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો...'** ચૈતન્યની સન્મુખ થઈને એ અધ્યાહાર વાત છે. સન્મુખતાથી મહિમા ન આવ્યો. આમ તો રાગ ઘણો કર્યો- ચૈતન્યનો પણ રાગ ઘણો કર્યો. પણ એ તો કૃત્રિમ મહિમા છે. કૃત્રિમ મહિમા રાગથી મહિમા કરતાં રાગની વૃદ્ધિ થશે. અને વીતરાગી સ્વભાવનો જ્ઞાનમાં મહિમા આવશે તો રાગ તૂટશે. રાગ વધશે નહિ પણ રાગ તૂટશે.

આ સમ્યક્ સન્મુખમાં એક વિચારણીય પરિસ્થિતિ છે. સમ્યક્ સન્મુખ જીવને

સ્વરૂપનો અપૂર્વ મહિમા જાગૃત થયો છે. એને જ્ઞાનમાં પોતાનું અનંત ગુણાત્મક સ્વરૂપ ભાસ્યું છે. નિજ પરમેશ્વરપદની એને ઝાંખી આવી છે. હજી સમ્યક્‌જ્ઞાન પ્રગટ્યું નથી. જ્ઞાન મિથ્યા રહ્યું છે, દર્શન મિથ્યા રહ્યું છે. તોપણ રાગથી વિકલ્પ ઊઠ્યા કરે છે. સ્વરૂપનો મહિમાનો વિકલ્પ રાગથી ઊઠ્યા કરે છે અને સ્વરૂપરસ વધે છે. વિકલ્પનો કાળ છે અને સ્વરૂપરસ વધે છે. ચૈતન્યરસ વધે છે, આત્મરસ વધે છે. રાગરસ નથી વધતો. જો રાગરસ વધતો હોત તો રાગ તૂટીને વીતરાગદશા ક્યાંથી આવત? આ વિચારવા જેવો વિષય છે.

સામાન્ય રીતે જેનો મહિમા આવે એના પ્રત્યેનો રાગ પણ વધે. પણ આ એક કોઈ એવી પરિસ્થિતિ છે કે અહીંયાં જ્ઞાનમાં ભાવભાસન થયું હોવાથી જ્ઞાનરસ અને આત્મરસ વધે છે. રાગ સાથે સાથે વિકલ્પ ચાલે છે ખરો સ્વભાવના મહિમાનો, પણ એ રાગ વધતો નથી ઉલટાનો એ રાગનો નાશ થાય છે. આ એક વિશિષ્ટ વાત છે આ વિષયની.

એટલે એમ કહે છે કે અનંત કાળમાં જો ચૈતન્યનો સાચો મહિમા આવે, ખરો મહિમા આવે, યથાર્થ પ્રકારે મહિમા આવે તો એમાં રાગવૃદ્ધિનું એ કારણ નથી. ચૈતન્ય પ્રગટ થવાનું એ કારણ છે. આત્માને પ્રગટ થવાનું એ કારણ છે. એ રાગવૃદ્ધિનું કારણ નથી.

મુમુક્ષુ :- વજન જાય છે એને હિસાબે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિકલ્પ છે પણ વિકલ્પ ઉપર વજન નથી અને ચૈતન્ય સ્વભાવ ઉપર એનું વજન છે કે જે વિકલ્પ અને રાગરહિત તત્ત્વ છે. વિકલ્પ અને રાગરહિત તત્ત્વ છે એ કોઈ બીજું નથી, પોતે જ છે પાછો. મોટી વાત એ છે. એ પોતે છે. હું આવો! બસ! આ મહિમા છે. એ સન્મુખતાના કાળમાં એટલા હદે એ રસ વૃદ્ધિગત થાય છે કે એ રસ ઘર કરી જાય છે. જેમ કોઈ રોગ ઘર કરી જાય અને નીકળે નહિ. એમ આનો રસ ઘર કરી જાય છે. શુદ્ધાત્માના મહિમાનો રસ ઘર કરી જાય છે. પછી ઘર છોડવાની વાત રહેતી નથી. એમાંથી આત્મા પ્રગટે છે.

એવો '**અનંતકાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો.**' યથાર્થ પ્રકારે ચૈતન્યનો મહિમા આવ્યો નહિ તેથી સંસાર ન છૂટ્યો. એમ કહેવું છે. સંસાર છૂટવાનું મૂળ કારણ આ છે. પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો વાસ્તવિક મહિમા આવે તો એને વિભાવ અને વિભાવના વિષયભૂત આખા જગતના કોઈપણ વિવિધ પદાર્થો હોય, એની તુચ્છતા એને આવ્યા વિના રહે નહિ. જે પદાર્થોથી જગતના જીવો પોતાની મોટાઈનું માપ ગણે છે, મોટાઈનું અભિમાન કરે છે, મોટાઈનું ગૌરવ લાવે છે એ આને તુચ્છ લાગે છે. આમ

છે. અને એ પદાર્થો વિનાની પોતાની દશા એ એનું ગૌરવ છે ખરેખર તો. એમ છે.

મુનિરાજનું ગૌરવ શું? ઉત્કૃષ્ટ ત્યાગ એ એનું ગૌરવ છે. તિલતુષમાત્ર પરિગ્રહ નહિ એ એનું ગૌરવ છે. બસ! તો એ માર્ગે જવાવાળાને એ જ ગૌરવ હોય. એને બીજું ગૌરવ હોય નહિ. જગતના જીવો તો શું છે કે બીજાના સંયોગ જોઈને પોતાની હિણપ અનુભવે છે કે આને આ છે ને મારે નથી, આને આ છે ને મારે નથી, આને આ છે ને મારે નથી. એ પામરતા છે. એવી પામરતા આ Lineમાં હોતી નથી. Line આખી જુદી છે, જગતથી જુદી Line છે. એને તુચ્છતા લાગે છે. એવી તુચ્છતા ન આવી એને પામરતા રહી. એને સંસાર છૂટતો નથી, એમ કહેવું છે. વિશેષ લઈશું...

જે જીવ છૂટવાના ઉપાયની / માર્ગની શોધમાં હોય, તેને માર્ગ, સત્પુરુષની વાણીમાં, પ્રકાશની જેમ મળે છે. સત્પુરુષ - અનુભવી પુરુષની વાણીમાં જ માર્ગ પ્રાપ્તિની વિધિ આવે - અજ્ઞાનીની વાણીમાં વિધિનું પ્રકાશન થઈ શકતું નથી. તેથી જેને 'માર્ગ'ની શોધ વર્તે છે, તેને સત્પુરુષથી માર્ગ નિઃસંદેહ મળે છે. તે જીવને સત્પુરુષની ઓળખાણ તેની અંતર પરિણતિથી થાય છે. તેને સત્પુરુષનો યથાતથ્ય મહિમા આવે છે. અનાદિકાળના પરિભ્રમણમાં, સત્પુરુષનો યોગ થવા છતાં, જીવને ઉક્ત પ્રકારે ઓળખાણ થઈ નથી. ઓઘે ઓઘે 'આ જ્ઞાની છે' તેમ માન્યું છે. બહુમાન પણ ઓઘે ઓઘે કર્યું છે, પણ તે ખરો મહિમા નથી. ઓળખીને બહુમાન - મહિમા આવે તો જરૂર તરી જાય. - માર્ગની શોધ એ ખાસ પ્રકારની પાત્રતા છે. આવી પાત્રતાના અભાવમાં જ્ઞાની ઓળખાતા નથી.

('અનુભવસંજીવની' બોલ નં.૧૬૭)

## તા. ૬-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૭૪,૨૭૫,૨૭૬
## પ્રવચન નં. ૨૧૪

દુઃખથી છૂટવા ઇચ્છે છે. જન્મ-મરણ એ દુઃખદાયક પ્રસંગો છે. એવા દુઃખદાયક પ્રસંગ ન હોય તો સારું એમ ઇચ્છે છે. તોપણ સાચો ઉપાય નહિ મળવાને લીધે પરિસ્થિતિ ચાલુ રહી છે. એવો સાચો ઉપાય નહિ મળવાનું શું કારણ? એ કારણો અહીંયાં લીધા છે. મૂળ કારણ તો પોતાના સ્વરૂપને ઓળખ્યું નથી અને તેથી સ્વરૂપને મહિમા ઉત્પન્ન થયો નથી. **'અનંત કાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો...'** કેમ ન આવ્યો? કે ઓળખાણ ન થઈ માટે ન આવ્યો. નિજ પરમપદની પરમાત્મપદની ઓળખાણ થાય, પહેચાન થાય અને એનો મહિમા ન આવે એવું બની શકે નહિ. અથવા એનો મહિમા ઉત્પન્ન થતો રોકી શકાય નહિ.

આપણે ત્યાં તત્ત્વનો અભ્યાસ કરનારાને પ્રશ્ન રહે છે કે આત્માનું સ્વરૂપ તો સમજાવ્યું 'ગુરુદેવે', સમજાયું પણ (ખરું). સ્વરૂપ એટલે વસ્તુની બંધારણીય પરિસ્થિતિ. વસ્તુવ્યવસ્થા. એવું વસ્તુસ્વરૂપ સમજ્યા પછી અને જ્ઞાન, સુખ આદિ અનંત સામર્થ્ય આત્મામાં છે એમ માન્યા પછી, સ્વીકાર્યા પછી, જાણ્યા પછી એનો મહિમા કેવી રીતે આવે? આવો પ્રશ્ન ઊભો થાય છે.

મહિમા કેવી રીતે ઉત્પન્ન થાય? એ પ્રશ્ન એમ સૂચવે છે કે જે જાણ્યું છે એમાં ઓળખાણનો અભાવ છે. જાણ્યું છે, ઉપર ઉપરથી માન્યું છે કેમ કે નિષેધ કર્યો નથી, નકાર કર્યો નથી, વિરોધ કર્યો નથી, વાંધો ઉઠાવ્યો નથી. માટે એમ કહેવાય છે કે માન્યું છે. જાણ્યું છે અને માન્યું છે. પણ એવું ઓળખાણ વગરનું જાણ્યું-માન્યું એ ખરેખર જાણ્યું-માન્યું નથી.

જેણે જાણ્યું એટલે યથાર્થ રીતે ઓળખ થઈ એને તો ચૈતન્યનો મહિમા ઉત્પન્ન કેમ થાય એ પ્રશ્ન નથી. ઉત્પન્ન થતો એને રોકી શકાતો નથી. જેણે એમને એમ ઓઘે ઓઘે જાણ્યું માન્યું છે, જાણ્યું-માન્યું છે પણ એને ઓઘસંજ્ઞા કહેવાય છે, સંજ્ઞા એટલે નામ. ઓઘે-ઓઘ એવું નામ એને મળે. ઓળખાણ વગરની ઓઘસંજ્ઞાએ. એવો તર્ક કરે છે કે ઓઘસંજ્ઞા કેમ? બરાબર બુદ્ધિપૂર્વક વિચાર કરીને ન્યાયથી, લોજીકથી, તર્કથી, અનુમાનથી, આગમથી, નયજ્ઞાનથી આ નિશ્ચયનો વિષય, આ વ્યવહારનયનો વિષય એમ બધા પડખાથી વિચારીને નક્કી કર્યા પછી ઓઘસંજ્ઞા? કે હા. પછી પણ ઓઘસંજ્ઞા છે. ... એને માની લે એ તો ઓઘસંજ્ઞા છે પણ આવી રીતે પોતે નક્કી કરે પણ એમાં

ઓળખાણનો અભાવ હોય તો એ ઓઘસંજ્ઞા છે. એને પણ જીવે ઓઘે ઓઘે માન્યું છે.

મુમુક્ષુ :- ઓળખાણનો અભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાણનો અભાવ છે. બરાબર યથાર્થ ઓળખાણ હોય. જેવા સ્વભાવે છે એવો ભાવ ભાસે તો મહિમા કેમ ઉત્પન્ન થવો એ પ્રશ્ન રહેતો નથી. મહિમા કેમ કરવો? એ પ્રશ્ન ઓળખાણનો અભાવ સૂચવે છે, પ્રદર્શિત કરે છે. એટલે એક ન્યાયે એમ પણ કહી શકાય કે અનંત કાળથી પોતાના સ્વરૂપને ઓળખ્યું નથી તેથી એને માર્ગ મળ્યો નથી.

સ્વરૂપને ઓળખે અને સ્વરૂપનો મહિમા આવે તો એ મહિમા જ આગળ વધીને અવલંબન સ્વરૂપે કાર્ય કરે છે. માર્ગ તો સ્વરૂપનું અવલંબન લેવું તે છે. અંતઃતત્ત્વ સ્વરૂપનું અંતર્મુખ થઈને અવલંબન લેવું તે ઉપાય છે. એ અવલંબન લેવા માટે એને બાહ્ય આકર્ષણ છૂટવું ઘટે છે. સ્વરૂપના મહિમાથી અંતર આકર્ષણ ઉત્પન્ન થવું ઘટે છે. એ સિવાય બીજી રીતે એ કાર્ય થાય એવું નથી. કાર્ય પર્યાયમાં જીવ કરે છે તોપણ સહજ મહિમામાં કર્તૃત્વ નથી પણ સહજતા છે. શરૂઆતાથી જ કર્તૃત્વ નથી પણ એમાં સહજતા રહેલી છે.

એ પ્રકારે '**અનંત કાળમાં ચૈતન્યનો મહિમા ન આવ્યો, વિભાવની તુચ્છતા ન લાગી,...**' જે-તે પ્રકારના વિકલ્પ ઊઠે છે એની કાંઈ કિંમત નથી. કિંમત તો નથી પણ રાગમાત્ર રોગ છે, નુકસાનનું કારણ છે, આત્માની શક્તિનો વિરુદ્ધ સ્વભાવ છે, શક્તિના સ્વભાવથી એ વિરુદ્ધ સ્વભાવી છે એવું એને લાગ્યું નહિ. એવું વિચાર્યું નહિ એમ ન કહ્યું, એવું એને લાગ્યું નહિ. '**વિભાવની તુચ્છતા ન લાગી,...**'

'**પરથી અને વિભાવથી વિરક્તતા ન થઈ,...**' ઉપેક્ષા ન થઈ. પરની અપેક્ષા રહી, સંયોગની અપેક્ષા રહી, દેહાદિની અપેક્ષા રહી અને આવો રાગ મને થાય છે એ સારો ભાવ થાય છે એવી પણ એની અપેક્ષા રહેલી છે. એટલે એણે પોતાના સ્વરૂપથી પર અને વિભાવને અધિકતા આપી છે ત્યાં વિરક્તતા થવાનો સવાલ રહેતો નથી. ધ્યાનના પ્રકરણમાં આ એક મુદ્દો છે. નિર્વિકલ્પ વીતરાગી સ્વરૂપ સ્થિરતારૂપ ધ્યાન કોને થાય? કે જેને રાગને વિષે વિરક્તતા વર્તતી હોય તેને થાય. અનેક મુદ્દા છે ધ્યાનના એનો આ એક મુખ્ય મુદ્દો છે.

રાગમાં જેને રસ નથી, રુચિ નથી. ઊલટાનો રાગમાં જેને અરસ છે. અરુચિ છે એને ધ્યાન થવાની સંભાવના છે. રાગમાં રસ છે ત્યાં સુધી કોઈ રીતે ધ્યાન થઈ શકે એવું નથી. કેમકે રાગનું એકત્વ છે એ કોઈ અસાધારણ પરિસ્થિતિ છે જીવની કે જ્યાંથી

એ અનંત કાળથી છૂટ્યો નથી. રાગના એકત્વથી અનંત કાળથી નથી છૂટ્યો એ એક ઘણો ગંભીર ઉત્પન્ન થયેલો રોગ છે.

મોટો રોગ ઉત્પન્ન થાય છે એમ ને એમ નથી થતો. ઘણાં Complication નું Result છે એ. એમ આ એકત્વબુદ્ધિ, રાગ સાથેનું એકત્વ પરિણમન છે એનાથી છૂટું પડવા માટે એને અનંત વીર્યવાન, અનંત બળવાન પોતે છે એની જાગૃતિ એને આવવી જોઈએ. ત્યાં સુધી રાગનું એકત્વ છૂટતું નથી. અનંત કાળથી રાગ સાથે એકમેકપણું થઈ રહ્યું છે. જ્ઞાનમાત્ર હું છું. આમ જુદું પડવાનું છે. માત્ર જ્ઞાન તે હું એમ જુદું પડવાનું છે. એ સિવાય જુદું પડવાનો બીજો કોઈ ઉપાય કે પ્રતીતિ નથી.

**'વિભાવની તુચ્છતા ન લાગી, પરથી અને વિભાવથી વિરક્તતા ન થઈ,...'** વિરક્તપણું ન થયું, રસ ન ઉડ્યો, રાગની મીઠાશ ન ગઈ, રાગની અધિકતા ન ગઈ. **'માટે માર્ગ મળ્યો નહિ.'** માર્ગ નહિ મળવાનું અવરોધક કારણ આ છે. જીવને રાગમાં વિરક્તપણું અરુચિપણું થવું જોઈએ. 'પરમાગમસાર'માં તો 'પૂજ્ય ગુરુદેવશ્રી' એ ભેદજ્ઞાનના લક્ષણમાં એ વાત લીધી છે. ભેદજ્ઞાનનું એ લક્ષણ છે કે.. એમ કરીને વાત લીધી છે કે એને રાગમાં અરુચિ થાય. એ ભેદજ્ઞાનનું લક્ષણ છે. જ્ઞાન જુદું અને રાગ જુદું એવો વિકલ્પ કરે તે ભેદજ્ઞાનનું લક્ષણ નથી. તેવો વિચાર કરે તે ભેદજ્ઞાનનું લક્ષણ નથી. એમ કહેવું છે. બહુ સારો બોલ છે. ૩૦૭મો બોલ છે.

**'જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે...'** એમ કરીને લીધું છે. કેવી શૈલી આવી છે! **'જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં...'** એટલે આત્મામાં. જ્ઞાનમાં એટલે પોતામાં પોતાને **'રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે,...'** આવા શબ્દો પડ્યા છે. **'રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે,...'** જેને રાગમાં મીઠાશ લાગે છે એને આ વિષયની વિપરીતતા છે. આ વિષયની વિપરીતતા છે એટલે ભેદજ્ઞાનથી વિપર્યાસપણે પરિણમન ચાલી રહ્યું છે. એમ સીધી વાત છે. કેમ રાગ પ્રત્યે અનાદર જાગે છે એ વિચારણીય વિષય છે.

રાગમાં રહેલી જે મલિનતા અને રાગમાં રહેલી જે આકુળતા એ જ્ઞાનને પોતાથી એકદમ વિરુદ્ધ લાગે છે. જેમ માણસ નથી કહેતા કે આ મારો એવો દુશ્મન છે કે એને જોઉં છું તો મને કાળ ચડે છે. એમ નથી કહેતા ? ક્રોધની પ્રકૃતિવાળા માણસો હોય છે એવું બોલતા સાંભળ્યા છે કે હું આ વ્યક્તિને જોઉં છું અને મને કાળ ચડે છે. કાંઈ પ્રસંગ ન હોય, લેવા ન હોય, દેવા ન હોય, કાંઈ ન હોય સો-પચાસ ફૂટ દૂરથી જોવે અને એના પરિણામ બગડે. Highly prejudice થઈ ગયફ હોય. તીવ્ર ક્રોધ વર્તતો હોય. તો કહે છે કે અહીંયાં રાગને જુએ છે જ્ઞાન અને તીવ્ર અનાદરભાવ, રાગ પ્રત્યે

તીવ્ર અનાદરભાવ જાગે. આ દુશ્મન છે.

સંપ્રદાયમાં તો રાગ ઉપર 'ગુરુદેવ' પ્રહાર કરે તો લોકોને આકરું લાગે છે. અમારે પૂજા ન કરવી? અમારે ભક્તિ ન કરવી? અમારે દયા-દાન ન પાળવા? ભાઈ! તું કોણ છો? અને તારો દુશ્મન કોણ છે? કાંઈક તો વિચાર કર. પરમપવિત્ર એવું તારું સ્વરૂપ એની પાસે આ મલિન પરિણામ, મલિનભાવ. કાદવને મોઢે લગાડવાની વાત છે તારી. ગટરમાંથી લઈ લઈને મોઢે લગાડે અને રાજી થાય વાહ! કેવું સરસ કામ કર્યું!

પરમેશ્વરપદે બિરાજમાન પોતે ઉચ્ચ પદમાં નીચ પદમાં બેસીને રાચે છે. રાજી થાય છે અને રાચે છે. હું શરીરવાળો, હું રાગવાળો, હું ફલાણાવાળો, ફલાણાવાળો... ફલાણાવાળો. જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. કહે છે કે '**આત્મામાં રાગની ગંધ નથી.**' જેમાં રાગની ગંધ પણ નથી. પરિપૂર્ણ વીતરાગ વિજ્ઞાનઘન આત્મા છે. એમાં રાગની ગંધ નથી. એ જગ્યાએ '**રાગના જેટલા વિકલ્પો ઊઠે...**' એવી જગ્યાએ-એવા ક્ષેત્રમાં રાગના વિકલ્પ ઊઠે એ ઝેર છે. અમૃતસ્વરૂપી આત્મા એની સામે એ ઝેર છે. અને એનો અનુભવ? કે '**તેમાં બળું છું...**' બળું છું... બળું છું.... બળું છું એવો અનુભવ થાય. એવી આકુળતા છે.

મુમુક્ષુ :- રાગનો જે અનાદરભાવ આવે... પરનો આશ્રય તો છે નહિ...

પૂજ્ય ભાઈશ્રી :- એકાંતે નથી. અનેકાંતે છે. અહીંયાં જ્ઞાનથી રાગનું ભેદજ્ઞાન છે. એકલા રાગ સામે જોઈને રાગનો નિષેધ નથી પણ જ્ઞાન સામે જોઈને રાગનો નિષેધ છે.

મુમુક્ષુ :- નહિતર દ્વેષ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો કાલ્પનિક દ્વેષ છે. એ તો એક રાગ એને અરુચિવાળો લાગશે અને બીજો રાગ પાછો એને રુચિ જશે. કેમ કે એની જાત એણે ઓળખી નથી. અહીં તો જ્ઞાનની સાથે મીંઢવીને, બે ભાવ તો જીવના પરિણામમાં છે, જીવના ક્ષેત્રમાં થાય છે તો જ્ઞાન સાથે રાગને મીંઢવે છે ત્યારે એને અનુભવ થાય છે કે આમાં તો બળું છું. હું તો આમાં બળું છું.

'**તેમાં બળું છું, તેમાં દુઃખ... દુઃખ... ને દુઃખ છે.**' ત્રણ વખત શબ્દ વાપર્યો છે. તેમાં એકાંતે દુઃખ જ છે. '**તેમાં દુઃખ... દુઃખ... ને દુઃખ છે-ઝેર છે તેમ પહેલાં જ્ઞાનમાં નિર્ણય કરે...**' જ્ઞાનમાં આ રીતે એને ભાસે. નિર્ણય કરે એટલે જેવો એનો ભાવ છે એવો જ્ઞાનમાં એને ભાસે તો ભેદજ્ઞાન પ્રગટે છે. અહીંયાં ભેદજ્ઞાનની શરૂઆત થાય છે. જ્યાં સુધી રાગમાં, વિકલ્પમાં દુઃખ ન લાગે ત્યાં સુધી ભેદજ્ઞાનની શરૂઆત થઈ શકતી નથી. ભલે જ્ઞાન અને રાગના જુદાંપણાના વિકલ્પ કરે. ભલે દ્રવ્ય અને પર્યાયના જુદાંપણાના વિકલ્પ કરે પણ જ્યાં સુધી એને રાગમાં દુઃખ ન લાગે ત્યાં સુધી

ખરેખર જુદાં પડવાનો પ્રયત્ન થાય એવું બની શકતું નથી.

મુમુક્ષુ :- રાગ તો ચાલુ છે, ... દુઃખ ભાસવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દુઃખ લાગે. ત્યારે તો છૂટે. અનાદિનું એકત્વબુદ્ધિથી છૂટવું મામુલી વાત તો નથી. વિચાર તો કરો કે બહારમાં એણે પ્રયત્ન એવો કર્યો છે કે છ-છ મહિનાના, બાર-બાર મહિનાના ઉપવાસ કર્યા છે. ઊંધે માથે લટકાણો છે. કાંઈ એણે બહારના પ્રયત્નમાં તો ખામી રાખી નથી. છતાં અંતરથી રાગનું એકત્વ છૂટ્યું નથી ત્યાં સુધી એનો સંસાર છૂટ્યો નથી. સંસરણ થઈને એકત્વ થઈ ગયું છે. સ્વભાવમાંથી સંસરણ થઈને એકત્વ વર્તે છે. એ એકત્વ તોડવા માટે એને સતત રાગમાં દુઃખ લાગવું જોઈએ. આમ છે.

પીડા થાય અને ચાલુ રહે તો સતત લાગે કે વચમાં બંધ થઈ જાય? રોગ થાય શરીરમાં અશાતા ઉત્પન્ન થાય, પેટમાં ગોળો ચડ્યો હોય તો માથું ફાટતું હોય, કોઈ જગ્યાએ શરીરમાં રસી થઈ ગઈ હોય, સેપ્ટીક થઈ ગયું હોય અને પાકના લબકારા થતા હોય, કોઈ આંગળી અડાડે તો રાડ પાડે એવું પાક્યું હોય તો એ સતત થાય? કે થોડીક વાર થાય અને થોડીક વાર ન થાય? એ વેદના ચાલુ જ રહે છે. સીધી વાત છે. વેદનાનું પરિણમન છે ત્યાં સુધી વેદના ચાલુ રહે છે. એમ અહીંયાં પણ ચાલુ રહે. એમ છે. આ તો વેદનનો વિષય છે. સુખ અને દુઃખ તો વેદનનો વિષય છે. જો દુઃખ, દુઃખપણે ન વેદાય, દુઃખ તો રાગભાવ છે, આત્મામાં દુઃખ નથી, આત્માના શુદ્ધ પરિણમનમાં દુઃખ નથી, જ્ઞાનમાં દુઃખ નથી, દુઃખ રાગમાં છે અને દુઃખ દુઃખપણે ન વેદાય તો એ જ્ઞાન વિપર્યાસને પ્રાપ્ત થયેલું છે. વિપર્યાસપણે ભજે છે ત્યાં જ્ઞાન પોતાનું પરિણણન. એને દુઃખ, દુઃખપણે લાગતું નથી.

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં પણ એ મુદ્દો વારંવાર લીધો છે. પ્રથમ તો વિકલ્પમેં દુઃખ લગના ચાહિયે. લીધું છે કે જે વિકલ્પમાં દુઃખ ન લાગે તો શું સમજવું? જે વિકલ્પમાં દુઃખ ન લાગે તો એણે એમ સમજવું કે એની ધારણા જ્ઞાનમાં પણ ભૂલ છે. ૮૮મો બોલ છે. સમ્યગ્દૃષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે. એનું અહીંયાં પોતે પ્રતિપાદન કરે છે. શાસ્ત્રમાં 'સમયસાર' આદિ શાસ્ત્રમાં એવી વાત જોરથી પ્રતિપાદિત થયેલી જોવામાં આવે છે કે સમ્યગ્દૃષ્ટિને રાગ નથી, સમ્યગ્દૃષ્ટિને દુઃખ નથી. તો કહે છે કે એ તો દૃષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે. પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે. બળવાનપણે આનંદ છે, બળવાનપણે સુખ છે. વીતરાગતાની બળવત્તરતા છે એટલે એમ કહ્યું છે. એની બળવાનપણું પ્રદર્શિત કરવાના હેતુથી. અને જેટલો રાગ છે.. કારણ કે વીતરાગ હોય તો તો સાધક ન હોય, સિદ્ધ હોય. જેટલો રાગ છે એટલું દુઃખ

પણ સાધકને છે એમ સાધક પોતે જાણે છે. પર્યાયમાં રાગ છે, દુઃખ છે તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ દુઃખ છે. શું કીધું? એની તો ધારણાજ્ઞાનમાં ભૂલ છે. નિશ્ચયજ્ઞાનનો તો પ્રશ્ન જ નથી, સમજણમાં પણ એની ભૂલ છે. સમ્યગ્દષ્ટિને દષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી તેમ કહ્યું છે. પણ જો આસ્રવ સર્વથા ન હોય તો તેની મુક્તિ હોવી જોઈએ. પોતે એની સામે દલીલ આપી છે. સાધક પણ પુરુષાર્થવાન હોય છે, પ્રયત્નવાન હોય છે. સમ્યગ્દર્શન થયા પછી બેસી રહેતો નથી પરંતુ પ્રમાદ ટાળીને અપ્રમાદ ભાવે બરાબર જેટલી શક્તિ છે એટલી શક્તિથી ઉદ્યમ કરે છે-પુરુષાર્થ કરે છે એનું કારણ? કે એને દુઃખ છે એ ટાળવું છે. જો દુઃખ ન હોત તો ટાળવાનો પ્રયત્ન પણ સામે ન હોત.

એ વિષય લીધો છે કે '**વિભાવની તુચ્છતા ન લાગી, પરથી અને વિભાવથી વિરક્તતા ન થઈ,...**' દુઃખભાવમાં વિરક્તતા ન થઈ, પણ દુઃખભાવમાં રક્તતા રહી. '**માટે માર્ગ મળ્યો નહિ.**' માટે એને માર્ગ મળ્યો નહિ. એવું જે દુઃખમાં દુઃખ નહિ લાગવાનું કારણ? જ્ઞાન તો છે એની પાસે, એને કેમ લાગતું નથી? જ્ઞાનમાં દર્શનમોહ સહિતનો વ્યામોહ વર્તે છે. એ દર્શનમોહનો પ્રભાવ છે. જ્ઞાન તો જ્ઞાન છે. એને ભ્રમ થાય છે. ત્યાં દુઃખ છે એ દુઃખરૂપે એને લાગતું નથી.

મુમુક્ષુ :- રાગ આગ દહે સદા... એમાં શુભરાગને ..

પૂજ્ય ભાઈશ્રી :- રાગમાત્ર આગ છે. 'રાગ આગ દહે સદા તાતૈ સમામૃત સેઈએ.' સદાય છે. તો કહે સદાય અશુભરાગ છે? શુભ અને અશુભ બેય સદાય ચાલે છે વારાફરતી. ઘડીક શુભ ચાલે, ક્યારેક અશુભ ચાલે, ક્યારેક શુભ ચાલે. બંને આગ છે. 'રાગ આગ દહે સદા.' 'છ ઢાળા' 'દૌલતરામજી'નું પદ છે. 'દૌલતરામજી'ના પદ તો બહુ અધ્યાત્મપૂર્ણ છે. બીજા પદો છે એ પણ એવા જ છે. એવા ઘણાં પદો લીધા છે. 'દૌલતરામજી', 'ભાગચંદજી', 'ભૈયા ભગવતીદાસ', 'બુધજનજી', 'બનારસીદાસજી' અધ્યાત્મ પદો બધા. જ્ઞાની અને એમાં કવિપણું એટલે અધ્યાત્મની ઘણી રચના કરી છે. બહુ સારા પદો છે.

મુમુક્ષુ :- પ્રશસ્ત રાગ રહ્યો હોય તો ?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશસ્ત રાગ પણ આગ જ છે. પ્રશસ્ત કહો કે શુભ કહો બેય એક જ છે. અપ્રશસ્ત કહો કે અશુભ કહો અને પ્રશસ્ત કહો કે શુભ કહો, બંને એક જ છે. પ્રશસ્ત-અપ્રશસ્ત છે એ શાસ્ત્રીય પરિભાષા છે. અને લોકરૂઢિમાં એને શુભા-શુભ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એકલા આત્માના જ વિકલ્પો કર્યા કરીએ એવો શુભભાવ હોય તો?

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રશસ્ત જ થયો ને. બીજું શું થયું? ભગવાનની ભક્તિના કહો કે આત્માના સ્વભાવના વિકલ્પો. હું શરીર છું... હું શરીર છું... હું શરીર છું... એવા વિકલ્પ કેમ નથી કરતા? હું શરીર છું... હું શરીર છું... હું શરીર છું એમ વિકલ્પ કર્યા કરે છે? હું વિદ્વાન છું, મારું નામ ફલાણું છે.. મારું નામ ફલાણું છે (એમ વિકલ્પ કર્યા કરે છે).

મુમુક્ષુ :- નિર્વિકલ્પપણે પડ્યું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પડ્યું જ છું. એવી પરિણતિ થઈ ગઈ છે. નિર્વિકલ્પ પડ્યું છે એટલે એની પરિણતિ થઈ ગઈ છે. એમ આની પરિણતિ થઈ જવી જોઈએ. જેમ વિભાવરસે કરીને દેહાત્મબુદ્ધિ અને રાગની એકત્વની પરિણતિ થઈ ગઈ છે. નહિતર રાગની એક્તા કરવા માટે ક્ષણે ક્ષણે શું પુરુષાર્થ કરો છો? અને સતત કરવાનો એવો ઊંધો પુરુષાર્થ? લ્યો, પણ થઈ જ રહ્યો છે. સતત થઈ રહ્યો છે એ પુરુષાર્થ. રાગના એકત્વપણાનો પુરુષાર્થ, ઊલટો પુરુષાર્થ સતત થઈ જ રહ્યો છે. વિકલ્પ નથી કરવો પડતો કે આ રાગ ઉત્પન્ન થયો એની સાથે હું એકપણું કરું, હું એની સાથે એકત્વ કરું, હું એમાં હુંપણું કરી લઉં એવો વિકલ્પ નથી કરવો પડતો. થઈ જ જાય છે. કેમકે અત્યંત રસે કરીને ઉપજેલી એ પરિણતિ છે.

એમ સ્વભાવના મહિમાથી, સ્વભાવના-સ્વરૂપના અત્યંત આત્મરસથી ઉત્પન્ન થયેલી એવી પરિણતિ છે. એ પરિણતિમાંથી ઉપયોગ ઉત્પન્ન થાય છે. નિર્વિકલ્પ એકાકાર શુદ્ધોપયોગ ક્યાંથી ઉત્પન્ન થઈ ગયો? એનો વિકલ્પ નથી કરવો પડ્યો કાંઈ. જે ક્ષણે શુદ્ધોપયોગ ઉત્પન્ન થાય છે એ પહેલાની ક્ષણે એ શુદ્ધોપયોગ ઉત્પન્ન થવાનો વિકલ્પ નથી હોતો. પરિણતિના રસમાં ઉગ્રતા આવે છે અને જે રાગ બુદ્ધિપૂર્વકનો ઉત્પન્ન થતો હતો એ તીવ્ર સ્વરૂપરસની પરિણતિથી ઉત્પન્ન થતો બંધ થાય છે ત્યારે ઉપયોગ છે એ ઉત્પન્ન થતાં રાગને વેદતો હતો એકત્વ કરીને. અહીંયાં રાગ ઉત્પન્ન ન થયો. રાગ ઉત્પન્ન ન થયો પણ ચારિત્રગુણમાં વીતરાગતા ઉત્પન્ન થઈ તો વીતરાગતાને વેદી એણે. રાગ ઉત્પન્ન થતો હતો ત્યાં સુધી રાગને વેદતું હતું જ્ઞાન, ઉપયોગથી. હવે રાગ ઉત્પન્ન બંધ થયો અને વીતરાગતા ઉત્પન્ન થઈ તો એને વેદે છે. વીતરાગતાનો અનુભવ કરે છે. સ્વરૂપલક્ષ છે વેદન પર્યાયમાં છે. તો એનો વિકલ્પ કરવાનો પ્રશ્ન નથી. તીવ્ર સ્વરૂપરસની પરિણતિ થાય છે એમાંથી ઉપયોગ થઈ જાય છે. કરવો પડતો નથી પણ થઈ જાય છે એ પ્રકારે શુદ્ધોપયોગ આવે છે.

**પંચમકાળ છે એટલે બહાર ફેરફાર થાય, પણ જેને આત્માનું કરવું છે તેને કાળ નડતો નથી.** **૨૭૫.**

૨૭૫. '**પંચમકાળ છે એટલે બહાર ફેરફાર થાય, પણ જેને આત્માનું કરવું છે તેને કાળ નડતો નથી.**' બહુ પુરુષાર્થપ્રેરક વચનો છે કે પંચમકાળ છે... પંચમકાળ છે... પંચમકાળ છે... એ બહુ ફરિયાદ કરવાની જરૂર નથી. જે છે તે છે. અને તું એ કાળમાં હયાત છો એ કાંઈ મફતનો નથી. અહીંયાં પંચમકાળમાં છે અને જ્યાં ચોથો આરો ચાલે છે ત્યાં મહાવિદેહમાં કેમ નથ? પોતાના અપરાધને વેદે છે. તું પંચમકાળમાં અહીંયાં જન્મેલો છો એ શું સૂચવે છે? તારા અપરાધને જાહેર કરે છે. પોતાના અપરાધને જોવો નથી, વિચારવો નથી પંચમકાળ છે... પંચમકાળ છે... આ બધો પંચમકાળ છે.

અહીંયાં કહે છે કે એ હોય તો ભલે એનામાં રહ્યો. તારામાં પંચમકાળ નથી. આત્મપદાર્થ તો કાળાતીત પદાર્થ છે. જેને કોઈ કાળક્રમ લાગુ પડતો નથી. બાળ-યુવાન-વૃદ્ધપણું તો શરીરને છે. જન્મ-મરણ પણ શરીરનું આવાગમન છે કે બીજું કાંઈ છે? આત્મામાં શું આવ્યું-ગયું? કાંઈ નહિ. કોઈ કાળક્રમ એને લાગુ પડતો નથી.

અહીંયાં પણ સાધનામાં પણ એવું છે કે ઘણો કાળ શાસ્ત્ર વાંચે તેથી એને જ્ઞાન થાય, ઘણા કાળ સુધી શાસ્ત્ર અધ્યયન કરે એટલે એને જ્ઞાન થાય એવું કોઈ જ્ઞાન થવાનું કાળ સાથેનું કારણ નથી. જ્ઞાન થાય એ અંતર્મુહુર્તમાં થાય છે. એક સમયમાં થાય છે. ખરેખર તો એક જ સમયમાં થાય છે. મિથ્યાજ્ઞાનનો વ્યય, સમ્યગ્જ્ઞાનનો ઉત્પાદ. મિથ્યાશ્રદ્ધાનો વ્યય, સમ્યક્શ્રદ્ધાનો ઉત્પાદ. એટલે તો 'ગુરુદેવ' કહેતા એક સમયની ભૂલ છે. પ્રત્યેક પર્યાય સમય-સમયની. મિથ્યાત્વ પણ એક સમયનું. મિથ્યાત્વની ભૂલ પણ એક સમયની. કેટલી વાર એને તૂટતા? એક જ સમય. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ખલાસ થાય.

મુમુક્ષુ :- પંચમકાળમાં બીજાના દોષ જોવાની ટેવ પડી ગઈ છે તે કેમ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની સામે જુએ તો જાય. બે બાજુ જોવાની બે દિશા છે. ત્રીજી દિશા નથી આ જગતમાં કે ત્રીજી બાજુ જોવું કે જોવું એ ચર્ચા કરવી પડે. કાં તો જીવ પોતાની બાજુ જોવે, કાં તો જીવ બીજાની બાજુ જોવે. બીજાની સામે જુએ તો હેરાન થાય. પોતાની સામે જુએ તો પોતાનું કરી લે.

મુમુક્ષુ :- બીજાના દોષ જોઈને એમ કેમ સાબિત થાય પોતે પોતાને જોતો જ

નથી, પોતાનું એને કરવું જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું એને કરવાનો ઉત્સાહ નથી એટલે એ બીજાની સામું જોવે છે. લક્ષ બીજાની સામે જાય છે. લક્ષ પોતાની સામે જતું નથી.

'**પંચમ કાળ છે એટલે બહાર ફેરફાર થાય,...**' બહારમાં પંચમકાળમાં સર્વજ્ઞના દર્શન ન થાય, સાક્ષાત્ પરમાત્માના દર્શન ન થાય, કેવળી તીર્થંકરો ન હોય. બહારમાં મુનિઓ ન હોય કે ન દેખાય. હોય તો દેખાવાનો સવાલ છે. કે ભાગ્યે જ કોઈ જ્ઞાનીના દર્શન થાય. કરોડોમાં અબજોમાં કોઈ એક જ્ઞાની થાય. એ બધું જે અછત છે, ધર્મતત્ત્વની, વિદ્યમાન ધર્મતત્ત્વની અછત છે એ બહારમાં છે. એને પંચમકાળ કહેવામાં આવે છે, અસ્તિથી. નાસ્તિથી અનેક પ્રકારના દુષ્ટ પરિણામવાળા જીવો વિશેષપણે એનું પ્રભુત્વ હોય છે, એનું બાહુલ્ય હોય છે એની અંદર, એની સંખ્યા મોટી હોય એવો પ્રકાર હોય છે. પણ એ બધું બહારમાં છે. સન્માર્ગના દર્શાવનારાઓની અછત, વિરાધના કરનારાઓની છત એ બધું પણ બહારનું બહાર છે. અને બેમાંથી એકની સાથે ખરેખર પ્રયોજન નથી. જેણે અંતર આશ્રય લેવો છે એને બહારના આશ્રયનું પ્રયોજન નથી. એટલે એને તો ત્યાંથી પાછા વળવાની વાત છે. એ જે કાંઈ ફેરફાર છે, કાળ અનુસારનો જે ફેરફાર દેખાય છે એ તો બહાર છે.

'**પણ જેને આત્માનું કરવું છે...**' એટલે પુરુષાર્થ કરીને જે અંતર્મુખ વળે છે અને પુરુષાર્થ કરીને જે અંતર્મુખ વળ્યો અને અપૂર્વ એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થઈ તો એને ખરેખર એ ચોથો કાળ છે. અથવા અનંતા ચોથા આરા ગયા એ બધાથી ઉત્કૃષ્ટ કાળ એનો આ છે. 'સોગાનીજી' એ કહ્યું કે અનંત તીર્થંકરોથી અધિક છે. એમ જેને ધર્મ પ્રાપ્ત થયો એ કાળ અનંતા ચોથા આરાથી અધિક છે એને. પંચમકાળ છે? કે નહિ, અનંતા ચોથા આરાથી અધિક છે એના માટે તો. અને એ જગ્યા પંચમઆરામાં છે. પંચમઆરાના છેડા સુધી ધર્મપ્રાપ્તિ થાય એ પરિસ્થિતિ ઊભી છે. માર્ગ અખંડ રહ્યો છે. માર્ગમાં પ્રવર્તનારા, માર્ગમાં પ્રવર્તાવનારા જીવોની વિદ્યમાનતા છે. સત્પુરુષો સદંતર ન હોય એવું બનતું નથી.

મુમુક્ષુ :- છઠ્ઠા આરામાં ધર્મની પ્રાપ્તિ ન થાય. છઠ્ઠા આરામાં.

પૂજ્ય ભાઈશ્રી :- છઠ્ઠા આરામાં. આ ક્ષેત્રે, હોં ! લોકમાં ધર્મીઓ ન હોય કે ધર્મ ન હોય કે ધર્મમાર્ગ ન હોય એમ નથી. ત્રણે કાળે ધર્મ જીવંત છે, જયવંત છે. ધર્મના ધારક પણ ત્રણે કાળે હોય છે. ત્રણે કાળે ત્રણ કાળના જાણનારા પણ હોય છે. કોઈ કાળ એવો ખાલી હોતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એનો અર્થ એ કે જીવને રુચે છે એ પકડે છે. ફાવતું લે છે. હંમેશા એવું બન્યું છે શાસ્ત્ર વાંચીને, આગમ વાંચીને જીવને આગમનું સાચું જ્ઞાન કેમ નથી થયું? કે એને જે રુચ્યું એ પકડ્યું. આ પક્ષા-પક્ષી કેમ થાય છે? શાસ્ત્રો વાંચનારાઓ વચ્ચે કેમ ખેંચાખેંચી, પક્ષા-પક્ષી થાય છે? કે એકને આ વાત રુચે છે, બીજાને બીજી વાત રુચે છે. પછી થાય છે પકડ એની. એમ નથી વાત.

'ટોડરમલજી'એ 'સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા' લખી. 'ગોમ્મટસાર'ની ટીકા લખી છે ને? એમાં એ વાત કરી છે એની પ્રસ્તાવનામાં. 'ગોમ્મટસાર'ની પ્રસ્તાવના એમણે લખી છે. કરણાનુયોગનો તિરસ્કાર કરવા યોગ્ય નથી. પોતે કરણાનુયોગના ગ્રંથની ટીકા કરે છે, એની પ્રસ્તાવના લખે છે. અધ્યાત્મમાં જે જીવો જવા માગે છે એને કરુણાનુયોગનો પણ તિરસ્કાર કરવા યોગ્ય નથત, અનાદર કરવા યોગ્ય નથી. એનો અર્થ શું થાય? એ તો એક વાત છે. કે ચારેય અનુયોગમાંથી કોઈપણ અનુયોગનો તિરસ્કાર કરવા યોગ્ય નથી કે અનાદર કરવા યોગ્ય નથી. શા માટે એમ છત? કે ચારેય અનુયોગમાં આત્માનો આશ્રય કેમ કરવો એ વાત તો રહેલી જ છે. એકમાં Direct તો બીજામાં Indirect પણ એ વાત તો છે જ. કાઢવું એણે પોતાને. એમ છે.

આપણે 'પ્રયોજન સિદ્ધિ'માં એ વાત લીધી કે ચાર અનુયોગમાંથી કોઈપણ અનુયોગ પ્રત્યે અનાદર બુદ્ધિ જાગે, અભાવભાવ થાય, અભાવો થાય તો ત્યાં દર્શનમોહ તીવ્ર થશે. કેમકે ભગવાનની વાણીનો અનાદર થયો. દેવ-ગુરુ અને શાસ્ત્ર. શાસ્ત્રનો અવિનય થયો. એ કરવા જેવું નથી.

મુમુક્ષુ :- ચારે અનુયોગને આત્માની ... ચારે અનુયોગ રચ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ હોય ને. પ્રયોજન કહેનારને શું હતું? કહેનારને તો એક જ પ્રયોજન છે કે અનાદિકાળથી ભૂલેલા આત્માને રસ્તા ઉપર લાવવો છે, માર્ગે લાવવો છે. રસ્તો ભૂલ્યો છે એને રસ્તો બતાવવો છે. માર્ગ બતાવવા માટે જ બધા શાસ્ત્રો છે. જે કથાનુયોગ કહેવાય છે, જે સ્થૂળ બુદ્ધિમાનને પણ બોધનું નિમિત્ત થાય છે એમાં પણ જેની કથા છે એ તો માર્ગપ્રાપ્ત મહાપુરુષો છે, ધર્માત્માઓ છે. એ ધર્માત્માના જીવન ઉપરથી એનું પરિણમન સમજાવવું છે. પરિણમન અનેક પ્રકારના જે પ્રસંગો બને છે, ચડતી-પડતી બતાવે છે, ધર્માત્માઓના બાહ્ય જીવનની ચડતી-પડતી બતાવે છે એમાં પણ એ અંતરમાં સ્થિર કેવી રીતે રહે છે એ વાત બતાવવી છે. એ વાત ન સમજે તો એને કથાનુયોગ પણ વાર્તા જેવો થઈ પડે અથવા રાગવૃદ્ધિનું કારણ થાય. 'રાજમલજી'એ કહ્યું ને કે આ 'સમયસાર' શાસ્ત્ર છે એ બીજા મતના શાસ્ત્રોની જેમ રાગવર્ધક શાસ્ત્ર નથી. એમ લીધું. કેમકે બીજામાં તો એવી બધી વાતો આવે કે

જ્યાં રાગની વાત આવે ત્યાં રાગ વધારી મૂકે. દ્વેષની વાત આવે ત્યાં દ્વેષની વધારી મૂકે. એ પ્રકાર આમાં નથી. વીતરાગી શાસ્ત્રો છે બધા અને ચારેય અનુયોગનું તાત્પર્ય એકમાત્ર વીતરાગતા છે. એમ લેવું.

**'પંચમકાળ છે એટલે બહાર ફેરફાર થાય,...'** બહારમાં ફેરફાર થાય પણ જેને આત્માનું કરવું છે એમ લેવું છે કે તેં એવો નિશ્ચય કર્યો છે કે મારે મારા આત્માનું હિત કરી લેવું છે? એવો તેં નિશ્ચય કર્યો છે? જો એવો નિશ્ચય કર્યો હોય તો એ કાર્ય સુગમ છે. પંચમકાળને યોગ્ય સંયોગોની વચ્ચે પણ એ સુગમ છે, સહેલું છે, જેને એકમાત્ર આત્મહિત કરવાનું લક્ષ છે તેને. એ તો બહારની વિપરીતતા પણ એટલા માટે બતાવવામાં આવે છે કે જીવ પોતે એ વિપરીતતામાં ચાલ્યો જાય નહિ. એનું જ્ઞાન કરાવવા માટે વાત છે.

ચાલતા ચાલતા ખાડો આવે તો બતાવું છે કે ભાઈ! એ ખાડામાં પગ આવશે તો તું પડી જઈશ, કાં પગને મચકોડ આવશે કાં Facture થશે. તો એનું જ્ઞાન કરાવવું છે કે જરાક તરીને ચાલજે. એટલા માટે એ વાત આવશે ખરી વચ્ચે. આગમમાં પણ પંચમકાળમાં એક એવી વીપરીતતા હોય, ક્યાં કેમ વિપરીતતા કરનારા કેવા કેવા જીવો હોય એ બધું વર્ણન આવશે. દ્વેષ કરવા માટે એ વાત નથી. પણ તું એની અંદર સામેલ ન થઈ જા. જાણે-અજાણે તું એની અંદર ચાલ્યો જાય એટલી એની ... છે.

એટલે જેને આત્માનું કરવું છે એવો નિશ્ચય છે તેને કાળ પણ નડતો નથી અને કાળ અનુસાર જે વિપરીત પ્રકારના સંયોગો હોય છે એ પણ એને પોતાનો પુરુષાર્થ કરવામાં નડતા નથી. Guaratnted વાત છે કે એ નડતા નથી જ. નડે છે એમ નહિ પણ નડતા નથી જ એ Guaratnted વાત છે. કેમ કે જ્યાં પુરુષાર્થ કરવો છે એમાં તો કોઈની પહોંચ નથી. પોતાના નિજ પરિણામને વિશે પુરુષાર્થની ઉત્પત્તિ થાય છે ત્યાં કોઈ બહારના સંયોગોની તો પહોંચ નથી કે જે એને એની અંદર નડતર થઈને પુરુષાર્થ થતો રોકી શકે, અવરોધક કારણ થાય એવી તો કાંઈ બહારની ચીજ છે નહિ.

છઠ્ઠા આરામાં તો પછી કેમ ધર્મ નથી? કે એવા પુરુષાર્થવાળા જીવો નથી. આમાં પંચમકાળમાં એમ જ કહેવું છે કે સન્માર્ગમાં રહેલા જીવોની અછત કેમ? કે એવા જીવો કો'ક જ છે. બહુભાગ જીવો તો ઉલટા ચાલનારા નીકળે છે. કો'ક જ જીવ ધર્મની પ્રાપ્તિ કરે એવો પુરુષાર્થ પ્રગટ કરશે એમ બતાવવું છે. એટલે એવા જીવો સહજ જ અહીંયાં આવતા નથી. જે પુરુષાર્થ કરનારા હોય છે એવા કો'ક જ જીવો આ બાજુ ભૂલેચુકે આવી જાય છે. 'ગુરુદેવ' કહેતા ને કે ભૂલથી આવી ગયા છીએ વખાના માર્યા.

આ કાંઈ ધર્માત્માને યોગ્ય પરિસ્થિતિ નથી. બહારની પરિસ્થિતિ કોઈ ધર્માત્માને

યોગ્ય નથી. એટલે કેટલાક તો ધર્માત્માઓ ગુપ્ત રહી જાય છે. 'શ્રીમદ્જી' ગૃહસ્થાશ્રમમાં હતા ગુપ્ત રહી ગયા. 'સોગાનીજી' ગુપ્ત રહી ગયા. બહાર પ્રસિદ્ધિ થવાની વાત આવે તો ગોપવી જાય એ વિષયને. કેમ કે જે બહારની પરિસ્થિતિ છે એ કોઈ ધર્મને અનુકૂળ પરિસ્થિતિ જોવામાં આવતી નથી. એટલે એટલો અભિપ્રાય હોય છે બહારના વિષયમાં કે તૃષાતુરને પાણી પાયાની મહેનત કરવી. તૃષાતુર ન હોય તો એને તૃષા જાગૃત થાય એટલી વાત મૂકવી. આથી વધારે નહિ.

'ધર્મદાસજી'એ લખ્યું છે ને ઊંધા ઘડામાં પાણી હું ભરતો નથી. જે ઊંધો ચાલતો હોય એને ઉપદેશ આપવાનો પ્રશ્ન રહેતો નથી. ઊંધા ઘડામાં પાણી નાખે તો કેટલું રહે? ઘડો જ ઊંધો છે એમાં ક્યાં પાણી આવવાનું હતું? ઊંધો પડ્યો છે એમાં પાણી આવવાનું ક્યાં હતું? કે રહેવાનું ક્યાં હતું? પાણીમાં ડૂબાડે તોપણ ન રહે. ઊંધા ઘડામાં પાણી હું ભરતો નથી, ફૂટેલા ઘડામાં પાણી હું ભરતો નથી. કેમકે એમાં પણ રહેવાનું નથી. એમ એક કાને સાંભળે છે અને બીજા કાને કાઢી નાખે છે, જ્ઞાની પરિશ્રમ એની પાસે લેતા નથી. ઊંધાઈવાળા આગળ પરિશ્રમ લેતા નથી. ફૂટેલાવાળા પાસે પણ પરિશ્રમ લેતા નથી. અને કાચા ઘડામાં હું પાણી ભરતો નથી. કેમકે એ ભરે તો એ તરત નોખો થઈ જાય. તરત ફૂટી જવાનું છે, માટી માટી થઈ જશે.

મુમુક્ષુ :- ભેંસ આગળ ભાગવત. લૌકિકમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. લોકિકમાં (એમ કહે છે). શું કહે છે?

જેને પોતાનું હિત કરવું છે એવો એકમાત્ર લક્ષ છે. એવો જેનો અંતરંગમાં દૃઢ નિશ્ચય છે તેની તેને અવશ્ય પ્રાપ્તિ થાય છે. એને બહારનો કાળ નડતો નથી, એને બીજા કોઈ સંયોગો નડતા નથી. એટલે એ રીતે પણ ફરિયાદ કરવા જેવી નથી રહેતી કે મને ધર્મ નથી થતો એનું કારણ કે આ બધો કાળ આવો છે... આ કાળ આવો છે.. એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- બીજા સંયોગો પણ નડતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બીજા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કોઈ નડતા નથી. કેવી રીતે નડે? બતાવો. નડે તો કેવી રીતે બતાવે? કોઈને પોતાને નડતા હોય તો વાત કરે. આ રીતે અમને નડે છે. 'સોગાનીજી'ને પૂછ્યું. પ્રશ્ન કરનાર બહેન હતા કે અમારા ઘરવાળા છે એ અમને 'સોનગઢ' આવવા દેતા નથી. સંપ્રદાયનો ... બૈરાઓને આ બાજુ વલણ થયું હોય, પુરુષોને અનુકૂળ ન હોય તો કહે નહિ, ત્યાં નથી જવાનું. મહારાજ પાસે નથી જવાનું, ફલાણે નથી જવાનું. ઘરવાળા અમને ન આવવા દેતા હોય તો? પણ આ કામ અંદરમાં કરવાનું છે. આ કામ બહાર કરવાનું નથી. ન આવવા દેતા હોય તો ઘરમાં પણ

કરી શકાય છે. પોતાનું કામ કરવામાં તો ઘરવાળો પણ જાણવાનો નથી અને બહારવાળો પણ જાણવાનો નથી. કોઈ જાણવાનું નથી. જેને કામ અંદરમાં કરવું છે એને તો કોઈ જાણવાનું નથી. કેવો જવાબ દીધો?

બાહ્યદષ્ટિને લીધે બહારમાં કાંઈ કરે તો મેં કાંઈક કર્યું એમ એને લાગે છે. બાકી આત્માની પ્રવૃત્તિ શું? આત્માનો સ્વભાવ શું? એ વિષય અજાણ્યો રહી જાય છે, એક બાજુ રહી જાય છે. ૨૭૫ થયો.

**'શુભાશુભ ભાવથી જુદો, હું જ્ઞાયક છું' તે દરેક પ્રસંગમાં યાદ રાખવું. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે જ મનુષ્યજીવનની સાર્થકતા છે. ૨૭૬**

૨૭૬માં ભેદજ્ઞાનનો વિષય છે. '**શુભાશુભાવથી જુદો, હું જ્ઞાયક છું તે દરેક પ્રસંગમાં યાદ રાખવું.**' યાદ રાખવું એટલે અહીંયાં સ્મરણમાં રાખવું એમ નહિ. લક્ષમાં રાખવું. જ્ઞાયકતત્ત્વ, નિજસ્વરૂપ એ લક્ષનો વિષય છે. રાગથી જ્ઞાન જુદું. એ પરિણામની અંદર બે પ્રકારની પ્રવૃત્તિ છે. એક પરિણામમાં લક્ષમાં રહેવાની પ્રવૃત્તિ છે. એક પરિણામમાં જુદાં પડવાની પ્રવૃત્તિ છે. એમ બે પ્રકારે પ્રવૃત્તિ થાય છે. અસ્તિ-નાસ્તિથી એક જ પરિણામમાં બે રીતે કાર્ય થાય છે. બે રીતે એટલે કે બે પ્રકાર ઉત્પન્ન થાય છે. લક્ષનો વિષય ત્રિકાળી છે એમાં હુંપણું થાય છે અને ત્યાં હલચલ નથી. મારામાં કોઈ હલચલ નથી. એવો એ વિષય છે. એક જે પરિણામનો વિષય છે જ્યાં લક્ષ રાખવાનું નથી, જ્યાં હુંપણું નથી છતાં રાગાદિથી જુદો છું એવી ત્યાં પ્રવૃત્તિ ચાલુ છે. એ પરિણામની અંદર ભેદજ્ઞાનની પ્રવૃત્તિ છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- આપણે ચાલીએ છીએ તો જ્યાં જવું છે તે લક્ષમાં છે અને ચાલવાની પ્રવૃત્તિ થયા કરે છે લક્ષ અનુસાર. લક્ષથી વિરુદ્ધ ચાલવાનું ન બને. ભલે વાતો કરતો કરતો ચાલે, વિચાર કરતો કરતો ચાલે. વાહન ચલાવે લ્યોને. વાત કરે, વિચાર કરે પણ એક લક્ષ બંધાઈ ગયું કે અહીંયાં જવું છે એટલે બધા જ Turning એ બાજુ થશે. એ લક્ષનો વિષય છે. અને ચાલવું એ જુદી વાત છે. ચાલવા માટે બધે ધ્યાન રાખવું પડે. કોઈની સાથે અથડાવું નહિ. આપણી Side માં ચાલવું, આગળ-પાછળ કોઈની સાથે અથડાવું નહિ. તરીને ચાલવું. વધારે Traffic હોય તો તરીને ચાલવું. વાહન હોય તો એના જેટલા Operation કરવા પડે એ બધા કરે છે. કરે છે કે

નથી કરતો? Gear બદલવો હોય, Starring ફેરવવું હોય બધું કરે છે કે નહિ? એ પ્રવૃત્તિનો વિષય થઈ ગયો. તારવણી છે Traffic ની એ બધો પ્રવૃત્તિનો વિષય છે. લક્ષ એક જ જગ્યાએ છે. ઘરે પહોંચવું છે. એમાં કાંઈ ફેરફાર નથી થતો. લક્ષમાં કાંઈ ફરતું નથી. લક્ષ તો લક્ષના સ્થાને રહે છે. પ્રવૃત્તિમાં અનેક પ્રકારની હોય છે બહારમાં.

એમ અહીંયાં પ્રવૃત્તિ છે એ ભેદજ્ઞાનની છે અને હું જ્ઞાયક છું એ લક્ષનો વિષય છે. **'તે દરેક પ્રસંગમાં...'** એટલે સર્વ કાળે હું જ્ઞાયક છું એવું તો લક્ષ છૂટવું જોઈએ નહિ. પછી જે જે કાળે જે જે પ્રકારના ઉદયભાવ થાય તેનાથી ભિન્નપણાનો પ્રયત્ન અને પુરુષાર્થ થવો જોઈએ. જ્ઞાયકના લક્ષે ભેદજ્ઞાનની પ્રવૃત્તિ થાય છે. સંક્ષેપમાં વાત લઈએ સીધી તો એટલી છે કે જ્ઞાયકના લક્ષે ભેદજ્ઞાનની પ્રવૃત્તિ થાય છે. ભલે ભેદજ્ઞાનની પ્રવૃત્તિ પરિણામમાં છે, રાગ અને જ્ઞાન પરિણામમાં છે પણ પરિણામના લક્ષે પરિણામની પ્રવૃત્તિ નથી. ત્રિકાળી જ્ઞાયકના લક્ષે પરિણામની પ્રવૃત્તિ છે. આમ છે. તે સમ્યક્ છે.

એટલે કહે છે, **'શુભાશુભ ભાવથી જુદો...'** આ જુદો છે એ જુદો તારવવો છે આ તારવણી છે. પછી અનેક પ્રકારના ઉદયમાં પદાર્થોનો સંયોગ-વિયોગ (થાય) તો એનાથી જુદો. શાસ્ત્રનો સંયોગ તો એનાથી જુદો, ભગવાનનો સામે સંયોગ તો એનાથી જુદો. એ બધું ઉદયના Traffic માં જાય છે. એનાથી જુદો એટલે જુદો. સર્વથી જુદો **'હું જ્ઞાયક છું', તે દરેક પ્રસંગમાં યાદ (-લક્ષમાં) રાખવું. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો તે જ મનુષ્યજીવનની સાર્થકતા છે.'**

મનુષ્યજીવન સાર્થકતા ક્યારે? કે ભેદજ્ઞાન કરે ત્યારે. અનંત કાળથી આ ભેદજ્ઞાન કર્યું નથી. શાસ્ત્ર પદ્ધતિએ જોઈએ તો ભેદજ્ઞાન છે એ માર્ગપ્રાપ્તિની Master key છે. શાસ્ત્રનું વાંચન કરવું એ કોઈ ઉપાય નથી, જપ કરવા એ કોઈ ઉપાય નથી, તપ કરવા તે કોઈ ઉપાય નથી. ભેદજ્ઞાન કરવું તે એકમાત્ર ઉપાય છે. અને તેથી કરીને 'સમયસાર'ની ગાથાએ ગાથાએ આ ટીકા છે ભેદજ્ઞાનની. કોઈ અધિકાર એવો નથી 'સમયસાર'નો કે જેમાં ભેદજ્ઞાનનો વિષય આચાર્ય ભગવાને ચર્ચ્યો નથી કે લીધો નથી એવો એક પણ અધિકાર નથી. બધા અધિકારમાં ભેદજ્ઞાનના એક સૂત્રમાં પરોવાયેલા એ બધા અધિકાર છે. ગમે ત્યાંથી વાત કાઢો. કેમકે એ ગ્રંથ જ મિથ્યાત્વ અને અજ્ઞાન ટાળીને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન પ્રગટ કરવાના હેતુથી રચાયેલો એ ગ્રંથ છે.

જેમ 'નિયમસાર' 'કુંદકુંદાચાર્યદેવે' પોતાની સ્વરૂપની ભાવનાને અર્થે રચ્યો છે એમ આ બીજા જીવોની કરુણા આવી છે. કેમકે પોતાને તો સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન વર્તે છે. બીજા જીવો સંસારની અંદર પરિભ્રમણ કરે છે. નિષ્કારણ કરુણાથી તેનું

મિથ્યાત્વ અને અજ્ઞાન ટળે એ વિષય ૪૧૫ ગાથા સુધી જંગલમાં રહીને લખ્યું હશે. કેવા પરિણામ હશે? વિચારવા જેવો વિષય છે.

કહે છે કે '**ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો...**' એટલે વારંવાર પ્રયત્ન કરવો એમ લેવું. અભ્યાસ કરવો એટલે? વારંવાર પ્રયત્ન કરવો, વારંવાર વિકલ્પ કરવો એમ નહિ, વારંવાર ભેદજ્ઞાનનું શાસ્ત્ર વાંચવું એમ પણ નહિ. અંતર પ્રયત્ન વારંવાર કરવો એ જ મનુષ્યજીવનની સાર્થકતા છે. તો મનુષ્યજીવન સફળ થશે. સિદ્ધપદનું અહીંયાં Registration થશે. પાકી જગ્યા Seat નક્કી થઈ જશે સિદ્ધાલયની. નહિતર જેમ ફૂટેલી કોડીની કોઈ કિંમત નથી, એમ મનુષ્યજીવનની કોઈ કિંમત નથી.

અધ્યાત્મ દશા મહિમાવંત હોવાથી સત્ શાસ્ત્રોમાં તેનો પણ મહિમા ગાયો છે. પરંતુ એ લક્ષ રાખવા યોગ્ય છે કે સન્માર્ગમાં સ્થિત મહાત્માઓએ ત્રિકાળી ધ્રુવ સ્વરૂપના જોરમાં તે મહિમા ગાયો છે, તેથી અધ્યાત્મભાવોનો મહિમા આવે ત્યારે પર્યાયની વાતો-વિષયમાં એવા પ્રકારે રસ ન પડવો જોઈએ કે જેથી ત્રિકાળી ઉપરનું જોર ખસી જાય અથવા ન રહે. ત્રિકાળીનું જોર ઢીલું / મંદ પણ ન થવું જોઈએ, પરંતુ તીવ્ર થવું જોઈએ. એ આ વિષયની યથાર્થતા છે. જેને અધ્યાત્મદશાનો મહિમા આવે છે, પરંતુ ત્રિકાળીનું જોર આવતું નથી તેને અયથાર્થપણે અધ્યાત્મનો મહિમા થાય છે. જેમાંથી વ્યામોહ ઉત્પન્ન થવાનો સંભવ છે - પ્રાયઃ થાય છે. અથવા અનાદિનો દર્શનમોહ તૂટતો નથી. યથાર્થતામાં તો ત્રિકાળીના લક્ષે - ત્રિકાળીના જોરમાં અધ્યાત્મદશાનો મહિમા રહે છે - થાય છે.

('અનુભવસંજીવની' બોલ નં.૧૮૯)

## તા. ૯-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૭૭, ૨૭૮
## પ્રવચન નં. ૨૧૫

**પરથી વિરક્તતા નથી, વિભાવની તુચ્છતા લાગતી નથી, અંદર એટલી તાલાવેલી નથી; કાર્ય ક્યાંથી થાય? અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ. પોતે આળસુડો થઈ ગયો છે. 'કરીશ, કરીશ' કહે પણ કરતો નથી. કોઈ એવા આળસુ હોય કે જે સૂતા હોય તો બેઠા થાય નહિ, અને બેઠા હોય તો ઊભા થવાની આળસ કરે, તેમ તાલાવેલી વિનાના આળસુ જીવો 'કાલ કરીશ, કાલ કરીશ' એમ મંદપણે વર્તે છે; ત્યાં કાલની આજ થાય નહિ ને જીવન પૂરું થઈ જાય. ૨૭૭.**

પાનું-૯૩. સંસાર પરિભ્રમણ કરતાં આ જીવને અનંતકાળ કેમ ગયો? એ વિષય ઉપર આ બોલ છે.

'**પરથી વિરક્તતા નથી,...**' પર એટલે ઉદયમાં આવતા સંયોગ-વિયોગ એ સંબંધીનો જે રસ છે એ રસ જેનો મટ્યો નથી એને પરની રક્તતા કહી છે. રસને લઈને રક્તતા છે. નિરસપણું તે વિરક્તતા છે એમ લેવું. જે કાંઈ ઉદયના કાર્યોમાં પ્રવૃત્તિ થાય છે એમાં એકત્વબુદ્ધિએ પ્રવર્તવું થાય છે એટલે વિરક્તતા આવી નથી અથવા નિરસપણું ઉત્પન્ન થયું નથી. એ સંસારનું કારણ છે. પરપદાર્થ સંબંધી ભાવો જીવને ચાલુ ને ચાલુ રહે એવી શ્રૃખંલા અને હારમાળા તૂટે નહિ એનું કારણ શું છે? કે એનું કારણ પરપદાર્થ સંબંધીનો રસ છે.

કેમ રસ છે એ વિચારવું હોય તો સુખબુદ્ધિએ કરીને રસ છે. સુખબુદ્ધિએ કરીને રસ છે. લાભનું કારણ છે, સુખનું કારણ છે એવા અભિપ્રાયથી જે પરપદાર્થમાં અધિકાઈ આપી રાખી છે, પોતાના આત્મા કરતાં અધિકપણે એની સ્થાપના શ્રદ્ધા-જ્ઞાનમાં કરી છે. ... જે-તે પદાર્થના કાર્યોનો ઉદય થતાં જીવને રસ આવે છે. અનુકૂળતામાં અનુકૂળતાનો રસ ચડે છે. પ્રતિકૂળતામાં ખેદ વગેરે પ્રકારના પરિણામનો રસ ઉત્પન્ન થાય છે. એને અહીંયાં સંક્ષેપમાં એમ કહ્યું કે પરની વિરક્તતા નથી. એ સંક્ષેપ છે આ વિષયનો. તેથી સંસાર ચાલુ રહ્યો. પરની વિરક્તતા નથી એટલે પરનો રસ છે એથી સંસાર ચાલુ રહ્યો.

**'વિભાવની તુચ્છતા લાગતી નથી,...'** અને જે ભાવો ખાસ કરીને ધાર્મિક પ્રવૃત્તિ સંબંધીના થાય છે એ તુચ્છ ભાવો છે, કિંમત વગરના ભાવો છે એને કિંમત આપી છે. એની અધિકતા ભાસે છે.

મુમુક્ષુ :- ઉદય તો પૂર્વનો આવવાનો જ. રસ તો લાગે જ ને?

પૂજ્ય ભાઈશ્રી :- શા માટે લાગે? એમાં સુખ-દુઃખની કલ્પના હોય તો લાગે. એનેથી સુખ અને એનેથી દુઃખ. એમાં ભિન્નપણું રહેતું નથી. વસ્તુના સ્વરૂપથી જ એનું ભિન્નપણું છે. એ ભિન્નપણાનું જ્ઞાન એના રસને તોડે છે. પોતે ભિન્ન જ્ઞાનમય સ્વભાવે છે. આત્મા પોતે ભિન્ન જ્ઞાનમય સ્વભાવે છે. એમ ઉદયના કાળમાં પ્રવર્તવું જોઈએ. એવી અંતરંગ પ્રવૃત્તિ હોવી જોઈએ. બહારમાં ભલે એમ લાગે બીજાને એમ કે આ કામ કરે છે. આણે ફલાણું કામ કર્યું, આણે ફલાણું કામ કર્યું. અહીંયાં આવ્યા, અહીંયાં ગયા, આમ બોલ્યા, આમ ચાલ્યા, આ થયું. અંદરમાં એને ભિન્ન જ્ઞાનમય સત્તા છે એની પક્કડમાં રહીને, એના લક્ષમાં રહીને એને ભિન્નપણાની પ્રવૃત્તિ થવી ઘટે છે.

વળી ભૂલેચૂકે પણ શુભાશુભ ભાવોને મહત્તા અપાઈ જાય છે. તો એની જે તુચ્છતા લાગવી જોઈએ એ તુચ્છતા લાગતી નથી. એની તુચ્છતા છે એ સમજાતી નથી. અથવા એમાં કારણનો ભ્રમ થાય છે-સાધનનો ભ્રમ થાય છે. આમ કરીશ તો આમ થશે. આમ કરવાથી આમ થશે, આમ કરવાથી આમ થશે. છેવટે આપણે આપણી પ્રવૃત્તિનો વિચાર કરીએ કે વાંચન કરવાથી લાભ થશે, સ્વાધ્યાય કરવાથી લાભ થશે. સાધન તો છે ને? એવી રીતે. એ સાધન તો છે ને? એમ શુભભાવોમાં પણ એની મહત્તા વિશેષ લાગે તો ત્યાં ભૂલ થાય છે.

કરવા યોગ્ય કાર્ય એવું જે મારું આત્મભાવરૂપ સ્વભાવરૂપ પરિણમન, એવું સ્વભાવિક પરિણમન ન ઊપજે ત્યાં સુધીના ગમે તેવા પરિણામ હોય તોપણ એમાં એનું કોઈ મૂલ્ય નથી, એની કોઈ કિંમત નથી. મારાથી એની અધિકતા ન આપી દેવાય એની જાગૃતિ અને અંદરમાં સાવધાની રાખવી. એટલું ઓછામાં ઓછું હોવું જોઈએ.

મુમુક્ષુ :- ભિન્ન પડવાનો બોધ લેવો.

પૂજ્ય ભાઈશ્રી :- બોધ તો ભિન્ન પડવાનો બોધ છે એનાથી અથવા એની તુચ્છતા છે એને એની ખરી કિંમત છે, વાસ્તવિકતા છે. વિભાવભાવો તુચ્છ છે એ વાસ્તવિક વાત છે. ખરેખર તુચ્છ છે. તુચ્છ છે અને તુચ્છ કહ્યા છે. પણ જીવ ભ્રમથી અથવા સાધનની માન્યતાથી, સાધનપણાની માન્યતાથી એને મહત્તા આપી દે છે. એને મહત્તા આપે છે એટલે એ એને રોકાવાનું સ્થાન થઈ જાય છે.

એક દાદરો ચડવો હોય તો ખ્યાલ છે કે જે પગથિયે પગ મૂક્યો છે ત્યાં ઊભા રહેવા માટે નથી. એ પગ ઉપાડવા માટે જ મૂક્યો છે. પગ મૂકતી વખતે જ ભાનમાં છે. એમ અહીંયાં ભલે સ્વાધ્યાયાદિ ભાવે પ્રવર્તવું થાય, એ તો ઉદયભાવ છે, જે તે પ્રકારના ઉદયભાવ આવ્યા વિના તો રહેશે નહિ. શુભાશુભ બંને આવશે. એકલા શુભ નહિ આવે, એકલા અશુભ નહિ આવે. પણ ત્યાં કોઈ રોકાવાનું મારું સ્થાન નથી અને એ બધા તુચ્છ ભાવો છે કોઈને પણ મહત્તા આપવા જેવી નથી. એ વાત એને પહેલેથી એની ગાંઠ વાળેલી હોવી જોઈએ.

મુમુક્ષુ :- 'સોગાનીજી' કહે છે, સૂનના નહિ સૂનને કે લિયે.

પૂજ્ય ભાઈશ્રી :- સાંભળવું પણ નહિ સાંભળવા માટે. વાત જ એકદમ અનુભવના તબક્કાની છે. શ્રદ્ધાનું બળવાનપણું એ એમની કહેવાની શૈલીનો પ્રકાર હતો.

મુમુક્ષુ :- એકાવતારી ઈન્દ્રો પણ ભગવાનની વાણી સાંભળવા જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને તો હજી એક અવતાર બાકી છે પણ જેને એક અવતાર બાકી નથી એવા ગણધરો પણ સાંભળવા જાય છે. ચરમશરીરી છે ગણધરો તો. અનેક મુનિઓ પણ ચરમશરીરી હોય છે સમવસરણમાં કે જેને છેલ્લો જ ભવ હોય છે. અને ભગવાનની સાથે સાથે અરિહંતપદની પ્રાપ્તિ કરી લે, કેટલાક મુનિઓ તો. ગણધરો ન કરે. ગણધરો તો ભગવાન સિદ્ધાલયમાં પધારે પછી અરિહંત પદની પ્રાપ્તિ કરે. કેટલાક મુનિઓ એવા હોય છે, ગણધરો તો આચાર્યો છે પણ એના શિષ્યો, મુનિઓ એવા હોય છે બળવાન, જોરુકા કે ભગવાનની સાથોસાથ અરિહંતપદમાં આવે. ફડાક કરતાં કેવળજ્ઞાન પ્રગટે અને પાંચસો ધનુષ ઊંચે જ્યાં તીર્થંકર ભગવાનનું આસન હોય (ત્યાં) સમકક્ષમાં આકાશને વિષે એમનું આસન લાગે. અને ભગવાનનું આયુષ્ય વિશેષ હોય તીર્થંકર પરમાત્માનું એમનું આયુષ્ય ઓછું હોય તો સિદ્ધાલયમાં વહેલા બિરાજમાન થઈ જાય. ચૌદમું ગુણસ્થાન પણ આવી જાય. ચૌદમા ગુણસ્થાનથી ઉપર સિદ્ધાલયમાં પણ આવી જાય. એ સાંભળવા આવે છે માટે એ સાંભળવા જવાના ભાવનું મહત્ત્વ ઘણું છે એમ લેવું છે? એમ ન લેવાય.

મુમુક્ષુ :- અમારી જેવા અજ્ઞાનીને અત્યારથી નિષેધ કોઈ કરાવે કે આ ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે Planning તો પૂરેપૂરું વિચારવું પડે છે. ભલે તમારા જેવા અજ્ઞાની કે અમારી જેવા એની સાથે પ્રશ્ન નથી કાંઈ, કોની જેવા એની સાથે પ્રશ્ન નથી. Planning તો પહેલેથી છેલ્લે સુધી વિચારવું પડે છે પછી કાર્યનો પ્રારંભ છે. તો Planning માં શું વાત છે? કે શુભભાવ આવશે, સ્વાધ્યાયાદિના

પરિણામ થશે, સમજણનો તબક્કો આવશે, નિર્ણયનો તબક્કો આવશે. ગુણ પ્રગટ કરવા અને દોષ ટાળવાના અનેક પ્રકારનો ઉપદેશબોધ એ બધું સત્શ્રુતને વિષે મળશે. એ બધું સમજમાં લેવાનો પ્રસંગ થશે. તોપણ એ તમામ વિધિ-નિષેધથી પાર થઈને એક સમયની પર્યાયની કર્તૃત્વ બુદ્ધિ છોડવી એટલે કે ગુણ પ્રગટ કરવો, દોષ ટાળવો એવું જે પર્યાય વિષેનું કર્તૃત્વ એનો પણ જ્યારે અભાવ થશે અને તે પણ ત્રિકાળી ધ્રુવના આશ્રયે એનો અભાવ થશે. ત્યારે એ પ્રકારનું કર્તૃત્વ તૂટશે. તે બધો વિષય એક વખત તો ખ્યાલમાં લઈ લેવો પડે છે. પછી ક્યાંથી પોતાને શરૂ કરવું એ તો પોતાની યોગ્યતા જોઈને પોતાને વિવેક કરવાનો રહે છે.

ભિન્ન ભિન્ન પ્રકારનો ઉપદેશ છે એનું કારણ કે કોને શેની જરૂરત છે એ સંશોધક જીવ પોતાની જરૂરિયાતનો વિષય લઈ લે છે. એ વિષે વ્યક્તિગત રીતે Individual દરેકનો પોતપોતાનો છે. પોતે ક્યારે કઈ દવા લેવી? કયો ડોઝ ક્યારે લેવો? કઈ દવાનો ડોઝ ક્યારે લેવો એ વાત એણે નક્કી કરવી પડે છે. સતત કોઈ સત્પુરુષનું સાનિધ્ય મળે (તો) બીજો વિષય છે કે માર્ગદર્શન મળે. એવું તો મહાભાગ્ય, ભાગ્યે જ કોઈ જીવને હોય છે. કેમકે એ તો મર્યાદિત છે. સંયોગ તો દરેકને પૂર્વકર્મના પુણ્ય અનુસાર મર્યાદિત હોય છે અને એમાં પૂર્વકર્મનો પુણ્યના યોગનો વચ્ચે પ્રકાર ઊભો થાય છે. એ કોઈ જીવની સ્વાધીન સ્વતંત્ર બાબત નથી, એમાં પોતે પરાધીન છે. બહારના સંયોગ-વિયોગના વિષયમાં પરાધીન છે. એ જીવને આધીન નથી. પણ થોડો મળે તો વધારે એના ઉપર મહત્ત્વ આપીને, થોડો યોગ મળે તો વધારે મહત્ત્વ આપવું જોઈએ. વિશેષ યોગ મળે તો એને પણ એટલી ચીવટ રાખીને પોતાને કેવી રીતે આગળ વધવું છે એ વાત એણે વિવેકથી વિચારી લેવી પડે છે. પણ એ દરેકની પોતાની સ્વતંત્રતા છે. સરવાળે કરવું પડે છે પોતાને. આંગળી ચીંધનાર મળે, થોડો સમય મળે કે ઘણો સમય મળે એ સંયોગનો, માર્ગદર્શન દેનારનો, માર્ગ ચીંધનારનો કાર્ય તો પોતાને જ કરવું પડે છે. કેવી રીતે કરવું? ક્યાંથી શરૂ કરવું? કેમ ઉપાડ કરવો? એ બધું પોતાને વિચારવું પડે છે.

એટલું જરૂર છે કે એવો જીવ પોતાને માર્ગ સૂઝતો ન હોય અને જિજ્ઞાસાથી પૂછે તો એને થવી. To the point બરાબર માર્ગદર્શન મળે છે. કેમ કે એના પ્રશ્નો ઉપરથી જ્ઞાની સત્પુરુષ સમજે છે કે આને અહીંયાં સ્પષ્ટતાની જરૂર છે. એને અહીંયાં માર્ગદર્શનની જરૂર છે. આ પ્રકારની એને દવાની જરૂર છે તો એને એ વાત કરી દે છે. પણ એ તો જેમ ગળે કોળિયો ન ઉતરતો હોય અને સહેજ ગળપણ આપે તો ઠેસ મારે ને ઉતરી જાય એટલી જ વાત છે. ઠેસ લાગવાની વાત છે. પ્રયત્નવંત હોય એને એ

કામમાં આવે છે. ઉપદેશ કોને કામમાં આવે છે? પોતે અંદરમાં પ્રયત્નવંત હોય તો એને કામમાં આવે છે. પોતે પ્રયત્નવંત ન હોય તો સાંભળ્યા-સાંભળ કરે એથી કોઈ કામ થઈ જાય એવું તો કોઈ કાળે બનતું નથી. એવું તો અનંત વાર સાંભળ્યું છે. એનો ઢગલો કરે તો બહુ મોટો થાય એવો છે બાહ્ય ક્રિયાનો. સાંભળવું એ તો બાહ્ય ક્રિયા છે.

'**વિભાવની તુચ્છતા લાગતી નથી,....**' એટલે કે એની મહત્તા લાગે છે. અથવા મેં કાંઈ કર્યું એમ લાગે છે. આ તો મેં કર્યું. આટલું તો મેં કર્યું, વાંચન તો કર્યું, વિચાર તો કર્યો, ફલાણું તો કર્યું, પૂજા-ભક્તિ તો કરી. બીજા કરતાં નથી, હું કરું છું. બીજા સામે જુએ એ તો અમસ્તા મર્યો સમજવો. બીજા કરતા નથી અને હું કરું છું. એ તો ગયો, એનું તો કામ જ નથી અહીંયાં. મારે શું કરવું છે? એની જેને પડી છે, એ વાત તો અહીંયાં લેવી છે. તાલાવેલી લેવી છે. મારે શું કરવું છે? તરત જ એ વાત લીધી છે.

'**અંદર એટલી તાલાવેલી નથી; કાર્ય ક્યાંથી થાય?**' એવા પ્રશ્નનો ઉત્તર છે કે ઘણા વખતથી અમે આવું બધું કરીએ છીએ અને કેમ કાર્ય થતું નથી એનો આ સીધો જવાબ છે. આટલા વર્ષથી આ વાતને વિચારીએ છીએ, સાંભળીએ છીએ, વાંચીએ છીએ અને કેમ કાર્ય થતું નથી? કે કાર્ય નથી થયું એની ચટપટી કેટલી લાગી છે? બસ! તાલાવેલી લાગી એટલે ન થાય તો ક્યાંય સખ પડે નહિ. '**અંદર એટલી તાલાવેલી નથી;...**' બહારમાં રસ છે. વિભાવની મહત્તા છે, શુભભાવની મહત્તા છે. પોતાને જે-તે પ્રકારના શુભભાવ આવે છે એની મહત્તા છે અને જે કાર્ય થયું નથી એ કાર્ય માટે એને તાલાવેલી નથી. મારો સ્વાનુભવ, સમ્યગ્દર્શન એમાં મોક્ષમાર્ગમાં હું આવ્યો નથી. જન્મ-મરણનો છેદ થાય એ પરિસ્થિતિ રહી નથી. અહીં નીચે લેશે. છેલ્લે લીધું ને? જીવન પૂરું થઈ જાય. એ તો ગમે ત્યારે એ તો અનિશ્ચિત છે. મનુષ્ય જીવનનું આયુ તો અનિશ્ચિત છે. ગમે ત્યારે આંખ મીંચાય. તો ભવછેદ થયા વિના જો આંખ મીંચાય તો બહુ મોટી તક ગુમાવવા જેવું છે. જે મનુષ્યભવમાં આવું મહાન કાર્ય થવાનો સહજ પ્રસંગ છે અને બહારની બધી પરિસ્થિતિ એવી છે. સાચું કહેનારા મળ્યા, પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ મળ્યો. જબરદસ્ત વાત તો એ છે. એ એક બહુ મોટી વાત છે.

એને '**કાર્ય ક્યાંથી થાય?**' એને કાર્ય થવાનો પ્રશ્ન રહેતો નથી. '**અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ.**' કેટલી જગ્યાએ Guarantee આપી છે! આ પદ્ધતિ છે પોતાની વાત કરવાની. થશે કે નહિ થશે? હોનહાર થશે એમ થશે, એમ નહિ. આમ થાય તો આમ થાય જ. થયા વિના રહે નહિ. એકપણ અપવાદ ખાતર કોઈ Case એવો Fail ગયો હોય એવું આમાં નથી. એવો વિષય છે.

તાલાવેલી જાગે છે એ પણ અજ્ઞાની જ છે. એ કંઈ જ્ઞાની નથી. જ્ઞાની તો પછી

થશે. પણ એને જ્ઞાની થવા માટેની તૈયારી કેટલી છે? આ સવાલ છે. મારે સોનું લેવું છે. મારે હીરા ખરીદવા છે પણ પૈસા કેટલા છે ખીસ્સામાં? પૈસા તો નથી મારી પાસે, મારે સોનું ને હીરા લેવા છે. ના, ના એમ તો પાંચ-દસ રૂપિયાની નોટ તો રાખું છું ખિસ્સામાં. તું શાકમાર્કેટમાં જા. ઝવેરી દુકાનમાં પાંચ-દસ રૂપિયાની ખિસ્સામાં લઈને જવાનું કામ નથી.

ધીમે ધીમે કરું છું, થાય એટલું કરું છું, મારાથી બને એટલું કરું છું. આપણી શક્તિ પ્રમાણે કર્યા કરીએ. રોજ વાંચીએ, રોજ સાંભળીએ થોડું થોડું રોજ કર્યા કરીએ. એમને એમ કરતા કરતા વળી કો'ક દિ' લાભ થઈ જશે. અનંત કાળે એવો લાભ થતો નથી. અનંત કાળે નહિ થાય. બહારમાં મહેનત કરે અને સફળ ન થાય તો આકુળતા... આકુળતા... આકુળતા... થઈ જાય. જે કામ કરવા ધાર્યું હોય અને એમાં સફળતા ન મળે તો આકુળતા... આકુળતા... આકુળતા... થઈ જાય. અહીંયાં અંદરનું કામ થતું નથી. વર્ષોના વર્ષો વીતે છે. કેટલી આકુળતા થઈ? આ વિચારવું જોઈએ.

(એક મુમુક્ષુ) કહેતા હતા. સત્પુરુષના યોગની કેટલી કીંમત હતી? પહેલાં સંપ્રદાયમાં. શાસ્ત્રો વાંચવા શરૂ કર્યા એટલે ખબર પડી કે સ્થાનવાસીમાં તત્ત્વ નથી. તત્ત્વ તો દિગંબર સાહિત્યમાં છે. 'ગુરુદેવ' કહેતા, કાઠિયાવાડમાં આ એક પહેલો માણસ હતો. ગૃહસ્થમાં કોઈના ચિંધ્યા વિના એણે દિગંબર સાહિત્યનું અધ્યયન કરવાનું શરૂ કર્યું, એણે નક્કી કર્યું કે આ કોઈ સાધુ-બાધુ છે નહિ. જામનગર. કોઈનું માને નહિ. 'ગુરુદેવ' સંપ્રદાયના હતા તો 'ગુરુદેવ'ને ન માને. જામનગરમાં 'ગુરુદેવ' પધાર્યા. એ સંપ્રદાયમાં ત્યાં આવ્યા હશે. નીકળ્યા હશે, વહોરવા માટે નીકળે ને સંપ્રદાયની ક્રિયામાં.

સામાન્ય રીતે કોઈ સંપ્રદાયના મળે એટલે મહારાજની સાથે જાય. ચાલો ક્યાં જાવું છે? આપની સાથે આવું. ફલાણું-ઢીકણું, વિવેક કરે, વિનય કરે, વંદના કરે. સામેથી 'ગુરુદેવે' પૂછ્યું કે ફલાણાનું ઘર કઈ બાજુ? તો કહે, મહારાજ! આની કોર ચાલ્યા જાવ. ફટાક દેખાડે એમ. મહારાજ! આની કોર ચાલ્યા જાવ. જરાય મુહપત્તિ ભાળી વિનય વિવેક ન કરે. 'શ્રીમદ્જી'ના સમકાલીન. 'શ્રીમદ્જી' હતા એમના કાળમાં. સાંભળેલું કે ગૃહસ્થ છે અને વેપાર-ધંધો કરે છે અને રાત્રિ ભોજન કરે છે અને બૈરાં-છોકરાવાળા છે. હવે એવા તો કાંઈ જ્ઞાની હોતા હશે? એવા તે કાંઈ જ્ઞાની હોતા હશે? પોતાને પચ્ચીસમાં તીર્થંકર કહેવડાવે છે. એ બધું સાંભળ્યું હશે. વાતો તો વિરોધી લોકો તો અનેક પ્રકારે ઉડાડે. મળવાની તસ્દી ન લે. પછી એમનો ગ્રંથ તો તરત જ બહાર પાડ્યો. આ તો હમણાં જોયા હતા.

પુસ્તક જ્યારે હાથમાં આવ્યું. આ તો એમણે પોતે કહેલું છે. પુસ્તક વાંચ્યા પછી

ખબર પડી ખરેખર આ તો સત્પુરુષ છે અને આપણે તો મળવાની તસ્દી ન લીધી. ઈ કહે, માથું પછાડ્યું છે. આ ચૂકી ગયા, આ યોગ ચૂકી ગયા. મળ્યા હોત તો કેટલો બધો ફેર પડત. જે વ્યક્તિએ પત્રોમાં આટલું બધું લખ્યું છે એ વ્યક્તિનો પ્રત્યક્ષ પરિચય થયો હોત તો કેટલો લાભ થાત? જેને પોતાને જિજ્ઞાસા છે અને પોતાને કરવું છે એને માટે તો બહુ મોટી વાત છે.

મુમુક્ષુ :- એમના પિતાશ્રીને પણ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ? નથી સાંભળી વાત. પણ પોતાને ઉપેક્ષા થઈ ગઈ. બહુ મોટો પસ્તાવો થયો. જાણી જોઈને ઉપેક્ષા કરે એ તો બહુ મોટો અપરાધ છે પણ ભૂલથી ઉપેક્ષા થઈ ગઈ તોપણ એને બહુ મોટો પસ્તાવો થયો. એ બધું શું બતાવે છે? તાલાવેલી કેટલી છે. પોતાનું કાર્ય કરવાની તાલાવેલી કેટલી છે? એવી સ્થિતિ આવતી નથી, ત્યાં સુધી અંદરથી કાર્ય કરવાની પરિણામમાં તૈયારી નથી. જેની તૈયારી નથી એને કાર્ય ક્યાંથી થાય? સીધી વાત છે. એને કાર્ય થવાનો પ્રશ્ન રહેતો નથી.

**'અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ. પોતે આળસુડો થઈ ગયો છે.'** પોતે આળસુડો એટલે પ્રમાદી થઈ ગયો છે. નથી કહેતા કે ભાઈ! બહુ કહીએ છીએ તો હહળતો નથી. એમ ગમે તેટલા ગૂઢ વચનો આવે છે. ગમે તેવી વાતો સુંદરમાં સુંદર આવે છે. ઉચ્ચમા ઉચ્ચ કોટીની વાતો મળે છે પણ આ જીવ છે એ અંદરથી તૈયાર થતો નથી ત્યાં સુધી એ પ્રમાદમાં પડ્યો છે. અનંતાનુબંધીનું આ પ્રમાણ છે. ચારિત્રમોહનું પ્રમાણ નથી. મિથ્યાત્વ અવિરતિ પ્રમાદ કષાય યોગ બંધહેત્વ લીધું છે એમાં જે પ્રમાદ છે એ પ્રમાદ નહિ, આ તો અનંતાનુબંધીનો પ્રમાદ છે. મિથ્યાત્વ સહિતનો પ્રમાદ છે. મિથ્યાત્વ ગયા પછી તો પ્રમાદમાં બહુ મોટો ફેર પડે છે. કેમ કે સાધકજીવ તો નિરંતર ઉદ્યમવંત હોય છે-પુરુષાર્થવંત હોય છે. છતાં પણ જેટલો વિભાવ આવી જાય છે એટલો પ્રમાદ છે અંદરમાં.

**'પોતે આળસુડો થઈ ગયો છે. 'કરીશ, કરીશ' કહે પણ કરતો નથી.'** કહે એટલે એવા વિચાર પણ આવે. બહાર ન બોલે કદાચ. પણ કર્યા કરે ભાવમાં. કરીશ, કરીશ. મારે કાર્ય તો કરવું છે. મારો પુરુષાર્થ તો જગાડવો છે. આત્માનું હિત તો કરવું જ છે. કરી લેવું છે, કરવું છે, કરવું છે, જરૂર કરવું છે. નથી કરવું નહિ કરવું જ છે. કરીશ... કરીશ... કરીશ... કરીશ...થયા કરે. પણ ખરેખર કાર્યનો પ્રારંભ કરતો નથી. આ તો નાડ પકડી છે. મુમુક્ષુઓની નાડ પકડી છે.

વાત સાંભળ્યા પછી, વિચાર્યા પછી કેમ રહી જાય છે એનું આ કારણ છે. કરીશ.. કરીશ.. એને રહ્યા કરે છે. જે ઉપાડ એને આવવો જોઈએ એ ઉપાડ અંદરથી આવે

નહિ. એ કરીશ, કરીશ કાંઈ કામમાં આવતું નથી. **''કરીશ, કરીશ' કહે પણ કરતો નથી.'** દૃષ્ટાંત આપે છે કે **'કોઈ એવા આળસુ હોય કે જે સૂતા હોય તો બેઠા થાય નહિ, અને બેઠા હોય તો ઊભા થવાની આળસ કરે,...'** એવી પ્રકૃતિ જ હોય છે કે સૂતા હોય તો ઊભા થવાનું એને જલદી મન થાય નહિ અને બેઠા હોય તો ઊભા થવાનું મન થાય નહિ. સૂતા હોય તો બેસવાનું મન થાય નહિ ને બેઠા હોય તો ઊભા થવાનું મન થાય નહિ. ઝટ દઈને કોઈ કામ કરવું એ એને (બને નહિ). એમ ને એમ સાવ આળસુડાની જેમ છે એમ પડ્યા રહે. બેઠા હોય.

... કઈ દવા લેવી એ વાત એને સ્પષ્ટ છે. જો પોતે પોતાની દવા શોધે તો એને તરત મળે અને ન શોધે તો Medical store એમ ને એમ ભરેલો પડ્યો રહી જાય. એને કાંઈ કામમાં આવે નહિ. એના જેવું છે.

મુમુક્ષુ :- ચારસો-પાંચસો વર્ષમાં આવી સ્પષ્ટતા જોવા ન મળે.

પૂજ્ય ભાઈશ્રી :- ચારસો-પાંચસો શું ભગવાન 'મહાવીરસ્વામી' પછી જે દિગંબર સાહિત્ય વિદ્યમાન રહ્યું છે, વિચ્છેદ ગયું એ તો ખબર નથી આપણને. અંગ પૂર્વ રચના થઈ ગઈ પણ જે વિદ્યમાન રહી ગયું છે એમાં તો બતાવો કેટલી સ્પષ્ટતા છે. જો કે પહેલા તો એટલી સ્પષ્ટતા કરવાની જરૂર પણ નહોતી. એવા પાત્ર જીવો યોગ્યતાવાળા જીવોનો જ આ માર્ગમાં પ્રવેશ થતો કે ફટાફટ કામ કરતા. આ તો નિષ્કારણ કરુણા છે જ્ઞાનીઓની સત્પુરુષોની કે જેવી જેની હીન યોગ્યતા જોઈ, એવી એવી વાત કરતા ગયા. કાંઈ પણ તારી ઇચ્છા હોય, થોડીક પણ તને તરસ લાગી હોય તો આ વાત આ રીતે છે. તારે આમ કરવું જોઈએ. આમ હોય તો તારે આમ કરવું જોઈએ. આમ થતું હોય તો તારે આમ કરવું જોઈએ. આમનું આમ થાય... આનું આમ થાય. બધી વાત લઈ લીધી.

**''કાલ કરીશ, કાલ કરીશ' એમ મંદપણે વર્તે છે;...'** એમાંથી એ વાત પણ સ્પષ્ટ થાય છે કે એને આ વાતની-આ વિષયની જેટલી કીંમત આવવી જોઈએ, સમજાવી જોઈએ એ સમજણમાં આવી નથી. ભલે એમ કહે કે આની કિંમત બહુ મોટી છે પણ મોટી કિંમત કહે તો એની એને તાલાવેલી ઉપડ્યા વિના રહે નહિ. ઘરમાં કિંમતી ચીજ ખોવાઈ જાય તો પણ એના વિકલ્પ આવ્યા કરે. ક્યાં મૂકાઈ ગઈ હશે? ક્યાં ખોવાઈ ગઈ હશે? ઘરના બહાર લઈ ગયા નથી. છતાં ઘરમાં નથી તો જડતી નથી તો કાંઈ બહાર વઈ ગઈ હશે? કોઈ લઈ ગયું હશે? કાંઈ ચોરાઈ ગયું હશે? કેવી રીતે થયું હશે? નહિ ધારેલી કલ્પના આવે. નહિ ધારેલા માણસ ઉપર એને શંકા જાય. વિકલ્પનો વમળ છે. બંધ ન થાય તો શું થાય? ઘુમરી ખાધા જ કરે, વિકલ્પ ઘુમરી ખાધા જ કરે. કિંમત

વસ્તુ જ એવી છે કે એની ચિંતાને બંધ ન કરી શકે. આની કિંમત આવી હોય, એની જરૂરત લાગી હોય તો એનું ચિંતન, એ વિષયની તાલાવેલી એને બંધ કરી શકાતી નથી. ઉપડે એટલે ઉપડે જ. એને બંધ કરવાનો પ્રશ્ન રહેતો નથી. પણ આવું થાય છે અને એ રીતે આયુષ્ય ઘણાંના પૂરા થઈ જાય છે. બહુ અલ્પ કાળ મનુષ્યનો (છે), એક તક છે બહુ મોટી, તક એટલે બહુ અલ્પ કાળને તક કહે છે, એ ચૂકી જાય છે.

મુમુક્ષુ :- તરણા ઓથે ડુંગર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ડુંગર કોઈ દેખે નહિ એવું જ છે. આ તો એવું છે કે પોતે ઢીલો રહેતો હોય તો એને માર્ગદર્શન મળે એવો વિષય છે. કેમકે સામાન્ય રીતે ૨૦-૨૫ વર્ષ તો એમ જ ચાલ્યા જાય છે માણસના આ વિષય ઉપર ધ્યાન ગયા વગરના. જન્મથી શરૂઆતના ૨૦-૨૫ વર્ષ સુધી તો ધ્યાન જતું નથી. કોઈને એથી મોડું ધ્યાન જાય છે. સામાન્ય ૨૦-૨૫ વર્ષ ૩૦ વર્ષ જવા એ તો સામાન્ય છે. પછી જે કાળ રહ્યો છે એ તો એ ઘણો મર્યાદિત છે. કોઈને ખ્યાલ જાય છે કે આ કરવા જેવું છે, આ કરવા જેવું છે છતાં પણ કરીશ, કરીશ, કરીશમાં સમય ચાલ્યો જાય છે.

**જેમ કોઈને ગ્રીષ્મઋતુમાં પર્વતની ટોચ પર બરાબર તાપ લાગ્યો હોય અને તીવ્ર તૃષા લાગી હોય, તે વખતે પાણીના એક બિંદુ તરફ પણ તેનું લક્ષ જાય છે અને તે તેને લેવા માટે દોડે છે, તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે. તે આત્માર્થી જીવ 'જ્ઞાન' લક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય.**

૨૭૮.

૨૭૮. કઈ રીતે કાર્ય કરવું એ કાર્ય કરવાની ભૂમિકા લીધી છે. '**જેમ કોઈને ગ્રીષ્મઋતુમાં પર્વતની ટોચ ઉપર બરાબર તાપ લાગ્યો હોય અને તીવ્ર તૃષા લાગી હોય,...**' પ્રાણ છૂટે એવી તૃષા લાગી હોય. પાણી... પાણી.. રૂંવાંડે રૂંવાંડેથી પાણીના પોકાર ઉઠે. પાણી.. પાણી... થઈ ગયું હોય એવી તૃષા લાગી હોય, '**તે વખતે પાણીનું એક બિંદું...**' એક ટીપું પાણીનું. '**તે તરફ પણ તેનું લક્ષ જાય છે...**' ક્યાંય પાણી મળે, ક્યાંય પાણી મળે, ક્યાંય પાણી મળે. એક જ લક્ષ '**અને તે તેને લેવા માટે તે દોડે છે.**' ધીમે ધીમે ચાલવું, હળવે હળવે ચાલવું, અશક્તિ આવી ગઈ છે. જેટલી શક્તિ

છે એટલી શક્તિથી દોડે છે. ચિતાર બહુ સરસ લીધો છે. દૃષ્ટાંતનો જે ચિતાર લીધો છે. આવી એને તૃષા ઉત્પન્ન થવી જોઈએ.

આજે થાય, કાલે થાય, અનંત કાળે થાય, જ્યારે થાય ત્યારે આ સ્થિતિએ જીવ આવે છે. જેને પ્રાપ્ત થાય છે તે જીવ આ સ્થિતિએ આવે છે. આ તો પોતાના સ્વાનુભવથી સ્વાનુભવની વાત મુકેલી છે. આમ થયું છે. ત્યારે એને બીજે લક્ષ ન જાય. જેમ પાણી વગર પ્રાણ છૂટતા હોય તો બીજે ક્યાંય લક્ષ ન જાય, એમ એને અંદરથી પોતાનો આત્મા મેળવવા માટે આત્મા... આત્મા.. આત્મા... પોકાર અંદરથી આવે, બીજે લક્ષ ન જાય તો એને આત્મા પ્રત્યે જવા માટે કોઈ અવરોધક ભાવ પોતાનો નથી રહ્યો.

બીજા સંયોગ-વિયોગ અમસ્તા પણ આત્માની સાધનામાં અવરોધક છે જ નહિ. કોઈપણ પ્રકારના સાતમી નારકી પર્યંતની પ્રતિકૂળતાઓ કે અહંઈન્દ્ર સુધીનો વૈભવ, વૈમાનિક દેવનો વૈભવ એ કોઈ અનુકૂળતા, પ્રતિકૂળતા એ અવરોધક કારણો નથી. જે પોતાનો ભાવ છે એ જ અવરોધક છે. એટલે કોઈના ઉપર સંયોગ ઉપર તો ક્યારે પણ આરોપ કરવા જેવો નથી કે ફલાણું કારણ હતું એટલે હું પામતો નથી કે સાધતો નથી કે સાધી શકાતું નથી. એ વાત ખોટી છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અનુકૂળતાઓ અને પ્રતિકૂળતા એ અવરોધનું કારણ નથી આ માર્ગમાં. આ માર્ગમાં અવરોધક પોતાનો ભાવ હોય છે. પોતે જ અપરાધી છે એ વાત એને બેસ્યા વિના અપરાધ ટાળવા માટેનો ખરો ઉપાય એને સૂઝે નહિ. એ તો 'શ્રીમદ્જી'એ એ વાત (કહી),

અધમાઅધમ અધિકઙ્ક પતિત, સકળ જગતમાં હું,
એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શું?

શું સાધન કરવાનો તું? અત્યાર સુધી નહિ થવાનું કારણ પણ હું જ છું. અત્યારે પણ મારો જ ભાવ છે, બીજા કોઈનો ભાવ છે નહિ. તો જ એને ટાળવાનો એને પ્રયત્ન આવે. કેવો છે અવરોધક ભાવ? કેવો છે અવરોધક ભાવ?

મુમુક્ષુ :- બીજાના દોષ જવાનું તો ક્યાંય રહી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વાત જ ચોકડી મૂકવા જેવી છે. બીજાના દોષ જોવાની વાત ચોકડી મૂકવા જેવી છે. જેટલો વિચાર આવે એટલું નુકસાન. જેટલો વિકલ્પ ઊઠે એટલું નુકસાન. એમ અભિપ્રાયમાં ગાંઠ મારી દેવી જોઈએ. કોઈનો વિચાર આવે તો પોતાને એના ઉપરથી બોધ લેવો જોઈએ. એવું મારે ન થાય એ મારે સાવધાની રાખવાની જરૂર છે. બીજાને માટે નહિ. બીજાનો વિચાર આવે તો, દૃષ્ટાંતથી વાત વિચારવી હોય તોપણ એમ ટીકા-ટીપ્પણી માટે નહિ પણ પોતાને બોધ લેવા માટે આ

ભૂલ, આ પ્રકાર મને ન થાય એની મારે સાવધાની રાખવી છે.

**'તેને લેવા માટે દોડે છે, તેમ...'** ત્યાં સુધીનું દૃષ્ટાંત છે. હવે સિદ્ધાંત કહે છે. **'તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય...'** સંસારનો તાપ લાગ્યો હોય એટલે સંસારી પ્રવૃત્તિનો તાપ લાગ્યો હોય. ઉદયભાવમાં જેને અકળામણ થતી હોય, મૂંઝવણ થતી હોય, ચાહે અનુકૂળતા હો, પ્રતિકૂળતા હો કોઈપણ પ્રકારનો ઉદયભાવ હો એમાં જેને મૂંઝવણ થતી હોય, આકુળતા થતી હોય ત્યાંથી ખસવા માટે. એ કાર્યો કરવાની હોંશ થતી હોય, રસ જાગતો હોય ત્યાં સુધી તો ડૂબી જવાની વાત છે. **'તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય,...'** આ તૃષા કહો એ તૃષાનો બીજો શબ્દ છે પિપાસા. પિપાસાનો અર્થ તૃષા થાય છે. **'સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય,...'** પિપાસા જાગી હોય એ નથી લીધું, વિશેષણ લગાડ્યું છે. તીવ્ર પિપાસા જાગી હોય.

મુમુક્ષુ :- ઓલું તીવ્ર તૃષા છે, એમ તીવ્ર પિપાસા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે.

**'તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે.'** એવા જીવને સત્‌ની પ્રાપ્તિ માટેનો ઉગ્ર પ્રયત્ન વર્તે છે. એટલે કે માર્ગનો પ્રવેશ, બીજી રીતે વિચારીએ તો, માર્ગનો પ્રવેશ ઉગ્રતાપૂર્વક જ થાય છે. બીજી રીતે કોઈને માર્ગનો પ્રવેશ થઈ જાય છે એમ બનતું નથી. જ્યારે ઉગ્રતા આવે ત્યારે. ઉગ્રતાથી જ પ્રવેશ થાય છે, બીજી રીતે પ્રવેશ થતો નથી. હવે કેમ ઉગ્રતાથી પ્રવેશ થાય છે અને બીજી રીતે નથી થતો? કે મિથ્યાત્વની પક્કડ કોઈ સાધારણ નથી. એક સમયની પર્યાયનું એકત્વ છે. વિના વિકલ્પે થઈ જ જાય છે, સમયે સમયે થઈ જ જાય છે. એ કોઈ સાધારણ પક્કડ નથી. એ જીવનું ભાવમરણ છે. મિથ્યાત્વમાં જીવનું ભાવમરણ છે. હવે કોઈ બળવાન પક્કડ ગળાથી દેતો હોય, જોર કર્યા વગર કેવી રીતે છૂટે? ગળું એવડી સજ્જડ પક્કડથી કોઈએ પકડ્યું હોય અને ભીંસતો હોય તો જોર દીધા વગર કેવી રીતે છૂટે? એમ મિથ્યાત્વમાં ઊંધું બળ પ્રવર્તે છે, એની પક્કડ પણ જોરદાર છે. અહીંયાં આવવા માટે એનું બળ ઉત્પન્ન થયા વગર એ પક્કડમાંથી છૂટાતું નથી. **'સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે.'** એને ઉગ્ર પ્રયત્ન થાય છે. થાય છે એને કરે છે એવી ભાષાથી દર્શાવ્યું છે.

મુમુક્ષુ :- સત્‌માં શું માર્ગ લેવો કે સત્‌નો આત્મા ધ્રુવ?

પૂજ્ય ભાઈશ્રી :- બેય વાત એમાં આવી જ જાય છે. બે વાતને ત્યાં જુદી પાડી શકાતી નથી. જે સત્ છે ત્રિકાળ સત્ છે એની પ્રાપ્તિ વિના તો સત્-અસત્ બરાબર છે.

પ્રાપ્તિ કહો કે અનુભવ કહો. એના વગર તો ત્રિકાળ સત્ સત્ હોવા છતાં અસત્ છે. 'શ્રીમદ્જી' કોઈ વાર અફસોસ કરે છે. સત્ સરળ છે, સુગમ છે, સર્વત્ર એની પ્રાપ્તિ છે પણ અરે..રે..! કોઈ પુરુષાર્થ કરતું નથી. પુરુષાર્થ કરતું નથી. એની જે ઉગ્રતા આવવી જોઈએ, આ પુરુષાર્થ પ્રેરક વાત છે, એ ઉગ્ર પ્રયત્નને પુરુષાર્થ કહે છે, ઉગ્ર પ્રયત્ન કહો કે પુરુષાર્થ કહો.

જેને '**સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે.**' એને જોરથી પ્રયત્ન થાય છે. એનું જોર આવે છે, પ્રયત્ન કરવાનું અંદરથી જોર આવે છે. એ મંદપણે પ્રવર્તે એમ બનતું નથી. તો એને તરસ લાગી નથી. મોડું મળશે, પાણી મોડું મળશે તો ચાલશે. ક્યારે? ચાલે છે. તરસ નથી લાગી. હવે નહિ ચાલે એવું થાય ત્યારે ખરો પ્રયત્ન ઉપડે છે. કેમકે હવે હું નહિ જીવી શકું. હવે મારું જીવન આગળ ચાલવું મુશ્કેલ છે. એવું જ્યારે અંદરથી થાય છે ખરો પ્રયત્ન ત્યારે ઉપડે છે. ત્યાં સુધી બહાના છે. ગમે એટલા વગદા કરે છે એમ ને એમ એનો ગમે તેટલો કાળ કાઢે છે. એથી કોઈ કાર્યસિદ્ધિ થતી નથી.

મુમુક્ષુ :- છેલ્લા શબ્દ હતા ને...

પૂજ્ય ભાઈશ્રી :- એમને પ્રશ્ન પૂછ્યો હતો. વિકલ્પમાં એટલું દુઃખ લાગતું હતું કે કાં તો વિકલ્પ છૂટે અને કાં તો દેહ છૂટે. એટલે હવે જીવન નહિ જીવાય, જીવી નહિ શકાય એવું લાગે. એવી હદે આવે. એ તો બધાની એક જ સ્થિતિ છે. જેટલા જેટલા પામ્યા છે અને પામશે એ બધાની એક જ પરિસ્થિતિ છે. કોઈની બીજી પરિસ્થિતિ નથી. મિથ્યાત્વથી છૂટે અને (મોક્ષમાર્ગમાં) પ્રવેશ કરે એમાં વચ્ચે આ પ્રકાર આવી જાય છે. આના ઉપર કાંઈ વજન નથી. એ તો નથી એને વજનથી કહેવાય છે. જે આવે છે એને કાંઈ વજન નથી. એને તો લક્ષ ઉપર જ એની મીટ માંડી છે. આ બધું તો થઈ જાય છે વચ્ચે. આનું પણ એને વજન નથી. પણ એટલી વાત ખ્યાલમાં લેવાની છે, સમજણ કરવી છે એને કે આવું થયા વગર એમ ને એમ થઈ જાય એવું બનતું નથી. એટલી સમજવાની વાત છે.

પંડિતજી વાત કરતા હતા અમે 'વઢવાણ' ગયા ત્યારે. જ્યારે 'ગુરુદેવ'નો યોગ થયો 'વઢવાણ'માં. નવા પ્રવચનો સાંભળવા જતા. ઘરે આવીને વિચાર કરે, ચિંતવન કરે. પ્રાપ્તિના અભાવમાં કેટલી આકુળતા થતી હતી? બધી વાત કરતા હતા. એ તો (પૂજ્ય બહેનશ્રી તો) પૂર્વના સાધક છે. પોતે પૂર્વના સાધક છે. પ્રશ્ન ઉઠાવ્યો હતો કે પૂર્વના સાધકને પણ આટલું બધું થાય પછી પરિણમન આવે? એ પહેલાં ન આવે સહેજે સહેજે? સંસ્કાર તો પોતે લઈને આવ્યા છે કારણ કે એ તો પામેલા છે. ચ્યુત

થઈને આવ્યા છે. તોપણ અહીંયાં આટલું બધું? કેમકે અહીંયાં તો ઉઘાડ એકદમ ઓછો થઈ ગયો. અહીંયાં તો ઉઘાડ એકદમ બધી વાતો જાણે નવી સમજવાની હોય. 'ગુરુદેવે' સમજાવ્યું, 'ગુરુદેવે' માર્ગ આપ્યો. અત્યારે હવે એમ જ ઘૂંટે છે ને. 'ગુરુદેવે' માર્ગ બતાવ્યો, 'ગુરુદેવે' સમજાવ્યું. ઘણો ઓછો ઉઘાડ હતો. માર્ગની પ્રાપ્તિની તો બહુ આકુળતા, બહુ આકુળતા થાય. રોવું આવે, રડવું આવે. બંધ ન રહી શકે એટલું બધું? પાછું એવું ને એવું થાય અથવા એવું ને એવું કરવું પડે? એ પ્રશ્ન કર્યો. એ તો સોનું લેવા જેવી વાત છે. જેટલી વાર સોનું લેવા એટલી સોનાના પૈસા દેવા પડે. માલ લેવો છે તો માલની કીંમત ચૂકવવી પડે. એ તો સીધી વાત છે.

મુમુક્ષુ :- કેટલી ચૂકવવી પડે એનો પ્રશ્ન..

પૂજ્ય ભાઈશ્રી :- એટલો પુરુષાર્થ કરવો પડે. જેટલો માલ લેવો છે એટલો જ પુરુષાર્થ કરવો પડે. અપુરુષાર્થમાં આવ્યા તો એટલું જ છોડવું પડે.

ઉગ્ર પ્રયત્ન હોય. સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન થાય છે, ત્યાં ઉગ્રતા ઘણી આવે છે. એ તો વિષય એને મહત્ત્વ એટલા માટે જ સમ્યગ્દ્રષ્ટિને આપ્યું છે કે કોઈ જીવ કેવી રીતે સમ્યક્ત્વમાં આવે છે એમ જો ખબર પડે તો ત્યાં આવવાનું જે પરાક્રમ કર્યું અને જે પરિસ્થિતિમાંથી એ પસાર થયા અને જે સ્થાને આવ્યા એને નમવાનું થયા વગર રહે નહિ. આ સીધી વાત છે. વંદામહે તં વયં. 'પદ્મપ્રભમલધારી'નું.

જેણે આવા મહાન આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં ધારણ કર્યો વંદા મહે તમ્ વયં. ક્યારે ધારણ કર્યો? કે આખા જગતથી છૂટો પડીને ધારણ કર્યો છે. અને ઊંચામાં ઊંચી કોટીનો શુભરાગ એ જીવને થાય છે. સ્વભાવનો જે વિકલ્પ ઊઠે છે અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ મંદ કષાયનો જે વિકલ્પ ઊઠે છે એ બહુ ઊંચી કોટીનો છે. કેમકે પ્રયત્ન વખતનો વિકલ્પ છે એ તો. પુરુષાર્થના કાળનો વિકલ્પ છે. એથી ઊંચી કોટીનો શુભભાવ ક્યાંય નથી. એમાં પણ જે અટક્યો નહિ, એનો નિષેધ કરીને આરુઢ થયો સ્વભાવમાં તો કહે છે, વંદા મહે તંમ વયં. એને અમે નમસ્કાર કરીએ છીએ.

મુમુક્ષુ :- મુનિ થઈને ચોથા ગુણસ્થાનને વંદન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાયમાં છે વિષય, પ્રવૃત્તિ નથી. અભિપ્રાય છે એ વિષયનો. એ માર્ગને વંદન છે. ... વિષય નથી. વીતરાગમાર્ગનો આદર છે એમ છે ખરેખર. પ્રશ્ન આપણે એક ચાલી ગયો છે. સુરેન્દ્રનગરવાળા ભાઈ આવ્યા હતા. પ્રશ્ન કર્યો, 'ગુરુદેવ' પ્રસિદ્ધપણે એમ કહેતા કે ગણધરદેવ પણ પંચ પરમેષ્ઠીના નમસ્કાર મંત્ર બોલે છે. તો ણમો આરિયાણાં પદમાં તો પોતે છે. પોતાથી નીચી કોટીના આચાર્યો પણ છે, નવ દીક્ષિત થયા હોય પછી આચાર્ય થયા હોય. પછી ઉપાધ્યાય એની નીચે

છે, સાધુ એની નીચે છે. સાધુ તો એમના શિષ્યો છે. આચાર્યોને ગણધરોને બીજા સાધુઓ એમના શિષ્યો છે. તો ગુરુ તો શિષ્યને વંદન નમસ્કાર ન કરે. પણ ગુરુ ઊઠીને શિષ્યને નમસ્કાર કરે છે? પ્રવૃત્તિ તો એવી કરતા નથી. કોઈ આચાર્ય, કોઈ સાધુને નમસ્કાર કરવાની પ્રવૃત્તિ કરતા નથી. અને પંચપરમેષ્ઠી મંત્રમાં તો નમસ્કાર કરે છે. તો આ વાતનો મેળ કેવી રીતે છે? આ પ્રશ્ન કર્યો.

એક અભિપ્રાયનો વિષય છે, એક પ્રવૃત્તિનો વિષય છે. અભિપ્રાયમાં ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. લોકમાં ક્યાંય પણ હોય, કોઈપણ ક્ષેત્રમાં. મનુષ્ય સિવાય તો હોય નહિ. પણ કોઈ જગ્યાએ સાધુ મનુષ્યક્ષેત્રમાં હો, કોઈપણ કાળમાં હો અમારા એને નમસ્કાર છે. એ માર્ગનો આદર છે. વીતરાગમાર્ગમાં આવ્યા એનો આદર છે. એ અભિપ્રાયનો વિષય છે. એમ મુનિરાજ પોતે કાંઈ સમ્યગ્દૃષ્ટિને વંદન ન કરે. અભિપ્રાય છે. આ તો એમના શબ્દો છે. આપણા ઘરની વાત નથી કાંઈ. શ્લોક પડ્યો છે 'નિયમસાર'માં. એવી સમ્યગ્દૃષ્ટિની સુંદર બુદ્ધિને હું નમસ્કાર કરું છું.

જેને પ્રથમથી જ શુદ્ધ-અશુદ્ધની વિકલ્પના નથી એમ કરીને વાત લીધી છે. એને નમસ્કાર! વંદા મહે તમ્ વયં. અમે એને નમસ્કાર કરીએ છીએ. એનું કારણ છે કે એકવાર આખા જગતથી અને ઊંચામાં ઊંચી કોટીના શુભના કણિયાથી પણ જુદો પડવાનો અપૂર્વ પુરુષાર્થ કરી અને જેણે વીતરાગ માર્ગનો પ્રારંભ કર્યો, વીતરાગ માર્ગમાં જેણે વિજયસ્તંભ રોપ્યો. પછી તો આગળની વાત સહેલી છે. રાજાને મારવો એ જ મોટી વાત છે. પછી તો આખી લડાઈ જીતી ગયો. જે દર્શનમોહ અને અનંતાનુબંધી છે એ દુશ્મનની સેનાનો રાજા છે. એને માર્યો અહીંયાં. પછી તો આખી સેના એ જીતી જ જવાનો છે. નૃપને જીતતા દળ, રિપુ અને અધિકાર બધું એનું લઈ લીધું એણે. રાજાને માર્યો છે એણે. પણ શું કરવા એમ? એટલું એનું મહત્ત્વ શા માટે સમ્યગ્દૃષ્ટિનું મહત્ત્વ છે? કે રાજાને માર્યો છે. દુશ્મનના રાજાને માર્યો છે. પછી તો આગળની વાત એને સહેલી થઈ ગઈ છે. પછી જે સૈન્ય છે એ તો બધા સાધારણ શક્તિવાળા છે, નિઃસત્વ થઈ ગયેલા છે. શક્તિહિન છે એ તો, પોતે બળવાન છે પાછો.

**'તે આત્માર્થી જીવ 'જ્ઞાન' લક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય.'** આ ઓળખીને અનુભવ કરવા સુધીનો વિષય સંક્ષેપમાં ત્રણ લીટીમાં લઈ લીધો છે. જરા વિશેષ લેશું....

## તા. ૧૦-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૭૮
## પ્રવચન નં. ૨૧૬

પાનું-૯૪, ૨૭૮ ચાલુ છે. નીચેથી ત્રીજી લીટી.

**'તે આત્માર્થી જીવ 'જ્ઞાન' લક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય.' 'તે આત્માર્થી..'** તે એટલે કોણ? જેને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય તે અથવા સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરતો હોય તે. એમ ઉપરની વાત સાથે અનુસંધાન છે. જેને સત્‌ની તીવ્ર પિપાસા છે અને તેથી જેને પ્રાપ્તિનો ઉદ્યમ છે તે વર્તમાનમાં જ પાત્ર જીવ છે. ભાગ્યેજ સમજાવવાની જરૂર છે. પાત્રતા તો ત્યાં આવી ગઈ છે.

તેવો આત્માર્થી જીવ જ્ઞાનલક્ષણ દ્વારા આત્માને ઓળખે, એને વિશ્વાસ આવે તો એને એનું અસ્તિત્વ ખ્યાલમાં આવે અથવા ગ્રહણ થાય અને તો આગળ વધીને એ જ્ઞાયકને પ્રસિદ્ધ કરે, પ્રગટ કરે, પ્રત્યક્ષ કરે એમ લેવું છે. જેને જિજ્ઞાસા છે, જેને પિપાસા છે તેને અંતરમાં શોધ વર્તે છે. મારું મૂળ સ્વરૂપ ત્રિકાળ સત્‌ સ્વરૂપ કેવું છે? એની જેને શોધ વર્તે છે. પાત્રતામાં આવ્યા પછી મુમુક્ષુજીવનું પહેલામાં પહેલું આ કાર્ય છે.

પાત્રતામાં આવ્યા વિના કોઈ બાહ્ય ક્ષયોપશમથી આત્માનો નિર્ણય કરવા જાય તો તેને તેના અસ્તિત્વનો ખ્યાલ નથી આવતો. જેમ કોઈ બીજા પદાર્થનો વિચાર કરીને નિર્ણય કરે, એવી રીતે ધારણાશક્તિથી કે ક્ષયોપશમના બળથી વિચાર કરી શકશે પણ પોતાનું અસ્તિત્વ એને ખ્યાલમાં નહિ આવે. અહીંયાં નિર્ણયની સાથે બે વાત કરી છે. એક આત્માની પ્રતીતિ કરીને અને બીજું એનું અસ્તિત્વ ખ્યાલમાં લઈને. આ બે વાત કરી છે. ભાગ્યે જ કોઈ અધ્યાત્મગ્રંથમાં આ રીતે વિષય ખુલેલો છે.

જ્ઞાનલક્ષણથી આત્માની ઓળખાણ કરવી એ વાત તો 'સમયસાર' પૂરું કર્યા પછી ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવે' પરિશિષ્ટમાં ફરીને ઉખેડી. ઉખેડી એટલા માટે કે એમણે પ્રશ્નોત્તરથી એ વાત લીધી. પ્રશ્ન ચર્ચા કરી એ વિષય ઉપર કે આત્માને કેવી રીતે ઓળખવો. એક જ વાતને બે દૃષ્ટિકોણથી જોવાય છે. આચાર્ય મહારાજ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને વર્તતા હોવા છતાં એ વિષયને મહત્ત્વ આપ્યું.

જેણે અનાદિ આત્માનો નિર્ણય નથી કર્યો, નિશ્ચય નથી કર્યો, એને નિશ્ચય કર્યા વિના અનુભવ થાય અને સંસાર તૂટે એવું કોઈ દિવસ બનતું નથી. એટલે એ વિષયને

ફરીને એમણે મહત્ત્વ આપ્યું. એ વાત નીચેથી લીધી. ઉપરથી લ્યે તો એમ લે કે વિકલ્પાત્મક નિર્ણય વગર ભલે સમ્યગ્દર્શન થતું નથી. તો પણ અનુભવે અનુભવ છે, જ્યાં સુધી એ વિકલ્પમાં ઊભો છે ત્યાં સુધી એ નયપક્ષમાં ઊભો છે અને નયપક્ષમાં આવ્યો તેથી શું થયું? એ વાત પણ પોતે જ કરી છે. બેય બાજુથી વિષયને સ્પષ્ટ કર્યો છે.

બંને બાજુથી વિષયને સ્પષ્ટ કરવા પાછળ હેતુ એ છે કે નીચેથી જોતા એનું ઘણું મહત્ત્વ છે તોપણ ત્યાં અટકે, નિર્ણય કરવાના વિષય ઉપર જ ઘણું વજન આપી દે અને નિર્ણય કરવાની વાત ઉપર અટકી જાય અને એનું મહત્ત્વ આવી જાય તો અનુભવ સુધી પહોંચે નહિ અને એ નિર્ણયના વિચારો જ માત્ર અટકવાનું સ્થાન રહે. નિર્ણય પણ ન થાય યથાર્થ રીતે. એવી ગડબડ ત્યાં થાય છે નિર્ણય ઉપર વજન જતાં. એટલે ત્યાં ૧૪૨, ૪૩ (ગાથામાં) એ કહ્યું કે તેથી શું? નયપક્ષ આવ્યો તેથી શું? નિશ્ચયનયનો પક્ષ પણ અપૂર્વ છે પણ તેથી શું? છતાં 'સમયસાર' પૂરું કર્યા પછી એ જ વિષયને ફરીને ઉખેળ્યો છે. જો આ વિષયથી જીવ અજાણ્યો રહે અને એને જ્ઞાન લક્ષણ દ્વારા આત્મા ઓળખવાનું ન બને તો કોઈ રીતે એ અનુભવ સુધી પહોંચી શકે નહિ. એને જ્ઞાયકતત્ત્વ પ્રગટ ન થાય.

હવે એટલો પ્રશ્ન અહીંયાં થવા યોગ્ય છે કે જ્ઞાનલક્ષણ દ્વારા આત્મા ઓળખવો કઈ રીતે? આટલો પ્રશ્ન અહીંયાં થવા યોગ્ય છે. પૂર્વ શરત તો એ નક્કી થઈ ગઈ કે જેને તીવ્ર પિપાસા છે અને પ્રાપ્તિનો પ્રયત્ન પણ છે તેને ઓળખવાની વાત છે. જો એ બે વાત ન હોય તો ઓળખવાની આશા રાખવી વ્યર્થ છે, એવી આશા ધરવી ખોટી છે, ઓળખવાનું નહિ બને. ભલે ગમે તેટલા શાસ્ત્રો વાંચી જાય અને ભલે ગમે તેટલા આત્માના વિચારો અને વિકલ્પો કરે તોપણ. કેમ કે અહીંયાં ઉગ્ર પ્રયત્ન લીધો છે. શાસ્ત્ર વાંચે અને વિકલ્પ કરે એ વાત નથી લીધી. પ્રયત્નની વાત લીધી છે. પ્રથમથી જ પુરુષાર્થની વાત લેવી છે. પુરુષાર્થ વિના કાર્ય સિદ્ધિ નથી એ સ્પષ્ટ છે. એટલે એ પૂર્વશરત સાથે વાત છે. જો એ શરત ન સમજવામાં આવે તો બીજી રીતે સમજાઈ જાય છે કે આપણે બુદ્ધિબળથી આત્માને ઓળખી લઈએ. એવી રીતે કોઈ આત્માની ઓળખાણ થતી નથી.

એવી સ્થિતિમાં આવ્યા પછી મારું મૂળ સત્ સ્વરૂપ કેવું છે? એ દિશામાં જ્ઞાન પોતે ઓળખવાનો પ્રયત્ન કરે છે. જ્ઞાનને કોઈપણ ચીજની ઓળખ કરવી, પરખ કરવી એ જાતની પ્રવૃત્તિ એ એક ખાસ પ્રકારની પ્રવૃત્તિ છે. એક ચીજ ઓળખાતી નથી એને નિશ્ચિત કરવી છે કે આ ચીજ શું છે? કઈ ચીજ છે? શું છે? એનો ઉપયોગ શું થાય? ઓળખ્યા વગર ઉપયોગ થાય કોઈ ચીજનો એવું તો જગતમાં ક્યાંય બનતું નથી. આ

તો એકદમ Practical વાત છે. મારું હિત કરવું છે. એટલું નક્કી કર્યું પણ ઓળખ્યા વગર હિત કરવું છે કેવી રીતે કરશે? પોતે કોણ છે? અથવા કેવો છે? એવી ઓળખાણ થયા વિના કઈ દિશામાં હિત કરવા માટે એ પ્રયત્ન કરશે? પોતાનું સ્વરૂપ અને સ્થાન નક્કી થયા વિના કોઈપણ રીતે સાચી દિશામાં કેમ જવું એ વાત પણ નિશ્ચિત થઈ શકે, નક્કી થઈ શકે એવું ન બને. એટલે હિત કરવું હોય તોપણ પહેલાં ઓળખવું અને નિર્ણયની દિશામાં પહેલાં પ્રયત્ન કરવો. એ પણ એક બોલ લીધો છે પોતે. નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. ગમે તેવા તર્ક ઉઠાવીને મતિ અવ્યવસ્થિત ન કર. મતિને વ્યવસ્થિત કરીને નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. બહુ સારી વાત આવી છે. મતિને વ્યવસ્થિત કરીને એટલે કે તારી બુદ્ધિ, તારી મતિ ડહોળાઈ ગઈ છે એને એકવાર વ્યવસ્થિત કર. એક પરમ સત્‌ની જિજ્ઞાસામાં આવતા મતિ વ્યવસ્થિત થાય છે અથવા પાત્રતામાં આવતા મતિ વ્યવસ્થિત થાય છે. એ પૂર્વભૂમિકા લીધી છે એ પણ મતિ વ્યવસ્થિત ત્યાં થાય છે એટલા માટે લીધી છે. એટલે ત્યાં મતિ વ્યવસ્થિત થઈ.

હવે એ જીવ કેવી રીતે પ્રયત્ન કરે છે? તો કહે છે, જ્ઞાન લક્ષણથી પ્રયત્ન કરે છે. કયું જ્ઞાન લક્ષણ? જે જ્ઞાન અનેક જ્ઞેયોને જાણવા માટે પરસન્મુખ થઈને પરપદાર્થોને અવલંબી રહ્યું છે એ જ્ઞાનલક્ષણ છે? એ જ્ઞાન લક્ષણ નથી. એવી રીતે જ્ઞાનને ઓળખવાનું નથી. જ્ઞાનને કહેતાં આચાર્ય મહારાજે જ્ઞાનમાત્ર એવો શબ્દ વાપર્યો છે. એટલે કે જ્ઞાનમાં કોઈને ભેળવવું નથી. જ્ઞેયો વસ્તુપણે ભળતા નથી કેમકે એક દ્રવ્યથી, બીજું દ્રવ્ય કદી મળતું નથી, ભેગું થતું નથી. એટલે વસ્તુપણે તો કોઈ દ્રવ્યે મળતા નથી. પણ અન્ય જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જ્ઞાનમાં એના જ્ઞેયાકારોની આકૃતિ ઊઠતાં જીવને પોતાનું જ્ઞાનમાત્રપણે સ્વરૂપ છે એવું ચૂકાઈ જાય છે ત્યારે અનેક પ્રકારનો વ્યામોહ ઊભો થાય છે. અને એ વ્યામોહને વશ જીવ ઠીક-અઠીકપણું કરે છે, સારા-નરસાપણું કરે છે, ઇષ્ટ-અનિષ્ટપણું કરે છે. એટલે કે રાગ અને દ્વેષ કરે છે. આ મને ઠીક છે. આ મને ગમે છે. આ મને ગમતું નથી. ક્યાંથી કર્યું? કે જ્ઞેયોને અવલંબીને, જ્ઞેયની સન્મુખ થઈને જ્ઞેયમાત્રપણે પોતાને અનુભવીને. ત્યાં એણે જ્ઞાનમાત્રપણે પોતાનો અનુભવ ન રાખ્યો, પોતે જ્ઞાનમાત્રપણે હોવા છતાં. અને મિથ્યાભાવે જ્ઞેયમાત્રપણે પોતાનો અનુભવ કર્યો. અહીંયાં ભૂલ થઈ. અહીંયાં કહે છે કે જ્યાં આત્માને ઓળખવો છે ત્યાં એકલું જ્ઞાન, માત્ર જ્ઞાન એટલે એકલું જ્ઞાન લેવું છે. અને એકલું જ્ઞાન જ્ઞેયાકારોને વ્યવછેદ કરીને લેવા જાય તો એને એ સામાન્ય જ્ઞાન લેવું પડશે.

મુમુક્ષુ :- વ્યવછેદ એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવછેદ એટલે એને લક્ષમાંથી કાઢી નાખવા. લક્ષમાંથી કાઢી

નાખવા, લક્ષમાંથી દૂર કરવા. એનો દૃષ્ટાંત બહુ સરસ પંદરમી ગાથામાં આચાર્ય મહારાજે આપ્યો કે એક રસોઈની અંદર શાકમાં અનેક પ્રકારના મસાલા નાખ્યા. ઊંધિયું બનાવે છે ને? છપ્પન જાતના મસાલા નાખ્યા પછી મીઠું બરાબર પડ્યું છે કે નહિ? જો મીઠું રહી ગયું હશે તો ગમે તેટલા મસાલા નાખ્યા હશે સાવ ફિક્કું લાગશે. નાખી દીધા પછી, બધું પતી ગયા પછી ચાખે છે. રસોઈ થઈ ગયા પછી, શાક બની ગયા પછી, રાંધી લીધા પછી (ચાખે છે). ત્યારે તમામ મસાલા તેમાં ઓગળી ગયા છે. Disolve થઈ જાય છે બધી ચીજો એની અંદર. પછી બધાયના સ્વાદનો વ્યવચ્છેદ કરીને મીઠાની પરખ કરે છે. મીઠું તપાસે તો શું કરે છે? કે તીખાશ, ખટાશ, ગળાશ કે અનેક જાતના બીજા સ્વાદો કે સુગંધી પદાર્થો નાખ્યા હોય તો એ બધાયના સ્વાદને એક કોર લક્ષમાંથી કરી નાખીને, ગૌણ કરી નાખે પણ ગૌણ કરે એ વિષય જ ન કરે, વિષય ન કરે. ઉપયોગ એના ઉપર લઈ જાય. મીઠું કેટલું છે? છે કે નહિ? છે તો કેટલું છે? પ્રમાણસર છે? પ્રમાણથી ઓછું છે કે પ્રમાણથી અધિક છે? ચારે ચાર બાબત નક્કી કરી લે એક તબક્કે. છે તો ખરું. કેટલું છે? અધિક છે? ઓછું છે? સપ્રમાણ છે? બધું બાદ કરીને જ્ઞાન કામ કરે છે કે નહિ?

મુમુક્ષુ :- એક ચમચો નાખો એમ કહે.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં એક ચમચો નાખો, આમાં આટલું નાખો. આમાં આટલું નાખો. કેમ ખબર પડી જાય?

એ એક ખાસ પ્રકારની જ્ઞાનની પ્રવૃત્તિ છે. આવું તપાસવાની, આવું જોવાની ખાસ પ્રકારની જ્ઞાનની પ્રવૃત્તિ છે. તો કહે છે કે તું તારા જ્ઞાનમાં માત્ર જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... પણે એક ધારા ચાલે છે. સામાન્ય જ્ઞાનની જ્ઞાનની ધારા ચાલે છે. અંતર અવલોકનથી એને તપાસીને, એનું અવલોકન કરીને એનો નિર્ણય તો કર એ કેવી છે? જ્ઞાનની ધારા કેવી છે? તો તને માત્ર એ જ્ઞાનની પર્યાયરૂપે જોવાનું નહિ બને, જે સામાન્ય જ્ઞાનસ્વભાવ છે એનો પત્તો તને લાગશે. જેમ આત્મા અતીન્દ્રિય સ્વરૂપે છે, જેમ આત્મા પ્રત્યક્ષસ્વરૂપે છે અને માત્ર જ્ઞાનસ્વરૂપે, સ્વભાવસ્વરૂપે છે એવું તને બધું ત્યાં દેખાશે. અને જેમ આત્મા સુખસ્વરૂપે છે એ પણ તને દેખાશે.

જ્ઞાન, સુખ એ મુખ્ય ગુણ છે બાકી અનંત ગુણનું એકરૂપ પિંડ છે એનો નિશ્ચય થશે. અને દ્રવ્ય-ગુણ-પર્યાયના પ્રમાણના વિષયનો નિશ્ચય પણ તને ત્યાં થશે. બધું ત્યાં થાય છે. એક ઓળખાણ થતાં એને પ્રયોજનભૂત અનુભવવું જ બાકી રહે છે, ઓળખવાનું બાકી નથી રહેતું. ઓળખાઈ જાય છે. ફક્ત અનુભવ બાકી રહે છે. તો ઓળખાણ થાય છે એમાં બે વાત ઊભી થાય છે. એક આત્માની પ્રતીતિ કરે છે એટલે

ત્યાં એક વિશ્વાસ ઊભો થાય છે કે મારું જ્ઞાન મારાથી છે, મારામાંથી જન્મે છે. મારું સુખ મારામાં છે અને મારામાંથી મળશે. બીજે ક્યાંય નથી. કેમ જ્ઞાનનો તૂટો નહિ પડે? કે અનંત જ્ઞાનથી હું ભરેલો છે અને અનંત સુખથી પણ હું ભરેલો છું. આ નિશ્ચય થઈ જશે એની અંદર.

અનંત જ્ઞાન અને અનંત સુખનો ભંડાર હું પોતે જ છું. એક લક્ષણથી આખું લક્ષ પકડે છે. જ્યારે લક્ષ પકડે છે ત્યારે એને લક્ષણ બનાવ્યું. ત્યાં સુધી લક્ષણરૂપે કહ્યું હોવા છતાં અને વિદ્યમાન હોવા છતાં પણ પોતાને લક્ષ રૂપે નથી. લક્ષને પકડે પણ તો આને લક્ષણનો ઉપચાર આવે. તો એને લક્ષણની સંજ્ઞા-એને નામ દઈ શકાય. નહિતર એને લક્ષણનું નામ ન દઈ શકાય. એ રીતે એને અંદરમાં ઓળખવા માટે સુખ અને શાંતિની તૃષાથી આતુર થઈને, તૃષાતુર થઈને જવું પડે. એમ ને એમ ચાલતું નથી. એમ ને એમ એ પ્રયત્ન જ એ પ્રકારનો-ખાસ પ્રકારનો જે પ્રયત્ન ઉપડવો જોઈએ એ પ્રયત્ન ઉપડતો નથી.

મુમુક્ષુ :- જ્ઞાનધારા તો અવિરત ચાલુ જ છે. તો નડ્યું ક્યાં?

પૂજ્ય ભાઈશ્રી :- એની દરકાર નથી. નડ્યું નહિ, પોતાને દરકાર નથી. પોતે કેવો છે? પોતાનું ત્રિકાળ સત્ કેવું છે? એ જાણવાની એને દરકાર નથી, એ ઓળખવાની એને દરકાર નથી.

હવે, અહીંયાં જ્યાં પ્રતીતિ આવી કે મારું અનંત જ્ઞાન અને અનંત સુખ મારામાં છે. ત્યારે મારું સુખ ક્યાંય બહાર નથી એ વાત અંદર આવી ગઈ. તો એ વાત જો અંદર આવી ગઈ તો શેનો છેદ ઉડ્યો? કે બહારથી જે સુખ લેવાનો અભિપ્રાય હતો એનો છેદ ઉડ્યો. નિર્ણયમાં છેદ ઉડ્યો. એ વસ્તુનો નાશ (થયો). એને વિશ્વાસ ન રહ્યો. જાય છે ઉપયોગ. ભૂખ લાગે, તરસ લાગે, ગરમી લાગે, શરદી લાગે. ઉપયોગ બહાર જશે. વિશ્વાસ ઊડી ગયો. એનાથી શાંતિ થવાની વાત નથી. ખાધું માટે શાંતિ થઈ, પીધું માટે શાંતિ થઈ, ફલાણું થયું માટે શાંતિ થઈ, આમ કર્યું માટે શાંતિ થઈ, આમ કર્યું માટે સુખ થયું એ વાત ખલાસ થઈ. એ વાતમાં એને વિશ્વાસ નથી. વિશ્વાસ ગયો. વિશ્વાસ ગયો એણે ખરેખર વિશ્વાસ મેળવ્યો અહીંયાં. એક વિશ્વાસ મેળવીને બીજો વિશ્વાસ ગયો છે. ત્રિકાળી સત્‌ના વિશ્વાસમાં આવતાં અસત્‌નો જે વિશ્વાસ હતો એ અસત્ વિશ્વાસ ટળ્યો. ઓળખાણમાં બે વાત સાથે લીધી છે. બહુ મહત્ત્વની વાત લીધી છે. બારીકાઈથી કાળજીથી અધ્યયન કરવાનો વિષય છે. આ ગ્રંથ એવો છે.

હવે એ કહ્યું કે નહિતર એને જ્ઞાનબળ પ્રગટે નહિ. જો વિશ્વાસ ન આવે તો. નિજ અનંત સુખના ભંડારનો વિશ્વાસ ન આવે અને પ્રતીતિ ન આવે તો કોના બળે આગળ

વધશે? આમ જ છે એમ કેમ નક્કી થાય? કે એને ઓળખાણ થઈ ગઈ હોય તો. ઓળખાણ ન થઈ હોય તો એ જાતનું બળ ઉત્પન્ન થતું નથી. સ્થિર થાય છે. સમ્યગ્દર્શનમાં તો સ્થિર થાય છે. શ્રદ્ધા-જ્ઞાન-પરિણમવા ઉપરાંત સ્થિર થાય છે. તો શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક સ્થિરતા થાય છે. ક્યાંથી સ્થિર થયો? કે જ્ઞાન અને પ્રતીતિ બંને એક થઈ ગયા એટલે સ્થિર થયો છે. એમ ને એમ થયો નથી. એ તો નિર્વિકલ્પ છે ત્યાં. ત્યાં નિર્વકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ પ્રતીતિ અથવા સ્વસંવેદનરૂપ જ્ઞાન અને વેદન સહિતની પ્રતીતિ એ પૂર્વક સ્થિરતા થઈ. પણ ત્યાં સુધી પહોંચવું છે એનો પૂર્વક્રમ શું છે? અને એ પાછો નિયત પૂર્વ ક્રમ છે. એમ નથી કે અધ્ધરથી કોઈને સમ્યગ્દર્શન પ્રગટે છે. એવું નથી. એની આ વાત ચાલે છે.

જ્ઞાનલક્ષણ દ્વારા... એટલે તો ફરીને પ્રકરણ લીધું 'અમૃતચંદ્રાચાર્યદેવે'. સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન પ્રાપ્ત કરાવવાનો હેતુ ખરો. આ આખા ગ્રંથનો ઉપદેશ એ છે. પણ જ્ઞાનલક્ષણથી ઓળખીને. પક્ષાંતિક્રાંત થયો ત્યાં પણ એમ લીધું કે પ્રથમ તો શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરીને, નિશ્ચય કરવો. એ વાત લીધી. અહીંયાં એ વાત લીધી. ફરીને એ વાત ઉખાળી. લઈએ આપણે.

મુમુક્ષુ :- જ્ઞાન લક્ષણથી આત્માને ઓળખવો. ઉપયોગો લક્ષણમ્ જે કીધું તો એ જ્ઞાન-ઉપયોગ એટલે શું?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનગુણના પર્યાયને જ ઉપયોગ કહેવાય છે. જ્ઞાનગુણના પર્યાયને જ ઉપયોગ કહેવાય છે. બીજા કોઈ ગુણના પર્યાયને ઉપયોગ નથી કહેતા. એક જ્ઞાન અને દર્શન. દર્શનઉપયોગ અને જ્ઞાનઉપયોગ. ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ બેય ચૈતન્યગુણના ભેદ છે-દર્શન અને જ્ઞાન.

મુમુક્ષુ :- ઉપયોગ લક્ષણથી આત્માને પકડવો એમ ઘણી જગ્યાએ આવે છે. એ કઈ રીતે? બેય એક જ છે? ભાવમાં ફેર નથી ને? એટલું સ્પષ્ટ કરવા પૂછ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપયોગો લક્ષણં. ઉપયોગ એટલે અહીંયાં જ્ઞાનલક્ષણ. એમ એક જ વાત છે, બેય એક જ વાત છે. ઉપયોગ લક્ષણથી સદા ઉપયોગધારી ઉપયોગસ્વભાવી આત્મા આનંદની મૂર્તિ છે એમ એને વિશ્વાસ આવવો જોઈએ. નહિતર જ્ઞાન તો મેં જોયું પણ મારા સુખનું શું? આ પ્રશ્ન ઊભો રહેશે. મારે સુખ જોઈએ. ત્યાં એ જ્ઞાન પોતે જ સુખસ્વરૂપે છે. તો જ તેં જ્ઞાનને જોયું છે. નહિતર તને જ્ઞાનનું રૂપ જણાયું નથી એટલે કે જ્ઞાન ઓળખાયું નથી.

આ પ્રશ્ન અનેકાંતમાંથી ઉઠાવ્યો છે કે અનેક ગુણ અને અનેક ધર્મ આત્માને હોવા છતાં એને જ્ઞાનમાત્ર કેમ કહ્યો? એ અનેક ધર્મની વાત કરી લીધી. અનેક ધર્મની વાત

કરી ચૌદ કળશ પૂરા કર્યા. અનેકાંતનું પ્રકરણ ચર્ચીને. અનેકાંતની વાત તો બહુ સરસ કરી પણ પાછા જ્ઞાનમાત્રપણે આત્મા કહો છો. જ્ઞાનમાત્રપણે કહીને એમાં હેતુ શું છે?

જ્ઞાનમાત્રપણે કહીને લક્ષની પ્રસિદ્ધિ કરાવવાનો હેતુ છે. લક્ષણ પ્રસિદ્ધ છે. લક્ષણની પ્રસિદ્ધિ દ્વારા લક્ષની પ્રસિદ્ધિ કરવા માટે આત્માને જ્ઞાનમાત્રપણે વ્યપદેશ કરવામાં આવે છે. વ્યપદેશ એટલે કથન કરવું. વ્યપદેશ એટલે નામ પાડવું-સંજ્ઞા દેવી કે આત્મા જ્ઞાનમાત્ર છે. ચોખ્ખું કારણ પોતે ખુલ્લું કર્યું છે, પહેલાં જ પ્રશ્નના ઉત્તરમાં. '**લક્ષણની પ્રસિદ્ધિ વડે...**' એમ છે કે નહિતર અપ્રસિદ્ધ એવા સામાન્ય સ્વભાવને, અવ્યક્ત એવા, વ્યક્ત નથી, પર્યાય વ્યક્ત છે તો અવ્યક્ત એવા દ્રવ્ય સ્વભાવનું અનુમાન કરવું પડશે એને. જો એના વ્યક્ત લક્ષણથી એનો નિર્ણય ન થાય તો અનુમાન કરી કરીને એનો નિર્ણય કરવો પડે. આવો આત્મા હોવો જોઈએ... આવો આત્મા હોવો જોઈએ... આવો આત્મા હોવો જોઈએ.... આવો આત્મા હોવો જોઈએ. એમ નહિ. નજરે જો તું. તારા જ્ઞાનલક્ષણથી તું નજરે જો કે ઉપયોગ સ્વભાવ શું છે? જ્ઞાન સ્વભાવ શું છે? તો તને પ્રતીતિ આવશે. માણસ એમ કહે છે ને નજરેનજર જોયું હોય એમાં એટલો વિશ્વાસ આવે છે, જેટલો એ પ્રસંગની વાત કાને સાંભળી હોય પરોક્ષ પ્રત્યે એટલો વિશ્વાસ આવતો નથી.

અહીંયાં તો મુખ્ય તબક્કો એ છે, રસ ઉપજવાનો. પરિણામ ઉપર ત્રિકાળી સત્‌ની એવી છાપ પડે કે ભૂંસાય નહિ. એ એની પ્રત્યક્ષતા વગર, પ્રગટપણા વગર પ્રસિદ્ધિ વગર આવી શકે નહિ. અદ્ધર અદ્ધર ઊંડે ઊંડે ગુફામાં ક્યાંક આત્મા પડ્યો છે, આવો કાંઈક આત્મા અંદર ઊંડે ઊંડે પડ્યો છે, એમ બળ ન આવે કોઈ દિવસ. એની પ્રતીતિ ન આવે. પ્રતીતિ ન આવે તો બળ ન આવે. પ્રતીતિ એટલે ખાતરી. આવો જ છે અને બીજી રીતે નથી. એટલે પ્રસિદ્ધિ પ્રસિદ્ધિ શબ્દ વાપર્યો છે. લક્ષણની પ્રસિદ્ધિ વડે તે જ્ઞાનમાં લક્ષની પણ પ્રસિદ્ધિ થાય માટે આત્માને જ્ઞાનમાત્રપણે કહેવામાં આવે છે. વ્યપદેશ કરવામાં આવે છે એટલે કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જ્ઞેયો જ્ઞાનની પ્રસિદ્ધિ કરે છે. એ જરા વિસ્તારથી.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમાં શું છે કે તું જ્ઞેયને મુખ્ય કરીને જ્ઞેયને જોવા માગે છો તો તને જ્ઞાન નહિ જણાય. જ્ઞેય દ્વારા પણ તું જ્ઞાનને જ જો. જ્ઞેયથી પણ તું જ્ઞાનને જ જો. છે એ Indirect પદ્ધતિ. જ્ઞાનથી જ્ઞાનને જોવું તે Direct પદ્ધતિ છે એની સીધી. આ આડકતરી પદ્ધતિ છે. પણ જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે એનું શું? તો કહે છે, જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે એનાથી પણ તું જ્ઞાનને જ જોને કે કોની હયાતીમાં જણાયા? જ્ઞેયો જણાયા તો કોની હયાતીમાં જણાયા? જ્ઞાનની હયાતીમાં.

ચાલતા બોલમાં અસ્તિત્વની વાત લીધી. એક પ્રતીતિની વાત લીધી, બીજી અસ્તિત્વની વાત લીધી. બહુ મહત્ત્વનો મુદ્દો છે આ વિષયનો. ઓળખાણ એ કોઈ અદ્ધરની ચીજ નથી પણ નક્કર ભૂમિ છે, હસ્તિરૂપે જે નક્કર ભૂમિ છે એ નક્કર ભૂમિની એમાં પક્કડ આવે છે, એમાં એનો આધાર આવે છે. અસ્તિત્વ છે એ આધાર લેવાનો વિષય છે. એ આધાર ત્યાં વળી જાય છે. પોતાને અનાદિથી પોતાનો આધાર મળ્યો નથી. રાગનો અને રાગના વિષયનો આધાર લેવા ગયો છે પણ એ આધાર પણ મળી શકતો નથી એટલે હેરાન થવા સિવાય બીજું કાંઈ એની હાલત થઈ નથી. હેરાન થવાની હાલત થઈ. હવે એને આધાર મળી ગયો. મેરુ હલે તો હલે પણ મારો આત્મા હલે એવો નથી. એવી હયાતી છે મારી. એવા અસ્તિત્વની પકડ ત્યાં આવે છે. એ જ એને ત્યાં સંસ્કારનું કારણ થઈ ગયું. અસ્તિત્વગ્રહણ તે સંસ્કારનું કારણ.

'શ્રીમદ્જી'એ (એમ લીધું)... પૂર્વ પર્યાયનો વિષય લેવા છતાં એને અંગભૂત છે એમ લીધું છે. અસ્તિત્વનું અંગ છે એમ લઈ લીધું. કેમ કે જેમ અંગ વગરનો અંગી ન હોય, એમ આવા અસ્તિત્વના ગ્રહણ વિના કોઈવાર પણ એને સમ્યક્ત્વ હોય, સમ્યક્ત્વ અહીંયાં અંગી છે એ બની શકે નહિ.

મુમુક્ષુ :- અંતઃપાતિની શબ્દ આવે છે, એટલે શું?

પૂજ્ય ભાઈશ્રી :- ૪૭ શક્તિમાં આવે છે ને?

મુમુક્ષુ :- અંતઃપાતિની શબ્દ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે કાંઈ આધાર છે?

મુમુક્ષુ :- પ્રવચન રત્નાકર પ્રવચનમાં છે 'ગુરુદેવ'ના.

પૂજ્ય ભાઈશ્રી :- ૪૭ શક્તિમાં છે. અંતઃપાતિની અનંત શક્તિઓ પણ ઉછળે છે. જ્ઞાનમાત્ર ભાવમાં જ્ઞાનની સાથે અંતઃપાતિની અનંત શક્તિઓ ઉછળે છે. એમ વાત છે. અંતઃપાતિની એટલે એકસાથે અંદર પરિણમતી. એકસાથે અંદર પરિણમતી એમ લેવું છે. છેલ્લા ભાગના પ્રવચનો પ્રસિદ્ધ થયા છે. એમાં એક કળશ બહુ સારો છે. કયો નંબર છે એ યાદ નથી રહ્યું. છેલ્લા કળશોમાંથી છે.

મૂળમાં એ શબ્દ પડ્યો છે, મૂળમાં પડેલો છે. પ્રવચનમાં તો વારંવાર આવે છે પણ મૂળમાં એ શબ્દ પડેલો છે. ૪૭ શક્તિ તો પછી જ આવે છે ને? આના પછી તરત જ. ચર્ચા પછી તરત જ. અનંત શક્તિ ઉછળે છે એવો પણ અર્થ કર્યો છે. પડે છે એનો અર્થ ઉછળે છે એવો પણ કર્યો છે. મૂળ શબ્દ મળે ને તો ત્યાં શું કહેવા માગે છે એ (ખ્યાલ આવે).

(કળશ-૨૬૬). '**જે પુરુષો, કોઈ પણ પ્રકારે જેમનો મોહ દૂર થયો છે એવા થયા**

**થકા જ્ઞાનમાત્ર નિજભાવમય અકંપ ભૂમિકાનો (અર્થાત્ જ્ઞાનમાત્ર જે પોતાનો ભાવ તે-મય નિશ્ચળ ભૂમિકાનો) આશ્રય કરે છે, તેઓ સાધકપણાને પામીને સિદ્ધ થાય છે;...'**

**ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां**
**भूमिं श्रयन्ति कथमप्यपनीतमोहाः।**
**ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा**
**मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।।२६६।।**

'**પરંતુ જેઓ મૂઢ (-મોહી, અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ) છે, તેઓ આ ભૂમિકાને નહિ પામીને સંસારમાં પરિભ્રમણ કરે છે.**' એ શક્તિનું વર્ણન પૂરું કરીને કળશ લીધો છે.

મુમુક્ષુ :- શક્તિની શરૂઆતમાં.... પહેલી શક્તિની પહેલાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિઓ પહેલાં ને? '**જેમાં ક્રમ અને અક્રમે પ્રવર્તતા અનંત ધર્મો છે એવા આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે?**' એટલો પ્રશ્ન ઉઠાવી અને પછી એમાં જ છે. ઉત્તરમાં પહેલાં શક્તિ શરૂ કર્યા પહેલાં એટલી વાત છે. '**પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણત એક જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે...**' પાછું એક જ્ઞપ્તિ સાથે લ્યે છે. પરસ્પર ભિન્ન. એકબીજાથી એકબીજા ધર્મ ભિન્ન છે. '**(એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણત જ્ઞપ્તિમાત્ર ભાવરૂપે પોતે જ હોવાથી)...**' એટલે કે પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણમેલી જે એક જાણનક્રિયા એ જાણનક્રિયા માત્ર ભાવરૂપે પોતે જ હોવાથી '**આત્માને જ્ઞાનમાત્રપણું છે. માટે જ તેને જ્ઞાનમાત્ર એકભાવની અંતઃપાતિની (-જ્ઞાનમાત્ર એક ભાવની અંદર પડનારી અર્થાત્ જ્ઞાનમાત્ર એક ભાવની અંદર આવી જતી-) અનંત શક્તિઓ ઊછળે છે.**' આ શબ્દ છે આની અંદર.

'**अत एवास्य ज्ञानमात्रैकभावान्तःपातिन्योऽनन्ताः शक्तयः उप्लवन्ते**' આટલું સંસ્કૃત છે. એકદમ શબ્દ પ્રમાણે એની વાત છે. શક્તિનું વર્ણન શરૂ કર્યા પહેલાં એટલું વિવેચન છે આચાર્ય મહારાજનું. પછી પહેલી શક્તિ શરૂ કરશે. જ્ઞાનમાત્ર એક જ્ઞક્તિમાત્ર ભાવમાં અનંત શક્તિઓ અંદર ઊછળે છે. લક્ષણભેદે પરસ્પર ભેદ હોવા છતાં કોઈને પ્રવેશભેદ નથી. એક જ પ્રદેશે, એક જ પિંડમાં, એક જ ક્ષેત્રમાં અનંતે અનંત શક્તિઓનો ધોધ ઊછળે છે-ધોધ પડે છે. ધોધને શું કહે છે તમારે હિન્દીમાં? પાણીનો ધોધ પડે એને. ધોધમાર વરસાદ કહે છે અમારે. આ ગેરસપ્પાનો ધોધ છે કે નહિ? Water fall. ધોધને હિન્દીમાં શું કહે તમારે? ધોધમાર શબ્દનું હિન્દી શું? ફરીને 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'

હિન્દીનું પુનરાવર્તન આવૃત્તિ છાપવાનું ચાલે છે. એમાં ચર્ચામાં ધોધમાર શબ્દ આવે છે. ધોધમાર. ઈ તો હિન્દી-ગુજરાતી Mix બોલતા હતા. ધોધમાર શબ્દનું હિન્દી નથી. પણ ધોધ એટલે આ જે પાણી પડે છે જોરથી, ઊંચેથી પાણી જોરદાર પડે એને ધોધ કહે છે.

મુમુક્ષુ :- ધોધ શબ્દ છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે શબ્દ? હિન્દી શબ્દ છે. આ ભાઈ ના પાડે છે. Dictionary માં નથી. Dictionary તો જોઈને આવ્યા. Dictionary માં નથી. એટલે તો ભાષામાં નથી એમ કહે છે ને.

મુમુક્ષુ :- 'સોનગઢ'માં છે હિન્દી Dictionary.

પૂજ્ય ભાઈશ્રી :- છે, આપણે છે, આપણે વસાવેલી છે. વીતરાગ ટ્રસ્ટમાં અનુવાદો કરવા માટે બધી અંગ્રેજી Dictionary, હિન્દી Dictionary, ગુજરાતી Dictionary, સંસ્કૃત Dictionary બધી વસાવી છે.

અનંત શક્તિઓ ઊછળે છે. લક્ષણભેદ હોવા છતાં પ્રદેશ ભેદ નથી. '**આત્માના એક પરિણામમાં બધાય ધર્મોનું પરિણમન રહેલું છે. તેથી આત્માના એક જ્ઞાનમાત્ર ભાવની અંદર અનંત શક્તિઓ રહેલી છે. માટે જ્ઞાનમાત્ર ભાવમાં-જ્ઞાનમાત્ર ભાવસ્વરૂપ આત્મામાં...**' જ્ઞાનમાત્ર ભાવમાં એટલે જ્ઞાનમાત્ર ભાવ સ્વરૂપ આત્મામાં '**અનંત શક્તિઓ ઊછળે છે. તેમાંની કેટલીક શક્તિઓ નીચે પ્રમાણે છે.**' પહેલી જીવત્વશક્તિ લીધી છે. જીવને જીવવાનો બહુ પ્રેમ છે અને મરવું કોઈને નથી. આ પહેલી જ જીવત્વશક્તિ લીધી છે. તારે જીવવું છે ને? તું અનાદિઅનંત જીવતો છો. લહેર કર તું. ક્યારેય મરવાનો પ્રશ્ન તારે માટે નથી. પહેલી જ શક્તિ અમરપદની Tablet છે. સીધો અમર થઈ જાય. એક શક્તિ જ્યાં હાથમાં આવે ત્યાં આખો આત્મા હાથમાં આવે. અમરપદની પ્રાપ્તિ થાય. ઓળખવાનું પ્રકરણ તો વિસ્તારવાળું છે. સ્વરૂપ નિશ્ચય ઉપર ત્રીજું પ્રકરણ એના વિસ્તાર ઉપર જ લખ્યું છે. (નિર્ભ્રાંત દર્શનની કેડીએ).

આમાં આચાર્ય મહારાજે એ વાત લીધી છે કે લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષની પ્રસિદ્ધિ કરવા માટે આત્માનો વ્યપદેશ કરીએ છીએ. આત્માનું જ્ઞાન લક્ષણ છે. કારણ કે જ્ઞાન આત્માનો અસાધરણ ગુણ છે. માટે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેના લક્ષની એટલે આત્માની પ્રસિદ્ધિ થાય છે. હવે એ વાત પ્રસિદ્ધ પ્રસિદ્ધ જે વાત લે છે, તો લક્ષણને પ્રસિદ્ધ કરવું છે. લક્ષણને પ્રસિદ્ધ કરવું હોવાને લીધે જેને પ્રસિદ્ધ કરવું છે એવું તે પ્રસાધ્યમાન્યત્વ તેનું માત્ર કથનમાં વિભાગ કર્યો છે. અમે એમ કહીએ છીએ કે ત્યાં

સ્વભાવ છે. અભેદની ચર્ચા કરી છે. લક્ષ-લક્ષણનો વિભાગ કહેવામાત્ર છે. કેવી રીતે છે?

જ્ઞાન પ્રસિદ્ધ છે. અહીંયાં એક બહુ માર્મિક વાત છે. '**જ્ઞાન પ્રસિદ્ધ છે, કારણ કે જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે.**' જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે. સિદ્ધપણું છે એટલે એને સિદ્ધ કરવાની જરૂર નથી. જ્ઞાન પ્રસિદ્ધ છે. સારી રીતે પ્રસિદ્ધ છે. કારણ કે જ્ઞાનમાત્રમાં સ્વસંવેદન રહ્યું છે. એમ કરીને શું બતાવ્યું? કે જ્ઞાનમાં જ્ઞેયાકારોવાળું જ્ઞાન એવું મારે જ્ઞાનનું સ્વરૂપ તમને નથી બતાવવું. કેમકે એ તો જ્ઞાનનું બહિરંગ છે-બાહ્ય અંગ છે. આત્માનું અંતરંગ છે-જ્ઞાનનું જે અંતરંગ છે એ તો સ્વસંવેદનરૂપ છે. અ` એ એનું મૂળ સ્વરૂપ છે. મૂળ સ્વરૂપ ઓળખવું છે. કેવું છે ? કે તે સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે. સ્વસંવેદનથી એને સિદ્ધપણું છે. બીજી રીતે જ્ઞાનનું સિદ્ધપણું નથી.

ભલે જ્ઞાન એવું નામ જ્ઞેયપરક છે. જ્ઞાન એવું નામ જ્ઞેયપક છે. 'અનુભવપ્રકાશ'માં એ વાત લીધી 'દિપચંદજી'એ જ્ઞાન કોને કહીએ? તો કહે જ્ઞેયને જાણવાને યોગ્ય છે તેને જ્ઞાન કહીએ. જ્ઞેય જ્ઞાતું યોગ્યં ઈતિ જ્ઞાનં. એને જ્ઞાન કહીએ. જ્ઞેયપરક નામ છે. જ્ઞેયને જાણે તે જ્ઞાન. અહીંયાં એ વાત નથી લેવી. ઓળખાણ કરવામાં તો જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે. અમે સ્વસંવેદનથી ઓળખવા માગીએ છીએ. જ્યાં સુધી તને તારું વેદન નહિ પકડાય ત્યાં સુધી તારી તને હયાતી હાથ નહિ આવે એમ કહેવું છે. (ચાલતા બોલમાં) અસ્તિત્વની વાત લીધી છે ને ઓળખવામાં. એ હયાતી કોઈ અદ્ધરથી વિચાર કરવાની ચીજ નથી. વેદનથી હયાતી પકડવાની વાત છે. એ સ્વસંવેદનથી સિદ્ધપણું છે એ વાત પણ આચાર્ય મહારાજે લક્ષ-લક્ષણના આત્માને ઓળખવાના પ્રકરણમાં નાખી છે.

સામાન્ય રીતે શાસ્ત્ર ભણશે એ દલીલ એમ કરશે કે સ્વસંવેદન તો સમ્યગ્દર્શનના કાળમાં થાય અને અહીંયાં તો ઓળખવાનું પ્રકરણ ચાલે છે. તો કહે છે, જ્ઞાનમાં જ્ઞાનવેદન નિત્ય છે, સદાય છે. વેદકતાનો એનો જે સ્વભાવ છે એનો ત્યાગ કદી જ્ઞાન કરતું નથી. કરી શકતું પણ નથી. આ એનું સ્વરૂપ છે. એટલે સિદ્ધપણું છે એમ લઈ લીધું છે. સિદ્ધ કરવું છે એમ વાત નથી. સિદ્ધ જ છે. એને સિદ્ધપણું જ છે. જ્ઞાનને સિદ્ધપણું જ છે. તો શેનાથી સિદ્ધપણું છે? સ્વસંવેદનથી સિદ્ધપણું છે. એ વાત લીધી છે. અથવા જ્ઞાન સર્વ પ્રાણીઓને. એમ ન લીધું કે માત્ર સંજ્ઞી પંચેન્દ્રિયને કે માત્ર ઓળખાણ કરવાવાળાને. જ્ઞાન સર્વ પ્રાણીઓને સ્વસંવેદનરૂપ અનુભવમાં આવે છે. અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અબાળગોપાળને અનુભવમાં આવી રહ્યો છે. ૧૭-

૧૮ ગાથા સંધિ લીધી. '**તે પ્રસિદ્ધ એવા જ્ઞાન વડે...**' જેને પ્રસિદ્ધ કરવામાં લાવવો છે એવો જે સ્વભાવ એ તદ્-અવિનાભૂત છે. એ જ્ઞાનની સાથે તો જડાયેલી ચીજ છે સ્વભાવ તો. એ '**અનંત ધર્મોના સમુદાયરૂપ મૂર્તિ આત્મા છે.**' અનંત ધર્મોની એક મૂર્તિ છે તે આત્મા છે. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં અનંત ગુણ. જ્યાં જ્યાં જ્ઞાનનો ઉપયોગ ત્યાં ત્યાં અનંત ગુણની પર્યાય. એવી રીતે જ્ઞાન લક્ષણ દ્વારા આત્મા ઓળખાય છે. જાણન લક્ષણ દ્વારા આત્મા ઓળખાય છે. 'પરમાગમસાર'નો ૨૨મો બોલ.

'પરમાગમસાર' ૨૨માં બોલમાં એ વાત લીધી કે આત્મા જ્ઞાનલક્ષણ વડે ઓળખાય છે એ કેવી રીતે? એ જાણનલક્ષણ (દ્વારા). બહુ સાદી ભાષા લીધી છે 'ગુરુદેવે' તો. જાણનલક્ષણ... જાણનલક્ષણ... એમ કરીને કહે છે. જાણન પર્યાય અને જાણન ગુણ સ્વભાવ લઈ લીધો. એવા લક્ષણ વડે આત્માને જાણી શકાય છે એ એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. જ્યાં જ્યાં જાણન પર્યાય છે ત્યાં ત્યાં બીજી અનંતી પર્યાય છે. જ્યાં જ્યાં જાણન ગુણ છે ત્યાં ત્યાં બીજા અનંતા ગુણ છે. આ જે અનંત ધર્મોના સમુદાયરૂપ મૂર્તિ આત્મા છે તેનો જ ખુલાસો છે. ત્યાં ત્યાં અનંત ગુણ છે અને તે આત્મા છે એમ નિશ્ચય કરવો જોઈએ. આ નિશ્ચય કરવાની વાત છે. વિષયને ચારે પડખેથી બહુ સ્પષ્ટ કર્યો છે.

મુમુક્ષુ :- જ્ઞેય જણાતાં જ્ઞાનની જ પ્રસિદ્ધિ થાય છે. એવું લેવું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞેયો જણાતા ખરેખર તો જ્ઞાનની (પ્રસિદ્ધિ થાય છે). કોની હયાતીમાં જ્ઞેયો જણાયા? કોની હયાતીમાં? આ ક્રોધ થયો એમ જાણ્યું કોણે? એની પર્યાયમાં ક્રોધ થયો એ જાણ્યું કોણે? જ્ઞાને. એટલે જેમ ઘટપટ આદિ દિવાને પ્રકાશે છે એ ન્યાય છઠ્ઠી ગાથાનો છે. ટીકામાં લીધું છે. ઘટપટાદિ ઘટપટને પ્રકાશતા નથી પણ દિવાને પ્રસિદ્ધ કરે છે-જાહેર કરે છે, એમ જ્ઞેયો જણાય છે એમ તું કહે છે એ તારા જ્ઞાનને જાહેર કરે છે. એમ લઈ લીધું સીધું. એ Indirect પદ્ધતિ છે. (અહીં સુધી રાખીએ...)

## તા. ૧૨-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૭૮
## પ્રવચન નં. ૨૧૭

**'જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે,...'** **'અંદરથી અસ્તિત્વને ખ્યાલમાં લે...'** એટલે ઉપર ઉપરના વિકલ્પથી પોતાની હયાતી સ્વીકારે, ન્યાયથી, તર્કથી, વિચારથી મારી હયાતી છે, હું હયાત છું, હું હાજર છું એમ નહિ. પોતાના જ્ઞાન સામાન્યના વેદનથી હયાતી ભાસે અથવા લાગે. ઉપરનો જે .. વિષય લીધો છે ત્યાંથી લાગવાની વાત શરૂ થઈ. તાપ લાગ્યો હોય, તૃષા લાગી હોય, પિપાસા જાગી હોય એવા શબ્દનો પ્રયોગ કર્યો છે. વિચાર આવવો અને જરૂરત લાગવી, બે વચ્ચે અંતર છે. જરૂરત લાગે છે જ્યારે જરૂરિયાતનો વિષય પ્રાપ્ત ન થાય તો આકુળતા અને બેચેની થાય છે. જ્યારે વિચારની ભૂમિકામાં માત્ર જીવ વિચાર કરીને અટકી જાય છે અથવા વિચાર કર્યો એનો એને સંતોષ થાય છે કે હું આત્માના વિચાર કરું છું. જેને આત્મશાંતિની જરૂરત લાગે છે એને શાંતિ ન મળે તો ઉલટાનું એમ લાગે છે કે વિચાર કર્યો તેથી શું મળ્યું? મારી શાંતિ મને મળતી નથી. એટલે એ લાગવું છે એ અંદરથી વાત છે અને માત્ર વિકલ્પ વિચાર થવો એ ઉપર ઉપરની વાત છે.

ઉપર ઉપરના વિચાર વિકલ્પમાં અથવા વિકલ્પમાત્રમાં અનુભવ કરવાની શક્તિ નથી. વિકલ્પ આત્માનો અનુભવ ન કરી શકે. એટલે એ વાત જેના ખ્યાલમાં છે એને વિકલ્પથી સંતોષ થતો નથી કે વિકલ્પ તો કર્યો ને, વિચાર તો કર્યો ને. એમાં એને સંતોષ નથી. કેમ કે એ પહેલેથી ખ્યાલમાં છે કે વિકલ્પમાં અનુભવ કરવાની શક્તિ નથી. અનુભવ કરશે એ તો જ્ઞાન સીધું વિકલ્પની આડ તોડીને, વિકલ્પની આડ તોડીને, વિકલ્પનો આધાર છોડીને પોતે જ પોતાના સ્વભાવનો અનુભવ કરશે.

હવે અહીંયાં જે આત્માની પ્રતીત કરવાની વાત છે એમાં પણ દૃષ્ટાંતથી કોઈ વ્યક્તિની ઓળખાણ કરવાની હોય તો એ વ્યક્તિને જોયા વિના ગમે તેટલો તેનો વિચાર કરવામાં આવે તો કાંઈ ઓળખાણ ન થઈ જાય. નજરે જોવે કે આ વ્યક્તિ ફલાણી છે પછી એને એ વ્યક્તિની ઓળખાણ થવામાં ભૂલ પડતી નથી. એમ ગમે તેટલો આત્માનો વિચાર કર્યા કરે એટલે ઓળખાણ થાય કે આત્માનું વર્ણન કર્યું છે એવા ગ્રંથનું વાંચન કર્યા કરે એટલે ઓળખાણ થાય એમ નથી.

જ્યાં આત્મા છે, જ્યાં જ્યાં આત્મા છે ત્યાં ત્યાં જ્ઞાન છે. જ્યાં જ્યાં જાણન લક્ષણ એવું જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. (પરમાગમસાર-૨૨) બોલ આપણે લીધો

હતો. જ્યાં જ્યાં જાણન પર્યાય છે ત્યાં આત્માના અનંત ગુણની પર્યાય છે. જ્યાં જ્યાં જાણન ગુણ છે ત્યાં ત્યાં બીજા અનંત ગુણો છે. એ બધું મળીને એક આત્મા છે. તો અહીંયાં જ્ઞાનલક્ષણથી આત્માને ઓળખો એમ કહો કે જ્ઞાનસ્વરૂપી આત્માને ઓળખો એમ કહો, એ લક્ષણ (શબ્દ) સ્વરૂપના અર્થમાં શાસ્ત્રમાં અનેક જગ્યાએ વાત લીધી છે. જ્ઞાનસ્વરૂપી છે એમ કહો કે જ્ઞાનલક્ષણવાળો છે.

જ્ઞાનમાં પ્રસિદ્ધપણું છે પણ જ્ઞેયથી જ્ઞાનથી પ્રસિદ્ધપણું છે એમ નહિ વિચારતા અહીંયાં જ્ઞેય તરફના વિષયને દુર્લક્ષ કરી જ્ઞાનમાત્રથી આત્મા ઓળખવો છે એટલે એમાં એકલું જ્ઞાન લેવું છે. એકલા જ્ઞાનનો અને જોવું છે. જેમ કોઈ વ્યક્તિનો વિચાર નથી કરવો પણ ઓળખવા માટે તે વ્યક્તિને જોવી છે, એમ અહીંયાં જ્ઞાનલક્ષથી આત્માના જ્ઞાનસ્વભાવને જોવાનો છે. વિચાર કરવું અને જોવું એમાં ફરક છે. શાસ્ત્રભાષાએ જોવાને અવલોકન કહે છે. જોવું એટલે અવલોકવું.

હવે પ્રયોજન અનુભવ કરવાનું છે. અનુભવ કરવાનું પ્રયોજન છે તો જ્ઞાનમાં શેનો અનુભવ થાય છે? બાહ્ય દૃષ્ટિ જીવો અનાદિથી એમ સ્વીકારી રહ્યા છે કે જ્ઞાનમાં જ્ઞેયોનો અનુભવ થાય છે. ઠંડીનો, ગરમીનો, ખારાનો, ખટાશનો એવો અનેક પ્રકારે અનુભવ થાય છે. એ ના પાડે છે અહીંયાં કે કોઈને અન્ય પદાર્થનો અનુભવ ન થઈ શકે. અન્ય પદાર્થનું પ્રતિબિંબ જ્ઞાનમાં સ્વચ્છતાને કારણે, અન્ય પદાર્થને કારણે નહિ, સ્વચ્છતાને કારણે એટલે કે અન્ય પદાર્થને કારણે નહિ પણ જ્ઞાનની સ્વચ્છતાને કારણે એટલે કે જ્ઞાનના સ્વભાવને કારણે પ્રતિબિંબ પડી શકે. પણ સ્વચ્છતાને કારણે અનુભવ થઈ શકે એમ નહિ. જોવાનું, તપાસવાનું, અવલોકન કરવાનું એટલું અહીંયાં રહે છે કે તો પછી જ્ઞાનમાં અનુભવ કોનો છે? અનુભવ કોનો છે? જો જ્ઞાનમાં જ્ઞાનનો અનુભવ નથી તો જ્ઞાનમાં અનુભવ કોનો છે? આ એણે વિચારીને નહિ પણ જોઈને નક્કી કરવું, અવલોકન કરીને નક્કી કરવું પડે છે. જો જ્ઞાન પોતાના નિજ અવલોકનમાં આવે તો, જ્ઞાનમાં કોનો અનુભવ છે એનો અર્થ છે શું? કે જો જ્ઞાન પોતાના નિજ અવલોકનમાં આવે તો એને આત્માની પ્રતીત થાય. જોઈને પ્રતીત થાય. અવલોકનથી જોઈને પ્રતીત થાય કે ખરેખર હું જ્ઞાનસ્વરૂપી છું. હું જ્ઞાનસ્વરૂપી છું એવું વિચારથી નક્કી થશે ત્યાં સુધી એને ઓઘસંજ્ઞા કહે છે. ત્યાં સુધી એને ઓઘસંજ્ઞા છે. પછી ભલે ગમે તેટલો વિચાર કર્યો હોય પણ જોયા વિના એની પ્રતીતિ આવશે નહિ.

સ્વભાવ જોવામાં જોતા જોતા-જ્ઞાનને જોતા જોતા જ્ઞાનનો જો સ્વભાવ જોવામાં આવે તો તે સ્વભાવ અતીન્દ્રિય છે, એ સ્વભાવમાં પ્રત્યક્ષપણું છે. એ સ્વભાવમાં કોઈ ભેદ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયથી નિરપેક્ષ, દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદથી નિરપેક્ષ છે. એ

બધું જેવું આત્માનું સ્વરૂપ છે એવું એને ભાસ્યમાન થશે. અનુભવ તો આગળ જતા થશે.

અહીંયાં ઓળખાણ થવામાં ભાવભાસન થાય છે. જેવો સ્વભાવ છે એવા સ્વભાવનું ભાવભાસન વારંવાર જ્ઞાન સામાન્ય, એકલા જ્ઞાનને જોવાના પ્રયત્નથી, જ્ઞાનને માત્ર એકલા જ્ઞાનથી જોવાના વારંવારના પ્રયત્નથી-વારંવારના અવલોકનના પ્રયાસથી એને ભાવ ભાસે કે હું આત્મા આવો છું. એ જોઈને જે ભાવ ભાસે છે ત્યારે એને પ્રતીતિ આવે છે, વિશ્વાસ આવે છે કે ખરેખર મારા અનંત જ્ઞાન સામર્થ્યમાંથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. પ્રતીતિનો વિષય એ છે કે જ્ઞાન જ્ઞાનથી ઉત્પન્ન થાય છે. જ્ઞાન જ્ઞાનના આધારે જ રહેલું છે અને જ્ઞાનને જ્ઞેયનો બિલકુલ આધાર નથી.

અનાદિ મિથ્યાદૃષ્ટિ સર્વ જીવોને જ્ઞેયના આધારે જ્ઞાન છે આ પ્રતીતિ પડી છે. આવી પ્રતીતિ પડેલી છે. એટલે જ્ઞેયને લઈને હું એટલે અન્ય બીજા પદાર્થને લઈને હું, આ વાત એને પરિભ્રમણનું કારણ છે. એને કોઈ રીતે પરપદાર્થની આધારબુદ્ધિ જ્યાં સુધી છૂટે નહિ ત્યાં સુધી એમાં હુંપણાની પ્રતીતિ પણ છૂટે નહિ અને ત્યાં સુધી કોઈ રીતે એ સંબંધીના પરિણામને એક સમય માટે બંધ કરી શકાય નહિ, અટકાવી શકાય નહિ. આ મૂળનું કાર્ય છે.

જ્ઞાનલક્ષણથી આત્માની ઓળખાણ કરવી એ સમ્યક્ત્વનું અંગ કહ્યું. 'શ્રીમદ્જી' એ અસ્તિત્વનું ગ્રહણ એ સમ્યક્ત્વનું અંગ કહ્યું. એનો અર્થ કે સમ્યક્ત્વ ઉત્પન્ન થવાનું મૂળ કારણ છે. જેમ જ્ઞાનમાં જ્ઞાનની પ્રતીતિ આવે છે, એમ જીવને સુખનું પ્રયોજન હોવાથી આત્મા સુખસ્વભાવી છે અને મારું સુખ મારામાં છે. મારું સુખ મારામાં છે એટલું નહિ પણ મારું અનંતુ સુખ મારામાં છે એવી પણ પ્રતીતિ આવે છે. એ પ્રતીતિ અનાદિની ઊંધી પ્રતીતિથી વિપરીત છે. મારું સુખ શરીરમાં છે, મારું સુખ અનુકૂળતાઓમાં છે, મારું સુખ કોઈ પણ પદાર્થમાં છે એ વાત પછી ક્યાંય ઊંડે પણ રહેતી નથી.

વિચાર કરે છે ત્યાં સુધી કે આત્મામાં સુખ આત્મામાં છે અને સુખ પરમાં નથી, જડમાં નથી ત્યાં સુધી ઊંડે ઊંડે રહી જાય છે કે સુખ બીજે છે. ઊંડે ઊંડે રહી જાય છે. અને ઊંડે ઊંડે રહી જાય છે એની ખાતરી શું? કે એની ખાતરી એ છે કે એને પરપદાર્થમાં સુખનો અનુભવ થાય છે, સુખ એને લાગે છે. કોઈને કોઈ પરપદાર્થમાં એને સુખ લાગે છે. એ એને સુખની પ્રતીતિ છે માટે લાગે છે. પ્રતીતિ બદલાય તો એનો અભિપ્રાય બદલાઈ જાય છે અને એને સુખ આત્મામાં છે એની પ્રતીતિ સિવાય આ પ્રતીતિ બદલવાનો કોઈ બીજો રસ્તો નથી.

પોતાનું નિરાકુળ લક્ષણ સુખ આકુળતા જેમાં નથી એવું પોતાનું અનંત સુખ પોતામાં છે અને જેમ નજરે જોઈને કોઈની પ્રતીતિ આવે છે એમ જેને સુખભંડાર જાણે કે નજરે જોયા, ભાસ્યમાન થયો એટલે જાણે કે નજરે જોયો એને એ સુખનો અનુભવ કરવાનો પુરુષાર્થનો ઉપાડ પણ કોઈ ચૈતન્યના સ્વભાવમાંથી ઉપાડ આવે એ જાતનો આવે છે. અહીંથી પરિણામની જાતનો ફેર પડે છે.

'**ખ્યાલમાં લે...**' એનો અર્થ એ છે કે ભાવભાસન કરજે. વિચાર કરે છે એને પણ ચાલુ ભાષામાં ખ્યાલ કરે છે એમ કહેવાય છે કે આનો ખ્યાલ કરું છું, મને આનો ખ્યાલ હવે આવ્યો, મને આનો ખ્યાલ આવ્યો એમ વિચારતા વિચારતા જાણે કે ખ્યાલ આવતો હોય એવો વ્યવહારમાં ખ્યાલનો રૂઢિવાચક અર્થ છે. એ વાત અહીંયાં નથી. અહીંયાં ખ્યાલમાં લે એટલે કે અસ્તિત્વને ખ્યાલમાં લે એટલે અસ્તિત્વનું એને ગ્રહણ થાય–ભાવભાસન થાય કે મારું અનંત ગુણમય અસ્તિત્વ મારી હયાતીમાં અનંત ગુણમય મારું સ્વરૂપ, હયાત સ્વરૂપ આવું છે. એવું એને ભાસે છે, ભાવ ભાસે છે અને ભાવ ભાસે છે '**તો તેને જ્ઞાયકતત્ત્વ પ્રગટ થાય.**' જો ભાવ ભાસે છે તો તેને જ્ઞાયકતત્ત્વ પ્રગટ થાય છે.

બીજું, કે સર્વ સમાધાનનો ભંડાર આત્મસ્વરૂપ હોવાને લીધે અહીંથી એની અસમાધાન વિષયક વૃત્તિ બંધ થાય છે. એ પહેલાં એને અનેક જગ્યાએ અસમાધાન થતું હોય, એના વિચારો, એના ન્યાયો એ બધા પ્રકાર ચાલે છે. ... જિજ્ઞાસાની પણ પૂર્તિ કરવાની બાકી રહે કે મારું સ્વરૂપ કેવું હશે? મારું સ્વરૂપ કેવું હશે? પ્રયોજભૂત-અપ્રયોજભૂત વિષયની વહેંચણી તો પહેલા કરી લીધી છે. એટલે અપ્રયોજનભૂત વિષયની જિજ્ઞાસાને એ જીવ લંબાવતો નથી. તે જ જીવ સ્વરૂપ સંશોધનમાં આગળ વધી શકે છે. જેને અનેક પ્રકારના અપ્રયોજનભૂત વિષયોની જિજ્ઞાસા લંબાય છે ત્યાં સુધી એની મતિ વ્યવસ્થિત નહિ થઈ હોવાને લીધે નિર્ણયની દિશામાં એનો પ્રયત્ન થતો નથી. એ તો એક બોલમાં પોતે એ માર્ગદર્શન આપ્યું છે કે ગમે તેવા અપ્રયોજનભૂત વિષયમાં પ્રશ્ન અને તર્કો લંબાવાથી મતિ અવ્યવસ્થિત થઈ જશે. મતિને વ્યવસ્થિત કરીને એનો અર્થ કે એવું નહિ કરીને નિર્ણયની દિશામાં એટલે કે તારું સ્વરૂપ કેવું છે, તારા સ્વરૂપ વિષેના પ્રયોજનને જ લક્ષમાં રાખીને મતિને વ્યવસ્થિત કરી છે. એને અપ્રયોજનભૂત વિષયની અંદર ઉપયોગને ડહોળવાનો પ્રશ્ન ઉત્પન્ન થતો નથી.

એટલે જ્યારે જીવ જ્ઞાનમાત્રને વારંવારના અવલોકનના પ્રયત્નથી, ઉગ્ર પ્રયત્નથી એમ લેવું, પ્રયત્નમાં ઉગ્ર પ્રયત્ન છે, ઉગ્ર જિજ્ઞાસા છે અને એ જિજ્ઞાસા જ્યાં સુધી સંતુષ્ટ ન થાય, ત્યાં સુધી એને કોઈ રીતે બેચેની મટતી નથી. એવી બેચેની ઉત્પન્ન

થાય (કે) બેચેની મટે નહિ. ચાલુને ચાલુ રહે. એવી બેચેની ઉત્પન્ન થાય છે કે ઓળખાણ થતાં એની સમાપ્તિ થાય, ત્યાં સુધી એ સમાપ્ત ન થાય.

એક નવો તબક્કો શરૂ થાય છે કે એને પોતાના અનંત સામર્થ્યનો ખ્યાલ આવતાં-ભાવ ભાસતા એને કોઈના આધારની જરૂર નથી એવું એ પુરુષાર્થનું પરિણમન ત્યારથી શરૂ થાય છે. એટલે અસમાધાનનો મુખ્ય વિષય તો મિથ્યાત્વ અવસ્થામાં એ રહે છે બધું જાણ્યા પછી પણ, આગમ અધ્યાત્મના વિષયો જાણવા મળ્યા પછી પણ એક અસમાધાનનો મુખ્ય વિષય આ છે કે આત્માનો ખ્યાલ તો કર્યો, ખ્યાલ તો આવ્યો પણ પુરુષાર્થ કેમ કરવો? એ અસમાધાન રહે છે. આત્માનો ખ્યાલ તો આવ્યો પણ અંતર્મુખ કેમ થવું? અંતરમાં વળવું કઈ રીતે? આ જે મહત્ત્વનો જે Problem છે, મહત્ત્વની જે સમસ્યા છે એનો ઉકેલ ઓળખાણ થયા સિવાય કોઈ રીતે સંભવે નહિ. એક ઓળખાણ જ એ સમસ્યાનો ઉકેલ છે, એનું સમાધાન છે. કેમ કે સર્વ સમાધનનો ભંડાર એવો આત્મા કેવો છે? જેવો છે એવો આવો હું. આવો મહાન હું. એવું એના ઉપરનો મહિમાયુક્ત જે વજનવાળું પરિણમન છે એ જ અંદરમાં ઢળવાનું કારણ છે.

જ્યાં જે બાજુ વજન હોય એ બાજુ એ વળે. આ તો સર્વસામાન્ય ગુણ છે પરિણામનો. તો એનું બધું વજન બધી જગ્યાએથી ઊઠી જઈને એક જ વિષય ઉપર આવ્યું કે આવું સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ આવું મહાન છે એટલે સર્વોત્કૃષ્ટ મહાન, સર્વોત્કૃષ્ટ શાંતસ્વરૂપ, સર્વોત્કૃષ્ટ સુખસ્વરૂપ આવું અનંત ગુણ સંપન્ન મહાન મારું સ્વરૂપ છે એના ઉપર એનું વજન ગયું. વજન ગયું (એટલે) એનો આધાર લેવાની ભીંસ ઉત્પન્ન થઈ. અકષાય સ્વભાવ ઉપરની ભીંસવાળું પરિણમન ઉત્પન્ન થયું એની 'ગુરુદેવશ્રી'એ ચૈતન્યવીર્યની સ્ફુરણા કહી છે. ચૈતન્યવીર્ય. જેમ જેમ ભાવભાસન થતું જાય તેમ તેમ ચૈતન્યવીર્યની સ્ફુરણા ઉત્પન્ન થાય છે. એ બોલ લીધો છે. (પરમાગમસાર-૨૩૬).

**'જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય...'** એટલે જ્ઞાનબળ **'વધતું જાય છે.'** પુરુષાર્થ જોડાણો જ્ઞાન સાથે. વિચારમાં પુરુષાર્થ હજી ઉત્પન્ન નથી થયો. વિચાર કરે, વિકલ્પ કરે, ખ્યાલ કરે એમાં હજી પુરુષાર્થ નથી. વિચાર કરવાવાળાને તો પુરુષાર્થ કેમ કરવો એ સમસ્યા છે. આત્માને જાણ્યો તો ખરો કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને અનંત ગુણસ્વરૂપ છે, દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો છે પણ પુરુષાર્થ કેમ કરવો? અંતર્મુખ કેમ થવું? એ પ્રશ્ન, સમસ્યા ત્યાં ઊભી રહે છે. અહીંયાં એમ કહે છે કે જો જ્ઞાનમાં ભાવભાસન થાય છે અને એ ભાવભાસન વધતું જાય છે કે વિષય વધારે જ્ઞાનમાં સ્પષ્ટ થતો જાય છે. ભાસનમાં સ્પષ્ટ

થતો જાય છે '**તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે.**' તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે-બળ વધતું જાય છે. અહીંયાં જ્ઞાનનું સામર્થ્ય એટલે ત્રિકાળી જ્ઞાન નહિ પણ જ્ઞાનબળ વધતું જાય છે. '**અને એ વધતા જતા જ્ઞાનસામર્થ્ય વડે...**' એ જે જ્ઞાનબળ વધ્યું તેના વડે '**મોહ શિથિલ થતો જાય છે.**' દર્શનમોહ છે એનું બળ તૂટતું જાય છે. એ શિથિલ થાય એટલે એનું બળ તૂટતું જાય છે.

'**જ્ઞાન જ્યાં સમ્યક્‌પણે પરિણમે છે ત્યાં મોહનો સમૂહ નાશ પામે છે.**' ત્યારે એ જ્ઞાન સામર્થ્ય આગળ વધીને જ્યાં સમ્યક્‌પણે પરિણમન થયું એટલે અનુભવ થયો ત્યાં તો પછી મોહ રહેતો નથી. '**માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી.**' એ અહીંયાં સિદ્ધ કર્યું છે.

'**પહેલાં આ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ.**' (પરમાગમસાર બોલ-૨૧૦). અહીંયાં 'પૂજ્ય બહેનશ્રી'એ પ્રતીતિ શબ્દ વાપર્યો છે. અહીંયાં પહેલાં શ્રદ્ધા શબ્દ વાપર્યો છે. શ્રદ્ધા અને રુચિ બેય શબ્દ વાપર્યો છે. જ્ઞાન અને લક્ષ એ જ્ઞાનનો વિષય છે. જ્ઞાન અને શ્રદ્ધા બેયનું પરિણમન પહેલેથી જ ભૂમિકામાંથી મેળવાળું થાય છે. જ્યારે નિર્ણય થાય છે ત્યારે શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવે છે એમ લેવું છે. એ આવવું જોઈએ, એ તબક્કામાં પ્રવેશ થવો જોઈએ. '**તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફુરણા ચાલ્યા કરે,...**' જ્ઞાનબળ વધતું જાય એમ કહો કે એના પુરુષાર્થગુણમાં, વીર્યગુણમાં સ્વભાવ સન્મુખની સ્ફુરણા, ચૈતન્યવીર્યની સ્ફુરણા ઉત્પન્ન થાય. '**આ સમ્યક્ પહેલાની વાત છે. આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય જ નથી.**' એ વાત ૨૧૦ બોલમાં કરી છે.

મુમુક્ષુ :- આ જે શ્રદ્ધાની વાત અહીંયા કરી એ સમ્યગ્દર્શનની શ્રદ્ધા? એ પહેલાની?

પૂજ્ય ભાઈશ્રી :- એ પહેલાની જે પ્રતીતિની વાત લીધી. શ્રદ્ધાને પ્રતીતિ કહેવાય છે. એ પ્રતીતિ એટલે શું? કે વિશ્વાસ ઉત્પન્ન થવો. શ્રદ્ધા, જ્ઞાન, રુચિ પ્રતીતિ એ જ્ઞાનમાં ઉત્પન્ન થયેલી વાત છે. એટલે પંચાધ્યાયીકારે એને જ્ઞાનની પર્યાય ગણી છે. 'પંચાધ્યાયી'માં શાસ્ત્રકારે સમ્યગ્દર્શનન પહેલાંનો વિષય થોડો ચર્ચ્યો છે. શાસ્ત્રકાર અજ્ઞાત છે. કોઈ 'રાજમલજી'નું અનુમાન કરે છે. ખબર નથી. ત્યાં શ્રદ્ધા, રુચિ, પ્રતીતી આ બધી જ્ઞાનની પર્યાયો ...

એકવાર 'ગુરુદેવશ્રી'ને પ્રશ્ન કર્યો હતો કે જ્ઞાનની પર્યાય કેમ કહી? તો કહે, અહીંયાં જ્ઞાન ઓળખાણ કરે છે. જ્ઞાનની મુખ્યતામાં વિશ્વાસ જ્ઞાનમાં આવે છે. એને જ્ઞાનમાં

રુચિ થાય છે કે આ મારું સુખસ્વરૂપ, જ્ઞાન સુખસ્વરૂપી છે એમ જ્ઞાનમાં સુખની રુચિ થાય છે. એટલે જ્ઞાનની પર્યાયમાં (લીધા છે).

એટલે અહીંયાં પ્રતીતિ શબ્દ લીધો છે. એ પુરુષાર્થનો કોયડો ત્યાં ઊભો નથી રહેતો. હું કેવો છું, એ જિજ્ઞાસાનો પ્રશ્ન પણ ત્યાં સમાપ્ત થાય છે. એને પોતાનું અસ્તિત્વ છે એનું ગ્રહણ થાય છે અથવા ભાવ ભાસે છે. પુરુષાર્થ ઉપડે છે. એ પુરુષાર્થ વૃદ્ધિગત થાય છે. જેમ જેમ વૃદ્ધિગત થાય છે તેમ તેમ રાગનું બળ તૂટતું જાય છે. જ્ઞાનનું અથવા આત્મબળ વધતું જાય અને એક એવો સમય, એવી ક્ષણ આવે છે કે જેમાં પ્રત્યક્ષ અનુભવ પણ થાય છે. એ સહજ છે.

કોઈ વિકલ્પ એ પહેલાં હોય કે મને હવે અનુભવ થાય તો જલદી અનુભવ થાય, મને હવે જલ્દી અનુભવ થઈ જાય એવો વિકલ્પ પણ ત્યાં પહેલાં નથી રહેતો. કેમ કે એનું વજન એકલું ત્રિકાળી સત્ પર ગયું, અસ્તિત્વ ઉપર ગયું. જોર ત્યાં જાય છે. અનુભવની પર્યાય એમાં સહેજ પ્રગટ થાય છે.

બીજું, એક પર્યાય અને બીજી પર્યાય વચ્ચે વ્યતિરેકપણું છે. શાસ્ત્રમાં એને જુદાપણું કહ્યું છે. વ્યતિરેક એટલે જુદાપણું. એથી કોઈ પણ એક પર્યાય બીજી પર્યાયને ઉત્પન્ન થવાનું કારણ નથી. વ્યવહારકારણ બતાવ્યું તો પણ એક પર્યાય બીજી પર્યાયને ઉત્પન્ન કરવાનું કારણ નથી. તેથી પહેલાનો વિકલ્પ બીજી પર્યાયને ઉત્પન્ન કરી દે અથવા પહેલાની પર્યાયના વિકલ્પ અનુસાર બીજી પર્યાય થવી જોઈએ એવું પણ બીજી પર્યાયને બંધન નથી. એ સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. અથવા પ્રત્યેક પર્યાયમાં આત્મા પોતે સ્વતંત્રપણે કાર્ય કરી રહ્યો છે. પરિણામનો નિયમ એટલો કે લક્ષને અનુસરીને પરિણામ થાય. અહીંયાં જ્યાં આત્માને ખ્યાલમાં લીધો ત્યાં એને આત્માનું લક્ષ પણ બંધાય ગયું. આ લક્ષ બંધાવા માટે બધી વાત શાસ્ત્રમાં કરી છે. 'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં 'શ્રીમદ્જી'એ (લીધું), 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' બધા શાસ્ત્રો આ લક્ષ થવા માટે કહ્યા છે. જો આત્માનું લક્ષ થાય તો આત્મા પ્રગટપણે અનુભવગોચર થાય. લક્ષ બીજાનું હોય, આત્મા સિવાયનું લક્ષ એટલે અનાત્માનું લક્ષ. એ સ્વ અને પરની રીતે બે જ વિભાગમાં પદાર્થો રહેલા છે. એક વિભાગ સ્વનો, એક વિભાગ બીજા બધા પરનો. જો સ્વનું લક્ષ હોય તો પરનું ન હોય, પરનું હોય એને (સ્વનું હોય નહિ). બેય એકસાથે હોય નહિ. એક હોય તો બીજાનું હોય નહિ. પછી પરિણામની ચાલ લક્ષ અનુસાર હોવાથી જેના લક્ષમાં આત્મા આવ્યો છે એને એનો અનુભવ થશે. એને એનો અનુભવ થશે કે નહિ થશે એ પણ પ્રશ્ન નથી. એને એનો અનુભવ થશે, થશે ને થશે જ.

... મોક્ષ કરવો એવો અવકાશ ... નથી. અથવા મારામાં મોક્ષ પ્રગટ કરવો, મારા

મૂળ સ્વરૂપમાં મોક્ષ પ્રગટ કરવો એ તો મારા સ્વરૂપ વિષેની જ ભ્રાંતિ છે, બીજું કાંઈ નથી. 'શ્રીમદ્જી'એ ઉપદેશ નોંધમાં એક જગ્યાએ લીધું છે કે સાચો મુમુક્ષુ, ખરેખરો મુમુક્ષુ મોક્ષની ઈચ્છા કરે નહિ. 'આત્મસિદ્ધિ'માં કહ્યું કે મોક્ષની અભિલાષા હોય છે. સૂત્ર એ બાંધ્યું કે પૂર્ણતાને લક્ષે, પૂર્ણ શુદ્ધિના લક્ષે એટલે મોક્ષના લક્ષે શરૂઆત થાય છે. છતાં પણ લક્ષનો વિષય ત્રિકાળી આત્મા છે. લક્ષનો વિષય એક સમયની મોક્ષની પર્યાય નથી.

એટલે એને અનુભવ અને મોક્ષ થવો એ ગૌણતાએ, ગૌણતાનો વિષય છે. એ એને કોઈ મુખ્યતાનો વિષય રહેતો નથી. જે પોતે જ પરિપૂર્ણ છે પોતાના સ્વરૂપથી એવું જ પોતાના પૂર્ણ સ્વરૂપનો પોતાને ભાવ ભાસી ગયો છે કે આવું જ મારું સ્વરૂપ છે પછી અનુભવ થવો એ બધી વાત ગૌણ થઈ જાય છે ત્યારથી. એટલે ત્યારથી ગૌણ થતી વાત અનાદિના પર્યાયના એકત્વને શિથિલ કરે છે. જેમ એક પુરુષાર્થ કરવાનો કોયડો છે, એવો જ એક બીજો કોયડો છે એક સમયની પર્યાયમાં એકત્વ થવાનો. કેમ કે એનો એને કોઈ ઉપાય જડતો નથી એને કે એક સમયની જે વર્તમાન વેદનવાળી પર્યાય છે એમાં હુંપણું થઈ રહ્યું છે એ કેમ ઉપાડી લેવું.

એકત્વ થઈ રહ્યું છે તો બુદ્ધિને કેમ મટાડવી? એ એક બહુ મોટો કોયડો છે. જે કાંઈ વિચાર કરે એની પાસે બીજું સાધન નથી. જે કાંઈ વિકલ્પ આવે, બધામાં એકત્વ થઈ જાય. પર્યાય રહિત ત્રિકાળી દ્રવ્ય હું છું એવો વિચાર કરે પણ એમાં જ એકત્વ થાય એનો શું ઉપાય? અહીંથી એનો ઉપાય છે કે જે અસ્તિત્વનું ભાવભાસન થાય છે એ અસ્તિત્વમાં એને વર્તમાન પર્યાય નથી એવું અસ્તિત્વનું ભાવભાસન થાય છે. એટલે એનું વર્તમાન પરિણામ ઉપરથી પહેલું વજન ઊઠે છે, એનું વજન જવા લાગે છે પર્યાય રહિત ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ ઉપર. એ પહેલાં એનું એકત્વપણું શિથિલ થાય છે અને સાક્ષાત અનુભવમાં એ પર્યાયનું એકત્વ બંધ થઈ જાય છે, ઉઠી જાય છે અને ત્યારથી પર્યાયની એકત્વબુદ્ધિ મટીને દ્રવ્યમાં એકત્વ સ્થપાય જાય છે.

એટલા માટે પરીક્ષાબુદ્ધિમાં આ એક મહત્ત્વનો પ્રશ્ન થાય છે કે કોઈ જીવે એમ કહે કે મને આત્માનો આનંદ છે અને આત્માની શાંતિ છે. બરાબર છે. એને પૂછીએ કે આત્માની શાંતિ અને આત્માના આનંદને અને મનની શાંતિ અને મનના આનંદ વચ્ચે તફાવત શું છે? ફેર શું? અને મનની કલ્પના નથી થઈ ગઈ એની ખાતરી શું? ઘણાંને એવો ભ્રમ થાય છે કે અનુભવ ન થયો હોય એને અનુભવ થયો હોવાનો ભ્રમ થાય છે મને અનુભવ થઈ ગયો છે. મને તો આત્માની શાંતિ આનંદનો અનુભવ થયો. તો એ આનંદનો અનુભવ નહોતો કે હતો? એની કાંઈ પરીક્ષા થઈ શકે? એ વાતનો કોઈ

નિર્ણય કરી શકે? હા, કરી શકે.

જેને રાગ રહિત સ્વભાવ અને પરિણમન અનુભવગોચર થયું એને રાગ ભિન્ન ભાસ્યો. એને ત્યારથી રાગની ભિન્નતા થઈ ગઈ. તો જેને આનંદનો અનુભવ થયો એને રાગની ભિન્નતા પ્રત્યક્ષ છે અને જેને માત્ર મનની શાંતિ થઈ એને તો કષાયની મંદતાવાળા રાગનો અનુભવ થયો છે એકત્વબુદ્ધિએ, એને રાગ જુદો જણાતો નથી. એટલે કોઈ વાર એ વિષયને સ્પષ્ટ કરવા માટે જ્ઞાની ત્યાં સુધી એ વાતને લે છે કે જેમ ભીંત જુદી દેખાય એમ એને રાગ પોતાથી જુદો દેખાય છે. આ ભીંત છે, એ કાંઈ આત્મા નથી. આ ભીંત છે એ કાંઈ આત્મા નથી. એ તો પત્થરની ચણેલી છે. એમ રાગ મારાથી જુદો છે. રાગ ભલે પરિણામનો અંશ હોવા છતાં એ મારામાં નથી અને હું એનામાં નથી. એવો ભિન્નપણાનો અનુભવ થાય છે અને રાગમાં આકુળતા છે, જેટલો છે એમાં એટલી આકુળતા છે. જ્ઞાનમાં એટલે આત્મામાં આકુળતા નથી, એમાં શાંતિ છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે કષાયની બહુ મંદતા થાય, ચંચળતા ઘટે, વિચાર કરતાં કરતાં વિકલ્પ પણ સ્થૂળ ન રહે, એકદમ અંતરજલ્પના સૂક્ષ્મ વિકલ્પ થાય તો ત્યાં શાતા તો ઘણી ઊપજે છે. એ શાતા-અશાતા નામની વેદનીની પ્રકૃતિના પર્યાયો છે એમાં ત્યાં વેદનીનો જે ઉદય છે એ અત્યંત શાતાનો ઉદય હોય છે. પણ જેનું લક્ષ આત્મા ઉપર છે અને જેને આત્માને ઓળખ્યો છે એને ભ્રમણા નથી. બે જીવને શાતા ઉત્પન્ન થાય છે. જેને અનુભવ નથી થતો એને પણ શાતા ઉત્પન્ન થાય છે. જેને અનુભવ ઉત્પન્ન થાય છે એને પહેલાં શાતા તો ઉત્પન્ન થાય જ છે. કેમ કે એ તો નિરાકુળ સ્વભાવ પ્રત્યે પરિણમન એકદમ કષાયની મંદતાવાળું થઈ જાય એટલે શાતા તો ઊપજે. જેમ કષાયની મંદતા એમ પરિણામમાં આકુળતાનો પારો નીચો. એને શાતા લાગે. પણ એ શાતાનો અનુભવ તે આત્માની શાંતિ નથી. એ તો પુદ્‌ગલ પ્રકૃતિનો સ્વાદ છે. એવો ભેદ કોણ પાડે? કે જેણે એકલા જ્ઞાનથી જ્ઞાનસ્વભાવને જોયો હોય એને. ઓળખ્યો હોય એને. ઓળખ્યો ન હોય તો ભ્રાંતિ થાય. બે સરખા ચહેરાવાળા માણસો હોય એમાં ઓળખાણ હોય તો એની આંખ મળે તો તરત ખબર પડે કે આ જાણીતા ભાઈ છે, આ અજાણ્યા છે. કેમકે અજાણ્યાને ભાવ ઓળખાણનો નહિ આવે. ઓલાને ઓળખાણનો આવશે કે અરે..! તમે ક્યાંથી? એ ઓળખી જાય છે. એને ઓળખાણનો સવાલ જુદો છે.

એમ અહીંયાં રાગને રાગ સ્વરૂપે ઓળખ્યો છે. અનાત્મભાવે ઓળખ્યો છે.

જ્ઞાનને આત્મભાવે ઓળખ્યો છે એટલે એને ભ્રમ નથી થતો. અથવા એને આનંદ ઉત્પન્ન થયો છે. એને ભેદજ્ઞાનના પ્રયત્નના ફળ સ્વરૂપે ઉત્પન્ન થયો છે. એટલે ઠેઠ સુધી આનંદ ઉત્પન્ન થવાની પૂર્વ ક્ષણ સુધી અંદરમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગથી ભેદ પડવાનો, ભિન્ન પડવાનો એનો પ્રયત્ન ચાલુ છે. અને ભિન્ન પડી ગયો કે અનુભવ થયો. તો એણે ભિન્ન પડવા માટે એનાથી જુદો એનાથી જુદો એ હું નહિ... એ હું નહિ... એ હું નહિ... ભેદજ્ઞાનમાં એ એના રાગના કણ ઉપરનો નિષેધ વર્તતો જ હોય છે તો એને રાગમાં ભ્રાંતિ નથી થતી કે આ હું. જ્યારે પેલો જે માત્ર વિકલ્પ કરે છે પણ જેને ભેદજ્ઞાન નથી. ચાવી તો ભેદજ્ઞાનની છે, અનુભવની ચાવી તો ભેદજ્ઞાન છે. એને તો ભેદજ્ઞાન ચાલતું નથી એટલે એ વિચાર કરતો કરતો આવો આત્મા... આવો આત્મા કલ્પનાએ ચડેલો છે એમાં એને શાતા વધે છે. એને એમ થાય કે મને આનંદ આવે છે, શાંતિ થઈ ગઈ, આત્માનો આનંદ થઈ ગયો એવો એને ભ્રમ થાય છે. પણ એને રાગ જુદો ભાસતો નથી અને પેલાને તો બે ફાડ થઈ ગઈ.

'ગુરુદેવ' એ વાતને વધારે સ્પષ્ટ કરતા એમ કહેતા કે જેમ કોઈ પર્વત ઉપર વીજળી પડે અને બે ફાડ થઈ જાય વચ્ચે ખીણ ઊભી થાય એના રેણ ન હોય. પર્વતને સાંધવાના રેણ ન હોય જગતમાં, એમ રાગ અને જ્ઞાન ઉપર જેને ભેદજ્ઞાનની વીજળી પડી, છીણી પડી એને જ્ઞાન અને રાગ સંધાય નહિ. ઓલાને શાંતિ આવી છે પણ હજી રાગનું એકત્વ વર્તે છે. એ રાગને જુદો નથી ભાળતો. આ તો પ્રત્યક્ષ રાગને જુદો જ ભાળે છે. એટલે ૧૪૪ ગાથામાં પણ આચાર્ય મહારાજે જે પક્ષાંતિક્રાંત રૂપ અનુભવ લીધો છે એમાં નિશ્ચયનયનો પક્ષ છોડાવીને, વિકલ્પ છોડાવીને, નયપક્ષ તે વિકલ્પ છે, રાગનો પક્ષ, વિકલ્પનો પક્ષ એ છોડાવીને ઉપર તરતો, આખા વિશ્વથી ઉપર તરતો, ઉપર તરતો એટલે જુદો પડી ગયો આખા જગતથી. એ જુદો પડ્યો એટલે એકત્વને એણે તોડ્યું.

એટલે પરિણામમાં થતું એક સમયનું એકત્વ કેમ તોડવું એ સમસ્યા નિર્ણય થયા પછી એ સમસ્યા નથી. કાર્ય બાકી છે તોપણ એ સમસ્યા નથી કેમકે એ એકત્વ તોડવાના માર્ગમાં, ઉપાયમાં એ આગળ વધતો જાય છે. ત્રિકાળી ઉપરનું એનું જે જોર, એના લક્ષમાં આવેલું જે સ્વતત્ત્વ એના ઉપરનું જોર એ જોરને લઈને એમાં એકત્વ થઈ જશે અને આ એક જ સિદ્ધિનો ઉપાય છે, બીજો કોઈ સિદ્ધિનો ઉપાય નથી.

પર્યાયનું એકત્વ તોડવા માટે પર્યાયમાં તરજોડ કરે (તેથી કાંઈ) એકત્વ નથી તૂટતું. પણ ત્રિકાળીના મહિમામાં ડૂબી જતા, સાક્ષાત્ સિદ્ધપદસ્વરૂપ પોતે પરમાત્મપદ છે એમાં ડુબી જતાં એકત્વ છૂટી જાય છે, તૂટી જાય છે પછી એકત્વ થતું નથી. એનું રેણ

નથી પછી. એકત્વ તૂટ્યું એનું રેણ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલેથી જ આત્મા ઓળખાણો જ નથી. જ્ઞાનમાત્રથી જે આત્મા ઓળખાવો જોઈએ એ આત્મા ઓળખાયો નથી. પહેલેથી એટલા માટે તો અહીંયાં એ વાત જ્ઞાનલક્ષણથી આત્માને ઓળખવાની પહેલાં કેટલીક વાત લીધી છે એ ભૂમિકાની લઈ લીધી છે કે આમ Line ચાલી છે? જેમ ઉનાળામાં પર્વતની ટોચ ઉપર તાપ લાગ્યો હોય અને પાણી વગર તડફડતો હોય એમ આત્માની જિજ્ઞાસામાં, આત્માની શોધમાં એ તરફડવાનું શરૂ થયું છે? તરફડવાનું બન્યું છે? આ Process માં તને આ કાર્ય ભજ્યું છે? તો વાત તારી ભૂમિકાની યોગ્ય છે. હવે તને જ્ઞાનલક્ષણથી આત્મા ઓળખવાનો વિષય ચાલશે. કેમકે એ પાત્રતાનું ... એની ઉત્કૃષ્ટ પાત્રતા છે. પાત્રતાના ભેદ પાડીએ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટમાં તો અહીંયાં જે જીવને તીવ્ર પીપાસા જાગી છે, તીવ્ર તૃષા લાગી છે અને તરફડે છે હવે પોતાના સ્વરૂપની શાંતિ વિના કે સ્વરૂપના અનુભવ વિના એને ઉત્કૃષ્ટ પાત્રતા છે. નહિતર તો શાસ્ત્ર વાંચીને બુદ્ધિના ઉઘાડવાળા આત્મા સુધી પહોંચી જાય.

અહીંયાં એ પ્રકારની Line જ નથી. આ Line આ જાતની છે. ભલે ઓછામાં ઓછો ઉઘાડ હોય, તિર્યંચ પણ પામે છે એનું આ કારણ છે. આ અંદરની Line છે અને ઓલી બધી બહારની Line છે. જેટલા ઉઘાડમાં આગળ વધે છે એ બહારમાં આગળ વધે છે. 'રાજમલજી'એ તો એક જગ્યાએ એવું લીધું છે કે બહુ વિકલ્પ કરે આત્માના એટલે આત્મા પ્રાપ્ત થાય નહિ. એ તો વિકલ્પમાં આગળ વધ્યો. બહુ વિકલ્પ કરીને શેમાં આગળ વધ્યો? વિકલ્પમાં આગળ વધ્યો. નિર્વિકલ્પ આત્મામાં વધવાનું છે. વિકલ્પમાં આગળ વધવાની વાત નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને મુખ્ય લક્ષણ પુરુષાર્થ ઉત્પન્ન થવો ઈ. ચૈતન્યવીર્યની સ્ફુરણા થાય. ભાવભાસન થયા પહેલા કઈ સ્થિતિ હતી? કે મારો આત્મા કેવો એની જિજ્ઞાસા, એની પિપાસા. તો ભાવભાસન થયું તો જિજ્ઞાસાનો વિષય ત્યાં પૂરો થયો કે હું કેવો? કે હું આવો. એને ખબર પડે છે. જ્યાં સુધી પોતાને ઓળખ્યો નથી ત્યાં સુધી પોતે કેવો? એ એક જિજ્ઞાસાનો પ્રશ્નચિહ્નનો વિષય હતો. Matter in question કે હું કેવો? Matter એટલે પોતાનો આત્મા. ઈ એક પ્રશ્નચિહ્નનો વિષય હતો કે હું કેવો? અહીંયાં સર્વસમાધાનના ભંડારનું ભાવભાસન થયું છે. હું કેવો એ પ્રશ્ન ઊડી ગયો.પછી પુરુષાર્થ શરૂ થઈ ગયો. જેટલો પુરુષાર્થ તીવ્ર એટલો અનુભવ નજીક. એમાં તીવ્ર મંદતા

હોય છે ખરી. એમાં તીવ્ર મંદતા હોય છે ખરી. એટલે કોઈને ભાવભાસન પછી કલાકોમાં અનુભવ થાય છે તો કોઈને દિવસો લાગે છે તો કોઈને બે-ચાર મહિના પણ લાગી જાય છે. છ મહિના તો એની ઉત્કૃષ્ટ મર્યાદાની આવી ગઈ. જે છ મહિનાની વાત શાસ્ત્રમાં આવે છે કે તું છ મહિના સુધી આત્માનો પ્રયત્ન કર પાડોશી થઈને. તને અનુભવ થશે. એ ૨૩મા કળશમાં વાત કરી એ ઉત્કૃષ્ટ મર્યાદાની વાત છે.

કેમકે એ પુરુષાર્થ એવો ઉપડે કે બહુ જલ્દી એને અનુભવ થઈ જાય. પછી તો અનાદિના સુખ માટે ઝાવા નાખતો એનો પુરુષાર્થ પોતામાં જ સુખનો ભરેલો ભંડાર જોવે એ કેટલોક દૂર રહે? એક દુકાળીયો માણસ હોય એને મિષ્ટાનનું ભાણું આપી દ્યો. પેટમાં ખાડો મણનો પડ્યો હોય એવી ભૂખ લાગી હોય કડકડતી અને ભરેલું મિષ્ટાન હોય એને ખાતા વાર કેટલી? એ તો ઝપટ જ મારશે એના ઉપર. જોટ મારીને લેશે. ધીમે ધીમે નહિ ખાય. આ પુરુષાર્થ એ જાતનો છે. એ એણે જોયું કે મારું અનંત સુખનું આખું દળ છે. ચૈતન્યદળ છે એ સુખનું જ દળ છે આખું. એવી એને પ્રતીત આવી ગઈ. અસ્તિત્વ પકડી લીધું. એને .. વાર ન લાગે. કોઈને કલાકોમાં અનુભવ થઈ જાય છે. કોઈને દિવસો પણ લાગે છે. બહુ શિથિલ પ્રયત્ન હોય છે. ઘણો શિથિલતાવાળો પુરુષાર્થ હોય તો એને મહિનાઓ લાગે. મહિનાઓ લાગે. દિવસો લાગે ત્યાં સુધી ઠીક છે. ઉગ્ર ગતિવાળા તો 'સોગાનીજી'એ સાંભળ્યું કે જ્ઞાન અને રાગ જુદા છે. કલાકોમાં અનુભવ કર્યો. કોઈને દિવસો લાગી જાય છે. મહિનાઓ લાગી જાય છે. પણ એ મહિનાઓ એટલે ઘણાં મહિનાઓ એમ વાત નથી. મહિના-બે મહિનામાં તો ... છ મહિના તો એની શિથિલતાની ઉત્કૃષ્ટ હદ ગણી. એમ છે. અહીંયાં એને પ્રગટ થાય છે એ વાત છે. થશે કે નહિ થાય એ વાત નથી. એ ઓળખાણ કરવાના વિષયમાં (સ્પષ્ટીકરણ છે).

મુમુક્ષુ :- પોતાને અનુભવ થયો કે ન થયો એ ખબર પડી જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- અસંખ્ય પ્રદેશેથી અનુભવ આવે અને કેમ ખબર ન પડે? અથવા જેને અપૂર્વ આનંદ કહેવામાં આવે છે, જે આત્માએ કદી અનુભવ્યો જ નથી એવો આનંદ કહેવામાં આવે છે. પોતાનું સિદ્ધપદ પોતે પરમેશ્વરપદે છે. પોતાના પરમાત્મપદનો સાક્ષાત્ એકેન્દ્રિય અપરોક્ષ અનુભવ વર્તે એને ખબર પડવા, નહિ પડવાનો શું પ્રશ્ન છે? અંધારું હતું, ઘોર અંધારું હતું એમાં Search light થઈ. કોઈ એમ કહે કે અંધારું ગયું અને અંજવાળું થયું એ સમજાવો તો? ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ ઘણા માની લે છે. એ ભૂલ થાય છે. એને નિઃશંક ન હોય,

એ નિઃશંક ન હોય. આની નિઃશંકતા જુદી હોય છે. જે સાક્ષાત્ અનુભવ છે એની નિઃશંકતા જુદી હોય છે. એની નિઃશંકતા, એની નિર્ભયતા જુદી હોય છે. એ નિઃશંકતા ન આવે. જ્યાં કલ્પના થઈ ગઈ હોય એમાં નિઃશંકતા ન આવે. કેમકે એને એક સમયની પર્યાયનો આધાર, આણે ત્રિકાળી ધ્રુવનો આધાર લઈ લીધો છે. બહુ મોટો ફરક છે. ઉલટો-સુલટો. મોટો એટલે? ઉલટો-સુલટો ફરક છે. એકે નિત્યનો આધાર લીધો છે, એકે અનિત્યનો આધાર લીધો છે. એક સમ્યક્ત્વના રસ્તે છે, એક મિથ્યાત્વના રસ્તે છે. એ નિઃશંક ન હોય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મંદ કષાયનું વેદન તો છે. વેદક સ્વભાવી આત્મા છે એને મંદ કષાયનું તો (વેદન છે જ). રાગને વેદી જ રહ્યો છે, રાગને એકત્વપણે વેદી જ રહ્યો છે. એને એક સમયની જે કષાયની મંદતા છે એમાં હુંપણું રહી જાય છે. આને તો એમ છે કે આનંદ પ્રગટ્યો તોપણ એક સમયની પર્યાય તે હું નહિ. એમ આવે. ઓલાને આનંદમાં સર્વસ્વ મનાય છે. આને એક સમયની પર્યાય તે હું નહિ એમ આવે છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન હો ગયા તો ક્યા હો ગયા?

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શન થઈ ગયું તો શું થઈ ગયું? કાંઈ નહિ. હજી તો અનંતુ બાકી છે. બધો ખ્યાલ રહે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તદ્દન ઉલટું-સુલટું જ છે. એકને નિત્યનો આધાર છે એકને અનિત્યનો આધાર છે. બહુ મોટો ફેર છે, ઘણો ફેર છે. મોટાભાગના એવા માણસોને તો વિચારમાં પણ વિષય સ્પષ્ટ નથી હોતો. એમ ને એમ ઓઘે ઓઘે ચાલ્યું જાય. આ તો પ્રશ્ન કર્યો છે. આ વિષય સ્પષ્ટ જ ક્યાં હતો. વિષય ક્યાં સ્પષ્ટ હતો અને આટલું માથું પણ કોણ મારે? હજી આજે આટલો વિષય સ્પષ્ટ થયા પછી નિર્ણયના વિષયની એટલી ચર્ચા આજે હજી ક્યાં છે? સમાજના સ્તર ઉપર, ... સ્તર ઉપર નિર્ણયની ચર્ચા નથી. સામાન્ય રીતે એમ સમજે કે નિર્ણય થાય એને અનુભવ થાય. કેવો નિર્ણય? કે એમાં એ વિષયનો ભ્રમ તો નથી થતો ને? એની ચોખવટ અને કેટલી ચર્ચા. ...

પોતાને પોતાના પરિણામની ઓળખ આવવી જોઈએ. શબ્દ તો શબ્દ છે પણ એને વાચ્ય તો પોતાના પરિણામ છે એ એનો ભાવ ભાસવો જોઈએ. વાચ્ય ભાસવું જોઈએ. તો એને ખ્યાલમાં આવે કે આમાં આમ છેતરામણ થાય, આમ છેતરામણ ન થાય. આમ ભૂલ થાય, આમ ભૂલ ન થાય. બહુભાગ તો એ ચર્ચા નહિ હોવાથી, એ

ચર્ચાતો નહિ હોવાથી બહુ વિચારાતો પણ નહિ હોય, વિચારાય તો ચર્ચાય ને? ઓઘે ઓઘે માની લે. વિચાર કરે, વાંચન કરે, કોઈ ધ્યાન કરે એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરે એમાં કષાયની મંદતા ઊભી થાય તો માની લ્યો કે અનુભવ થઈ ગયો.

ત્યાં તો ખરેખર મિથ્યાત્વ તીવ્ર થયું. મંદ થયું નહિ, કષાય ભલે મંદ થયો. આત્માનો વિચાર કરતા કરતા કષાય મંદ થઈ ગયો ત્યાં. મિથ્યાત્વ તીવ્ર થયું. કેમ? જ્યાં ભ્રાંતિ છોડવાની હતી ત્યાં જ ભ્રાંતિ થઈ. એ દર્શનમોહની તીવ્રતા થઈ. હોય એટલે આખી પરિસ્થિતિ ઊલટી થઈ ગઈ. મોટો વિપર્યાસ ઊભો થયો. દર્શનમોહ તીવ્ર થયો એનો અર્થ શું? કે મોટો વિપર્યાસ ઊભો થયો. સામાન્ય વિપર્યાસ નથી. ઉલટાનું એ ... આપણે હમણાં એક લેખ છપાઈ ગયો. પ્રયોજન સિદ્ધિ. એમાં એ વિષય વધારે ચર્ચ્યો છે. દર્શનમોહનો જ એકલો વિષય ચર્ચ્યો છે. લગભગ ૬૦-૭૦ Point છે. એ વિષય ચર્ચ્યો છે.

મુમુક્ષુ :- આપણે ગુરુવારે લેવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુવારે રાતમાં Link તૂટી જાય. સવારમાં જ લેશું. ૨૭૮ થયો. એમાં પણ છેલ્લે એ વાત લીધી છે. છેલ્લી લીટી જુઓ! '**પહેલા વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલા પાકો નિર્ણય આવે છે.**' છે? નિર્ણયના વિષયમાં જુદાં જુદાં દૃષ્ટિકોણથી, પાસાથી, પડખાથી અનેક બોલમાં વાત આવી છે. અહીંયાં પણ પૂર્વપર્યાયમાં વિધિરૂપ વિષય કેવો હોય છે? એના કેટલાક પડખા લીધા છે. જેને વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ દશાનું કાર્ય આવે છે એ સંબંધીની પહેલા કેવી વિધિ હોય, વિધિ એટલે કાર્યપદ્ધતિ. બોલનો વિષય છે એમાં શરૂઆત જ એમ કરે છે.

**વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે. તેમાં 'આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું' તે પણ વિકલ્પ જ છે; તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે, 'હું જુદો. હું આ જ્ઞાયક જુદો' એવું નિરંતર ઘૂંટણ રહે. તે પણ સારું છે. પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલા વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલા પાકો નિર્ણય આવે છે.**

૨૭૯.

**'વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે.'** જોયું! ઉડાડી કિંમત સીધી. મોટા ભાગના તો મુમુક્ષુ ભલે કહેવાય પણ એને આત્માના વિચાર મંથન ચાલતા નથી. બહુભાગ તો આ પરિસ્થિતિ છે. બીજા જીવોની તો ચર્ચા કરવાનો પ્રશ્ન નથી. કારણ કે જગત સંયોગની પાછળ દોડ લગાવી છે. આ તો જગતના જીવોનો .. પણ જેને જન્મ-મરણનો અંત કરવો છે એવો વિષય કોઈ અસાધારણ પુણ્યયોગે જેને સાંભળવા મળે છે, વિચારવા મળે અને જેની કોઈ કિંમત ન થઈ શકે એવો વિષય છે, એના વિચાર મંથનમાં પણ ... ... ઉદયમાં એટલા બધા જોડાઈ જાય છે. થોડું વાંચે, વિચાર કરે પછી આખો દિવસ જાણે કાંઈ લેવા દેવા નથી.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- ના, એવું કાંઈ નથી. ભેદજ્ઞાનનો પર્યાય ... મંથન છે એટલે વિચારો ઘણાં ચાલવા. કાંઈ નિષ્કર્ષ કાઢવા માટેના વિચારો ચાલવા. એના ઉપરથી આ મથન શબ્દ આવ્યો. છાશ જે વલોવે છે એને મથન કહે છે, મંથન કહે છે. સમુદ્ર મંથન કર્યું એમ નથી કહેતા? પછી એમાંથી માખણ નીકળે. એમ કોઈ નિષ્કર્ષ કાઢવા માટેની જે વૈચારિક ભૂમિકા, વિચારની ઉગ્રતાવાળી ભૂમિકા ... કહે છે એનો છેદ ઉડાડે છે. આ વિધિનો વિષય છે ને. તો એ કાંઈ બહુ મોટી વાત નથી. જેને ચાલતું ન હોય એને તો એમ કહે કે તું વિચાર મંથન કર કાંઈક આ બાજુનો. કર વિચાર તો પામ. પણ એ ન કરતા હોય એને. એકની એક વાત બે બાજુથી જોવાય છે. નીચેથી ને ઉપરથી. નીચેથી જોનારને એમ કહે કે કર, ન કરતો હોય તો. ઉપરથી જોનારને એમ કહે કે ... વિકલ્પની શું કિંમત? કાંઈ નહિ. વિચાર મંથન તો વિકલ્પરૂપ છે એ વિકલ્પનો તો નાશ કરવો છે. વિકલ્પને તો અહીંયાં તોડવો છે. વિકલ્પ તૂટતા નિર્વિકલ્પ દશા થશે, વિકલ્પ રહીને કાંઈ નિર્વિકલ્પ દશા થશે એ વાત તો છે નહિ. એટલે કહે છે કે એ તો વિકલ્પરૂપ છે. એની કોઈ કિંમત નથી. જો એની કિંમત રાખી (તો) નહિ છૂટી શકે. એટલા માટે એ વાત પહેલેથી કરી. વિશેષ લઈશું....

## તા. ૧૩-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૭૯
## પ્રવચન નં. ૨૧૮

'બહેનશ્રીના વચનામૃત' ૨૭૯, પાનું ૯૪. સ્વરૂપ આલંબનનો પુરુષાર્થ કઈ પદ્ધતિએ થાય છે? એ વિષય અહીંયાં લીધો છે. કહે છે કે '**વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે.**' અહીંયાં આત્મસ્વરૂપના વિચાર, મંથન ચાલે છે એની વાત લીધી છે. જગતના કાર્યોની ભાંજગડ ચાલે એ વાત નથી. તત્ત્વવિચાર ચાલે છે, આત્મતત્ત્વના વિચાર ચાલે છે એનું મંથન ચાલે છે તોપણ એ બધું પરિણમન વિકલ્પરૂપે છે અને વિકલ્પરૂપે છે એટલે વિકલ્પની મર્યાદાને ઓળંગીને નથી. એમ લેવું છે. આખરમાં વિકલ્પ પરદ્રવ્યનો હો કે વિકલ્પ સ્વદ્રવ્યનો હો, વિકલ્પ તો વિકલ્પ છે. એની કિંમત વિકલ્પ જેટલી છે, એથી વધારે નથી. અથવા વિકલ્પાત્મક ભૂમિકાની મર્યાદામાં એ બધી વાત ચાલે છે. વિચાર મંથનની જે કાંઈ પરિણતિ ચાલે છે એ વિકલ્પની મર્યાદામાં ચાલે છે. અને એ વિકલ્પમાં સ્વરૂપનો અનુભવ કરવાની શક્તિ નથી. રાગમાં કે વિકલ્પમાં આત્માનો અનુભવ કરવાની શક્તિ નથી. એથી જેને આત્માના વિચાર મંથન ચાલે છે એને એ વિચાર, મંથનમાં રોકાવું ન થાય એ સાવધાની રાખવા જેવી છે. ન ચાલતા હોય, આત્મસ્વરૂપના વિચાર મંથન ન ચાલતા હોય એને તો અવશ્ય પોતાના ઉદયમાન સંયોગોના જ વિચાર મંથન ચાલવાના. કેમકે સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણી મન સહિતનો જીવ વિચાર મંથન વગરનો તો રહેવાનો નથી.

મુમુક્ષુ :- આત્માના વિચાર ચાલે એ પણ એક વિકલ્પ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ એક વિકલ્પ છે અને રોકાવાનું સ્થાન નહિ બનવું જોઈએ.

મુમુક્ષુ :- પ્રશ્ન છે કે આ વિકલ્પ આવે ઈ એક જાતનો ઉદય ખરો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉદયભાવ છે. છે ઉદયભાવમાં જાય છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં નથી જતું પણ ઉદયભાવમાં જાય છે. અને આ તો હજી સમ્યગ્દર્શન પહેલાની ભૂમિકા છે એટલે મોક્ષમાર્ગમાં પેલી ત્રણ જાતના પર્યાયોનો તો અહીંયાં ઉત્પાદ જ નથી. પછી વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. સીધી વાત છે. એ સિદ્ધાંતિક વિષયથી.

વિકલ્પમાં રોકાવું ન જોઈએ એ વાત તો બરાબર છે અને સારી છે. પણ કેમ રોકાવું થાય છે? એ જરા સમજી લેવા જેવો વિષય છે. 'સોગાનીજી'એ એ વિષયમાં

એક જગ્યાએ સારો ખુલાસો કર્યો છે. કે વિકલ્પમાં કોણ રોકાય? કયો જીવ વિકલ્પમાં રોકાઈ જાય? કે જેને વિકલ્પ મીઠો લાગે, વિકલ્પ સારો લાગે તે. મુમુક્ષુજીવને પણ એવું થઈ આવે છે કે મને બહુ સારા ભાવ આવ્યા. આત્માના વિચાર વિકલ્પ થાય, પોતે એમ માને છે કે હું કરું છું, કર્તાબુદ્ધિ પડી છે એટલે. હું તો આત્માના વિચાર, વિકલ્પ કરું છું. પણ એને એ ઉદયમાં થાય છે. તો એને એમ લાગે છે કે આ મને બહુ સારા ભાવ આવ્યા. મેં બહુ સારા ભાવ કર્યા, મને બહુ સારા ભાવ આવ્યા બસ, આ એને રોકાવાનું કારણ છે. એમાં અહંપણું અને એમાં મીઠાશનું વેદન લેવું-મીઠાશ વેદવી એ વિકલ્પમાં રોકાવાનું કારણ છે. એ જીવ અવશ્ય ત્યાં રોકાય જ. જેને જે ભાવ સારો લાગે એ ભાવની એને રુચિ હોવાને લીધે, એનો રસ એને હોવાને લીધે એનો અભાવ થવાનો પુરુષાર્થ ઉત્પન્ન થઈ શકતો નથી. સીધી ગણતરી. ગણિત જેવો વિષય છે.

એટલે અહીંયાં (એમ કહ્યું), એ બધું વિકલ્પરૂપ જ છે. ૨૭૯. એ બધું વિકલ્પરૂપ જ છે એમ કહીને એની કિંમત અને એનો મહિમા ન આવે એમ વાત-એવો ધ્વનિ એની અંદર છે. એ તો બધું વિકલ્પરૂપ છે એટલે કે એમાં કાંઈ નહિ. ભલે વિચાર વિકલ્પ આત્માના ચાલે પણ એમાં કાંઈ નહિ. '**તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે.**' આત્મા વિકલ્પાતીત છે અને આત્માની પરિણતિ, આત્માને અનુસરતો ભાવ-આત્મભાવ જેને કહીએ એ પણ વિકલ્પાતીત છે. એ કોઈ વિકલ્પવાળી ચીજ નથી. એટલે એ વિકલ્પથી તારું સ્વરૂપ, આત્મા એટલે તારું સ્વરૂપ '**તેનાથી જુદું વિકલ્પાતીત...**' એટલે વિકલ્પની મર્યાદાથી પાર, વિકલ્પને ઓળંગીને '**એક ટકતું...**' એટલે નિત્ય ટકતું. એક સદાય હયાતી ધરાવતું, સદાય રહેતું, જ્ઞાયક સ્વભાવી, જ્ઞાનસ્વભાવી '**તત્ત્વ તે આત્મા છે.**' તે આત્મા છે એમ કહીને એમ કહેવું છે કે આ વિકલ્પ તે આત્મા નથી. વિકલ્પ તે આત્મા નથી એટલે કે વિકલ્પમાં હું... હું... હું... હું... હુંપણું તને થઈ આવે છે, મેં કર્યું... મેં કર્યું... એવું હુંપણું થાય છે એ અનાત્મામાં આત્માપણું થાય છે. જેમ દેહમાં આત્મબુદ્ધિ થાય છે એમ જ વિકલ્પ અને રાગમાં આત્મબુદ્ધિ થઈ જાય છે.

એટલે એમ કહે છે કે '**તેનાથી જુદું વિકલ્પાતીત...**' આત્મદ્રવ્ય છે, જ્ઞાયક સ્વભાવી છે અને વિકલ્પ ક્ષણવર્તી છે, આ નિત્ય-ટકતું છે. બન્નેના સ્વભાવ એક બીજાથી વિરુદ્ધ છે. આત્મા નિર્વિકલ્પ તત્ત્વ છે. આ વિકલ્પની જાત એનાથી વિરુદ્ધ જાતિની છે. જે તે વિકલ્પ ક્ષણિક ભાવ છે. આત્મા નિત્ય-ટકતું છે. આત્મા જ્ઞાયક સ્વભાવી છે. વિકલ્પમાં જ્ઞાનનો કણ નથી. એ જ્ઞાનરહિત ભાવ છે. આંધળો ભાવ છે. જ્ઞાનરહિત છે એટલે એ આંધળો ભાવ છે.

મુમુક્ષુ :- અનુભવ ન થાય ત્યાં સુધી તો વિકલ્પ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ ન થાય ત્યાં સુધી વિકલ્પ હોય, થાય પણ અનુભવ ન થાય ત્યાં સુધી તો વિકલ્પ થાય ને, એમ ન લેવું. એ જાણવાનો વિષય છે. જે મનવાળો જીવ જ્યાં સુધી નિર્વિકલ્પ દશાને ન પામે ત્યાં સુધી એને વિકલ્પ હોય. પણ માત્ર વિકલ્પ જ હોય અને પછી અનુભવ થઈ જાય એમ નથી. એક બીજી વાત ઊભી થાય છે. એ વાત એટલા માટે લીધી છે કે પહેલા પાકો નિર્ણય આવે છે. ૨૭૯માં છેલ્લા શબ્દો. '**પહેલાં પાકો નિર્ણય આવે છે.**' પછી વિકલ્પ તૂટે છે. એટલે ભલે વિકલ્પ ઠેઠ સુધી ચાલે છે. નહિ તૂટે ત્યાં સુધી ચાલે છે. પણ એ પહેલાં વચ્ચે એક બીજી વાત ઉત્પન્ન થઈ જાય. એ છે, આત્મા સંબંધીનો યથાર્થ નિર્ણય. એ નિર્ણય ઉત્પન્ન થતાં એને જ્ઞાનબળ ઉત્પન્ન થાય છે એટલે પુરુષાર્થ ઉત્પન્ન થાય છે અને આત્મરસ, સ્વભાવનો મહિમા એને સ્વરૂપ સુધી પહોંચાડે છે. સાથે ચાલતો વિકલ્પ એને પહોંચાડતો નથી.

મુમુક્ષુ :- લક્ષ નક્કી થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ નક્કી થઈ જાય છે અને સ્વરૂપની મહિમા છે એ જ્ઞાનનો પર્યાય છે અહીંયાં. ભલે વિકલ્પથી પણ સ્વરૂપનો મહિમા થાય છે અને જ્ઞાનથી પણ સ્વરૂપનો મહિમા થાય છે. પણ જ્ઞાનમાં મહિમાવંત સ્વરૂપ આવ્યું છે એની પાછળ વિકલ્પ ઢસડાય છે. વિકલ્પનું ફળ અનુભવ નથી પણ જ્ઞાનમાં જે નિર્ણય થયો એનું ફળ અનુભવ છે એમ કહેવું છે. એટલે વિકલ્પ તો છે ને? વિકલ્પ તો ઠેઠ સુધી છે ને? (કહે છે કે) એકલો વિકલ્પ નથી. આ વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વજન ગયું. વિકલ્પનું વજન ચાલ્યું ગયું. નિર્વિકલ્પ સ્વરૂપનો નિર્ણય થયો એને વિકલ્પનું વજન ચાલ્યું ગયું.

'ગુરુદેવશ્રી'ની તો એક જગ્યાએ તો બહુ સુંદર શૈલી આવી છે. ૭૩ ગાથાના પ્રવચનનો વિષય છે. ત્યાં નિર્ણયનો વિષય ચાલ્યો છે. છે કર્તા-કર્મ અધિકાર પણ ત્યાં એક નિર્ણયનો વિષય વચ્ચે ચાલી ગયો છે. એમ કહે છે કે જે જીવને આવા નિર્વિકલ્પ સ્વરૂપનો નિર્ણય થયો એને નિર્વિકલ્પ દશાનો કાળ પાકી ગયો. એને નિર્વિકલ્પ દશાનો કાળ પાકી ગયો. અને તે જીવ શીઘ્રપણે નિર્વિકલ્પ દશાને પ્રાપ્ત કરશે. આચાર્ય મહારાજે પોતે શીઘ્ર શબ્દ વાપર્યો છે. આચાર્ય મહારાજે તો વળી એવી શૈલી લીધી છે કે તે જીવ શીઘ્રપણે વિકલ્પનું વમન કરી નાખશે.

અત્યાર સુધી વિકલ્પમાંથી ન છૂટે એવી પરિસ્થિતિમાં જીવ ગુંચાઈ ગયો હતો.

વમળનો દૃષ્ટાંત ત્યાં લીધો છે કે જેમ વમળમાં ફસાયેલું વહાણ ચક્કર... ચક્કર... ફર્યા કરે છે વમળમાં. મોટી ઘુમરીઓ થાય છે. દરિયાની અંદર એવા મોટા વમળ ઊભા થાય. પાણીના એ પ્રકારના વેગ હોય છે. જેમ હવામાં ડમરી થાય એમ પાણીમાં એ જાતના વેગ-પ્રવાહ ઉત્પન્ન થાય. ગોળ ગોળ ત્યાં પાણી ફરતું હોય. એમાં જો વહાણ આવ્યું એ વહાણ ડૂબી જાય છે. સતભસત એમાં એને Balance રહેતું નથી. ગોળ ગોળ એવી રીતે ફરે, વાંકું થઈ જાય અને ઊંધુ થઈ જાય.

એવી રીતે જીવ વિકલ્પના વમળમાં પકડાયેલો અને ફસાયેલો છે. એ વિકલ્પને વમી નાખશે. શીઘ્ર વમી નાખશે. આપણએ કાલે લીધું ને? તેનો કાળ બહુ લાંબો નથી પછી. નિર્ણય થયો એનો કાળ લાંબો નથી. સમ્યક્ સન્મુખ થયો એનો કાળ લાંબો નથી. તો એ કાળ લાંબો નથી... ત્યાં શીઘ્ર શબ્દ વાપર્યો છે. 'ગુરુદેવશ્રી' પ્રવચન કરતા એમ કહે છે કે, એનો કાળ પાકી ગયો છે. જેને નિર્ણય થયો, જે સ્વરૂપસન્મુખ થયો એનો વિકલ્પ અસ્ત થવાનો, વિકલ્પ નાશ થવાનો, એને નિર્વિકલ્પ વિકલ્પાતીત દશા થવાનો કાળ પાકી ગયો.

મુમુક્ષુ :- મુમુક્ષુને નિર્ણય તો થઈ જ ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ વાતમાં માલ નથી. નિર્ણય થયો હોવાનો ભ્રમ થઈ શકે છે. નિર્ણય થાય એની બલિહારી છે. એ તો દિશા બદલાય છે. પુરુષાર્થની દિશા બદલાય છે. જેને દિશા બદલાય છે એની દશા બદલાય છે. 'ગુરુદેવશ્રી' 'પરમાગમસાર'માં ત્યાં સુધી કહે છે કે આવી દિશા બદલવી તે પણ અપૂર્વ છે. સમ્યગ્દર્શન તો અપૂર્વ છે જ પણ આવી દિશા બદલવી એ પણ અપૂર્વ છે. એ પણ જીવે પૂર્વે નથી કર્યું. અત્યારે થઈ જાય છે મુમુક્ષુને એવું કે આત્મા જ્ઞાનસ્વભાવી છે, આત્મા આનંદસ્વભાવી છે. જાણ્યું, આત્મામાં અનંત ગુણ છે એમ જાણ્યું અથવા આત્મા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી, ગુણ-ગુણી ભેદથી બધું ઘણું આત્માનું જાણ્યું. જાણ્યું એમ નહિ એમ બધી ધારણા બરાબર થઈ ગઈ. શાસ્ત્રને અનુકૂળ બધું સમજાય છે. માટે એમ માનીને નિર્ણય થયો એ વાત રહેતી નથી.

એને અવશ્ય અવશ્ય સમસ્યા હોય છે કે મારે પુરુષાર્થ ઉપડતો નથી અને આ પુરુષાર્થ નથી ઉપડતો એટલે મારું કાર્ય થતું નથી એ પણ એને સમજાય છે. પણ કેમ ઉપાડવો એ સમજાતું નથી. અહીં સુધી સમજાય છે કે પુરુષાર્થ ઉપડતો નથી એટલે કાર્ય થતું નથી. કારણ અપાતું નથી માટે કાર્ય થતું નથી. અહીં તો એ વાત પણ લેશે. કઈ જાતનો પુરુષાર્થ ઉપાડવો એ વાત પણ ૨૭૯માં છે. કઈ જાતનો અને કેવી રીતે પુરુષાર્થ ઉપડે? એ વાત એને સમજમાં આવતી નથી. કેમ? કે નિર્ણય થયો નથી.

નિર્ણય થાય તો એ વાત સમજવાની બાકી રહેતી નથી. કેમ કે સ્વયં પોતે જ પુરુષાર્થ પરિણત થવા લાગે છે. એટલે એને વાતની, એ પદ્ધતિનો અજાણ્યો એ રહેતો નથી. એમ છે.

મુમુક્ષુ :- નિર્ણય થયો એનો તો પાટો બદલાઈ જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગાડીનો પાટો બદલાઈ ગયો. એની દિશા ફેર થઈ ગઈ. દિશા ફેર થઈ ગયો કે એની Track બદલાઈ ગઈ, પાટો બદલાઈ ગયો એમ કહો. એનું Station બીજું આવવાનું છે. અને એની ખાત્રી આ છે કે સમ્યક્ સન્મુખ દશામાં રાગથી, વિકલ્પથી પણ આત્માનો મહિમા થાય છે અને એમાં રાગરસ હોય છે. જ્ઞાનથી પણ આત્માનો મહિમા થાય છે અને એમાં જ્ઞાનરસ હોય છે. તો જ્ઞાનરસ વધી અને સ્વસંવેદનભાવે અનુભવમાં પરિણમશે. અને વિકલ્પ? કે વિકલ્પ ખલાસ થશે.

જો વિકલ્પથી કાર્ય થતું હોત તો વિકલ્પ વૃદ્ધિગત થઈ ગયો હોત. વિકલ્પથી આત્માનો મહિમા જરૂર કરે છે. હું જ્ઞાનસ્વરૂપ છું, હું પૂર્ણ છું, અનંત ગુણનો ધણી છું, આનંદમય છું. એવો વિકલ્પ થાય છે. એ વિકલ્પનો ભેદજ્ઞાનનો અભ્યાસી જીવ સમ્યક્ સન્મુખ દશામાં એનો નિષેધ કરે છે એટલે એ તૂટે છે. એ વૃદ્ધિગત નથી થતો. જ્યારે જ્ઞાન વૃદ્ધિગત થઈને સ્વસંવેદનરૂપે પરિણમે છે. એ બંને અંદરની કાર્યની પદ્ધતિમાં શું તફાવત છે એ સમજાય એવું છે કે એકનું વૃદ્ધિગતપણું થવું અને બીજાનો નાશ થવો. કેમકે બે પરસ્પર વિરૂદ્ધ છે. માટે વિકલ્પ છે. નિર્વિકલ્પ દશા પહેલાં વિકલ્પ છે તોપણ વિકલ્પથી કાર્ય થતું નથી. એમ કહેવા પાછળ સબળ કારણ છે. મજબૂત કારણ છે.

મુમુક્ષુ :- આમાં તો વિકલ્પ...

પૂજ્ય ભાઈશ્રી :- વજન હોય તો વધી જાય. વજન હોય તો ત્યાંથી ખસી ન શકે. એ તો એક જાણવાનો વિષય છે કે મટ્યો નથી ત્યાં સુધી જીવે છે. પણ એનું આયુષ્ય હવે પૂરું થવા આવ્યું છે, એ ખલાસ થશે.

મુમુક્ષુ :- વિકલ્પને વિષકુંભ સમજે?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. રાગ શું છે? જે અમૃતકુંભ આત્મ સ્વભાવ. અમૃતકુંભ છે. અમૃતનો પૂર્ણ છલોછલ ભરેલો ઘડો છે. એમાં એનો અવકાશ જ નથી. એમાં વિરુદ્ધ સ્વભાવનો, વિરુદ્ધ ભાવનો અવકાશ જ નથી. જેને વધ્ય-ઘાતકપણું છે. આત્મસ્વભાવને અને વિકલ્પને વધ્ય-ઘાતકપણું છે એમ કહેવાય છે. આત્મામાં ને આત્મામાં વિકલ્પ થાય છે ને! તો આચાર્ય મહારાજે દૃષ્ટાંત આપ્યો પીપરમાં થતી લાખનો. એ પીપરમાંથી જ લાખ નીકળે. ગુંદર જેવો ચીકણો પદાર્થ. ચીકણા લાખ જેવો નથી કહેતા? નીકળે પીપરમાંથી પણ પીપરને ખાઈ જાય. એમ થાય રાગ

આત્મામાંથી અને આત્માને થાય પણ એ આત્માના સ્વભાવનો ઘાતક છે. એટલે વધ-ઘાતકપણું છે. પરસ્પર આત્માને સ્વભાવને અને રાગને વધ-ઘાતકપણું છે. જો સ્વભાવનું બળ પ્રગટે તો રાગનો ઘાત કરે. જો રાગ વધી જાય તો સ્વભાવનો ઘાત થાય. સ્વભાવને ઉત્પન્ન ન થવા દે એનું નામ સ્વભાવનો ઘાત છે.

વિકલ્પથી '**જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે.**' એટલે એ પોતે છે, પોતામાં. તેમાં એટલે પોતામાં. '**આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું' તે પણ વિકલ્પ જ છે;...**' એ શેનાથી ઉપરથી લીધું છે? નિર્વિકલ્પ દશાથી મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે અને નિર્વિકલ્પ દશામાં સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, પ્રથમમાં પ્રથમ એ રીતે ધર્મ શરૂ થાય છે. એટલે વિકલ્પ તોડવા જેવો છે એવું સાંભળીને, સમજીને કેટલાકને પાછો એવો નવો વિકલ્પ શરૂ થાય છે કે વિકલ્પ તોડું. મારામાં વિકલ્પ થાય છે એને તોડું. આ મારે વિકલ્પ તોડવો છે, મારે વિકલ્પ તોડવો છે. એ પણ વિકલ્પ છે. એમ પણ એ વિકલ્પ તૂટતો નથી. અનંતાનુબંધીનો વિકલ્પ ચીકણો છે. એને તોડવાનો વિકલ્પ એ પણ એક વિકલ્પ છે અનંતાનુબંધીનો. એટલે ઓલા ગુંદાના ઠળીયા જેવો છે. આ આંગળીથી છોડે તો જે છોડવા જાય એ આંગળીને ચોંટે. અંગુઠાથી કાઢે તો અંગુઠાને ચોંટે. અંગુઠા ઉપર ચોંટે તો આંગળીથી કાઢે તો આંગળીને ચોંટે. એવો વિકલ્પ છે. વિકલ્પ, વિકલ્પથી તૂટતો નથી.

મુમુક્ષુ :- ટકતું એમાં શું કહેવા માગે છે?

પૂજ્ય ભાઈશ્રી :- ટકતું એટલે સદાય હયાત રહેતું. અસ્તિત્વ લેવું છે. હયાત રહેતું. સદાય હયાત રહેતું. એકધારું સદાય છે. છે... છે... છે... છે... છે... છે... અને છે. નવું બનાવવું નથી. જે સદાય ટકે છે એમાં કાંઈ નવું બનાવવું નથી. છે... છે... ને છે. છે એને માત્ર જોવું છે. એનું અવલોકન કરવું છે. છે એમાં કાંઈ બનાવવાનું છે નહિ. કેમકે એમાં કોઈ ક્ષતિ નથી, કોઈ અપૂર્ણતા નથી, કાંઈ કચાશ નથી.

'**તેમાં 'આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું' તે પણ વિકલ્પ જ છે;...**' અને સર્વ વિકલ્પથી '**તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે.**' તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યમય નિર્વિકલ્પ પદાર્થ છે. વિકલ્પથી પાર, વિકલ્પની પછવાડે કોઈ નિર્વિકલ્પ પદાર્થ છે એ આત્મા છે. વિકલ્પ તે આત્મા નથી. આત્મા નથી એટલે એમાં હુંપણું થાય છે એ ભૂલ થાય છે. એ બહુ મોટી ભૂલ થાય છે. વિકલ્પમાં હુંપણું એ પર્યાયબુદ્ધિનું જ પરિણમન છે અને એ જ મૂળ મિથ્યાત્વ છે. ત્યાં વિકલ્પનો જીવ કર્તા થાય છે ત્યાં વિકલ્પ સાથે પોતે અભેદતા સાધે છે. અને એ એને પરિભ્રમણનું મૂળ છે. એ જ એને જન્મ-મરણનું, નવા આયુષ્ય બંધાવાનું કારણ છે.

વિકલ્પથી પેલે પાર જુદો જ નિર્વિકલ્પ ચૈતન્યપદાર્થ પોતે છે. '**તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે,...**' એ નિર્ણયનો વિષય ચાલે છે. ઉપરનો જે વિષય છે ને ૨૭૮ નો. '**તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે,...**' ઓલાપણે પણ ઉપર પણ લીધું છેલ્લી લીટીમાં કે '**તેના અસ્તિત્વને ખ્યાલમાં લે.**' જ્ઞાનલક્ષણથી એની હયાતીને પકડે. જે જ્ઞાન જ્ઞાનગુણમાંથી સીધું ઉત્પન્ન થાય છે, ઈન્દ્રિય સાથે જોડાય છે એ વાત નથી લેવી પણ જે ઉત્પન્ન થાય છે, ઈન્દ્રિય સાથે જોડાય છે ત્યારે તો એ પરપદાર્થને વિષય કરવામાં પ્રવર્તે છે પણ જે સીધું ઉત્પન્ન થાય છે એ તો ચૈતન્યભૂમિમાંથી સીધું પરિણમે છે. એને કોઈ મદદની જરૂર નથી. તો એ જે ચૈતન્યસત્તા છે–ચૈતન્યભૂમિ છે ત્યાં અનંત ગુણનો નિવાસ છે. એ ક્ષેત્રમાં, સર્વ ક્ષેત્રમાં પોતાના આત્માના સર્વ ક્ષેત્રમાં પ્રદેશે પ્રદેશે અનંત ગુણનો નિવાસ છે. અનંત કેવળજ્ઞાનની પર્યાયો ઉત્પન્ન કરે એવા સ્વભાવનો, એવા જ્ઞાનસ્વભાવનો નિવાસ છે. અનંત પરમાનંદ ઉત્પન્ન થાય એવા આનંદગુણના સામર્થ્યનો પણ ત્યાં નિવાસ છે. એની હયાતીનો વિશ્વાસ આવે તો બધી દીનતા છૂટી જાય. કોઈ દીનતા ન રહે. એવું મહાન તત્ત્વ છે કે પછી કોઈ દીનતા ન રહે એટલી પોતાની મહાનતા એને ભાસે છે. એમ '**અસ્તિપણું ખ્યાલમાં આવે,...**' અસ્તિપણું ખ્યાલમાં આવે એટલે કોરી વાત નથી.

'પૂજ્ય બહેનશ્રી' ચર્ચામાં ઘણી વાર કહે છે કે જ્ઞાયક એટલે જાણે કાંઈ નહિ. એમ નહિ. એનો મહિમા, જ્ઞાયક કહેતા એનો જે મહિમા છે એ એના ભાવમાં ન હોય તો એ જ્ઞાયકનો વિચાર, વિકલ્પ, ભાવ લુખ્ખો છે, પરલક્ષી છે. એને અને જ્ઞાયકને કાંઈ લેવા-દેવા નથી. જ્ઞાયકનો વિચાર વિકલ્પ થયો એ જો જ્ઞાયકના લક્ષે થયો તો એને અને એને કાંઈક સંધિ છે. લક્ષ સાથે વિચારીને સંધિ છે. પણ જો જ્ઞાયકનું લક્ષ નથી, એનો મહિમા નથી તો જ્ઞાયકને અને એ જ્ઞાયકના વિકલ્પને કાંઈ લેવા-દેવા નથી.

મુમુક્ષુ :- ઓલામાં સ્વચ્છંદતા વધે છે અને આમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- આ તો એકદમ સ્થૂળ છે. લક્ષ છે એ તો સૂક્ષ્માતિ સૂક્ષ્મ સ્વભાવનો પર્યાય છે.

'**વિકલ્પથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ...**' નિર્વિકલ્પ પદાર્થ છે. '**તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે, 'હું જુદો. હું આ જ્ઞાયક જુદો'...**' એમ. આમાં એની અસ્તિ પકડી છે. હું આ, આ વિકલ્પ તે હું નહિ પણ હું આ. બસ. આ જે ભેદજ્ઞાનનો અભ્યાસ છે એ આખું તેનું સ્થાપત્ય બદલવાની વાત છે. જે સ્થાપના વિકલ્પમાં હુંપણાથી કરી નાખી છે એ આખી સ્થાપના બદલી નાખવાની વાત છે. હું આ જુદો, હું આ જુદો. હુંપણું સ્થાપે છે.

‘**હું જુદો. હું આ જ્ઞાયક જુદો’ એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે.**’ પણ અહીંયાં લક્ષપૂર્વક એમ વાત છે. એવું સ્વરૂપના લક્ષપૂર્વક ‘**ઘૂંટણ રહે, તે સારું છે**’ કેમ કે એ ઘૂંટણ છે એ એની અંતરંગ પરિણતિ છે. પરિણતિ થઈ જાય છે ને? પરિણતિ થઈ જવી જોઈએ એ આ ઘૂંટણની પરિણતિ છે. પછી ઉપરનો વિકલ્પ છે એ ઉપર ઉપરનો સ્થૂળ વિકલ્પ છે, એના ઉપર એનું વજન જતું નથી કે આ વિકલ્પ થાય છે કે નથી થતો. વિકલ્પ તો બદલાય પણ છે. સમ્યક્ સન્મુખ દશામાં બીજા કેટલાક ઉદય ઊભા થાય તો એ ઉદયને અનુસરીને પાછો વિકલ્પ જાય ખરો, જ્ઞાનનો ઉપયોગ પણ જાય ખરો પણ ઘૂંટણ ન ચાલ્યું જાય. ઘૂંટણ ન ચાલ્યું જાય. ઘૂંટણ રહી જાય. કેમકે એ પરિણતિ થઈ પાછી. એટલે એ ઘૂંટણ છે એ ચાલુ રહે છે. એ ઘૂંટણ ચાલુ રહે એટલે ઉદયમાં પણ ત્યાંથી છટકે પાછો. હું તો આ છું ને. એવું ઘૂંટણ ચાલે છે. હું આ છું ને. હું આ છું, હું આ છું ને. એમ એના ઉપર પાછી ભીંસ લાગે. ભેદજ્ઞાનના અભ્યાસમાં એવી જ્ઞાયક ઉપરની વારંવાર ભીંસ લાગે ત્યારે એને વિકલ્પ છે એનો રસ ગળતો જાય. દર્શનમોહનો રસ પણ એનો ગળતો જાય. એટલો ગળી જાય કે એક વખત એ ઉપશમીને નીચે બેસી જાય. ઉપર નિર્મળતા સમ્યગ્દર્શનની આવી જાય અને સમ્યગ્દર્શનને ઉપશમ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ પ્રથમમાં પ્રથમ (થાય છે).

મુમુક્ષુ :- ઘૂંટણમાં શું શું આવ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- ઘૂંટણમાં એકલો નિર્વિકલ્પ આત્મા ઘૂંટાય છે. નિર્વિકલ્પ તત્ત્વ એ ઘૂંટણનો વિષય છે. નિર્વિકલ્પ ચૈતન્યપદાર્થ એ ઘૂંટણનો વિષય છે. ઘૂંટણનો દૃષ્ટાંત લેવો હોય તો Operation જોવાથી કેટલાકને મૂર્છા આવે છે. મૂર્છા થવાનો વિકલ્પ હોય છે ત્યાં? નહિ. પણ પેલું લોહી, પરુ, પાસ અને છરી ઉપર ચાલતી હોય, કાપકુપ ચાલતી હોય એ નજરે જુએ (એટલે એની સીધી અસર આવે છે). ત્યાં છરી મૂકવાના છે. અહીંયાં પાક થયો છે જ્યાં કાંઈ કાપકૂપ કરવા જેવી છે ત્યાં કાપકૂપ કરીને પાટાપીંડી કરવાના છે. પણ ડૉક્ટરો સામાન્ય માણસને અંદર દાખલ કરતા નથી. Permission આપતા નથી. અને પાટાપીંડી બાંધેલી અવસ્થામાં એને બહાર કાઢે છે. એ પહેલા કોઈને દેખાડતા નથી. કેમ? કે પ્રત્યક્ષ જે જોવાનું થાય છે, હજી તો ઇન્દ્રિય જ્ઞાનથી જોવે છે પ્રત્યક્ષમાં, સંવ્યવહારિક પ્રત્યક્ષ કહે છે, તોપણ એની અસર અલ્પ કાળમાં એટલી ઊંડી થાય છે કે જોનાર મૂર્છા ખાઈ જાય છે. મૂર્છા ખાવાનો વિકલ્પ કર્યા વિના. એટલો એને એના અણગમાનો, નહિ હોવાનો, એવું ન હોવું જોઈએ, એવું ન થવું જોઈએ એટલી બધી તીવ્રતા ઘૂંટણથી આવે છે. વિકલ્પ કરવો નથી પડતો પણ ઘૂંટાઈ જાય છે. એની નાસ્તિ ઘૂંટાય છે. આ નહિ... આ નહિ... આ નહિ... આ

નહિ... નહિ... નહિ... નહિમાં ઘૂંટાઈ જાય છે. મૂર્છા થઈને પડે છે. કેટલી વારમાં? ગણતરીની Second માં મૂર્છા ઊભી થઈ જાય.

એમ આ પ્રત્યક્ષનો વિષય છે કે જેને લક્ષમાં સહજ પ્રત્યક્ષ સ્વભાવી આત્મા છે, સહજ પ્રત્યક્ષ જેનો સ્વભાવ છે એની અસર બહુ મોટી આવે છે. આવો હું! પ્રત્યક્ષ આવો હું! આવો પ્રત્યક્ષ! એનો જે રસ છે એ એટલું બધું એનું ઘૂંટણ પહેલાં ઊભું કરે છે કે એ ઘૂંટણ આગળ વધીને નિર્વિકલ્પ દશામાં પરિણમી જાય છે. ઘૂંટણમાં સ્થૂળ વિકલ્પો નથી. અંતરજલ્પ છે પણ એ અસ્પષ્ટ છે, સ્પષ્ટ નથી. અસ્પષ્ટ છે એ બધું. પણ ઘૂંટણ છે એમાં એનો રસ ઘણો પડી જાય છે. અલ્પ કાળમાં ઘણો રસ પડે છે ઘૂંટણમાં. અને એવું ઘૂંટાઈ જાય છે... એવું ઘૂંટાઈ જાય છે કે એ એની અંદર લીન થઈ જાય છે. લીનતા પ્રગટે છે ઘૂંટણમાંથી. એટલે એ પણ સારું છે એટલા શબ્દ બહુ નજીકની દશા જોઈને નાખ્યા છે.

**'એવું નિરંતર ઘૂંટણ રહે.'** એ ઘૂંટણ નિરંતર રહે છે. વિકલ્પ બદલાય, ઉદયમાં જાય, ખાવામાં, પીવામાં, દુકાને જાવું હોય તો એમાં, Time થયો હોય તો એનો વિકલ્પ આવે. Time થયો જાવું પડશે. જાવું પડશે, હોં ! એમ. એ રીતે વિકલ્પ ચાલી જાય. એને રુચિ ન હોય એવા કાર્ય કરવામાં ઉદય ઊભો થાય તો વિકલ્પ ચાલી જાય. ઘૂંટણમાં નિરંતર શબ્દ લીધો છે. **'ઘૂંટણ નિરંતર રહે.'** કેમકે એ પરિણતિ થઈ છે. વિકલ્પ પરિણતિ નથી. ઘૂંટણ છે એની પરિણતિ થઈ છે. એ પરિણતિ ઉપયોગને ખેંચે છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન પહેલાં પરિણતિ થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, થાય જ છે. એ તો કહે જ છે પોતે. આજે ચર્ચામાં એ વાત કહે છે કે મુમુક્ષુને પરિણતિ થઈ જવી જોઈએ. એનું જીવન આત્મામય થવું જોઈએ અને એની પરિણતિ થઈ જવી જોઈએ. આગળ એક બોલ આવી ગયો છે. બહુ શરૂઆતમાં છે. જીવન આત્મામય થવું જોઈએ. એ આ ઘૂંટણ છે.

મુમુક્ષુ :- પરિણતિ થવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણતિનો વિષય આવે છે. ચર્ચામાં પણ પરિણતિની ઘણી વાત આવે છે. પણ સાદી ભાષામાં ધીમે બોલે એટલે કોઈનું ધ્યાન એટલું ન ખેંચાય કે આ કેટલી મહત્ત્વવાળી વાત છે. એ તો સંશોધક થઈને ધ્યાન ખેંચવું જોઈએ. એક એક વાતમાં અનુભવ છે તો એનું કેટલું મૂલ્ય છે, એ વિષય સમજવાની કોશિષ પોતે કરવી જોઈએ તો સમજાય.

મુમુક્ષુ :- આમ તો લક્ષ થઈને ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. લક્ષથી જ ઘૂંટાણ ઉપડે છે. લક્ષ રહે છે ને. લક્ષ પણ નિરંતર રહે છે. એ પણ પરિણતિનો વિષય થઈ જાય છે. ઘૂંટણ પણ પરિણતિનો વિષય થઈ જાય છે.

મુમુક્ષુ :- Operation ને જોતા બેહોશ થઈ જાય. અહીંયાં શ્રીગુરુ હથેળીમાં આત્મા બતાડે છતાં કાંઈ થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- તો વિરુદ્ધ પરિણતિ કેટલી ઊભી છે. માપ કાઢવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- કાંઈ નથી થતું.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નથી થતું. તો એ કાંઈક નથી થતું ઈ આડું ઊભું છે કાંઈક ત્યારે નથી થતું. માણસ નથી કહેતા? આને ગમે એટલું કહો અસર નથી. એનો અર્થ શું? કે એને જે કાંઈ અસર થવી જોઈએ એનો વિરુદ્ધ ભાવ એની પાસે જોરદાર ઊભો છે. એટલે અનાત્માનું ઘૂંટણ, સંયોગનું ઘૂંટણ, રાગ તે હું, દેહ તે હું, સંયોગ તે હું આ બધું મારું એ સંબંધીનું ઘૂંટણ અને પરિણતિ એવી ઊભી છે કે એને લઈને એને કાંઈ અસર થતી નથી. નહિતર ઉપયોગ તો સીધો આ વાતને વિચાર કરે છે કે હું આત્મા છું, હું જ્ઞાનસ્વરૂપી છું, હું આનંદસ્વરૂપી છું. પણ પરિણતિ બીજી ઊભી છે એટલે એની કાંઈ અસર થતી નથી.

એટલે એને ભાવનામાં આવીને-તીવ્ર ભાવનામાં આવીને (પ્રવેશ કરવો જોઈએ). ભાવનાનું પ્રકરણ એટલા માટે પોતે લે છે કે રસ ઊપજવાના કોઈ મુખ્ય પરિણામ પાયામાંથી જો એનું કાર્ય કરવું હોય તો એ ભાવનાના પરિણામ છે. રસ છે એ રસમાંથી પરિણતિ ઊભી થશે. રસમાંથી પરિણતિ ઊભી થશે તો રસવાળા પરિણામલ (કઈ રીતે થાય)? એકલું શાસ્ત્ર વાંચ્યા કરે તો લુખ્ખો અધ્યાત્મી થઈ જાય. ભાવનાવાળો ન થાય. એટલે ભાવનાને સાથે રાખવાનું કારણ એ છે કે એમાં આત્મારસ ઊભો કરવો છે. પરિણામનો દોર જે પ્રકારનો રસ પરિણામમાં ચાલે છે એના ઉપર આધારિત છે. એટલે ભાવનાની વાત ખાસ લેવામાં આવે છે એનું કારણ એ છે.

પહેલું થવું કઠણ પડે છે. જે પરિણતિ તોડવી છે એમાં થોડું એમ લાગે છે કે આ નથી થતું. નથી થતું. ભાવનાવાળાને થોડું લાગે કે નથી થતું. પણ એમ કાંઈ હારી જવા જેવો વિષય નથી. થોડું શુરાતન પ્રગટાવીને જો અનંત સામર્થ્યનો હું ધણી છું અને એક સમયમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની મારામાં શક્તિ છે તો હું સમ્યગ્દર્શન ન પ્રગટ કરી શકું અનંતમાં ભાગનું? કોઈ એમ કહે કે તમારી તિજોરીમાં અઢળક સંપત્તિ છે અને તમે બે-પાંચ રૂપિયા લખાવી શકતા નથી? દાન દઈ શકા નથી ને? એમાં તો હજી Ratio

proportion છે. આ તો એટલું બધું સામર્થ્ય છે કે સમ્યગ્દર્શનનો કોઈ હિસાબ નથી. સમ્યગ્દર્શનની શુદ્ધિ તો અનંતમાં ભાગે છે.

મુમુક્ષુ :- અંતરમાં સામર્થ્ય છે. પણ અંદર દેખાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દેખાવું જોઈએ. દેખાવું જોઈએ ઈ જ ઓળખવાનો વિષય છે. જે ઓળખાણ ઉપર વજન દે છે એનું કારણ એ છે કે ઓળખાણ વગર એનું જોર નહિ આવે. ઓઘે-ઓઘે જોર આવશે નહિ. ઓઘે-ઓઘે વિકલ્પ થાશે. પરિણતિ બીજે ચાલતી હશે. ઓઘે-ઓઘે વિકલ્પ કરશે. વાંચશે. વિકલ્પ કરશે પણ પરિણતિ બીજે ચાલશે. ઘૂંટાશે બીજું, વિકલ્પ બીજું કામ કરશે, કામ કોઈ દિવસ નહિ થાય.

ઓળખાણની-નિર્ણયની દિશામાં મતિ વ્યવસ્થિત કરીને નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. મતિ વ્યવસ્થિત કરીને એટલે કે અપ્રયોજનભૂત વિષયથી જુદો રહીને, એને ગૌણ કરીને માત્ર પ્રયોજનભૂત વિષયને મુખ્ય કરીને. એટલે તો આપણે આ Article નું નામ 'પ્રયોજન સિદ્ધિ' આપ્યું છે. દર્શનમોહ થવો અને જવો એ મુખ્ય પ્રયોજનનો વિષય છે. જન્મ-મરણનું કોઈ મૂળ કારણ હોય તો આ છે. ચારિત્રમોહ જન્મ-મરણ ન કરાવે. ચારિત્રમોહ તો ચાલ્યો જાય છે. એ એટલો ચીકણો નથી જેટલો દર્શનમોહ ચીકણો છે. અનંત સંસારનું કારણ દર્શનમોહ છે. અનંત સંસારનું કારણ ચારિત્રમોહ નથી.

**''હું જુદો. હું આ જ્ઞાયક જુદો' એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે.'** જુઓ! વિકલ્પ અને મંથનમાં તો એનાથી જુદો છે એમ લઈ લીધું. ઘૂંટણના Stage માં પરિણતિ લેવી છે તો કહે છે, ઠીક છે, એ સારું ચિહ્ન છે. એ લક્ષણ સારું છે એનું કે એ ઘૂંટણ સુધી આવ્યો છે, પરિણતિ સુધી આવ્યો છે. ભાવનામાંથી પરિણતિ થઈ જાય છે. ભાવનાને મહત્ત્વ એટલા માટે આપ્યું છે કે ભાવનામાંથી પરિણતિ થઈ જાય છે અને એ પરિણતિ છે એ ઘૂંટણનો વિષય થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવનું ઘૂંટણ, આત્મસ્વભાવનું ઘૂંટણ.

મુમુક્ષુ :- મંથનમાં?

પૂજ્ય ભાઈશ્રી :- મંથનમાં શું છે કે હજી શોધે છે કે આત્મા આમ છે... આમ છે... આમ છે... આમ છે... તરજોડ થયા કરે. આ વિકલ્પ તોડવો છે. વિકલ્પ ન હોવો જોઈએ. આમ થયો, તેમ થયું, ફલાણો ભાવ આવી ગયો. અનેક જાતનું મંથન ચાલ્યા કરે. મંથનની અંદર ઘર્ષણ પણ છે પણ એ વલોણા જેવું છે. અને આ છે એ ઘૂંટણ છે એ એક જ વિષયને પકડીને જરાક એની ધૂન ચડે છે. ઘૂંટણમાં એની ધૂન છે.

મુમુક્ષુ :- ચિંતનમાં?

પૂજ્ય ભાઈશ્રી :- ચિંતનમાં જરા મનનનો વિષય છે. મનમાં વિકલ્પ થયા કરે એને ચિંતન કહે છે, મનન કહે છે. મનનો વિકલ્પ. એમાં ચિંતન, મનન ચાલ્યા કરે. પણ એ બંને પ્રકારના પર્યાયો મંથનના, વિચારના, ચિંતનના, મનનના એ લક્ષ વગર પણ હોય છે અને લક્ષવાળાને પણ હોય છે. આમ બે વાત જુદી પકડવી જોઈએ, જુદી જુદી સમજવી જોઈએ. લક્ષ વગરનાને છે એને એ કાર્યસાધક નથી થતા. જ્યારે લક્ષવાળાને કરવા પડતા નથી આપોઆપ થઈ આવે છે. જેને લક્ષ થયું-ઓળખાણ થઈ કે આવો મહાન મારો સ્વભાવ છે, એને એના વિકલ્પ, એનું મંથન, એનું ચિંતવન ચાલ્યા કરે છે. પણ ઘૂંટણ વિશેષ રહ્યા કરે. ઓલાને હજી આત્મા ઘૂંટાતો નથી. એના વિચાર, વિકલ્પ, ચિંતવન, મનન એવું બધું ચાલ્યા કરે છે પણ આત્મા ઘૂંટાતો નથી-સ્વભાવ ઘૂંટાતો નથી. ઘૂંટાય છે એ જરાક સારું લક્ષણ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘૂંટણનું Stage ઊંચું છે. આનું જરા નીચું છે.

''**હું જુદો. હું આ જ્ઞાયક જુદો' એવું નિરંતર ઘૂંટણ રહે, તે પણ સારું છે. પુરુષાર્થની ઉગ્રતા...**' આમાં આ જગ્યાએ સાથે સાથે, કહેવાય છે ક્રમથી પણ સમજવું એકસાથે ઊભું થાય છે તે. '**પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ...**' એમ. તે જાતનો એટલે નિર્વિકલ્પ સ્વરૂપના લક્ષવાળો ઉપાડ એમ લેવું. '**હોય તો માર્ગ નીકળે જ.**' ન નીકળે એ પ્રશ્ન રહેતો નથી. Guaranted વાત કરી છે. '**પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ.**' જેનો પુરુષાર્થ ઉપડ્યો, સહજ સ્વરૂપના લક્ષે સહજ પુરુષાર્થ જેનો ઉપડ્યો, એ જાતના ઉપાડમાં આવ્યો પરિણામમાં એને માર્ગ નીકળે જ છે, એને માર્ગ મળે જ છે, એને માર્ગ પ્રાપ્તિ થાય જ છે, ન થાય એવું કોઈ દિવસ બને નહિ. અવરોધનું જે કારણ છે એ તો એ ટાળતો ગયો, ટાળતો ચાલે છે. જે એનો અવરોધ છે એ અવરોધ પછી એના માર્ગમાં રહેવાનો નથી. જે દર્શનમોહ છે એને ટાળતો જાય છે.

જે વિકલ્પમાં હુંપણું થાય છે એના સામે લડાઈ ચાલે છે. આ હું નહિ. હું જુદો, આનાથી હું જુદો... આનાથી હું જુદો... આ હું જુદો... હું જુદો... લક્ષમાં જ્ઞાયક ઉપરનું જોર છે, એનો ઉગ્ર પુરુષાર્થ છે, પુરુષાર્થની ઉગ્રતા છે. પુરુષાર્થનો વેગ ઘણો છે એટલે એને ધૂન પણ કહેવામાં આવે છે. ધૂનમાં વેગ હોય છે. ધૂન એક એવો પર્યાય છે કે જેને જેની ધૂન હોય એને એ ધૂનના વિષય સિવાય બીજા વિષય ઉપર એનું લક્ષ ન જાય. એને ધૂન કહેવામાં આવે છે. નથી કહેતા? આ બહુ ધૂની છે. જેની ધૂન ચડી

એની ચડી. પછી કાંઈ નહિ, બીજું કાંઈ નહિ દેખાય એને.

એમ અહીંયાં એક સ્વભાવના લક્ષે એની ધૂન ચડે છે તો પુરુષાર્થની એમાં ઉગ્રતા આવે છે અને જ્યારે સમ્યગ્દર્શન પૂર્વની ક્ષણોમાં આવે છે ત્યારે તો જાણે કોઈ બમ્બો ફાટ્યો હોય એવી રીતે પુરુષાર્થ ઉપડે છે. પછી તો કાંઈ એને બીજી બાજુનો પ્રશ્ન ઊભો થતો નથી. કેમ એને મળશે કે નહિ મળશે એ વિકલ્પ અસ્થાને છે. આમાં લીધું છે.

મુમુક્ષુ :- ઘૂંટણમાં લબ્ધ બદલાય ગયું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. લબ્ધ બદલાણું તો નિર્ણય થયો ત્યારથી જ લબ્ધ તો બદલાણું છે. આપણે 'નિર્ભ્રાંત દર્શનની કેડી'માં લીધું છે કે આવું લબ્ધ કદી બદલાયું નથી. જે જ્ઞાનમાં પોતાના સ્વરૂપનો ભાસ થયો, .. થયો એ ઉપયોગથી થયો. અને નિયમ એવો છે પરિણામના વિજ્ઞાનનો કે જેટલો ઉપયોગ થાય એનું લબ્ધ થાય. લબ્ધ એટલે પ્રાપ્ત જ્ઞાન. તો ઉપયોગમાં જે આવ્યું કે આવો આત્મા, આવો સ્વભાવ. એનું લબ્ધ થઈ ગયું. આવું લબ્ધ કોઈ દિ' જીવને નથી થયું. માટે એ અપૂર્વ છે. એની પરિણતિ ચાલે છે. 'પરમાગમસાર'.

મુમુક્ષુ :- ...શબ્દપ્રયોગ 'ગુરુદેવશ્રી' બહુ કરતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જ લઈએ છીએ. ૩૧૪માં એવી વાત છે અને ૩૦૪માં એવી વાત છે.

**'એકવાર પ્રસન્નચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે.'** સમ્યગ્દર્શનનો પાત્ર છે એમ કહેવાની જરૂર રહેતી નથી. સીધું એને નિર્વાણ સાથે અનુસંધાન કર્યું છે. એ 'પદ્મનંદી આચાર્ય'એ વાત કરી છે. (એકત્વ સપ્તતિ).

**तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।**
**निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।।२३।।**

નિર્વાણનું ભાજન એટલે નિર્વાણનું પાત્ર લીધું છે. **'નિશ્ચયનો પક્ષ બંધાણો એ પુરુષને ભલે હજી અનુભવ નથી.'** પરુષ નામ આત્મા. **'નિશ્ચયનો પક્ષ બંધાણો તે આત્માને ભલે હજી અનુભવ નથી. તો પણ એનું જોર ચૈતન્ય સ્વભાવ તરફ વળી રહ્યું છે.'** આ ઘૂંટણ છે. ઘૂંટણમાં જોર છે. આ ધૂનની અંદર જોર છે. **'એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે. આ જ સ્વભાવ છે એમ સ્વભાવ-સન્મુખમાં જ જોર હોવાથી અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે.'** સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને એ કેવળજ્ઞાન લેશે જ લેશે. નહિ લેવાનો પ્રશ્ન નથી. ન નિર્ણય કરે તો કેવળજ્ઞાનનું નુકસાન છે એમ કહેવું છે. નિર્ણય ન કરે તો કેવળજ્ઞાનનું નુકસાન છે. સમ્યગ્દર્શનનું નુકસાન છે એમ નથી કહેતા અહીંયાં.

એ ૩૦૪ માં કહ્યું છે કે '**આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ.**' આપણે એના ઉપર વાંચન ચાલ્યું છે. આ એક બોલ ઉપર લગભગ ચારેક દિવસ વાંચન ચાલ્યું છે. '**આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ.**' અહીંયાં કહે છે ઉગ્ર, પુરુષાર્થની ઉગ્રતાથી જો ઉપાડ હોય, એ જાતનો ઉપાડ હોય એ વાત જે લીધી છે, અહીંયાં એ જ શબ્દ લીધો છે. '**પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ. એમ નિરાલંબનપણે...**' એટલે કે નિમિત્ત અને રાગના વિકલ્પના અવલંબન વિના કોઈના '**આધાર વિના, વિચારની ધૂન ચાલતા ચાલતા...**' આ ધૂન શબ્દનો પ્રયોગ પોતે કર્યો છે. ધૂન ચાલતા ચાલતા એવો રસ આવે '**ધૂન ચાલતા એવો રસ ચડે...**' કે એને એ ઘૂંટણમાંથી બહાર આવવું ગમે નહિ, ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, અહીંયાં હજી વિકલ્પ થાય છે, વિકલ્પ હજી ગયો નથી, વિકલ્પ થયો નથી. '**પણ એમ જ લાગે કે આ હું... આ હું.. એમ ઘોલનનું જોર ચાલતા ચાલતા એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે. (નિર્વિકલ્પ થવા પહેલાની દશા આવી હોય છે).**' પછી એ અંદર ઉતરે છે એટલે વિકલ્પ છૂટે છે, નિર્વિકલ્પ દશા થઈ જાય છે. એ ૩૦૪ માં ધૂન શબ્દ લીધો છે. ઘોલનનું જોર ને એ બધા શબ્દો લીધા છે.

'**પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય...**' સ્વરૂપલક્ષી ઉપાડ હોય તો '**માર્ગ નીકળે જ. પહેલા વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલા પાકો નિર્ણય આવે છે.**' પહેલા કાંઈ વિકલ્પ એમ ને એમ સીધો તૂટી જતો નથી. નિર્વિકલ્પ સ્વરૂપનો નિર્ણય આવે તો એનો વિકલ્પ તૂટે. નહિતર વિકલ્પ તૂટે નહિ. ૭૩મી ગાથામાં સ્પષ્ટ લીધું છે આચાર્યદેવે. ચાલ્યો છે તો અધિકાર કર્તા-કર્મનો પણ છતાં વચ્ચે વચ્ચે એ બધો વિષય મૂકતા જાય છે.

મુમુક્ષુ :- પહેલાં નિર્ણયમાં કેવળજ્ઞાનનો ખ્યાલ આવી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો આખા સ્વરૂપનો નિર્ણય થયો છે એટલે કેવળજ્ઞાનનો નિર્ણય થઈ જાય છે. આત્મસ્વરૂપનો નિર્ણય થાય એટલે અભેદપણે આત્માની બધી પર્યાયોનો નિર્ણય થયો. આત્મસ્વરૂપનો નિર્વિકલ્પ અનુભવ થાય એટલે આત્માની બધી પર્યાયોનું-વિકારી અને અવિકારી, (એનું) જ્ઞાન થઈ ગયું. નવે તત્ત્વનું જ્ઞાન થઈ ગયું. એ અભેદજ્ઞાનમાં ભેદવાળા જ્ઞાનની લબ્ધિ છે એમાં. થોડો ચર્ચામાં વિષય ચાલ્યો હતો ને. અભેદજ્ઞાનમાં એવા ભેદોની લબ્ધિ ઉત્પન્ન થઈ જાય છે. એને જરૂર નથી કે શાસ્ત્ર વાંચે તો જ સમજણ પડે. એને જ્ઞાન થઈ ગયું. ઉપયોગ

થાય, ન થાય એવું પણ બને. એનો ઉપયોગ ન થાય કોઈવાર. કેટલાક સાધકો એવા છે કે જેની લબ્ધિ થાય એનો ઉપયોગ ન થાય. નહિતર સામાન્ય નિયમ એવો છે કે ઉપયોગપૂર્વક લબ્ધ થાય. પણ અહીંયાં અભેદ નિર્વિકલ્પ સ્વભાવમાં બધું તેનું સામર્થ્ય હોવાને લીધે એના ઉપયોગમાં બધી લબ્ધિ થઈ જાય છે. એટલે એને કહ્યું કે એને શાસ્ત્ર ભણવાની અટક નથી. એટલા માટે કહી દીધું. (સમયસાર) ૭૩ (ગાથા).

**'ચિન્માત્ર જ્યોતિનું, વસ્તુસ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી, હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું.'** દર્શન સામાન્ય સ્વભાવ ચૈતન્યનો, જ્ઞાન વિશેષ સ્વભાવ. તેથી **'હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું.'** હું જ્ઞાનદર્શન પૂર્ણ છું એ પદની વ્યાખ્યા ચાલે છે. **'આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ...'** જેમ આકાશ નિરાલંબ નિરપેક્ષ છે તેમ હું આકાશાદિ પદાર્થની જેમ **'પારમાર્થિક વસ્તુવિશેષ છું. તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો, સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે આને જ (આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો, પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું.'** આવો ક્ષય કરવાવાળો હું છું. ક્રોધાદિ ભાવોનો એટલે સર્વ વિભાવભાવોનો ક્ષય કરવાવાળો હું છું, એવા સામર્થ્યવાળો હું છું.

**'એમ આત્મામાં નિશ્ચય કરીને...'** અહીંયાં નિર્ણયનો વિષય લીધો છે. એમ આત્મામાં નિશ્ચય કરીને. મૂળ શબ્દ છે. **'निश्चित्य, त्यात्मनि निश्चत्य'** આત્મામાં એમ નિશ્ચય કરીને, નિશ્ચય વિકલ્પમાં કરીને નહિ. આત્મામાં. જ્ઞાનમાં થાય છે એટલે આત્મામાં થાય છે એમ કહે છે. એમ આત્મામાં નિશ્ચય કરીને, **'निश्चत्य'**. **'ઘણાં વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે...'** આ શબ્દ પોતે લીધો હતો. સર્વ વિકલ્પોને **'झगित्येवोद्धान्तसमस्तविकल्पोऽकल्पितमचलितममलमात्मानमालम्बमानो'**. **'જેણે સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે એવો, નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબહફ, વિજ્ઞાનઘન થયો થકો, આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.'** આસ્રવોથી નિવર્તે એ જે ૭૨-૭૩માં વિષય છે એમાં આ વચ્ચે નિર્ણયનો વિષય મૂકી દીધો છે. એ 'ગુરુદેવશ્રી' કહેતા, જેને નિર્ણય થયો એનો વિકલ્પ શીઘ્ર વમાઈ જશે એવો કાળ એનો પાકી ગયો. કેટલી સ્વાનુભવથી વાત કરે છે. એટલે એ સૂચના અહીંયાં આપી છે કે હું...

મુમુક્ષુ :- કેટલામી ગાથા છે?

પૂજ્ય ભાઈશ્રી :- ૭૩. કર્તા-કર્મ અધિકારની ૭૩ ગાથા.

'**પરંતુ પહેલા પાકો નિર્ણય આવે છે.**' પહેલાં યથાર્થ નિર્ણય આવે છે અને પછી વિકલ્પ તૂટે છે. એ પહેલાં કોઈને વિકલ્પ તૂટી જાય છે અને નિર્વિકલ્પ દશા થઈ જાય છે એવું કદી બનતું નથી. એટલે અસ્તિત્વનું ગ્રહણ એને 'શ્રીમદ્જી'એ સમ્યગ્દર્શનનું અંગ કહી દીધું. એ સમ્યગ્દર્શનનું અંગ છે એટલે કારણ છે.

મુમુક્ષુ :- હું જુદો, આ જ્ઞાયક જુદો ચૌદ ગુણસ્થાનથી પાર જે 'નિર્ભ્રાંત દર્શનની કેડી'માં દસમો બોલ લીધો તે જ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચૌદ ગુણસ્થાન. જુદો એટલે.. જુદો એટલે અસ્તિપણું જે ખ્યાલમાં આવે છે. જુદું છે એ અસ્તિત્વ છે એ સિદ્ધપદ સ્વરૂપ છે.

મુમુક્ષુ :- 'નિર્ભ્રાંત દર્શન'માં દસ બોલ લીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આખો વિષય જ એક જ પ્રકરણનો એક જ વિષય લીધો છે ને.

અહીંયાં એક ૭૫૧ નંબરનો પત્ર છે એમાં એ વાત લીધી છે. અહીં તો એમણે સમકિત જ કહી દીધું છે. '**આત્મસિદ્ધિમાં ત્રણ પ્રકારના સમકિત ઉપદેશ્યાં છે.**' આત્મસિદ્ધિ લખ્યા પછી તરત આ વિષય ચાલ્યો છે. '**આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદનિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ, એ પ્રથમ સમકિત કહ્યું છે.**' ભક્તિને જ સમકિત કહી દીધું છે. પછી પોતે નીચે ખુલાસો કરે છે કે '**પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે...**' એટલે કે સ્વરૂપ નિર્ણયનું એ કારણ થશે. એને બીજું સમકિત કીધું છે. સ્વરૂપનિર્ણયને અહીંયાં બીજું સમકિત કીધું છે.

બીજા સમકિતની વ્યાખ્યા એ કરી છે કે '**પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ...**' જે પ્રતીતિ શબ્દ વાપર્યો છે ૨૭૮માં. પોતે ૨૭૮માં પ્રતીતિ શબ્દ વાપર્યો છે 'વચનામૃત'માં. પરમાર્થની એટલે પરમાર્થ સ્વરૂપ, નિર્વિકલ્પ સ્વરૂપ આત્માની સ્પષ્ટ અનુભવાંશે. નિર્ણય અસ્પષ્ટ નથી, પાકો નિર્ણય છે. અહીંયાં જે લીધું ને પહેલાં પાકો નિર્ણય આવે છે. અસ્પષ્ટ નિર્ણય નથી. અનુભવાંશે એટલે વર્તમાન જ્ઞાનલક્ષણ જે અનુભવમાં આવી રહ્યું છે એના અંશથી પકડેલી વાત છે. એટલે અનુભવ ન લીધો, અનુભવ અંશ લીધો. એટલે એકલી કપોળકલ્પનાથી અનુમાન અને તર્ક દોડાવે છે એ વાત નથી અહીંયાં. નિર્ણયની અંદર કેટલો સંક્ષેપમાં વિષય લઈ લીધો છે.

'**પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે.**'

**'નિર્વિકલ્પ પરમાર્થઅનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર છે.'** એ તો નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ જ છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પાકું થઈ ગયું એ. સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે. આત્મસિદ્ધિમાંથી સીધું નીકળે એવું છે. આ કાગળમાંથી એમણે કાઢ્યું છે. આત્મસિદ્ધિ વાંચો તો આ ત્રણ વાત સીધી કોઈ નહિ કાઢી શકે. આ એમણે કાઢીને દીધી છે મુમુક્ષુને. **'પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે, બીજું સમકિત ત્રીજા સમકિતનું કારણ છે.'** વિકલ્પ નહિ તૂટે, પાકા નિર્ણય વગરનો વિકલ્પ નહિ તૂટે એમ કહેવું છે. **'ત્રણે સમકિત વીતરાગપુરુષે માન્ય કર્યા છે.'** તીર્થંકરદેવ જૈન પરમેશ્વરે આ વાત માન્ય કરી છે. સાક્ષીમાં નાખ્યા.

**વેદનીય આદિ કર્મનો ઉદય ભોગવ્યા વિના છૂટવાની ઇચ્છા જ્ઞાનીપુરુષ કરે નહિ, કરે તો તે જ્ઞાની નહિ પણ દેહાધ્યાસી અજ્ઞાની છે. દેહાધ્યાસી અજ્ઞાની જ એવી ઇચ્છા રાખે, જ્ઞાનીને તો ભેદજ્ઞાન વર્તતું હોવાથી વેદનાનો ભય નથી પરંતુ વેદનાના ઉદયકાળે જ્ઞાની વિશેષ પુરુષાર્થ પરાયણ સહેજે રહે છે.**

**સર્વ કાળે થવા યોગ્ય જ થાય છે, તેથી તેવા સમ્યક્ સમાધાનપૂર્વક આકુળતા કરવા યોગ્ય નથી. જે કોઈ આકુળતા કરે છે તે અપરાધી થાય છે. તો પણ જે થવા યોગ્ય હોય તે જ થાય છે. તેથી જ્ઞાને કરી અપરાધ નિવારવા યોગ્ય છે.** **('અનુભવસંજીવની' બોલ નં.૨૫૦)**

## તા. ૧૫-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૮૦, ૨૮૧
## પ્રવચન નં. ૨૧૯

**ખરેખર જેને સ્વભાવ રુચે, અંદરની જાગૃતિ હોય, તેને બહાર આવવું ગમતું જ નથી. સ્વભાવ શાન્તિ અને નિવૃત્તિરૂપ છે, શુભાશુભ વિભાવભાવોમાં આકુળતા અને પ્રવૃત્તિ છે; તે બન્નેને મેળ ન જ ખાય.**

૨૮૦.

........પરિણામમાં છે. આશ્રય કરવાયોગ્ય નહિ હોવાથી મેળવવા માટે ... અહીં સ્વભાવની રુચિ અને જાગૃતિ ... પરિણામમાં ...

'**ખરેખર જેને સ્વભાવ રુચે, અંદરની જાગૃતિ હોય, તેને બહાર આવવું ગમતું જ નથી.**' બહાર આવવું ગમતું નથી. ઉદયના પરિણામને... સ્વભાવભાવ પ્રગટ નહિ કર્યો હોવાથી પરિણામમાં ઉદયભાવ સહજ જ હોય છે. અનાદિથી જીવને ઉદયભાવની રુચિ છે. ઉદયભાવમાં મુખ્યપણે રાગાદિ વિભાવભાવ છે, રાગની રુચિ છે અને તેથી તેને રાગ છોડવો ગમતો નથી. અનાદિથી જીવને રાગની રુચિવાળી દશામાં પ્રથમ ફરક પડે છે.

'પરમાગમસાર'માં એક બોલ છે કે પ્રથમ રાગનો નાશ થતો નથી પરંતુ પ્રથમ રાગની રુચિનો નાશ થાય છે. ... જે રાગમાં દુઃખ છે અને જે રાગ મલિન અને અપવિત્ર ભાવરૂપે છે એ અરુચિનો વિષય થાય છે. ક્યારે? કે એવું લાગે ત્યારે. રાગમાં દુઃખ લાગે, રાગમાં મલિનતા ભાસે, ભાસે એટલે લાગે ત્યારે તેને અરુચિ થાય છે. એ અરુચિને કારણે એને બાહ્ય ભાવોમાં, ઉદય આશ્રિત પરિણામોમાં રુચતું નથી, ગમતું નથી, અણગમો રહ્યા કરે છે. એક પ્રકારનો અણગમો રહ્યા કરે છે. ત્યારે બીજી બાજુની પરિસ્થિતિ એ થઈ છે કે એને સ્વભાવ રુચ્યો છે. જેને ગુણની રુચિ છે અને ગુણથી ઉત્પન્ન થતા સુખની રુચિ છે એને સ્વભાવ રુચ્યો છે. સ્વભાવ રુચે છે ત્યારે હું સ્વભાવસ્વરૂપી જ્ઞાનમય સત્તાધારી સ્વભાવસ્વરૂપી આત્મા છું. તેવી એક જાગૃતિની પણ પરિણતિ પ્રગટ થાય છે.

'**અંદરની જાગૃતિ...**' અંદરની જાગૃતિ એટલે હું આત્મા છું એવી જાગૃતિ. દેહાદિ અને રાગાદિ સ્વરૂપ હું નથી પણ હું જ્ઞાનસ્વભાવી આત્મા છું એવી જાગૃતિ. ત્યાંથી

મુમુક્ષુતા શરૂ હોય છે અથવા શરૂ થાય છે. એ પહેલા નામમાત્ર મુમુક્ષુપણું છે. નામમાત્ર એટલે ફક્ત મુમુક્ષુને યોગ્ય વાંચન, વિકલ્પ, પૂજા-ભક્તિ, દયા-દાન, એવા અનેક પ્રકારના કષાયની મંદતાના પરિણામ થાય છે તોપણ ત્યાં હજી મુમુક્ષુતા આવી નથી.

અંદરની જાગૃતિ... જાગૃતિ શબ્દ નથી પણ અંદરની જાગૃતિ.. અંદરની જાગૃતિ એટલે અંતર સ્વરૂપની જાગૃતિ, ચૈતન્ય સ્વરૂપી છું, એવી જાગૃતિને લીધે જેને બાહ્ય ભાવોની રુચિ નથી. બાહ્ય ભાવોની રુચિ નથી એટલે જે-તે બાહ્ય ભાવોના વિષયરૂપ પરપદાર્થોની પણ જેને રુચિ નથી. ... તેને મુમુક્ષુની યથાર્થ ભૂમિકા કહે છે. મુમુક્ષુની ભૂમિકામાં યથાર્થતાનું આ એક લક્ષણ છે કે એને નિર્દોષ સ્વભાવ રુચે છે, દોષની અરુચિ થાય છે અને પોતે એક આત્મા છે એવી જાગૃતિ (હોય છે).

જાગૃતિ છે એ સાવધાનીનો અંશ છે. જીવ ઉદયભાવમાં સાવધાન છે. કેમ કે એનો અભિપ્રાય લાભ-નુકસાનનો સંયોગો સાથે છે. સંયોગોના વધવા-ઘટવા સાથે લાભ-નુકસાનની માન્યતા છે, અભિપ્રાય છે. તેથી એની સાવધાની પણ એ સંયોગાશ્રિત પરિણામમાં છે. પણ એવી સાવધાની અંતર્મુખ થવામાં અવરોધક કારણ છે. અંતર્મુખ થવા યોગ્ય છે એવું બુદ્ધિગમ્ય થવા છતાં અંતર્મુખ નહિ થવાતું હોય તો તેનું એક કારણ છે કે અવરોધ ઊભો થાય છે અને તે અવરોધ છે બાહ્ય ભાવમાં રુચિ અથવા ઉદયભાવની જાગૃતિ. ઉદયમાં જાગૃતિ એ અંતર્મુખમાં થતો અવરોધ છે. અંતર્મુખ થવા માટેનો એ મોટો અવરોધ છે. જેને અંદરની જાગૃતિ, સ્વરૂપની જાગૃતિ શરૂ થાય છે, ઉત્પન્ન થાય છે તે જ જીવ યથાર્થ ભૂમિકામાં આવ્યો હોવાને લીધે અંતર્મુખ થવાના પ્રયત્નમાં સફળ થાય છે.

દૃષ્ટાંત રૂપે લઈએ તો સમ્યગ્દૃષ્ટિ જીવને ઉદયભાવો હોવા છતાં તેને બંધ નથી અથવા અનંત સંસારનો બંધ નથી. બંધ નથી એટલે એને અનંત સંસારનો બંધ નથી. એનું શું કારણ છે? ઉદયભાવ તો જ્ઞાનીને પણ છે, અજ્ઞાનીને પણ છે અને કેટલાક તો ચતુર્થ ગુણસ્થાનવર્તી જ્ઞાનીને એવા ઉદયભાવ છે કે જેવા અજ્ઞાનીને જોવામાં આવે છે. કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ, રતિ-અરતિના પરિણામ દેખાય છે. તો એને અનંત સંસારનો બંધ નથી. મિથ્યાદૃષ્ટિને અનંત સંસારનો બંધ છે, શું કારણ છે? કે ઉદયભાવમાં એની સાવધાની નથી. ઉદયભાવમાં મિથ્યાદૃષ્ટિને સાવધાની છે. તેથી તે અંતર્મુખ થઈ શકતો નથી. સમ્યગ્દૃષ્ટિને અંતર સ્વરૂપમાં સાવધાની છે તેથી બાહ્ય ભાવમાં, ઉદયભાવમાં તેની બેસાવધાની છે-અસાવધાની છે તેથી એનો રસ રેડાતો નથી.

જેમાં સાવધાન થઈને હું પણું માનું, મારાપણું માની જે કાર્યો થાય, જે પરિણામો

થાય એમાં અનંતાનુબંધીનો મિથ્યાત્વ સહિતનો એકત્વનો પરિણામમાં તીવ્ર રસ પડે છે અને એને ... બંધ પડે છે. ... પણ જેની સાવધાની ફરી. ક્યાંથી ફરી? કે મુમુક્ષુને યોગ્ય યથાર્થ ભૂમિકાથી એની સાવધાની ફરી. તેથી એના રસમાં ફેર છે. જેને ઉદયભાવમાં ગમતું નથી એમાં કેટલો રસ આપે? જેમાં રુચે અને ગમે એમાં રસ રેડાય પણ જેમાં અણગમો થાય એમાં રસ કેમ આવે? એમાં રસ આવતો નથી.

જેમ કોઈની પાસે પરાણે વેઠ કરાવવામાં આવે, એવી મુમુક્ષુની ભૂમિકા ઉત્પન્ન થાય છે. જે સમ્યગ્દર્શનની સમીપ જવાવાળો હોય છે, સમીપમાં સમ્યગ્દર્શન પામવાવાળો હોય છે અને આવી દશા થાય છે. આ બધી વાતો 'પૂજ્ય બહેનશ્રી'એ પોતાના સ્વાનુભવથી દર્શાવી છે. જે દશામાંથી પોતે પસાર થયા છે, જે માર્ગે પોતે ચાલ્યા છે, જે કાળનો જે રીતે ગુજારો થયો છે, જે રીતે મુમુક્ષુનો ભાવ ગુજર્યો છે એનું વર્ણન, એની સ્મૃતિ લાવીને કરે છે. આ ભૂમિકામાં આવું હોય. આવું હોય તો આગળ વધવાની શક્યતા છે સમ્યગ્દર્શન પ્રગટે એ દિશામાં. અને આવું ન હોય તો અનાદિની ઉદયભાવમાં રુચિ અને સાવધાની, રાગમાં જાગૃતિ, દેહાદિ ઉપયોગમાં જાગૃતિ કોઈ રીતે અંતર્મુખ થવા દેશે નહિ.

મુમુક્ષુ :- મુમુક્ષુ ...

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુનો શબ્દાર્થ તો મોક્ષને ઇચ્છે છે તે મુમુક્ષુ. માત્ર મોક્ષ અભિલાષ. એને ખરેખર મુમુક્ષુ કહે છે. એટલે કે જેને પરિપૂર્ણ નિર્દોષ થવાનો આદર્શ છે જેના જીવનનો, પરિપૂર્ણ નિર્દોષ થવું એ જ જેના જીવનનું ધ્યેય છે અને એ ધ્યેયને લક્ષે, ત્યાં પહોંચવાને લક્ષે જેનું પરિણમન છે એને ખરેખર મુમુક્ષુ કહેવામાં આવે છે. એ એનો ભાવાર્થ છે. એ એનો શબ્દાર્થ એ છે, ભાવાર્થ પણ એ છે અને એનું રહસ્ય અર્થ પણ એ જ છે કે એને અનુસરીને. ધ્યેયને અનુસરીને જીવન એટલે પરિણમન, પરિણમન એટલે જીવન જેનું ચાલે તે મુમુક્ષુ. નહિતર નામધારી, નામમાત્ર મુમુક્ષુ. જેમ વેશધારી સાધુ છે, નામધારી સાધુ છે પણ સાધુ નથી.

'**તેને બહાર આવવું ગમતું જ નથી.**' બીજું એક પડખું સ્પષ્ટ કરે છે. શાંતિ-અશાંતિનું, આકુળતા-નિરાકુળતાનું. '**સ્વભાવ શાંતિ અને નિવૃત્તિરૂપ છે.**' ત્રિકાળી સ્વભાવમાં તો નિવૃત્તિ-પ્રવૃત્તિનો અભાવ છે. 'સોગાનીજી' લખે છે કે ત્રિકાળી સ્વભાવમાં એટલે મારામાં તો નિવૃત્તિ-પ્રવત્તિનો જ અભાવ છે. એવો હું છું. એને સહેજે બાહ્ય પ્રવૃત્તિનો ઉત્સાહ પોતાના આવા સ્વરૂપને લક્ષે ઠંડો થઈ જાય છે. તેના પરિણામો સહેજે નિવૃત્તિને ઇચ્છે છે, પ્રવૃત્તિને ઇચ્છતા નથી.

સ્વભાવ શાંતસ્વરૂપ છે અને નિવૃત્તસ્વરૂપ છે. કોઈ પણ બાહ્ય કાર્યની પ્રવૃત્તિ

કરવી એ તો સ્વભાવથી વિરૂદ્ધ છે. પરિણામ અપેક્ષાએ બાહ્ય કાર્યની પ્રવૃત્તિનો અભાવ તેને નિવૃત્તિ કહેવામાં આવે છે અને પરિણામનું પરિણમવું તેને પ્રવૃત્તિ કહેવામાં આવે છે. ત્રિકાળીમાં તો પરિણામનું પ્રવર્તવું નથી એટલે એને પ્રવૃત્તિ-નિવૃત્તિના અભાવ સ્વરૂપે કહીએ છીએ. પણ પરિણામ એ જીવનું એક અંગ છે અને જે સદાય પરિણમતું રહે છે એનો અભાવ થાય છે એવું તો કદી બનતું નથી. પણ એ પરિણામની અંદર બાહ્ય કાર્યની પ્રવૃત્તિ ક્રમશઃ બંધ થતી જાય છે એને નિવૃત્તિ કહેવામાં આવે છે. સ્વભાવ આશ્રિત પ્રવૃત્તિને ત્યાં નિવૃત્તિ કહી છે.

**'સ્વભાવ શાન્તિ અને નિવૃત્તિરૂપ છે,...'** સ્વભાવમાં અનંત શાન્તિ ભરી છે. અને કાંઈપણ કરવું એ સ્વભાવથી બહારની વાત છે. નાસ્તિવાચક છે. ન કરવું. એવો સ્વભાવ છે. વળી જે શુભાશુભ વિભાવભાવો છે તે ભાવોમાં આકુળતા છે અને કરવું એવો ભાવ છે. કર્મચેતનારૂપ છે. વિભાવભાવોમાં આકુળતા છે, દુઃખ છે અને કાંઈ પણ કાર્ય કરવા સંબંધીનો કરવાનો ભાવ રહેલો છે. તે બંનેને આપસમાં શુભાશુભ ભાવને અને સ્વભાવને બંનેને આપસમાં **'મેળ ન જ ખાય.'** પરસ્પર મેળ નહિ ખાનારા એ પરિણામ છે.

આ પણ ઠીક છે અને આ પણ ઠીક છે, મેળ ન ખાય એનો અર્થ એ છે કે આ પણ ઠીક છે અને આ પણ ઠીક છે એ વાત એકસાથે રહે એવું નથી. સ્વભાવ છે એમાં જ ઠરવા જેવું છે અને પરિણામમાત્ર ઉપરથી લક્ષ ઉઠાવી લેવા જેવું છે. જેનું સ્વભાવ ઉપર ઘણું જોર જાય છે એને પરિણામ ઉપરથી એટલું બધું વજન ઊઠી જાય છે કે એકવાર તો એમ કહે કે જે પરિણામમાં પરિણામ જે કાળે જેવા થવાના હશે એવા થશે. એ વિષય 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં 'સોગાનીજી'એ અનેક પડખેથી સ્પષ્ટ કર્યો છે. કોઈ પ્રશ્ન પણ એવા જ ચાલી ગયા છે.

કેમ કે ધર્માત્માને પણ ઉદયભાવમાં અનેક પ્રકારની વિચિત્રતા જોવામાં આવે છે. દૃષ્ટાંત લીધા છે. 'રામચંદ્રજી'નું દૃષ્ટાંત લીધું છે, 'યુધિષ્ઠિર'નું દૃષ્ટાંત લીધું છે. 'દ્રૌપદી'ના વસ્ત્રહરણનો. એમ બને છે ને? એવા અનેક પ્રકારના દૃષ્ટાંત છે તો એવો ઉદયભાવ કેમ આવે છે અને શુભભાવ નથી આવતો? પરિણામ ઉપરનું વજન એટલું ઓછું છે કે પૂર્વની યોગ્યતાવશ એ યોગ્યતા ઉદયભાવની બહાર આવીને ખલાસ થઈ જાય છે. એની સાથે એને એકત્વનો સંબંધ નહિ હોવાને લીધે એના ઉપર એનું દુર્લક્ષ છે. એટલે કે આવો જ પરિણામ એને કેમ ન આવ્યો એવો આગ્રહ રાખવો એ યથાસ્થાને નથી. એવા ચિત્રવિચિત્ર પુરાણના દૃષ્ટાંતો ઉપરથી ઉદયભાવોની વિચિત્રતા સમજી શકાય એવી છે. એટલે એનાથી જ્ઞાની ઉદાસ છે. સાધકજીવ પરિણામમાત્રથી ઉદાસ છે. શુદ્ધ

પરિણામ થાય છે તોપણ એના ઉપર એટલું વજન દેતા નથી. અશુદ્ધ પરિણામ થાય છે તો એના ઉપર તો વજન આપવાનો પ્રશ્ન જ રહેતો નથી. જો શુદ્ધ પરિણામ ઉપર જેનું વજન નથી તો પછી અશુદ્ધ પરિણામ ઉપર એનું વજન કેમ હોય? એ તો પ્રશ્ન જ રહેતો નથી.

એટલે સ્વભાવની શાંતિ અને નિવૃત્તિ-નિવૃત્તિપણું એનાથી ઉદયભાવોની એકદમ વિપરીતતા છે-વિરુદ્ધપણું છે, બંનેને કોઈ રીતે મેળ ખાતો (નથી.) એકની રુચિ, એકનો રસ, બીજાના રુચિ અને રસના અભાવમાં જ હોય છે, પરસ્પર. જેને આનો રસ છે તેને આનો રસ નથી. જેને આનો રસ છે તેને આનો રસ નથી. એ રીતે મુમુક્ષુએ પોતાના પરિણામ સાથે મેળવણી કરવાનો આ વિષય છે. અને એ મેળવણી એવા પ્રકારથી થાય કે જેથી એની બહારની જાગૃતિ મટે અને અંદરની જાગૃતિ ઉત્પન્ન થવાનો અવસર આવે. ૨૮૦ થયો.

**બહારના બધાં કાર્યમાં સીમામર્યાદા હોય. અમર્યાદિત તો અન્તર્જ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમામર્યાદા નથી. અંદરમાંસ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિકાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ શક્તિનો ભરેલો છે. ૨૮૧.**

૨૮૧. '**બહારના બધા કાર્યમાં સીમા-મર્યાદા હોય.**' એ એનું વસ્તુનું વિજ્ઞાન છે. એક પદાર્થ અને બીજા પદાર્થ વચ્ચે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અત્યંત ભિન્નપણું હોવાને લીધે, સર્વથા ભિન્નપણું હોવાને લીધે જીવની બાહ્ય કાર્યની ગમે તેટલી તીવ્રતા પરિણામમાં હોય, ઇચ્છા હોય તોપણ એની મર્યાદા હોય. જો કે બાહ્ય પદાર્થના કાર્યો હું કરી શકું છું. એવી માન્યતા અને અભિપ્રાયમાં અમર્યાદિત અનંતાનુબંધીનો કષાય છે. અનંતાનુબંધીનો કષાય છે એને મર્યાદા નથી. પણ કાર્યની મર્યાદા છે. ભાવ અનંતાનુબંધીનો છે.

'**બહારનાં બધાં કાર્યમાં સીમા-મર્યાદા હોય.**' અથવા ખરેખર જીવ બાહ્ય પરિણામ છે એ કરે છે તોપણ બાહ્ય પદાર્થના કાર્ય કરી શકતો નથી. પરિણામ ભલે કરે છે પણ કાર્ય તો કરી શકતો નથી. એની મર્યાદા આવી ગઈ. કાર્યક્ષેત્રની મર્યાદા કેટલી?

કે પોતાનું ક્ષેત્ર અને પોતાના ભાવ જેટલી. પોતાના સ્વભાવથી તદ્દન વિરુદ્ધ કેમકે ચૈતન્યસ્વભાવ છે એ દ્રવ્ય અને ગુણે પુદ્‌ગલ સ્વરૂપે ન થઈ શકે. ક્ષેત્રથી? પોતાના અસંખ્ય પ્રદેશથી બહાર જઈને કોઈ કાર્ય ન કરી શકે. ભાવથી પણ પોતાના પરિણામથી આગળ જઈને કોઈ બીજાના પરિણામમાં કે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જઈને કાર્ય ન કરી શકે. એ એની મર્યાદા છે.

**'બહારના બધા કાર્યમાં સીમા-મર્યાદા હોય.'** અથવા બહારમાં જે ઉદય આવે છે પુણ્ય અને પાપનો એમાં પણ મર્યાદા છે. કોઈને પૂરા પુણ્ય ન હોય. અધુરા જ પુણ્ય હોય. જેમ કે ચક્રવર્તી હોય તો એને એ દેવલોકના ઈન્દ્રનું ... ઈન્દ્ર છે તો એને એની મર્યાદાનું પુણ્ય છે. કોઈ ઈન્દ્ર એવો નથી કે જેને બધા દેવો એના તાબામાં હોય. આખો દેવલોક એના તાબામાં હોય એવું તો ... એવો કોઈ ઈન્દ્ર હોતો નથી. પોતપોતાના મર્યાદામાં જ રહીને પુણ્ય હોય છે. બાહ્ય ભાવો, બાહ્ય સંયોગો એ બધાની મર્યાદા છે. અરે..! ત્રણ લોકની પણ મર્યાદા છે, અમર્યાદિત નથી. ત્રણ લોકની પણ મર્યાદા છે. ૩૪૩ ઘન રાજૂ છે એનું ક્ષેત્ર છે. એટલી એની મર્યાદા છે. એની અંદર બધા જે કાંઈ પુણ્ય અને પાપના ફળોના ભોગ્ય સ્થાનો છે ત્રણે લોકની અંદર એ બધાની પોતપોતાની ભાવની પણ મર્યાદા છે અને એની સજા ભોગવવાની પણ મર્યાદા છે.

એમ **'બહારના બધા કાર્યમાં સીમા-મર્યાદા હોય. અમર્યાદિત તો અન્તર્જ્ઞાન અને આનંદ છે.'** પોતાનું જે સ્વરૂપ, પોતાનો જે સ્વભાવ તે અમર્યાદિત છે. 'ધર્મદાસજી ક્ષુલ્લક' લખે છે કે લોકની અંદર પરમાણુ એ એટલો સૂક્ષ્મ દ્રવ્ય છે કે એક પરમાણુનો ક્યાંય પત્તો લાગે નહિ. એવડો મોટો ૩૪૩ ઘન રાજૂ લોક છે કે એક પરમાણુ તો એક અણુ રેણુ જેવી વસ્તુનો ક્યાંય પત્તો લાગે નહિ. એવા એ લોકનો અલોકાકાશ વિષે આખા આકાશને વિષે પત્તો લાગે નહિ એટલું મોટું ક્ષેત્ર છે. આ તો એક જ લોક છે, ૩૪૩ ઘન રાજુ છે, ચૌદ બ્રહ્માંડ જેને કહે છે એ તો એક લોક છે પણ એવા અનંતા લોક હોય તો પણ આકાશ કેટલું મોટું છે કે એમાં એનો પત્તો લાગે નહિ. અણુરેણુ જેટલા છે. જેમ અનંતા પરમાણુનો પત્તો નથી. એટલું મોટું દસે દિશાની અંદર આકાશ છે. અને એનાથી મોટો પોતાનો જ્ઞાનસ્વભાવ, અસીમ જ્ઞાનસ્વભાવ એટલો મોટો છે. એની મર્યાદા નથી એમ કહ્યું ને? અંતરજ્ઞાનની મર્યાદા નથી. અંતરજ્ઞાન એટલે સ્વભાવજ્ઞાન. જેની અંદર આ છએ દ્રવ્ય અણુ-પરમાણુવત છે, એનો પત્તો લાગે નહિ.

એટલે 'શ્રીમદ્‌જી' લખે છે કે આવો જે જ્ઞાનસ્વભાવ-સર્વજ્ઞસ્વભાવ તે વારંવાર વિચારવા યોગ્ય છે, વારંવાર લક્ષ કરવા યોગ્ય છે, વારંવાર સ્મરણ કરવા યોગ્ય છે અને

વારંવાર સંભાળવા યોગ્ય છે. હું આવો છું એમ એની સંભાળ લેવા યોગ્ય છે. સર્વજ્ઞપદ વારંવાર સ્મરણ કરવા યોગ્ય છે, લક્ષમાં લેવા યોગ્ય છે કે હું આવો... હું આવો. પોતાની મહાનતા ભૂલ્યો છે એટલે દીનતા વર્તે છે. જો પોતાની મહાનતા લક્ષમાં આવે તો એની દીનતા ખલાસ થયા વિના નહિ રહે. એવો પોતાનો અમર્યાદિત જ્ઞાનસ્વભાવ છે. આ જ્ઞાનથી સમજાવું પડે છે. એક એક ગુણનો આવો સ્વભાવ છે.

આનંદ પણ એટલો અમર્યાદિત કે જેની કોઈ હદ નહિ. એવા એકે એક ગુણ, બધા જ ગુણો પોતપોતાની રીતે અમર્યાદિત સ્વભાવમાં રહેલા છે. પોતપોતાનો અમર્યાદિત સ્વભાવ છે એવો આ અનંત ગુણનો ખજાનો મર્યાદિત ક્ષેત્રમાં-દેહ છે એટલામાં અનંત ગુણનો ખજાનો હયાત છે-હાજર છે. એની પ્રતીતિ, એનો રસ, એનો અનુભવ એમાં એ ગમ્ય છે. બીજી રીતે એમાં એ ગમ્ય થતું નથી.

**'અમર્યાદિત તો અન્તર્જ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા-મર્યાદા નથી.'** ત્યાં કોઈ હદ નથી, ત્યાં કોઈ છેડો આવતો નથી. એક દૃષ્ટાંત 'ગુરુદેવશ્રી' સમજાવતા કે અગ્નિના એક કણમાં બાળવાની શક્તિ, દહનશક્તિ કેટલી? કે અનંતા દાહ્યને (બાળે). ... સ્વભાવની મર્યાદા નથી. અંદરમાં એવી જ રીતે અંદરમાં ભેદ-પ્રભેદ લઈએ તો ભેદ છે એના ઉપર લક્ષ જાય છે એવી મર્યાદા મૂકી કે ભેદ છે એ આશ્રય કરવા યોગ્ય નથી, જાણવા યોગ્ય છે. આ એની મર્યાદા છે.

જ્યારે સ્વભાવ? કે સ્વભાવમાં સદાય અંતર્લીન રહેવા જેવું છે, એની કોઈ મર્યાદા નથી. હવે તું સ્વભાવના પરિણામ છોડી દેજે એવી ક્યાંય વાત નહિ આવે. ભેદ-પ્રભેદ સમજાવશે તો એની મર્યાદા સમજાવશે. આશ્રયનો વિષય નથી. એ મર્યાદિત ભાવ છે. પરિણામ અનિત્ય છે એ પણ મર્યાદિત છે. તે જે-તે કાળે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એ એની મર્યાદા છે. ત્રિકાળી સ્વભાવ? કે અમર્યાદ છે. એના વિષે કોઈ મર્યાદાનું માપ આપવામાં આવતું નથી. એવી કોઈ આજ્ઞા નથી કે સ્વભાવમાં તું મર્યાદિત રહેજે પછી બહાર નીકળી જજે.

ઘણાં એવો તર્ક કરે છે કે સાધક હોય અને આત્મા સાધીને મોક્ષમાં જઈ શકી એવું હોય પણ પોતામાં એવું પણ સામર્થ્ય હોય કે બીજા જીવોનું પણ પોતાના નિમિત્તે ભલું થઈ જાય. તો બીજાનું ભલું કરવાની કરુણાથી રોકાય કે ન રોકાય? એ પ્રશ્ન ... બીજાને માટે રોકાય એ સિદ્ધાંતનો વિષય નથી. એ અપવાદનો વિષય છે. ભલે પોતે માર્ગ પ્રાપ્ત છે, બીજાને માર્ગ દર્શાવી શકે એવો યોગ હોય, પુણ્યયોગ હોય મન-વચન-કાયનો તો બીજા માટે ભલે એક-બે ભવ લંબાવું પડે પછી મોક્ષમાં જાય. પણ ઘણાનું હિત થઈ જાય. એ ખરેખર સિદ્ધાંત બહારની વાત છે. એ લૌકિક દૃષ્ટિનો વિષય છે

ખરેખર તો.

જ્ઞાનીને કરુણા હોય છે. તીર્થંકર પ્રકૃતિમાં તો એ કરુણાનો ભાવ સવિશેષ હોય છે. તોપણ સિદ્ધાંત તો એ છે કે એક સમયમાં પરિપૂર્ણ સિદ્ધ થવાતું હોય, નિર્દોષ થવાતું હોય તો કોઈ જ જ્ઞાનીને બીજો સમય જોઈતો નથી. બધા જ જ્ઞાનીનો એકસરખો અભિપ્રાય છે. ચાહે તીર્થંકર દ્રવ્ય હો, કે ચાહે સામાન્ય કેવળીનું દ્રવ્ય હો. મોક્ષે જનારા આ બધાનો એક જ અભિપ્રાય હોય છે. એટલે બાહ્ય કાર્યમાં સીમા અને મર્યાદા છે, સ્વભાવની મર્યાદા નથી.

**'અંદરમાં–સ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિ કાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદાય રોકાઈ જાય.'** આ પણ કાળ અપેક્ષાએ મર્યાદા લીધી છે. જીવ અનાદિ કાળથી બાહ્ય વૃત્તિથી પરિણમે છે તેનો પણ એકવાર અંત આવે છે એમ કહે છે. અનાદિથી હોવા છતાં એનો પણ અંત આવેર છે. કોઈ તર્ક કરી શકે છે કે જે અભવી છે એને તો અંત આવતો નથી. પણ અહીંયાં ભવી જીવ પોતાનો વિચાર કરે છે. એટલે એને એ વાત સૂઝતી નથી. ... છે કે અભવીને તો સદાય વિભાવ પરિણામ થાય અને એના વિભાવભાવોની મર્યાદા કાળમાં પૂરી થતી નથી. પણ ભવી જીવ તો પોતાનો વિચાર કરે છે કે જીવને બાહ્ય વૃત્તિ છે એની પણ મર્યાદામાં ન આવે તો પાછો કઈ રીતે વળે? માટે બાહ્ય ભાવોની કાળ અપેક્ષાએ પણ અવશ્ય મર્યાદા છે. એને તો એમ લાગે છે. પોતાને માટે એમ લાગે છે કે બાહ્ય ભાવોની જરૂર મર્યાદા છે. એકવાર તમામ પ્રકારના ઉદયભાવોનો નાશ થશે અને એકલા સ્વરૂપાશ્રિત સ્વભાવ પરિણામ અમર્યાદિતપણે રહી જશે. આ સ્થિતિ થશે. કેમ કે વિભાવ મર્યાદિત છે, સ્વભાવ અમર્યાદિત છે.

આ તો જેને અમર્યાદિત સ્વભાવ બેસે છે એવા ભવ્યની વાત છે. કોને અમર્યાદ સ્વભાવ બેસે છ? ભવ્યને બેસે છે. અભવ્ય કદી સ્વભાવનો સ્વીકાર કરતો નથી. અથવા અભવ્ય જેવો ભવ્ય છે એ પણ કદી સ્વભાવનો સ્વીકાર કરતો નથી. એટલે એને તો વિભાવ પણ અમર્યાદિત લાગે છે. એને સ્વભાવનો તો પ્રશ્ન જ કોઈ નથી. એ મર્યાદિત છે કે અમર્યાદિત છે. આ એક કુદરતી નિશાની છે. Significance જેને કહેવામાં આવે. પોતાનું ભવ્યત્વ–અભવ્યત્વ સીધે સીધું તો કેવળજ્ઞાનગોચર છે. કોઈ જીવ ભવી છે કે કોઈ જીવ અભવી છે એ સીધેસીધું પ્રત્યક્ષ કેવળજ્ઞાનનો વિષય છે. તોપણ યોગ્ય જીવને, પાત્ર જીવને, લાયક જીવને એક આવી નિશાની, એક આવો Signal અંદર મળે છે કે હું ભવી છું, હું અભવી નથી.

મુમુક્ષુ :– અણસાર મળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને અણસાર મળે છે, અંદરથી એક હકાર મળે છે કે હું ભવી છું, હું અભવી નથી. આ એક કુદરતી અંદરથી એનો આત્મા એને કહે છે. હા અને નામાં ઉત્તર આપી દે છે. ભવી છો કે અભવી? અભવ્ય નથી, હું ભવી છું. ભવીની હા આવે છે અંદરથી, અભવીની ના આવે છે. જ્યારે કોઈ એવી સામાન્ય પાત્રતા પણ નથી હોતી ત્યારે જીવને શંકા પડે છે કે અરે..! હું ભવી હોઈશ કે અભવિ હોઈશ? સામાન્ય પાત્રતામાં પણ આટલો એક અંદર ફેરફાર થઈ જાય છે કે મારે હવે અનંત સંસાર નથી. એવું એને લાગી જાય છે.

એક પ્રસંગ બન્યો હતો. 'ગુરુદેવ' કેવી રીતે અધ્યાત્મના વિષયમાં, આત્માના વિષયમાં બહુ વિચિક્ષણ હતા અને બહુ સૂક્ષ્મ ઉપયોગ હતો 'ગુરુદેવ'નો. એકવાર શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયનાં ત્રણ સાધુ આવેલા. ઘણા વર્ષ પહેલાંની વાત છે. મારા પ્રવેશ કાળમાં. 'સમયસાર'ની ... સ્થાપના કરી એ જોતા હતા. તેને ખ્યાલ આવ્યો કે ... લોકોએ કીધું ને કે આ શાસ્ત્ર ચાંદીમાં લખાયેલું છે. બહુ મોટું શાસ્ત્ર છે. અશરીરી થવાનું શાસ્ત્ર છે. એના સાધુનું નામ હતું જ્ઞાનવિજય, દર્શનવિજય અને ચારિત્રવિજય. તે નામ આપતા હતા. વાતચીત ચાલી આપસમાં. પછી પૂછ્યું, કે ભવી છો કે અભવી? કેમ ખબર પડે? એ તો કેવળીને ખબર પડે, આપણને ખબર પડે નહિ. બહુ સારું. ચર્ચા ન કરી. તમને ખબર પડતી નથી એ કાંઈ વાત નહિ. ઠીક છે. એનું માપ આવી ગયું. ઘરબાર છોડીને દીક્ષા લીધી છે. ... અત્યારે તો બધું સમજવા જેવું છે. ... હજી અંદરથી ભવી છું કે અભવી છું, એટલું પણ આવતું નથી. આ તો બહુ સામાન્ય પાત્રતા .... કોઈ વિશિષ્ટ વાત નથી. પણ એક માપ કરી લીધું. દીક્ષા લીધા પછી કાંઈ, આટલો વૈરાગ્ય આવ્યા પછી અંદરથી શું આવે ? કેવી રીતે ખબર પડે. આપણને ખબર પડે નહિ.

મુમુક્ષુ :- આ વાત પણ શાસ્ત્રથી જાણી લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ શાસ્ત્રથી જાણી લે. શાસ્ત્રમાં એવું આવે કે ભવ્યત્વ કેવળજ્ઞાનનો વિષય છે એમ આવે. પણ અધ્યાત્મના પ્રકરણમાં બધી એવી સૂક્ષ્મ વાતો ... છે. એ સૂક્ષ્મ વાતો છે. સામાન્ય પાત્રતામાં ભવી છે એમ ખ્યાલ આવે પણ જેને સ્વભાવ સાંભળીને અવ્યક્તપણે સ્વભાવ રુચે, હજી નિર્ણય થઈને વ્યક્ત રુચિ પ્રગટ ન થઈ હોય પણ કોઈ યોગ્યતા વશ પોતાને ખબર ન હોય પણ સ્વભાવની વાત આવે, સ્વભાવ સાંભળે તો એકદમ રુચે એને. એની રુચિને બહુ પુષ્ટિ મળે. તો સ્વભાવની રુચિવાળાને 'ગુરુદેવ' એમ કહેતા કે રુચિથી સ્વભાવ સાંભળે એને તો અંદરથી મોક્ષનો ભણકાર આવે. મારી મુક્તિ હવે થઈ જશે, હવે હું છૂટી જઈશ, હવે હું મુક્ત થઈ

જઈશ. હવે મને સંસાર નથી અથવા અલ્પ સંસાર છે. એવો અંદરથી મોક્ષનો ભણકાર આવે. 'ગુરુદેવશ્રી'ના પ્રવચનમાં આ બધી વાતો આવી છે. બહુ શરૂઆતના પ્રવચનો વાંચો આત્મધર્મમાં તો એ બધી વાતો આવી ગઈ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બધા પ્રવચન ... આત્મધર્મ તો એથી પહેલાં ઘણાં વર્ષ પહેલાં શરૂ થયા છે.

**'જીવને અનાદિ કાળથી જે બાહ્ય વૃત્તિ છે...'** આ તો આમાંથી લીધું છે. **'તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય.'** અથવા બધા જીવોને બહારમાંથી ઉખડીને અંદરમાં આવવાનું બને જ નહિ. સર્વો જીવો સંસારમાં પરિભ્રમણ કરતા જ રહે. કોઈ જીવની મુક્તિ ન થાય. એક પણ જીવની મુક્તિ થાય છે એ બતાવે છે કે વિભાવ મર્યાદિત છે. અભવીની વાત અભવીના ઘરે રહી. પણ એક પણ જીવની જો મુક્તિ થાય છે તો એ વાત સ્પષ્ટ છે કે જીવને વિભાવની મર્યાદા છે, જ્યારે સ્વભાવની મર્યાદા નથી.

એક એક કરતા અનંતા જીવો વિભાવ છોડે છે. જ્યારે સ્વભાવમાં આવેલા સિદ્ધ પરમાત્માઓ અનંતા થાય છે એમાંથી અનંત કાળે એક પણ સિદ્ધદશાને પ્રાપ્ત જીવ સિદ્ધદશાને છોડીને, અમર્યાદિત સિદ્ધદશાને છોડીને કદી એક પણ સંસારમાં આવતો નથી. એ અમર્યાદિત છે. અહીંયાં તો Logic લીધું છે કે જો મર્યાદા ન હોય તો કોઈ પાછો જ વળી ન શકે અને સદાય બહારમાં જ બધાને રોકાવું પડે. પણ અનંતા જીવો એ રીતે પોતાના વિભાવને સમાપ્ત કરીને સ્વભાવમાં રહે છે અનંત કાળ સુધી. એ સ્પષ્ટ કરે છે સ્વભાવની અનંતાને.

**'અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે.'** અથવા **'આત્મા અગાધ શક્તિનો ભરેલો છે.'** આત્માની શક્તિને કોઈ તળિયું નથી. એ વિષય પણ એકવાર 'ગુરુદેવશ્રી'એ એ રીતે લીધેલો. ભૂગોળનો વિષય જેમ પ્રશ્ન પૂછે એમ પ્રશ્ન પૂછ્યો કે આ સમુદ્ર છે એ કેટલો ઊંડો હોય? ભૂગોળ જેને યાદ હોય એને તો ખ્યાલ હોય. આપણે ભણી ગયેલા એટલે જવાબ આપ્યો કે સાડા પાંચ-છ માઈલ મોટા મોટા જે સમુદ્ર છે આપણાં આ પૃથ્વીના જ્યાં આપણે આવીએ જઈએ છીએ, ત્યાં તો સાડા પાંચ-છ માઈલથી વધારે ઊંડાઈ નથી. આ બાજુ સૌથી એવરેસ્ટનો શિખર છે તેની સાડા પાંચ-છ માઈલની ઊંચાઈ છે. ખાડા અને ટેકરો. પૃથ્વાની સપાટી ઉપર જે ખાડા-ટેકરા છે એમાં વધારેમાં વધારે ઊંડો ખાડો સાડા પાંચ-છ માઈલનો છે. ઊંચામાં ઊંચો ટેકરો સાડા પાંચ-છ માઈલનો છે. આ ડુંગરા છ માઈલ. બસ! એની મર્યાદા ત્યાં આવી ગઈ. ત્યાં એની

મર્યાદા આવી ગઈ. કહેવાય એમ કહે કે સમુદ્રમાં અગાધ છે, અગાધ છે. માઈલો સુધી ગયો હોય. પણ માઈલો એટલે? મોટામાં મોટો સમુદ્ર. ... સમુદ્ર એટલા ઊંડા નથી. આપણે હિન્દુસ્તાનની આજુબાજુ બંગાળનો સમુદ્ર છે. પેલા મોટા મહાસાગર કહેવાય છે. એટલાન્ટિક. અંગ્રેજીમાં એના જુદાં જુદાં નામ કહે છે, Arabian sea કહેવાય. Sea-સમુદ્ર. એ સાડા પાંચ-છ માઈલ છે. એના ઉપરથી પોતે કહ્યું કે સમુદ્રને સાડા પાંચ-છ માઈલે તળિયું આવે છે. આ જ્ઞાન આનંદાદિ સ્વભાવને કોઈ તળિયું નથી.

ગમે તેટલો ઉપયોગ નીચે જાય અનંત જ્ઞાનમાં જ્ઞાનમાં અનંતા છે. એ માપે છે ગુણસ્વભાવને કેટલું જ્ઞાન સ્વભાવમાં છે? કેટલો આનંદ સ્વભાવમાં છે? અને કેટલો અસ્તિત્વ સ્વભાવ છે? ટકવાપણું, સદાય ટકવાપણું કેટલું છે? કોઈ હદ નથી. અસ્તિત્વ સ્વભાવની હદ નથી, પ્રભુત્વ સ્વભાવની હદ નથી, વેદક સ્વભાવની પણ હદ નથી. એટલે તો શરીરના મૃત્યુ પર્યંતના વેદનને પણ છોડી શકાય છે, એક સ્વભાવના સ્વસંવેદનના આશ્રયે. એનો આશ્રય હોય તો મૃત્યુનું વેદન ...

એવા પ્રસંગો બને છે કે મુનિરાજને ઘાણીમાં નાખીને જેમ તેલ કાઢે ઘાણીમાં એવી રીતે સીધું માથું નાખે અંદર ઘાણીમાં. ઉપસર્ગ આપે તો એટલી હદ સુધી. પરિણામ તો કેટલા તીવ્ર થાય એ જુદી વાત છે. છતાં એની મર્યાદા લીધી છે. નિગોદમાં જાય છે, અનંત કાળ પર્યંત રહે છે. પણ અહીંયાં મુનિની અમર્યાદિત સ્થિતિ છે. માથાનો કૂરચો બોલી જાય અને કેવળજ્ઞાન થાય. સ્વસંવેદનમાં પડેલા છે એ સ્વસંવેદનમાં ને સ્વસંવેદનમાં આનંદના ઘૂંટડા પીતા... પીતા... પીતા... પરમાનંદનો સીધો અંદરથી સમુદ્ર ફાટે છે. એને દુઃખનો અવાજ પણ ન થાય. બીજાને ચીસ પડી જાય, જોનારને ચીસ પડી જાય. ... કેમ? કે સ્વભાવની કોઈ મર્યાદા નથી. એ પણ મર્યાદિત વાત છે. કે બહુ બહુ તો દેહ છૂટે, પ્રાણ છૂટે એટલી પ્રતિકૂળતા આવે. એ એની ઉદયની મર્યાદા છે. સ્વભાવની? એનાથી સ્વભાવનું માપ નીકળે નહિ. આટલી સહનશક્તિ આટલી બધી છે એટલું જ માપ છે કે નહિ? નહિ એ તો કાંઈ નહિ. સ્વસંવેદનનું માપ સ્વરૂપ એકાગ્રતાનું માપ, સ્વરૂપસ્થિરતાનું માપ એનાથી નીકળતું નથી. બહારના ઉદય મપાઈ જાય છે. આત્માનો સ્વભાવ એનાથી મપાતો નથી. આવા પ્રસંગો ભૂતકાળમાં બનેલા છે. અને એ રીતે આત્માની શકિતને પ્રસિદ્ધ કરેલી છે સાધકોએ, સિદ્ધ કરેલી છે.

એમ કહે છે, '**અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ શક્તિનો ભરેલો છે.**' અનંત આનંદ અને અનંત જ્ઞાન અનંત કાળથી એમાંથી પ્રવાહરૂપે પ્રગટ થયા કરે તોપણ જેને ઘસારો લાગતો નથી. ખૂટી જવાનો તો પ્રશ્ન નથી. ક્યારેય જ્ઞાન

અંદર ખૂટશે? અહીંયાં પ્રતીતિ થાય એવો વિષય છે કે કોઈ દિવસ ગમે તેટલું માણસ વાંચે અને ગમે તેટલું બહારના પદાર્થનું જ્ઞાન સંગ્રહાય ક્ષયોપશમ જ્ઞાનમાં, આ તો બાહ્ય જ્ઞાન છે, તો ક્યારેય જ્ઞાનમાં ગડદી થાય છે ?

એવા આ Provision store ને એવા બધા Store હોય છે કે જેની અંદર દસ-દસ હજાર વીસ-વીસ, ત્રીસ-ત્રીસ હજાર ચીજ હોય છે. હવે પદ્ધતિ થઈ કે Catalogue થી ભાવ જોવે છે. આ Motor parts વાળા ને દવાવાળા. વીસ હજાર, ત્રીસ હજાર ચીજો હોય બધાનો જે પૂછે એનો ભાવ કહે. કોઈનો વજનથી કહે, કોઈનો માપથી કહે, કોઈનો લીટરથી કહે, કોઈનો નંગથી કહે, કોઈનો ડઝનથી, કોઈનો સો નંગથી કહે, કોઈનો એક નંગનો ભાવ હોય. બધાયનું જુદું જુદું... પૂછો કે, આનો? તો કહે, આ ભાવ. ક્યારેય અંદર જ્ઞાનમાં (ગડદી થતી નથી). આ તો મતિ-શ્રુતનું મર્યાદિત ક્ષયોપશમ જ્ઞાન છે તોપણ એની ધારણાશક્તિમાં ગડદી નથી કે હવે નહિ સમાય. હવે નવી ચીજ લાવશો ને તો ભાવની ખબર નહિ રહે. એવું કોઈ વેપારીને લાગતું નથી. ગમે તેટલી નવી ચીજ લાવ્યા કરે. એને એ બધું જ્ઞાનની અંદર આવી જાય છે. આ તો એક સામાન્ય ધારણા જ્ઞાન છે. એ તો પાંગળુ જ્ઞાન ગણવામાં આવ્યું છે. એ પાંગળા જ્ઞાનની જો આટલી શક્તિ છે... આ મોટી મોટી શોધ થાય છે ને. અવકાશમાં જે યાન જાય છે એ બધો મતિ-શ્રુતજ્ઞાનનો જ વિષય છે. એ તો વિપરીત બાહ્ય પદાર્થ આશ્રિત બાહ્ય ઉઘાડના જ્ઞાનનો વિષય છે. પણ ફોટા લેવા સુધીનું બધું ગણિત, ક્યાં ઉતરશે? કેટલા વખતે ઉતરશે? કેટલું ઊંચે જાશે? એની બધી અંદરની ગોઠવણીનું ગણિત પાંગળા જ્ઞાનમાં આવે છે. આ તો પાંગળું જ્ઞાન છે. વિસ્મૃત થઈ જશે. કોઈને તો તે ભવમાં વિસ્મૃતિ આવે છે મૃત્યુ પહેલાં પહેલાં તો કોઈને મૃત્યુ પછી તરત વિસ્મૃત થઈ જાય. અને એ તો બધા સામાન્ય રીતે તિર્યંચમાં જતા હોય છે એને તો સ્મૃતિ રહેવાનો સવાલ જ નથી. એને તો જ્ઞાનાવરણીના જ્ઞાનનો દુરુપયોગ થયો ઉઘાડનો. એવા બંધ પડે છે કે સહેજે તિર્યંચમાં ચાલ્યા જાય છે. ત્યાં તો ઉઘાડ એકદમ ઘટી જાય છે.

મુમુક્ષુ :- સ્વભાવના સંસ્કાર

પૂજ્ય ગુરુદેવશ્રી :- સ્વભાવના તો સંસ્કાર એને જાગૃતિમાં લાવીને સમ્યગ્દર્શન ને અનુભવ ને મોક્ષ સુધી પહોંચડાવાનું (કામ કરે છે). સ્વભાવના સંસ્કાર તો ક્યારેય મટે નહિ. એક વખત સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું તે જીવ ચ્યુત થાય, અર્ધપુદ્‌ગલ પરાવર્ત એટલે અસંખ્ય અબજ વર્ષ એની અંદર ... નિગોદમાં જાય. અત્યારે નિગોદમાં સાદિ મિથ્યાદૃષ્ટિ એવા, ફરીને મિથ્યાદૃષ્ટિ (થયા હોય), સાદિ મિથ્યાદૃષ્ટિ અનંતા જીવો છે. અનંતા જીવો છે. અર્ધ પુદ્‌ગલ પરાવર્તનમાં ક્રમશઃ ... કેમ? કે એને અંદરમાં સંસ્કારનું

બીજ છે એ કદી બળતું નથી. આ અમર્યાદિત સ્વભાવનો Power કેટલો અમર્યાદિત છે એનું વિશ્લેષણ છે. એકવાર Touch કરી ગયો-સ્પર્શ કરી ગયો સ્વભાવને, આનંદને ભોગવ્યો (એટલે) ખલાસ. એ જીવ અનંત સંસાર કદી પણ રખડે નહિ, કદી પણ એનું અનંત સંસારનું પરિભ્રમણ હોય શકે નહિ. એ દ્રવ્ય જ બદલાઈ ગયું. ભલે નિગોદને લાયક પરિણામ થઈ જાય તોપણ પાછો ફરશે. ક્યાંય એને શાંતિ અને આનંદ નહિ મળે અને સ્વભાવ અને આનંદની શાંતિનો પ્રયત્ન પુરુષાર્થ ઉપાડીને અનુભવમાં આવ્યા વિના રહેશે નહિ.

મુમુક્ષુ :- સાદિ મિથ્યાદૃષ્ટિ એટલે?

પૂજ્ય ગુરુદેવશ્રી :- સાદિ એટલે આદિ થઈ. ફરીને મિથ્યાદર્શન થવાની શરૂઆત થઈ. સંસારમાં પરિભ્રણ કરતા બીજા જીવોને અનાદિ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. મિથ્યાદૃષ્ટિના તે અપેક્ષાએ બે પ્રકાર છે. સાદિ મિથ્યાદૃષ્ટિ અને અનાદિ મિથ્યાદૃષ્ટિ. આ સાદિ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. ફરીને એને શરૂઆત થઈ. એને નવું શરૂ થયું. વચ્ચે એને તૂટી ગઈ શ્રૃંખલા મિથ્યાત્વની. વળી પાછું સાંધ્યું પણ એ સાંધેલું ટકતું નથી. જેમ સાંધો એ વાંધો એમ કહેવાય છે. સાંધો ટકતો નથી. અખંડ તે અખંડ. એમ એ સાંધેલું છે એ ટકી શકશે નહિ. કેમ કે સ્વભાવ અમર્યાદિત છે, એની શક્તિ અમર્યાદિત છે, એનું જોર અમર્યાદિત છે.

સ્વભાવ જોવાવાળાને એની અમર્યાદિતતા જ ખ્યાલમાં આવે છે. એનો ખ્યાલ એને જ્યારે આવે છે ત્યારપછી એને ક્યાંય દીનતા થવાનો પ્રશ્ન રહેતો નથી. પોતાની ગુણની સંપત્તિ એટલી જોવે છે. એ સંપત્તિ સાથે જગતની બધી સંપત્તિ, આખું જગત તૃણવત્ છે. જગતમાં પાંચ ઈન્દ્રિયના વિષયની વિવિધતા વૈવિધ્ય છે એ પણ ઘણી બહુલતાએ છે, એની વિશાળતા પણ ઘણી છે તોપણ એ બધું એક તણખણાને તોલે એક Second માં મૂકી દે છે. આવી એક તુલના થઈ જાય છે. એવો સ્વભાવ તો અમર્યાદિત જ છે અને સાધક જીવને એ જ પોતાનું સર્વસ્વ છે. એ જ એનું સર્વસ્વ છે. બીજું? તો બીજું આખું જગત એને માટે કાંઈ નથી. કોઈની એને કિંમત નથી સ્વભાવ આગળ, એટલી સ્વભાવની કિંમત છે અને તેથી એનો મહિમા અને એનો રસ મટાડ્યો મટતો નથી.

એટલે બીજી ભાષામાં, બીજી રીતે તે જ્ઞાની ઉપર એક દૃષ્ટિપાત કરવામાં આવે છે, જ્ઞાનીના પરિણમન ઉપર એક દૃષ્ટિપાત કરવામાં આવે છે સંક્ષેપમાં તો એમ જ જોવામાં આવે છે કે જ્ઞાનીઓ એટલે સ્વભાવરસમાં ડૂબેલા જીવો. એ સ્વભાવરસમાં ડૂબેલા છે. એની દુનિયા એ એનો સ્વભાવ છે. એનું નગર, એનું નિવાસસ્થાન, એનો

મહેલ જે એને ઉપમા આપો એ એનો સ્વભાવ છે. અને એના રસમાં એ ડૂબેલા છે.

એટલે કોઈવાર એવું પણ કહેવાય છે કે આહાર લે તો કહે સ્વાદ લેતા હશે કે નહિ લેતા હોય? તીખો, ખાટો, ખારો જેનો સ્વાદ લેવાનો હોય. આનંદનો સ્વાદ લે છે. આહાર લેતા લેતા પણ નિરાકુળતા અને આનંદનો સ્વાદ લે છે. નિત્યાનંદ ભોજી. નિત્ય આનંદરસના ભોજી છે. એનું એ ભોજન કરે છે. એ ખરેખર આહાર લેતા નથી એમ પછી એને કહેવામાં આવે છે. લેતા હોય તો લેતા નથી, ખાતા હોય તો ખાતા નથી. કેમકે એનું લક્ષ નથી એના ઉપર, સ્વાદ ઉપર એનું લક્ષ નથી. એ બધું સ્વભાવની અગાધ શક્તિને દર્શાવવા માટે અનેક રીતે સાધકની અવસ્થાથી એને જેટલી મર્યાદામાં કહી શકાય એટલી મર્યાદામાં કહેવામાં આવે છે. પૂરેપૂરું તો કહેવાનું શબ્દનું પણ સામર્થ્ય નથી. (અહીં સુધી રાખીએ..)

**પ્રશસ્ત રાગ ભક્તિનું બહિરંગ છે, 'સત્'નું જ્ઞાન ભક્તિનું અંતરંગ છે, જેનાથી જગત અજાણ છે. - આ રહસ્ય સારભૂત છે. રાગ હેય છે અને ઉક્ત જ્ઞાન ઉપાદેય છે. જે મુમુક્ષુને સમકિતનું કારણ છે, તેમજ સર્વ સાધકને વિશેષે કરીને વર્તે છે. ( કૃપાળુ દેવ) ('અનુભવસંજીવની' બોલ નં.૨૩૫)**

**સત્પુરુષની ઓળખાણ થાય છે, ત્યારે તેમના હૃદયમાં બિરાજમાન પરમાત્માના દર્શન, મુમુક્ષુ જીવના જ્ઞાનનેત્રને થાય છે, જેથી અંતરંગ ભક્તિ પ્રગટ થાય છે. આ કારણથી નિજ પરમાત્માના દર્શનને યોગ્ય ભૂમિકાની પ્રાપ્તિ હોય છે. આ પ્રકારે 'સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ' સહજ ઊપજે છે; જે અધ્યાત્મમાર્ગનું મૂળ રહસ્ય છે, જે સત્-પ્રાપ્તિનું નિયમથી કારણ છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૨૩૬)**

**તા. ૧૬-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૮૨,૨૮૩**
**પ્રવચન નં. ૨૨૦**

**આ જે બહારનો લોક છે તેનાથી ચૈતન્યલોક જુદો જ છે. બહારમાં માણસો દેખે કે 'આણે આમ કર્યું, આમ કર્યું' પણ અંદરમાં જ્ઞાની ક્યાં રહે છે, શું કરે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે. બહારથી જોનાર માણસોને જ્ઞાની બહારમાં કાંઈક ક્રિયાઓ કરતા કે વિકલ્પોમાં જોડાતા દેખાય, પણ અંદરમાં તો તેઓ ક્યાંય ઊંડે ચૈતન્યલોકમાં વિચરતા હોય છે. ૨૮૨.**

'બહેનશ્રીના વચનામૃત'. ૨૮૨. પાનું-૯૫. જ્ઞાનદશાની વિશેષતા કહે છે. મોક્ષમાર્ગમાં પ્રવેશ કરનાર ધર્માત્મા અનેક ગુણથી વિભૂષિત છે. સ્વાનુભવમાં આત્માના અનંત ગુણ પ્રગટ થયેલા છે તેથી સત્‌શાસ્ત્રોમાં ધર્માત્માની દશાને અનેક ગુણોથી જોવામાં આવે છે અથવા અનેક પડખેથી વર્ણન આવે છે.

અહીંયાં ઉદયમાં ઉપયોગ જોડાયેલો હોય તોપણ જ્ઞાનીની મૂળ અંતરંગ દશા કેવી હોય છે એ પડખું લીધું છે. ત્યાર પછી પણ પોતાની શક્તિઓનું અને સ્વરૂપનું જેને ભાન છે એવા જ્ઞાનીને અવસ્થાનો વિવેક પણ સમ્યગ્જ્ઞાનમાં કેટલો, કેવા પ્રકારે હોય છે (એ) વિવેકના પડખાંથી વર્ણન છે. ત્યારપછી પુરુષાર્થના પડખાંથી વર્ણન છે. એમ અનેક ગુણોથી, અનેક પડખેથી જ્ઞાનદશા વર્ણવવામાં આવે છે. એટલા માટે કે એવી દશા પ્રગટ કરવાના જે અભિલાષી છે એવા મુમુક્ષુને એ દશાનું અનુકરણ કરવાનો પુરુષાર્થ જાગૃત થાય અથવા પ્રેરણા મળે.

એમ કહે છે કે '**આ જે બહારનો લોક છે તેનાથી ચૈતન્યલોક જુદો જ છે.**' બહારનો લોક એટલે આ જગત. બહારનું જે જગત છે એને લોક કહેવાય છે અને આત્માના સ્વરૂપને પણ લોક કહેવાય છે. આત્માના સ્વરૂપને શાસ્ત્રમાં ચૈતન્યલોક કહ્યો છે. મૂળ તો સંસ્કૃત શબ્દ છે. 'लोक्यंते इति लोकः' 'लोक्यंते' જેમાંથી દેખવામાં આવે છે, જોવામાં આવે છે, આલોકવામાં આવે છે. એના વિષયને પણ લોક કહ્યો. ખરેખર તો ચૈતન્યલોક જ આત્મા છે. કેમકે એ પોતે જાણે-દેખે છે. પછી જે એનો વિષય થાય છે એવું જે જગત એને પણ લોક કહેવામાં આવે છે.

રૂઢિગત રીતે લોકો સમાજને લોક કહે છે. લોક આમ છે, તેમ છે સમાજને. રૂઢિ

અર્થ છે. એટલે રૂઢિ અર્થને અનુસરીને કહે છે કે બહારનો જે લોક છે એ જગતથી ચૈતન્યલોક જુદો છે. ચૈતન્યલોક એટલે આત્મા. આત્મામાં પણ આત્માનું એક જગત છે, અનંત ગુણોની એ વસ્તિ છે એમાં. લોકમાં મનુષ્યોની વસ્તી સંખ્યાત્ અથવા અસંખ્યાત્ બે રીતે જોવામાં આવે છે. અહીંયાં આવાગમન કરીએ છીએ એ જગત સંખ્યાત છે. છએક અબજ જેટલું. છસ્સો કરોડ જેટલું. પણ મનુષ્યની વસ્તિ આખા મનુષ્યલોકની અસંખ્યાત્ પ્રમાણ છે.

એનાથી સંખ્યાએ અનંત શક્તિઓની-ગુણોની સંખ્યા છે એવો જે ચૈતન્યપ્રદેશ, ચૈતન્યદેશ એ લોક તદ્દન જુદો જ છે. જુદો છે એટલે એમાં એનું કોઈ નથી. આખા લોકમાં મારા આત્માનું કોઈ નથી. મારું કોઈ નથી. આમ જુએ છે. આત્માને જોનાર જગતને એ દૃષ્ટિએ જોવે છે કે આખા જગતમાં મારું કોઈ નથી. કુટુંબ, પરિવાર, સમાજ, દેશ, ગામ, નાત, જાત, સંપ્રદાય કોઈ આત્માનું નથી. ખુદ દેહ પણ આત્માનો નથી. તો દેહના સગા અને બીજા સંબંધીઓ જેના વાળો કહેવાય છે. ફલાણાં પ્રાંતવાળો, ફલાણાં દેશવાળો, ફલાણાં ગામવાળો, ફલાણી નાતવાળો એ તો રહેતો નથી. જુદો જ છે એટલે પોતાનું કોઈ નથી. સર્વથી સર્વ પ્રકારે સદા-સર્વદા પોતે જુદો જ છે. ભિન્ન જ છે. પણ ભિન્ન છે-જુદો છે, બધાથી એટલે લાચાર છે એમ નથી. કોઈની પણ પરાધીનતાની જેને જરૂર નથી, કોઈના આશરાની જરૂર નથી, આશ્રયની જરૂર નથી, કોઈની મદદની જરૂર નથી, કોઈની કાંઈ પ્રકારે જરૂર નથી એવો છે. એવું જ્ઞાનીને પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં સતત જ્ઞાન-ભાન રહે છે એ જ્ઞાનદશાનું અહીંયાં વિવરણ છે.

એવા જ્ઞાનીને '**બહારના માણસો એમ દેખે કે આણે આમ કર્યું,...**' અને તેમ કર્યું. કોઈ એને રાગનું નિમિત્ત માને છે, કોઈ એને દ્વેષનું નિમિત્ત પણ સમજે છે. પણ ખરેખર કોઈને રાગ થાય એવા કાર્યના એ કર્તા નથી, કોઈને દ્વેષ થાય એવા કાર્યના પણ એ કર્તા નથી. ભ્રાંતિગત એવા લોકોને એ રાગ-દ્વેષના નિમિત્તપણે ક્યારેક દેખાય છે એમાં તે જ્ઞાનીનો પૂર્વકર્મનો તે પ્રકારનો ઉદય હોય છે. પોતે વર્તમાનમાં તે ઉદયથી ભિન્ન પડેલા છે. પોતે તો વર્તમાનમાં જ તે ઉદયથી ભિન્ન પડી ગયા છે. એને ખરેખર ઉદય પોતાનો નથી. ઉદયનો સરવાળો આખો ભવ થાય એ પણ પોતાનો નથી. પછી તો એને લોકો ગમે તે અભિપ્રાય બાંધે છે એની સાથે એને સંબંધ રહેતો નથી.

લોકોના અભિપ્રાય પ્રમાણે તો તે લોકો ચાલે છે કે જેને લોકસંજ્ઞા છે, જે લોકસંજ્ઞાને વશ પડેલા છે. જેને 'શ્રીમદ્જી' હળાહળ ઝેર કહે છે. લોકસંજ્ઞાને હળાહળ ઝેર કહે છે. જ્ઞાની કોઈના અભિપ્રાય સામે જોતા નથી. બહારમાં માણસો બાહ્ય દૃષ્ટિથી

એમ દેખે છે કે '**આણે આમ કર્યું. આણે આમ કર્યું. પણ અંદરમાં જ્ઞાની ક્યાં રહે છે, શું કરે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે.**' પોતે પોતાના સ્વરૂપમાં રહે છે. પોતાના સ્વભાવમાંથી પોતે ક્યાંય પણ વિચલિત થતા નથી. સ્વભાવ સ્વરૂપે સદાય એમ ને એમ રહે છે. અને પોતાના સ્વરૂપ પરિણામને જ કરે છે. જ્ઞાતા-દૃષ્ટા પરિણામને જ કરે છે. રાગાદિમાં પણ કર્તાપણું નહિ હોવાથી રાગના એ કર્તા નથી એમ કહેવાય છે. તેથી તે પોતે શું કરે છે અને શું નથી કરતા એ પોતે જ જાણે છે. જગતના અભિપ્રાયને અને પોતાના અભિપ્રાયને મેળ ખાય એવું નથી. જગત એમ માને છે કે આ કર્તા-હર્તા છે અને કરે છે. પોતે કર્તા-હર્તા મટી ગયા છે. ઉલટો-સુલટો બે વચ્ચે ફેર છે.

'સોગાનીજી' લખે છે એક જગ્યાએ કે ઉપયોગ રહિત ચક્ષુની પ્રવૃત્તિ જેવી હોય છે એવી જ્ઞાનીની પ્રવૃત્તિ હોય છે. ઉપયોગ રહિત ચક્ષુ એટલે શું? કે ખુલી આંખે જોવે પણ એનો ઉપયોગ ક્યાંક બીજે હોય. આંખ ખુલ્લી હોય અને ખુલ્લી આંખ તો કોઈને કોઈ બાજુ તો કોઈને કોઈ દિશામાં તો ખુલ્લી હોય જ. તો સામે કોઈપણ જ્ઞેય હોય એને બીજો કોઈ મનુષ્ય હોય તો એને એમ લાગે કે આ મારી સામે જોવે છે. એનો ઉપયોગ બીજે હોય. એ ઉપયોગ રહિત ચક્ષુમાં જેમ સામેનો પદાર્થ દેખાતો હોવા છતાં દેખાતો નથી. એમ જ્ઞાનીને બીજી ક્રિયા ઉપયોગ રહિતપણે એટલે સાવધાની રહિતપણે થતી હોવાથી અને સ્વરૂપમાં સાવધાન રહીને થતી હોવાથી એ ઉપયોગ રહિત ચક્ષુ જેવી ક્રિયા છે.

મુમુક્ષુ :- બહુ મેળવાળી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે દૃષ્ટાંત લીધો છે.

મુમુક્ષુ :- જ્યારે દર્શન કરતા હોય ત્યારે એમ જ લાગે કે .. સામે જોતા જ નથી, આંખ આપણી સામે હોય અને આપણને એમ લાગે કે આ ક્યાંક બીજે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બીજે હોય છે. જ્ઞાનદશા એવી હોય છે. લોકોને એમ થાય કે આણે આમ કર્યું, તેમ કર્યું પણ એનો ઉપયોગ નથી એમાં. ઉપરછલ્લા પરિણામ, ઉપર છલ્લા કોઈ ભાવ કોઈને કોઈ કાર્યમાં નિમિત્ત પડી જાય છે અને એમાં એની સાવધાની નથી. અને સાવધાની નહિ હોવાથી એને કર્તા-હર્તા ગણવામાં આવતા નથી. અથવા પરપદાર્થના જગતના કોઈ કાર્ય કરી શકવાનો કે કરવાનો જેનો અભિપ્રાય ખલાસ થયો છે. ફક્ત પોતાની અશક્તિના કારણે રાગાદિ વિભાવ પરિણામ ઊપજે છે તોપણ એમાંથી જેણે પોતાનું અસ્તિત્વ ખેંચી લીધું છે, ખલાસ કર્યું છે. અસ્તિત્વ શૂન્ય થઈને પ્રવર્તે છે.

એવા ધર્માત્મા '**અંદરમાં ક્યાં રહે છે, શું કરે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે.**'

એટલે તો ૪૧ પ્રકૃતિનો એને બંધ નથી લીધો. ૪૧ પ્રકૃતિનો એને બંધ નથી. કેટલીક પ્રકૃતિ તો એવી છે કે જે અમુકને જ હોય છે. કોઈ મુનિને જ હોય, કોઈ તીર્થંકર દ્રવ્યને જ હોય, કેવળજ્ઞાનાદિ શુક્લધ્યાનની અંદર જ એ હોય, બીજે ન હોય. એટલે અમુક પ્રકૃતિ તો અમસ્તી પણ સાધારાણ જીવોને નથી હોતી. પણ જે આકરા પરિણામથી કર્મબંધ થાય અથવા જે નીચ ફળને દેવાવાળા જે કર્મો છે–નરકયોનિ, નિગોદ, પછી સ્ત્રી પર્યાય, નપુંસક પર્યાય એ બધા જે હિન ફળો છે એવા તો પરિણામ એને કદી થતા નથી. એનું કારણ શું? કે એને એવા ભાવ ચાલ્યા ગયા છે, એ ભાવનો ઉદય નથી. એ ભાવ એને ઉત્પન્ન થતા નથી.

એટલે '**અંદરમાં ક્યાં રહે છે, શું કરે છે, તે જ્ઞાની પોતે જ જાણે છે.**' દુષ્ટમાં દુષ્ટ કર્મોનો જેણે નાશ કર્યો એવા પરિણામની મર્યાદામાં આવ્યા. તેથી બહારમાં અવિરત ગુણસ્થાન હોવા છતાં જ્ઞાનીને સંયમી કહેવામાં આવે છે અને દ્રવ્યલિંગીને ભાવલિંગ જેટલો બાહ્ય સંયમ હોવા છતાં એને અસંયમી કહેવામાં આવે છે. આ વ્યાખ્યા કરી છે ભગવાન 'કુંદકુંદચાર્યે' 'અષ્ટપાહુડ'ની અંદર. દ્રવ્યલિંગીને અસંયમી કહ્યા છે. અને ત્યાં સમ્યગ્દષ્ટિને એમ કહ્યું છે, સમ્યગ્દષ્ટિને ભલામણ કરી છે કે '**अस्संजदं ण वन्दे**' અસંયત છે. આવા દ્રવ્યલિંગીને તું વંદન કરીશ નહિ અથવા એનો તું સંગ કરીશ નહિ. પછી એ વાતને નહિ સમજનારા ઘણાં અહીંયાં લગાડે છે ચોથા ગુણસ્થાને જ્ઞાની અસંયમી છે માટે એને વંદન–નમસ્કાર ન કરાય. એવું લગાડે છે. એ વાત ક્હેવા માગતા નથી.

જેણે શુદ્ધોપયોગની સ્થિરતા પ્રગટ કરી એ શુદ્ધોપયોગની સ્થિરતાને પરમાર્થ સંયમ કહેવામાં આવે છે અને જેને પરમાર્થ સંયમ છે એને સંવર છે. એને સંવર છે, એને વ્યવહારસંયમ છે. એમ છે ખરેખર. પછી એ સંયમના વ્યવહાર–નિશ્ચયના સયંમના ભેદ ચોથા ગુણસ્થાને કેટલો? પાંચમે ગુણસ્થાને કેટલો? છઠ્ઠા–સાતમા ગુણસ્થાને કેટલો? એ ત્યારપછી એના ભેદો જોવામાં આવે છે. પણ છે એના ભેદો છે, છે એના પ્રકારો તારતમ્ય ભેદને લઈને છે. નથી એને એ પ્રશ્ન લાગુ પડતો નથી.

મુમુક્ષુ :– એના વચનોમાં સંયમ આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– પરમાર્થ સંયમ કહે છે એને. સ્વરૂપમાં લીન થયા એટલે સમ્યક્ પ્રકારે યમ થઈ ગયો, યમ થઈ ગયો એટલે વિકારનો નાશ થઈ ગયો. સંયમમાં વિકારનો નાશ છે. અને વીતરાગતા પ્રગટ થઈ છે. સંયમ સમ્યક્ પ્રકારે યમ થઈ ગયો. એ પરમાર્થ સંયમ ત્યાં પ્રગટ્યો. જેને પરમાર્થ સંયમ હોય એને વ્યવહાર સંયમ હોય. કેમ કે નિશ્ચય અને વ્યવહાર એકસાથે જન્મે છે. ધ્યાનદશામાં જ વ્યવહારની ઉત્પત્તિ થઈ જાય છે. જ્યારે નિશ્ચયની ઉત્પત્તિ થાય છે ત્યારે જ વ્યવહારની ઉત્પત્તિ થઈ જાય છે.

મુમુક્ષુ :- જેટલી સ્થિરતા એટલો સંયમ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલો સંયમ. જેટલી સ્થિરતા એટલો સંયમ. જેટલી લીનતા એટલો સંયમ. જેટલી પરિણતિ એટલો સંયમ. જેટલો શુદ્ધોપયોગ એટલો સંયમ. શુદ્ધતા એટલો સંયમ. અશુદ્ધતા એટલો અસંયમ. પછી બહારમાં સંયમરૂપ હોય તો એને વ્યવહારસંયમ કહે છે પણ પરમાર્થે તે અસંયમ છે.

મુમુક્ષુ :- યમની પરિભાષામાં જ ભૂલ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો બહુ સ્પષ્ટ કર્યું છે, 'સર્વાર્થસિદ્ધિ'ની ટીકામાં, 'ગોમ્મટસાર' આદિની ટીકામાં બહુ સ્પષ્ટ કર્યું. સમ્યક્દૃષ્ટિને સંયમ છે અને એનું વિવરણ આપીને કેટલી પ્રકૃતિઓનો એને સંયમને લઈને સંવર થાય છે એનું વર્ણન ત્યાં વિસ્તારથી ભેદ-પ્રભેદથી આપે છે. કેમકે આમ ટૂંકામાં કહે તો ઘણાંને નથી સમજાતું. અવિરત સમ્યગ્દૃષ્ટિ છે, એના પરિણામ ક્યાં જાય છે? એ અંદરમાં શું થાય છે અને શું કરે છે એની બાહ્યદૃષ્ટિથી ખબર પડતી નથી. પ્રસ્તુત વિષય એ છે.

મુમુક્ષુ :- સંયમની સાથે અવિરત લગાડ્યું. સંયમ તો છે જ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો છે જ. જે પંચમ ગુણસ્થાને વ્રતાદિ હોય છે તે આ સંયમમાં નથી હોતા. નીચેના ગુણસ્થાનનો જે સંયમ છે એમાં વ્રતાદિરૂપ જે સંયમ છે એ નથી. એટલી સ્થિરતા પણ નથી હોતી એમ કહેવું છે. પરમાર્થે એટલી સ્થિરતા નથી કે વ્યવહારે એટલા વ્રતાદિ નથી. એ વ્રતાદિ એટલે શું છે કે એ ભાવ ઉત્પન્ન ન જ થાય. એ તો મિથ્યાદૃષ્ટિ પણ વ્રતાદિ પાળે અને સમ્યગ્દૃષ્ટિ પણ વ્રતાદિ પાળે પણ એ કાંઈ સંયમ નથી. ગુણસ્થાન પ્રગટ થાય તો સંયમ છે. એમ છે.

કોઈ સમ્યગ્દૃષ્ટિ મુનિદીક્ષાધારી હોય એટલે કે કાંઈ એ સંયમી છે એમ નથી. એને અવિરત ગુણસ્થાન જ લાગુ પડે છે. બહારના પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ૨૮ મુળગુણનો ભાવલિંગી મુનિને યોગ્ય સંયમ પાળે તોપણ તે અવિરત સમ્યગ્દૃષ્ટિ છે. પંચમ ગુણસ્થાન વર્તતા હોય તો તો એટલા જ છે અને દ્રવ્યલિંગી હોય તો સંયમી જરા પણ નથી. એમ છે.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્યે' 'અષ્ટપાહુડ'માં મિથ્યાદૃષ્ટિ મુનિને ભાંડ કીધો છે. પછી ક્યાં પૂછવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરી વાત છે. વેશ ધારણ કર્યો ને. જેમ ભાંડ લોકો વેષ ધારણ કરે છે પણ એ ખરેખર નથી. Train નો Guard થઈને આવે તો એ કાંઈ Guard નથી. સાધુ થઈને આવે તો સાધુ નથી. સ્ત્રીનો વેશ ધારણ કરે તો તે સ્ત્રી નથી. કોઈનો પણ વેપારીનો વેશ ધારણ કરે તો તે વેપારી નથી. એમ એ વેશ ધારણ

કર્યો છે સાધુનો પણ સાધુ નથી. એટલે ભાંડની ઉપમા આપી છે. દ્વેષ આવ્યો હશે કાંઈ આચાર્ય મહારાજને? તો આવો કઠોર શબ્દ કેમ વાપર્યો હશે? થોડો વિચારવા જેવો વિષય છે. 'ગુરુદેવ' થોડો કઠોર શબ્દ વાપરતા આ વિષયમાં તો કે વીતરાગમાર્ગને લુંટે છે. માર્ગમાં એમને જોઈને બીજા ઓછી યોગ્યતાવાળા જીવો ભૂલા પડી જાય છે. આખો જે માર્ગ છે, જેમ કોઈ બદમાશ માણસ શરાફનું પાટિયું લગાડીને શરાફ બજારમાં બેસી જાય અને શરાફીનો ધંધો કરીને બધાને લૂંટી લે. એમ જીવોને ધર્મ લૂંટવાનું એ કારણ બને છે. ધર્મ ઉપર ન આવી શકે. એને આશ્રયે જાય. કરવા, કરાવવા અને અનુમોદવાથી, અનુમોદન પણ નહિ પહોંચવું જોઈએ.

મુમુક્ષુ :– ૨૦૦૦ વર્ષ પહેલાં વેષ પણ થોડો વાસ્તવિકતા જેવો હશે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, વેષની અંદર પણ.. બરાબર છે. દ્રવ્યલિંગ પણ ક્યાં છે? અત્યારે તો દ્રવ્યલિંગી નથી. ભાવલિંગી તો નથી પણ દ્રવ્યલિંગી પણ કોઈ અત્યારે નથી. એ તો 'ગુરુદેવશ્રી' સ્પષ્ટ કહેતા કે અત્યારે કોઈ દ્રવ્યલિંગી પણ નથી. એ તો 'ગુરુદેવ'ના પુણ્ય જબરદસ્ત હતા. પુરુષાર્થ જબરદસ્ત હતો. નહિતર તો ધમાલ થઈ બેસે. ત્રણે ફિરકાના સાધુઓ ઊકડી તો ઉઠ્યા હતા. આ સાધુપણું નથી. પોતે ત્યાગ કર્યો એ બાહ્ય વેશનો, બાહ્ય ક્રિયાનો અને બાહ્ય પદનો ત્યાગ કર્યો, સાથે સાથે જાહેર કર્યું કે આ કોઈ સાધુપણું નથી. પોતે વંદન-નમસ્કાર કરે નહિ. એમને અનુસરનારા વંદન,નમસ્કાર કરે નહિ. સ્વાભાવિક જ છે. એક ઘર્ષણ ઊભું થાય સમાજની અંદર. ઓછા-વત્તાપ્રમાણમાં થયું પણ ખરું પણ પુણ્ય હતા તો એટલો વાંધો આવ્યો નહિ.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' ... એના જેવા આપણાં ક્યાં પુણ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો સ્વભાવિક છે. એ તો સીધી જ વાત છે. એમની સરખામણી કરવાનો જ પ્રશ્ન રહેતો નથી. એમના પુણ્યનો કે એમની દશાની સાથે કે એમના ગુણોની સાથે કોઈ સરખામણી કરવાનો જ પ્રશ્ન રહેતો નથી. એવું છે. એ તો એક બહુ સમર્થ પુરુષ થઈ ગયા એટલે આટલી ક્રાંતિ થઈ સમાજની અંદર અને બે શબ્દ આપણે બોલી શકીએ છીએ એવી સ્થિતિમાં છીએ એમ સમજોને.

મુમુક્ષુ :– એના શબ્દો શકીએ એ પુણ્ય જ છે ને.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એવી Position માં ક્યારે છીએ? એટલા સમર્થ પુરુષ થયા ત્યારે. નહિતર તો મારી નાખે લોકો. શું કહો છો તમે? આખા સમાજને ઉથલાવો, આખા સાધુ સમાજને ઉથલાવો, એના માનનારા સમાજને ઉથલાવો એ તો મોટો બળવો (છે). પોતે કહેતા કે આ તો બળવો જ છે રીતસર. જગતની સામે આ બળવો છે.

શું કહે છે અહીંયાં? જ્ઞાનીની જે મૂળ દશા છે એને ઓળખતા જ્ઞાની ઓળખાય છે એટલે એનું વર્ણન છે. અને એ જ્ઞાનીની મૂળ દશા જ્યારે ઓળખાય ત્યારે એને સત્પુરુષનો વાસ્તવિક મહિમા આવે છે. ત્યાં સુધી જ્ઞાનદશાનો કે જ્ઞાનીનો મહિમા આવતો નથી. '**બહારથી જોનાર માણસોને જ્ઞાની બહારમાં કાંઈક ક્રિયાઓ કરતા કે વિકલ્પોમાં જોડાતા દેખાય,...**' વિકલ્પ છે એટલે વિકલ્પમાં જોડાયેલા છે એમ દેખાય. વિકલ્પમાં જોડાયેલા હોય અને ધ્યાનસ્થ દશા હોય, બંનેની બાહ્ય સ્થિતિ એકસરખી હોતી નથી. ભિન્ન-ભિન્ન સ્થિતિ હોય છે. અને એ સ્થૂળ પરિણામની સ્થિતિ તો પોતાને અનુભૂત હોવાથી સમજી શકાય છે કે આમાં વિકલ્પ છે.

'**બહારથી જોનાર માણસોને જ્ઞાની બહારમાં કાંઈક ક્રિયાઓ કરતા કે વિકલ્પોમાં જોડાતા દેખાય, પણ અંદરમાં તો તેઓ ક્યાંય ઊંડે ચૈતન્યલોકમાં વિચરતા હોય છે.**' એ જ્ઞાનરસમાં મસ્ત હોય છે, આત્મરસમાં મસ્ત હોય છે. એમનું સર્વસ્વ જ્યાં છે ત્યાં જ એમની પરિણતિ છે. ત્યાં મુખ્ય એમનો ભાવ છે. ગૌણભાવ છે એ તો ઉપયોગરહિત ચક્ષુ જેવો છે. જે ગૌણભાવ છે ઉદયમાં કોઈ વિકલ્પ સાથે કે પ્રવૃત્તિ સાથે એમનો દેખાવ છે એ ઉપયોગરહિત ચક્ષુ જેવો દેખાવ છે. એમાં ખરેખર એ સાવધાન નથી.

એવી જ્ઞાનીની અંતરંગ દશા છે અને એ અંતરંગ દશા છે એ જ જ્ઞાનીની મૂળ દશા છે. બહારમાં શુભાશુભ પરિણામ જે ઉદયમાન હોય છે એ જ્ઞાનીની મૂળ દશા નથી. જ્ઞાની ભક્તિ કરે છે એના કરતાં અજ્ઞાનીની ભક્તિ જાજી દેખાય કોઈવાર. જ્ઞાની કરતાં અજ્ઞાનીનો સંયમ વધારે દેખાય, વૈરાગ્ય વધારે દેખાય, ભક્તિ વધારે દેખાય, બીજા શુભભાવ દેખાય હોં! વધારે. એની જાતને અને એની જાતને કાંઈ લેવા-દેવા નથી. પણ એ જ્ઞાનીની મૂળ દશા નથી.

'શ્રીમદ્જી' એ વાત લખે છે કે જ્ઞાનીની ઉદયમાન જે ઉપયોગની સ્થિતિ છે એ જ્ઞાનીની મૂળ દશા નથી. અંતરંગ પરિણતિ છે એ જ્ઞાનીની મૂળ દશા છે અને બહારનો વ્યવહાર છે એ ઉત્તરદશા છે. મૂળ અને ઉત્તર એમ બે ભેદ પાડ્યા છે. જે જીવો જ્ઞાનીની મૂળદશાને ઓળખે છે, સમજે છે એને ખરેખર એનો મહિમા આવે છે. કેમકે એની અંદર અનંત ગુણો છે. પુરુષાર્થ કેટલો છે? જ્ઞાતા-દૃષ્ટાપણું કેવું છે? જગત પ્રત્યેની ઉદાસીનતા કેવી છે? અકર્તાપણું કેવું છે? સહજ પ્રત્યક્ષ સ્વાનુભવની શક્તિ કેવી પ્રગટ થઈ છે? અને એ પ્રકારની જ્ઞાનની નિર્મળતા કેટલી છે. એ વગેરે અનેક વાતો છે. આમાં લીધું છે છેલ્લે. કેટલાક બોલ ખેંચ્યા છે, તોપણ કેટલાક રહી ગયા છે.

'સત્પુરરુષના અલૌકિક ગુણોમાં તેમની ધીરજ-ધૈર્ય, પ્રયોજનભૂત વિષયમાં

એમની સૂક્ષ્મતા અને ગવેષણા, કોઈપણ ઉદયમાન પ્રસંગમાં એમની મધ્યસ્થતા, સમ્યક્જ્ઞાનની મધ્યસ્થતા, સમસ્ત જગતથી નિર્લેપતા' લાગે કે આ આનો સમાજ છે, ફલાણું છે. આ એને અનુસરે છે. આ એનો સંપ્રદાય છે એમ લોકો કહે. નિર્લેપ છે, લેવા કે દેવા. 'સમસ્ત જગતથી નિર્લેપતા અંતરંગ નિસ્પૃહતા..' કોઈની પાસેથી કોઈપણ વાંછા, અપેક્ષા એનો અભાવ (છે), અપેક્ષા નથી. 'અંતરંગ નિસ્પૃહતા મહાવિવેકપૂર્ણ પ્રૌઢતા' પ્રૌઢ જ્ઞાન છે એમનું, છીછરું જ્ઞાન નથી. કોઈપણ વિષયને તલસ્પર્શી રીતે તત્ત્વદૃષ્ટિ જોઈ શકે છે. ગુણગંભીરતા અનેક ગુણો પ્રગટ થયા હોવા છતાં બહારમાં એનો દેખાડો કરવો એ જેને નથી. આડંબર નથી. એવા ગંભીર છે. બીજાં કરતાં અનેકગુણ વિશિષ્ટ હોવા છતાં પણ એ રીતે બહારમાં જે પ્રદર્શન કરવાની ચેષ્ટા કરતા નથી. અંતરંગ ભેદજ્ઞાનની પરિણતિની સહજતા, સ્વરૂપની પરમ જાગૃતિ. સ્વરૂપ સમાધિ અને ધ્યાનદશા, ...

આ બધા લક્ષણો છે એ જ્યારે ઓળખાય છે ત્યારે જ ખરેખર એનો મહિમા આવે છે, નહિતર એનો મહિમા આવતો નથી. અને જ્યાં સુધી ઓળખાણપૂર્વક મહિમા નથી આવતો ત્યાં સુધી પોતાને ધર્મ પ્રાપ્તિનું જે નિમિત્ત-નૈમિત્તિકપણાનો સંબંધ ઉપજવો જોઈએ એ પ્રકાર ઉત્પન્ન થતો નથી. જ્ઞાનીની ભક્તિ ઓઘસંજ્ઞાએ કરે ત્યાં સુધી એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી ભજતો. જ્યારે ઓળખાણ આવે છે ત્યારે એ સંબંધ નિમિત્ત-નૈમિત્તિકપણે ઉત્પન્ન થાય એવી પરિસ્થિતિ (ઊભી થાય છે). નિમિત્તત્ત્વ તો ધ્રુવ છે અહીંયાં પણ નૈમિત્તિક એવી જે યોગ્યતા એ ઓળખાણ પછી આવે છે. એ પહેલાં કોઈને આવતી નથી. અને એકવાર એ પરિસ્થિતિ બની એટલે એનો બેડો પાર. એ પછી નહિ તરે એ પ્રશ્ન રહેતો નથી.

'શ્રીમદ્જી'એ લીધું છે. ૧૯૪ નંબરનો પત્ર છે. '**ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે...**' બસ આ પણ એમનો એક ગુણ છે. ઘણાં રહી ગયા છે. આટલા લખ્યા છે તોપણ ઘણાં રહી ગયા છે. '**ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે...**' એ પણ એમનો એક (ગુણ છે). પ્રતિબંધ નથી. બહારમાં આના વગર મારે નહિ ચાલે એ પ્રશ્ન જ્ઞાનીને નથી. મુમુક્ષુની દશામાં એ વાતને ખલાસ કરી છે. અમુક વગર, મને અમુક પદાર્થ વગર ન ચાલે એવું મુમુક્ષુને હોતું નથી. આ તો 'શ્રીમદ્જી'એ મુમુક્ષુતામાં સ્થાપ્યું છે. પછી આગળ વધીને જ્ઞાની થયા છે.

મુમુક્ષુ :- અમને મુમુક્ષુના List માંથી પણ કાઢી નાખ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પોતાને દરેકને વિચારવાનું છે. કોઈને કહેવાનો વિષય નથી. બરાબર છે એટલે તો કહું છું. પોતાને વિચારવાનું છે.

મુમુક્ષુ :- મુમુક્ષુતા કરવા માટે આ જરૂરી, પહેલું પગથિયું છે. પકડ છોડવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પકડ છોડવી. બરાબર છે.

'**ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં...**' સર્વ જ્ઞાનીની એ દશા છે. '**એવા જ્ઞાનીપુરુષના ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને...**' તેમને ઓળખીને '**સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ કદી થતી નથી, અને આવ્યેથી...**' જે મુમુક્ષુને આવ્યેથી '**અવશ્ય તે મુમુક્ષુ જેના ચરણારવિંદ તેણે સેવ્યા છે,...**' તેની ભક્તિ અનન્ય જ હોય છે એમાં કાંઈ પ્રશ્ન હોતો નથી. એટલે ભાષા જ એવી લીધી છે. સત્સંગ કર્યો છે, સમાગમ કર્યો છે એવી વાત નથી લેતા. ભાષા કેવી જુદી છે. '**જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે.**' એ પામે જ પામે. એટલે એનો બેડો પાર થઈ જાય છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એવા દેખાડે છે એમાં એમની અદ્ભૂત દેખાડે છે. અદ્ભૂતતા દેખાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે જ. એટલે તો એમની ભક્તિ પરાભક્તિ એટલા માટે લીધી. નમસ્કાર આદિથી માંડીને સર્વપ્રકારે પરાભક્તિ ૨૨૫માં એ વાત એમણે લીધી એ એટલા માટે લીધી કે જે નિમિત્તત્ત્વ અરિહંત પદમાં છે એ જ નિમિત્તત્ત્વ અહીંયાં ચોથા ગુણસ્થાને છે, જ્ઞાનદશામાં છે. એટલી વાત લીધી છે.

'**તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી,...**' આ વાત એમને કહેવી હતી. ૧૯૪માં. '**જ્ઞાનપ્રાપ્તિ તેથી અમને થઈ હતી,...**' જાતિસ્મરણ છે ને પોતાને? કેમકે આ ભવમાં તો કોઈ જ્ઞાનીનો એમને સમાગમ થયો હોય એવું છે નહિ. ૨૪ વર્ષ સુધીના એમના કોઈ પત્રો જોતા કોઈનો સમાગમ થયો હોય એવું એમને પ્રત્યક્ષ નથી. જ્ઞાન પ્રાપ્તિ અમને એથી થઈ હતી. ભૂતકાળ નાખ્યો છે. એ પૂર્વ ભવમાં જાતિસ્મરણ જ્ઞાનમાં પોતે માર્ગને પામેલા છે, પાછા ચ્યુત થયા છે, પાછા અહીંયાં ફરીને પામે છે. એ વાત યાદ કરીને લખે છે. જ્ઞાનપ્રાપ્તિ અમને થઈ હતી અને એથી અમણે એ વિષય ઉપર દરેક પત્રની અંદર, અનેક પત્રની અંદર બહુ જોર આવ્યું છે, બહુ વજન આપ્યું છે એનું કારણ એ છે.

મુમુક્ષુ :- એમનો ક્ષયોપશમ એટલો બધો હતો કે આપણને એમ લાગે કે એક ભવનું જ્ઞાન નહિ હોય પણ ઘણાં ભવનું જ્ઞાન હશે. એમના વર્તમાન ક્ષયોપશમ ઉપરથી એમ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણાં ભવનું હશે. હા, ઘણાં ભવનું હશે. સ્મૃતિ એવો વિષય

છે કે એને કાંઈ વરસ સાથે મર્યાદા નથી. અડધી કલાક પહેલાનું ભૂલી જવાય અને ૨૫ વર્ષ પહેલાનું યાદ આવે એવી વિચિત્ર પરિસ્થિતિ છે. કેટલુંક યાદ આવે, કેટલુંક યાદ ન આવે. એ તો 'પૂજ્ય બહેનશ્રીને' ઘણાં પ્રશ્નો પૂછે છે ને જાતિસ્મરણના? કંઈ બધું યાદ નથી આવતું હોતું કે બધું કહે. ત્યાં આમ ફલાણું કેમ હતું? પણ એ બધું થોડું યાદ આવે છે. જેટલું યાદ આવે એટલું પ્રસિદ્ધ છે. કેટલુંક અપ્રસિદ્ધ છે, કેટલુંક પ્રસિદ્ધ છે.

**'જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગેથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. અને સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે અને જે કોઈ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી.'** એમણે તો એની અંદર જપ, તપ, શાસ્ત્ર, અધ્યયન બધું લઈ લીધું છે. જેણે જ્ઞાનીને ઓળખ્યા એને જપ, તપ, શાસ્ત્ર-અધ્યયન... બેય જપ-તપમાં ચારિત્રની ક્રિયાઓ લઈ લીધી, શાસ્ત્ર અધ્યયનમાં જ્ઞાનની ક્રિયા લઈ લીધી. એ બધું કરી ચૂક્યો. ત્યાં સુધીની વાત લીધી છે.

મુમુક્ષુ :- શ્વેતાંબર મુનિનો સત્સંગ કરતા.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે ત્યાંથી જ્ઞાનની પ્રાપ્તિ થયેલી એમ?

મુમુક્ષુ :- પ્રાપ્તિ નહિ. કોઈ મહા દોષ હશે એવું ન લાગ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- સત્સંગ નહોતા કરતા. ઊલટાના શ્વેતાંબર મુનિઓ ઉકળી ઉઠ્યા હતા. એમણે પણ એ વાત જ્યારે પ્રસિદ્ધ કરી કે આ સાધુદશા નથી, ત્યારે જેમ કોઈની પેઢી ભાંગે અને જે પરિસ્થિતિ ઊભી થાય એવી પ્રાણ જાય એવું લખ્યું છે. પ્રાણ જાય એના તુલ્ય દુઃખ થયું છે લોકોને. ખરેખર તો બધા એમના પ્રત્યે બહુ જેને એમ કહેવાય કે ઘણા દ્વેષિત થયેલા. Highly prejudice. સાધુ-સમાજ 'શ્રીમદ્જી' પ્રત્યે ઘણા જ દ્વેષમાં હતો. પછી કોનો સમાગમ કરવા જાય? દ્વેષ હોય તો કોનો સમાગમ કરવા જાય?

મુમુક્ષુ :- આ તો એમના પત્રોમાં નામ આવે છે ને...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એ તો એમનો સમાગમ કરવા આવતા હતા. પોતે સમાગમ કરવા નહોતા જતા પણ સ્થાનકવાસીના સાત સાધુઓ એમનો સમાગમ કરવા આવતા હતા અને એમને વંદન-નમસ્કાર આદિથી માંડીને બધી ક્રિયા કરતા. એમાં આ જે 'લઘુરાજસ્વામી' કહેવાય છે, આ 'અગાસ'માં જેમણે આશ્રમ સ્થાપ્યો એમને બહુ ભક્તિ હતી. એમના પત્રો અમે કેટલાક વાંચ્યા. એ તો પોતાને દાસ તરીકે નહોતા

ઓળખાવતા. પોતે પત્ર લખે એમાં હું તમારી દાસી છું એમ લખતા હતા. નવાઈ લાગે એવી વાત છે. જેમ કોઈનું ધણીપદું સ્વીકારે કોઈ સ્ત્રી એવી રીતે એ પોતાને દાસીપણે (લખતા હતા).

મહાત્મા 'શ્રીકૃષ્ણ'ની ભક્તિ ગોપાંગનાઓએ બહુ કરી. એ પરાભક્તિ કહેવાણી 'ભાગવત્'ની અંદર. તો કહે, મારી એવી ભક્તિ, પરાભક્તિ હોય. એ પત્ર લખતા તો પોતાને દાસી તરીકે લખતા. વવાણિયા જોયેલા ને? 'અગાસ'માં પત્રો જોયા હતા. કેટલી બધી ભક્તિ હતી. 'અગાસ'માં તો એ નવી વાત સાંભળી કે 'શ્રીમદ્જી'નો પત્ર એમના ઉપર આવ્યો હોય ત્યારે એ પત્ર ખોલ્યા પહેલા ભક્તિથી નાચ કરે, નૃત્ય કરે કે આજે મારા ભગવાનનો કાગળ મારા ઉપર આવ્યો છે. મારા પ્રભુનો મારા ઉપર કાગળ આવ્યો છે. સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે મારા માટે અને એનો કાગળ આવ્યો છે. એ એના હરખમાં નાચી ઊઠે પહેલા, પછી દર્શન કરીને, વંદન કરીને પછી ખોલે એ.

એક ભાઈ હતા એ મેનેજર હતા. બ્રાહ્મણ છે પણ બહુ સજ્જન માણસ. ઈ કહે. જુઓ! એમના માટે એ લોકો માને છે કે આ પામી ગયા હતા એમ માને છે. ત્યાંનો સમાજ એમ માને છે. 'લઘુરાજસ્વામી'ને જ્ઞાન થઈ ગયું હતું. એટલે એ ... જુઓ! સત્પુરુષ પ્રત્યે આટલી ભક્તિ હોય એને જ્ઞાન પ્રાપ્ત થાય છે. આપણને છે? એમ કહે. એ તો પોતાની જાતને ભેળવીને એમ કહેતા. જુઓ! આપણને આટલી ભક્તિ આવે છે? તો જ્ઞાન થાય. આપણને તો કાંઈ આટલી ભક્તિ નથી. એ તો એક કાગળ આવ્યો ત્યારે નાચતા હતા. અત્યારનું શું વાતાવરણ છે આ સમાજમાં.

મુમુક્ષુ :- ભક્તિ તો આવી જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભક્તિ ઘણી હતી. ભક્તિ એટલે બહુમાન ઘણું હતું. હજી ત્યાં એ જ વિશેષ વિષય છે. 'વવાણિયા' ગયા. અમારે હસ્તલિખિત પત્રો વાંચવા હતા, 'સોભાગભાઈ'ના ખાસ કરીને. 'સોભાગભાઈ'ના પત્રો જે કબાટમાં હતા એ કબાટની ચાવી એક ત્યાંના અત્યારે કાર્યકર્તા છે એની પાસે હતી. એની પાસેથી કબાટ ખોલાવડાવવાનો હતો. એ પહેલા કબાટ પાસે આવી ઉઠ-બેસ કરીને તો પહેલા એને વંદના કરી. જે કબાટમાં પત્રો હતા એ કબાટ ખોલ્યા પહેલા વંદના કરી. પછી એ કબાટ ખોલીને હસ્તલિખિત બધી પ્રતો આપી અમને. પદ્ધતિ એ લોકોની બહુમાનની એવી રીતની જ છે ત્યાં. પણ ઓળખીને જે બહુમાન આવે છે એવી બધી પ્રક્રિયા હોય છે. ત્યાં આત્મલાભનું કારણ ઉત્પન્ન થાય છે. એટલે પાત્રતાના લક્ષણમાં ૧૦૫ પત્રમાં પહેલું લક્ષણ એ બાંધ્યું છે. દસ લક્ષણમાં. અને દસેયમાં એને પહેલી પ્રધાનતા આપી છે. એ પણ સત્પુરુષની અંતરંગ દશાનું મહિમાનું સૂચન છે.

**દ્રવ્ય તો અનંત શક્તિનો ધણી છે, મહાન છે, પ્રભુ છે. તેની પાસે સાધકની પર્યાય પોતાની પામરતા સ્વીકારે છે. સાધકને દ્રવ્ય-પર્યાયમાં પ્રભુતા અને પામરતાનો આવો વિવેક વર્તે છે. ૨૮૩.**

૨૮૩. એવી જ્ઞાનદશામાં વિવેક કેટલો હોય છે? કેવા પ્રકારનો હોય છે? એ વિષય ૨૮૩માં લીધો છે.

'**દ્રવ્ય તો અનંત શક્તિનો ધણી છે, મહાન છે, પ્રભુ છે.**' દ્રવ્ય છે તે અનંત શક્તિનો ધણી છે. પોતે સ્વભાવ. જ્ઞાનીના જ્ઞાનમાં, ભાનમાં જે વિષય છે એ પોતાનું સ્વરૂપ અનંત શક્તિવંત, અનંત સામર્થ્યવંત છે, મહાન છે, ત્રણ લોકનો નાથ પોતે જ છે. એટલું પ્રભુત્વ એને પોતાનું ઐશ્વર્ય સર્વ ગુણોનું ઐશ્વર્ય, સ્વરૂપ ઐશ્વર્ય પોતાના જ્ઞાનમાં જણાય છે. એવા સાધકને એની પાસે બરાબર એની સાથે તુલના કરે છે. '**તેની પાસે સાધકની પર્યાય પોતાની પામરતા સ્વીકારે છે.**' એકસાથે બે વાત છે. જે અનંત શક્તિનું ધામ છે એમાં સર્વસ્વ છે. એક સમયની અવસ્થામાં પરિણમન પોતાનું હોવાથી એની પામરતા પણ પોતે સ્વીકારે છે અને એવા દૃષ્ટિકોણથી સ્વીકારે છે કે એ પામરતાનો અભાવ થઈને ક્ષણે ક્ષણે સ્વરૂપ ઐશ્વર્ય વધતું જાય એવો એની અંદર દૃષ્ટિકોણ છે. આમ બંને એકસાથે છે. જો હું અંતરંગમાં આટલો મહાન અને પરિપૂર્ણ છું મારા ગુણોથી તો આ અવસ્થા અધૂરી કેમ? એ ચાલે નહિ.

જેનો પિતા છ ખંડનો ધણી હોય, એનો રાજકુંવર બજારમાં જઈને કોઈની પાસે દેણું કરીને ઉછીના પૈસા માગે કે પાંચ-પચ્ચીસ હજાર રૂપિયા આપજોને મારે થોડી જરૂર ઊભી થઈ છે એ વાત કોઈ દિવસ એને શોભતી નથી. એ પ્રકાર જેમ એને શોભા દેતો નથી. એમ જે પોતાના સ્વરૂપને ઓળખે છે એને પોતાના સ્વરૂપની સદૃશ, જેવું સ્વરૂપ છે એવી જ બરાબર સદૃશ અવસ્થા ન થાય તો એને એ વાત પોસાતી નથી. એટલે તો લોકોને એ વાત થોડી અટપટી લાગે છે કે એક બાજુથી એમ કહે કે

અણુ માત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,
તે હોય આગમધર ભલે પણ જાણતો નહિ આત્મને.

સાધકનો અણુમાત્રનો સદ્‌ભાવ એના અભિપ્રાયમાં પોસાતો નથી. બીજી કોરથી ભક્તિ કરે છે, પૂજા કરે છે, શાસ્ત્ર સ્વાધ્યાય કરે છે. ઉદયના બીજા કાર્યો કરતાં પણ જોવામાં આવે છે. તો એક રાગનો કણ જેને પોસાતો નથી આટલો બધો ઢગલાબંધ

રાગ કેમ એને જોવામાં આવે છે? આ વાત થોડી અટપટી લાગે છે. પણ એનો એને નિષેધ વર્તે છે. અને પોતાના સ્વરૂપથી વિપરીત અવસ્થા છે એ અવસ્થાની પોતાને અનિવાર્યપણે એ પરિસ્થિતિ ઊભી થઈ છે, રાખવાનો અભિપ્રાય એક સમય માટે પણ નથી હોતો. પણ બંને ભાવોનું જ્ઞાન છે. ત્રિકાળી સ્વભાવભાવનું પણ જ્ઞાન છે અને પોતાની ઊણી-અધુરી પર્યાય છે એનું પણ જ્ઞાન છે. ઊણી-અધૂરી પર્યાયમાં પામરતા છે, દીનતા છે. એનું નિષેધાત્મક ભાવે જ્ઞાન છે અને પોતાના સ્વભાવભાવનું આદર અને મહિમાના ભાવે જ્ઞાન છે. જ્ઞાન બંનેનું છે પણ બંને વચ્ચે ફરક છે. એકની વિધિ છે, બીજાનો નિષેધ છે. આ અંતરગ વિધિ-નિષેધ છે સ્વભાવ-વિભાવનો. એ રીતે સાધકનું પરિણમન હોય છે. પણ બાહ્ય દૃષ્ટિ જીવો આમ કરે છે, તેમ કરે છે એમ જોવે છે પણ એનો એને નિષેધ છે એને જોઈ શકતા નથી એટલે ભૂલમાં પડે છે.

**'સાધકને દ્રવ્ય-પર્યાયમાં પ્રભુતા અને પામરતાનો...'** ક્રમશઃ દ્રવ્યમાં પ્રભુતા અને પર્યાયમાં પામરતા એનો **'વિવેક વર્તે છે.'** એટલે જેટલું જેમ છે તેમ જાણવું વર્તે છે. દ્રવ્યે પરમેશ્વર હોવા છતાં છદ્મસ્થ અવસ્થામાં અવસ્થાએ પરમેશ્વર છું એવી ભ્રમણા એમને થતી નથી. અવસ્થાએ પામર છું એવું જ્ઞાન રહે છે. મુનિ હોય તોપણ. જોવે છે કે મારી દશામાં હજુ ઘણું બાકી છે અને રાત-દિન અવિરત પુરુષાર્થ કરીને જેવું મારું સ્વરૂપ છે એવી સદશ દશા ન થાય ત્યાં સુધી પગ વાળીને નિરાંત બેસવું એ વાત કોઈ સાધકને પોસાતી નથી.

મુમુક્ષુ :- 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો સાતમો અધિકાર ચાર લીટીમાં આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો 'શ્રીમદ્જી'એ કહ્યું કે જ્ઞાનીના એક વચનમાં અરે..! એક શબ્દમાં અનંતા આગમ પડ્યા છે. એક 'મોક્ષમાર્ગ પ્રકાશક'ની શું વાત કરવી અને ચાર લીટીની શું વાત કરવી. એક શબ્દમાં અનંતા આગમ પડેલા છે. કેમકે અનંત આગમના રહસ્યની સંધિ મારીને વાત આવે છે. જે વાત આવે છે તે અનંત આગમના રહસ્યનો Total મારીને-સરવાળો મારીને એ વાત આવે છે. ક્યાંય ખૂણે-ખાચરે એક પણ સિદ્ધાંત ખંડીત થાય એવું જ્ઞાનીનું વચન હોતું નથી. નયથી આગળ જઈને કોઈ નયાભાસ થાય એવું જ્ઞાનીનું વચન હોતું નથી. ગમે તેટલું નિશ્ચય ઉપર વજન આવે. એક સમયની કેવળજ્ઞાનની પર્યાયને પરદ્રવ્ય, પરભાવ હેય કહે તોપણ નયાભાસ ન થાય. આ તો કાંઈ જેવી તેવી વાત નથી. હજી કેવળજ્ઞાન પ્રગટ્યું નથી (અને) એમ કહે છે હોં! પ્રગટેલા કહે છે એ તો કહે જ છે. એ તો દિવ્યધ્વનિમાં આવેલી વાત છે. પણ એ વાત સાધક સંમત કરે છે અને એ વાત પોતે કહે છે. એટલું વજન આવે છતાં નયાભાસ ન થાય.

શુદ્ધોપયોગને શુદ્ધનય કહે. એક નય ચક્ર નાનું છે એમાં એવી વાત લીધી છે કે જે શુદ્ધોપયોગ પ્રગટ થાય છે એને વાસ્તવિક શુદ્ધનય કહેવામાં આવ્યો છે. અને નય તો સાપેક્ષ હોય છે પણ આ એક એવો નય છે કે જેને વ્યવહારનયની અપેક્ષા નથી. આ એવો નિશ્ચયનય છે નિશ્ચય શુદ્ધોપયોગ કે જેને વ્યવહારનયની અપેક્ષા નથી. અપેક્ષા નથી એટલે શું કે એની ઉપેક્ષા થઈને પ્રગટેલો છે આ. એટલે એને એની અપેક્ષા નથી. પોતે ને પોતે દલીલ કરી આચાર્ય મહારાજે કે પણ જૈનદર્શન તો સ્યાદવાદ યુક્ત છે બધું કથન જૈનદર્શનમાં. તો કહે છે, સ્યાદવાદ વ્યવહારનો જનક છે. સ્યાદવાદમાંથી તો વ્યવહાર ઉત્પન્ન થાય છે. અહીંયાં અમારું નિશ્ચય ઉપર એટલું બધું વજન અને પરિણમન છે અથવા એવી અમારી તન્મયતા છે-એવી લીનતા છે કે બીજું બધું એટલું ગૌણ કરવામાં આવે છે કે જાણે અમને આ સિવાય બીજાની કાંઈ જરૂર નથી. એટલું બધું વજન દીધું છે. પણ નયાભાસ ન થાય ક્યાંય અને. એ એક વિશિષ્ટતા છે.

'**સાધકને દ્રવ્ય-પર્યાયમાં પ્રભુતા અને પામરતાનો આવો વિવેક વર્તે છે.**' હોય જ છે, ન હોય એવું બનતું નથી. મસ્તીમાં તો નવી વાત આવે. આ લીધું છે કે નહિ? આ કાળના અમે ૨૫માં તીર્થંકર છીએ. 'શ્રીમદ્જી.'એ ઘણી વાતો એવી છે. શું શબ્દ વાપર્યો છે ભટકતા જીવો માટે? વિષમ કાળના. વિષમ કાળના દુઃખીયારા. દુર્ભાગી જીવો, દુર્ભાગી શબ્દ વાપર્યો છે. હે આ દુષમકાળના દુર્ભાગી જીવો! એમ કરીને કીધું છે. તમે આ વર્તમાન મહાવીરને ભૂલીને ભૂતકાળના મહાવીરને શોધવામાં ક્યાં ભટકો છો? આનું નામ મસ્તી છે. જે મહાવીર પરમાત્મામાં જે નિમિત્તત્ત્વ હતું, આ કાળને વિષે એ નિમિત્તત્ત્વ ક્યાંય વર્તતું હોય તો તે અમારા વિષે છે. એટલો એમને વિશ્વાસ છે. માટે તમે કોઈ પરોક્ષ જ્ઞાનીને કે પરોક્ષ તીર્થંકરને શોધવા ભટકશો, પત્તો નહિ લાગે. કેમ કે નિમિત્તપણું તો પરોક્ષતામાં છે નહિ. પ્રત્યક્ષતામાં જ નિમિત્તપણું છે. તો દુષમ કાળ છે અને એવી રીતે જે પરોક્ષ તીર્થંકર પર્યંતના જીવોને શોધવા માટે ભટકે છે, હોં! રખડે છે અને ભટકે છે એમ લીધું છે. એને દુર્ભાગ લીધા છે. શું કહ્યું એને? દુર્ભાગી ગણ્યા એને. અરેરે..! બિચારા દુર્ભાગી છે. વર્તમાનમાં અમે બિરાજમાન છીએ અને એ બિચારા દુર્ભાગ્યવશ બીજાને શોધે છે. એવા શબ્દો વાપર્યા છે મસ્તીમાં આવીને.

મુમુક્ષુ :- અપાર કરુણા કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- અપાર કરુણા કહેવાય. એ કરુણાને સમજવાની થોડીક તૈયારી જોઈએ. ખરી વાત તો એ છે. નહિતર ઊંધો અર્થ નીકળે. જેને એ કરુણાથી આર્ત થયેલી લાગણી અથવા હૃદય છે એને ઓળખવાની શક્તિ નથી એને સ્વચ્છંદ જન્મે છે અને એ સ્વચ્છંદમાંથી અનર્થને ઉત્પન્ન કરે છે. એમ છે. એટલે જ્ઞાનદશામાં જે વિવેક

પ્રગટ થાય છે એને પ્રૌઢ વિવેક કહેવાય છે અથવા એને મહાવિવેક પણ કહેવામાં આવે છે.

આ વિવેકનો બોલ છે. દ્રવ્ય-પર્યાયનો વિષય લીધો છે ને? કે જેણે પોતાના દ્રવ્ય અને પર્યાયમાં આવો વિવેક કર્યો, આ અંતરંગનો વિષય છે, બહારમાં એને આખા જગતમાં કોઈ પ્રસંગ એવો નથી કે જે અવિવેકે વર્તે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જેને વિવેક વર્ત્યો એને સ્થૂળ વિષયોમાં અવિવેક થાય એવું કદી બનતું નથી. એટલે સર્વત્ર જ્ઞાનીના અભિપ્રાયને જોવામાં આવે છે. કોઈપણ પ્રસંગ હો એમાં એમનો અભિપ્રાય જોવામાં આવે છે કે એમનો મત શું પડ્યો? વાત પૂરી થઈ ગઈ. એ જ શાસ્ત્ર છે, એ જ આગમ છે, એ જ સર્વસ્વ છે.

વિવેકના તો એવા અનેક આંટીઘૂંટીવાળા પ્રસંગો ઉત્પન્ન થાય છે. ભિન્ન-ભિન્ન કાળમાં ભિન્ન-ભિન્ન પ્રસંગો એવા ઉત્પન્ન થયા છે પણ સર્વત્ર જેને પોતાના મહાન સ્વરૂપનો અંદરમાં અનુભવ કરીને વિવેક કર્યો, આદર કર્યો, અનુભવ કર્યો અભેદતા સાધી, પ્રત્યક્ષતા સાધી અને અનન્યભાવે રહ્યાં પોતાના પરમાત્મસ્વરૂપ સાથે, પરમેશ્વરપદ સાથે એનાથી વિવેકનું બીજું કોઈ પરિમાણ અથવા Metre હોઈ શકે, બીજું કોઈ મોટું Metre એનાથી હોઈ શકે એ વાત કોઈ રીતે સંમત કરવા જેવી નથી.

આટલી હદે જે વિવેક ક્યારે પ્રગટ કરી શક્યા? કે 'જગત ઇષ્ટ નહિ આત્મથી.' જગતનો કોઈ વિષય, કોઈ પ્રકાર, કોઈ માન, સમ્માન, લોભ કાંઈ જેને પ્રલોભન ન આપી શક્યું અને એક શુદ્ધાત્માની મહાનતાને પકડીને જેણે અનુભવ કર્યો એના વિવેક પાસે બીજા કોઈના વિવેકની તુલના પણ, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીની ગમે તેટલી બુદ્ધિ હોય તો એના વિવેકની તુલના પણ થઈ શકે નહિ. તુલના તો સરખે સરખા હોય એની વચ્ચે થાય, વિરુદ્ધતાવાળા વચ્ચેની તુલના થઈ શકતી નથી. એટલે આ દ્રવ્ય-પર્યાયના વિવેકની અંદરની તો એના ગર્ભમાં ઘણી વાતો છે. એનો તો જેટલો વિસ્તાર થાય એ ઓછો પડે એટલા બધા એના ભેદ-પ્રભેદ એમાંથી ઊભા થાય એવો એ વિષય છે.

આ તો ... વિષય ભલે સંક્ષેપમાં અને પરમાર્થનો હોય ... એવું નથી બનતું ક્યારે પણ. ૨૮૩ થયો.

## તા. ૧૭-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૮૪,૨૮૫
## પ્રવચન નં. ૨૨૧

**સાધકદશા તો અધૂરી છે. સાધકને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય, અને ચૈતન્ય આનંદધામમાં પૂર્ણપણે સદાને માટે બિરાજમાન ન થાય, ત્યાં સુધી પુરુષાર્થનો દોર તો ઉગ્ર જ થતો જાય છે. કેવળજ્ઞાન થતાં એક સમયનો ઉપયોગ થાય છે અને તે એક સમયની જ્ઞાનપર્યાય ત્રણ કાળ અને ત્રણ લોકને પહોંચી વળે છે. ૨૮૪.**

બહેનશ્રીનાં વચનામૃત-૨૮૪, પાનું-૯૬. સાધકદશામાં પુરુષાર્થનો પ્રકાર કેવો છે એ વિષય અહીં લીધો છે. સાધકને બરાબર ખ્યાલ છે કે પોતાની સાધકદશા તો અધૂરી છે.

'**સાધકદશા તો અધૂરી છે.**' એટલે કોઈપણ ગુણસ્થાને સંતોષ માનવાનો પ્રકાર સાધકને ઉત્પન્ન થતો નથી. જો કે સાધક તે છે કે જે અસ્થાને દૃષ્ટિ છોડીને, પરિણામનો આશ્રય છોડીને ત્રિકાળીનો આશ્રય કરે છે. ત્રિકાળીપણે પોતાને સાધે છે તે સાધક છે. સાધનારી દશા સંપૂર્ણપણે નિજ સ્વરૂપને સાધતી નથી એવું જ્ઞાન પણ પોતાના પૂર્ણ સ્વરૂપને અનુસરીને થાય છે. સાધકદશા પૂરી નથી અને અધૂરી છે. એની મેળવણી પોતાના પૂર્ણ સ્વરૂપની સાથે છે. સ્વરૂપે પોતે પૂર્ણ છે તો અવસ્થા એવી સ્વરૂપ સદશ ન થાય ત્યાં સુધી સાધકને અધૂરી દશાનું પોષાણ નથી. જેમ રાગનું પોષણ નથી તેમ અધુરી દશાનું પણ પોષાણ નથી. એટલે બરાબર જાણે છે, બરાબર સમજે છે કે '**સાધકદશા તો અધૂરી છે.**'

'**સાધકને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન થાય, અને ચૈતન્ય આનંદધામમાં પૂર્ણપણે સદાને માટે બિરાજમાન ન થાય, ત્યાંસુધી પુરુષાર્થનો દોર તો ઉગ્ર જ થતો જાય છે.**' આ એક પરિણમનનો પ્રકાર દર્શાવ્યો છે. યોગ્યતા શરૂ થાય, યથાર્થતા શરૂ થાય ત્યાં સુધી કેવલજ્ઞાન પર્યંત પરિણામમાં પુરુષાર્થ અંગેનું જે વલણ ઉત્પન્ન થાય છે એ આ પ્રકારનું છે. બાધકદશા અને સાધકદશા અથવા અયથાર્થદશા અને યથાર્થદશામાં અહીંયાં ફરક પડે છે. અયથાર્થદશાવાળો જરાક શુભભાવ સારો થાય ત્યારે એને એમ

લાગે છે કે આ ભાવ મેં બહુ સારો કર્યો, આજે મને બહુ સારા ભાવ આવ્યા. વાંચન કરતાં, પૂજા-ભક્તિ કરતાં, દયા-દાન કરતાં અયથાર્થ પરિણમનનું એ ચિહ્ન છે-એ લક્ષણ છે કે એ સંતોષ પકડે છે. એમાં મમત્વ કરે છે. પર્યાયાશ્રિત પરિણમન એનો આ પ્રકાર છે અને એ પ્રસિદ્ધપણે, પ્રગટપણે દર્શનમોહને અથવા મિથ્યાત્વ મોહને કારણે છે. ત્યાં દર્શનમોહ તીવ્ર થાય છે. ચારિત્રમોહ કદાચ મંદ થાય છે. વાંચન, પૂજા-ભક્તિ, દયા, દાન, સંયમના પરિણામ કરે. વ્રત, સંયમના પરિણામ કરે, તપના પરિણામ કરે, ચારિત્રમોહ કદાચ મંદ થાય, તીવ્રપણે અભિમાન ન કરે તો. જો કે અંહપણું કર્યું, મમત્વ કર્યું એ જ બધું અભિમાન છે. પણ એમાં તીવ્ર મંદના ભેદો છે. તીવ્ર અભિમાન ન કરે તો કષાયની મંદતામાં ચારિત્રમોહ મંદ થાય છે પણ એમાં જ મમત્વ કરવા જતાં અથવા એમાં કર્તૃત્વ થતાં ત્યાં દર્શનમોહ તીવ્ર થાય છે અને એનું મુખ્ય લક્ષણ એમાં સંતોષ થવો તે છે. સારું કર્યું, ઠીક કર્યું, આટલું તો કર્યું એમ ગણતરી થવી, એ ગણતરી થવી, એનો સંતોષ થવો એ બધા દર્શનમોહની તીવ્રતાના સૂચક પરિણામ છે. સાધકદશામાં અથવા યથાર્થદશામાં એવો પ્રકાર ઉત્પન્ન થતો નથી.

જેણે પોતાનું પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપ અંતરંગમાં જોયું, મૂળ સ્વરૂપ જોયું એવા મૂળ સ્વરૂપ સાથે સાધક દશાને મેળવતો જાય છે અને જ્યાં સુધી એવી પૂર્ણ કેવળજ્ઞાનમય દશા ન થાય ત્યાં સુધી પુરુષાર્થનો દોર તો ઉગ્ર જ થતો જાય છે. પુરુષાર્થનો દોર લીધો છે. પરિણમન તો પુરુષાર્થના દોર ઉપર છે આખું. કેમ કે શ્રદ્ધા થઈ એ બધાને સરખી થઈ. સમ્યક્જ્ઞાન પણ ગુણસ્થાન અનુસાર એની નિર્મળતા છે. ઉઘાડનો તો કાંઈ મેળ નથી. કોઈને ઉપરના ગુણસ્થાને ઓછો ઉઘાડ હોય, નીચેના ગુણસ્થાને વધારે ઉઘાડ હોય. પણ એ બહારના ઉઘાડ સાથે પ્રયોજનને કાંઈ લેવા-દેવા નથી. શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ હોવા છતાં પુરુષાર્થને આધારિત જેટલો પુરુષાર્થ એટલું સિદ્ધિની નજીકતા, એટલું કેવળજ્ઞાન પામવાની નજીકતા એ એક માત્ર પુરુષાર્થને આધારે પરિણમન છે.

સર્વ સાધકને '**જ્યાં સુધીપૂર્ણ વીતરાગતા ન થાય,...**' પૂર્ણ દશા ઉત્પન્ન ન થાય '**અને ચૈતન્ય આનંદધામમાં...**' મહિમાથી વાત કરે છે. ચૈતન્ય આનંદધામ પોતાનું '**પૂર્ણપણે સદાને માટે બિરાજમાન ન થાય,...**' એટલે એક સમય માટે પણ અને અનંતમાં અંશે પણ, અનંતમાં ભાગે પણ પરિણમન બહાર ન જાય અથવા વિકૃત ન થાય, વિકારનો અનંતમો અંશ પણ જ્યાં ઉત્પન્ન ન થાય એવી દશા ન થાય '**ત્યાં સુધી પુરુષાર્થનો દોર તો ઉગ્ર જ થતો જાય છે.**' સમ્યગ્દર્શન થઈ ગયું હવે ચાલો નિરાંત થઈ ગઈ, એક કામ કરવું હતું એ પતી ગયું, હવે કાંઈ વાંધો નથી. એ પ્રકારનું પરિણમન સમ્યગ્દષ્ટિને હોતું નથી. એ પ્રગટપણે જ મિથ્યાદષ્ટિ છે. એવું સાધકની દશાનું લક્ષણ છે

આ. બહારમાં પણ એવું જ બને છે. જેને ભૌતિક પદાર્થો મેળવવા છે એ ક્યાં કોઈ જગ્યાએ અટકે છે, એ ક્યાં કોઈ જગ્યાએ રોકાય છે. પ્રાપ્ત થાય છે પૂર્વકર્મના અનુસાર સંયોગ થાય છે એ, માને છે કે મારા પુરુષાર્થ પ્રમાણે, મારી આવડત પ્રમાણે, કુશળતા પ્રમાણે થાય છે, પણ છતાં એ કાંઈ અટકતો નથી ક્યાંય. હજી જોઈએ... હજી જોઈએ... હજી જોઈએ... હજી જોઈએ.. ચાલુ જ છે. કેટલી જરૂરિયાત છે અને કેટલી બિનજરૂરિયાતનો વિષય છે એટલું પણ નથી જોતો. જે આવ્યું એ. જોઈએ... જોઈએ.. ને જોઈએ. આ જો કે એમ થવાનું કારણ પણ પોતે પૂર્ણ છે એટલે એને ક્યાંય અધૂરું જોતું નથી. તો જેણે પોતાનું પરિપૂર્ણ સ્વરૂપ જોયું એવા સાધકને એવી જ પોતાની દશા હો, એવું પુરુષાર્થને કારણે સહેજે ચાલે છે. ત્યાં સુધી એનો પુરુષાર્થ અટકી જાય, થંભી જાય, રોકાઈ જાય એવું બનતું નથી. એનો પુરુષાર્થ ઉગ્ર જ થતો જાય છે. એવી વાત (લીધી છે).

'**પુરુષાર્થનો દોર તો ઉગ્ર જ થતો જાય છે.**' એક બોલ પાછળ એ પણ આવે છે કે કોઈને એમ લાગે કે મુનિરાજ હજી ત્યાં ને ત્યાં જ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં જ છે. અથવા જ્ઞાની ચોથા ગુણસ્થાનમાં જ છે પણ એમ નથી. તે ગુણસ્થાનમાં પણ તેમના પુરુષાર્થનો દોર ઉગ્રતાપણે ચાલતો હોવાથી તે આગળ ને આગળ વધતા જ જાય છે, તેના તે ગુણસ્થાનમાં પણ આગળ વધે છે. એ સૂક્ષ્મ ફેરફાર છે. સ્થૂળ ફેરફાર ઉપરના ગુણસ્થાને આવે ત્યારે થાય છે. એવું સાધકદશાનું ખાસ પરિણમન છે કે પુરુષાર્થનો દોર તો વધતો જ જાય.

'**કેવળજ્ઞાન થતાં એક સમયનો ઉપયોગ...**' હવે કેવળજ્ઞાનનું વર્ણન કરે છે. '**કેવળજ્ઞાન થતાં એક સમયનો ઉપયોગ થાય છે...**' એટલે કે કેવળજ્ઞાન થયા પહેલાં છદ્મસ્થ અવસ્થામાં અસંખ્ય સમયનો ઉપયોગ હોય છે. પરિણમન સમય સમયનું હોય છે. પણ કોઈપણ વિષયને ગ્રાહ્ય કરવામાં સ્વ-પર પદાર્થનું ગ્રહણ કરવામાં અવગ્રહ, ઈહા, અવાય ને ધારણા. અવાયમાં આવતાં એને ખ્યાલ આવે છે કે મને આ વિષયનું જ્ઞાન થયું. મતિજ્ઞાનના પગથિયા છે આ જ્ઞાન થવાના. 'તત્ત્વાર્થસૂત્ર'માં આ વિષય ચાલ્યો છે. અવગ્રહ, અવાય ને ધારણા. અવાયમાં આવે ત્યારે એને પોતાને ખ્યાલ આવે છે કે આ વિષયને મારું જ્ઞાન વિષય કરે છે. આ જ્ઞેયને મારું જ્ઞાન જાણે છે. પછી સ્વપદાર્થ હોય કે પરપદાર્થ હોય એમાં અસંખ્ય સમય જાય છે. કરોડ-અબજ નહિ એ તો બધા સંખ્યાત સમય છે. અબજ, ખર્વ, નિખર્વ એ બધા સંખ્યાત્ સમયમાં જાય. એથી બહાર અસંખ્યાત સમય ચાલ્યો જાય છે. ત્યારે એને ખ્યાલ આવે છે કે મેં આને જાણ્યું.

આપણે તત્ત્વચર્ચામાં આ વિષય ચાલે છે કે છદ્મસ્થ જીવને પોતાના સ્વરૂપનો શુદ્ધોપયોગ થાય શુદ્ધ સ્વરૂપને અવલંબીને એની એને ખબર પડે કે નહિ? કોઈ કલ્પના કરે છે કે ખબર ન પડે. એવી કલ્પના કરે છે. એને એ ઉપયોગની વાસ્તવિકતી ખબર નથી. એમને એમ લેવું હોય છે કે શુદ્ધોપયોગ અમને થઈ ગયો પણ ખબર ન પડી હોય. કારણ કે અમારી માન્યતા તો બરાબર શાસ્ત્રને અનુકૂળ છે. જેવું શાસ્ત્રમાં તત્ત્વનું પ્રતિપાદન છે એવું જ અમે સ્વીકાર્યું છે એટલે અમારી શ્રદ્ધા બરાબર છે. હવે શ્રદ્ધાને જો તમે શુદ્ધોપયોગ સાથે અવિનાભાવી બતાવતા હો કે જેની શ્રદ્ધા સમ્યક્ થાય એને તે કાળમાં શુદ્ધોપયોગ થાય, થાય ને થાય જ. તો એ તો સૂક્ષ્મ કાળ માટે શુદ્ધોપયોગ થયો હોય તો અમને ખબર ન પણ પડે.

એવું નથી બનતું. છદ્મસ્થનો ઉપયોગ અસંખ્ય સમયનો હોય છે અને એની એને ખબર અવશ્ય પડે જ છે. ચાહે તે ઉપયોગમાં સ્વપદાર્થ જ્ઞેય થાય કે પરપદાર્થ જ્ઞેય થાય એની એને બરાબર ખબર પડે છે. એવો જે અસંખ્ય સમયનો ઉપયોગ છે, એ અધ્યાહાર વિષય છે, એ મટીને, એ દશા ઓળંગી જઈને કેવળજ્ઞાન થતાં એક સમયનો ઉપયોગ થાય છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સ્વપર પદાર્થનું પૂરેપૂરું જ્ઞાન, સંપૂર્ણ જ્ઞાન જે કેવળજ્ઞાનની અંદર એક જ સમયમાં વર્તે છે. ત્રણે કાળનું, ત્રણે લોકનું અને સ્વપદાર્થનું.

એવું '**કેવળજ્ઞાન થતાં એક સમયનો ઉપયોગ થાય છે અને તે એક સમયની જ્ઞાનપર્યાય ત્રણ કાળ અને ત્રણ લોકને પહોંચી વળે છે.**' પહોંચી વળે છે અથવા સર્વવ્યાપક છે એવા શબ્દો કેળવજ્ઞાન માટે વપરાય છે. તોપણ ખરેખર પોતાના આત્માનું સ્વક્ષેત્ર છોડીને, પોતાનું અસંખ્ય પ્રદેશી દેહપરિમાણ ક્ષેત્ર છોડીને કેવળજ્ઞાનની પર્યાય અન્ય ક્ષેત્રમાં જાય છે, એથી બહાર જાય છે એમ સમજવા યોગ્ય નથી. એવું નથી બનતું કદી.

શબ્દ તો એવા આવે છે કે જ્ઞાન જાણે ત્રણ લોકમાં વ્યાપી ગયું. અથવા અહીંયાં એમ શબ્દ લીધો કે ત્રણ કાળ, ત્રણ લોકને જ્ઞાન પહોંચી વળ્યું. એટલે ભૂતકાળમાં જ્ઞાન જતું હશે? ભવિષ્યકાળમાં જ્ઞાન જાતું હશે? ક્ષેત્રમાં હજી લંબાવાનો પ્રશ્ન છે. જેમ પહોંચીને જાણે, જેમ વ્યાપીને જાણે તો કાંઈ અજાણ્યું ન રહે. આમ કહેવાનું તાત્પર્ય શું છે? આમ કહેવા પાછળ શું કહેવું છે? કે સર્વવ્યાપક છે. કેવળજ્ઞાન તો સર્વવ્યાપક છે. પહોંચી વળે છે એમ કેમ કહે છે?

પહોંચી વળે અને વ્યાપીને જાણે એવું કાંઈ અજાણ્યું ન રહે. એટલું પરિસ્પષ્ટ એકદમ સંપૂર્ણ સ્પષ્ટ કેવળજ્ઞાન હોય છે. ભલે તે નિરવશેષ અંતર્મુખ ઉપયોગ છે,

સંપૂર્ણપણે અંતર્મુખ ઉપયોગ છે તોપણ એ જ્ઞાનની નિર્મળતાનું બાહ્ય અંગ એવું છે, અંતરંગ તો નિરવશેષ અંતર્મુખ છે, કે જેની નિર્મળતામાં ત્રણ કાળ, ત્રણ લોકના સર્વ પદાર્થોની સર્વ પર્યાયોનું પ્રતિબિંબ પડી જાય છે. કોઈ ચીજ બાકી રહેતી નથી.

'શ્રીમદ્જી'એ વચનોના થોકડા લખ્યા છે. ૭૦૦ વચનોના, ૨૦૦ વચનોના અને એવા બધા, શરૂ શરૂમાં એમાં એક વાત લીધી. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે અને ધર્મ સર્વજ્ઞતાથી પ્રણિત કરવો. સર્વજ્ઞનો આધાર છે એ છોડીને કોઈ વિષય પ્રતિપાદન કરવા જાય, સર્વજ્ઞપણાની વિરુદ્ધ જઈને કોઈ વિષય પ્રતિપાદન કરવા જાય તો કોઈ વિષયનું પ્રતિપાદન નહિ થાય. કેમ? કે છદ્મસ્થને કેટલોક વિષય પરોક્ષ છે અથવા એના છદ્મસ્થના મતિ-શ્રુતજ્ઞાનથી પાર કેટલોક વિષય છે. અને શાસ્ત્ર પરંપરામાં આગમમાં એ કેવળજ્ઞાન અનુસાર આખોય કરુણાનુયોગ (રચાયેલો છે). કર્મના પરમાણુ દૃશ્ય નથી. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનમાં કાંઈ દેખાતા નથી. તો એ બધો વિષય આખો કેવળજ્ઞાન અનુસાર છે. અને કેવળજ્ઞાનને જો સ્થાપવામાં ન આવે, સ્વીકારવામાં ન આવે તો પહેલી શકાં એમ ઉત્પન્ન થાય એવું છે કે જે વિષયના જ્ઞાનથી અજાણ્યા હોય એમાં ભૂલ ન થાય એની શું ખાતરી શું? જે વિષયથી જ્ઞાન અજાણ્યું હોય એ વિષયમાં ભૂલ ન થાય એની શું ખાતરી? તો કહે છે કે, કેવળજ્ઞાન એક સમયની જ્ઞાનપર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોકને પહોંચી વળે છે.

જે જ્ઞાન અજાણ્યું નથી, અધૂરું નથી એને અજાણપણાનો દોષ લાગતો નથી અને જે જ્ઞાન વખતે સંપૂર્ણ વીતરાગતા હોવાથી અસત્ય કથન કરવાનો દોષ પણ એને લાગતો નથી. અસત્ય તો કષાયથી બોલવામાં આવે છે. અસત્ય કહેવાનો ભાવ. બોલે છે તો શબ્દ બોલે છે પણ કહેવાનો ભાવ છે એ તો કષાય છે. જેને કષાય ક્ષય થઈ ગયા છે, ચારે ચોકડી જેણે ક્ષય કરી છે, સંપૂર્ણ વીતરાગ થયા છે એને કોઈ અસત્ય કથન મૃષાવાદ એને હોઈ શકે નહિ. આ બેય બહુ મોટામાં મોટો સર્વજ્ઞની સ્થાપનમાં બહુ મોટો આધાર છે. સર્વજ્ઞના આગમમાં પરોક્ષ વિષયો અને સૂક્ષ્મ વિષયો એ સત્ય છે એને સાચાં છે એમ વિશ્વાસ કરવાનું કારણ શું છે? કે એમની સર્વજ્ઞતા અને વીતરાગતા એ જ વિશ્વાસ કરવાનું કારણ છે. અધૂરું જાણે કે આઘુંપાછું જાણે એ પ્રશ્ન નથી પણ મોડું જાણે એ પણ પ્રશ્ન નથી. એક સમયમાં જ બધું જાણે છે. પ્રથમ સમયે, કેવળજ્ઞાન થતાના પ્રથમ સમયે જે કોઈ સર્વજ્ઞ અરિહંત થાય છે, અરિહંતદશા તેરમા ગુણસ્થાને પ્રગટે છે (તે જ સમયે) લોકાલોકમાં જ્ઞાન પહોંચી વળે છે.

મુમુક્ષુ :- વીતરાગતા અને સર્વજ્ઞતા Fundamental right છે?

પૂજ્ય ભાઈશ્રી :- Fundamental right પણ છે. દરેક જીવનો હક છે,

અધિકાર છે. એટલે આ જે દિગંબર સંપ્રદાયવાળા કહે છે કે અમારામાં આમ અને તમારામાં આમ એ વસ્તુ રહેતી નથી. સંપ્રદાયનો ધર્મ નથી. અમારા સંપ્રદાયમાં આવવું હોય તો તમારે આટલું બંધન સ્વીકારવું પડશે. એ પ્રશ્ન રહેતો નથી.

વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં મનુષ્યમાંથી કોઈ જાતિનો મનુષ્ય પ્રવેશ કરી શકે છે. ચાંડાળ હોય ઢેઢ, ભંગી, ચાંડાળ ચામર નીચમાં નીચ ગોત્ર છે. રત્નકરંડ શ્રાવકાચારની ૨૮મી ગાથામાં લીધું છે કે ગણધરદેવ એને દેવ કહે છે. ઠીક! દેવ તો સર્વજ્ઞપદને કહેવાય. તો કહે છે, અહીંયાં દિવ્ય ગુણોને પ્રગટ કર્યા માટે અમે એને દેવનું ઉપનામ, મહિમાસૂચક ઉપનામ આપીએ છીએ. એવી ગાથા લીધી છે. આચાર્યદેવે પોતે એ ગાથા લીધી છે. મનુષ્યનો તો અધિકાર હોય એમાં કાંઈ નવીન નથી પણ નારકીનો અધિકાર છે. સાતમી નારકીના નારકીનો અધિકાર છે, જે તીવ્ર પાપ કરીને ગયેલા છે. અને સર્વ પ્રકારના સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોનો પણ એ અધિકાર છે.

નારકીને તો ભગવાનના સમવસરણમાં પ્રવેશ પણ નથી. તિર્યંચોને પ્રવેશ છે અને ત્યાં અનેક તિર્યંચો પોતાની સ્વભાવદશાને પ્રાપ્ત કરે છે. સ્વભાવનું દર્શન કરે છે અને એનું આખું પરિણમન અને ભવન બદલાઈ જાય છે. એક આનંદનો ઉભરો આવતાં જાણે કે નવો જન્મ થયો. આત્માને નવો જન્મ થયો. પહેલાંનો આખો સંસાર જુદી રીતે જીવ્યો, હવે એનું જીવન જુદી રીતે જીવશે. એક સ્વરૂપલક્ષે એનું જીવન-પરિણમન ચાલશે. એ આખો પ્રકારાંતર-પ્રકાર જ તદ્દન જુદો છે. એ પ્રકાર અને સંસારનો પ્રકાર બેને મેળ ખાય એવું નથી. જુદો પ્રકાર છે. એટલો વિશાળ છે. ધર્મનો વિષય એટલો વિશાળતાના અભિપ્રાયવાળો છે. સંપ્રદાયબુદ્ધિ એ સંકુચિત બુદ્ધિ છે અને એમાંથી પુણ્યની પણ ઉત્પત્તિ થતી નથી, પાપની ઉત્પત્તિ થાય છે. સંપ્રદાયબુદ્ધિ ત્યાગવા યોગ્ય છે. મિથ્યાત્વ પણ એમાં દૃઢ થાય છે. એટલે કોઈ રીતે સંપ્રદાયબુદ્ધિએ પ્રવર્તવા જેવું નથી.

મુમુક્ષુ :- પાપબુદ્ધિ કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- પાપબુદ્ધિ એટલે એમાં સાધકનો નિષેધ થાય છે, ધર્મનો નિષેધ થાય છે. મોટું પાપ છે એમાં તો. ધર્મનો-સમ્યગ્દર્શનનો, ધર્માત્માનો નિષેધ થાય છે. સંપ્રદાયબુદ્ધિમાં તો એ બખડજંતર ઉત્પન્ન થયા વિના રહે નહિ. આથી કયુ મોટું પાપ ગણવું? એમ છે. ધર્મનો વિષય તો બહુ વિશાળ છે. એક એનો વ્યવહાર કરવાનો આટલો વિષય છે. આ તો ધર્મનો વિષય છે, બહુ પવિત્ર, ધર્મ તો એકદમ પવિત્ર પરિણમન છે. પણ જેનો વ્યવહાર એવો છે કે મુમુક્ષુદશામાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના કોઈપણ પ્રાણીને મન, વચન, કાયાના નિમિત્તથી દુઃખ ન હો. એવો

અભિપ્રાય જગતના સર્વ પ્રાણી પ્રત્યે હોય છે. 'શ્રીમદ્જી'એ બહુ ગંભીરતાથી એ વિષય નાખ્યો છે.

મુમુક્ષુ :- સાચા છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- શું એમાં કહેવું છે શું તમારે? સાચા છે એમ કહીને શું કહેવું છે? બધા એમ જ કહે છે કે અમે સાચા છીએ. જગતના બધા એમ જ કહે છે કે અમે સાચા છીએ. એમ કહેવાથી થઈ જવાય છે?

મુમુક્ષુતાની યોગ્યતા રોકાઈ ન જાય એના માટેના ત્રણ કારણો કહ્યા છે, ૨૫૪ નંબરના પત્રમાં. '**આ લોકની અલ્પ પણ સુખેચ્છા,...**' એટલે જગતના પદાર્થ વિષે સુખાભાસ.,અલ્પ પણ સુખાભાસ. સત્પુરુષ પ્રત્યે '**પરમ દૈન્યતાની ઓછાઈ...**' પરમ દૈન્યતાની ઓછપ. દીનપણું લીધું છે મૂળ શબ્દમાં. અર્થ કર્યો છે નીચે વિનય. અને સ્વપરપદાર્થનો અનિર્ણય છે. અથવા અયથાર્થ નિર્ણય છે. એ યોગ્યતાને રોકનારા કારણો છે. એમાં આ વચ્ચેના કારણમાં નાખ્યું છે અથવા મુખ્ય કારણમાં આ વાત નાખી છે કે '**સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે;...**' ચોથા ગુણસ્થાનની બુદ્ધિ નહિ પણ પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે અને '**એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે.**' એવી બુદ્ધિ જ્યારે કોઈ મુમુક્ષુને થાય ત્યારે એને પરમ વિનય, પરમ પરમ વિનય જાગૃત થાય છે.

હવે અહીંથી એના આવા કારણથી એક કાર્ય ફલિત થાય છે એમાં આ વાત નાખી છે. જુઓ! વિષયની ગંભીરતા. કે જેને લીધે '**જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે.**' આ સર્વ પ્રાણીને વિષે પોતાનું દાસત્વ મનાય છે એ અહીંથી છે. કોઈ પણ પ્રાણીને પોતાના મન, વચન, કાયાથી દુઃખ ન હો. આ એનું દાસત્વ છે. અથવા સર્વ પ્રાણી આ સન્માર્ગને પ્રાપ્ત હો. જગતના સર્વ પ્રાણી એક સમયનો અવકાશ રાખ્યા વિના, અનવકાશપણે આ માર્ગને પ્રાપ્ત થાય એવી ભાવના તો એને આત્માર્થીતામાં ઉત્પન્ન થાય છે. જ્ઞાનદશા તો પછી પ્રગટ થશે. જ્ઞાનદશા તો કેટલી મહાન છે એ તો હજી અંદાજ આવવો મુશ્કેલ છે. પણ આ પહેલાના બધા Figures દેખાડવામાં આવે છે.

જેમ કોઈ માણસની સંપત્તિ બતાવવી હોય તો કહે, એને ત્યાં વાળવાવાળા લાખોપતિ છે. સંજવારી કાઢવાવાળા લાખોપતિ છે. બીજા કામ કરનારા તો બધા કરોડપતિ છે, એના મેનેજર તો અબજોપતિ છે. એની વાત કાંઈ થાય એવું નથી. શું કરે એની સંપત્તિ ગણી શકાય એવું નથી. એટલે નીચેના આંકડા બતાવવા પડે છે. એમ જ્ઞાનદશાને ન સમજી શકે એટલે કેટલીક મુમુક્ષુદશાનું પણ વર્ણન આવે છે.

**'સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ 'પરમ દૈન્યત્વ' જ્યાં સુધી આવરિત રહ્યું છે ત્યાં સુધી જીવની જોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.'** ત્યાં સુધી એ યોગ્યતા રોકાયેલી હોય છે, અવરોધ પામેલી હોય છે. એ યોગ્યતા આગળ વધીને સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનને ધારણ કરશે એ પરિસ્થિતિમાં નહિ આવે. ક્યાંથી ક્યાં નાખી વાત! સત્પુરુષમાંથી અહીંયાં નાખી વાત. બહુ બહુ વિચિક્ષણ છે લખવામાં પોતે!

મુમુક્ષુ :- સર્વ જીવ છે સિદ્ધ સમ.

પૂજ્ય ભાઈશ્રી :- એ અહીંથી નાખ્યું છે. 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.'

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પાયામાં એ વાત નાખી છે કે તું સર્વજ્ઞને સ્વીકારે છો? તો તત્ત્વજ્ઞાન સાચું. સર્વજ્ઞને બાદ કરે છે? તત્ત્વજ્ઞાન સાચું નથી. એ ક્રમબદ્ધ પર્યાયની ચર્ચા (દિગંબરના એક વિદ્વાન) સાથે ચાલી. ૨૦૧૩ની સાલમાં 'ગુરુદેવશ્રી' પહેલી યાત્રામાં પધાર્યા ત્યારે ત્યાં એમનો ભેટો થયો. ક્રમબદ્ધનો વિષય જરા દિગંબર વિદ્વાનોમાં પણ ચર્ચાનો વિષય (થયેલો).

... તો ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં કેવળજ્ઞાન પહોંચી વળે છે તે માનવું પડે. તો પર્યાય ક્રમબદ્ધ છે એ વાત પણ એની અંદર આપોઆપ થઈ ગઈ. એટલે સીધી ઉડાવી સર્વજ્ઞતાની વાત. સર્વજ્ઞ કી સર્વજ્ઞ જાને. શું જવાબ આપવો? સર્વજ્ઞની સર્વજ્ઞ જાણે. હું ન જાણું કાંઈ. સર્વજ્ઞનું હું કાંઈ ન જાણું. પતી ગયું. 'ગુરુદેવ' કહે, વાત પૂરી થઈ ગઈ ચાલો.

મુમુક્ષુ :- બહુ બુદ્ધિશાળી ગણાતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સંપ્રદાયમાં બહુ મોટી પ્રતિષ્ઠા હતી એમની. વૈષ્ણવમાંથી આવેલા અને 'સમયસાર' સંસ્કૃત ટીકા સાથે મુખપાઠે હતો. ૪૧૫ ગાથા 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકા સાથે મુખપાઠ કંઠસ્થ હતું. એટલું અધ્યયન તો 'સમયસાર'નું હતું. જે જમાનામાં દિગંબર સંપ્રદાયમાં મુનિઓ અને શ્રાવકો 'સમયસાર'ને અડતા નહિ, વાંચતા નહિ કે આપણું કામ નહિ, આમાં આપણી ચાંચ ન બૂડે, તે દિ' કંઠસ્થ કરેલું એમણે. અને એક બીજું નામ 'સમયસાર' માટે 'ગુરુદેવ'નું પ્રસિદ્ધ થયું કે 'સમયસાર'નો ઝંડો એમણે લહેરાવ્યો. 'સમયસાર' લોકો વાંચતા થયા. ઘરે ઘરે 'સમયસાર' પ્રાપ્ત થયું. ત્યારે એ બંનેનો ભેટો થયો ત્યાં. તો સર્વજ્ઞની શ્રદ્ધા નહિ, ઠીક! પહેલી ગાથાની ટીકામાં આચાર્ય મહારાજ શ્રોતાને એમ કહે છે કે તારા

આત્મામાં અને મારા આત્મામાં સર્વજ્ઞને સ્થાપીને હું આ ટીકા કરું છું. ટીકાનો પ્રારંભ જ હું અહીંથી કરું છું. તો કહે, સર્વજ્ઞની સર્વજ્ઞ જાણે. કેમકે એને લઈને જે બીજો સિદ્ધાંત સ્વીકારવો પડે છે એ પોતાની શ્રદ્ધાને અનુકૂળ નથી એટલે એની કોઈ શ્રદ્ધા સાચી નથી. સાચું દેખાય તે પણ સાચું નથી. ખોટું દેખાય એ તો સાચું નથી. પણ સાચું દેખાય એ પણ સાચું રહેતું નથી.

ખાસ કરીને તત્ત્વજ્ઞાનની શ્રદ્ધામાં આ વિષય ધ્યાન ખેંચવા જેવો છે. કેટલું સાચું છે એ માપવાનો આ વિષય નથી. ક્યાંય ખોટું આવે છે કે નહિ એ જોવાનો આ વિષય છે. પ્રયોજભૂતમાં એક ભૂલ થઈ કે બાકીની હજાર વાતમાં ૯૯૯ ઉપર ચોકડી મૂકવી પડે. આ પરિસ્થિતિ છે. કેમકે એક જગ્યાએ ભૂલ્યો છે એ બીજી બધી ધારણા એને સાચી નથી કરી, ખોટી કરી છે. જો ધારણા સાચી હોય તો એકેય ભૂલ થાય નહિ. લોકો એમ મેળવે છે કે પણ આટલું તો સાચું ને? એમ ન મેળવાય. એમ મેળવવા જાઓ તો શ્વેતાંબરના આગમ માન્ય કરવા પડશે તમારે. તેમાંય કેટલીક વાતો દિગંબરથી તો લીધેલી જ છે. મૂળ તો ધારણામાં રહેલી વાત એમણે પ્રતિપાદન કરેલી છે. જ્યારે સંપ્રદાયથી જુદાં પડ્યા ત્યારે તો એ પરંપરા ચાલી આવતી હતી એમાંથી છૂટા પડ્યા તો કેટલા તો ધારણાવાળા છૂટા પડે. એટલે એમણે જે આગમ રચ્યા એમાં એ વાત નાખી. પણ જે ભૂલ છે એ પણ આવી અને ધારણામાં સાચું રહ્યું એ પણ આવ્યું. બેય આવ્યું એની અંદર. હવે અહીંયાં કેવી રીતે તારવશે કે પોતે ભૂલ નહિ કરે ઈ? એટલે જ્યાં સુધી પ્રસિદ્ધપણે સાંગોપાંગ સત્ય જ્યાંથી ન મળે એ સિવાય બીજા કોઈ સ્થાનેથી સત્યનું ગ્રહણ કરવા જવા માટે સત્ સમાગમ કરવો કે તત્ત્વનો માલ લેવા જેવો એ વાત પોતાને ભૂલમાં નાખવાની છે. પોતાને ભૂલો પડવાની વાત છે.

બજારમાં જો ખબર પડે કે આ સાચા હીરા અને ખોટા હીરા બે ભેળસેળવાળો માલ વેચે છે અને બાજુની દુકાનવાળાની Prestige ચોખ્ખો જ માલ વેચવાની છે, બે પૈસા વધારે લાગશે છેતરામણ મર્યાદિત છે. માલ ક્યાંથી લેશે? ભેળસેળવાળાને ત્યાંથી લેશે કોઈ? સમજદાર માણસ તો નથી લેતો. પછી સસ્તુ લેવા જાય તો એ સસ્તુ મોઘું પડે છે. સસ્તુ સસ્તુ પડતું નથી.

એમ અહીંયાં સહેલો ધર્મ થાય છે અને સહેલી વાત બતાવે છે. એમ કાંઈ ધર્મ તો જે રીતે થાય તે રીતે જ થાય. સહેલા અઘરાનો પ્રશ્ન છે જ નહિ એમાં. પોતે પ્રયત્ન કરે તો સહજ, સરળ અને સુગમ છે ન પ્રયત્ન કરે તો અનંત કાળે પણ દુર્ગમ છે અને કઠણ છે.

એટલે અહીંયાં જે સાધકદશાના પુરુષાર્થનો દોર ઉગ્ર થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય

ત્યાં સુધી થંભીને અટકવાનું નથી. એવો એક સમયનો ઉપયોગ થાય ત્યાં સુધી પુરુષાર્થ સાધક ચાલુ જ રાખે છે અથવા સહજ એને ચાલુ રહે છે. એવી પુરુષાર્થના પડખેથી અહીંયાં જ્ઞાનદશાની વાત લીધી છે. સાધકદશાની વાત લીધી છે. ૨૮૪ થયો.

**પોતે પરથી ને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો. એક્તાબુદ્ધિ તોડવી તે મુખ્ય છે. એકત્વ તોડવાનો ક્ષણે ક્ષણે અભ્યાસ કરવો. ૨૮૫.**

૨૮૫. ભેદજ્ઞાનનો વિષય છે. '**પોતે પરથી ને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો. એકતાબુદ્ધિ તોડવી તે મુખ્ય છે.**' પોતે પરથી અને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો. વિચાર કરવો એટલે સ્વ-પરને જુદા ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો એને અહીંયાં વિચાર કરવો એમ કહે છે. નહિતર તો કહે કે ભાઈ! આ વાત સાંભળ્યા પછી અમે ભેદજ્ઞાનનો વિચાર તો ઘણીવાર કરીએ છીએ. આત્મા જુદો છે. જ્ઞાન જુદું છે. રાગ જુદો છે. પરપદાર્થ દેહાદિ જુદા છે. એવો વિચાર તો કરીએ છીએ. વિચાર કરવો એમાં માત્ર વિકલ્પ કરવો એમ કહેવાનો અભિપ્રાય નથી.

એક ૩૧૨નો બોલ છે. એમાં આ વિષય છે. કેમકે અહીંયાં એક્તાબુદ્ધિ તોડવી એ વાત લીધી છે ને? તો અહીંયાં ૩૧૨માં ૧૦૪ પાનું છે. '**અનાદિકાળથી એકત્વપરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે**' એકત્વ થઈ ગયું છે, થઈ રહ્યું છે. રાગ અને પર સાથે એકમેક પરિણમન થઈ રહ્યું છે. એવું જે એકપણાનું પરિણમન-એકત્વ પરિણમન '**તેમાંથી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું**'' આ જ્ઞાનમાત્રનો મંત્ર છે. ''**હું જ્ઞાનમાત્ર છું' એમ જુદું પાડવાનું છે.**' જ્ઞાનની વ્યપાકતા, જ્ઞાનની સ્વચ્છતા, જ્ઞાનની પ્રત્યક્ષતા અને જ્ઞાનની જ્ઞાનમાં વેદકતા એમ જ્ઞાનમાત્રપણે એને જુદો પાડવાનો છે. અહીંયાં પાડવાનું છે એમ લીધું. અહીંયાં વિચાર કરવો એ શબ્દ નથી લીધો. અહીંયાં એકત્વથી જુદું પડવાનું છે તો એક્તાબુદ્ધિ જે તોડવી છે એમાં જુદું પડે એ તૂટે છે. અને જુદું પડે છે ક્યારે? કે જ્ઞાનમાત્રપણે પોતાને ગ્રહણ કરે ત્યારે.

આ જ્ઞાનમાત્ર તો 'સમયસાર'નો મંત્ર છે અથવા આખા 'સમયસાર'ને આચાર્ય મહારાજે જ્ઞાનમાત્રમાં સમાવી દીધું છે. એક જ્ઞાનમાત્ર કહીને એનો સમાવેશ કર્યો છે. આખું 'સમયસાર' એના ઉપર છે. જો આ એક મંત્ર સાધતા આવડી જાય, જ્ઞાનની વ્યાપકતા, વેદકતા, પ્રત્યક્ષતા અને સ્વચ્છતાથી જો એને અંદરમાં સાધતા આવડી જાય. પડખા ચાર તો કહેવામાત્ર પડે છે. ગ્રહણમાં એકસાથે ચારેચાર પડખા આવી

જાય છે. તે જુદો પડી જશે. એનું એકત્વ પરિણમન છૂટું પડી જશે અને એને ભેદજ્ઞાનની સાધના શરૂ થઈ જશે. આ જ્ઞાનમાત્ર શબ્દ ૩૧૨ નંબરનો છે.

એને અહીંયાં વિચાર કરવો એમ કહ્યું છે. પ્રયત્ન સહિત વિચાર ચાલે છે એટલે વિચાર કરવો એમ કહેવું છે. પ્રયત્ન વિનાનો વિચાર એ ખરેખર વિચાર નથી. વિચાર નથી પણ અવિચાર છે. ઠીક! વિચાર નથી કેમ? કે જેમાં જે વિષયનું કાર્ય કાંઈ પણ પ્રયત્નયુક્ત ન હોય તો એ વિચાર અવિચાર બરાબર સમજવો. '**પોતે પરથી અને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો.**' એટલે ક્ષણે-ક્ષણે, પ્રસંગે-પ્રસંગે ઉદયમાં જ્ઞાનમય સત્તાધારી, જ્ઞાનસત્તાધારી, જ્ઞાનથી પોતે જુદો છે. જ્ઞાનમાત્રપણે પોતે જુદો છે એમ એણે વિચાર સહિતની દશામાં પણ જુદા પડવાનો પ્રયત્ન કરવો. વારંવાર પ્રયત્ન કરવો. વારંવાર જે કાર્ય કરવું હોય એને અભ્યાસ કરવો એમ કહેવામાં આવે છે. એ નીચે આવે છે. અભ્યાસ કરવો.

'**એકત્વ તોડવાનો ક્ષણે ક્ષણે અભ્યાસ કરવો.**' પ્રયત્નરૂપ અભ્યાસ કરવો. તો એક્તાબુદ્ધિ તૂટશે. અનાદિની એક્તા બુદ્ધિ કેટલી ગાઢ થઈ ગયેલી છે એનો અંદાજ કાઢવો હોય, આમ ખબર નહિ પડે, એક સમયમાં તો એકત્વ થઈ જાય છે. જેવું જ્ઞાન ઉત્પન્ન થાય છે જે જ્ઞેયનું પ્રતિબિંબ આવે છે એની સાથે એકત્વ ગ્રહણ કરી લે છે. એ વિચાર કરે તો અસંખ્ય સમય જાય છે વિચારમાં. કે આ જુદો અને હું જુદો... આ જુદો અને હું જુદો.. એમ વિચાર કરે ત્યાં અસંખ્ય સમય જાય છે. તો જુદું પાડવું કેવી રીતે? એક સમયમાં તો એક થઈ જાય છે.

એ વિચાર છે એ વિચાર છે, પણ અંદરમાં જ્ઞાનમાત્રપણે ગ્રહણ કરવાનો પ્રયત્ન છે એ પ્રયત્ન કરતાં કરતાં એ પ્રયત્નમાં સફળ થઈ જાય અને સ્વરૂપનું સ્વપણે ગ્રહણ થઈ જાય. સ્વસ્વરૂપનું સ્વપણે ગ્રહણ થઈ જાય, તન્મયપણે ગ્રહણ થઈ જાય ત્યારે કોઈ એક સમયે છૂટો પડી જાય છે. ત્યાં વિચારના અસંખ્ય સમયના સ્થૂળ ઉપયોગની જરૂર રહેતી નથી. વગર વિકલ્પે અને વગર વિચાર્યે.

એવો '**એકત્વ તોડવાનો ક્ષણે ક્ષણે...**' એટલે પ્રતિક્ષણે. ક્ષણે ક્ષણેનો અર્થ છે પ્રતિક્ષણે. ક્યારેક વિચાર આવે. પ્રયત્ન હોય નહિ. ક્યારેક વિચાર આવે વળી કેટલો ઉદય પસાર થાય. ધારણા કરી છે એટલે વળી પાછો ક્યારેક વિચાર આવે ભેદજ્ઞાનનો. એવી રીતે કોઈ કાર્યસિદ્ધિ થતી નથી. ક્ષણે ક્ષણે એટલે પ્રતિક્ષણે એ તો એને જ થાય છે કે જેની ભાવના સ્વકાર્ય કરવાની આત્મકાર્ય કરવાની જેને ઘણી ભાવના, ઊંડી ભાવના, તીવ્ર ભાવના, અપૂર્વ ભાવના હોય એને એ થાય છે.

ભાવના વિના ભેદજ્ઞાનનો પ્રયત્ન થતો નથી. અને પ્રયત્ન થયા વિના માત્ર કોરો

વિકલ્પ વિચાર, ઉપર ઉપરનું વાંચન, વિચારણાનું કાર્ય એ કોઈ રીતે સફળ થાય કે એની શ્રદ્ધાને પલટાવે એવું બનતું નથી. અનંત શક્તિથી જે શ્રદ્ધાગુણ ઊંધો પરિણમે છે, ઊંધી પડેલી શ્રદ્ધા છે એને સવળો થવા માટે એની તાકાત પણ એટલી જ જોઈશે. અને એ ઉપર ઉપરના વાંચન વિચાર વિકલ્પમાં એ શક્તિ નથી કે એ શ્રદ્ધાને પટલાવે કે સવળી કરે. એ નહિ બની શકે.

જેને ઊંડી ભાવનાથી,... ઊંડી ભાવનાનો વિષય લીધો છે ૨૮૯માં. ૨૮૯નો જે બોલ છે એ ભાવનાનો બોલ છે. પહેલી જ વાત છે. '**ચૈતન્યનની ઊંડી ભાવના...**' કેટલી ઊંડી ભાવના? કે જે '**અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે...**' એવી ઊંડી ભાવના. વિશેષ વિસ્તાર તો એ જગ્યાએ કરશું. પણ અહીંયાં એક એનો આંક બાંધ્યો છે કે સામાન્ય રીતે જે ક્ષયોપશમજ્ઞાન છે, ધારણાજ્ઞાન છે એ મતિ-શ્રુતજ્ઞાન ઉપર ઉપરનું અન્યભવમાં સાથે રહેતું નથી. અંગ પૂર્વનો અભ્યાસ કરેલો છે આ જીવે. અગિયાર અંગ અને નવ પૂર્વ અનંત વાર ભણી ચૂક્યો. કોઈ બીજા ભવમાં એ સાથે આવ્યા નહિ.

અત્યારે તો જે શાસ્ત્ર અભ્યાસ છે, આપણા મુમુક્ષવર્ગમાં છે, સંપ્રદાયમાં તો શાસ્ત્ર અભ્યાસ રહ્યો નથી ત્રણે ફિરકાઓમાં, એ બહુ સાધારણ શાસ્ત્ર અભ્યાસ છે. વિદ્વાનો, પંડિતો જે કહેવાતા હોય તે બધા સાધારણ અભ્યાસ છે. એ કોઈ બહુ મોટી વાત નથી. આ જીવ અગિયાર અંગ અને નવ પૂર્વ અનંત વાર ભણી ચૂક્યો છે પોતે. એક-બે વાર નહિ પણ લાખ-કરોડ-અબજવાર નહિ પણ અનંત વાર ભણી ચૂક્યો છે. બહુ બહુ તો એ ધારણા તદ્ભવ પૂરતી રહે છે. મોટાભાગના તો તદ્ભવમાં છેલ્લે-છેલ્લે આયુષ્ય પૂરું થતાં પહેલા એ ધારણા ગુમાવી બેસે છે, એવી જ કોઈ નબળી સ્થિતિ હોય છે. બીજા ભવમાં તો કાંઈ યાદ આવતું નથી કે મેં શું વાચ્યું હતુ? કયા શાસ્ત્ર વાંચ્યા હત? કેટલા વાંચ્યા હતા? કેવા વાંચ્યા હતા? ભાવનાનું એવું નથી.

ભાવના ભલે શાસ્ત્ર વાંચ્યા વગર ઉત્પન્ન થઈ હોય કે મારે મારું હિત કરવું છે. મારે મારો આત્મા જોઈએ. એમાં કાંઈ લાંબી વાત નથી. મારું સ્વરૂપ મારે જોઈએ એમાં બીજાની ક્યાં જરૂરનો પ્રશ્ન છે? એ ભાવના, ઊંડી ભાવના એને બીજા ભવમાં પણ ચૈતન્યની સાથે જ રહે છે. ચૈતન્યની ભાવના ચૈતન્યને છોડીને ક્યાંય જતી નથી.

મુમુક્ષુ :- બાર અંગ, નવ પૂર્વ...

પૂજ્ય ભાઈશ્રી :- નથી જતા. પરલક્ષીજ્ઞાન છે ને. પરલક્ષીજ્ઞાન છે. એમાં શું બતાડવું છે? બહુ ઊંડો વિષય છે કે પરિણામમાં લુખાશ શું છે અને રસ શું છે? ચૈતન્યની ભાવનામાં ચૈતન્ય સંબંધીનો રસ છે. જ્યારે અગિયાર અંગ અને નવ પૂર્વના

પરલક્ષીજ્ઞાનમાં ચૈતન્યનો રસ નથી. આમાં આત્મરસ છે, ઓલામાં આત્મરસ નથી. રસ લંબાય છે. કોઈપણ પરિણામ ક્યારે લંબાય છે? એક ગુસ્સો આવ્યો હોય. તીવ્ર કોઈપણ કષાય થયો તો કષાયનો રસ તીવ્ર થયો છે તો એ પરિણામ લંબાશે. મંદ રસે પરિણામ થયા હશે તો એ પરિણામ નહિ લંબાઈ. આધાર તો (રસ ઉપર છે).

અહીંયાં જો એ ચૈતન્યની બીજા ભવમાં પણ ભાવના સાથે આવે છે તો એનો રસ કેટલો પડે છે? આ વિચારવા જેવો વિષય છે. પરિણામની અંદર જે રસનો Factor છે-આ મુદ્દો છે એ પરિણામના વિજ્ઞાનનો બહુ મોટો આધારભૂત મુદ્દો છે, વિજ્ઞાનની દૃષ્ટિએ. કહે છે કે અગિયાર અંગ અને નવ પૂર્વના પરલક્ષીજ્ઞાનમાં આત્મરસ નથી, જેટલો ચૈતન્યની ભાવનામાં આત્મરસ છે. આ રસની સાથે સંબંધ ધરાવે છે. એટલે એ બીજા ભવમાં સાથે આવે છે.

મુમુક્ષુ :- આ રસ નથી તો પરનો રસ તો ખરો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પુદ્‌ગલરસ છે. સારો પ્રશ્ન છે. જીવ રસ વગરનો છે નહિ. તો અગિયાર અંગ અને નવ પૂર્વમાં તો એને ઘણો રસ ઊપજ્યો હોય તો એટલી લબ્ધિ પ્રાપ્ત કરી. આમ તો કાંઈ ભણાતું નથી એ કાંઈ. પણ એ તો લબ્ધિથી મળે છે. તો એને કેટલો રસ ઉત્પન્ન થયો હશે? ઘણો રસ ઉત્પન્ન થયો હશે. તો ઘણો રસ કયો થયો? ચૈતન્ય નથી, એ પુદ્‌ગલરસ છે, જડરસ છે. ભાષાનો રસ થઈ જાય છે. કોઈ લેખક હોય, કોઈ વક્તા હોય અથવા બાહ્ય જ્ઞાનનો જે ઉઘાડનો રસ થઈ જાય છે એ બધો પુદ્‌ગલરસ છે. બાહ્ય ઉઘાડ જ્ઞાનનો રસ એ ચૈતન્યરસ નથી, એ પુદ્‌ગલરસ છે.

ભાષાનો રસ તો પુદ્‌ગલરસ અવશ્ય છે, એ તો ચોખ્ખી વાત છે પણ બાહ્ય જ્ઞાનનો રસ એ પણ ઉઘાડ જ્ઞાનનો રસ છે, બહુ વિશાળ જ્ઞાન લાગે છે. તો એ પુદ્‌ગલરસ છે. એમ બે LIne જુદી પાડી દે છે. અહીંયાં જે મુદ્દો છે 'ગુરુદેવ'ના વચનોમાં, 'પૂજ્ય બહેનશ્રી'ના વચનોમાં જે મુદ્દો છે એ આ છે. એની LIne જુદી છે. ઓલી બાજુ તમે ગમે તેટલા આગળ જાવ ઉલટી દિશામાં, પર તરફની દિશામાં વિકાસ સાધી અને તમારું જ્ઞાન બિડાઈ જશે. સુખ પણ નહિ ઉત્પન્ન થાય, દુઃખમાં ધકેલાઈ જવાશે ચાર ગતિમાં. અહીંયાં અંતરમાં ચૈતન્યની ભાવનામાં આવતા અનંત ગુણોની ખીલવટ થવામાં માંડશે. અનંત ગુણો ખીલશે એમાંથી. આ વસ્તુ જ જુદી છે. ઓલી વસ્તુ સાવ જુદી જ છે.

મુમુક્ષુ :- આ વાત ચોથા કાળની ....

પૂજ્ય ભાઈશ્રી :- ચોથા કાળની જ છે અને સાધે તો ચોથા કાળથી અધિક કાળ સમજવો. સાધી લે તો અનંતા ચોથા કાળમાં અનંત વાર મનુષ્યપણે જન્મ લીધો,

અનંત વાર તીર્થંકરના સમવસરણમાં જઈ આવ્યા, સાધે તો ચોથા કાળથી અધિક કાળ છે. જેમ અનંત તીર્થંકરથી અધિક વાત લીધી એમ અનંત ચોથ ıકાળથી અધિક વાત છે. ચોથો કાળ એટલે ધર્મકાળ કહેવામાં આવે છે. ધર્મ પામે તે ધર્મકાળ, ન પામે તો ચોથો કાળ શું કામનો? એ ચોથો કાળ એને માટે તો નથી. એને માટે તો પાંચમો અને છઠ્ઠો જ છે. ખરેખર તો છઠ્ઠામાં નથી પમાતો ધર્મ. એને માટે તો છઠ્ઠો જ છે. ન પામે ત્યાં સુધી છઠ્ઠો આરો છે અને પામે તો ચોથો આરો છે. છે, કીંમતી વસ્તુ એની દરકાર કરવા જેવો વિષય છે. ભાઈ! દરકાર જેવો વિષય છે. શું કહે છે? આટલો પરિશ્રમ કર્યો છે જ્ઞાનીઓએ. આટલી વાત કહેવાનો પરિશ્રમ કર્યો છે અને જો પોતે દરકાર ન કરે તો એને વ્યવહારે પણ બહુમાન નથી. એવું થાય.

કહે છે કે '**પોતે પરથી અને વિભાવથી જુદાપણાનો વિચાર કરવો.**' પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો અને આ ભેદજ્ઞાનનો અભ્યાસ એ જ એકતાબુદ્ધિને તોડવાનું મુખ્ય કારણ છ, મુખ્ય સાધન છે. બીજી કોઈ રીતે એકતાબુદ્ધિ નહિ તૂટે. અગિયાર અંગ અને નવ પૂર્વમાં એકતાબુદ્ધિ ન તૂટી પાછી. એક સમયનું એકત્વ પરિણમન છે એ ન તૂટ્યું. શાસ્ત્ર અધ્યયન કરવું એક વાત છે અને અંતર પુરુષાર્થ કરવો એ બીજી વાત છે. એમ બે વાત જુદી પાડવી જોઈએ.

કોઈ વિકલ્પમાં અથવા પરલક્ષી ઉપયોગમાં સ્વરૂપને સાધવાનું સામર્થ્ય જ નથી. શક્તિ જ નથી. જેનામાં જે શક્તિ નથી એ પરિણામ કાર્ય કેવી રીતે કરે? એ પરિણામમાં શક્તિ તો છે નહિ, એ કાર્ય કરતું નથી. હવે કહે છે કે પહેલા વિકલ્પ ઊઠે છે કે મારે અંતર્મુખ થવું છે, મારે પુરુષાર્થ કરવો છે એવો વિકલ્પ ઊઠે છે ને? તો એ વિકલ્પમાં કોઈ સામર્થ્ય નથી. બીજી જે પર્યાય ઉત્પન્ન થઈ એને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય પહેલી પર્યાયમાં નથી. કેમકે બે પર્યાય વચ્ચે વ્યતિરેક છે. એક પર્યાય બીજી પર્યાયનું નિશ્ચયથી કાર્ય-કારણ થતા નથી. તો બીજી પર્યાયમાં એણે સ્વતંત્રપણે પુરુષાર્થ કરવો રહ્યો. વિકલ્પનું લક્ષ છોડીને, નિમિત્તનું લક્ષ છોડીને એણે સ્વતંત્રપણે પુરુષાર્થ કરવો રહ્યો તો કાર્યસિદ્ધિ છે. પણ પહેલેથી જ આમ વિકલ્પ કરું તો આમ થાય, આમ વિચાર કરું તો આમ થાય. આમ વાચું તો આમ થાય. એમ એ બધો બહારમાં લંબાવાનો જે અભિપ્રાય છે એ અભિપ્રાય ખોટો છે.

'સોગાનીજી'એ બહુ ચોંટ મારે એવી વાત કરી છે કે વાંચતા વાંચતા કાર્ય થઈ જશે, જે વિષય વાંચનનો વિષય છે પરમાર્થનો એની ચોંટ ન લાગે તો એવો અભિપ્રાય થઈ જ જશે એને. કેમકે એ પછી વાંચ્યા જ કરવાનો છે અને સાંભળ્યા જ કરવાનો છે કે આમ કરતા કરતા થઈ જશે. બુદ્ધિપૂર્વક અભિપ્રાય નથી ઘડતો કે મને વાંચતા વાંચતા

થઈ જશે. પણ એવો અંદરમાં અભિપ્રાય થઈ ગયો હોય છે પછી કે આ વિષય બહુ સારો છે, આમાં પરમાર્થની વાત કરી છે. જાણે વાંચતા વાંચતા થઈ જશે એવો એને અંદરમાં અભિપ્રાય બંધાઈ જાય છે અજાણપણે. એને ચોંટ લાગી નથી અને ચોંટ લાગવાનો પછી એને અવસર રહેતો નથી. આ અભિપ્રાયની આડશમાં. એટલે એને 'ગુરુદેવ' શલ્ય કહે છે. ૮૫ માં બોલમાં એને શલ્ય કહે છે કે જેમ બીજી ક્રિયા કરતાં કરતાં પામી જવું એ શૈલ્ય છે, એમ શાસ્ત્ર વાંચન કરતાં કરતાં પામી જશું એ પણ એક શૈલ્ય છે. એ નાખ્યું છે. (અહીં સુધી રાખીએ...)

**ભેદજ્ઞાનના અભ્યાસ દ્વારા રાગથી ભિન્ન જ્ઞાન વેદનરૂપ જ્ઞાતાધારા - દશા કેળવાય છે. પરિણતિ મજબૂત થાય છે. તેથી અશાતાના ઉદય કાળે પણ દુઃખનું વેદન ગૌણ થઈ, સ્વભાવની અધિકતા થઈ, શાંતિનું વેદન રહે છે. અશાતા તીવ્ર થાય તો પણ, અરે ! પ્રાણ છૂટે તો પણ સ્વભાવની અધિકતા છૂટતી નથી. તેવી દશા કેળવાઈ ગઈ હોવાથી ભવાંતરમાં તે પરિણતિ ચાલુ રહી જાય છે. અત્યંત આત્મરસને લીધે ભવાંતરમાં પરિણતિ લઈને સાધક જાય છે. આ આત્માની સહજ શક્તિ છે. તેથી મુમુક્ષુ જીવે પ્રતિકૂળતાના લક્ષે/કારણે, કે ઉદયની મુખ્યતામાં રહી 'ભેદજ્ઞાન' અથવા 'જાગૃતિ' નો પ્રયાસ છોડવો ન ઘટે, પરંતુ ઉત્સાહિત વીર્યથી પ્રયાસ કરવો ઘટે છે. ('અનુભવસંજીવની' બોલ નં.૨૯૬)**

## તા. ૧૮-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૮૬,૨૮૭,૨૮૮
## પ્રવચન નં. ૨૨૨

**આ તો અનાદિનો પ્રવાહ બદલવાનો છે. અઘરું કામ તો છે, પણ જાતે જ કરવાનું છે. બહારની હૂંફ શા કામની? હૂંફ તો પોતાના આત્મતત્ત્વની લેવાની છે.** ૨૮૬.

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું-૯૬. શું કરવા યોગ્ય છે? પરિણામમાં કાર્ય થાય છે અને તે કાર્યમાં જે પ્રવાહ ચાલે છે એ પ્રવાહ ઊલટો ચાલે છે. એને લઈને ચારે ગતિમાં જીવને પરિભ્રમણ છે. તેથી કહે છે, **'આ તો અનાદિનો પ્રવાહ બદલવાનો છે.'** અનાદિનો પરિણામમાં પ્રવાહ છે. એમાં સ્વરૂપને ભૂલેલો છે. સ્વરૂપને બિલકુલ નહિ સંભાળતો પોતાના સ્વરૂપની જેમાં જરા પણ સંભાળ નથી અને એકાંતે રાગ અને પરપદાર્થ પ્રત્યેના પરિણામવાળો પરિણામનો પ્રવાહ છે એ આખો પ્રવાહ બદલી નાખવાનો છે. આખો પ્રવાહ જ બદલવાનો છે. જે પ્રવાહ ચાલી રહ્યો છે એ એકાંતે દુઃખનું કારણ છે, દુઃખસ્વરૂપ જ છે અને એમાં ક્યાંય પણ આત્માને સુખ શાંતિ થાય એવો એક પણ પ્રકાર નથી.

એવો જે અનાદિથી ચાલતો પ્રવાહ, અનાદિથી એ પ્રવાહ ચાલે છે એટલે સહજ થઈ ગયો છે. ઘણા કાળથી અનંત કાળથી ચાલતો પ્રવાહ સહજ થઈ ગયો છે. પરિણામની એવી ઢળક સહજ થઈ ગઈ છે. અને એથી એના સંસ્કાર પણ રૂઢ છે અને ટાળવું થોડું કઠણ પડે એવી વાત છે, ફેરવવું જરા કઠણ પડે એવી વાત છે. કઠીન લાગે. પણ છતાં પણ એ નિર્ણય કરવા યોગ્ય છે, નિશ્ચય કરવા યોગ્ય છે કે આ પ્રવાહ બદલી નાખ્યે છૂટકો છે. જે પ્રવાહ ચાલી રહ્યો છે એ જ પ્રવાહમાં જીવ તણાયા કરે એ જીવના હિતનો વિષય નથી, હિતનું કારણ નથી.

અનાદિનો પ્રવાહ હોવાને લીધે **'અઘરું કામ તો છે,...'** અનાદિથી જે ઢલણ થઈ ગયું છે, વલણ થઈ ગયું છે એ આખું બદલવાનું હોવાથી કામ થોડું કઠિન પડે છે, અઘરું લાગે છે. કેમ કે નવું જ કામ કરવાનું છે. કદી પણ નહિ કરેલું એવું અપૂર્વ કાર્ય કરવાનું છે. તેથી **'અઘરું કામ તો છે, પણ જાતે જ કરવાનું છે.'** એ પોતે જ કરવાનું છે. પોતે પોતાના પ્રયત્નથી અંતર પુરુષાર્થથી કાર્ય કરે એ સિવાય એમાં બીજો કોઈ ઉપાય નથી.

કોઈ બીજી વ્યક્તિ કામ કરી આપે, સાક્ષાત્ સર્વજ્ઞદેવ હોય સંયોગમાં તો એમની મદદ મળે એમ નથી. કાર્ય તો પોતાને જ કરવાનું છે. પોતાના પરિણામમાં કોઈ બીજી કાર્ય કરે એવું બનતું નથી. ગુરુ માટે એમ કહેવાય છે કે ગુરુની તોલે કોઈ ન આવે. આકાશને તોળવા બેસો તોપણ ગુરુના ઉપકાર સામે તોળી શકાય નહિ. તોપણ કાર્ય તો પોતાને જ કરવાનું છે એ નિશ્ચય અને એ સમજ રાખીને એ વાત છે.

કોઈ ગુરુ કાર્ય કરી દે છે, બીજી કોઈ વ્યક્તિ પોતાનું કાર્ય કરી દે છે, કરી શકે છે એવું કદી કોઈને માટે બનતું નથી. જે જીવને પોતાનું હિત કરવાની બુદ્ધિ છે, અભિપ્રાય છે એવા જીવને ગુરુ શું કહે છે? એ જાણવાની જિજ્ઞાસા, એ જાણવાની અપેક્ષા રહે છે. અને તેથી પોતાથી આ માર્ગમાં જે પારંગત છે અને વિશિષ્ટ છે એવા ગુરુના સમાગમમાં એ માર્ગને સમજવાનો, માર્ગ પ્રત્યે જવાનો એને જે કાંઈ ઉપદેશ કે માર્ગદર્શન મળે એના પ્રત્યે એ ધ્યાન આપે છે. બીજા ધ્યાન આપતા નથી ઉપર ઉપરથી જાય છે. આ ધ્યાન આપે છે. ધ્યાન આપે છે એટલે વિવેક કરે છે વ્યવહારે કે એ મારા ઉપકારી છે. ઉપકારી છે એમ કહે છે એટલે એ કાર્ય કરી દે છે એ વાત ત્યાં પણ બિલકુલ નથી. કાર્ય પોતે જાતે જ કરવાનું છે. દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષ એ બધા નિમિત્ત છે. પણ નિમિત્તનો અર્થ જ એ છે કે પોતે કાર્ય કરે ત્યારે એને નિમિત્તપણું લાગે.

'**બહારની હૂંફ શા કામની**?' મને વાંધો નથી, બધી અનુકૂળતાઓ છે તેથી હું મારું કાર્ય કરી શકીશ અથવા અનુકૂળતાઓ રહે તો કાર્ય કરી શકું, પ્રતિકૂળતાઓ ઉત્પન્ન થાય તો એના વિકલ્પ મને રહ્યા કરે તેથી હું કાર્ય ન કરી શકું. એ પ્રકારનો બીજાનો આધાર લે છે, હૂંફમાં બીજાનો આધાર લે છે, એ સાક્ષાત્ તીર્થંકરની આધારબુદ્ધિ પણ આત્માને નુકસાનકારક છે. 'સોગાનીજી'ના પત્રમાં આ વચન આવે છે. સાક્ષાત્ તીર્થંકરની આધારબુદ્ધિ પણ આત્માને નુકસાન કરે છે. કોઈની આધારબુદ્ધિ કામ આવતી નથી.

'**બહારની હૂંફ શા કામની**?' સંયોગની હૂંફ શા કામની? અનુકૂળતાની હૂંફ શા કામની? એ હૂંફ લેતા તો નુકસાન છે. કામ તો થતું નથી ઊલટાનું કામ બગડે છે. ચાહે અનુકૂળતાના આધારે વિકલ્પ રહે અનુકૂળતાનો કે પ્રતિકૂળના આધારે વિકલ્પ રહે પ્રતિકૂળતાને દૂર કરવાનો. એકને રાખવાનો, એકને દૂર કરવાનો. બંને એક જ જાતિના પ્રકાર છે. જાતિ એક છે બંને પ્રકાર એક જાતિમાં સમાવેશ પામે છે.

અનંત સામર્થ્યનો ધણી પોતે આત્મા દીન થઈને, પામર થઈને બીજાની હૂંફ લે એ વાત એના સ્વરૂપથી બિલકુલ પ્રતિકૂળ છે. જરાપણ એને અનુકૂળ નથી. એટલે કહે છે

**'બહારની હૂંફ શા કામની?'** બહારની હૂંફ બિલકુલ કામની નથી. કયા સંદર્ભમાં લીધું છે? સાક્ષાત્ તીર્થંકરની આધારબુદ્ધિ. ૪૦ નંબરનો પત્ર છે.

**'પરિણામ સ્વભાવ કે સમય કી અપરિણામી સ્વભાવ સાથ હી સાથ હૈ. ઈસ અપરિણામી સ્વભાવ કો નિત્ય પકડે રહો, યહાં જમે રહો; ઈસકે બિના નિસ્તાર નહીં હૈ.'** આ એક જ, પર્યાયનું એકત્વ છૂટે છે એનું આ એક જ કારણ છે. **'પત્રાદિક કા આધાર,...'** શું છે કે જેને પત્ર લખ્યો છે એણે એમ કહ્યું છે કે અમને વારંવાર તમે પત્ર લખો. પત્ર લખાવાનો પોતે આગ્રહ રાખ્યો છે, ભાવના રાખે છે. **'પત્રાદિક કા આધાર, શાસ્ત્ર આધાર,...'** ત્યાંથી વાત લીધી છે. પત્રના આધારથી માંડીને શાસ્ત્રનો આધાર, **'અરે.. પ્રત્યક્ષ તીર્થંકર કે આધારબુદ્ધિ ભી સ્વયં વર્તમાન સામર્થ્ય કા અનાદર કરનેવાલી હૈ.'** આ શબ્દ વાપર્યો છે. માર્મિક શબ્દ છે. કેવી રીતે નુકસાન છે? કે પોતાનું જે સામર્થ્ય છે એ સામર્થ્યનો અનાદર એની અંદર ઊભો થાય છે. બીજાનો આધાર લેવા જતાં, બીજાની હૂંફે મને વાંધો નથી, હવે મને કોઈ તકલીફ નથી, હવે હું મારું કામ બરાબર કરી શકીશ એમ બીજાની હૂંફથી જ્યાં સંયોગની હૂંફથી પરિણામ આવે છે, અભિપ્રાય થાય છે ત્યારે તે વર્તમાનમાં જ સર્વ વર્તમાનમાં અનંત સામર્થ્ય લઈને પોતે હયાત છે એનો અનાદર કરે છે. પ્રત્યક્ષ તીર્થંકર પ્રતિમાજી નહિ, પ્રત્યક્ષ તીર્થંકર બિરાજમાન હોય સમવસરણમાં તેમની **'આધારબુદ્ધિ ભી સ્વયં વર્તમાન સામર્થ્ય કા અનાદર કરનેવાલી હૈ, ઐસા કહકર હી પરમકૃપાળુ ગુરુદેવને...'** ચડાવી દે છે પછી 'ગુરુદેવ'ના નામ ઉપર બધું. બધી વાત કરે છે.

**'ઐસા કહકર હી પરમકૃપાળુ ગુરુદેવને વર્તમાન સે હી ઉનપર સે દૃષ્ટિ હટાકર અઘટ-બઢ...'** ઘટે નહિ અને વધે નહિ. **'અઘટ-બઢ ત્રિકાળી સદૃશ્ય એકરૂપ સામાન્ય સ્વરૂપમેં અપના અડ્ડા જમા કર નિશ્ચલ બિરાજને કા કહા હૈ.'** સ્વરૂપમાં અડ્ડો જમાવીને નિશ્ચલ થઈ જાવ. આમ 'ગુરુદેવ'નો ઉપદેશ છે. **'ઉનકે ઐસે સિંહનાદરૂપ ઉપદેશ કો પાકર ભી...'** ફીર દીનતા ક્યોં? જેને પત્ર છે એને એમ કહે છે કે તમે 'ગુરુદેવ'નો આવો સિંહનાદ જેવો ઉપદેશ સાંભળ્યો છે. આવો સિંહનાદ જેવો ઉપદેશ સાંભળીને હવે શું કરવા દીનતા કરો છો? **'ફિર દીનતા ક્યોં?'** કોઈ જાતની દીનતા હોવી જોઈએ નહિ. **'વર્તમાનમ મેં હી અપને સિંહ સ્વભાવ કો અનંત શક્તિઓં કે ધામ કો સંભાલો. દીન વિકલ્પ નિરાશ્રય હોકર ટૂટતે જાવેંગે, જડ કર્મ બીખરતે જાવેંગે, સુખ-શાંતિ કા પ્રત્યક્ષ વેદન ક્ષણે-ક્ષણે બઢતા જાયેગા.'** એક Paragraph એ રીતે લીધો છે.

પોતાના અનંત સામર્થ્યના અભાનને લીધે, બેભાનપણાને લીધે અનાદિથી જીવની પરાધીનવૃત્તિ, પરાધીનતાના અભિપ્રાય સહિત છે. પરાધીનવૃત્તિ તો છે પણ અભિપ્રાયમાં પણ એમ જ છે કે બીજાથી મને કાંઈક પણ અનુકૂળતા રહેશે તો મારું કામ થશે. કાંઈ સંયોગ અનુકૂળ હશે તો પછી મને મારું કાર્ય કરવામાં ઠીક રહેશે. આવી જે હૂંફ રહે છે એ પોતાના સ્વયંના અનંત સામર્થ્યનો અનાદર કરાવે છે, દીનતારૂપી પરિણામ છે અને એ પોતાના સ્વરૂપથી પ્રતિકૂળ છે. એના આધારે એવા પરિણામ રાખીને કોઈ હિત કરી જાય એવું ત્રણ કાળમાં બનતું નથી.

જે આત્માઓએ પુરુષાર્થ કર્યો–આત્મિક પુરુષાર્થ કર્યો એણે તો એ પ્રકારે કર્યો છે કે કોઈ પણ હાલતમાં હું મારો પુરુષાર્થ કરવા સમર્થ છું. સંયોગોની પ્રતિકૂળતાઓ ગમે તેટલી હોય, આખું જગત પ્રતિકૂળ થઈ જાય, પ્રતિકૂળતાના ગંજ ખડકાઈ જાય તોપણ મારું કાર્ય કરવા હું સમર્થ છું. આ અભિપ્રાયથી એનું કામ થાય છે. ત્યાં સુધી કે દેહ પણ અનુકૂળ ન ચાલે. દેહની અસ્વસ્થતા (રહે) અને નાડ તૂટે ત્યારે પણ હું મારું કામ કરવા સમર્થ છું. એના આધારે–હું દેહના આધારે મારું કામ નથી. બીજા સંયોગના આધારે તો મારું કાર્ય નથી પણ શરીરના આધારે પણ મારું કાર્ય નથી. આટલી સિંહવૃત્તિનો એ વિષય છે. એવા જીવ ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય તોપણ એ પોતાના પુરુષાર્થમાં અંદરમાં કામ કરવા લાગી જાય છે, લાગી શકે છે, એને કોઈ બહારના સંયોગો રોકતા નથી.

પરાધીન બુદ્ધિમાં પડ્યો છે એ હૂંફ ગોત્યા કરે છે. સંયોગોની હૂંફ ગોતે છે અને એ રીતે એ પોતાનો પુરુષાર્થ કરવા માગે છે. ગમે તેટલા અનુકૂળતાના ગંજ ખડકાઈ જાય તોપણ એનો પુરુષાર્થ ચાલતો નથી. ઊલટાનો એ અનુકૂળતામાં એનો રસ વૃદ્ધિગત થઈને એમાં લપટાઈ જાય છે, એમાં લપેટાઈ જાય છે. આત્માને નુકસાનનું કારણ છે એકાંતે.

**'બહારની હૂંફ શા કામની? હૂંફ તો પોતાના આત્મતત્ત્વની લેવાની છે.'** જેમાં અનંત સામર્થ્ય છે એનો આધાર લેવાનો છે. એના આધારે એનું પરિણામ ઠીક થશે, સમ્યક્ થશે, શુદ્ધ થશે, પવિત્ર થશે, નિર્દોષ થશે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. એટલે પરિણામમાં અનાદિનો પ્રવાહ પણ પરાધીન વૃત્તિનો અને પરાધીન અભિપ્રાયથી ચાલી રહ્યો છે, જે અધોગતિનું કારણ છે. આ અન્યમત પણ એમાંથી જન્મ્યા છે. છેવટે કાંઈ નહિ તો ઈશ્વરનો આધાર લીધો છે. હે ભગવાન! તું મારું ભલું કર. જૈનદર્શનમાં પણ ભગવાનની સામે ભક્તિ કરે ત્યારે એવી બધી વાતો, શબ્દો આવે છે પણ એને યથાર્થપણે સમજવા જોઈએ. જો આચાર્યોએ પણ આ શબ્દ (કહ્યા છે),

દિગંબર આચાર્યોના આ શબ્દો છે. તકરાર કરે તો કોઈ રીતે વાદવિવાદે પતે નહિ. ભાષા ગમે તે હોય વસ્તુનું સ્વરૂપ એથી બદલતું નથી. ચારે અનુયોગમાં, અનુયોગને અનુસરીને ભાષા હોય છે. વસ્તુનું સ્વરૂપ તો જેવું છે એવું છે, એમાં કોઈ ફેર પડતો નથી.

એ શ્રદ્ધા-જ્ઞાનમાં રાખીને વચનોનું અર્થઘટન, કથનોનું અર્થઘટન થાય તો વિપર્યાસ ઉત્પન્ન ન થાય, નહિતર વિપર્યાસ ઉત્પન્ન થયા વિના રહે નહિ. એમાંથી પરાધીન બુદ્ધિમાંથી ઉત્પન્ન થયેલી વાત છે. ઈશ્વર કહે, ખુદા કહે, નામ ગમે તે આપે. શક્તિ કહે, આ માતાજીને માને છે. શક્તિને માનનારા, શંકરને માનનારા. એ પરાધીન બુદ્ધિમાંથી જન્મેલા બધા સંપ્રદાયો છે અને એકાંતે પરાધીનતા સ્વીકારીને પાયામાં, સિદ્ધાંતમાં પછી એ બધા આગળ ચાલવા માગે છે. એટલે કોઈને પણ પોતાનું હિત થાય એવું ત્યાં કોઈ કારણ બનતું નથી. જગતના કોઈ ધર્મમાં, કોઈ સંપ્રદાયમાં આત્મહિત નહિ થવાનું શું કારણ? કે એ કારણ છે કે પરાધીનતાને પહેલા સ્વીકારવામાં આવે છે. પહેલી પરાધીનતા પાયામાં રાખીને પછી આગળ ચાલો. કોઈ રીતે આત્મહિત થવાનો પ્રશ્ન રહેતો નથી. ૨૮૬ થયો.

**દ્રવ્ય સદા નિર્લેપ છે. પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે. ક્યાંય ખેદાવું નહિ, ખેંચાવું નહિ -ક્યાંય ઝાઝો રાગ કરવો નહિ. ૨૮૭.**

૨૮૭. મુમુક્ષુએ પોતાની ભૂમિકામાં પણ કેટલી સાવધાની રાખવી? સ્વદ્રવ્યના લક્ષે એ વાત છે.

'**દ્રવ્ય સદા નિર્લેપ છે.**' દ્રવ્ય છે, ત્રિકાળી દ્રવ્ય છે એ કોઈની સાથે લેપાતું નથી. ખુદ એની પર્યાયની સાથે લેપાતું નથી. પર્યાય એમાં અભેદતાનો ભાવ કરીને અભેદતા સાધે છે એમ કહેવાય છે. તો પણ પર્યાયનું પર્યાયત્વ એમ ને એમ રહે છે. દ્રવ્યનું દ્રવ્યત્વ એમ ને એમ રહે છે. ભાવની અભેદતા જોઈને અભેદતા સાધે છે એમ કહેવામાં આવે છે. પણ જો દ્રવ્યને જોવામાં આવે તો ત્રણે કાળે દ્રવ્ય નિર્લેપ છે એના પર્યાયભાવોથી લેપાતું નથી તો પછી વિકાર અને પરપદાર્થથી લેપાય એ પ્રશ્ન તો ઉપસ્થિત જ થતો નથી. એની તો ક્યાંય પહોંચ જ નથી.

એક દૃષ્ટાંત લીધું છે 'સોગાનીજી'એ. મેરુ ફરતી કોઈ પ્રદક્ષિણા ફરે છે. મેરુની પ્રદક્ષિણા કરે છે. ખાસ કરીને દેવો. મનુષ્યોનું તો એ કામ નથી. મેરુની પ્રદક્ષિણા કરે

એમાં મેરુને શું? મેરુને શું લાભ? કે મેરુની કોઈ પ્રદક્ષિણા નથી કરતું તો મેરુને શું નુકસાન? કાંઈ નહિ. એમ પોતે મેરુના સ્થાને છે. અચળ ધ્રુવ. સ્વભાવનો મેરુ પર્વત છે આત્મા. પર્યાય એને અનુકૂળ થઈને એની પ્રદક્ષિણા મારે. લગાવો તો લગાવો. આઘી જાય તો તારું તું જાણ. હું બરાબર મારામાં સાબૂત જ છું. મને કાંઈ તારાથી તકલીફ નથી. આમ દ્રવ્ય છે એ સદાય નિર્લેપ રહે છે. એનો સ્વભાવ જ નિર્લેપ રહેવાનો છે, ક્યાંય લેપાતું નથી. '**દ્રવ્ય સદા નિર્લેપ છે.**'

હવે, '**પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે.**' જેવું પોતાનું નિર્લેપ સ્વરૂપ છે એવું જ પર્યાયમાં રહેવા જેવું છે. ક્યાંય લેપાવા જેવું નથી. લેપાય છે જીવ અનુકૂળતામાં પણ ક્યાંય લેપાવા જેવું નથી. સમ્યક્જ્ઞાનમાં તો અનુકૂળતા અને પ્રતિકૂળતાનું પ્રકારનું જ્ઞાન થાય છે કે આમ બે પ્રકાર પડે છે. પણ મને આ અનુકૂળતા છે એમ સમ્યક્જ્ઞાન સ્વીકારતું નથી. મને આ પ્રતિકૂળતા છે એમ સમ્યક્જ્ઞાન સ્વીકારતું નથી. કેમ કે ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ-અભિપ્રાય ખલાસ થયા પછી સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન ઉત્પન્ન થાય છે. એ રહીને સમ્યક્જ્ઞાન ઉત્પન્ન થતું નથી. એટલે જાણે, કોઈ અનુકૂળતાઓ થાય તો એને પણ જાણે કે આ એક પ્રકાર છે મને એથી લાભ નથી કે મારે કાંઈ એથી લેવા-દેવા નથી. પ્રતિકૂળતા ઉત્પન્ન થાય તો પણ જાણે કે આ પ્રકાર છે. ખરેખર મારે કાંઈ લેવા-દેવા નથી. આમ જે પોતે નિર્લેપ સ્વભાવને અનુસરીને ભિન્ન પડી જાય છે એને પરિણામમાં પણ ભિન્ન પડેલો હોવાથી નિર્લેપતા ઉત્પન્ન થઈ એમ કહેવામાં આવે છે. એ લેપાતો નથી.

'**પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે. ક્યાંય ખેદાવું નહિ, ખેંચાવું નહિ...**' આ પ્રતિકૂળતામાં ખાસ કરીને જીવ ખેદાય છે, ખેંચાય છે પણ એ ક્યાંય ખેદાવા જેવું નથી, ક્યાંય ખેંચાવા જેવું નથી. '**ક્યાંય ઝાઝો રાગ કરવો નહિ.**' અનુકૂળતા આવે તો ક્યાંય વિશેષ રસ લઈને રાગ કરવો, એકેય પ્રકારમાં રસ લેવા જેવો નથી. નિર્લેપ સ્વરૂપની જેને સંભાળ છે અથવા પોતે સ્વરૂપે કરીને નિર્લેપ છે એવી જેને સ્વરૂપની સાવધાની વર્તે છે તેને બહારના ઉદયમાન સંયોગો પ્રત્યેના પરિણામ થાય તોપણ તીવ્ર રસ પડતો નથી. એટલે એમ કહે છે કે '**ક્યાંય ખેદાવું નહિ, ખેંચાવું નહિ -ક્યાંય ઝાઝો રાગ કરવો નહિ.**' રાગ અને દ્વેષ બેય વાત લીધી છે.

ખેદાવું, ખેંચાવું છે એમાં દ્વેષ છે અને ઝાઝો રાગ કરવો એમાં રાગરસ સહિતનો રાગ કરવો એને ઝાઝો રાગ કર્યો એમ કહેવામાં આવે છે. તીવ્ર રસથી રાગ કે દ્વેષ કરે તો એટલું નુકસાન વિશેષ છે-એટલી અશાંતિ વિશેષ છે આત્માને. જેટલા તીવ્ર રસથી રાગ કરે કે જેટલા તીવ્ર રસથી દ્વેષ કરે એટલી એની અશાંતિ વધે. પરિણામમાં અશાંતિ વધે,

વધે ને વધે જ. આ નિયમ છે. એટલે એ કરવા યોગ્ય નથી.

'ગુરુદેવશ્રી' પ્રવચનમાં કહેતા કે સમ્યગ્દૃષ્ટિને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય છે કદાચિત્ તો પણ એને તિર્યંચ અને નરકગતિનો બંધ પડતો નથી. નહિતર આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં જો ગતિ નામકર્મનો બંધ પડે. નામકર્મ ગતિ નામકર્મ છે, આઠ કર્મમાં એક નામ કર્મ છે ને, ગતિ એ નામકર્મના ભેદમાં જાય છે. તો આર્તધ્યાનને વશ તિર્યંચ અને નરકગતિ (થાય છે). રૌદ્રધ્યાનમાં નરકગતિ, આર્તધ્યાનનું ફળ તિર્યંચ ગતિ છે. આ ચાર ગતિમાં કયા કયા પરિણામથી કેવી કેવી ગતિ થાય છે એનું વિજ્ઞાન છે. પણ સમ્યગ્દૃષ્ટિને નથી. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે પણ એને એ ગતિ નથી. કેમ એ ગતિ નથી? કે **'દ્રવ્ય સદા નિર્લેપ છે.'** એનો આશ્રય છૂટતો નથી એટલે એનું આર્તધ્યાન, રૌદ્રધ્યાનમાં એવું ગતિ નામકર્મ બંધાય એટલો રસ પડતો નથી, રસ ઉત્પન્ન થતો નથી. પક્ષપાત નથી કે સમ્યગ્દૃષ્ટિ થઈ ગયો એટલે એને એ ગતિ ન પડે, જાવ. પક્ષપાતથી વાત નથી. એવું જે પ્રસિદ્ધ કર્યું એની પાછળ એના પરિણામની પ્રસિદ્ધિ છે કે એને એટલો રસ ઉત્પન્ન થયો નથી.

સ્વરૂપરસ, સ્વભાવરસ, નિર્વિકારીરસ અને વિભાવનો વિકારીરસ બે પરસ્પર વિરુદ્ધ છે. એકના વધવામાં બીજાનું નિયમથી ઘટવું છે. જેણે સ્વભાવરસનો વિકાસ કર્યો છે એવા સમ્યગ્દૃષ્ટિને વિભાવરસ ઘટી જાય છે. આર્ત-રૌદ્રધ્યાન થાય છે પણ રસવિહિનપણે થાય છે. બહુ આ તો એવો વિષય સૂક્ષ્મ છે પરિણામનો. સામે દ્રવ્યલિંગીને શુક્લલેશ્યા થાય છે તો પણ સમ્યગ્દર્શન થતું નથી. જુઓ! દ્રવ્યલિંગીને શુક્લલેશ્યાના પરિણામ થાય. નવમી ગ્રૈવેયકે જાય એ શુક્લલેશ્યના ફળમાં જાય.

લેશ્યા એટલા માટે લેવામાં આવે છે કે લેશ્યા છે એ પરિણામમાં રહેલા રસને સૂચિત કરે છે-પ્રદર્શિત કરે છે. શુક્લલેશ્યા થાય. એટલો બધો રાગરસ ઘટે. તોપણ એ પરિણામ સાથેના એકત્વને તોડતો નથી. દ્રવ્યનો આશ્રય લેતો નથી. નિર્લેપ દ્રવ્યનો આશ્રય લેતો નથી અને પરિણામ સાથેના એકત્વને તોડતો નથી. ઊલટાનું પરિણામ ઉપર એની ચીકાશ વધે છે. શુક્લલેશ્યા હોય તો પણ પરિણામના એકત્વમાં ચીકાશ એની વધે છે કે મેં પરિણામ આટલા સુધાર્યા. કેટલા સુધાર્યા? કે નિરઅતિચાર અઠ્યાવીશ મૂળગુણ પાળી શકું એટલા પરિણામ મેં ચોખ્ખા કરી નાખ્યા. એ પરિણામ ઉપરનું વજન એનું મટતું નથી. એટલે એની એકત્વબુદ્ધિ મટતી નથી. પર્યાય મૂઢા પરસમયા. એ પરસમયપણું છૂટતું નથી. ભૂલાવામાં પડે એવો વિષય છે. ચોખ્ખો વ્યવહાર, હોં! જિનોક્ત વ્યવહાર એને કહે છે. પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ જિનોક્ત વ્યવહાર છે. સવળો પડે તો મુનિદશા આવતા એને વાર લાગે નહિ.

સમ્યગ્દર્શન થાય એમ નહિ, મુનિદશા એને આવતા વાર લાગે નહિ. એ તો વીર્યનો ક્ષયોપશમ છે. ઊંઘાઈમાં એટલો વીર્યનો ક્ષયોપશમ છે. દિશા બદલે તો એ ક્ષયોપશમ એટલો જ જોરથી કામ કરે છે. પરિણામના વિષયના તો અનેક પડખા છે.

અહીંયાં તો જેને પોતાના લાભ-નુકસાનનો વિવેક વિચાર છે એને એ વિચારવા જેવું છે કે કોઈપણ ઉદયમાં તીવ્રરસે કરીને પરિણમવા જેવું નથી. ખેદાવામાં પણ અને રાગ કરવામાં પણ. '**પર્યાયમાં બધાથી નિર્લેપ રહેવા જેવું છે.**' ભિન્નપણું જાણે તો જ નિર્લેપ રહે. ભિન્નપણું ન જાણે તો નિર્લેપતા રહે નહિ. અને એ ભિન્નપણું પાયામાંથી અહીંયાં ઊભું કર્યું છે કે તારા દ્રવ્યથી તારી પર્યાય, તારા દ્રવ્ય પર્યાય વચ્ચે નિર્લેપપણું છે. પછી બીજાથી લેપાયમાન થવાનો તારે પ્રશ્ન ક્યાં છે? અહીંથી મૂળમાંથી કાપ્યું છે. નહિતર આ જે અનાદિની લપ છે, લેપાયમાન થવાની જે લપ છે એ છૂટે એવી નથી.

........ એમાં ને એમાં ઘૂંચવાયેલો ને ઘૂંચવાયેલો જીવ રહે છે. કેમકે નિર્લેપ તત્ત્વનું એને ભાન નથી, એનો આધાર લીધો નથી, એના આધારે એણે એ નિર્લેપતાની શક્તિને પ્રગટ કરી નથી. બહારમાં દ્રવ્યલિંગી નિર્લેપ લાગે છે. જુઓ! સમાજથી જુદો પડીને જંગલમાં ચાલ્યો ગયો મુનિ થઈને. રાજપાટ છોડીને પણ જંગલમાં ચાલ્યો ગયો. પણ કોનો આધાર લીધો? એવી દ્રવ્યક્રિયાનો આધાર લીધો કે નિર્લેપ દ્રવ્યનો આધાર લીધો? એના ઉપર એના પરિણામમાં ગુણ-દોષનો આંક છે. એ સિવાય બીજી રીતે એનું મૂલ્યાંકન થઈ શકે એવું નથી. સાચું મૂલ્યાંકન.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- એના ઉપર જ બધું મૂલ્યાંકન અને ગણતરી મૂકાય છે. બધી ગણતરી એના ઉપર છે. નહિતર બધી ગણતરી ખોટી પડે એવું છે. જે ગણતરીમાં ભૂલ થાય છે એમાંથી આભાસ ઊભો થાય છે. અને એમાંથી જે આભાસ ઊભો થાય છે એમાંથી આ બધું ફાલેફૂલે છે. અન્યમત કહો, દોષ પાંગરે છે એમ કહો એ બધું એને લઈને છે. એટલે ક્યાંય કલ્પના કરવા જેવું નથી.

જ્ઞાન લક્ષણથી કલ્પના કર્યા વગર વાસ્તવિક તત્ત્વનો, હયાત તત્ત્વનો, મૂળ તત્ત્વનો એકવાર યથાર્થ નિશ્ચય અને નિર્ણય થાય તો ભૂલો ન પડે. નહિતર કાંઈક અનુમાન કરીને પણ કલ્પના કરશે. કાંઈક ને કાંઈક અનુમાન કરીને પણ કલ્પના કરશે. કેમકે શબ્દ મર્યાદિત છે. ભાવોનું વ્યક્ત થવું શબ્દો દ્વારા કે ચેષ્ટા દ્વારા એ મર્યાદિત છે. અને અવ્યક્તપણે તત્ત્વ ઘણું રહી જાય છે. એને સમજવા માટે, ઓળખવા માટે અનુમાનની કલ્પનાએ ચડે તો એ કલ્પનાની પાંખે અહીંયાં ઉડાતું નથી.

વાસ્તવિક નક્કર તત્ત્વ છે અને એની વાસ્તવિકતા એના યથાર્થ નિર્ણયમાં જ

આવે છે અને ત્યારે એ વાસ્તવિકતાએ પોતાનો આધાર લઈને આગળ વધે છે. સ્વદ્રવ્યના આધારે આગળ વધે છે. ૨૮૭ થયો.

**વસ્તુ સૂક્ષ્મ છે, ઉપયોગ સ્થૂલ થઈ ગયો છે. સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર. ૨૮૮.**

૨૮૮. સૂક્ષ્મતા લીધી છે. '**વસ્તુ સૂક્ષ્મ છે,...**' વસ્તુ એટલે મૂળ સ્વભાવ. વસ્તુનો એટલે આત્મતત્ત્વનો-જીવપદાર્થનો જે મૂળસ્વભાવ છે એ સૂક્ષ્મ છે. અથવા સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે. જ્ઞાનલક્ષણથી આ સ્વભાવને, સૂક્ષ્મ સ્વભાવને ઓળખવાની વાત છે. જ્ઞાન લક્ષણ પર્યાયમાં વ્યક્ત હોવા છતાં જેનો નિર્ણય થાય છે એને પર્યાયત્વ લાગુ પડતું નથી. આ એની સૂક્ષ્મતા છે. જ્ઞાનલક્ષણ ક્યાં છે? કે પર્યાયમાં છે. ઉપયોગ લક્ષણં દ્રવ્યં. ઉપયોગ એટલે જ્ઞાનનો પર્યાય છે. ઉપયોગ એનું લક્ષણ કહ્યું એ ઉપયોગ પર્યાયરૂપ હોવા છતાં જે તત્ત્વનો નિર્ણય થાય છે એને પર્યાયત્વ લાગુ પડતું નથી. આ એની સૂક્ષ્મતા છે.

અરીસો છે એની સપાટી ઉપર અનેક પ્રતિબિંબ ઊઠી શકે છે તોપણ અરીસાનું દળ છે એ દળ અને સપાટી વચ્ચે કોઈ અંતર નથી. તોપણ સપાટી તે દળ નથી અને દળ તે સપાટી નથી. એમ ઉપયોગની સાથે બાજુમાં રહેલું, પાછળ રહેલું ચૈતન્યદળ છે. જે ઉપયોગ ઉપર જ્ઞેયોની આકૃતિ ઊઠે છે એની પાછળ આખું જે ચૈતન્યદળ છે એ ઉપયોગ ઉપરથી ચૈતન્યદળને ગ્રહણ કરી લે એવી એક સૂક્ષ્મતા છે. એ સ્વભાવિક સૂક્ષ્મતા છે. અને જીવનો ઉપયોગ પુદ્‌ગલ પદાર્થોનો રસ લઈ લઈને સ્થૂળ થઈ ગયો છે. સ્થૂળ એવા જે પુદ્‌ગલ પદાર્થો પાંચ ઈન્દ્રિયોના વિષયો, અનુકૂળતાઓ વગેરે. અનુકૂળતામાં પાંચેય ઈન્દ્રિયના વિષયો આવી જાય છે.

જીવને અભેદપણે અભિપ્રાયમાં એ વાત પડી છે કે મને બધી અનુકૂળતાઓ રહો. અને મને ક્યાંય દુઃખ ન પડો, મને ક્યાંય પ્રતિકૂળતાઓ ન થાય. પ્રતિકૂળતાઓ થાય તો દુઃખ પડે એને. આવો જે સ્થૂળ પદાર્થોનો આધાર લઈને, રસ લઈને જીવનો ઉપયોગ સ્થૂળ થઈ ગયો છે. ઉપયોગ સ્થૂળ થઈ ગયો છે અને એ સ્થૂળ થયેલા ઉપયોગમાં પોતાનો સૂક્ષ્મ સ્વભાવ, ચૈતન્યદળ ગ્રહણ થતું નથી, પકડાતું નથી. આમ પોતાને સન્માર્ગને મળવા વિષે કોઈ વિટંબણા હોય તો આ પ્રકારની એક વિટંબણા છે. એમ કહેવું છે. આ તો એને રોગનું તો જ્ઞાન કરાવે કે તું ક્યાં ઊભો છો. કેટલો ભયંકર

રોગ તને થયો છે.

**'વસ્તુ સૂક્ષ્મ છે, ઉપયોગ સ્થૂલ થઈ ગયો છે. સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે...'** પકડવા માટે એમ કહો, ગ્રહણ કરવા માટે એમ કહો, એમાં હુંપણાનું સ્થાપન કરવા માટે એમ કહો, આશ્રય કરવા માટે કહો. બધું એકાર્થ છે. '**સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર.**' સૂક્ષ્મ ઉપયોગથી પ્રયત્ન કર, સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર, સ્થૂળ ઉપયોગનો પ્રયત્ન એમાં સફળ નહિ થાય. કામ નહિ લાગે તને. સમાણીનું દૃષ્ટાંત આપતાને 'ગુરુદેવ'? એરુ પકડવાના સાણસાથી મોતી અને હીરા પકડાય નહિ. સમાણી નાની છે અને આ તો મોટું છે. તો મોટું સાધન વધારે કામમાં ન આવે? કે એ કામમાં ન આવે. એને તો Sharp point. એમાં પણ જે સમાણી હોય છે એમાં જેટલો એનો Point sharp હોય એટલો એનો ઉપયોગ વધારે કામમાં થઈ શકે છે. પકડવામાં. Sharp એટલે એકદમ અણીવાળું.

એમ સૂક્ષ્મ વસ્તુને, સૂક્ષ્મ સ્વભાવને, આત્માના સૂક્ષ્મ સ્વરૂપને ગ્રહણ કરવા માટે સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર. ઉપયોગને સૂક્ષ્મ કરવો. ઉપયોગને સૂક્ષ્મ કેવી રીતે કરવો? આ પ્રશ્ન અહીંયા થવા યોગ્ય છે. એ ચાવી એમણે બતાવી. ઉપયોગને કેવી રીતે સૂક્ષ્મ કરવો. ૧૯૭ નંબરનો બોલ છે. બોલ તો ભેદજ્ઞાનનો મોટો બોલ છે ૬૨-૬૩ પાને. ૬૩મે પાને છેલ્લો Paragraph છે. '**સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ-સુખબુદ્ધિ તૂટી જાય છે.**' આખો અભિપ્રાય ફરી જાય. બુદ્ધિનો અર્થ એ છે ત્યાં. અને '**સ્વભામાં જ રસ લાગે, બીજું નિરસ લાગે. ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.**' સ્વભાવ વિભાવ વચ્ચેનું અંતર જણાય, દ્રવ્ય-પર્યાય વચ્ચેનું અંતર જણાય, દળ અને પર્યાય વચ્ચેનું અંતર જણાય, સ્વભાવ-વિભાવ વચ્ચેનું અંતર જણાય. '**એમ ન હોય કે પરમાં તીવ્ર રુચિ હોય...**' રસ અને રુચિ સાથે રહે છે. એટલે એમ ન હોય કે પરમાં તીવ્ર રસ હોય અને '**ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.**' એવું બની શકે નહિ. આ પરિણામનું વિજ્ઞાન છે. એટલે એ વિચારવા યોગ્ય છે કે પરિણામમાં પરિણામ આશ્રિત અને રાગ કે પરપદાર્થ આશ્રિત આ જીવનો રસ કેટલો પ્રવર્તે છે?

હવે એ અવલોકન વગર કેમ સમજ પડે? રસ આત્માની પર્યાયમાં ઉત્પન્ન થાય છે, કાંઈ શાસ્ત્રમાં તો ઉત્પન્ન થતો નથી કે શાસ્ત્ર વાંચી વાંચીને રસને પકડે. એમ તો બનતું નથી. એ તો નકશો બતાવે છે. પછી એણે જોવું પડે અંદર કે આ નકશા પ્રમાણે અંદર કેવી રીતે બધું ચાલે છે. જેને પરરસ મટાડવો છે એને પરરસના અવલોકન માત્રથી પરરસ તૂટે છે. કેમકે એને એમ કહેવામાં આવ્યું છે કે તું તો જ્ઞાનરસ, તું પોતે જ્ઞાનશક્તિ કહો કે જ્ઞાનરસનો કંદ કહો આત્મા, તું તો જ્ઞાનરસ છો. આ જે રાગાદિ રસ

ચાલે છે એને લઈને તારો જ્ઞાનનો ઉપયોગ સ્થૂળ થઈ ગયો છે. તને પોતાને તારા જ સ્વભાવને તું ગ્રહણ નથી કરી શકતો. કોને ગ્રહણ કરવું છે? કે જ્ઞાનને. ઉપયોગને સૂક્ષ્મ કર એમ કહે છે. સ્થૂળ ઉપયોગથી નહિ પકડાય. ઉપયોગ તો જ્ઞાનનો વેપાર છે. જ્ઞાનના વેપારને શું ગ્રહણ કરવું છે? કે પોતાના જ સ્વભાવને ગ્રહણ કરવો છે. જ્ઞાન જ્ઞાનસ્વભાવને ગ્રહણ કરે એમાં અંતરાય શું? કે પરરસને લઈને સ્થૂળતા થઈ ગઈ જ્ઞાનના ઉપયોગની એ જ એનો અંતરાય છે. અંદરમાં ને અંદરમાં છે. અંતરાય કહો, અવરોધક કારણ કહો. એ બંને એક જ છે. એ એનું અવરોધક કારણ છે. એટલે આ એક સાવધાની રાખવા જેવો વિષય છે કે જો બધો આધાર રસ ઉપર છે તો એને ક્યાંય પણ કોઈપણ ઉદયમાન પ્રસંગમાં તીવ્ર રસે કરીને ન પ્રવર્તાય અને પ્રવર્તાયું હોય તો એકદમ એનો ખેદ ઉત્પન્ન થઈ આવે. જો સાવધાની હોય તો એનો રસ લંબાય નહિ, તીવ્ર થાય નહિ અને લંબાયેલો ફરીને જાગે નહિ. નહિતર શું થાય છે કે તીવ્ર રસનો પાછો અંત આવે છે. એમ ને એમ તીવ્ર રેહેતો નથી. પણ એની એક પરિણતિ થઈ જાય છે અને એ બહુ નુકસાન કરે છે. એની પરિણતિ બહુ નુકસાન કરે છે અને એ તોડવી બહુ મુશ્કેલ છે. પરિણતિને તોડવી એટલી સહેલી વાત નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એની પરિણતિ થઈ જાય છે. એ પરિણતિ સહેલાઈથી તૂટતી નથી. પરિણતિને તોડવી એ બહુ કઠણ વાત છે. કઠણ વાત છે એટલે શું છે કે પોતાના સ્વરૂપની ભાવના, તીવ્ર રસની ભાવના લઈને પરિણામ ન આવે ત્યાં સુધી એ પરિણતિમાં જામેલો રસ, એક એનો થર બાઝ્યા કરે છે. પરિણતિમાં એના થર બાઝે છે. જેમ મેલના થર બાઝ્યા હોય એને કાઢવા મુશ્કેલ પડે. એવા એ મેલના-મલિનતાના થર છે. એ કઠણ પડે છે છોડવા. કઠણ પડે છે એટલે શું છે? સમજી શકાય એવું દૃષ્ટાંત લઈએ.

શુદ્ધ આત્માની વાત તીર્થંકર દ્રવ્ય જેવા શ્રીગુરુ મળીને કહે કે તારો આત્મા આવો શુદ્ધ છે. તું જાગૃત થઈને એને સંભાળ, જલ્દી સંભાળ, શીઘ્ર સંભાળ. જીવને કેમ એની અસર થતી નથી? બોધની અસર નહિ થવાનું કારણ આ પરિણતિ પડી છે. તીવ્ર રસ લઈને અનુકૂળતાઓના અને પ્રતિકૂળતાઓના. અનુકૂળતા વખતે અનુકૂળતાનો રસ ચડે, પ્રતિકૂળતા વખતે પ્રતિકૂળતામાં ખેદાઈને રસ ચડે. એના જે થર બાઝ્યા છે એટલે એને બોધની અસર થતી નથી. ઉપર ઉપરથી જવાનું કારણ શું? સમજે તો છે. માણસ એમ કહે ને. સમજે તો છે. સમજે છે છતાં કેમ આમ નથી કરતો? હા પાડે છે અને કેમ કરતો નથી? આ પ્રશ્ન થાય છે કે નથી થતો? કે એની પરિણતિના થર બાઝ્યા છે

એટલે અંદરમાં વાત અડતી નથી, અંદરમાં વાત ઉતરતી નથી, સ્પર્શ થતો નથી. એનું કારણ એની પરિણતિ ઊભી છે. અને એ એને રસને લઈને બધી જમાવટ થઈ ગયેલી છે. એટલે ઉપયોગ સ્થૂળ થઈ ગયો છે. એ સ્થૂળ ઉપયોગ અંદરમાં ગ્રહણ કરવાનું કામ કરતો નથી. એને તોડવા માટે સ્વભાવનો મહિમા, આત્મભાવના અને આત્માનો રસ જ કામ કરે છે. એક રસને તોડવા વિરૂદ્ધ રસ જ કામ કરે એ તો સીધી વાત છે.

ખટાશ તોડવી હોય તો ખારાશ નાખે છે કે નહિ? મોઢું દુર્ગંધવાળું થયું હોય તો સુગંધિત પદાર્થ નાખે છે કે નહિ? સુગંધિત સોપારી, તજ ખાવ, લવિંગ ખાવ, એલચી ખાવ. શું કરે? વિરૂદ્ધ રસથી વિરૂદ્ધ રસ તૂટે એ તો સીધે સીધું વિજ્ઞાન છે. પુદ્ગલમાં પણ. એમ અહીંયાં કહે છે કે જેટલો તેં વિભાવરસ લીધો હોય ચાહે તે સંયોગોના આશ્રયે એને સ્વભાવરસ તોડવા એક જ સમર્થ છે. બીજી કોઈ રીતે એની તૈયારી થતી નથી.

મુમુક્ષુ :- પરિણતિમાં... ભાવના

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનાથી વારંવાર ઉપયોગાત્મકપણે ભાવના કરી કરીને એની પરિણતિ થાય છે પાછી. વારંવાર ઉપયોગથી ભાવના ભાવતો-ભાવતો એ વિષય પાછો પરિણતિમાં જાય છે એટલે એ રીતે એ રસને તોડતો જાય છે. ભાવનાનો વિષય વિશેષ લે છે એની પાછળ બહુ મોટા અનુભવનું કારણ છે. નહિતર આ જે અનાદિનો પ્રવાહ છે એ બદલાય કેવી રીતે? એ કાંઈ સાધારણ વાત નથી. આખા સંસારને ઉથલાવીને જીવ મોક્ષમાર્ગમાં ચડે છે. એટલે એને એમ કહે છે, ભગવાનના જ્ઞાનમાં પણ જ્યારે કોઈ જીવ સમ્યગ્દર્શન પામે છે ત્યારે એને ધન્યવાદ મળે છે કે આ અમારી નાતમાં ભળ્યો હવે. 'લહિ ભવ્યતા મોટું માન' ત્રણ જગતમાં એનું અપમાન થતું હોય તોપણ એને મોટું માન મળેલું છે. એમ છે. એનું કારણ એ છે કે આખા સંસારને ઉથલાવ્યો એણે. સીધે સીધી વાત તો એ છે કે આખા સંસારને એણે ઉથલાવી નાખ્યો. અથવા સંસારની ઉત્પત્તિનું બીજ બાળી નાખ્યું છે. હવે જે ડાળા-પાંખડા છે એ સૂકાઈ જશે. બીજ બળી ગયું છે. હવે એમાંથી કાંઈ પાંગરે એવું નથી.

મુમુક્ષુ :- સ્વભાવનો મહિમા સમજે છતાં

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવને સમજે, સ્વભાવને ઓળખે તો સ્વભાવ પોતે મહિમાવંત હોવાને લીધે એનો મહિમા આવ્યા વિના રહેતો નથી. હીરાને ઓળખે ને હીરાની કિંમત આવે કે ન આવે?

મુમુક્ષુ :- પરના કારણે એને સમજાતો ન હોય...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ થોડી કઠિનાઈ છે પણ એના માટે પણ ઉપાય છે.

એના માટે પણ ઉપાય છે. આ વિષય ચર્ચા જાય એક દિવસમાં આપણે તો. કે પાત્રતા સિવાય કોઈ કાર્ય થતું નથી. અને પાત્રતા માટે બીજી કોઈ પૂર્વ તૈયારીની જરૂર નથી. ગમે તે કરી ચૂક્યો હોય, ગમે તે સ્થિતિમાં આવીને ઊભેલો હોય પણ એક જ્યાં પોતાના હિતનો તીવ્ર ભાવ થાય કે મારે મારું આત્મકલ્યાણ કરવું જ છે અને મારે મારા સ્વરૂપની પ્રાપ્તિ કરવી જ છે. એવી સ્વરૂપ પ્રાપ્તિની ભાવના એ રસને ટાળે છે. ભાવના પરિણતિ ઉપર ફટકો મારે છે. જે પરિણતિ સેવી છે (એ ત્યાં તૂટે છે). જ્ઞાનમાં તને નહિ સમજાય. પ્રશ્ન શું છે ફરીને વિચારીએ.

ભાઈનો પ્રશ્ન એમ છે કે જ્ઞાનમાં સમજાતું નથી એનું શું કરવું? કેમકે જૂનો બધો કાદવ ઘણો પડ્યો છે. એટલે જ્ઞાન મલિન છે એટલે સમજાતું નથી. પણ ઓછી સમજવાળાની ભાવના કામ કરે છે. આ ઉપકાર છે આ વાત કહેનારનો. તું ગમે તે હાલતમાં હો. તારા હિતની અને તારા સ્વરૂપની પ્રાપ્તિની ભાવનામાં આવવામાં તને કોઈ નહિ નડે. એકવાર એ રીતે આવી જા. બસ, મારે મારું હિત કરવું જ છે. કોઈપણ ભોગે, કોઈપણ હાલતમાં, કોઈપણ પરિસ્થિતિમાં એક મારે મારું જ હિત કરવું છે. આ સ્થિતિમાં આવી જા. બસ. પછી જો કેટલો રસ્તો સરળ અને સુગમ થાય છે.

મુમુક્ષુ :- આની અંદર ભાવના ઉપાડવાની વાત આવી. પણ એમ લાગે છે કે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ નિયમબદ્ધ વાત છે. એટલી બધી Guaranted વાત છે કે આ જ ગ્રંથમાં ૨૧મો બોલ લીધો છે કે જો કોઈ જીવને પોતાના ચૈતન્યમાંથી ભાવના ઉઠી હોય, આત્મામાંથી આત્માની ભાવના ઉઠી હોય કે બસ મારે આત્માનું હિત કરવું છે. તો ચૌદ બ્રહ્માંડ ફરી જાય, ભાવના નિષ્ફળ ન જાય. અને એની સાક્ષી લીધી છે અનંતા તીર્થંકરોની. એક બોલને કેટલો આધાર આપ્યો છે! કે અનંતા તીર્થંકરો આ વાતની સાક્ષી પૂરે છે અને ચૌદ બ્રહ્માંડ ફરે તોપણ આ વાત ફરે એવું નથી. આ વાત ભાવના સિવાય બીજા કોઈને લાગુ પાડી હોય તો બતાવો. આ એક જ ભાવનાનો Factor એવો છે. અને સંસારમાં પરિભ્રમણ કરતા જીવે ન જાણે ક્યારે ક્યાં કેવા ભાવ કર્યા છે એને ખબર નથી. અનંત કાળથી રખડે છે. ભૂતકાળ તો એને ખબર નથી, યાદ રહેતો નથી. પણ કોઈપણ જીવ ગમે તે હાલતમાં હોય. સીધો ફડાક દઈને પહેલો જ પોતાના સ્વરૂપની ભાવનામાં આવે એટલે જ પાત્રતામાં આવ્યો. મારે એક આત્મા જ જોઈએ અને બીજું કાંઈ ન જોઈએ એની ભાવનામાં આવ્યો. ભાવનામાં આવ્યો એને સમજવું સહેલું છે, એને આગળ વધવું સહેલું છે. એ રસ તોડે છે. વિભાવરસને તોડનારનું આ એક રામબાણ અમોઘ શસ્ત્ર છે. એમ કહેવું છે. એટલે બહુ વ્યવસ્થિત માર્ગ કર્યો છે. માર્ગે કેમ ચડવું એ Problem અત્યારે નથી. જો માર્ગે ચડવું હોય તો

એને આ Problem નથી, સમસ્યા નથી. ચોખ્ખી વાત કરી છે. પહેલું પગથિયું આ, બીજું પગથિયું આ, ત્રીજું પગથિયું આ. એકદમ Systemetic વાત છે પદ્ધતિસરની. ક્યાંય ભૂલો ન પડે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો જરા 'ગુરુદેવશ્રી'એ વિશેષ આ વિષયની પ્રશંસા કરી છે. એની પાછળ પોતાને કાંઈક દેખાણું છે એટલે પ્રશંસા કરી છે.

મુમુક્ષુ :- ભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- હા બરાબર. અદશ્યને દશ્ય કરે છે એના મૂળમાં ભાવના છે. દેખાતું નથી, સમજાતું નથી એનું કારણ, જે ભાવોની મલિનતા છે એ મલિનતાને વશ જ્ઞાનદર્પણ મેલું થયું છે. તોપણ મેલ લાગેલો ઉખડી શકે છે. મેલ અને જ્ઞાન બે એક થઈ ગયા નથી. મેલ ઉખડી શકે છે અને એનો સાબુ ભાવના છે. બરાબર છે. એનાથી અદશ્ય છે એ દશ્ય થાય છે. ચોક્કસ થાય છે.

અહીંયાં એ વિષય ઉપર પ્રકાશ પાડ્યો છે. ભાઈ! તારો સ્વભાવ છે એ ઘણો સૂક્ષ્મ છે. સૂક્ષ્માતિ સૂક્ષ્મ સ્વભાવ છે અને તારો ઉપયોગ સ્થૂળ થઈ ગયો છે. એ સ્થૂળ થયેલો ઉપયોગ પુદ્ગલરસે ચડેલો ઉપયોગ છે. પુદ્ગલના રસે ચડેલો ઉપયોગ છે. એ ઉપયોગ પોતાના સ્વરૂપની સૂક્ષ્મતાને જોઈ શકતો નથી અને એના માટે સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે ઉપયોગને સૂક્ષ્મ કરવાનો પ્રયત્ન કર, પુરુષાર્થ કર. વિચાર કર એમ આવે છે ને. તું પ્રયત્ન કર, પુરુષાર્થ કર એમ વાત છે. પુરુષાર્થ ઉપર પણ ઘણું વજન છે.

મુમુક્ષુ :- ઉપયોગ .. વર્તમાન પૂરતો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય તો સમય સમયની જ છે ને. ત્રિકાળી થોડી છે? સ્થૂળ ઉપયોગ થયો છે પણ એનો અર્થ એમ નથી એ ત્રિકાળી પરિણામ થઈ ગયું છે. Result ત્રિકાળી આવ્યું છે એમ નથી. એ પણ ક્ષણવર્તી છે. કોઈપણ સમયે તું ફરી શકે છે. સમય સમયનું પરિણમન હોવાને લીધે તારા પરિણામના પ્રવાહની દિશા બદલી નાખ. કોઈપણ સમયે બદલી શકે છે.

એ તો નીચે બોલ છે. ૨૮૯ બોલ છે એ એના ઉપર જ છે કે જે આની વાર્તા પણ પ્રેમથી સાંભળે છે, 'ગુરુદેવ' જે સ્વાધ્યાયનો વ્યવહાર કરતા ગયા છે એનું કારણ એ છે કે સ્વાધ્યાયમાં ચૈતન્યની, ચૈતન્યના સ્વભાવની, ચૈતન્યના સ્વભાવના મહિમાની વાર્તા ચાલે છે. અને એ વાર્તા પ્રેમથી સાંભળ તું. બીજું કાંઈ ન આવડે તો એટલું આવડે છે. એમ કહે છે. જે સ્વભાવ તારું સ્વરૂપ છે, જે ગુણનું નિધાન છે અને તારા ગુણના જેમાં ગાણા ગાવામાં આવે છે એને તો પ્રેમથી સાંભળ તું. એમ કહે છે. એ

૨૮૯મો બોલ જ એના ઉપર છે. અને જે યથાર્થ રીતે યથાર્થ પ્રેમથી એને-સ્વરૂપને સાંભળે છે, ચૈતન્ય સ્વરૂપને સાંભળે છે એ નિર્વાણનો પાત્ર છે. જે શ્લોક છે એ 'પદ્મનંદિ પંચવિંશતિ'નો પદ્મનંદિ આચાર્યનો શ્લોક છે. બહુ આધારભૂત વચનો છે 'પદ્મનંદિ આચાર્યદેવ'ના. અને આમના વચનો 'ઉમાસ્વામી'ના અને 'પદ્મનંદિ આચાર્ય'ના વચનનો આધાર ઘણી જગ્યાએ લેવાય છે. નહિતર કેટલાક એમ વિચારે છે કે સ્વાધ્યાયમાં તો શું કે રોજ એની એ વાત છે. આત્મા આવો છે, ફલાણું આમ છે, ઢીંકણું આમ છે. રોજ એની એ વાત છે. એમ નથી. સ્વરૂપના મહિમાનો રસ લેવાનો એ વિષય છે.

ખરેખર તો જે ભાવનામાં આવ્યા નથી એને ભાવનામાં આવવાની પ્રક્રિયાનો આ વ્યવહાર છે. જો એનું લક્ષ હોય તો. ન લક્ષ હોય તો યાંત્રિક ક્રિયા જેમ થાય છે એમ રોજ કલાક આવે, ઊભો થઈને ખંખેરીને ચાલતો થાય. એની વાત નથી. પણ જેને સ્વરૂપની ભાવના ઉત્પન્ન કરવી છે એને માટે તો તે યોગ્ય વ્યવહાર છે. એ ૨૮૮ બોલ થયો. અહીં સુધી રાખીએ...

**'જ્ઞાન બંધનું કારણ નથી' એ સિદ્ધાંત છે. તેમાં (સ્વ-પર પ્રકાશક) સ્વભાવ દર્શાવવો છે. પર પદાર્થનું પ્રતિબિંબ જ્ઞાનમાં ઊઠે તેથી કર્મબંધ થાય, એવું વસ્તુ સ્વરૂપ નથી. પરંતુ અનાદિથી મિથ્યાજ્ઞાનમાં પર પદાર્થ પ્રતિબિંબિત થતાં 'પર' પર - તરીકે જણાતું નથી, તેમાં સ્વપણાનો અધ્યાસ થાય છે, ભ્રમ થાય છે, એકત્વબુદ્ધિ થાય છે, તે જ્ઞાનનો વિભાવ / દોષ છે, તે અવશ્ય બંધનું કારણ છે. તાત્પર્ય એ છે કે સૂક્ષ્મપણે વિભાવ-સ્વભાવ વચ્ચેનો ભેદ જાણીને, સ્વભાવને મુખ્ય કરવો અર્થાત્ 'માત્ર જ્ઞાન' પણે રહેવું - રહેવાનો પુરુષાર્થ કરવો. 'જ્ઞાનમાત્ર'થી સ્વભાવ સાધવો. આ પ્રયોગ'જ્ઞાનમાત્ર પણે જાગૃતિ'સર્વકાળે સુલભ છે. તે પ્રકારે સાધન દર્શાવી'જ્ઞાન બંધનું કારણ નથી'તેમ કહ્યું છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૩૦૮)**

**તા. ૧૯-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૮૯**
**પ્રવચન નં. ૨૨૩**

**ચૈતન્યની ઊંડી ભાવના તો અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે. આત્મા તો શાશ્વત પદાર્થ છે ને ? ઉપલક વિચારોમાં નહિ પણ અંદરમાં ઘોલન કરીને તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે સાથે આવશે.**

**'तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।**
**निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।।'**

**જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. ૨૮૯.**

'બહેનશ્રીના વચનામૃત' ૨૮૯. પાનું-૯૭. ભાવનાનો બોલ છે. અહીંયાં ભાવના ભાવનારને સંસ્કારનું કારણ થાય છે એવી એક વાત લેવી છે.

**'ચૈતન્યની ઊંડી ભાવના તો અન્ય ભવમાં પણ ચૈતન્યની સાથે જ આવે છે.'** બહારના સંયોગો દેહ પર્યંતના આ ભવ પુરતા સાથે સંયોગમાં હોય છે. બીજા રાગાદિ પરિણામ પણ છૂટી જાય છે. પણ જો ચૈતન્યની ઊંડી ભાવના હોય, ચૈતન્ય એટલે નિજ સ્વરૂપ-નિજ પરમસ્વરૂપની સામાન્ય ભાવના નહિ પણ અસામાન્ય-અસાધારણ ભાવના અન્ય ભવમાં પણ આત્માની સાથે જ આવે છે એનું કારણ એનો રસ છે. ભાવનામાં રહેલો જે રસ છે એ રસ લંબાઈ જાય છે કેટલાકનો તે સંસ્કારનું કારણ થઈ જાય છે.

સમ્યગ્દર્શનનો પુરુષાર્થ એ તો અસાધારણ વસ્તુ છે. સામાન્ય પ્રાથમિક અવસ્થામાં એટલું આત્મબળ ઉત્પન્ન થતું નથી પણ ભાવના તો કોઈપણ તબક્કે શરૂ થઈ જાય છે. અને જો એ ભાવનાથી સંસ્કાર પડ્યા તો એ સમ્યગ્દર્શનનું કારણ થઈ જાય છે. સમ્યગ્દર્શન ન થાય અને ભાવનાથી જો સંસ્કાર આવી જાય તોપણ અલ્પ કાળમાં એને સમ્યગ્દર્શન પામવાનું બની જાય છે. પરિણામ ભલે ક્ષણિક છે તોપણ ક્ષણિક પરિણામમાં આવી પણ એક પ્રક્રિયા ઉત્પન્ન થાય છે.

આમ તો પ્રત્યેક પરિણામ તદ્દન સ્વતંત્ર છે. એક પરિણામથી બીજા પરિણામનું

ભિન્નપણું હોવાને લીધે પ્રત્યેક પરિણામ સ્વતંત્ર પરિણમે છે. સ્વાધીન પરિણમે છે. કોઈ પરિણામને આધીન એટલે પૂર્વ પરિણામને આધીન ઉત્તર પરિણામ-પછીનું પરિણામ થાય એવું પરાધીનપણું નથી. પરસ્પર પરિણામોને વિષે પણ એવું પરાધીનપણું નથી. તોપણ કેટલાક પર્યાયોને ત્યાર પછીથી ઉત્પન્ન થતી પર્યાયો સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એટલે એને વ્યવહારે કારણ કહેવામાં આવે છે.

આવી ચૈતન્યની ઊંડી ભાવના ત્યાર પછીના ભવમાં પણ સાથે રહેતાં, સાથે આવતાં બીજા પૂર્વ કર્મનો ઉદય અનેક પ્રકારે ચિત્ર-વિચિત્ર હોવા છતાં એને પોતાના હિતનો ભાવ સહજ જ ઉત્પન્ન થાય છે. શું કામ કરે છે સાથે આવેલી ભાવના? કે મારે મારું આત્મકલ્યાણ કરવું છે. આત્મહિત કરવું છે એ વાત ભલે પૂર્વ ભવની સ્મૃતિ ન હોય તોપણ કુદરતી રીતે ઉત્પન્ન થઈ આવે છે. એવું જ્યારે કોઈ જીવના જીવનમાં બને છે ત્યારે એવું અનુમાન કરવામાં આવે છે કે પૂર્વ ભવમાં પોતાના સ્વરૂપની ભાવનામાં આવેલો જીવ લાગે છે. તેથી કરીને કોઈ બીજા કોઈ એવા કારણ નહિ મળવા છતાં પણ સ્વયં જ એને આત્મકલ્યાણની ભાવના ઉત્પન્ન થઈ.

કોઈવાર કોઈ એવા જીવ કોઈ એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં હોય છે કે જ્યાં સ્વરૂપપ્રાપ્તિના બાહ્ય કારણો દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષ-સત્‌સમાગમ એવું કાંઈ ન હોય, એવી જગ્યાએ પૂર્વ કર્મને લઈને એનો જન્મ થયો હોય. ક્યાંયના ક્યાંય જઈને પડે, તો પણ, જેમકે અનાર્યદેશોમાંથી કોઈ આવે છે કે નહિ? અનાર્ય કહેવાતા અથવા અન્યમતમાં હોય એમાંથી આવે છે. એનું શું કારણ છે? બહારમાં તો એને અનુકૂળ નિમિત્તો નથી. આ ચૈતન્યની ભાવનાને અનુકૂળ નિમિત્તો નથી હોતા. પણ એનું આવવું થાય છે. એમ પણ લાગે છે બાહ્યદૃષ્ટિએ કે આકસ્મિક આવવું થયું છે. પણ ખરેખર એવું નથી હોતું. એની જે ભાવના છે એ સાથે આવેલી છે અને એ ભાવના ફરીને પાછી અહીંયાં ચાલુ થઈ. એને લઈને એને સત્‌ની શોધ ચાલે છે અને એ સત્યને શોધતા શોધતા અનુકૂળ પરિસ્થિતિમાં આવી જાય તો આવી જાય. ન આવી જાય તો એની ભાવના એથી કાંઈ બંધ પડતી નથી. ઊલટાની વધારે સતેજ થાય છે. પરિણામમાં રસનો પ્રભાવ કેટલો છે અને એમાં પણ આત્મરસનો પ્રભાવ કેટલો છે એનું અહીંયાં સ્પષ્ટ ચિત્ર છે.

મુમુક્ષુ :- વિપરીત ભાવ હોય, વિપરીત રસ એટલે વિપરીત ...

પૂજ્ય ભાઈશ્રી :- વિપરીત થાય છે. એ રસ લંબાય છે. એવું પણ બને છે કે જે રસ હોય એ રસ લંબાય છે. પણ સર્વ રસોમાં આત્મરસનું બળવાનપણું છે. તમામ વિભાવરસ કરતા જો સ્વભાવની ભાવી હોય તો એનું બળવાનપણું વિશેષ છે. એની

શક્તિ વિશેષ છે. રસ છે બીજી ભાષામાં એને પરિણામશક્તિ કહેવાય છે, પરિણામશક્તિ કહે છે.

કષાયરસને કષાયશક્તિ કહેવામાં આવે છે. કષાય પરિણામમાં જે કષાયરસ છે એને કષાયની શક્તિ કહે છે. એટલે જ મિથ્યાત્વની અંદર વિભાવશક્તિ વિશેષ ગણવામાં આવે છે. કેમકે રસ ઘણો છે ત્યાં. એ તમામ રસ કરતાં આ રસનું બળવાનપણું છે. દર્શનમોહ ઉપર પણ સૌથી વધુ પ્રહાર કરવામાં કોઈ સફળ પરિણામ હોય તો એ ચૈતન્યની ઊંડી ભાવના છે. એટલે એના ઉપર વિશેષ વજન દીધું છે. વધારે વજન આપવાનું કારણ એ છે.

શાસ્ત્રવાંચનના ભાવોમાં પરલક્ષી શાસ્ત્રજ્ઞાન થવાની દેહશત છે અને તેથી કરીને લુખાશ, શુષ્કતા કે અહંપણા વગેરેના કોઈપણ પ્રકારના અવગુણ ઉત્પન્ન થવાનો પણ અવકાશ છે. એક ચૈતન્યની ભાવનામાં વિપર્યાસ થવાનો અવકાશ નથી. બીજા કોઈ પ્રકારના ક્રિયા અને પરિણામમાં વિપરીતતા થવાનો અવકાશ છે, જ્યારે અહીંયાં એ નથી. એ પણ અહીંયાં ભાવનાની વિશિષ્ટતા છે.

મુમુક્ષુ :- ભાવનામાં ચૈતન્યનું જ લક્ષ છે?

પૂજ્ય ભાઈશ્રી :- ચૈતન્યનું લક્ષ છે અને ચૈતન્યનો રસ પોષાય થાય છે. મોટી વાત એ છે. અનાદિના વિભાવરસને લઈને જે પરિણતિ થઈ ગઈ છે એ પરિણતિમાં રહેલા મેલને, જામેલા મેલને ઉખાડવામાં જ્યારે બીજી કોઈ શક્તિ નથી આત્માની પ્રગટ થઈ ત્યારે આ ભાવના કામ કરે છે. પહેલુંવહેલું સાફસૂફીનું કામ ભાવના કરે છે.

મુમુક્ષુ :- એકદમ જ્ઞાનનો રસ ત્યાં વધે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચૈતન્ય એટલે સ્વભાવ. સ્વભાવ અને સ્વભાવપ્રાપ્તિ બેય વાત એની સાથે અભેદ છે. મારો આવો સ્વભાવ છે એનો મહિમા, એની ભાવના, એ જ મને હો એવી ભાવના એમાં પ્રાપ્તિ આવી ગઈ.

'**આત્મા તો શાશ્વત પદાર્થ છે ને?**' આત્મા તો શાશ્વત પદાર્થ છે. જીવ ભવભવાંતરમાં પરિભ્રમણ કરે છે તોપણ પદાર્થની શાશ્વતતા તો એમ ને એમ જ રહે છે. પરિણામો બદલાય છે, સંયોગો બદલાય છે, શરીરો બદલાય છે પણ આત્મા તેનો તે શાશ્વત રહે છે. એવા શાશ્વત પદાર્થની ભાવના ભાવી હોય તો એ પણ એના શાશ્વત ભાવને અનુકૂળ એવો ભાવ ઉત્પન્ન થયેલો છે. એ ભાવ સ્વરૂપશક્તિને જાગૃત કરે છે. આગળ જતાં એ સ્વરૂપશક્તિને જાગૃત કરે છે. એમ કહીને અહીંયાં ચૈતન્યની ઊંડી ભાવનામાં આવવાની પ્રેરણા છે ખરેખર.

એટલે બીજું પડખું લે છે કે '**ઉપલક વિચારોમાં નહિ...**' વિચાર ન કરતો હોય,

એકલા સંયોગના વિચારોની દોડ ચાલતી હોય એને તો એમ કહે કે 'કર વિચાર તો પામ' પણ જે ઉપલક ઉપલક વિચારો ચાલે છે, ઘણાં કાળ સુધી ચાલતા ઉપલક વિચારોનું જ્યારે કાંઈ પરિણામ દેખાતું નથી ત્યારે એ વિચાર કરનારને પણ એક વિચાર આવવો ઘટે છે કે આટલા વખત થયા આત્માનો વિચાર કરીએ છીએ. જ્યાં તત્ત્વનું પ્રતિપાદન છે એવા સત્શાસ્ત્રોનો સ્વાધ્યાય કરીએ છીએ છતાં કેમ એનું પરિણામ નથી? કે ઉપલક વિચારોમાં એ સમય વ્યતીત થયો છે એને કારણે. ઉપલક વિચારોને કારણે એનું કોઈ ફળ દેખાતું નથી. ઉપલક વિચારોની સ્થિતિ એમ પણ સિદ્ધ કરે છે, સૂચિત કરે છે કે અંદરમાં રસ બીજો પડ્યો છે. પરિણામમાં રસ રાગનો રસ અને સંયોગના રસનો પ્રવાહ ચાલે છે તેથી નિમિત્તો સાચા હોવા છતાં, એના વિચારો ચાલતા હોવા છતાં એ ઉપલકપણે ચાલે છે.

ઉપલક વિચારો કેમ ચાલે છે? રસ બીજો પડ્યો છે એટલે ઉપલક વિચારો ચાલે છે. એ ઉપલક વિચારોમાં ચાલવાથી તે ભવ પૂરતા એ ઉપલક વિચારો સાથે રહશે, અન્ય ભવમાં પછી સાથે નહિ રહે એમ કહેવું છે. ચૈતન્યની ઊંડી ભાવના સાથે રહેશે, જ્યારે ઉપલક વિચારો તત્ત્વના કર્યા છે એ સાથે નહિ રહે એમ સરખામણી કરે છે. જે જીવો તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આવ્યા છે, આવી ચુક્યા છે એને આ એક પ્રકાશ પાડ્યો છે આ વિષયમાં કે તત્ત્વજ્ઞાનના વિચારો ઉપલક ચાલે છે, પરલક્ષી ચાલે છે, શુષ્કતાએ ચાલે છે કે કાંઈક ભાવનાથી હૃદય ભીંજાયેલું છે ને ચાલે છે? આ એક અંતર અવલોકનનો વિષય થઈ પડે છે. જો એ રીતે એને વિચારવામાં ન આવે તો એ ઉપલક વિચારો નિષ્ફળ જાય છે. સત્સમાગમ થયો હોય એ પણ નિષ્ફળ જાય છે. સત્પુરુષનો યોગ થયો હોય તોપણ એ અફળ જાય છે.

મુમુક્ષુ :- ઉપલક વિચાર...

પૂજ્ય ભાઈશ્રી :- રસ બીજે કામ કરે છે. ચાલની અંદર શું છે કે અંતર પરિણતિનો રસ છે એ બીજો છે અને ઉપલક વિચારો આત્માના છે. એથી કાંઈ એ વિચારોથી કોઈ સંસ્કાર પડતા નથી. એ વિચારોનું કોઈ સત્ત્વ એવું નથી કે જે ટકે અને બીજા ભવમાં સાથે આવે. યોગ્યતાનો વિષય પણ ગહન છે.

મુમુક્ષુ :- રસ છે એ જ મુખ્ય ...

પૂજ્ય ભાઈશ્રી :- રસ છે એ તો પરિણામની શક્તિ છે. પરિણામમાં શક્તિ છે અવળી કે સવળી. જેવો રસ. વિભાવરસ હોય તો એ વિભાવ શક્તિરૂપે છે અને સ્વભાવરસે હોય તો એ સ્વભાવ શક્તિરૂપે છે. વ્યક્ત થયેલી શક્તિ છે.

શું માર્ગદર્શનનો અહીંયાં પ્રકાર છે કે? **'ઉપલક વિચારોમાં નહિ પણ અંદરમાં**

**ઘોલન કરીને તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે સાથે આવશે.**' અહીંયાં સંસ્કારની વાત પોતે લઈ લીધી છે. સંસ્કારનો વિષય પણ એટલો સૂક્ષ્મ છે કે અનેક જીવોને તો સંસ્કાર પ્રાપ્ત થયા હોય છે એની પોતાને પણ ખબર પડતી નથી. એટલો બધો એ સૂક્ષ્મ યોગ્યતાનો વિષય છે. યોગ્યતાનો વિષય જ એટલો ગહન છે.

જે સમ્યક્ સન્મુખ થાય છે અને સંસ્કાર પડે છે એને તો સંસ્કાર ઉપર દૃષ્ટિ નથી, સંસ્કાર ઉપર વજન નથી, એનું લક્ષ નથી છતાં એને તો નિયમબદ્ધ સંસ્કાર પડી જ જાય અને એ તો અલ્પ કાળમાં વિકલ્પને વમીને નિર્વિકલ્પ દશાને પ્રાપ્ત થાય છે. અને એ પહેલાં પણ કોઈને સંસ્કારનું કારણ થાય છે એ ભાવનાના કાળમાં થાય છે. જો આત્મ સ્વરૂપની ઊંડી ભાવના ચાલતી રહેતી હોય અને પોતાના સ્વરૂપનું જ ઘોલન ચાલતું હોય તો એને એ તત્ત્વના વિચારમાં એવા ઊંડા સંસ્કાર પડી જાય છે કે બીજા ભવમાં પણ એને સ્વરૂપની જાગૃતિ આવે છે અને ક્રમે કરીને એ આત્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે. એમ કહીને એ વાત સ્પષ્ટ કરી કે તત્ત્વવિચાર એ ઉપર ઉપરથી સ્થૂળ ઉપયોગે ઉપર ઉપરથી કરવાનો વિષય નથી.

એ તો શાસ્ત્ર સ્વાધ્યાયનો પણ એ પ્રાથમિક નિયમ છે કે સ્થૂળ ઉપયોગે શાસ્ત્ર અધ્યયન કરવા યોગ્ય નથી. જ્યારે જ્યારે સત્શાસ્ત્ર વાંચનનો પ્રસંગ ઉદયમાન હોય ત્યારે જરા સૂક્ષ્મ ઉપયોગથી જે વિષય પ્રસ્તુત હોય સામે એમાં ઉતરવાનો પ્રયત્ન ચાલવો જોઈએ. ઉપલકપણે કે સ્થૂળ ઉપયોગથી કરેલો તત્ત્વવિચાર કે શાસ્ત્રવાંચન એ કર્યું, ન કર્યું બધું સરખું જ છે. કોઈ ખાસ ફેર એમાં પડતો નથી. એવું છે.

એટલે અહીંયાં એ સ્પષ્ટીકરણથી વિષય છે કે '**અંદરમાં ઘોલન કરીને...**' એ ક્યારે બને? એટલી મહત્તા આવી હોય, એટલું મૂલ્યાંકન થયું હોય અને પોતાનું પરમ પ્રયોજન ભાસ્યમાન થયું હોય તો. મારા ખાસ પ્રયોજનનો, પરમ પ્રયોજનનો આ વિષય છે અને તેથી મારી જેટલી શક્તિ વ્યક્ત છે એ પૂરી શક્તિથી, પૂરા પુરુષાર્થથી, સર્વ ઉદ્યમથી મારે સ્વ તત્ત્વમાં, ચૈતન્ય સ્વભાવમાં ઊંડા ઉતરવું છે એ જાતનો પ્રકાર એના પરિણામમાં ઉત્પન્ન હોય છે ત્યારે એને કદાચિત સંસ્કાર પડી જાય છે. જે કોઈ જીવને આત્મતત્ત્વના સંસ્કાર પડે છે તેને એ સંસ્કાર કામ કરી જાય છે.

એ સંસ્કાર પડવાની ભૂમિકાનું એક લક્ષણ એ પણ છે કે એવી કોઈ યોગ્યતામાં સ્વભાવની તીવ્ર રુચિ ઉત્પન્ન થાય છે, જેને પોતાને એ વિષયની સ્પષ્ટતા ન હોય તો પણ એને અવ્યક્ત રુચિ કહે છે. 'ગુરુદેવશ્રી' પ્રવચનમાં એને અવ્યક્ત રુચિ કહેતા. અવ્યક્ત એટલે પોતાને ખ્યાલ નથી, એ વિષયની સ્પષ્ટતા નથી. પણ જ્યાં જ્યાં જ્યારે જ્યારે એને સ્વભાવનો વિષય એના જ્ઞાનમાં સામે આવે છે, વિચારમાં સામે આવે છે

ત્યારે એકદમ એને એ વિષય અંદરથી રુચે. ઊંડાણમાંથી એને એ વાત રુચે છે એ ભાવો રુચે છે. એ વિષય રુચે છે. ત્યારે એણે પ્રેમથી એ સાંભળ્યું એમ કહેવામાં આવે છે. '**प्रीतिचित्तेन येन श्रुता**' એવો શબ્દ નીચે પડ્યો છે ને? 'પદ્મનંદિ આચાર્યદેવ'ના શ્લોકનો (શબ્દ છે). '**प्रीतिचित्तेन येन श्रुता**' પ્રસન્ન-પ્રીતિવાળા ચિત્તથી-પ્રસન્ન ચિત્તથી જેણે સાંભળ્યું છે. કોને સાંભળ્યું છે? પોતાના આત્મતત્ત્વને સાંભળ્યું છે. એવા કોઈ કાળમાં સંસ્કાર ઉત્પન્ન થઈ આવે છે. એ પણ એક સ્વભાવના રસનું એક Stage છે. એ પણ એક સ્તરની વાત છે-એક Stage ની વાત છે કે જ્યાં સંસ્કાર પડી જાય છે અને એ સંસ્કાર ફળીભૂત થઈને એને નિર્વાણપદ સુધી લઈ જાય છે. સમ્યગ્દર્શન સુધી લઈ જાય છે એવી નાની વાત કરતા નથી પણ આચાર્ય મહારાજ એમ કહે છે કે એને નિર્વાણપદ સુધી લઈ જાય છે. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં અનંત દર્શન અનંત જ્ઞાન સહિત'.

આમ નીચેની ભૂમિકામાં પાયાનું નક્કર કામ થવાની શક્યતા અહીંયાં રહેલી છે. આ એક એનું Spot છે-આ જગ્યા છે કે નક્કર કામ થાય. નિર્વાણપદનું નક્કર કામ આ જગ્યાએ થાય. થાય તો થાય અને ન થાય તો પત્તો ખાવો પાછો મુશ્કેલ છે. થઈ શકે એવી બધી જ શક્યતાઓ ઉપલબ્ધ છે. સંજ્ઞી પંચેન્દ્રિયપણું, સત્ દેવ-શાસ્ત્ર-ગુરુ, સત્પુરુષના સુયોગ્ય નિમિત્તો અને એમનો અત્યંત સ્પષ્ટીકરણ સાથેનો બોધ. એ બધું એને ઉપલબ્ધ છે. જોઈએ જીવની ભાવના પોતાને. જો ભાવના હોય તો કામ કરી જાય. ભાવના ન હોય તો ઉપલક વિચારોમાં સમય વ્યતીત થઈ જાય, આયુષ્ય વ્યતીત થઈ જાય.

મુમુક્ષુ :- પ્રસન્નચિત્તથી એમાં ભાવના બધું આવી ગયું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રસન્નચિત્તમાં ચૈતન્યની ઊંડી ભાવના લેવી છે, અવ્યક્ત રુચિ લેવી છે. બેય વાત લેવી છે.

બહુ નીચેની ભૂમિકાવાળાને પણ નિરાશ થવાનું કારણ નથી એ વાત સ્પષ્ટ છે. કોઈ એવી રીતે ખેદમાં આવી જાય છે શું કરીએ, અમારો પુરુષાર્થ ઉપડતો નથી. શું કરીએ, અંદરમાં અંતર્મુખ થવાતું નથી. વિચાર કરીએ છીએ પણ કાંઈ કામ થતું નથી. દિવસો ગયા, મહિનાઓ ગયા અને વર્ષો પણ ગયા. એને કહે છે કે નિરાશ થવાનું કારણ નથી. સદાય ભાવનામાં રહેવું. સદાય સ્વરૂપની ભાવનામાં રહેવું અને ભાવનાને વૃદ્ધિગત કરવી. આ તો સહેલું કામ છે. આ કોઈ એવું મોટું કામ નથી. ભાવના વધારે જોઈએ. જો ભાવના વધે તો આગળનો રસ્તો ખુલ્લો છે, સુગમ છે અને સરળ છે. ભાવના વિનાના બાકીના બધા પ્રયત્નો એ નકામા જવાના છે. કહેવામાત્ર પ્રયત્નો છે.

કરોડ ઉપાય (કરે) પણ એક ઉપાય સાચો નથી. ભાવના વિનાનો એક પણ ઉપાય સાચો નથી.

મુમુક્ષુ :– ભાવનાનો ખુલાસો માતાજીએ બહુ સરસ કર્યો!

પૂજ્ય ભાઈશ્રી :– ગજબ કામ કર્યું છે! મુમુક્ષુની અનેક પ્રકારની ભિન્ન ભિન્ન પ્રકારની મૂંઝવણનો એક Master key જેવો જવાબ છે–ઉત્તર છે. કોઈ કઈ રીતે મૂંઝાય, કોઈ કઈ રીતે મૂંઝાય, કોઈને કાંઈ. સળ સૂઝતી નથી એમ કહે, માર્ગ સૂઝતો નથી, તત્ત્વદર્શન થતું નથી, કોઈને કાંઈ. કોઈ કહે યાદ રહેતું નથી. કોઈ કહે શાસ્ત્રવાંચનમાં હવે આંખ કામ કરતી નથી, કોઈ કહે કાન કામ કરતા નથી. શ્રવણમાં કામ કરતા નથી. વૃદ્ધાવસ્થામાં ઇન્દ્રિયો શિથિલ થઈ જાય છે. કોઈને મોતિયો આવે છે, કોઈને કાન ગયા છે, કોઈને કાંઈ, કોઈની સ્મરણશક્તિ મંદ પડે છે. કોઈને શરીરના રોગાદિ અને અશક્તિ લાગુ પડે છે. અનેક પ્રકાર (છે). શું કરીએ હવે બીજું અમે આગળ વધવા માટે શરીર સાથ દેતું નથી એમ કહે. કાંઈ કોઈપણ હાલતમાં તારા સ્વરૂપની ભાવના થઈ શકે છે અને એ વૃદ્ધિગત કરતો જા. સીધો સરળ ઉપાય છે. આથી બીજો સહેલો ઉપાય બીજો કયો હોઈ શકે? કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં થઈ શકે એવી વાત છે.

મુમુક્ષુ :– આ કાર્યમાં શરીરની તો કોઈ જરૂર જ પડતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– આ કાર્યમાં શરીરનું કામ નથી. ખરી વાત તો એમ છે કે આ કાર્યમાં શરીરનું કોઈ કામ નથી. જો શરીરનું કામ નથી તો બીજા સંયોગોનું શું કામ છે? આ તો નજીકના ક્ષેત્રે રહેલી ચીજ છે. દૂરક્ષેત્રવર્તી પદાર્થોનું તો કાંઈ કામ નથી. સીધી વાત છે. ચૈતન્યનું કાર્ય ચૈતન્ય કરે, શરીરનું કાર્ય શરીર કરે. અહીં તો શરીરનું તો કાર્ય નથી કહે છે કે રાગનું પણ કામ નથી. આવો રાગ કર, આવો શુભરાગ કર તો તું આત્મપ્રાપ્તિની નજીક જઈશ એ વાત પણ નથી.

મુમુક્ષુ :– બાધક ભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :– રાગ તો બાધક છે. રાગનું તો કાર્ય નથી પણ પરલક્ષી શાસ્ત્રજ્ઞાનનું પણ આ કાર્ય નથી. કેમકે એ પણ આ બાજુ જાય છે. જેમ રાગ પર પ્રત્યેની બાહ્ય દિશામાં આગળ વધનારું પરિણામ છે, એમ પરલક્ષીજ્ઞાન પણ ઊલટી દિશામાં પર પ્રત્યેની દિશામાં આગળ વધનારું પરિણામ છે. બંને ભાવ એક જ ઊલટી દિશામાં જાય છે. ત્યાં સુધી કોઈનું કામ નથી. ત્યાં સુધી બાદબાકી રાખવી. શરીરનું કામ નથી, રાગનું કામ નથી.

મુમુક્ષુ :– અંદરમાં ઘોલન, વિચાર, મંથન...

પૂજ્ય ભાઈશ્રી :- ... વિચાર મંથનમાં હજી ઉપલકપણું હોઈ શકે છે. વિચાર મંથન ચાલે છે. એવા વિચાર મંથન ચાલવાનું પણ પ્રકૃતિને કારણે બને છે. કેટલાક ધૂની પ્રકૃતિવાળા જીવ હોય છે. કોઈ પણ કામમાં લાગે, જે કોઈ કામમાં લાગે એની એને ધૂન ચડી જાય. તો એવી રીતે શાસ્ત્ર વાંચે તો એનું વિચાર મંથનમાં આવે પણ એની ધૂન કામ કરતી હોય છે. પણ ચૈતન્યની ભાવનાને એનું ચૈતન્ય સ્વભાવનું ઘોલન છે. એ સ્વભાવની નજીકતાવાળા પરિણામ છે. એમાં સ્વભાવરસ આવે છે. સંસ્કાર પડવાનું ત્યાં કારણ બને છે. બને જ બને છે.

મુમુક્ષુ :- ઘોલનમાં બીજુ શું?

પૂજ્ય ભાઈશ્રી :- ઘોલન તો ઘોલન જ છે. જેમ કોઈ રસ ઘોળવાની વાત છે. સ્વભાવના રસને ઘોળવાની વાત છે. ઘોળવો એટલે ગાઢ કરવો. તીવ્ર કરવો, ગાઢ કરવો. પાતળો રસ નહિ, ગાઢો રસ એમ કહેવું છે.

'શ્રીમદ્જી' તો એ વાત લે છે કે એવી અવગાઢ દશા પામ્યા પહેલાં જ્ઞાનક્રિયામાં જોખમ ઘણું છે. જ્ઞાનક્રિયા પછી તપની ક્રિયા એ બેમાં જેટલા જોખમ બતાવ્યા છે એમાં જ્ઞાનક્રિયામાં આ વાત વિશેષ લીધી છે. એવી પરમ અવગાઢ દશા પામ્યા પહેલાં જો એ જ્ઞાનક્રિયામાં આગળ વધવા કોઈ માગે તો કાં વિકલ્પ વૃદ્ધિ કરશે કાં શુષ્કતા ધારણ કરશે. કાંઈને કાંઈ ત્યાં અહંપણું આવી જશે. કાં એને અનેક જગ્યાએ અલ્પજ્ઞત્વને લઈને સંદેહનું-શંકાનું કારણ થશે. જિનવાણીમાં શંકાનું કારણ થાય તો એને કહેનાર ઉપર વિશ્વાસ રહે નહિ. એની પ્રમાણિકતા ઉપર અવિશ્વાસ ઊભો થાય. આ એક બહુ મોટો દોષ ઉત્પન્ન થાય છે. એ વગેરે અનેક પ્રકારે દોષની ઉત્પત્તિ થઈ આવે છે. લીધું છે.

એમણે તો શરૂઆત જ ત્યાંથી કરી છે કે જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ અને ભક્તિમાર્ગ ત્રણ ઉપર પોતે વાત લખે છે. એમાં જ્ઞાનમાર્ગ તો દુરારાધ્ય છે. બીજા બધા કરતાં કઠિન છે. તેનું આરાધન સહેલું નથી, દુષ્કર આરાધન છે. પરમ અવગાઢ દશા પામ્યા પહેલાં. એ આ ઘોલનની સ્થિતિ આવવાની વાત છે. તે માર્ગે પડવાના ઘણા સ્થાનક છે. એ માર્ગમાં ચડવાને બદલે પડવાની ઘણી પરિસ્થિતિ ઊભી થાય છે. સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા અને અતિપરિણામીપણું ચાર દોષ લીધા છે. એ આદિ કારણો વગેરે વગેરે. પછી એની અંદર અમુક જાતનો આગ્રહ ઊભો થાય છે. પોતાની કલ્પના પ્રમાણે માની લેવું એને આગ્રહ કહે છે. પછી બીજા કરતાં ક્ષયોપશમ વિશેષ હોય તો એનું અસત્ અભિમાનપણું ઊભું થાય છે. કોઈ બીજા માન-સન્માન આપે તો એ પ્રકારનો માન-સન્માનાદિનો મોહ ઉત્પન્ન થાય છે. અથવા કોઈ આમાંથી ચમત્કાર

થાય એવો સિદ્ધિમોહ પણ ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- અતિપરિણામી એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- અતિપરિણામી એટલે હોય તેના કરતા વધારે માની લેવું તે. ગુણ ઉત્પન્ન થયા ન હોવા છતાં એને એમ લાગે કે મને ઘણું જ્ઞાન છે. મારામાં ઘણા ગુણ ઉત્પન્ન થયા છે. કષાયની મંદતા રહેતી હોય. તો જ્ઞાન પણ છે અને જ્ઞાનને લઈને એનું ફળ પણ છે. એ અતિપરિણામીપણું છે. અતિપરિણામીપણું એટલે પરિણામ આવ્યું નથી. છતાં એમાં અતિ એટલે વધારે પડતું માની લીધું છે. એનું નામ અતિપરિણામીપણું. ક્ષયોપશમમાં બાહ્ય ક્ષયોપશમમાં જ આત્મબુદ્ધિ, આત્મનિષ્ઠા. આત્મામાં આત્માની નિષ્ઠા અને બુદ્ધિ નહિ પણ ક્ષયોપશમમાં એ બધા અનેક પ્રકારના દોષ એમાંથી ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો એને શું છે કે સંશોધનનો તો વિષય જ જુદો છે. એમાં તો જિજ્ઞાસા ખુલ્લી રહે છે ને? મારે સત્ય પામવું બાકી છે એ વાત ઊભી રહે છે. બાકી છે એને ભૂલા પડવાનું કારણ નથી. મળ્યું નથી છતાં મળી ગયું એમ માને ત્યારે એને ગડબડ થાય છે. શું થાય છે? જેમ કે આપણે આપણો વિચાર કરીએ તો. સાચી વાત સાંભળવા મળી. સાંભળવા મળી અને એનો વિરોધ ન આવ્યો. બહુ સરસ! પહેલાં આવી વાત સાંભળી નહોતી. તો એવું લાગી જાય કે મને જાણે મળી ગયું બધું. 'ગુરુદેવ' પાસેથી ઘણું મળી ગયું. મળી ગયું છે કે નથી મળ્યું એ તપાસ કરવાનો વિષય છે. સાંભળ્યું માટે મળી ગયું અને સાંભળ્યું અને સ્વીકાર્યુ માટે મળી ગયું, એમ એ વાત મળી ગયેલી નથી. એમાં અતિપરિણામીપણું થઈ જશે. એ ભૂલ નહિ થવી જોઈએ.

અહીંયાં 'પદ્મનંદિ આચાર્ય'નો શ્લોક લીધો છે.

**'तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।**
**निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम्।।'**

**'तत्प्रति प्रीतिचित्तेन'**. **'तत्प्रति'** એટલે સ્વભાવ ચૈતન્ય. ચૈતન્ય પ્રત્યેના પ્રસન્ન ચિત્તથી. તત્ એટલે તત્ત્વ, આત્મતત્ત્વ, તે. તત્ એટલે તે. તે નામ પોતે. પોતાના સ્વરૂપ પ્રત્યેના પ્રસન્ન ચિત્તથી જેણે એ સ્વરૂપની સ્વભાવની વાર્તા સાંભળી છે. ભાવથી સાંભળી છે, ભાવનામાં આવીને સાંભળી. એટલે તો પહેલુંવહેલું જ્ઞાન પ્રગટે છે એને ભાવશ્રુતજ્ઞાન એવું નામ આપ્યું છે. સાંભળ્યું, શ્રુત એટલે સાંભળ્યું, સાંભળેલું. વ્યાકરણની અંદર એક ક્રિયા પૂરી થઈને એની ભૂતકાળની વાત લેવી હોય ત્યારે એને સાંભળેલું એમ કહેવાય છે. સાંભળેલું. એને શ્રુત કહે છે. સંસ્કૃત ભાષામાં એને શ્રુત કહે

છે. સંભળાયેલું.

કેવી રીતે સંભળાયેલું? કે ભાવનામાં રહીને સંભળાયેલું. એનું નામ આપ્યું ભાવશ્રુત. જે જ્ઞાનમાં પોતાનો સ્વભાવ છે. જે શ્રતુજ્ઞાનમાં પોતાનો સ્વભાવ આવી ગયો એને ભાવશ્રુત કહેવામાં આવે છે. ભાવશ્રુતની પરિભાષા સત્શાસ્ત્રોમાં અનેક રીતે છે. નિર્વિકલ્પ સમાધિમાં માત્ર આત્મા ઉપાદેય થાય છે. આ આત્મા ઉપાદેય છે એવા વિકલ્પ સુધી આત્મા ઉપાદેય નથી થયો પણ નિર્વિકલ્પ સમાધિમાં આત્મા ખરેખર ઉપાદેય થાય છે. આ વિષય લીધો છે 'પરમાત્મપ્રકાશ'માં 'યોગીન્દ્રદેવે'. વારંવાર એના ટીકાકાર છે એમણે વિષય બહુ લીધો છે. તો કહે છે, ત્યારે ખરેખર એને ભાવશ્રુત પ્રગટ્યું. ત્યારે એને ભાવશ્રુત પ્રગટ્યું.

અથવા જે જ્ઞાનમાં પરમેશ્વરપદનો સાક્ષાત્ અનુભવ થયો તેનું નામ ભાવશ્રુત. નિજ પરમેશ્વરપદનો સાક્ષાત્ અનુભવ થયો. તેનું નામ ભાવશ્રુત. પણ એ બધાનું મૂળીયું શું? કે ભાવે શ્રુત કર્યું, ભાવનામાં આવીને શ્રુત કર્યું એ બધાનું મૂળિયું. એટલે એનું નામ એ પડ્યું સીધું. ત્યાં સુધી વિકલ્પને દ્રવ્યશ્રુત કહે છે અને શાસ્ત્રને પણ દ્રવ્યશ્રુત કહે છે, શબ્દોને પણ દ્રવ્યશ્રુત કહે છે, વાણીને પણ દ્રવ્યશ્રુત કહે છે.

મુમુક્ષુ :- ૧૫ મી ગાથામાં આવે છે ને ભાવશ્રુત?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ભાવશ્રુત છે. સ્વાનુભવને જ ત્યાં ભાવશ્રુત કહે છે. સમ્યક્ શ્રુતજ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહે છે.

એક શ્રવણના નિમિત્ત-નૈમિત્તિક સંબંધને કોઈ ઉડાડે છે ત્યાં પણ આ શ્રુત શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. 'ગુરુદેવશ્રી' બહુ ઊંડી વાત કરતા હતા. 'ધવલ'માં એવું આવે છે કે હે જીવ! તું સાંભળ. કોઈ કોઈ જગ્યાએ આવતું હશે. સુણ! હે જીવ તું સાંભળ! જે સંભળાવનાર છે એમાં કોઈ એવું નિમિત્તત્વ રહેલું છે કે જ્યાંથી કોઈ જીવને સાંભળતા મૂળ વિષય ઉપરનું અનુસંધાન થઈ જાય છે.

શબ્દ શબ્દ છે, કહેનારના ભાવથી ભિન્ન છે. કહેનારનો ભાવ અને આત્મા ભિન્ન છે એના શબ્દોથી. અને સાંભળનાર તો ક્યાંય ભિન્ન છે. કોઈનું કોઈ કરે એ વસ્તુનું સ્વરૂપ નથી. છતાં પણ કોઈ નિમિત્ત-નૈમિત્તક સંબંધ એવો બને છે કે સમ્યક્જ્ઞાનીથી જ શ્રુત થયેલું સમ્યક્જ્ઞાનમાં નિમિત્ત પડે, મિથ્યાજ્ઞાનીથી શ્રુત થયેલું તેનું તે, તેના તે શબ્દો નિમિતત્ત્વ એમાં નથી-નિમિત્તપણું એમાં નથી. શબ્દો તેના તે હોય તોપણ. આટલો ફેર છે એમાં. એટલે ત્યાં શ્રુત ઉપર ઘણું વજન દીધું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર બીજું શું કરે? બીજું તો ધર્મના નામે સંપ્રદાયમાં અનેક

ક્રિયાઓ ચાલે છે. કોઈ આત્મજ્ઞાનનું નિમિત્ત થાય એવું તો ક્યાંય સ્થાન દેખાતું નથી. આત્મજ્ઞાનનું નિમિત્ત એક સત્‌શાસ્ત્ર અથવા તત્ત્વનું અધ્યયન, તત્ત્વનો વિચાર, તત્ત્વનો અભ્યાસ, તત્ત્વનું ઘોલન આ બધાંમાં એ પરિપાટી ઊભી થાય છે. અથવા ભાવનાનું કારણ થાય છે. શાસ્ત્ર-સ્વાધ્યાય ભાવના ન હોય તો ભાવના ઉત્પન્ન થવાનું કારણ થાય, હોય એને વૃદ્ધિ થવાનું પણ નિમિત્ત થાય. કારણ એટલે નિમિત્ત લેવું.

સ્વભાવ તેનો તે છે અને એ સંબંધી સ્વભાવરસથી કહેનારને એનો પુનરૂક્તિ દોષ લાગુ પડતો નથી. 'ગુરુદેવ'ના પ્રવચનોનું આ એક લક્ષણ હતું કે એક વાતને અનેક વાર કહેતા. અને પોતે ને પોતે કહેતા કે પુનરૂક્તિદોષ આમાં લાગુ પડે નહિ. જે લૌકિકકળામાં વક્તૃત્વશક્તિ Oratory જેને કહેવામાં આવે છે એમાં એવું છે કે કોઈ વક્તા વારંવાર પુનરૂક્તિ કરે તો એની એ વક્તૃત્વકળાની ખામી ગણવામાં આવે છે. પણ અહીંયાં અધ્યાત્મના પ્રકરણમાં એનાથી પર થઈને એ વાત ચાલે છે. એ નિયમનું બંધન અધ્યાત્મિક વક્તાને કે જ્ઞાનીને લાગુ પડતું નથી. બીજું, વિષય તેનો તે કહેવાતો હોવાથી પુનરૂક્તિ છે પણ ભાવ એમાં નવીન નવીન આવે છે. એ પણ પોતે કહેતા કે એમ ન માનવું કે આ તેનું તે કહેવાય છે. પોતાને નવીન ભાવ આવે છે એટલે કહી દે છે કે અહીંયાં નવીન ભાવ આવે છે.

'પ્રવચન રત્નાકર'ની પહેલા આ બધી અમારે ચર્ચાઓ ચાલેલી એમાં આ વાત ચાલી હતી. જે લખે છે પ્રવચન એની એક ફરિયાદ હતી કે આમાં એકની એક વાત આઠ વખત આવતી હોય તો અમારે પ્રવચનમાં આઠ વખત લખવી કે નહિ? આ પ્રશ્ન આવ્યો સામે. વારંવાર કહ્યું છે તો કહેવામાં ચાલે પણ લખવામાં તો બહુ સારું ન લાગે લખાણ તો છોડી દેવું. આ એક પ્રશ્ન હતો, સમસ્યા હતી. ખાસ કરીને 'ગુરુદેવ'ના પ્રવચનોની એ વિશિષ્ટતા છે કે તેની તે વાત પુનરૂક્તિ રૂપે દેખાતી હોય છતાં એમાં નવા નવા ભાવ આવ્યા છે. તો લખનારે એમ ને એમ આંખો વીંચીને લખવું નહિ પણ જરા સૂક્ષ્મ ઉપયોગથી આ વિષયને વિચારવો કે આમાં નવિનતા શું આવી? પછી એને છોડી દેવાનો પ્રશ્ન ઊભો નહિ થાય. જે નવિનતા ભાસે એ જ નવિનતા ક્યા શબ્દમાં વ્યક્ત થયેલી છે એ શૈલી મૂકવાનું જરૂર બનશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સૂક્ષ્મતાથી સાંભળતા હોય એને તો ખ્યાલ આવી જ જાય કે ભલે વાતનો વિષય તેનો તે છે પણ શબ્દો બદલાય છે, વાક્યરચના બદલાય છે અને એનો જે કહેવાનો આશય છે અને ધ્વનિ છે એ વધારે ચોખ્ખો થાય છે. એટલે સાંભળનારને કંટાળો નહિ આવવાનું કારણ આ છે.

'પૂજ્ય બહેનશ્રી' કહે છે. આમાં એક જગ્યાએ આવે છે કે 'ગુરુદેવ'ના પ્રવચનો જ એવા હતા કે જે રસબસતા પ્રવચનો છે. સાંભળનારને એનો રસ જળવાઈ જ રહે છે. કેમ કે પોતે જ એ વાસ્તવિક્તામાં આવીને વાત કરતા હતા. નાનામાં નાનો દૃષ્ટાંત દે તો એનો વાસ્તવિક ચિત્રણ બરાબર જ્ઞાનમાં હોય ને એમ વાત કરે. જાણે એ હકીકત બની રહી હોય વાસ્તવિકપણે. એટલે એના એટલા રસ સહિત આવે. એટલે શબ્દ એના એ હોય પણ કહેનારમાં ફર્ક અહીંયાં રસમાં પડે છે. અને એ અહીંયાં ઉત્પન્ન થયેલો રસ બીજાના રસની સાથે નિમિત્ત-નૈમિત્તક અનુસંધાન પામે છે. રસને અનુસંધાન છે. બીજાને એવો રસ નથી. એને શબ્દો એના એ છે તો એને રસની સાથે બીજાના રસનું અનુસંધાન થતું નથી. કેમ કે અહીંયાં મૂળમાં રસ નથી કહેનારને તો સાંભળનારને રસ આવવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે એ રસની ઉત્પત્તિ ત્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધપણે નથી થતી.

એટલે એ વાત લીધી '**प्रीतिचित्तेन**' પ્રસન્નચિત્તથી જેણે આત્મતત્ત્વની વાત પણ જેણે સાંભળી છે. '**हि श्रुता**' જેણે પણ સાંભળી છે. પણ લેવું છે. '**निश्चितं** ' એમ. કદાચ થશે અને કદાચ નહિ થાય એમ નહિ. ચૈતન્યની ઊંડી ભાવનામાં ઊભો રહીને જો ચૈતન્યની વાર્તા સાંભળે તો નિયમથી એને ભાવિમાં નિર્વાણ થવાની પાત્રતા એ ભવ્યને વર્તી રહી છે. તે વર્તમાન પાત્ર છે. વર્તમાન પાત્રની વાત લે છે. એ વર્તમાન પાત્ર છે. ૪૬ના બોલમાં લીધો છે ને? વર્તમાપાત્રનો વિષય. ૪૬. ૧૭ પાને છે.

'**પ્રતીતિમાં એમ જ હોય...**' પ્રતીતિ એટલે અહીંયાં વિશ્વાસ. હજી ઉપયોગ સૂક્ષ્મ ન થયો ત્યારે પણ એમ લેવું છે, હોં! ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય. ત્યારની વાત લીધી છે. ક્યા Stage વાત લીધી છે. '**પણ પ્રતીતિમાં એમ જ હોય...**' વિશ્વાસ એક હોય કે આ કાર્ય કર્યે જ લાભ છે. મારે તો આ જ કાર્ય કરવાનું છે. મારો લાભ તો આ કાર્ય કરવામાં જ છે અને મારે આ જ કરવું છે, હવે જીવનમાં બીજું કાંઈ કરવું નથી. આ જ કરવું છે, આથી જ મને લાભ છે '**એ વર્તમાન પાત્ર છે.**' એ વર્તમાન પાત્ર ૪૬માં (લીધું છે). ઘણી ઊંડી ઊંડી વાતો વ્યક્ત કરેલી છે.

મુમુક્ષુ :- તત્ત્વજ્ઞાનમાં તો...

પૂજ્ય ભાઈશ્રી :- આમાં શું છે કે આનાથી જ લાભ છે અને આ જ કરવા જેવું છે એવો વિશ્વાસ. એક વાત સમજમાં આવી કે જગતની અંદર અનેક વાતો ચાલે છે. લોકો અનેક ક્રિયાઓ બતાવે છે કે આમ કરો તો કલ્યાણ થાય, આમ કરો તો મોક્ષ થાય, ફલાણું થાય પણ એને ખ્યાલ આવ્યો કે આ જે આત્મમય જીવન કરવું, આત્મામાં રહેવું, આત્મામાં લીન કરવું, આત્માનું શ્રદ્ધા, જ્ઞાન, આચરણ થવું એ જ

કરવા જેવું છે એમાં જ મને લાભ છે, બીજું જીવનમાં કરવા જેવું નથી.

મુમુક્ષુ :- ઓઘે ઓઘે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભલે ઓઘે ઓઘે છે, હજી ઉપયોગ નથી સૂક્ષ્મ થયો. તોપણ એને આ જ કરવું છે અને આ જ કરવા જેવું છે એવી પ્રતીતિ આવે તોપણ એ પાત્રતામાં ...

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- સમજણ. એટલી સમજણ આવી છે. એટલી સમજ છે. પહેલા એ સમજ નહોતી એવી સમજ છે. સમજણ છે બરાબર. એટલે તો જ્ઞાનની મુખ્યતા કરે છે. નીચે છે એ શ્લોકનો જ અર્થ છે સીધો.

**'જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ'** એને ભવ્ય પુરુષ કહ્યો. જેની ભવ્યતા પાકવાની નજીક થઈ એને ભવ્ય કહે છે અથવા એને આસન્ન ભવ્ય કહેવામાં આવે છે. આ સન્ સન્-હોવું. આ એટલે નજીક. નજીકમાં હોવું. આસન્નભવ્ય. **'તે ભવ્ય પુરુષ...'** પુરુષ નામ આત્મા **'ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે.'** નિશ્ચિત્તમ. નિશ્ચિત શબ્દ જે લીધો છે એ અવશ્ય લીધું છે.

'પદ્મનંદી આચાર્યદેવ'ના નિર્મળ શ્રુતજ્ઞાનમાં જે વાત આવી એ Guarantee સહિત અહીંયાં પ્રસિદ્ધ કરી. Guarantee આપી છે કે નિર્વાણ છે એનું મૂળિયું આ જગ્યાએ રહેલું છે. અહીંથી નિર્વાણનું ફળ આવે છે. નિર્વાણ તો મોક્ષને ફળ કહે છે. મોક્ષફળ પ્રાપ્તયે. પૂજામાં ફળનો અર્ઘ ચડાવે છે મોક્ષની ભાવનામાં. એ ફળનું મૂળિયું અહીંયાં છે કે ચૈતન્યની વાર્તા નિત્યપ્રતિ પ્રસન્ન ચિત્તથી સાંભળવી. સાંભળવી, વાંચવી, વિચારવી પણ સ્વભાવ પ્રત્યેની પ્રસન્નતા, સ્વભાવ પ્રત્યેની ભાવના, રુચવું એ પ્રકાર એ નિર્વાણનું મૂળ છે. કદાચિત નથી એમાં.

'પદ્મનંદી આચાર્યદેવ'નું જ્ઞાન કેવળજ્ઞાનની જેમ સાક્ષી પૂરીને વાત કરી છે. નિયમથી, નિશ્ચિત એમ લીધું છે. અપવાદની વાત નથી. નિશ્ચિત થશે એને. આટલો બધો આશાસ્પદ વિષય છે આ. જરાય નિરાશાનો વિષય નથી પણ એકદમ આશાસ્પદ વિષય છે. કોઈપણ જીવ પ્રસન્ન ચિત્તથી આત્માની વાત સાંભળી શકે છે. એને ઉલ્લાસ આવે. એટલે તો પાત્રતામાં 'શ્રીમદ્જી' એ વાત બીજી રીતે લીધી કે ઉલ્લાસિત વીર્યવાન તત્ત્વ પામવાનું સારું પાત્ર છે, ઉત્કૃષ્ટ પાત્ર છે. અહીં જે વર્તમાન પાત્ર કીધું. ઉલ્લાસિત વીર્યમાન છે એ તત્ત્વ પામવાનું ઉત્કૃષ્ટ પાત્ર છે. એમણે તો ચાર બોલ લીધા છે. મધ્યસ્થાવાળો જીવ, પછી જેને પંચેન્દ્રિયના બાહ્ય પદાર્થો પ્રત્યેનું તીવ્ર આકર્ષિત વૃત્તિ

ન હોય એવો જીવ. એટલે એને જીતેન્દ્રિય ત્યાં લીધું છે. રસ નિરસ થયો, પોતાના સ્વરૂપની ભાવના અને જિજ્ઞાસાને વશ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પછી મિથ્યા આગ્રહ. પોતે જે કાંઈ પહેલાં નક્કી કર્યું છે એનો આગ્રહ છોડી દેવો. જે સત્પુરુષ કહે છે, સત્શાસ્ત્ર કહે છે એ જ સાચું છે. મને ન સમજાય તો પણ એ સાચું છે. ન સમાજાય તો મારે સમજવાનો પ્રયત્ન કરવો બાકી રહ્યો. પણ બીજી કલ્પના કરવા જેવી નથી. એ રીતે મધ્યસ્થબુદ્ધિ, વિશાળબુદ્ધિ વિશાળતા-સંકુચિતતા નહિ પણ વિશાળતા. એ વિશાળતાનો વિષય પણ વિશાળ છે. એ ત્રણ-ચાર બોલ લીધા છે. ૪૦મો પત્ર છે ને. ૨૧મા વર્ષે વાત કરી છે. અને સરળતા, સરળતાનો વિષય લીધો છે.

'**વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રિયપણું આટલા ગુણો જે આત્મામાં હોય,...**' આટલા ગુણો એટલે આવા ભાવ પ્રગટ જે આત્મામાં હોય '**તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે.**' પાત્રતાની વાત લીધી છે. સરળતા પણ વિશેષ વાત છે. એમાં આગ્રહ નથી રહેતો. મધ્યસ્થતામાં પણ આગ્રહ નથી રહેતો. '**અનંત જન્મ-મરણ કરી ચૂકેલા આ આત્માની કરુણા તેવા અધિકારીને ઉત્પન્ન થાય છે.**' આવા પાત્ર જીવને ઉત્પન્ન થાય છે. '**અને તે જ કર્મમુક્ત થવાનો જિજ્ઞાસુ કહી શકાય છે.**' અથવા પાત્ર કહી શકાય છે.

'**તે જ પુરુષ યથાર્થ પદાર્થને યથાર્થ સ્વરૂપે સમજી...**' પોતાનો પદાર્થ, હોં! આત્મપદાર્થ. '**યથાર્થ પદાર્થને યથાર્થ સ્વરૂપે સમજી મુક્ત થવાના પુરુષાર્થમાં યોજાય છે.**' બહુ સારો પત્ર છે. ઘણી વાતો લખી છે. '**અત્યારે વીતરાગ દેવને નામે જૈન દર્શનમાં એટલા બધા મત ચાલે છે કે તે મત, તે મતરૂપ છે, પણ સત્રૂપ નથી.**' કેવું ગોઠવ્યું છે ભાષામાં! એ મત મતરૂપ છે પણ સત્રૂપ નથી. '**પણ સત્રૂપ જ્યાં સુધી વીતરાગદેવની આજ્ઞાનું અવલંબન કરી પ્રવર્તતા ન હોય ત્યાં સુધી કહી શકાય નહીં.**' ૨૧ માં વર્ષે પણ વિચારધારા બહુ સૂક્ષ્મ છે. અહીં સુધી રાખીએ

## તા. ૨૦-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૯૦,૨૯૧,૨૯૨
## પ્રવચન નં. ૨૨૪

**આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે. તેની સાથે અંદરમાં તન્મયતા કરવી તે જ કરવાનું છે. વસ્તુસ્વરૂપ સમજીને 'હું તો જ્ઞાયક છું' એવી લગની લગાડે તો જ્ઞાયકની સાથે તદાકારતા થાય. ૨૯૦.**

'પૂજ્ય બહેનશ્રીના વચનામૃત' ૨૯૦. પાનું-૯૭. '**આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે.**' આત્મ પદાર્થ અનંત ગુણોથી સંપન્ન છે. કોઈ ગુણ નાનો છે કે કોઈ ગુણ મોટો છે. કોઈ ગુણ પૂરો છે કે કોઈ ગુણ અધૂરો છે એવું નહિ હોવા છતાં જ્ઞાનની પ્રધાનતા ગણવામાં આવી છે. અનંત ગુણોમાં સર્વ ગુણો પોતપોતાનું અનંત સામર્થ્ય ધરાવે છે અને સર્વ ગુણોને પોતપોતાની વિશેષ્ટતા છે. તેમ છતાં પણ '**આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે.**' એ વાત એમ જ રહે છે. એના કારણોને તપાસીએ તો અનંત ગુણો હોવા છતાં એને જ્ઞાનપ્રધાન કહેવામાં અનેક કારણો છે.

સર્વ ગુણોમાં સ્વપરપ્રકાશકપણું જ્ઞાનને છે. સાકારપણું જ્ઞાનને છે. પ્રગટ અનુભવગોચરપણું જ્ઞાનને છે અને આત્માનું ઊર્ધ્વપણું પણ જ્ઞાનને લઈને હોવાને લીધે એને પ્રધાનતા આપવામાં આવે છે. મોક્ષમાર્ગનું પ્રયોજનભૂત કાર્ય છે એમાં પણ મુખ્યપણે જ્ઞાનથી જ આત્માને સમજાવવામાં આવે છે અને એ જ અનુકૂળ છે. અનાદિના અજાણ જીવને પણ એ જ અનુકૂળ છે કે જો એને જ્ઞાનથી સમજાવે તો સમજે. સમજણમાં બીજી કોઈ પદ્ધતિ અજાણ્યાને આ સિવાયની અનુકૂળ પડે એવું પણ નથી. સમજણથી માંડીને ઓળખાણ અને સ્વાનુભવ સુધીમાં બધે જ જ્ઞાનની પ્રધાનતા છે. કેમ કે જ્ઞાનલક્ષણથી ઓળખાવવામાં આવે છે. ઓળખે છે પણ જ્ઞાન પોતે જ પોતાના સ્વલક્ષણથી ઓળખે છે અને સ્વાનુભવમાં પણ જ્ઞાનના સ્વસંવેદનની મુખ્યતા રહેલી છે.

બીજા ગુણોને સમજાવવા માટે પણ જ્ઞાન બીજા ગુણને જાણતું હોવાથી બીજા ગુણને જ્ઞાનપ્રધાનતાથી સમજાવવા પડે છે. શ્રદ્ધાને, આચરણને, સુખને બધામાં જ્ઞાનની પ્રધાનતા છે. એટલે 'સમયસાર'માં છેલ્લે છેલ્લે પણ આચાર્યદેવે બીજા ગુણોનું

એટલે ૪૭ શક્તિ એ બધા ગુણો છે, એનું વર્ણન કરવા છતાં પણ '**ज्ञानमात्रमयतां न जहाति भावः**' (એમ કહ્યું). જ્ઞાનમાત્રમયપણું છે એને આત્મા છોડતો નથી.

અનાદિનું રાગ અને પર સાથે એકત્વ થઈ રહ્યું છે. એ એકત્વમાં છૂટું પડવાનું સાધન પણ જ્ઞાન છે. જ્ઞાનથી આત્માને જુદો પાડી શકાય છે. એટલે પોતાની ભિન્ન સત્તાને જ્ઞાનમય ભિન્ન સત્તા તરીકે જ્યારે જોવામાં આવે છે, અનુભવ કરવામાં આવે છે, ગ્રહણ કરવામાં આવે છે ત્યારે ભેદજ્ઞાન થાય છે અને ત્યારે પ્રયોજન સધાય છે. એવા અનેક કારણોને લીધે અને એમાં પ્રયોજનનો સમાવેશ હોવાને લીધે, અનેક કારણો છે આવા, એ ઉપરાંત પ્રયોજન સાથે એનો સીધો સંબંધ હોવાને લીધે આત્માના સર્વ ગુણો સંપૂર્ણ હોવા છતાં અને અનંત સામર્થ્ય ધરાવતા હોવા છતાં '**આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે.**' એમ કહેવાનું આટલું કારણ છે.

વાત તો એક સિદ્ધાંત જેવી મૂકી દીધી છે, સૂત્ર જેવી મૂકી છે કે '**આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે.**' તોપણ એની પાછળ ઘણું રહસ્ય રહેલું છે. અનેક ગુણોને એનું સ્વરૂપ સમજીને આ પડખેથી અને આ વિશિષ્ટતાથી નહિ સમજનાર કોઈ એવી રીતે લઈ જાય છે કે આત્મામાં કોઈ ગુણ નાનો-મોટો નહિ હોવાને લીધે, અનંત ગુણો છે એમાં કોઈ ગુણ કાંઈ નાનો-મોટો નથી અને કોઈ ગુણ નાનો-મોટો નથી એટલે જ્ઞાનની કોઈ વિશિષ્ટતા કરવા જેવી નથી. એમ કોઈ લઈ જાય છે તો એણે પ્રયોજનભૂત દૃષ્ટિથી આ વિષયને વિચાર્યો નથી.

'**આત્મા જ્ઞાનપ્રધાન અનંત ગુણનો પિંડ છે. તેની સાથે અંદરમાં તન્મયતા કરવી તે જ કરવાનું છે.**' જ્ઞાનની સત્તામાં સ્થિર રહેવું, લીન રહેવું, એકાગ્ર રહેવું એ જ કરવાનું છે. એ પ્રકારનો પુરુષાર્થ કરવો, એવી જ શ્રદ્ધા કરવી અને સ્વ સ્વભાવનું, સ્વ સ્વરૂપનું અભેદભાવે વેદન કરવું, સ્વસંવેદન કરવું એ તન્મયતામાં બધા ગુણો સાથે છે. એમ લઈ લેવું. તે જ કરવાનું છે. અથવા એવું પરિણમન થવું, જે અહીંયાં કરવાનું છે એમ કહ્યું એવું પરિણમન થવું એવું સ્વભાવનું સ્વરૂપ છે. અવ્યક્ત સ્વભાવને વ્યક્ત પરિણામની અપેક્ષાથી જોવામાં આવે તો આવું સ્વરૂપ છે. જો આવું પરિણમન ન થાય તો એ પોતાના સ્વરૂપથી પ્રતિકૂળ છે અથવા પોતાના સ્વરૂપ સાથે એ મેળ ખાતું નથી એવું છે.

'**વસ્તુસ્વરૂપને સમજીને..**' એમ અનેક પડખેથી, અનેક પ્રયોજનભૂત પડખેથી વસ્તુના સ્વરૂપને સમજીને સરવાળે '**હું તો જ્ઞાયક છું એવી લગની લગાડે તો જ્ઞાયકની સાથે તદાકારતા થાય.**' શું લીધું છે? કે વસ્તુ સ્વરૂપને જ્યાં જ્યાં પોતાને અસમાધાન

થતું હોય ત્યાં વસ્તુના સ્વરૂપ અનુસાર એની સમજણ કરવી. વસ્તુસ્વરૂપ સ્વરૂપે કરીને કેમ છે? એ વાત વાસ્તવિકતાથી સમજવામાં આવે અને એ વિષયની સર્વ કલ્પનાઓનો નિષેધ થઈ જાય અથવા સર્વ કલ્પના છૂટી જાય અને હું જ્ઞાયક છું એ પછી અભેદભાવ લેવો છે. કેમ કે વસ્તુના સ્વરૂપને સમજવામાં સમજવાના કાળે અનેક પ્રકારના ભેદથી સમજવાનું બને છે. ત્યારે અનેક વિકલ્પ અનેક પ્રકારે ઊઠે છે. એ તમામ વિચારને હવે એક જગ્યાએ લાવવો છે કે હું જ્ઞાયક છું. અહીં સુધી હજી વિચારમાં આવ્યો કે હું જ્ઞાયક છું. હવે વિચારથી આગળ વધવા માટે વિચાર છોડીને જેવું જ્ઞાયક (સ્વરૂપ) લક્ષમાં આવ્યું, સમજમાં આવ્યું એવું ગ્રહણ કરવું છે હું પણે.

'ધર્મદાસજી' એક વાત કરે છે કે સૂર્ય કદી અંધારાનો વિચાર કરતો નથી. મારામાં અંધારું છે કે કેમ? એનો વિચાર કરતો નથી. કેમ કે જે પ્રકાશનો જ પુંજ છે એને પોતાના વિષે અંધારાની શંકા કરવાનું શું કારણ? જે અંધારું લાખો યોજન દૂર રહે છે, એના પ્રકાશના પુંજને લીધે અત્યંત દૂર, લાખો યોજન દૂર રહે છે એવું અંધારું પોતાને વિષે છે કે કેમ? એની શંકા પણ એને પડતી નથી. તો એ અંધારું મારામાં છે ને હું કાઢું, એને દૂર કરવું એવો વિચાર એને ક્યાં કરવો પડે? જો એને અંધારાનો વિચાર કરવો પડતો નથી તો એના પ્રતિપક્ષભૂત અજવાળાનો વિચાર કરવાનો ક્યાં પ્રશ્ન છે કે મારામાં હું અજવાળું કરું. પ્રકાશને હું પ્રગટ કરું એમ સૂર્યને વિચાર કરવાનો છે? વિચાર કરી કરીને પ્રગટ કરે? એ પણ એને પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- પોતે એ સ્વરૂપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે એ સ્વરૂપ જ છે. બસ, એવું અહીંયાં હું જ્ઞાયક છું. '**હું તો જ્ઞાયક છું**' એ જે વાત લીધી છે એમાં એ વાત છે ખરેખર તો. '**હું તો જ્ઞાયક છું**' એ કેવી રીતે સમજવું? કે હું જ્ઞાયક નથી એ વિચારનો ત્યાં અવકાશ નથી. અને ખરેખર હું જ્ઞાયક છું એવા વિચારનો પણ અવકાશ નથી એવી રીતે હું જ્ઞાયક છું. જેમ સૂર્યમાં અંધકાર દૂર કરવાનો વિચાર કરવાનો પ્રશ્ન નથી અને પ્રકાશને લાવવાનો કે પ્રગટ કરવાનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- હું તો જ્ઞાયક છું. એમ કરીને...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે હું રાગ કે દેહાદિરૂપ નથી. જે પરિણમન રાગના ગ્રહણરૂપે અને શરીરાદિ પરસંયોગમાં હુંપણાના પોતારૂપપણાના ગ્રહણરૂપે વર્તી રહ્યું છે એની સામે આટલી વાત છે. પણ ખરેખર એની વાસ્તવિકતા એ જાતની છે સૂર્યના દષ્ટાંતે. એ તો એમની ખાસ શૈલી છે. સ્વસ્વરૂપસ્વાનુભવગમ્ય સ્વભાવસૂર્ય. સમ્યગ્જ્ઞાનસૂર્ય. સ્વસ્વરૂપસ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનસૂર્ય. આત્મા માટે આટલા શબ્દો

જ્યાં જ્યાં આત્મા શબ્દનો પ્રયોગ કરવો છે ત્યાં એ આટલા શબ્દો બધી વાર Repeat કરે છે. આ 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં લીધું છે. સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાન સ્વરૂપ. સમ્યગ્જ્ઞાનસૂર્ય. એને અંધકાર? તો કહે લાખો યોજન દૂર છે. સૂર્યમાં પ્રકાશનો વિચાર કરી કરીને પ્રકાશ લાવવો કે નહિ? સૂર્ય વિચાર કરે પોતામાં કે મારે પ્રકાશ લાવવો છે, મારે પ્રકાશ લાવવો છે? એ પ્રશ્ન નથી. આવો અનંત જ્ઞાનમય પોતાને જોવો. છે એને, જેવો છે એને માત્ર જોવો એટલી જ વાત છે. છે એને કરવાનો પ્રશ્ન નથી પણ છે એને જોવાની વાત છે. એવું પોતાને ઓળખીને એવી લગની લગાડે '**હું જ્ઞાયક છું**' એ ભાવની એને લગની લાગે એટલે એ જ એને ઘૂંટાયા કરે. પોતાનું જ્ઞાયક સ્વરૂપ જ ઘૂંટાયા કરે, પોતાની મહાનતા જ ઘૂંટાયા કરે, પોતાની સર્વોપરિતા જ ઘૂંટાયા કરે. સર્વોત્કૃષ્ટતા જ ઘૂંટાયા કરે તો એ તદાકારતાને ધારણ કરે. તો એની સાથે લીનતા થાય અથવા પરિણામ તદાકાર થાય. લીનતા આવ્યા પહેલાં એમની લગની અનિવાર્યપણે ઉત્પન્ન થાય છે. એ સિવાય ઉપલક વિચારોથી કદી કામ થતું નથી. એ તો આગળના બોલમાં આવી ગયું ને? ૨૮૯.

'**ઉપલક વિચારોમાં નહિ પણ અંદરમાં ઘોલન કરીને તત્ત્વવિચારપૂર્વક ઊંડા સંસ્કાર નાખ્યા હશે...**' તે ભવાંતરમાં પણ સાથે આવશે. બીજા ભવમાં પણ એ સાથે આવશે. 'પદ્મનંદીઆચાર્ય મહારાજ'નો જે આધાર લીધો છે એમાં તો આચાર્યદેવે નિશ્ચિત શબ્દ વાપરીને, નિશ્ચિત શબ્દ વાપરીને વાચનારને, વાચકને નિશ્ચિંત કરી નાખ્યો છે. નિશ્ચિતથી નિશ્ચિંત કરી નાખ્યો છે. એને ચિંતા કરવાની જરૂર નથી. કહે છે કે તારા દિવ્ય ગુણોનો મહિમા અને પ્રશંસા પ્રસન્ન ચિત્તથી સાંભળ. બસ, આટલી વાત છે. ઓછામાં ઓછું તારા સ્વરૂપના ગુણગાનને સાંભળવા માટે, તારા સ્વરૂપના ગુણગાનને સાંભળવા માટે તારા ચિત્તની પ્રસન્નતા નહિ, શું તને તકલીફ છે? જેમ માણસ કહે છે ને કે ભાઈ ! અમે વાત કરી પણ એને કાંઈક અણગમો રહ્યો. બહુ Response કોઈ ન આપે તો પછી અનુમાન કરવામાં આવે છે કે કાંઈક અણગમો છે. પણ તારી જ પ્રશંસા, તારા જ ગુણોની પ્રશંસા, તારી પોતાની મહિમા એમાં અપ્રસન્ન ચિત્ત હોવાનું શું કારણ છે? એ તો કોઈ કારણ પ્રત્યક્ષ રીતે તો દેખાતું નથી. અમસ્તા બહારમાં આબરૂ વધે એવી રીતે કોઈ વખાણ કરે. ભાઈ તો બહુ સારા.. બહુ સારા... બહુ ચતુર, બહુ વિચક્ષણ, બહુ ડાહ્યા, બહુ બુદ્ધિવાળા તો હમણાં જ ફૂલાઈ જાય. અને સર્વજ્ઞ પરમાત્મા એના અનંત ગુણોની પ્રશંસાના ગીત ગાય છે પણ પોતાને ભાસતું નથી એટલે એને કાંઈ એની અસર આવતી નથી. નહિતર દીનતા ચાલી જાય એવું જ પોતાનું સ્વરૂપ છે.

એ વસ્તુનો સ્વરૂપનો બોલ છે. વસ્તુસ્વરૂપને સમજીને સરવાળે પોતાના જ્ઞાયકભાવમાં લગનીપૂર્વક લીનતા થાય એ કરવા યોગ્ય છે અને અનંત ગુણોમાં જ્ઞાનપ્રધાનતાથી, જ્ઞાનપ્રધાન વસ્તુ હોવાથી જ્ઞાનને પ્રધાન કરીને જ્ઞાનપ્રધાનતાથી પોતાનું પ્રયોજન સાધવા યોગ્ય છે. ૨૯૦ થયો.

**જિનેન્દ્રમંદિર, જિનેન્દ્ર પ્રતિમા મંગળસ્વરૂપ છે; તો પછી સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ જિનેન્દ્ર ભગવાનના મહિમાની અને મંગળપણાની તો શી વાત ! સુરેન્દ્રો પણ ભગવાનના ગુણોનો મહિમા વર્ણવી શકતા નથી, તો બીજા તો શું વર્ણવી શકે ? ૨૯૧.**

૨૯૧. ૨૯૧માં સર્વજ્ઞદેવનો મહિમા કર્યો છે. દેવ મહિમા, ગુરુ મહિમા સત્‌શ્રુતમાં શાસ્ત્ર અને શ્રુતનો મહિમા અને જ્ઞાની સત્પુરુષનો મહિમા. વ્યવહારે આ ચાર મહિમાના સ્થાન છે. એટલે એને આયતન-ધર્મના આયતન કહેવામાં આવે છે. વ્યવહારે એને ધર્માયતન કહેવામાં આવે છે.

એમાં '**જિનેન્દ્ર મંદિર, જિનેન્દ્રપ્રતિમા મંગળસ્વરૂપ છે,...**' ભગવાન જિનેન્દ્રની પ્રતિમા સાક્ષાત્ જિનેન્દ્ર સદશ હોવાથી એ તો મંગલસ્વરૂપ છે જ પણ મંદિર મંગળ, જેમાં બિરાજમાન કરીને મંદિરને પણ મંગળ ગણવામાં આવે છે. એ તો જે દેહમાં પરમાત્મસ્વરૂપી આત્મા રહેલો છે એટલે દેહને પણ ઘણી વાર મંદિર કહેવામાં આવે છે. દેહમંદિર કહેવામાં આવે છે. એમાં આત્માનો મહિમા છે. જડનો ક્યાંય મહિમા છે એમ નથી પણ એમાં આત્માનો મહિમા છે.

અહીં આપણે 'સમ્યગ્જ્ઞાન દીપિકા' બહાર નથી ને? એમાં પ્રારંભ જ અહીંથી કર્યો છે. જિનપ્રતિમાથી પ્રારંભ કર્યો છે. વીતરાગભાવ સૌમ્યભાવ, સામ્યભાવ અને આત્માના સાક્ષાત્ સ્વરૂપને વ્યક્તપણે પ્રદર્શિત કરનાર જે નિમિત્ત છે એને જિનેન્દ્ર પ્રતિમા કહેવામાં આવે છે. જેમ કોઈ પોતાથી સર્વથા ભિન્ન એવા પરપદાર્થના આકર્ષણથી એમાં તન્મય થઈ જાય છે કે નહિ? કોઈ સંગીતમાં તન્મય થઈ જાય છે, કોઈ રૂપમાં તન્મય થઈ જાય છે, કોઈ સ્વાદમાં તન્મય થઈ જાય છે. તો અહીંયાં જેને જોઈને પોતાના સ્વરૂપનું સ્મરણ આવે છે. જિનેન્દ્ર પ્રતિમામાં પોતાના સ્વરૂપનું સ્મરણ આવે છે. પોતાના સ્વસંવેદનની સંભાળ થાય છે. ભાષામાં એટલો ભાવ વ્યક્ત નથી થતો જેટલો મૂર્તિમાં વ્યક્ત થાય છે એટલે વિશેષ મહિમા છે. કેમકે ભાષામાં ભાવનું

એટલું ચિત્ર ઉપસતું નથી, જેટલું મૂર્તિમાં ભાવનું ચિત્ર ઉપસે છે.

**'જિનેન્દ્રમંદિર, જિનેન્દ્રપ્રતિમા મંગળસ્વરૂપ છે; તો પછી સમવસરણમાં બિરાજમાન સાક્ષાત્ જિનેન્દ્ર ભગવાનના મહિમાની અને મંગળપણાની તો શી વાત!'** અત્યારે બિરાજમાન છે. વીસ વિહરમાન તીર્થંકર પરમાત્મા સમવસરણની અંદર વિદેહક્ષેત્રની અંદર બિરાજમાન છે. જેને એ વિષયની પ્રતીતિ છે ત્યાં એનો ઉપયોગ જાણે અત્યારે પોતાની નજીક બિરાજે છે એમ ચાલે છે. એવું જ યાત્રામાં છે. જાણે સિદ્ધાલય ઉપર જ છે. સિદ્ધ ક્ષેત્રમાં જાય તો અહીંથી ગયેલા સિદ્ધ પરમાત્માઓ અહીંયાં નજીક જ બિરાજે છે એમ જોવે છે. ક્ષેત્રથી ભલે દૂર હોવા છતાં જ્ઞાનમાં તે દૂર રહી શકતા નથી. જ્ઞાનમાં એને ઉતારે છે એમ કહેવાય છે, એને જ્ઞાનમાં નીચે ઉતારે છે.

એવી જ રીતે જો ભગવાનની પ્રતિમા મંગળસ્વરૂપ છે તો પછી સાક્ષાત્ જે સમવસરણમાં બિરાજે છે એવા જિનેન્દ્ર ભગવાનના મહિમાની અને એના મંગળપણાની તો શું વાત કરવી? એમના પ્રત્યે લક્ષ જતાં એમનો મહિમા અને ભક્તિ ઉત્પન્ન થયા વિના રહેતા નથી. પોતાના સ્વરૂપમાં સાધક લીન રહે ત્યારે ભલે સાધકને તે પ્રકારનો વિકલ્પ નથી કે ભક્તિનો ઉપયોગ નથી. પણ એવો કાળ અલ્પ છે. બાકીના કાળમાં એને જેને જે પદને પોતાને સાધવું છે એવા પદના ધારણ કરનાર અને તે પણ વિદ્યમાન હોય, પ્રત્યક્ષ હોય જ્ઞાનથી તો એના પ્રત્યે એમને વિશેષ વિશેષ મહિમા આવે છે.

આ દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધીનો વિષય પણ વ્યવહાર શ્રદ્ધાનનો વિષય છે અને તે પણ વિશેષ શ્રદ્ધાન થવાવાળા જીવને તેના યથાયોગ્ય સ્થાનમાં હોવો ઘટે છે. જો દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધી વિવેક ન થાય અને અવિવેક થાય તો નિશ્ચય શ્રદ્ધાન તો ઘણું દૂર છે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે.

મુમુક્ષુ :- દેવ-ગુરુ-શાસ્ત્રને નિરંતર...

પૂજ્ય ભાઈશ્રી :- કેમ કે પોતાના સ્વરૂપને દર્શાવનારા જ એ છે. આખા જગતમાં કોઈ નિજ આત્મસ્વરૂપને દર્શાવનારા હોય તો આ નિમિત્તો છે. એને એ સ્વરૂપે જોવે છે, એ દૃષ્ટિએ જોવે છે કે આ એટલે મારા સ્વરૂપને દર્શાવનારા. આ એટલે મારા સ્વરૂપને દર્શાવનારા. પોતાના સ્વરૂપનો મહિમા છે ને? એટલે એના દર્શાવનારા પ્રત્યે મહિમા આપોઆપ આવે છે.

વ્યવહારમાં એક મતના હોય ત્યાં સાથે મળીને હરખાય છે કે નહિ? ચાલો ભાઈ! આપણે બધા એક મતના છીએ. એક કરતાં બે મળે, બે કરતાં પાંચ-પચ્ચીસ મળે તો હરખાય છે કે નહિ? એ પોતાના જ સ્વરૂપને દર્શાવનારા છે એટલે એનો મહિમા એમને

આવ્યા વિના રહે નહિ. સાક્ષાત્‌ની તો શું વાત કરવી! એમની તો વાત કરવી, એ વાત પૂરી પડે એવું નથી અથવા વાતમાં એ વિષય પૂરો આવે એવો નથી એટલો મહિમા સાક્ષાત્ બિરાજમાન જિનેન્દ્ર પરમાત્માનો છે. પોતે પણ આવ્યા છે ને મહાવિદેહથી. જાતિસ્મરણમાં ઉપયોગ જાય છે. સાક્ષાત્ છે, પોતે સાક્ષાત્ નજીક છે એ રીતે ભાવ ઉત્પન્ન થાય છે.

(સૂર્યકીર્તિ ભગવાનની પ્રતિષ્ઠા વખતે કેટલાક દિગંબરના અગ્રેસરો) આવ્યા ત્યારે કેટલીક વાત ચાલી હતી એમાં વીસ વિરહમાન ભગવાનની વાત ચાલી હતી. વીસ વિરહમાન. બે અહીંયાં છે, ચાર અહીંયાં છે, ચાર અહીંયાં છે, બે અહીંયાં છે એમ કરીને, જેમ કોઈ સામે જોઈને બતાવતા હોય એવી રીતે વાત કરતા હતા. એ વખતે એ થંભી ગયા હતા. આપણે ભલે ગર્ભ દિગંબર છીએ પણ ક્યાં મહાવિદેહ આવ્યો અને ક્યાં બધા ભગવાન બિરાજે છે, ભૂગોળની પૂરી ખબર હોતી નથી. એ પ્રત્યેનો મહિમા તો પછી જ્યાં એ વિષયથી પોતે અજાણ હોય અને દૂર હોય તો મહિમા આવવાનો તો પ્રશ્ન રહેતો નથી. વાત કરવાની પદ્ધતિ જ જુદી હતી. બે આ બાજુ છે, બે અહીંયાં છે, ચાર અહીંયાં છે. થોડીક વાર તો જોઈ રહ્યા, આ કેવી પદ્ધતિથી વાત ચાલે છે? એ જેમ નજર સામે હોય એવી પદ્ધતિ હતી થોડીક. શિક્ષાપત્રી લખી છે ને? એમાં એવી પદ્ધતિ આવી છે 'સ્વામિનારાયણ'માં. શિક્ષાપત્રી વાંચતા હોય એને સાંભળ્યા હોય તો. જેમ કે 'ગઢપુર' મુકામે શ્રી સ્વામિ મહારાજ બિરાજમાન છે. દરબાર બધો ભરાયેલો છે. 'દાદાખાચર'ના દરબારમાં બિરાજમાન છે. હતા એમ ન કહે. અત્યારે હોય ને એવી રીતે એ લોકોની પદ્ધતિ છે. એ એની વ્યક્તતાને ભવાન્વિત થવામાં નિમિત્ત થાય છે. એ પદ્ધતિ છે, એ પણ એક શૈલી છે.

એવી વાત છે અહીંયાં કે સમવસરણમાં સાક્ષાત્ બિરાજમાન જિનેન્દ્ર ભગવાન છે. એમ નજર સામે હોય (એ રીતે વાત કરે છે). '**સુરેન્દ્રો પણ ભગવાનના ગુણોનો મહિમા વર્ણવી શકતા નથી,...**' અહીંયાં બીજાની શું વાત છે? જે ત્યાં જાય છે આવાગમન કરે છે તેવા સુરેન્દ્રો એ પણ સાક્ષાત્ બિરાજે છે એવા જે જિનેન્દ્ર પરમાત્મા, તેમના ગુણોનો મહિમા કરી શકતા નથી, એનું વર્ણન કરી શકતા નથી '**તો બીજા તો શું વર્ણવી શકે?**' એમને તો પુણ્યયોગ વિશેષ છે તો પણ એ વાત એ કહી શકતા નથી. ભલે સ્તુતિ કરે છે. ભગવાનની સ્તુતિ સુરેન્દ્રો પણ કરે છે તોપણ એમને સંતોષ થતો નથી. ભગવાનની સ્તુતિ કરનારને સંતોષ નથી થતો. ઘણી સ્તુતિ કરી લીધી, બહુ સ્તુતિ કરી લીધી. જે કહેવું હતું, અતિશયોક્તિ કરીને કહેવાનો તો પ્રશ્ન જ નથી. કેમ કે ભાષામાં ભાવ પૂરો વ્યક્ત થઈ શકતો નથી, અધૂરો વ્યક્ત થાય છે. એટલે

અતિશયોક્તિનો પ્રશ્ન નથી પણ અલ્પ ઉક્તિ રહે છે એટલે સંતોષ થતો નથી.

એ અંદાજ લેવામાં આવે છે કે ભગવાનને નિહાળનારને, સમવસરણમાં સાક્ષાત્ ભગવાનને નિહાળનારને નજર ફેરવવી કઠણ પડે છે. એના નેત્રો ત્યાં ખોડાઈ જાય છે અને ત્યાંથી નજર ફેરવવી કઠણ પડે છે.

મુમુક્ષુ :- હજાર નેત્રો કરીને જોવે.

ઉત્તર :- એ તો જન્મતી વખતનો (પ્રસંગ) છે. એ તો જ્યારે તીર્થંકર ભગવાનનો જન્મ થાય છે ત્યારે સૌધર્મ ઈન્દ્ર હજારો નેત્ર કરીને, એ તો એક દેહ નહિ પણ હજારો દેહ કરી શકે છે અને હજારો નેત્રોથી એને નીરખે છે. ઘણાં કલ્પના માને છે એ બધી પણ કલ્પના નથી. તર્ક-વિતર્કે ચડી ગયા હોય અને કલ્પના માને કે આ જૈનદર્શનમાં ઘણી વાતો તો એમનો મહિમા દર્શાવવા માટે કલ્પનાઓ કરી હશે. એવું નથી. જરા પણ અસત્ય અને મૃષા કહેવાનું વીતરાગોને કાંઈ પ્રયોજન નથી. કહેનાર તો વીતરાગ છે. વીતરાગ સ્વભાવ સાથે સંબંધ ધરાવનારા છે. ... એટલે એમને મૃષાવાદ હોતો નથી. એટલી વાત છે. પણ અહીંયાં તો અરિહંતપદે બિરાજમાન છે સમવસરણમાં તો. ત્યાં તો હજી બાળ અવસ્થા છે. અહીંયાં અરિહંતપદે બિરાજમાન છે.

એટલી સૌમ્યતા અને અનંત શાંતિ વ્યક્ત છે, મૂર્તિમાન એવા અનંત શાંતિના મૂર્તિમાન એવા જિનેન્દ્ર ભગવાનમાં એટલી શાંતિ વ્યક્ત છે કે જોનારને શાંતિ પ્રગટે છે અને એ શાંતિને છોડીને એને અશાંતિમાં જાવું ગમતું નથી. ઉપયોગ બીજે ફેરવે તો અશાંતિ થાય. તો એમ કહેવાય છે કે જોતા ધરાતા નથી. જોતા તૃપ્તિ થતી નથી. એ એક અંદાજનો વિષય છે. બાકી તો વર્ણન થઈ શકે એવું નથી. અને સુરેન્દ્રો વર્ણન કરી શકતા નથી તો બીજા શું વર્ણન કરી શકે? બીજા વર્ણન કરી શકે એવી પરિસ્થિતિ ભાષાની હોતી નથી. એ રીતે અહીંયાં સર્વજ્ઞદેવનો મહિમા કર્યો છે. ૨૯૧ થયો.

**જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય તે જ વખતે તેને જ્ઞાયક જુદો વર્તે છે. જેમ કોઈને પાડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય, પણ તે પાડોશીને પોતાનો માની નથી લેતો, તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી. જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે, વિભાવથી ભિન્નપણે ઉપર તરતા તરતા રહે છે. ૨૯૨.**

૨૯૨. જ્ઞાનદશાનો વિષય છે. **'જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય તે જ વખતે તેને જ્ઞાયક જુદો વર્તે છે.'** અહીંયાં પરિણતિ એટલે ઉપયોગ લેવો. ધારાવાહી ઉપયોગને પરિણતિ શબ્દથી કહેવાય છે. **'જે વખતે જ્ઞાનીની પરિણતિ બહાર દેખાય...'** પરિણતિ બહાર દેખાય એટલે એકલો જ્ઞાનનો પર્યાય નથી લેવો, પણ આચરણ છે એની અંદર, પુરુષાર્થ છે એની અંદર, દુઃખ છે એની અંદર બધું છે. બધા ગુણોના પરિણામને પરિણતિ કહે છે. એકલો જ્ઞાનનો પર્યાય લેવો હોય તો ઉપયોગ કહે. અનંતગુણોના પરિણામ છે એટલે એને પરિણતિ કહી દીધી. ચાલુ ક્રિયા. પરિણામની ચાલુ ક્રિયા.

બાહ્ય પદાર્થ સાથેના અથવા ઉદય સાથેના જોડાણવાળા પરિણામને અહીંયાં પરિણતિ કહે છે. એવી જ્યારે જ્ઞાનીની પરિણતિ દેખાય, સમજાય ત્યારે પણ તે જ વખતે તેમને અંતરમાં જ્ઞાયક જુદો વર્તે છે. ત્યારે પણ ભેદજ્ઞાન વર્તે છે. ત્યારે પણ ભેદજ્ઞાનની જ્ઞાનધારાની એ પરિણતિ જુદી વર્તે છે. પ્રત્યક્ષ જુદી વર્તે છે. એ અંદરમાં વળતો ભાવ છે એની દિશા જ ઊલટી છે. પેલી બહારની પરિણતિ છે અનંત ગુણોની. અહીંયાં અનંત ગુણોની અંદર પરિણતિ છે. બે ભાગ પડી ગયા છે, પરિણામમાં બે ભાગ પડી ગયા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ આધાર નથી એનો. બરાબર છે, આધાર નથી એનો. બહારમાં ઉપયોગ જાય છે કે બહાર પરિણામ જાય છે પણ એનો ક્યાંય આધાર નથી. એની મહત્તા નથી. અથવા તો જેમ સ્વપ્નમાં જોયેલું બધું જાગૃત અવસ્થામાં જૂઠ દેખાય છે તેથી સ્વપ્નમાં જોયેલાની કોઈ કિંમત નથી. સ્વપ્નમાં જોયેલાની શું કીંમત છે? એમ છે જ નહિ કાંઈ પછી ક્યાં સવાલ છે? જન્મ જુએ, મરણ જુએ, મોટા મોટા પ્રસંગો જુએ. જાગે તો? એ માયલું કાંઈ ન હોય. જ્યાં હતો ત્યાં ને ત્યાં છે. સ્વપ્નમાં જોયું એવું કાંઈ જ નથી. એમ પોતાના જ્ઞાયકપદની સામે જોતા આ બધું મારા વિષે કાંઈ છે જ નહિ. મારામાં ક્યાંય છે જ નહિ. એમ એને સ્વપનવત્ જોવામાં આવે છે.

'આત્મસિદ્ધિ'માં એ વાત લીધી છે ને? 'અથવા સ્વપ્ન સમાન'. 'સકળ જગત છે એંઠવત અથવા સ્વપ્ન સમાન.' જેમ એંઠું મૂકેલું હોય, ભલે મિષ્ટાન હોય તો શું થઈ ગયું? જે કાંઈ ભાવતું ભોજન (હોય), પણ એંઠું મૂક્યું હવે આ ખાઈ શકાય એવું નથી. ધરાઈ ગયા. તો એ નિર્માલ્ય થઈ જાય છે. એની કિંમત નથી. એમ આખું જગત છે એ એંઠ છે. 'તે કહીએ જ્ઞાની દશા'. આ જ્ઞાનીની દશા છે. 'સકળ જગત છે એંઠવત્ અથવા સ્વપ્ન સમાન'. સ્વપનું જોઈ લીધું. જેટલા પ્રસંગો છે એ બધા સપના જેવા

છે. કેમ કે ધ્રુવ છે એમાં કાંઈ ફેર નથી. ધ્રુવ જ્ઞાયક જુઓ તો એમને એમ છે, એમાં કાંઈ ફેર નથી. જેમ સૂર્યના પ્રકાશમાં કોઈ નાચે, કોઈ હરખ કરે, કોઈ રોવે તો સૂર્યને શું છે? કાંઈ નથી. એમ જ્ઞાનના પ્રકાશમાં કોઈ રોતું દેખાય, કોઈ હરખ કરતું દેખાય, જ્ઞાનને શું છે? કાંઈ લેવા-દેવા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ થાય છે તો પણ એ એક અંશ છે ચારિત્રનો. પૂરેપૂરું આચરણ નથી વિકલ્પનું. ચારિત્રનો અંશ છે. આ દીક્ષા લે છે ને? દીક્ષા. ત્યારે એક એવી પણ પ્રતિજ્ઞા છે કે હવે હું નિરંતર શુદ્ધોપયોગમાં રહેવાની પ્રતિજ્ઞા કરું છું. સદાય શુદ્ધોપયોગમાં રહીશ. એ મિથ્યાદૃષ્ટિને પણ એવું બધું ... કરાવે છે. એને વિકલ્પ આવે અને જે ભાવલિંગમાં આવવાના છે મુનિરાજ, થવાના છે ભાવલિંગમાં આવી જશે. જેવા ધ્યાનમાં બેસશે, સપ્તમ ગુણસ્થાનની નિર્વિકલ્પ દશાને સ્થિરતાને સાધશે. આમ તો નિર્વિકલ્પ દશા આવી ગઈ છે. પણ સાતમા ગુણસ્થાનને યોગ્ય સ્થિરતાને નિર્વિકલ્પતામાં સાધશે, તો એનો બેયનો વિકલ્પનો પ્રકાર એક નથી. સામાન્ય માણસો શું (કલ્પના કરે છે?), આને વિકલ્પ થયો, આને પણ વિકલ્પ થયો માટે આને સાધન થયું. માટે વિકલ્પ સાધન છે.

મુમુક્ષુ :- ...એનો આધાર જુદો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એનો આધાર જુદો છે અને એની દૃઢતા પણ જુદી છે. વિકલ્પાત્મક દૃઢતા પણ જુદી છે. જેમ સમ્યગ્દર્શન થતાં પહેલા સ્વરૂપનો જે નિર્ણય થાય છે એની દૃઢતા જુદી છે. યથાર્થ નિર્ણય થાય છે એની દૃઢતા જુદી છે. જે સમ્યગ્દર્શનને લાયક સ્વરૂપ નિર્ણય થાય છે એની દૃઢતા જુદી છે અને શાસ્ત્રના આધારથી વિચારમાં દૃઢતા થાય છે એ દૃઢતા જુદી છે. બેય એક નથી. બંનેને નિર્ણય સમજે છે લોકો.

મુમુક્ષુ :- ઓલામાં બળ નથી અને આમાં બળ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં બળ છે અને ઓલામાં બળ છે નહિ. એક ખાલી છે અને એક ભરેલું છે. એટલો બધો ફેર છે. વિકલ્પ વિકલ્પમાં ફેર છે.

મુમુક્ષુ :- અહીંયાં આધાર પોતાનો લીધો છે. એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે જ ને. હૂંફ તો મોટાની આવે. બહારમાં કોઈ મોટા હૂંફમાં હોય તો માણસનું ચિત્તળીયું ખસી જાય છે કે નહિ? ભાઈ! કેમ? એના સસરા કરોડપતિ છે. ઠીક! અબજપતિ છે. ત્યાં ભાઈનું ચિત્ત ઠેકાણે ન રહે. અહીં તો અનંત ગુણ સંપન્ન. કરોડ-અબજ નહિ. કરોડ નહિ, અબજ નહિ પણ અનંત ગુણ સંપન્ન.

એક એક ગુણમાં અનંતતા પાછી. એક એક ગુણમાં સામર્થ્યની અનંતતા. એવો અનંત અનંતપતિ છે. એની હૂંફ તો બીજી જાતની હોય છે.

એટલે '**તેને જ્ઞાયક જુદો વર્તે છે.**' જ્યારે બહાર પરિણામ હોય ત્યારે પણ તેને જ્ઞાયક જુદો વર્તે છે. અને જ્ઞાયક વર્તતો હોવાથી, જ્ઞાયક જુદો વર્તતો હોવાથી પોતે પોતાના જ્ઞાનમાં ભિન્નપણે અનુભવાતો હોવાથી એને જ્યાં બહાર પરિણતિ જાય છે, બહારમાં પરિણામ જાય છે ત્યાં લુખાશ રહે છે. પોતાની એક્તા પોતાની સાથે રહે છે અને બીજામાં પરિણામ જાય છે તો ત્યાં ભિન્નતા સાથે રહે છે. પોતાની એક્તા પોતામાં રહેતી હોવાથી પરાશ્રિત પરિણામમાં ભિન્નતા રહે છે. એકતા થતી નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઊલટુ-સૂલટું છે પરિણમન. બંનેનું ઊલટું-સૂલટું પરિણમન છે. બેયનો માર્ગ જુદો છે ને? એટલે એમ જ હોય. અહીંયાં દૃષ્ટાંત બહુ સરસ આપ્યું છે.

'**જેમ કોઈને પાડોશી સાથે ઘણી મિત્રતા હોય, તેના ઘરે જતો આવતો હોય,...**' પાડોશી હોય, ઘનિષ્ઠ મિત્રતા હોય અને વારંવાર જવા-આવવાનું થાય. '**પણ તે પાડોશીને પોતાનો માની નથી લેતો,...**' અથવા એના જ્ઞાનમાં ગમે તેટલો એના પ્રત્યે પ્રેમ અને અનુરાગ હોય, અમારે તો એક ઘર જેવું. શું કહે? અમારે તો એક ઘર જેવું છે. સારી ચીજ બનાવે તો એમ કહે ભાઈ! આજ રસોઈ તમે નહિ બનાવતા. આજ અમે અમારી ભાવતી ચીજ બનાવવાનું નક્કી કર્યું છે, તમારે બધાને અહીંયાં જમવાનું છે. આપણે તો બધું એક જેવું છે ને એમ કરે. ઓલાની મૂડી ઉપર એવી રીતે નજર કરે કે આ મારી મૂડી છે? ઘણી વાર જવાનું થાય પણ એની એક ચીજને અપ્રમાણિકપણે પોતાની ગણે? નાનામાં નાની કોઈ ચીજને પણ પોતાની ન ગણે. આ વારંવાર જાય છે અને આટલું બધું એકપણું માને છે તોપણ? તો કહે છે, એની અંદર આ વસ્તુ એટલી જ વાસ્તવિક છે કે એમાંની એક ચીજ પણ ખરેખર મારી નહિ. એટલું ભિન્નપણું સાથે જ રહે છે. ઘણીવાર જાય છે એટલે ભૂલ થઈ જાય છે એવું બને કાંઈ? નહિ. ઘણીવાર જાય છે તો બધી જ વાર વગર વિકલ્પે ભિન્નપણું સાથે ને સાથે છે. એનું છે તે મારું નહિ, એમ સાથે રહે છે નથી રહેતું?

આ લોકોને તર્ક થાય કે જ્ઞાની બહારમાં દેખાય છે, ઘણી પ્રવૃત્તિ કરતા દેખાય છે. ઘણી પ્રવૃત્તિ કરે તો પછી ક્યારેક ભૂલ નહિ થઈ જતી હોય? એની અંદર રાગ-દ્વેષ ચારિત્રમોહ અનેક પ્રકારના વિભાવની વિચિત્રતાઓ દેખાય છે. એટલે એકવાર પાડોશી થઈ ગયો એટલે પાડોશી થઈ ગયો. બસ. દેહાતીત દશા છે, વિકલ્પાતીત દશા છે અને

જ્યાં એકત્વ વર્તે છે, જ્યાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું એકત્વ પરિણમન વર્તે છે પછી એને અનેક વારના બહારના ઉપયોગથી ક્યારેય એક વખત પણ ભૂલ થવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતાના માપથી જોવે છે. પોતે તન્મય થાય છે ને? પોતે સંયોગિક કાર્યમાં-સંયોગના કાર્યો, ઉદયના કાર્યો કરતી વખતે પોતે તન્મય થાય છે. જેમ કે આહાર લે. ગળ્યું લાગે ત્યારે પોતાને એમ થાય, મને બહુ મીઠું લાગે છે. ગળ્યાને મીઠું કહી દે છે. મીઠું લાગે છે. તો એ એમ માને છે કે આને પણ મીઠું લાગતું હશે. જો મને મીઠું લાગે છે તો મારા જેવો જ બીજાને અનુભવ થતો હશે. એ પોતાના માપે જ માપે છે. દૃષ્ટિ એવી સૃદૃષ્ટિ. હંમેશાં દૃષ્ટિ એવી સૃષ્ટિ. એટલે એને એમ થાય કે મને લાગે છે એવો જ અનુભવ થતો હશે. પણ એવું ત્યાં બનતું નથી. મિત્રતા હોય, ઘરે આવતો-જતો હોય પણ તે પાડોશીને પોતાનો માની નથી લેતો, જાણી નથી લેતો. કદી પણ એવી ભૂલ થતી નથી.

મુમુક્ષુ :- જ્ઞાયકનો જ્ઞાયક થાય...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાયકનો જ જ્ઞાયક છે. થઈ ગયો બરાબર. પછી બીજાનો જ્ઞાયક થાતો નથી. હું આનો એ પ્રશ્ન રહેતો નથી.

**'તેમ જ્ઞાનીને વિભાવમાં કદી એકત્વપરિણમન થતું નથી.'** એકમેકપણું ક્યારેય થાય નહિ. જુદો પડ્યો એ જુદો પડી ગયો. જે અપૂર્વ રસથી જુદો પડ્યો છે એ અપૂર્વ રસ એ રસની પણ એક એવી પરિસ્થિતિ, એવું Stage-એવો તબક્કો, એવી પરાકાષ્ઠાએ પહોંચેલો રસ છે એ કે પછી એમાં ભિન્નપણું થતું નથી. પોતાથી પણ ભિન્ન થાય નહિ. પરથી અભિન્ન થાય નહિ.

એમ તો જગતના અનેક કાર્યો એવી રીતે થાય છે. જેમ આ મિત્રતાનું દૃષ્ટાંત લીધું છે એવું નોકર-શેઠનું દૃષ્ટાંત પણ એવું જ છે. ઘણા પ્રમાણિક નોકર હોય તે શેઠ કરતા સવાયું મમત્વ દર્શાવીને કામ કરે. વ્યંગથી તો લોકો એને દોઢ શેઠ કહે. શું કહે વ્યંગ કરે ત્યારે? કે આની પેઢીમાં-આની દુકાનમાં ફલાણા તો દોઢ શેઠ છે. કેમ કે એની પ્રમાણિક્તા અને એટલું બધું એને શેઠ પ્રત્યેનું મમત્વ હોય છે કે શેઠ કરતાં એનો-મહેતાજીનો ઝઘડો વધી જાય. બીજાની સાથે કામ લેવામાં. એ એની પ્રમાણિક્તાને સૂચવે છે. પણ શેઠની એક પાય ખોટી રીતે એ લે નહિ. આટલું બધું કામ કરું છું અને Overtime duty આપું છું માટે થોડું લઈ લેવાનો મને હક છે વગર પૂછે, એ એની પ્રમાણિકતામાં સમાવેશ થતો નથી. જેટલું વધારે એને મમત્વ છે એટલી જ એની

પ્રમાણિક્તા વધારે છે. આ તો ભૂલ ન થાય એવી રીતે સમજી શકાય એવો વિષય છે.

એમ અહીંયાં કહે છે કે કદી પણ વિભાવમાં એકત્વ થવાનો પ્રશ્ન નથી. વિભાવ તે વિભાવ છે. અસ્તિત્વ એમાંથી ખસી ગયું. પોતાનું અસ્તિત્વ ભિન્ન સત્તાને ગ્રહણ કરી છે અને એમાં હુંપણાનું પ્રત્યક્ષ અનુભવન ધારાવાહીપણે આત્મરસથી ચાલે છે. એટલે બહારમાં જે પરિણામ જાય છે એમાં લુખાશ આવી જાય છે. અહીંયાં રસ ચાલે છે તો આમાં લુખાશ આવી જાય છે. નિર્જરા અધિકારમાં 'રાજમલજી'એ બહુ સારો ચિતાર લીધો છે.

**'જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે.'** ૨૪ કલાક પાણીમાં ડૂબેલું દેખાતું કમળનું પાંદડું-કમળપત્ર, કમળ તો હજી ઉપર રહે પણ પાંદડુ તો સપાટી ઉપર ચોવીસે કલાક પડ્યું રહે પણ જરાય પણ ભીનું થાય નહિ. ભીનું ન થાય. કોરું ને કોરું નક્કોર રહે છે. એમ **'જ્ઞાની સદા કમળની જેમ નિર્લેપ રહે છે. વિભાવથી ભિન્નપણે ઉપર તરતા તરતા રહે છે.'** ઘણાં વિકલ્પ દેખાય ત્યારે તો કાંઈક ભળી જતા હશે કે નહિ ભળી જતા હોય? એવી ધમાલમાં હતા. ભક્તિ ઘણીવાર ખૂબ રસથી કરે, ભક્તિ કરતા દેખાય. ત્યારે તો ભક્તિના ભાવમાં ભળી જતા હશે કે નહિ ભળી જતા હોય? એ પ્રશ્ન રહેતો નથી.

જેમ ઘણી ગડદી હોય બજારમાં તો પણ વાહન ચલાવનારો ચાલક ગમે તેટલી ગડદીમાં પણ એને તરીને જુદો નીકળી જાય છે કે નથી નીકળતો જતો? મોટા શહેરમાં માઈલ બે-પાંચ માઈલનો રોડ હોય, ઘણો Traffic હોય તોપણ એનો ચલાવનારો તરીને જ ચાલે છે. વધારે ગડદી છે માટે ન તરીને ચાલે એ પ્રશ્ન રહેતો નથી. તરીને જ ચાલે છે. તરતો તરતો લીધો છે ને? તરીને જ ચાલે છે. એમ ઉદયની ગમે એટલી ભાંગજડ ઊભી થાય છે તોપણ તે તરતા ને તરતા જ છે. જુદા ને જુદા જ છે. જુદો પડ્યો તે જુદો પડ્યો પછી એ જુદો ભેગો થતો નથી.

**'વિભાવથી ભિન્નપણે ઉપર તરતા...'** વિકલ્પ નથી કરવો પડતો. એ તો લીધું છે, બહુ શરૂમાં લીધું છે. વારંવાર કાંઈ ભેદજ્ઞાનનો વિકલ્પ નથી કરવો પડતો. ત્રીજો બોલ છે. **'જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેને ગોખવું નથી પડતું,...'** ગોખવું પડે, રટણ કરવું પડે એમ વાત નથી. **'પણ તેમને તો એવું સહજ પરિણમન જ થઈ ગયું હોય છે.'** એકધારું પરિણમન આત્મામાં વર્ત્યા કરે છે. એટલે એને જ્ઞાનધારા કહી છે. બહારની પરિણતિને કર્મધારા કહી છે. જેના નિમિત્તે કર્મનો અલ્પ આસ્રવ થાય છે એટલે એને કર્મધારા કહી છે. ભાવકર્મ છે. અને અહીંયાં નિરાસ્રવ ભાવ છે એટલે એને જ્ઞાનધારા કહેવામાં આવે છે. જ્ઞાનધારા છે એ જ્ઞાનીની

અંતરંગ પરિણતિ છે. કર્મધારા છે એ જ્ઞાનીની અંતરંગ પરિણતિ નથી. વર્ણન એટલા માટે આવે છે, જ્ઞાનદશાનું વર્ણન વારંવાર આવવાનું શું કારણ છે? કે અનાદિથી જીવે કદી જ્ઞાનીને ઓળખ્યા નથી. તેની અંતરંગ પરિણતિ કેવી હોય? એનો પણ એની પાસે જોવાનો દૃષ્ટિકોણ નથી. બહુ બહુ તો આવી બધી વાતો સાંભળે. એ તો હજી 'ગુરુદેવ'ના પ્રતાપે આપણા Circle માં છે. એવી વાતો પણ નથી ક્યાંય. એની ધારણા કરે કે આવી જ્ઞાનધારા હોય. પોતે ઓળખે નહિ. તો એને એ વિષય કેટલો મહાન છે અને એમાં ગુણ શું છે? કેવી રીતે પ્રયોજન સધાય છે? અને એ ચૈતન્યનો કેટલો જબરદસ્ત ચમત્કાર છે એ સમજાય એવો વિષય છે, ચમત્કારીક વિષય છે.

નહિતર અજ્ઞાનદશામાં બાંધેલા કર્મની ચિત્ર-વિચિત્રતાનો પણ કોઈ પાર નથી. જ્ઞાનીને પણ પૂર્વકર્મ તો અજ્ઞાનદશામાં બાંધેલા છે. એવા રોગ આવે. પ્રાણ છૂટી જાય એવા રોગ આવે પણ અંદરમાં જુદો પડ્યો એ જુદો પડ્યો, ઊલટાનો ગડદી વખતે વધારે સાવધન થઈને ચાલક વાહનને ચલાવે છે, ત્યાં વધારે જોર કરીને, પુરુષાર્થ કરીને ભિન્ન રહે છે સહેજે સહેજે. જોરનો વિકલ્પ નથી કરવો પડતો. એ રીતે વિભાવથી ભિન્નપણે ઉપરને ઉપર તરતા રહે છે એટલે કે જુદાંને જુદાં રહે છે અને એ સાધકદશાની કોઈ અલૌકિક પરિણતિ છે! એ દશા જોઈને એની વિશિષ્ટતા, એની મહિમા અને એનું ગુણવાનપણું જોઈને, એમાં રહેલી પવિત્રતા એ વગેરે જોઈને જ્ઞાનીને વંદન કરેલા છે, જ્ઞાનીની ભક્તિ કરેલી છે. એનું કારણ એમનું સ્વરૂપનું ઓળખાણ છે. બીજું કોઈ ઓઘસંજ્ઞાથી નથી. પણ બહુ એની પાછળ ઊંડી સમજણ રહેલી છે. અહીં સુધી રાખીએ...

**નિશ્ચયનયનો વિષય નિશ્ચય સ્વ-સ્વરૂપ, પ્રતીતિનું / આશ્રયનું સ્થાન છે. વ્યવહારનયનો વિષય-ગુણભેદ, પર્યાય આદિ માત્ર જાણવાનું સ્થાન છે. તે ભૂતાર્થ આશ્રિતપણે જાણવું ન્યાય સંગત છે. તોપણ, નિશ્ચય સ્વરૂપની પ્રતીતિ, આશ્રય ભવનાશનું કારણ છે. તેવો સર્વોત્કૃષ્ટ ન્યાય જાણવો હિતાવહ છે, - આવો વ્યવહારના સ્થાને વ્યવહાર ન રહે તે નિશ્ચય આશ્રય માટે અધિકારી નથી. ('અનુભવસંજીવની' બોલ નં.૨૯૧)**

## તા. ૨૧-૧-૧૯૮૮, વચનામૃત-૨૯૩,૨૯૪
## પ્રવચન નં. ૨૨૫

**જ્ઞાનીને તો એવી જ ભાવના હોય છે કે અત્યારે પુરુષાર્થ ઊપડે તો અત્યારે જ મુનિ થઈ કેવળ પામીએ. બહાર આવવું પડે તે પોતાની નબળાઈને લીધે છે. ૨૯૩.**

'પૂજ્ય બહેનશ્રીના વચનામૃત'. બોલ-૨૯૩. પાનું ૯૮. ૯૨-૯૩-૯૪-૯૫માં સાધકજીવની દશાના વિભિન્ન પાસા ઉપર-પડખા ઉપર પ્રકાશ પાડેલો છે. ૨૯૨ પરિણતિનો ઉપયોગનો વિષય લીધો. હવે અહીંયાં પુરુષાર્થનો વિષય લે છે.

**'જ્ઞાનીને તો એવી જ ભાવના હોય છે કે અત્યારે પુરુષાર્થ ઊપડે તો અત્યારે જ મુનિ થઈ કેવળ પામીએ.'** સર્વ જ્ઞાનીને પૂર્ણતાની ભાવના હોય છે. કેવળ પામવું એટલે પૂર્ણ દશાને પામવી. કેવળ દશા એટલે કેવળ પવિત્ર દશા, કેવળ નિર્દોષ દશા અથવા સંપૂર્ણ દશા. **'એવી જ ભાવના હોય છે...'** કે પોતાનો પુરુષાર્થ કેવળજ્ઞાન સુધીનો અત્યારે કાર્ય કરતો થાય તો જગતના બીજા કોઈ કાર્ય માટે એમની રોકાવાની ભાવના હોતી નથી. અથવા પોતાની પૂર્ણ દશાની ભાવનાથી જે શરૂઆત કરી છે, જેમાંથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી છે વૃદ્ધિગત થઈને, શરૂઆત વૃદ્ધિગત થઈને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી છે અને સમ્યક્જ્ઞાનમાં જે પોતાનું પૂર્ણ સ્વરૂપ અનુભવગોચર કર્યું છે તેવી અંતરંગ દશા પોતાને ઇષ્ટ છે અને પોતે સંપૂર્ણ નિર્દોષ હોવાથી જરા પણ રાગ પોતાને ઇષ્ટ નથી. તેથી એક ન્યાયે સ્વરૂપની ભાવના કહો કે ... સ્વરૂપ જેવું છે એવી દશા હો એની ભાવના કહો. સ્વભાવ અપેક્ષાએ બંનેમાં કાંઈ ફરક નથી. દ્રવ્યાનુયોગથી એક સામાન્યની ભાવના છે તો એક વિશેષની ભાવના છે. એક સ્વભાવની ભાવના છે તો એક પર્યાયનો વિષય છે, એક ત્રિકાળીનો વિષય છે. સ્વભાવની અપેક્ષાએ તો બંનેમાં સ્વભાવની ભાવના સામાન્ય છે. એવા લક્ષે, એવા દૃષ્ટિકોણથી, એવા હેતુથી કેટલાય શાસ્ત્ર વચનો આવે છે. તેમાંથી બંને અર્થ ફલિત થતા હોય છે. એ વચનોના બંને અર્થ ફલિત થતા હોય છે. પછી માત્ર દ્રવ્યાનુયોગનો પક્ષ કરનાર આગ્રહ રાખે કે માત્ર વિશેષનય, વ્યવહારનયનો પક્ષપાતી આગ્રહ રાખે તો એ પ્રકારે આગ્રહ કરવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- બંનેમાં સ્વભાવ છે?

પૂજ્ય ભાઈશ્રી :- બંનેમાં સ્વભાવ સામાન્ય છે. સ્વભાવ છે એ બંનેમાં સામાન્ય છે. જેવો સ્વભાવ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અભેદપણે રહેલો છે તે પૂર્ણ દશામાં (પણ તેવો જ પ્રગટ થાય છે). .... અને ત્રિકાળી સ્વભાવમાં તો અનાદિઅનંત છે કે જેને વ્યક્ત-અવ્યક્તની અપેક્ષા નથી. ખરેખર તો ત્રણે એક જ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય થઈને સ્વભાવમાં તો એક જ છે. વ્યક્ત-અવ્યક્ત તો અવસ્થાભેદનો વિષય છે કે જે સ્વભાવને લાગુ પડતો નથી.

અહીંયાં સ્પષ્ટ દશા અપેક્ષાથી વાત લે છે કે પોતાને એવી ભાવના રહે છે કે અત્યારે પુરુષાર્થ ઉપડે અને અંદરમાં સ્થિર થઈને રહી જવાય તો .... સાથે અભેદતામાં સાદિઅનંત કાળ એમ જ રહી જવાય અને બહાર આવવામાં એકાંતે દુઃખ છે એ ૨૯૫માં નીચે લે છે. ૯૯ પાને છેલ્લેથી ત્રીજી લીટી છે.

‘**વિભાવનો અંશ તે દુઃખરૂપ છે.**’ ગમે તે વાત કરી હોય પણ બહારમાં પરિણામ આવે પછી રાગનું હોય કે ઉપયોગનું હોય એમાં બહાર આવતા પરિણામ દુઃખ સહિત જ ઉત્પન્ન થાય છે. એમાં દુઃખ સિવાય બીજું કાંઈ નથી. બહાર આવવું એ જ દુઃખરૂપ છે. અંદર સમાઈને રહેવું તે સુખરૂપ છે. પરિણામને બહાર નીકળવું તે દુઃખરૂપ છે. મૃત્યુ તુલ્ય દુઃખ લીધું છે. જમના દુઃખનો અર્થ એ છે કે મૃત્યુ તુલ્ય-મૃત્યુ જેવું દુઃખ છે. કેમ કે આનંદપ્રાણનો, શાંતિના પ્રાણનો, જ્ઞાનપ્રાણનો એમાં ઘાત છે. પોતાનો ઘાત છે એની અંદર.

મુમુક્ષુ :- ભગવાનની ભક્તિ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પછી કોઈપણ બહાનું છે બહાર આવવાનું. પોતે ભગવાન છે કે નહિ આ સવાલ છે. અને પોતે ભગવાન છે તો એથી બીજો કયો મોટો ભગવાન છે? પોતાથી કોઈ મોટો ભગવાન નથી. ખરેખર તો એમ છે. પરદ્રવ્યથી દુર્ગતિ થાય છે. એ સિદ્ધાંત નાખ્યો છે અષ્ટપાહુડની અંદર. પરદ્રવ્યને અનુસરતા દુર્ગતિ થાય છે. સીધું મોટું ફળ બતાવ્યું છે. મોક્ષગતિ, પંચમગતિ એ પરદ્રવ્યને અનુસરીને થતી નથી. દુર્ગતિ શબ્દ લીધો છે. સંસારની ચારેય ગતિ દુર્ગતિમાં લીધી છે. કેમ કે એકાંતે દુઃખ છે. ચારેય ગતિમાં સર્વત્ર દુઃખ છે. ક્યાંય સુખ છે એ વાત ગતિમાં નથી, એના કારણરૂપ પરિણામમાં પણ નથી. ગતિના કારણરૂપ પરિણામ, ચાર ગતિના કારણરૂપ પરિણામ પણ દુઃખરૂપ અને એ ગતિનો અનુભવ પણ દુઃખરૂપ છે. કેમ કે એ બધા જ બાહ્ય પરિણામ છે.

પોતાનો શાંત સ્વભાવ, અનંત શાંત સ્વભાવ અનંત શાંતિ અને એ સ્વભાવનો

શાંતદશાથી અનુભવ. બસ! આટલી વાત છે. એથી બીજી બધી વાતમાં અશાંતિ છે. શાંતિ નથી પણ અશાંતિ છે. બહુ હિસાબ ગણવામાં મુશ્કેલી ન પડે એવો વિષય છે.

જગતની અંદર અનેક પ્રકારની ભ્રમણામાં એક એવી પણ ભ્રમણા છે કે જગતનું ભલું થતું હોય તો ભલે એક-બે ભવ કરવા પડે. જો પોતાના ઉપદેશથી બીજાનું ભલું થતું હોય તો ઉપદેશકને ભલે એક-બે ભવ કરવા પડે. સ્વીકાર્ય છે. એ વાત જૈનદર્શનના સિદ્ધાંતની બહારની વાત છે. લોકસંજ્ઞાથી એ બધી કલ્પનાઓ ઉત્પન્ન થયેલી છે-ભ્રમણાઓ ઉત્પન્ન થયેલી છે. ઊંડે ઊંડે એમાં લોકસંજ્ઞા છૂપાયેલી છે. ભલે એમાં ચોખ્ખું ચિત્ર એવું ઉપસાવવામાં આવે કે બીજાનું ભલું કરવાની વાત છે. પોતાને તો એક-બે ભવ હજી જન્મ-મરણ કરવા પડે છે. પોતાને તો દુઃખ થાય. પણ પોતે દુઃખી થતાં પણ જો બીજો સુખી થતો હોય તો એ કરવા જેવું છે. એ વાત ક્યાંથી ઉત્પન્ન થઈ? લોકસંજ્ઞામાંથી ઉત્પન્ન થઈ.

મુમુક્ષુ :- કરી શકતો જ નથી ને?

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુના સ્વરૂપમાં તો છે જ નહિ. બીજાનું કલ્યાણ કોઈ બીજો કરી શકે એ તો વસ્તુના સ્વરૂપમાં નથી. એટલે વસ્તુ સ્વરૂપથી તો એ અન્યથા વાત છે. રાગમાત્ર વસ્તુના સ્વરૂપથી પ્રતિકૂળ છે. એવો રાગ જ વસ્તુના સ્વરૂપથી પ્રતિકૂળ છે.

'પ્રવચનસાર'માં એક ગાથા છે કે ... તિર્યંચની કરુણા એ મોહનું કારણ છે. તિર્યંચ અને મનુષ્યમાં કરુણા એ મોહનું કારણ છે. અને એમાં અભિપ્રાય સહિત થાય ત્યારે દર્શનમોહનું કારણ થાય છે. અભિપ્રાય એમ છે કે હું બીજાની દયા પાળી શકું છું, કરુણાથી બીજાનો ઉદ્ધાર કરી શકું છું.

મુમુક્ષુ :- દર્શનમોહ આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનમોહમાં આવી જાય.

એક 'જૈસેનઆચાર્ય'એ બે ભેદ પાડ્યા છે દર્શનમોહ અને ચારિત્રમોહના. એમાં અહીંયાં તો દર્શનમોહ લીધો છે. જોકે જ્ઞાનીને પણ ચારિત્રમોહની કરુણા હોય છે. એમ તો ક્રોધ-માન-માયા-લોભ પણ જ્ઞાનીને ચારિત્રમોહના હોય છે. અપ્રશસ્ત પરિણામ છે અને કરુણાના તો પ્રશસ્ત પરિણામ છે. ત્યાં દર્શનમોહનો ભેદ લીધો છે. વિશિષ્ટ વાત છે. તિર્યંચ અને મનુજમાં કરુણા એવો શબ્દ મૂળ ગાથામાં છે. જે જૈનદર્શનને નથી સમજ્યા એ એમ જ સમજે છે કે દયા, કરુણા તો જૈનદર્શનનો મુખ્ય વિષય છે. આચાર્યદેવે અહીંયાં જરા વિશેષ વાત કરી છે. નંબર યાદ નથી.

મુમુક્ષુ :- દયાને મોહના પરિણામ કીધા. બીજા ઠેકાણે જ્ઞાનીઓને કરુણાસાગર, કરુણાનિધાન, કરુણા...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વીતરાગને પણ કહેવાય છે. જ્ઞાનીને શું, એ વિશેષણ તો સર્વજ્ઞ વીતરાગને પણ લાગે છે કે પરમ દયાના સાગર છે. એથી કોઈ એમને વીતરાગને રાગ છે એમ સ્થાપી શકાય કાંઈ? સર્વજ્ઞ વીતરાગને પણ એ વિશેષણથી સંબોધન કરે છે, સ્તુતિ કરે છે, પ્રશંસા કરે છે. મૂળમાં એને ભક્તિ કરવાનો એ પ્રસંગ છે. એટલે એવાં જ વચનો આવે. ભક્તને તો ભક્તિ કરવામાં દ્રવ્યાનુયોગનો, કરુણાનુયોગનો, ચરણાનુયોગનો કાંઈ વિચાર કરવાનો પ્રશ્ન હોતો નથી. ખરેખર તો ચારે અનુયોગનો સરવાળો મારીને એમાંથી ભક્તિ ઉત્પન્ન થઈ છે. એમ છે. ચારેય અનુયોગનું જ્ઞાન રહે છે. છતાં ભક્તિ ભક્તિની રીતે થાય છે.

અત્યારે પુરુષાર્થ ઉપડે, મુનિદશા થાય, ગૃહસ્થમાંથી મુનિદશા આવે કે કેવળજ્ઞાનની દશા ઉત્પન્ન થાય તો એમને એ ભાવ છે કે જરાપણ પરિણામ એક અંશે પણ બહાર જાય એ પોતાની ભાવનાને અનુકૂળ નથી. **'બહાર આવવું પડે તો પોતાની નબળાઈને લીધે છે.'** બહારના કાર્યો બાકી છે, અમુક કારણો ઊભા છે માટે પોતે બહાર આવે છે એમ નથી. કેમ કે બીજા પદાર્થના કાર્યો કરવાનો તો વસ્તુના સ્વરૂપમાં જ નિષેધ છે. એ તો વસ્તુના સ્વરૂપની મર્યાદામાં જ નથી. છતાં એ અંગેના પરિણામ થાય છે. એનું કારણ કે જે સિદ્ધાંતનું વસ્તુ સ્વરૂપનું શ્રદ્ધા-જ્ઞાન છે એટલી સ્થિરતા નથી. જેવું શ્રદ્ધા-જ્ઞાન છે એવી સ્થિરતા આવે તો એ શ્રદ્ધા-જ્ઞાનને સ્થિરતા અનુકૂળ છે. એથી બીજી રીતે રાગ ઊઠે એ શ્રદ્ધા-જ્ઞાનની સાથે એનો મેળ નથી. ઊલટું ચાલે છે. અને એમ કાર્ય થવામાં પોતાનો દોષ છે, પોતાની નબળાઈ છે. પોતાનો પુરુષાર્થ એટલી માત્રામાં ઓછો પડે છે કે જેને લઈને પરિણામ બહાર નીકળે છે.

બીજાનું કારણ શોધતા નથી. આવો સંયોગ ઉત્પન્ન થયો, આવો યોગ ઉત્પન્ન થયો, આવી અનુકૂળતાઓ અને પ્રતિકૂળતાઓને કારણે બહાર રહેવું પડ્યું એ વાત ખોટી છે. પોતાની નબળાઈ જોવે છે. પોતાના અનંત પુરુષાર્થને પણ અંદરમાં જોવે છે-સત્ સ્વભાવને પરિણામમાં પોતાને, પોતાને કારણે એમાં નબળાઈ છે. બીજા કોઈનું એમાં કારણ નથી એમ સ્પષ્ટ જોવે છે. અજ્ઞાનદશામાં અહીંયાં ભૂલ થાય છે. બહારમાં સંયોગ-વિયોગને જીવ કારણ સમજે છે અને એ કારણે મારા પરિણમનમાં દોષ થાય છે એમ સમજી લે છે. નિમિત્તાધીન દૃષ્ટિ અને નિમિત્તની પ્રધાનતામાં એ પ્રકાર ઉત્પન્ન થાય છે.

**'બહાર આવવું પડે તે પોતાની નબળાઈને લીધે છે.'** કોઈનું કારણ નથી. બહાર આવવું પડે એમાં બીજાનું કારણ નથી પણ પોતાની જ નબળાઈ છે. કોઈપણ ગુણસ્થાને, ગુણસ્થાન અનુસાર ભલે મર્યાદામાં ઉપયોગ બહાર આવે, મર્યાદામાં એ

રાગાદિ પરિણામ થાય, શુભાશુભ થાય તોપણ એમાં પોતાની જ નબળાઈ છે. બીજું કોઈ કારણ પકડતા નથી. એવી પુરુષાર્થ સંબંધીની ભાવના હોય છે.

મુમુક્ષુ :- નબળાઈ દૂર કરવા માટે શું કરવું?

પૂજ્ય ભાઈશ્રી :- વારંવાર જે અંદરમાં સબળ પરમાત્મા છે એનો આશ્રય લેવો- એનો આધાર લેવો. જગતની અંદર પણ એવું બને છે કે કોઈને કોઈ દુર્ગુણ હોય એ જરા વધારે દૃઢ થઈ ગયો હોય, દુર્ગુણ વધારે દૃઢ થઈ ગયો હોય અને અનેક પ્રકારે ન મટતો હોય કે નુકસાનકર્તા છે. આનાથી તો શરીરને નુકસાન થાય, આનાથી તો સ્વાસ્થ્ય બગડે, ફલાણું થાય. આનાથી તો આર્થિક નુકસાન થાય, આમ થાય.. આમ થાય... વગેરે. નહિ છોડી શકે. પણ એક પ્રકારે છૂટે કે ભાઈ ! તું એવો કોઈ સદ્ગુણીના કુળની પરંપરામાં ચાલ્યો આવે છે. તારી ખાનદાની જોતા, તારો કુળધર્મ જોતા આ (તને શોભતું નથી). એનો આધાર લે કે હું આવો. છૂટતા વાર ન લાગે. સબળમાં સબળ વાત. બીજા નુકસાન છે એવું બની જાય પણ મૂળમાં હું આવું એમ જો એને જરાક જોર આવે એ વિષયમાં (તો) તરત જ એ છોડી દે.

એટલે એમ લેવામાં આવે છે કે જૈનકુળમાં જન્મ થયો. તમારા પરંપરાએ દાદા, પરમ દાદાઓ બધા તીર્થંકરો હતા. જે કુળમાં જૈનકુળમાં જન્મ થયો તો કહે અમારા દાદા-પરદાદા તો મહા તીર્થંકરો હતા. એના કુળમાંથી અમે આવ્યા છે. તો એને એને અનુરૂપ અનુસરવાનું બને. તો એ જાતનું ગૌરવ પણ લેવામાં આવે બાહ્ય પરિણામથી તોપણ ફેર પડે છે.

અહીંયાં કહે છે કે પરમાત્મા તું છો. એમ કહેનારને જ્યારે, એમ કહેતા જે વાતનો સ્વીકાર કરે કે પરમાત્મા હું છું તો એને સબળાઈ ઊભી થાય અને નબળાઈ તૂટે. અનંત પુરુષાર્થનો પિંડ હું છું. મારામાં અનંત પુરુષાર્થનું સામર્થ્ય છે એના આધારે અપુરુષાર્થના પરિણામ બંધ થાય, ઓછા થાય અથવા નબળાઈનો અભાવ થાય. તીવ્રતા, મંદતા, અભાવ, સદ્ભાવમાં ઘણા ભંગ પડે છે.

તીવ્રતા, મંદતા જુદો વિષય છે. સદ્ભાવ-અભાવ જુદો વિષય છે. જેમ કે શ્રદ્ધાગુણમાં દર્શનમોહની તીવ્રતા-મંદતા થાય તોપણ દર્શનમોહનો સદ્ભાવ છે. અભાવ થાય ત્યારે દર્શનમોહનો અભાવ છે. ત્યાં તીવ્રતા-મંદતાનો પ્રશ્ન નથી. એમ ચારિત્રગુણની અંદર પણ તીવ્રતા, મંદતા થવી એક વાત છે, જેમ કે રાગ તીવ્ર થાય તો અશુભ થાય, રાગ મંદ થાય તો શુદ્ધ થાય પણ રાગનો અભાવ થાય તો વીતરાગતા થાય. એમ તીવ્રતા-મંદતા જુદો વિષય છે. વિકારની તીવ્રતા-મંદતા. અને વિકારનો અભાવ થવો એક જુદી વાત છે. એને વ્યવસ્થિત ન સમજે તો એમાં ગડબડ ગોટો થાય

છે. મંદતા થઈ તો અભાવ થયો. તીવ્રતા થઈ તો સદ્ભાવ થયો એમ માને. મંદતાથી એટલો તો અભાવ થયો ને? નહિ, અભાવ નથી થયો એમાં. એ જુદી વાત છે, આ જુદી વાત છે. જૈનદર્શનમાં આવી બધી સૂક્ષ્મતાના વિષય ક્યાંય નથી એવા છે. અથવા સામાન્ય બુદ્ધિમાં ન સમજાય એવા આ વિષયો બહુ સૂક્ષ્મ જ્ઞાનમાંથી બહાર આવેલા આ વિષયો છે.

મુમુક્ષુ :- આવી નબળાઈ તો સાધક માટે છે. મુમુક્ષુ છે એને તો વિપરીતતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને વિપરીતતા છે. એની વાત નથી. અહીંયાં તો જ્ઞાન-દર્શનની વાત ચાલે છે ને. અહીંયાં જે વિષય ચાલે છે એ તો જ્ઞાનદશાનો ચાલે છે.

જ્ઞાનીને '**બહાર આવવું પડે છે એ પોતાની નબળાઈને લીધે છે.**' એ ભાવનાને સૂચવે છે. આપણે ઘણીવાર એ ચર્ચા ચાલી ગઈ છે કે ઇચ્છા અને ભાવનામાં શું ફેર? પોતાને મોક્ષની પ્રાપ્તિ હો એવી ઇચ્છા પણ થાય છે અને એવી ભાવના પણ થાય છે તો એમાં ફેર શું? ઘણાને એવી ઇચ્છા થાય કે આપણો મોક્ષ થઈ જાય તો સારું. આપણો સંસાર મટી જાય તો સારું. તો ઇચ્છા અને ભાવનામાં ફરક શું? ઇચ્છા છે એમાં કોઈ પુરુષાર્થનું ઉત્થાન નથી. ભાવના પુરુષાર્થ સહિત વર્તે છે. ભાવનામાં વીર્ય ગુણનું કામ શરૂ થાય છે. ઇચ્છામાં ઊંધો પુરુષાર્થ એમ ને એમ ચાલુ રાખીને ઉપર ઉપરનો વિકલ્પ થાય, ઇચ્છા થાય એ બેકાર છે. એનાથી કોઈ કામ નથી.

મુમુક્ષુ :- ઇચ્છા પરલક્ષી પર્યાય છે અને ભાવના સ્વલક્ષી પર્યાય છે એમ લેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- એમ પણ થાય પણ કેટલાક ઇચ્છાને ભાવનામાં ખતવે છે. પોતાને મોક્ષની ભાવના વર્તે છે એમ માને છે. પણ કેવળ મોક્ષ સંબંધીનો એક રાગ હોય છે. ભાવના એને કહીએ કે જેમાં કાંઈ પુરુષાર્થનો સળવળાટ હોય તો ભાવના કહીએ. પુરુષાર્થ ઉપડે. જ્ઞાનદશામાં તો પુરુષાર્થ છે. પુરુષાર્થ છે એમાં જે ઓછપ છે એને અહીંયાં નબળાઈ કહે છે. કેમ ઉપયોગ બહાર આવે છે? કેમ જ્ઞાનીને રાગ થાય છે પ્રશસ્ત-અપ્રશસ્ત? કેમ જ્ઞાન બહાર જાય છે? એ એની નબળાઈ છે. તો નબળાઈ અને સબળાઈ બેય અપેક્ષિત થઈ. જેમ નાનું અને મોટું અપેક્ષિત છે, એમ નબળાઈ અને સબળાઈ બંને સાપેક્ષ છે. શુદ્ધ અને અશુદ્ધ, નિત્ય અને અનિત્ય, એક અને અનેક, અસ્તિ અને નાસ્તિ એ બધા ભેદો પરસ્પર જેમ અપેક્ષિત છે, એમ સબળાઈ અને નબળાઈનો ભેદ પણ અપેક્ષિત છે. જેને સબળાઈ ઉત્પન્ન થઈ છે એને અહીંયાં નબળાઈની વાત ચાલે છે. જેને પુરુષાર્થ જ કેવળ ઊંધો ચાલે છે, જેનો પુરુષાર્થ પૂરેપૂરો વિપરીત ચાલે છે એ એમ કહે કે અમારી નબળાઈને લઈને અમને રાગ થાય છે કે બહાર પરિણામ જાય છે એ વાત એને લાગુ પડતી નથી. નબળાઈની વાત એને લાગુ

પડતી નથી.

એમાં એ પ્રશ્ન જ એટલા માટે લીધો, કોઈ મુમુક્ષુ એમ લઈ લે છે. અમે આ વાત તો સમજીએ છીએ. પણ અમારી નબળાઈ છે ને એટલે હજી અમે આ બધા કામ કરીએ છીએ. આ બધા કામમાં ઊભા છીએ કેમકે અમારી નબળાઈ છે. નબળાઈનો સવાલ નથી. એમાં પુરુષાર્થની ઊંધાય છે. કેમ કે રુચિ પણ ઊંધી છે તો પુરુષાર્થ પણ ઊંધો છે. જ્યાં રુચિ સવળી થઈ ત્યારથી એને નબળાઈ-સબળાઈનો અંશ લાગુ પાડીએ, અપેક્ષા લાગુ પાડીએ તો પાડીએ, કાંઈક વ્યાજબી વાત છે. પણ કેવળ રાગની અને પરની રુચિમાં ઊભેલા જીવને રાગ થાય એટલે નબળાઈથી થાય છે એ અપેક્ષા એને લાગુ પડતી નથી. એ મર્યાદા એના માટેનું એ કથન નથી.

મુમુક્ષુ :- જીવનો બચાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- દોષનો બચાવ કરવો. જીવનો બચાવ કરવો નથી, દોષનો બચાવ કરવો છે. જે પોતાના દોષનો બચાવ કરે કે બીજાના દોષ થાય એનો બચાવ કરે એને ગુણની દૃષ્ટિ પ્રગટ ન થાય. ગુણની દૃષ્ટિ પ્રગટ ન થાય એટલે સ્વભાવની દૃષ્ટિ એને પ્રગટ ન થાય. એ દોષદૃષ્ટિમાંથી ઉત્પન્ન થયેલી વાત છે અને એ એક સ્વચ્છંદના મહાદોષના વિભાગમાં એ દોષ જાય છે. સ્વચ્છંદ છે એ મહાદોષ છે અને એના વિભાગમાં એ જાય છે. એટલે ભૂલેચુકે પોતાનો કે બીજાનો દોષનો બચાવ નહિ થવો જોઈએ.

મુમુક્ષુ :- દૃષ્ટાંત દે જ્ઞાનીપુરુષનો કે 'રામચંદ્રજી'એ 'લક્ષ્મણને' છ મહિના સુધી... તો પછી આપણે તો શું? એમ દૃષ્ટાંત લઈને બચાવ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ આધાર લેવા માટે એ વાત નથી. ચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિને છ ખંડના ભોગ-ઉપભોગ હોય છે. છ ખંડનું રાજ્ય હોય, મોટું રાજ્ય, સૌથી મોટું રાજ્ય મનુષ્યલોકમાં છ ખંડનું છે. મનુષ્ય પર્યાયમાં. તો પછી આપણે ઓછો પરિગ્રહ છે. એવું કાંઈ પોતાની વિપરીત રુચિનું પોષણ કરવા માટે એનું આલંબન લેવું એવા હેતુથી એ કથન કહેચયા નથી. એવી જે વાત આવે છે ત્યાં શ્રદ્ધાનું બળ દર્શાવવું છે કે પોતાની આત્મરુચિ એ જીવ છોડતો નથી. છ ખંડના જબરદસ્ત પરિગ્રહના ઘેરાવાની વચ્ચે પણ એ પોતાના અસંગતત્ત્વની રુચિને છોડતો નથી અને શ્રદ્ધા એની છોડતો નથી, એમ ત્યાં દર્શાવવું છે. એવી વાત લેવી છે. તો એના શ્રદ્ધા-જ્ઞાનની મજબૂતાઈ કેટલી?

.... અને પોતાના કે પરના જેના ઉપર મમત્વ હોય, જેનો પક્ષ હોય, જેની સાથે સંબંધ હોય એનો દોષનો બચાવ કરતાં એ જેટલા દોષ કરે એનું અનુમોદન પહોંચી જાય. જેવા જેવા એ દોષ કરે એનું અનુમોદન પોતાને પહોંચી જાય. આ એક મોટી

એની અંદર નુકસાનની પરિસ્થિતિ ઊભી થાય છે. પોતે દોષ કરે તો સ્થૂળ પરિણામ છે એટલે પોતાને પકડાઈ જાય છે. પણ પોતે બીજાના દોષને અનુમોદે ત્યારે એવા જ દોષનું ફળ પોતાને ભોગવવું પડશે એ વાત ઘણાને નથી પકડાતી. એટલે એ એક વિચાર કરવાનો છે કે સંમતિ આપતા, નહિ આપતા પહેલાં કોઈપણ વિષયમાં સંમતિ આપતા પહેલા એના દોષનું અનુમોદન પોતે કરીને એવડો જ દોષ પોતે ઊભો કરે છે. કરવું, કરાવવું, અનુમોદવું એક ફળ છે. એ વિષય ઉપર જરા ઊંડાણથી વિચાર કરીને ચાલવું પડે છે. જેને સમ્યગ્દર્શન કરવું છે તો સ્વભાવ દૃષ્ટિ એટલે ગુણની દૃષ્ટિ છે. દોષની દૃષ્ટિ ને ગુણની દૃષ્ટિને પૂર્વ પશ્ચિમનો ફેર છે. બેની એક Line છે નહિ. એટલે અહીંયાં જે નબળાઈ છે એ તો જે સ્વભાવગુણને પ્રાપ્ત છે એવા જ્ઞાનીની વાત છે. એને પુરુષાર્થની ઉણપ જ છે એનો ખ્યાલ આવે છે. પોતાના પરિણામમાં પુરુષાર્થના માપનો એને ખ્યાલ આવે છે.

મુમુક્ષુ :- નબળાઈ-સબળાઈ તો જ્ઞાનીને છે, આને તો એકલી ઊંઘાઈ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંઘાઈ છે. એને નબળાઈનો પ્રશ્ન લાગુ પડતો નથી. પણ ઊંઘાઈ ઓછી હોય તો? એ ઓછી-વધારેનો ભેદ રહેવા દે તું. છે કે નહિ એનો ભેદ જો. સદ્ભાવ-અભાવને જો. ઓછી-વધારેની વાત નથી. ૨૯૩ થયો.

મુમુક્ષુ :- બીજા ઉપર દોષ નાખવા કરતાં પોતાનો દોષ છે એમ નબળાઈ લે તો બરાબર નહિ? મને ગુસ્સો થયો તો બીજાને કારણે નથી થયો પણ મારા...

પૂજ્ય ભાઈશ્રી :- મારા કારણે થયો છે. કારણ લેવું છે એમાં. બીજાનું કારણ કે પોતાનું કારણ એમ લેવું છે. સબળાઈ-નબળાઈનો પ્રશ્ન નથી લેવો. શ્રદ્ધાની ચર્ચામાં હતાને તમે? શ્રદ્ધાનો અભાવ જુદી વાત છે. સમ્યક્ શ્રદ્ધાનો સદ્ભાવ-અભાવ જુદી વાત છે અને દર્શનમોહનું તીવ્ર-મંદપણું જુદો જુદો વિષય છે. રાગનું તીવ્ર મંદપણું જુદો જુદો વિષય છે અને રાગ અને વીતરાગતા જુદો વિષય છે. એ અભાવ-સ્વભાવને લાગુ પડે છે. તીવ્ર-મંદ સદ્ભાવ-અભાવનો વિષય નથી. એમ પોતાનો દોષ પોતાના કારણે છે એમ મુમુક્ષુ પ્રમાણિકપણે સ્વીકારે છે. પોતાની નબળાઈને લઈને છે એમ ન લેવું. પણ મારો દોષ મારા કારણથી છે અને મારા દોષનું કારણ બીજો કોઈ નથી, કોઈ સંયોગો નથી. જે દોષ થાય છે એમાં કારણ મારું જ છે. મારી જ એવી યોગ્યતા છે કે મને રાગાદિ થાય છે. હવે અમુક સંયોગોમાં રાગાદિ થાય છે તો એ સંયોગનું કારણ નથી પણ મારી યોગ્યતાનું કારણ છે. મારા કારણે મને દોષ થાય છે. એમ લેવું. એમ કારણ પકડવું. નબળાઈ-સબળાઈ ન પકડવી.

મુમુક્ષુ :- પોતે પોતાપણું ન સેવતો હોય અને બીજા સેવતા હોય, અનુમોદન કરે,

સંમતિ આપે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો એટલો દોષ લાગી જાય. એટલો દોષ લાગી જાય.

મુમુક્ષુ :- સગા-વહાલા હોય તો કરવું જ પડે ને, મિત્ર હોય તો કરવું જ પડે ને.

પૂજ્ય ભાઈશ્રી :- સગા, સંબંધી, મિત્ર, સમાજ જે કાંઈ હોય તે એ બધાથી પોતાના આત્માના હિત અને અહિતનો પ્રશ્ન સૌથી મોટો છે. સગા-સંબંધીને રૂપિયા આપી દે છે? સગા બાપ સાથે ઝઘડો કરે, દીકરા સાથે ઝઘડો કરે, ભાઈઓ સાથે ઝઘડો કરે. પતિ-પત્નિ ઝઘડો કરે છે પૈસા માટે. કરે છે કે નહિ? ... છે કે નહિ? ત્યાં સંબંધ જોતો નથી. કેમ કે એ પ્રયોજનનો વિષય છે એનો. એનાથી એને સુખ-દુઃખ થવાનું પ્રયોજન છે. પૈસાથી મારી અનુકૂળતાઓ સચવાય છે. નહિતર મને પ્રતિકૂળતા ઊભી થાય છે. તો ત્યાં કોઈનો સંબંધ જોતો નથી. અને અહીંયાં સંબંધ જોવે છે તો અહીંયાં એને પ્રયોજન ભાસ્યું નથી. હિત અહિતનું પ્રયોજન નથી ભાસ્યું એમ છે. એને ભાસતું નથી.

ખરેખર તો જ્યારે એ પોતાના સગાનો, સંબંધીનો, મિત્રનો કે પક્ષવાળાનો જેના ઉપર મમત્વ-રાગ હોય એનો પક્ષ કરે, એના દોષનો પણ (પક્ષ કરે) ત્યારે એને જ્ઞાનમાં એ પ્રયોજન ભાસતું નથી. જો એ વખતે એમ ભાસે કે આમાં તો મને એની અનુમોદનાનું ફળ લાગી જાય તો કરે નહિ. એ જીવનો સ્વભાવ જ નથી. નુકસાન ભાળે અને નુકસાન કરે એ જીવના સ્વભાવમાં નથી. એ સ્વભાવ બહારની વાત છે. કોઈ જીવ નુકસાનને હાથે કરીને અંગીકાર કરવા, સ્વેચ્છાએ અંગીકાર કરવા તૈયાર ન થાય. એક પાયનું પણ. દસ પૈસા હાથમાં પડી જાય તો ઉપાડી લે. ગણતા-ગણતા એક છૂટું પરચુરણ પડી જાય તો લઈ લે છે કે નથી લેતા? દસ પૈસા છે, જાવા દ્યો ને, ભલે પડી ગયા એમ જોવે છે? નફા-નુકસાનનો પ્રશ્ન એવો છે.

એ બધા ન્યાયના વિષય સમજાયા પછી કરવા, કરાવવા, અનુમોદવા દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષના વિષયમાં પછી આત્માના ન્યાયોની ઘડ બેસે છે. આત્માના સ્વરૂપના અનેક પ્રકારના જે તાત્ત્વિક વિષયો છે એની અંદર બાહ્ય ક્ષયોપશમથી કોઈ વાત સમજાય એટલે સમજાઈ ગઈ એમ માનવા જેવું નથી. હજી ઓઘસંજ્ઞા ઊભી જ હોય છે. આવી બધી ભૂલો ન થાય તો એની આગળની વાતમાં ભૂલો ન થાય. નહિતર ઓલું થોડું ક્યાંક ઘડ બેસી હોય તો પાછી (હેરાન કરે). સુતરાઉ કાપડના ઈસ્ત્રી જેવી છે. આ ઈસ્ત્રી કરવાના જુદાં જુદાં કાપડ આવે છે ને. આપણે આ ધોતીયુ પતલું કાપડ છે. ઈસ્ત્રી કરીને પહેરે પણ પહેર્યા પછી બીજી મિનિટે એને ઈસ્ત્રી ન હોય. એ આ સુતરાઉ કાપડની ઈસ્ત્રી જેવું છે. ધારણાનો વિષય કેવો છે? કે થોડીવાર ઘડ બેસે કે હા

આ કાંઈક વાત સમજાય છે. બરાબર વાત છે. એ ઘડ વિંખાતા કેટલી વાર લાગે? કાંઈ વાર ન લાગે. કેમ કે સ્થૂળ વિષયોમાં જે કેટલીક વિપર્યાસની ભૂલ થતી હોય છે એ સૂક્ષ્મ વિષયને કેવી રીતે પકડી શકે?

મુમુક્ષુ :- દેવ-શાસ્ત્ર-ગુરુ, સત્પુરુષનો વિષય સ્થૂળ વિષય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઓલા કરતા. આત્માના સ્વભાવના વિષય કરતાં સ્થૂળ વિષય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષનો વિષય સ્થૂળ છે. અપેક્ષાએ સ્થૂળ છે. આમ તો સૂક્ષ્મ છે કેમ કે ઘણી ભૂલો એમાં પણ મુમુક્ષુઓ કરે છે. એટલે એ રીતે સૂક્ષ્મ છે. છતાં પણ જ્યાં સ્વભાવનો વિષય છે એના કરતાં તો એ જરૂર સ્થૂળ છે. એવી ભ્રમણા થાય છે કે મને સૂક્ષ્મ વિષય સમજાય છે અને આ તો સ્થૂળ ભૂલ થઈ તો થઈ જાય, એમાં કાંઈ વાધો નહિ. એવું બનતું નથી. એવું બનતું નથી. સ્થૂળ દોષ અને સ્થૂળ ભૂલ પહેલાં છૂટે છે. અને ખાસ કરીને જેને શ્રદ્ધા સાથે સંબંધ છે, જે દોષને શ્રદ્ધા સાથે અવિનાભાવી સંબંધ છે એનો તો ગંભીરતાથી વિચાર કરવો જ જોઈએ.

મુમુક્ષુ :- સ્વભાવ પકડાશે તો બહારની ભૂલ આપોઆપ સુધરી જશે એમ નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું થાય છે? દાખલા તરીકે આપણે વિચારીએ, આપણા પગ નીચે રેલો આવે છે એમ સમજીને જ વિચારીએ છીએ. કોઈ ટીકા-ટીપ્પણીનો સવાલ નથી. આપણે તત્ત્વજ્ઞાનની ઘણી સૂક્ષ્મ ચર્ચાઓ 'ગુરુદેવ'ની કૃપાથી ઘણા Point નીકળ્યા છે, ઘણા વિષયો ચાલે છે, ઘણી ચર્ચાઓ ચર્ચાય છે આપણા મુમુક્ષુ-મુમુક્ષુઓની વચ્ચે. અને બુદ્ધિનો ઉઘાડ લઈને આવ્યા હોય અથવા બુદ્ધિનો ઉઘાડ વધતો જાય એમ એ વિષયોની અંદર બુદ્ધિ કામ કરતી થાય છે. વિષય બુદ્ધિગમ્ય થાય છે. પણ દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષના વિષયમાં સ્થૂળ ભૂલો થતી હોય તો તત્ત્વજ્ઞાનના વિષયમાં જે બુદ્ધિ જે કામ કરે છે એ સુયોગ્ય પ્રકારે કામ કરે છે એમ સમજવું જોઈએ, ક્યારેય એમ નહિ સ્વીકારવું જોઈએ. પહેલાં આ ભૂલ સુધરે પછી ઓલી ભૂલ સુધરે.

પેલા વિષયોમાં-તત્ત્વજ્ઞાનના વિષયોમાં બુદ્ધિ કાર્ય કરે છે માટે બુદ્ધિ સૂક્ષ્મ થઈ ગઈ છે અથવા એમાંથી નિર્દોષતા આવી જશે એ આશા રાખવી વ્યર્થ છે. નહિ બની શકે. એટલે એવી ભૂલ ન થવી જોઈએ કે આવી સૂક્ષ્મ ચર્ચાઓ કરીએ છીએ તો મને વાંધો નથી. એમ નથી. એ સૂક્ષ્મ ચર્ચાઓમાં બુદ્ધિ કાર્યગત થતી હોવા છતાં જો દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષના વિષયમાં ભૂલ થાય તો તેની બુદ્ધિ પર ચોકડી મૂકવા જેવી બુદ્ધિ થઈ જાય છે. Mark આપવાનો તો પ્રશ્ન જ નથી પણ ચોકડી મૂકવા જેવી બુદ્ધિ છે.

આવી રીતે આ વિષયનો આંક અને ગણિત બીજી રીતે હોય છે, બીજા પ્રકારે હોય છે. કેમ કે અત્યારે ઘણી વાર તમને શ્વેતાંબર સંપ્રદાયની અંદર વિદ્વાનો અને સાધુઓ પણ મળી શકે કે જેનું શાસ્ત્ર અધ્યયન ઘણું હોય. શ્વેતાંબર, દિગંબર બધું. બુદ્ધિવાળા પણ હોય. પણ દેવ-ગુરુ-શાસ્ત્રના વિષયની અંદર જે સૈદ્ધાંતિક સ્વીકાર છે એની અંદર ગડબડ હોય. એ ગુણસ્થાન નથી સમજ્યા. હજી ગુણસ્થાન નથી સમજ્યા. બીજા ગુણસ્થાને અંતર-બાહ્ય દશા કેવી હોય? છઠ્ઠા-સાતમા ગુણસ્થાને અંતર-બાહ્ય દશા કેવી હોય? પાંચમા ગુણસ્થાને અંતર-બાહ્ય દશા કેવી હોય? કેવળજ્ઞાન અરિહંત દશા થતા અંતર-બાહ્ય પરિસ્થિતિ કેવી હોઈ શકે? એની મર્યાદાઓ શું શું છે? એટલો વિષય તો સ્થૂળ છે અને જે સ્વભાવનો વિષય છે તે ચૌદ ગુણસ્થાનથી પાર છે. આ ચૌદ ગુણસ્થાનની અંદરનો વિષય છે તો ઓલો ચૌદ ગુણસ્થાનથી પાર છે એનો વિષય. ક્યાંથી સમજાય? એ પ્રશ્ન નથી સમજાણો. પણ અમારા નિશ્ચયનય છે, અમારામાં વ્યવહારનય છે. અમારામાં શુદ્ધનય છે, અશુદ્ધનય છે. એ બધી વાતો છે. દેવ-ગુરુ-શાસ્ત્રમાં ફેર પડી ગયો? હા, ફેર પડી ગયો. વાત પૂરી થઈ ગઈ. હવે ચર્ચા કરવાનો પ્રશ્ન નથી રહેતો. થઈ ગઈ ચર્ચા. 'ગુરુદેવ' કહે, થઈ ગઈ ચર્ચા. એવું છે અહીંયાં. ... ભૂલો ન થાય એના માટે આ વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- પહેલા સ્થૂળ ભૂલ ટળે પછી સૂક્ષ્મ ભૂલ ટળે, આવું જ વસ્તુનું સ્વરૂપ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવું જ વસ્તુનું સ્વરૂપ છે. કેમ કે આ તાત્ત્વિક વિષય છે. સ્થૂળ ભૂલમાં પણ આ તત્ત્વ સાથે સંબંધ રાખે એવો વિષય છે અને એમાં પણ પ્રથમમાં પ્રથમ શ્રદ્ધા-જ્ઞાનની સાથે સીધો આનો સંબંધ છે અથવા દર્શનમોહની સાથે આનો સીધો સંબંધ છે. એ તો આપણે પેલું વાંચનમાં લેશું એટલે ઘણા ખુલાસા ત્યાંથી નીકળશે. પ્રયોજન સિદ્ધિ.

**જ્ઞાનીને 'હું જ્ઞાયક છું' એવી ધારાવાહી પરિણતિ અખંડિત રહે છે. તે બહારના ભક્તિ-શાસ્ત્ર-સ્વાધ્યાય આદિ પ્રસંગોમાં ઉલ્લાસપૂર્વક જોડાતા દેખાય ત્યારે પણ તેમની જ્ઞાયકધારા તો અખંડિતપણે અંદર જુદી જ કાર્ય કર્યા કરે છે. ૨૯૪.**

૨૯૪. **'જ્ઞાનીને 'હું જ્ઞાયક છું' એવી ધારાવાહી પરિણતિ અખંડિત રહે છે.'** જ્ઞાનદશાની અંદર એટલે કે ચતુર્થ ગુણસ્થાનથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય ત્યારથી. '**હું જ્ઞાયક છું**' એવો વિકલ્પ નહિ પણ એવી અભેદ પરિણતિ. પરિણતિ શબ્દ લીધો છે એ અહીંયાં એ ઉપયોગ સિવાયની વાત છે, રાગ સિવાયની વાત છે, વિકલ્પ સિવાયની વાત છે. એક પરિણતિ થઈ જાય છે. '**હું જ્ઞાયક છું**' એવો જે સાક્ષાત્ ઉપયોગ થયો, શુદ્ધોપયોગ થયો ચોથા ગુણસ્થાને એની આ લબ્ધ પરિણતિ છે, જ્ઞાન અપેક્ષાએ અને બીજા ગુણ અપેક્ષાએ અનંત ગુણની એ પરિણતિ છે.

'**હું જ્ઞાયક છું**' બધાનો સરવાળો શું? કે '**હું જ્ઞાયક છું**' અથવા હું આત્મા છું અથવા હું મૂળ સ્વરૂપે જે છું તે છું. શ્રદ્ધા-જ્ઞાન-આચરણ બધા અનંત ગુણો એમાં પરિણતિમાં કામ કરે છે. એવી એક પરિણામની ધારા. ધારવાહી એટલે જેમાં કોઈ ત્રુટકતા, છેદ ન પડે, અંતર ન પડે, બંધ થાય અને ચાલુ થાય એવું ન થાય. ધારાવાહી એટલે એકધારું પરિણમન અખંડિતપણે રહે છે.

આ સાધકદશામાં જે સાધકપરિણતિ કહેવાય છે, જ્ઞાનદશામાં જે જ્ઞાનધારા કહેવાય છે અથવા જુદા ધર્મની અપેક્ષાએ જેને ધર્મધારા કહેવામાં આવે છે. બાકીનાને કર્મધારા કહેવામાં આવે છે. ધર્મધારા અને કર્મધારા, જ્ઞાનધારા અને કર્મધારા. એને કર્મધારા કહે છે. કેમ કે બાકીના અંશના પરિણામથી કર્મનું આવાગમન હજી ચાલુ જ છે. જ્ઞાની પણ સંપૂર્ણ નિરાસ્રવ નથી. સાધક પણ સંપૂર્ણ નિરાસ્રવ નથી.

એવી અખંડ પરિણતિ રહે છે એ જ્ઞાનીની મૂળદશા છે. ઉદયમાન પરિણામનો જે અંશ અનુમાન ગોચર થાય છે, સમજાય છે એ જ્ઞાનીની મૂળદશા નથી. જેમ કે સમવસરણમાં બિરાજમાન તીર્થંકર પરમાત્મા. એ સમવસરણનો વૈભવ એમની દશા નથી. એમનું જે પરમ ઔદારિક દિવ્ય શરીર થયું, પરમાણુની જે દશા થઈ, મહાતેજસ્વી એ પણ કોઈ એમના આત્માની દશા નથી. અને દિવ્યધ્વનિ છૂટે છે એ પણ કોઈ એમના આત્માની દશા નથી. કેવળજ્ઞાન, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય, અનંત ચતુષ્ટ્ય સંપન્ન છે એ એમની આત્માની દશા છે. એ મૂળદશા છે.

એમ અહીંયાં 'હું જ્ઞાયક છું' એવી જે જ્ઞાનધારા છે અથવા પોતાના પરિપૂર્ણ પરમાત્મ તત્ત્વને શ્રદ્ધા-જ્ઞાનની અંદર ધારણ કરેલો છે, પોતાના સ્વરૂપે સ્વીકારેલો છે એ જ્ઞાનીની મૂળદશા છે. અને બાહ્યમાં જે ઉદયગત, રાગ અને ઉપયોગના પરિણામ ચાલે છે એ જ્ઞાનીની મૂળદશા નથી. એમાં બહુભાગ તો અજ્ઞાનીની સદશ જ દેખાય. ભક્તિ કરે, પૂજા કરે કે બીજા સંસારી જે પૂર્વકર્મ અનુસારના દરેકને જુદા જુદા ઉદય

હોય છે. ચારે ગતિમાં જ્ઞાની હોય છે. નારકીમાં નારકીને યોગ્ય ઉદય હોય. કોઈ મારે, માથામાં ઘણ મારે તો રાડ પાડે. માથાના ટૂકડા ટૂકડા, ફુરચા ફુરચા થઈ જાય. આયુષ્ય ન છૂટે તોપણ. કેમ કે ત્યાં આયુષ્ય વધારે છે. અહીં તો કોઈ માથામાં ઘણ મારે તો આયુષ્ય પૂરું થઈ જાય. એટલું આયુષ્ય પ્રાણનું બળ અહીંયાં નથી જેટલું ત્યાં તીવ્ર રસથી ... નું આયુષ્ય છે, બળવાન આયુષ્ય છે. રાડ પડે. તેમ છતાં અંદરમાં જ્ઞાનધારા છૂટે નહિ. જો ત્યાં જ્ઞાનદશા પ્રગટ થઈ તો જ્ઞાનધાર ન છૂટે. રાડ પાડે તો ન છૂટે. રડે, રાડ પાડે. શરીરને ચીરી નાખે. જેમ દાંત હોય ને કેમ બે ચીર કરી નાખે છે. પાછું ભેગું થઈ જાય છે.

એમ તિર્યંચમાં તિર્યંચને લાયક ઢોર હોય. માર મારે, કોઈ શિકાર કરે, કોઈ કાંઈ કરે, કોઈ કાંઈ, છતા અંદરથી જ્ઞાનદશા ન છૂટે. દેવલોકમાં એટલા વૈભવ હોય કે જ્ઞાનદશા ન છૂટે. મનુષ્યમાં પણ પૂર્વે અજ્ઞાન ભાવે બાંધેલા બંધ .... માંડીને કઠિયારા હોય મજૂરમાં મજૂર હોય, રોગિષ્ટમાં રોગિષ્ટ શરીર હોય, કાણો, કુબડો હોય, બોબડો, તોતડો હોય. ગમે તે હોય, કોઈ માન ન આપે, હડધૂત કર્યા કરે. બધા એને હડધૂત જ કરે ચારે બાજુથી. અંદરમાં હું પરમાત્મા છું પકડીને બેસી ગયો છે. એ ધારા એને છૂટતી નથી. પછી જગતના બધા ખેલ ખેલ જ દેખાય છે. બીજા સંયોગોના ખેલ છે એ બધા ખેલ દેખાય છે, ક્યાંય એ પોતાની જાતને અંદરમાં સામેલ કરતો નથી.

એવી ધારાવહી પરિણતિ જુદી રહે છે. અખંડિતપણે જુદી રહે છે. ભિન્ન પડીને જુદી રહે છે. એવી પરિણતિ.. અહીંયાં મનુષ્યને લાયક અથવા મુમુક્ષુને લાયક ક્રિયા હોય છે કે જે બહારમાં ભક્તિ, શાસ્ત્ર સ્વાધ્યાય વગેરે વગેરે આદિ અનેક પ્રકારના જે શુભઉપયોગના પરિણામ છે એ '**પ્રસંગોમાં ઉલ્લાસપૂર્વક જોડાતા દેખાય...**' રાગ દેખાય ત્યાં એમનો. ભક્તિનો રાગ દેખાય, શાસ્ત્ર-સ્વાધ્યાયનો રાગ દેખાય. ઉલ્લાસિત રાગ દેખાય. લ્યો, રસથી ભક્તિ કરતા દેખાય. એ પ્રસંગોમાં પણ '**તેમની જ્ઞાયકધારા...**' છે-હું જ્ઞાયક છું એવી જે પરિણતિની જ્ઞાયકધારા છે એ તો '**અખંડિતપણે અંદર જુદી જ કાર્ય કર્યા કરે છે.**' એમાં ખંડ પડ્યા વિના, તૂટકપણું થયા વિના એનાથી જુદું પરિણમન છે. આ જુદું પરિણમન છે. પરિણામની અંદર બે ચક્કર ઊભા થઈ ગયા છે. એક આમ કામ કરે છે, એક આમ કામ કરે છે. એક બહારની દિશામાં પ્રવર્તે છે, એક અંદરની દિશામાં પ્રવર્તે છે. દેખાય છે જાણે બેય જોડાયેલા હોય એમ.

મુમુક્ષુ :- ... શુભરાગમાં નિરસપણું ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિરસપણું છે. પણ ઉલ્લાસ અને નિરસપણું કેવી રીતે

વાંચી જોઈ શકે બીજા?

મુમુક્ષુ :- ... રસ પડે છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ અંદરની પરિણતિ જુદી જ કામ કરે છે. એટલે ઉલ્લાસ દેખાય તોપણ ઉપરછલ્લો છે. ઉલ્લાસ દેખાય તો ઉપરછલ્લો છે. દૃષ્ટાંત લે છે ને? ધાવમાતાનું દૃષ્ટાંત. પાલક માતા હોય છે એ ઘણું લાલનપાલન કરે છે. સગી માં હોય તો બે અડબોથ પણ મારી દે છોકરાને. આ કોઈ દિવસ એને કડક ન કહે. મધુર શબ્દોથી એનો વ્યવહાર ચાલુ રાખે. પગારદાર માતા છે. એ છોકરાને જરા પણ ક્યાંય એનું માનસ ખરાબ થાય એવું કાંઈ ન થવું જોઈએ, એને તમારે સારામાં સારી કેળવણી આપવાની છે. પણ એ ઉપરના પરિણામ એ ઉપરના જ પરિણામ રહે છે, અંદરના પરિણામ એ હંમેશા અંદરના પરિણામ રહે છે.

પ્રમાણિક નોકરનું દૃષ્ટાંત છે. ધણી થઈને બધું કામ કરે. ધણીથી સવાયા કામ કરે તોપણ શેઠની એક પાયને અપ્રમાણિકપણે લઈ લેતો નથી. એનું નામ વિશેષ પ્રમાણિક્તા છે. તો એ ઉલ્લાસથી કરતો દેખાય. જોરથી કરતો દેખાય. શેઠ કરતા વધારે રાગ-દ્વેષ કરતો દેખાય. શાંત બેઠેલા શેઠને વધારે રાગ-દ્વેષ કે વ્યવહાર કરતો હોય એ ગુમાસ્તાને વધારે રાગ-દ્વેષ? કોને વધારે રાગ-દ્વેષ છે? કે જેને નફા-નુકસાનમાં મારાપણું છે એને વધારે રાગ-દ્વેષ છે. ભલે પ્રવૃત્તિ રાગ-દ્વેષની ન દેખાય તોપણ. એને શાસ્ત્રની અંદર પ્રકરણિક કીધો છે, પ્રાકરણિક કીધો છે. મૂળ પ્રકરણ સાથે એને સંબંધ છે. કાર્ય કરનાર ગુમસ્તાને નહિ. એ પ્રાકરણિક શેઠ પોતે જ છે.

એમ જ્ઞાન અને અજ્ઞાન દશામાં ફેર છે. જેની આધારબુદ્ધિ છૂટી ગઈ છે એ ઉલ્લાસિત રાગ છે, ભક્તિનો ઉલ્લાસિત રાગ હોય છે સામાન્ય રીતે પણ એને એની આધારબુદ્ધિ નથી અંદર. ગુરુના પ્રવચનો, તીર્થંકરોના પ્રવચનો શ્રવણ કરવા જાય, આધારબુદ્ધિ નથી. એના આધારે મારું કાર્ય થાય છે એમ નથી જોતા. મારું કાર્ય મારા આધારે. મારા ગુણ-દોષનું કારણ હું, બીજું કોઈ નહિ. સીધી વાત.

મુમુક્ષુ :- અહીંયાં જ્ઞાનીની વાત આવી. ૨૭૯માં જે નિરંતર ઘૂંટણ કરે છે..

પૂજ્ય ભાઈશ્રી :- ૯૪ પાને. એમાં શું છે કે જ્ઞાનદશા કઈ રીતે પ્રાપ્ત કરવી? જ્ઞાનદશા પ્રાપ્ત નથી થઈ પણ જ્ઞાનદશા કઈ રીતે પ્રાપ્ત થાય છે? જેને પ્રાપ્ત થાય છે એની કાર્ય કરવાની કાર્યપદ્ધતિ શું છે એ વાત લે છે. એ જ્ઞાનદશાને અનુરૂપ કાર્યપદ્ધતિ છે. જ્ઞાનદશા પ્રાપ્ત થવાને અનુરૂપ કાર્યપદ્ધતિ પૂર્વ પર્યાયોમાં કેવી છે એ વિષય લીધો છે. હું જ્ઞાયક છું, હું જુદો છું એ જાતનું ઉપર ઉપરનું વિચાર મંથન અને વિકલ્પ એમ નહિ. પણ અંદરથી ઘણો રસ તીવ્ર ઘૂંટાઈને એ ઘોલનનું પરિણમન ચાલે છે અને એની

સાથે પુરુષાર્થ અને ઉગ્રતા પણ આવે છે.

મુમુક્ષુ :– તે પણ સારું છે એમ કીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સારું છે એટલા માટે કહ્યું કે ઓલા કરતા સારું છે. નીચેથી બતાવવું છે. વિચાર, મંથન, વિકલ્પ એના કરતા સારું છે. કેમ કે એનાથી આગળની એ ભૂમિકા છે.

મુમુક્ષુ :– પણ આ જે જ્ઞાનની પરિણતિ છે એનાથી નીચેનો તબક્કો છે.

પૂજ્ય ભાઈશ્રી :– એનાથી નીચેનો છે. જ્ઞાનદશા તો સાધકદશા છે. અહીંયાં હજી સાધકદશા થવા માટેની શ્રેણીમાં આવેલો જીવ છે. સાધકદશાને પ્રાપ્ત કરવાની શ્રેણીમાં આવેલો છે. આ સાધકદશાને પ્રાપ્ત છે. બંને તબક્કા જુદા જુદા છે. કોઈપણ વચનમાં એ વચનની મર્યાદા શું છે? કઈ મર્યાદામાં આ વાત ચાલે છે એ વાત સમજી લેવી. આ મુમુક્ષુદશાની વાત છ? કે આ જ્ઞાનદશાની વાત છે? કે આ મુનિદશાની વાત છે? કે આ કેવળજ્ઞાનદશાની વાત છે? કે આ દ્રવ્યલિંગીની અજ્ઞાનદશાની વાત છે? વ્યવહારનો વિષય તો બધે ચાલવાનો છે. એમાં એટલી મર્યાદા છે.

મુમુક્ષુ :– જ્ઞાનીની જ્ઞાનધારા છૂટતી જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– છૂટતી જ નથી. એ સાધકદશા છે અને એ સાધતા સાધતા... એમાં છૂટતી નથી એટલું તો નહિ પણ એ આગળ વધતા જાય છે. પોતાનું સાધકપણું ચાલુ હોવાથી. અથવા સમયે સમયે તે શ્રદ્ધા-જ્ઞાનથી સ્વરૂપને સાધતા હોવાને લીધે સાધક છે. પૂજા-ભક્તિ કરે છે માટે સાધક છે એમ નથી લીધું. પણ આત્મસ્વરૂપને સાધતા હોવાને લીધે સાધે છે. શેનાથી સાધે છે? પૂજા અને શાસ્ત્ર વાંચનથી સાધે છે? શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ દ્વારા સાધે છે માટે તે સાધક છે. સ્વરૂપના શ્રદ્ધા-ગુણ અને આચરણના પરિણાથી સાધે છે માટે સાધક છે. તૂટતી તો નથી પણ સાધકદશા વૃદ્ધિગત થતી જાય છે. તેને તે ગુણસ્થાનમાં હોય તોપણ સાધકદશા વૃદ્ધિગત થતી જાય છે. એમ લેવું છે.

એક તો સાધકદશા તૂટતી નથી અને ચાલુ જ રહે છે. વૃદ્ધિગત થાય છે. બીજું, એ ધારા અને જે બાકીનો પરિણામધારાનો અંશ છે, એક જ પરિણામમાં બે અંશ કામ કરે છે, બીજો અંશ છે એનાથી એ જુદું કામ કરે છે. એ જુદું પડી જાય છે. એક સ્વભાવિક છે, એક વૈભાવિક છે. એકમાં સ્વભાવદશા છે, એકમાં વિભાવદશા છે. બંને વિરુદ્ધ દિશામાં કામ કરતા પરિણામ અંશો છે. એક પરિણામની અંદર આવું મિશ્રણ હોવાથી એને મિશ્રધારા પણ કહેવામાં આવે છે. 'દીપચંદજી'એ 'અનુભવપ્રકાશ'માં એને મિશ્રધારા કહી છે. મિશ્રધારા. આત્મઅવલોકનમાં અને અનુભવપ્રકાશમાં એને મિશ્ર

ધારા કહે છે.

જ્ઞાનદશાના અનેક પડખાં છે અને એનું વર્ણન કરવાનું એ કારણ છે કે કોઈપણ રીતે જીવ જ્ઞાનીની મૂળદશાને ઓળખે તો એને એમાં આત્મિક ગુણો જે પ્રગટ થયા છે એને ઓળખે. એને ઓળખે તો પોતાના સ્વભાવને ઓળખે. પ્રગટ ગુણને ઓળખે તો અપ્રગટ ગુણ સ્વભાવને પણ ઓળખે. પોતાના અપ્રગટ સ્વભાવને ઓળખે. એમ એની અંદર એક પ્રયોજનભૂત પડખું છે એટલે એનું વર્ણન અનેક પડખેથી સ્પષ્ટ કરે છે, વ્યક્ત કરે છે. ઓળખે તો મહિમા આવે અને મહિમા આવે તો પોતાને પણ ગુણપ્રાપ્તિ માટેના જે અવરોધના ભાવો છે તે મટે. અવરોધ મટે તો એનો અર્થ આગળ વધવાનો (માર્ગ) ખુલ્લો થાય અને જીવ આગળ વધી શકે. અહીં સુધી રાખીએ...

**આગમ અનુસાર તેમજ વસ્તુ સ્વરૂપના ભાવભાસન અનુસાર, વસ્તુનું બંધારણીય સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક સમજયા છે, તેઓ પણ આગમના ભેદ-પ્રભેદને ગૌણ કરી, નિશ્ચય અભેદસ્વરૂપની મુખ્યતા કરે છે; તેનું કારણ જીવનુંપ્રયોજનસિદ્ધ કરવું તે છે. તેથી આ ષ્ટિકોણથી વ્યવહારની સદા મોક્ષમાર્ગમાં ગૌણતા છે. મોક્ષમાર્ગનું આમાં રહસ્ય છે. આત્મચિંતનમાં ગુણભેદ ગૌણ થવા જોઈએ. ('અનુભવસંજીવની' બોલ નં.૩૫૯)**

**જૈનધર્મ તો અધ્યાત્મ રસમય છે. જેને અધ્યાત્મરસ દ્વારા, આત્માના શાંત રસ દ્વારા, પોતાના સ્વરૂપ - સ્વભાવનું સમ્યક્ અનુભવન ન થયું હોય, તે વીતરાગ દિગંબર જૈનમાર્ગના રહસ્યને જાણતો નથી; પરંતુ તે માર્ગથી અજાણ છે, માર્ગના મર્મથી અજાણ છે. તેથી તેવો વકતા માત્ર પદ્ધતિ શીખીને વકતા થાય છે, પરંતુ શાસ્ત્રમાંથી મર્મને ખોલી શકતો નથી. ઓછામાં ઓછુ અધ્યાત્મ તત્ત્વની રુચિરૂપ યોગ્યતા વિના, વકતા થાય, તે ઈચ્છનીય નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાની ઢતા તો પ્રથમ હોવી જ જોઈએ. ('અનુભવસંજીવની' બોલ નં.૩૬૦)**

## તા. ૨૭-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૯૫
## પ્રવચન નં. ૨૨૬

**જોકે દષ્ટિ–અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તોપણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના વર્તે છે. રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાયછે અને વીતરાગતા–અંશરૂપ અંતર્મુખતા સુખરૂપે વેદાયછે. જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે. આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય. જો સાધકને બહારમાં–પ્રશસ્ત–અપ્રશસ્ત રાગમાં–દુઃખ ન લાગે અને અંદરમાં–વીતરાગતામાં–સુખ ન લાગે તો તે અંદર કેમ જાય? ક્યાંક રાગ વિષે 'રાગ આગ દહે' એમ કહ્યું હોય, ક્યાંક પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો હોય, ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે કે–વિભાવનો અંશ તે દુઃખરૂપ છે. ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે અને જેટલો નિવૃત્ત થઈ સ્વરૂપમાં લીન થયો તેટલી શાંતિ અને સ્વરૂપાનંદ છે. ૨૯૫.**

ચાર મુદ્દાઓથી વાત કરી છે. દષ્ટિ છે, ભાવના છે, સાથે સાથે રાગાંશ પણ છે અને વીતરાગતા અને શાંતિનું વેદન પણ છે. ચાર બોલ લે છે.

**'જોકે દષ્ટિ અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી.'** શ્રદ્ધાનો વિષય ત્રિકાળી સામાન્ય ધ્રુવ પરમપારિણામિક ભાવ એટલો જ શ્રદ્ધાનો વિષય છે. શ્રદ્ધા પોતા સ્વરૂપે જે તત્ત્વને શ્રદ્ધે છે તત્ત્વ પરમપારિણામિકભાવ, પરમપદ, પરમેશ્વરપદ પરમાત્મ તત્ત્વ છે. 'દીપચંદજી' લખે છે. પોતાના પરમેશ્વરપદની શ્રદ્ધાથી પર્યાયમાં પરમેશ્વરપણું પ્રગટ થાય છે. પરમેશ્વર થવાય છે. પરમેશ્વરપદ મૂળ સ્વરૂપે પોતે છે એની શ્રદ્ધા એ પદને પ્રસિદ્ધ કરે છે અથવા એવી જ દશા થઈને ઊભી રહે છે.

એ અભેદ પદ છે એમાં અપેક્ષાએ ગુણભેદોનો સમાવેશ હોવા છતાં, દ્રવ્યાનુયોગ એમ કહે છે કે ત્રિકાળી ધ્રુવ પરમપારિણામિકભાવ અનંત ગુણનો પિંડ છે. શ્રદ્ધાગુણ પણ એમાં છે. શ્રદ્ધા જેને શ્રદ્ધે છે એનાથી પણ એ વ્યાપક છે. જ્ઞાનથી વ્યાપક છે,

શ્રદ્ધાથી વ્યાપક છે, આનંદથી વ્યાપક છે, પ્રભુતા આદિ અનેક ગુણોથી વ્યાપક છે. એમ સર્વ ગુણ એમાં હોવા છતાં ગુણોના ભેદોનો એમાં સ્વીકાર નથી અથવા શ્રદ્ધા ગુણોના ભેદને શ્રદ્ધતી નથી.

ત્યાં ગુણોના ભેદો પણ છે, ભિન્ન-ભિન્ન ગુણો પણ છે અને અનંત ગુણોનું અભેદ એકરૂપ એવું દ્રવ્યત્વ પણ ત્યાં છે. દ્રવ્ય સ્વભાવ જેને કહીએ. તો એમાં દ્રવ્ય સ્વભાવ તે શ્રદ્ધાનો, અભેદ દ્રવ્ય સ્વભાવ તે શ્રદ્ધાનો વિષય છે. ગુણભેદ તે શ્રદ્ધાનો વિષય નથી. એથી જ્ઞાનમાં પણ અભેદની જ મુખ્યતા થાય છે. જ્ઞાનમાં ગુણભેદનો સ્વીકાર થવા છતાં ગુણભેદની મુખ્યતા થતી નથી.

ફરીથી લઈએ. જ્ઞાન ગુણભેદોને જાણે છે. જાણે છે એટલે પોતામાં છે એમ સ્વીકારે છે. અને અનંત ગુણોની અભેદતાને પણ જ્ઞાન જાણે છે. જ્ઞાનમાં બંને વિરુદ્ધ વિષયનું જાણવું થાય છે. અથવા અભેદને અભેદસ્વરૂપે પોતાને જાણે છે અને ભેદનયે ભેદસ્વરૂપે પોતાને જાણે છે. એમ જ્ઞાનને બંને નય છે. ૧૪૩ ગાથા પછી ૨૬ શ્લોક લીધા એમાં ભેદ-અભેદ બંને પડખાં લીધા છે. શુદ્ધ-અશુદ્ધ, નિત્ય-અનિત્ય, ભેદ-અભેદ બંને પડખા લીધા છે. જ્ઞાનમાં બે વિરુદ્ધ વિષયનો સ્વીકાર હોવા છતાં, શ્રદ્ધા અભેદને શ્રદ્ધતી હોવાથી જ્ઞાનમાં મુખ્યતા અભેદની થાય છે. ભેદની મુખ્યતા નથી થતી. કેમ કે નિયમ એવો છે કે જેનું શ્રદ્ધાન એની મુખ્યતા. જો પરનું શ્રદ્ધાન તો પરની મુખ્યતા. પરની એટલી મુખ્યતા પરના શ્રદ્ધાન કાળે કે જ્ઞાનથી એમ વિચાર કરે કે હું પરમેશ્વરપદે સર્વથી સર્વોત્કૃષ્ટ અને મુખ્યતા કરવા લાયક છું એવો વિચાર કરે એ બેકાર જાય. વિચાર કરે છે શાસ્ત્ર વાંચીને કે મારું પરમેશ્વરપદ છે. સર્વોત્કૃષ્ટ તત્ત્વ જગતમાં હું છું. એ જ મારે મુખ્ય છે. એ જ મુખ્ય થવા લાયક, હોવા લાયક છે. શ્રદ્ધા ન ફરે તો જ્ઞાનમાં મુખ્યતા એની ન થાય. વાસ્તવિકપણે, સહજપણે.

કહે છે કે દૃષ્ટિથી-શ્રદ્ધાનથી, દૃષ્ટિ એટલે અહીંયાં શ્રદ્ધાનથી '**સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી...**' અરે..! ગુણભેદનો સ્વીકાર નથી તો પર્યાય તો દૂર છે જરા. ગુણભેદથી પર્યાય દૂર છે. કેમ કે ગુણભેદ તો સામાન્યના જ ભેદો છે, સામાન્યના જ વિશેષ છે. અને પર્યાય છે એ તો પરિણમતું તત્ત્વ છે, અનિત્ય તત્ત્વ છે અને આ નિત્ય તત્ત્વ છે. એમાં તો થોડું અંતર વિશેષ છે. એટલે એનો સ્વીકાર નથી. પર્યાયનો સ્વીકાર નથી એમાં સમ્યગ્દર્શનથી માંડી, મુનિદશાથી માંડી કેવળજ્ઞાન અને સિદ્ધદશા પર્યંતની કોઈ દશાનો એમાં સ્વીકાર નથી. એમ છે.

જેની શ્રદ્ધા છે એમાં સ્થિર થવાય છે. જેની શ્રદ્ધા છે એની જ્ઞાનને મુખ્યતા રહે છે. એમ જ્ઞાન અને આચરણ જાણે કે શ્રદ્ધાને અનુસરે છે. અથવા તો જ્ઞાનને

આચરણને શ્રદ્ધાના સમ્યક્‌પણાથી સમ્યક્‌પણાનું વિશેષણ પણ લાગે છે. ત્યાં સુધી તો એને વિશેષણ લાગતું નથી. જો કે ત્યાં સુધી સ્વરૂપ સ્થિરતા નથી હોતી. પણ જગતમાં બાહ્ય પરિણામને ચારિત્ર કહેવાનો વ્યવહાર છે. એ ચારિત્ર પણ સમ્યક્‌ચારિત્ર છે એવું સમ્યક્ શ્રદ્ધાવાળાને લાગુ પડે છે. એવો વ્યવહાર અસમ્યક્ શ્રદ્ધાવાળા-મિથ્યા શ્રદ્ધાવાળાને લાગુ પડતો નથી. કેમ કે દ્રવ્યલિંગી અને ભાવલિંગીના પંચ મહાવ્રત આદિ વ્યવહાર એકસરખા છે. તોપણ ભાવલિંગી સંતને એ સમ્યક્‌ચારિત્રના ભેદમાં જાય છે વ્યવહારચારિત્ર. દ્રવ્યલિંગીને એ સમ્યક્‌ચારિત્રનો અંશ ગણાતો નથી. ખરેખર તો એ પણ ઉપચાર છે. ભાવલિંગીને પણ એ ઉપચાર છે. સમ્યક્‌ચારિત્ર તો સ્વરૂપ સ્થિરતા જેટલું જ સમ્યક્‌ચારિત્ર છે. છતાં પણ એના વ્યવહારને અસમ્યક્‌પણું કહેવાતું નથી. એને અસમ્યક્‌ચારિત્ર છે એમ નથી કહેવાતું. વ્યવહારચારિત્ર છે. રાગરૂપ ચારિત્ર છે એમાં દુઃખરૂપ ભાવ છે, નિષેધવા લાયક છે, એનો અભાવ કરે છે એ બધી વાત સાચી પણ એને અસમ્યક્ એવું વિશેષણ ન લાગુ પડે.

જ્ઞાન કોઈપણ જ્ઞેયમાં જાય. જ્ઞાનનો ઉપયોગ કોઈપણ જ્ઞેયને વિષય કરે. સામે જે કોઈ જ્ઞેય આવે તેને વિષય કરે. પણ સ્વરૂપજ્ઞાન જેને છે એનું સર્વ જ્ઞાન સમ્યક્‌જ્ઞાન કહેવાય છે. મિથ્યાદૃષ્ટિને તો સ્વરૂપનો ઉપયોગ કે પરિણતિ કાંઈ નથી. ઉપયોગ કે લબ્ધ કાંઈ નથી તો એનું સર્વ જ્ઞાન અસમ્યક્ કહેવાય છે. વિચાર કરે કે આત્મા પરમાનંદ સ્વરૂપ છે તો એ અસમ્યક્ મિથ્યા છે. સ્વરૂપનો વિચાર પણ એને અસમ્યક્‌જ્ઞાનમાં જાય છે, મિથ્યાજ્ઞાનમાં જાય છે. સમ્યગ્દૃષ્ટિનો બહારનો ઉપયોગ, બીજા પદાર્થ પ્રત્યેનો ઉપયોગ ભલે એ ઉપયોગ એને નિર્જરાનું કારણ નથી, પરસત્તાવલંબનશીલ જ્ઞાન છે, નિષેધવા લાયક છે, એનાથી સિદ્ધિ નથી, મોક્ષમાર્ગ નથી તોપણ એને અસમ્યક્‌જ્ઞાન-મિથ્યાજ્ઞાન ન કહી શકાય. એને સમ્યક્‌જ્ઞાનના ભેદમાં લેવું પડે. એનું કારણ શ્રદ્ધાન સમ્યક્ છે. જ્ઞાનમાં તો ઉપયોગ બહાર નીકળે પણ શ્રદ્ધાન સમ્યક્ છે. તો શ્રદ્ધાન સમ્યક્ છે એમાં બહારમાં જે પરનો સ્વપણે સ્વીકાર હતો એ બંધ થઈ ગયો છે. પરને પરપણે જાણતું થઈ ગયું છે જ્ઞાન. ભલે પરને અવલંબે છે તોપણ પરપણે જાણીને અવલંબે છે, સ્વપણે જાણીને અવલંબતું નથી, મિથ્યાજ્ઞાનની જેમ. આ ફરક છે.

મિથ્યાદૃષ્ટિનો ઉપયોગ પણ પરસત્તાવલંબનશીલ અને સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ પણ પરસત્તાવલંબનશીલ. બંને ભગવાનના દર્શન કરે. બેમાં ફેર છે. બેય એક સરખું જાણતા નથી. જ્ઞેય એકસરખું છે, જ્ઞાન એકસરખું નથી. કેમ કે નિમિત્ત એકસરખું હોવા છતાં ઉપાદાન એકસરખું નથી. ઉપાદાનમાં ફરક થઈ ગયો છે. આમ શ્રદ્ધાનો પ્રભાવ પરિણમનની અંદર બહુભાગ પ્રવર્તે છે. એનું કારણ શ્રદ્ધાન પૂરેપૂરું પૂરી શકિતથી સમ્યક્

થઈને સ્વરૂપનો આશ્રય કરે છે અથવા સ્વીકારે છે સ્વરૂપને. અને એમાં ગુણભેદનો સ્વીકાર નથી.

એક બાજુ પર્યાયનો સ્વીકાર નથી, તોપણ બીજી બાજુ બીજા ગુણની અંદર સ્વરૂપમાં ઠરી જવાની ભાવના છે. એ પર્યાય અપેક્ષિત વિષય છે. ત્રિકાળી તો ઠરેલું જ છે. ત્રિકાળીમાં ઠરવું, નહિ ઠરવું અથવા કઈ કરવું, નહિ કરવું એવો કોઈ અવકાશ નથી. એ તો અનાદિઅનંત પરિપૂર્ણ તત્ત્વ છે. પણ અવસ્થા અસ્થિરપણે બહારમાં ભિન્ન ભિન્ન વિષયોમાં પ્રવર્તે છે, ભિન્ન ભિન્ન વિષયોને અવલંબે છે એને અશાંતપણું ઊભું થાય છે. એને ભાવના એમ છે સાધકને કે હું સદાય મારા સ્વરૂપમાં સ્થિર જ રહું. હું મારા સ્વરૂપમાં હું ઠરી જાઉં, જામી જાઉં આ સિવાય મને પર્યાયમાં બીજો પ્રકાર હો એવી મારી ભાવના નથી, એવી મારી ચાહના નથી, એવું હું ઇચ્છતો નથી. આમ શ્રદ્ધા ભલે પર્યાયની ન સ્વીકારતી હોવા છતાં ભાવનાનો વિષય આવો જ હોય અને બીજા પ્રકારે ન હોય.

આ વિષય પ્રસિદ્ધ નહિ હોવાથી અને જરા અટપટો વિચિત્ર હોવાથી તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ઘણાને બેસતો નથી. શ્રદ્ધા આવી અને ભાવના આવી, આમાં શ્રદ્ધાને અને ભાવનાને મેળ ક્યાં છે? એમ નથી. અહીંયાં દરેક ગુણ પોતપોતાનું કામ કરે છે અને એક જ કાળે. શ્રદ્ધા જે કાળે પોતાનું કામ કરે છે, તે જ કાળે પુરુષાર્થ પોતાનું કામ કરે છે, જ્ઞાન પોતાનું કામ કરે છે, આચરણ પોતાનું કામ કરે છે અને દરેક પોતપોતાના વિષયમાં પોતાની રીતે પોતાનું કામ કરે છે, સ્વતંત્રપણે. કોઈને આધીન કોઈ કામ કરતું નથી.

મુમુક્ષુ :- ભાવનામાં શુદ્ધ અને અશુદ્ધ બેય લીધું કે અશુદ્ધ પર્યાય જ લીધી?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે રાગ ઉપર તો ઉપચાર આવે છે, પણ પુરુષાર્થ સહિત છે. સ્વરૂપમાં ઠરવાના પુરુષાર્થ સહિત છે કે પૂરેપૂરું ઠરી જવું છે. આ અધુરું ઠરીને બહાર અવાય છે એ ભાવનાનો વિષય નથી. બહાર અવાય છે તે ભાવનાનો વિષય નથી. પૂરેપૂરું ઠરી જવું-સ્થિર થવું એ ભાવનાનો વિષય છે.

મુમુક્ષુ :- ભાવનામાં ઘણાં ગુણ છે ને?

ઉત્તર :- ભાવનામાં રસ છે. જ્ઞાનનો, આચારણનો, પુરુષાર્થનો બધો રસ છે.

'**તો પણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના વર્તે છે.**' હવે આ તરત જ સામે સામે કેમ લીધું છે તોપણ કરીને? શ્રદ્ધા પર્યાયને સ્વીકારતી નથી તોપણ આમ છે એમ તોપણ કહેવાની શું જરૂર ઊભી થઈ? કે જ્યાં નિશ્ચયાભાસ છે ત્યાં આ ભાવના નથી હોતી. નિશ્ચયાભાસી જીવ નિશ્ચયના વિષયની જાણે મુખ્યતા કરતો હોય અને નિશ્ચય

સ્વરૂપની હિમાયત કરતો હોય એવું લાગે છે. પણ એને આ ભાવના નથી ઉત્પન્ન થતી કે હું ઠરી જાઉં. પછી એ નિશ્ચયની આડ લઈને એમ કહે છે, પર્યાયમાં જે થાવું હોય ઈ થાઓ. જે કાળે જે પર્યાય આવે, પર્યાય સામું જોવે છે કોણ? નિશ્ચયને અવલંબીને કહેનારા પણ, એવી મસ્તીમાં કહેનારા જ્ઞાનીઓ પણ હોય છતાં એને ભાવના હોય છે. એ વાતનો અહીંયાં ખ્યાલ આપ્યો છે કે સાધકનો તો સ્વરૂપમાં પૂર્ણપણે ઠરી જવાની જ ભાવના હોય. બીજી ભાવના સાધકને ન હોય. પણ નિશ્ચયાભાસીને એ ભાવના નથી હોતી. એટલે તોપણ શબ્દ કહીને આ વાત મૂકી છે. તોપણ કહેવા પાછળ એ કારણ છે કે ભલે પર્યાયઅંશનો શ્રદ્ધાને સ્વીકાર નથી તોપણ ભાવનામાં, પર્યાયમાં પૂર્ણપણે સ્વરૂપમાં ઠરી જવું એવી ભાવના હોય. એમ જ હોય.

બીજી એક અપેક્ષા લઈએ દૃષ્ટાંતમાં. જ્ઞાનીને પ્રવૃત્તિ નડતી નથી. પ્રવૃત્તિ-નિવૃત્તિ. બાહ્ય પ્રવૃત્તિ અને બાહ્ય નિવૃત્તિ. એમાં કોઈ જ્ઞાની ચક્રવર્તીથી માંડીને ગમે તે ઉદયમાં હોય છે. જેમ ... વિષનો ઉપયોગ છે એ વૈદ્ય મરતો નથી એનાથી. વૈદ્ય પોતે ઔષધની અંદર વિષનો ઉપયોગ કરે તો વૈદ્ય મરતો નથી. એમ જ્ઞાનીને એ કોઈ પ્રવૃત્તિ છે એ એને સાધકપણામાં એનું સાધકપણું તોડીને બાધકપણું લાવે એવું કરી શકતી નથી. છતાં જ્ઞાનીને નિવૃત્તિની જ મુખ્યતાએ ભાવના રહે, પ્રવૃત્તિની ભાવના એને ન રહે. ભલે પ્રવૃત્તિ-નિવૃત્તિ રહિત મારું તત્ત્વ છે એવું શ્રદ્ધાન છે. પણ છતાં ભાવનામાં શું હોય? ભાવનામાં એની નિવૃત્તિની જ ભાવના હોય. કોઈ એમ કહે કે ના, ના જ્ઞાનીને તો પ્રવૃત્તિ-નિવૃત્તિની ભાવનાનો પ્રશ્ન નથી. એ જ્ઞાનીની દશાને સમજ્યા નથી. એમ છે. એટલે તો પણ કહીને વાત લે છે. શ્રદ્ધા તો શ્રદ્ધા છે અને શ્રદ્ધાનો વિષય અનાદિઅનંત ધ્રુવ પરમપારિણામિકભાવરૂપ પરમેશ્વરપદ છે અને શ્રદ્ધાનો વિષય કૃતકૃત્ય છે, એમાં કાંઈ કરવાનું બાકી નથી તોપણ અવસ્થાએ જે કરવાનું બાકી છે એની ભાવના હોય, હોય ને હોય જ. ભલે મસ્તીમાં એમ કહે, એ વચન એના સમ્યક્ છે, કહે તોપણ, કે હવે કાંઈ કરવાનું બાકી રહેતું નથી. પણ એ શ્રદ્ધાના વિષયને મુખ્ય કરીને કહે છે. અવસ્થાની ભાવના એને જે છે એ છે, એમાં કોઈને ફરક હોઈ શકે નહિ. એટલે તોપણ શબ્દ વાપર્યો છે.

**'તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે. રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે.'** એ રાગનો અંશ છે સાધકને અને ઉપયોગમાં બહિર્મુખ ઉપયોગ છે, જેટલું રાગ અંશ છે, જેટલું બહિર્મુખપણું છે, જેટલું પરસત્તાનું અવલંબન છે જ્ઞાનને, આચરણને, પુરુષાર્થને ત્યારે એની માત્રામાં એનું દુઃખ ઉત્પન્ન થાય, થાય ને થાય જ. ચોથા ગુણસ્થાને દુઃખ છે એ પરિણમનનો અંશ ઘટીને પાંચમા ગુણસ્થાને

દુઃખ ઘટે છે. છઠ્ઠા ગુણસ્થાને એથી પણ ઓછું દુઃખ થાય છે. પણ તે દુઃખરૂપે વેદાય છે.

સમ્યગ્દૃષ્ટિ નરકમાં જાય તોપણ 'અંતર સુખરસ ગટાગટી' એમ કહે. બીજી બાજુથી એમ કહે કે સંજ્વલન કષાય છે એ પણ બાળે છે. એ પણ જીવના ગુણને બાળે છે, એ શાંતિને બાળે છે એમ કહેવાય છે. બંને વાત છે. બંનેની અપેક્ષા સમજવી જોઈએ. તો વચનવિરોધ આવતો નથી. નહિતર વચનવિરોધ ઊભો થાય. એક બાજુથી એમ કહે કે નરકમાં પણ એને દુઃખ નથી અને રાડ-બૂમ તો પાડે છે. નરકમાં પરમાધામી માર મારે તો એ રાડ બૂમ પાડે છે, રડે છે. અને છતાં એમ કહે, 'અંતર સુખરસ ગટાગટી' ઘટક ઘટક આત્માની શાંતિને પીવે છે ત્યાં.

બીજી બાજુથી એમ કહે કે મુનિરાજને પણ જેટલો રાગાંશ છે એટલું દુઃખ છે. ત્યાં સુખના અંશની મુખ્યતાથી બેય પર્યાયની વાત છે. કોઈ એમ કહે કે દૃષ્ટિ અપેક્ષાએ આમ અને જ્ઞાન અપેક્ષાએ (આમ) વાત, એમ પણ નથી, બેય પર્યાયની વાત છે. સુખ પણ પર્યાયમાં વેદાય છે અને દુઃખ પણ પર્યાયમાં વેદાય છે. એટલું જરૂર છે કે સુખવૃત્તિની મુખ્યતા છે. દુઃખવૃત્તિનો અંશ છે એની ગૌણતા છે. દુઃખની મુખ્યતા નથી. પણ એ દુઃખરૂપે વેદાય છે. 'સોગાનીજી'એ લીધું જ છે કે દેવાદિ પ્રત્યે ઉપયોગ જાય એમાં પણ ભઠ્ઠી જેવું દુઃખ લાગે છે. એ સમ્યગ્દૃષ્ટિની વાત છે કે મિથ્યાદૃષ્ટિની વાત છે? કે સમ્યગ્દૃષ્ટિની વાત છે. કોઈ એકાંતે માને કે નરકનો આવો દૃષ્ટાંત લીધો છે માટે સમ્યગ્દૃષ્ટિને દુઃખ છે જ નહિ. એમ નથી. એને જેટલો રાગ છે એટલું દુઃખ છે.

'**રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે...**' આ ગ્રંથમાં જ્ઞાનદશાનું સ્પષ્ટીકરણ તો ઘણું છે. કેટલા બોલ છે! એ બધા અનેક પડખાથી, જુદાં જુદાં પડખાથી વિષયને સ્પષ્ટ કરે છે. '**રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે...**' એ ત્રીજી વાત લીધી. અને ચોથી એમાં ને એમાં લે છે. '**અને વીતરાગતા-અંશરૂપ અંતર્મુખતા સુખરૂપે વેદાય છે.**' દુઃખ અને સુખ એ મિશ્ર અવસ્થા છે સાધકદશા છે એમાં. ધર્મ અને અધર્મ મિશ્ર અવસ્થા છે. ગુણ અને દોષની મિશ્ર અવસ્થા છે. સુખ-દુઃખની મિશ્ર અવસ્થા છે. એટલે જેટલી વીતરાગતા પ્રગટી છે, જેટલા અંશે વીતરાગતા પ્રગટી છે અને અંતર્મુખતા છે એટલું ત્યાં સુખનું પણ વેદન છે. સુખવેદન મુખ્ય છે, દુઃખવેદન ગૌણ છે.

'**જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે.**' અને જે રાગાંશરૂપ બહિર્મુખતા છે એ બાહ્ય વૃત્તિ છે. તેનાથી સાધકજીવ ન્યારો ને ન્યારો રહે છે, જુદો ને જુદો રહે છે, એનાથી ભિન્ન જ રહે છે. અથવા એ મારું સ્વરૂપ

નથી, એમાં મારું અસ્તિત્વ નથી, એમાં મારું કોઈ સ્વામિત્વ નથી અને હું એનાથી સ્વરૂપે કરીને તદ્દન ભિન્ન છું એવો અનુભવ, એ બધા ભાવનો એકરૂપ અનુભવ એને ચાલુ ને ચાલુ રહે છે. રાગવૃત્તિ ભલે ક્ષણે ક્ષણે ઊઠે છે તોપણ એનાથી હું ભિન્ન છું, એ વાત ચાલુ ને ચાલુ રહે છે એમાં કદી ફેર પડતો નથી. સો વાર પાડોશીને ત્યાં જાય તો પણ એકવાર ભૂલ કરતો નથી કે આ મારું થઈ ગયું છે. એ ૨૯૨માં દૃષ્ટાંત લીધો એ પ્રકાર છે.

**'જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે.'** તેનાથી પોતાનું ભિન્નપણું જ એને અનુભવાય છે. ક્યારે પણ એમાં ભૂલ થતી નથી કે આ રાગ મારા સ્વરૂપમાં છે. એવી ભૂલ થતી નથી. પોતાનું સ્વરૂપ રાગરહિત પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ જ્ઞાનમાં અને શ્રદ્ધાનમાં છે અને રાગ એમાં ક્યારેય ભળતો નથી, આવી શકતો નથી, એની મર્યાદા જ જુદી છે. એટલે પછી એમ કહેવાય છે કે રાગનું ક્ષેત્ર જુદું અને આત્માનું ક્ષેત્ર-મારું ક્ષેત્ર જુદું. 'સમયસાર'ની ૧૮૧ ગાથામાં એ વાત લીધી કે રાગનું ક્ષેત્ર જુદું છે અને મારું ક્ષેત્ર જુદું છે. સંવર અધિકારમાં એ વાત લીધી છે. એટલા માટે લીધી છે. એ ક્યારે પણ ભૂલ કરતો જ નથી કે આ રાગ મારામાં થાય છે. અશુદ્ધ નયથી એમ જાણે છે કે અશુદ્ધતા મારો અંશ છે. અશુદ્ધનય પ્રમાણજ્ઞાનનો ભેદ છે તો અશુદ્ધતા મારો અંશ છે એમ જાણે છે. નિશ્ચયાભાસીની જેમ ઉડાડતો નથી. તોપણ એનાથી જુદો રહે છે. મારો જાણે છે અને જુદો રહે છે. આમ છે. એ તો સંસારમાં અનેક પ્રકાર એવા છે. આ ભાઈઓ-ભાઈઓ જુદાં થાય છે કે નહિ? કોઈના નફા-નુકસાન સાથે કોઈના નફા-નુકસાનને લેવા-દેવા હોતું નથી. એક કરોડપતિ થાય તો બીજો ગરીબ જ રહે છે. અથવા એક દેવાળું કાઢે છે તો બીજાને એનું કાંઈ લાગતું વળગતું નથી. તોપણ એમ કહેવાય કે મારો ભાઈ છે, મદદ કરવી એ મારી ફરજ છે. મારો ભાઈ છે. આખર તો અમે એક જ છીએ એમ કહે. એક પણ છીએ અને જુદાં પણ છે બેય વાત એકસાથે છે. છે કે નહિ ? બીજા એને નુકસાન કરવા આવે તો એકતાને સાધે, એકતાની મુખ્યતા કરે. પોતાના નુકસાનનો સવાલ આવે તો કહે, હું જુદો છું. એમ એકપણું પણ રાખે અને જુદાંપણું પણ રાખે. એમ રાગથી જુદાપણું રાખે છે એટલી અહીંયાં વાત છે. પણ નિશ્ચયાભાસીની જેમ જુદાંપણું રાખે છે એમ છે નહિ. ત્યાં ક્ષેત્રથી જુદો થયો તો એ નિશ્ચયાભાસમાં ચાલ્યા જાય. રાગનું ક્ષેત્ર જુદું છે. તો એવી રીતે રાગનું ક્ષેત્ર મૂળમાં જુદું નથી. એનું ભાવનું ક્ષેત્ર જુદું છે. ભાવાત્મક કાર્યક્ષેત્ર એનું જુદું છે. પ્રદેશનું ક્ષેત્ર એનું એકનું એક છે.

**'આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણિતિમાં વિભાવ ન સમાય.'** જેમ

આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય. ખૂંચ્યા જ કરે. થાય છે ખરો. નથી થતો સર્વાંશે એમ તો વાત નથી. થાય છે તો એની શું પરિસ્થિતિ છે? કે આંખમાં કણું પડે અને ખૂંચ્યા કરે એવી પરિસ્થિતિ છે. આંખમાં કણું પડે એ બીજી વાતો કરે, બીજો વિચાર કરે તોપણ જાણે કે એનો ઉપયોગ ત્યાં લાગેલો ને લાગેલો રહે છે કે આ કણું નીકળી જાય તો સારું, આંખમાં ખૂંચ્યા કરે છે એ નીકળી જાય તો સારું. એકલો વિચાર કરે છે એમ નહિ.

આ જે તબીબી વિજ્ઞાનના અભ્યાસીઓ છે એ એમ કહે છે કે શરીરના અવયવો એવી રીતે કામ કરે છે કે આંખમાં જે રસગ્રંથીઓ છે એમાંથી પાણી છૂટવા માંડે છે અને એ કણાને બહાર કાઢવાની મદદ કરે છે. આંખમાં પાણી હોય તો ઉભરાયને છેવટે બહાર નીકળી જાય. ...ને ભાવે ઈચ્છા તો થાય છે કે હું આને કાઢી નાખું. પણ શરીર પણ એની મદદ કરે છે. જાણે કે એની ભાવનાને-ભાવને અનુસરે છે. કણું ન જોઈએ તે ન જોઈએ. એમ રાગ ન જોઈએ વીતરાગમાર્ગમાં તે ન જોઈએ.

કોઈએ એવું પૂછ્યું કે ભગવાન! આપના પ્રત્યે અમને રાગ છે એટલું તો રહેવા દો. (ભગવાન કહે છે), અમારા માર્ગમાં એ વાત નથી. અમે તારા ભગવાન અને તું અમારો ભક્ત, એ વાત જ મૂળમાંથી અમે ક્યાં તને કીધી છે? અમે તો એમ કહીએ છીએ કે હું ભગવાન અને તું પણ ભગવાન છો. મૂળમાં આ વાત રાખીને આગળ ચાલીએ છીએ. એટલે રાગને રાખવો એ વીતરાગમાર્ગની અંદર કોઈપણ બાહ્ય સિદ્ધાંતમાં નથી કે માર્ગમાં નથી એ વાત.

**'આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય. જો સાધકને બહારમાં પ્રશસ્ત-અપ્રશસ્ત રાગમાં દુઃખ ન લાગે અને અંદરમાં વીતરાગતામાં સુખ ન લાગે તો તે અંદર કેમ જાય ?'** શું કહે છે? **'સાધકને બહારમાં પ્રશસ્ત-અપ્રશસ્ત રાગમાં દુઃખ ન લાગે...'** બંને લીધા છે. કેમ કે સાધકને અપ્રશસ્ત રાગ પણ ચોથા અને પાંચમા ગુણસ્થાન સુધી હોય છે. છઠ્ઠા ગુણસ્થાનથી પછી અપ્રશસ્ત રાગ નથી આવતો. અપ્રશસ્ત રાગ આવે તો છઠ્ઠું ગુણસ્થાન છૂટી જાય.

મુમુક્ષુ :- પ્રશસ્ત રાગને ભઠ્ઠી જેવું દુઃખ કીધું તો અપ્રશસ્ત રાગને શું કહેવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એની ઉપમા નથી મળતી પછી. પછી એની ઉપમા નથી મળતી. એમ છે. 'ગુરુદેવ' બહુ વાસ્તવિકતાથી એનું વર્ણન કરતા. વિષયનું દુઃખ છે એ એમ કે અપ્રશસ્ત રાગનું દુઃખ છે, પંચેન્દ્રિયનો વિષય છે તે. એવું એક દૃષ્ટાંત લેતા કે જેમ કોઈ રાજાને ત્યાં રાજકુમાર જન્મે અને તાજું જ જન્મેલું કોમળ બાળક હોય, કુમળું બાળક હોય એને જમશેદપુરની ભઠ્ઠીમાં નાખે. જેમાં લોખંડનું પાણી થાય છે

એમાં કુમળા શરીરવાળાને નાખે. દઠર શરીરવાળાને નહિ. કુમળા શરીરવાળાને નાખે અને જે દુઃખ થાય એવું દુઃખ થાય છે. એમ લેતા. બહુ આર્ત્ત હૃદયથી (કહેતા)... આહા..હા..! એની વેદના તો જુઓ. આ અપ્રશસ્ત રાગની વેદના કેવી છે? એમ.

એટલે અપ્રશસ્ત રાગમાં આવે છે પણ આવી વેદનામાં આવે છે. એટલે કેમ એ પ્રવૃત્તિને ચાહતા નથી એનું કારણ છે. નિવૃત્તિ અને પ્રવૃત્તિમાં કેમ ફેર છે? આ ફરક છે એની અંદર. કે એનો ત્રાસ વિશેષ છે. જે દુઃખ છે એનાથી ત્રાસ થાય છે. અને જો એમ ન થતું હોય તો એમ કરીને દલીલ આપી છે કે અંદરમાં વીતરાગતામાં જો સુખ ન લાગે તો અંદર કેમ જાય? એનો પુરુષાર્થ કેવી રીતે ઉપડે? દુઃખ લાગે તો દુઃખથી છૂટવાનો પુરુષાર્થ ઊપડે. દુઃખ જ ન લાગે તો દુઃખથી છૂટવાનો પુરુષાર્થ ન ઊપડે.

સામાન્ય રીતે માણસ એમ કહે છે, મુમુક્ષુઓ આપણે ચર્ચા કરે છે કે પુરુષાર્થ ઉપડતો નથી, પુરુષાર્થ ઉપડતો નથી એમ કહે છે ને? વાત સમજાય છે પણ પુરુષાર્થ ઉપડતો નથી. આ આપણે ત્યાં સમસ્યા ઊભી થયેલી છે વાત સમાજાયા પછીની. એમ નહિ, આ પ્રશ્ન છે કે દુઃખ લાગ્યા વિના ક્યાંથી પુરુષાર્થ ઉપડશે? વાત સમજાય છે એમાં રાગમાં દુઃખ છે એ વાત સમજાય છે? તો કહે, હા એ પણ સમજાય છે. એ સમજવાનો વિષય છે કે લાગવાનો વિષય છે? લાડવાનું ગળપણ સમજવાનો વિષય છે કે ચાખવાનો-સ્વાદ લેવાનો વિષય છે? એ કાંઈ વર્ણન કરવાનો વિષય નથી. વર્ણનથી એનું ગળપણ નહિ સમજાય, જે સ્વાદથી સમજાશે.

રાગમાં દુઃખ છે એ સમજાય છે પણ લાગતું નથી. તો સમજાય છે કાંઈ અને લાગે છે કાંઈ. ઉત્તર-દક્ષિણની વાત થઈ ગઈ. સમજણ અને અનુભવને અંતર પડી ગયું. એથી એનો પુરુષાર્થ ઉપડતો નથી. અથવા ખરેખર એ સમજણ હજી ઓઘસંજ્ઞાએ કેમ છે? Logic ભલે આપે, સમજે. રાગમાં આકુળતા થાય છે તેથી એની યુક્તિને એક અનુભવ એમ કહે છે કે રાગ છોડવો પડે છે. ગમે તેવો સુહાતો રાગ પણ જીવ છોડે છે. એનો અર્થ શું છે? કે ત્યાં દુઃખ છે. હવે દુઃખ છે એમ ન્યાયથી નક્કી કરે તોપણ ઓઘસંજ્ઞાએ કેમ છે? કેટલાક રાગમાં દુઃખ કલ્પે છે, કેટલાક રાગમાં સુખ કલ્પે છે. અથવા તેના તે રાગમાં ક્યારેક સુખ કલ્પે છે, વળી પાછો તેના તે રાગમાં પાછો દુઃખ કલ્પે છે. ખરેખર એને રાગની ઓળખાણ નથી. રાગમાં રહેલા દુઃખની ઓળખાણ એને નથી. એમ છે.

મુમુક્ષુ :- એટલું જ્ઞાન સ્થૂળ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાન એટલું સ્થૂળ છે અથવા જ્ઞાન એટલું મલિન છે. સ્થૂળ પણ છે અને મલિન પણ છે. ચોખ્ખું દર્પણ નથી. જ્ઞાનદર્પણમાં દુઃખનું દુઃખરૂપે

ભાસવું થવું જોઈએ એ દુઃખરૂપે દુઃખ ભાસ્યમાન થતું નથી.

**'જો સાધકને બહારમાં પ્રશસ્ત-અપ્રશસ્ત રાગમાં દુઃખ ન લાગે અને અંદરમાં વીતરાગતામાં સુખ ન લાગે...'** બેય એકસાથે વેદાય છે. સુખઅંશ અને દુઃખઅંશ, રાગ અને વીતરાગતા એકસાથે છે, એક કાળમાં છે, એક પર્યાયમાં છે. એકમાં દુઃખ લાગે છે, એકમાં સુખ લાગે છે. **'તો તે અંદરમાં કેમ જાય?'** અંદરમાં એને જવાનો પુરુષાર્થ ઉપડતો નથી. દુઃખ લાગે તો જ સુખમાં જવાનો પુરુષાર્થ ઉપડે. દુઃખ ન લાગે તો એ પુરુષાર્થનું ઉત્થાન જ આવી શકે નહિ.

એટલે તો એ વિષય મુમુક્ષુદશામાં લીધો છે પૂર્વભૂમિકામાં. સમ્યગ્દર્શનની પૂર્વભૂમિકામાં એ વાત લીધી છે કે પ્રથમ રાગમાં દુઃખ લાગે તો એ રાગમાંથી છૂટવાનો પ્રયત્ન કરે-પુરુષાર્થ કરે. જો પ્રથમ રાગમાં દુઃખ ન લાગે તો એને પુરુષાર્થનો ઉપાડ જ ન આવે. અથવા પુરુષાર્થનો ઉપાડ આવતો નથી એમાં ચોખ્ખી પરિસ્થિતિ એ છે કે જીવને રાગ છે એમાં દુઃખ લાગતું નથી. મુમુક્ષુ દશામાં સમ્યગ્દર્શન પહેલાં તો એકત્વબુદ્ધિનો રાગ છે. જ્ઞાનદશામાં એ એકત્વબુદ્ધિનો રાગ નથી તોપણ ભટ્ઠી જેવું દુઃખ લાગે છે તો એકત્વબુદ્ધિના રાગમાં કેટલું દુઃખ હોય? એમાં તો ઘણું દુઃખ છે, અનંત દુઃખ છે એમ કહે છે. જ્ઞાની એમ કહે છે કે એકત્વબુદ્ધિના રાગમાં અનંત દુઃખ છે. થોડું દુઃખ નથી પણ અનંત દુઃખ છે. એ અનંતુ દુઃખ, દુઃખરૂપે ન લાગે એનો આ વિષયની વાસ્તવિક્તામાં પ્રવેશ થયો નથી. અનંતા દુઃખમાં જરાય દુઃખ ન લાગે. પરિસ્થિતિ શું છે એની? કે અનંતા દુઃખમાં એને જરાય દુઃખ લાગતું નથી. ત્યાંથી કેવી રીતે છૂટવાનો હતો? જ્ઞાની તો ક્ષણે ક્ષણે છૂટતા જાય છે એનું કારણ કે ભિન્ન પડેલા દુઃખમાં પણ દુઃખ લાગે છે. ભિન્ન પડેલા રાગમાં પણ દુઃખ લાગે છે. તો એ રાગથી એ છૂટતા જાય છે. એ રાગ પણ એનો મટતો જાય છે. કેમકે એમનો વીતરાગતામાં જવાનો પુરુષાર્થ ચાલુ રહે છે. અહીંયાં તો એવી પરિસ્થિતિ છે એકત્વબુદ્ધિમાં પણ જો દુઃખ નથી લાગતું તો પછી એનું જાણપણું અને ધારણા જરા પણ કામમાં આવતી નથી.

તિર્યંચને પણ આ પરિસ્થિતિ ઊભી થાય છે. જેટલો રાગ છે એમાં દુઃખ લાગવાનું શરૂ થાય છે અથવા એની ઓળખાણ સુખ-દુઃખથી પણ શરૂ થાય છે. આત્માની ઓળખાણનો જ્યાં નિર્ણયનો વિષય ચાલે છે ત્યાં આ વાત સ્પષ્ટ છે કે જ્ઞાનલક્ષણથી આત્મા જ્ઞાનસ્વરૂપી છે એમ ઓળખાય છે. ત્યારે એ જ્ઞાનસ્વરૂપી આત્મા સુખસ્વરૂપી છે એમ પણ ઓળખાય છે. કેમ કે પ્રયોજનનો વિષય જ્ઞાન નથી પણ પ્રયોજનનો વિષય સુખ છે. એટલે એ સાથે સાથે વાત છે કે જ્ઞાન સુખરૂપે છે એમ

ઓળખાણની અંદર તિર્યંચને પણ સુખ-દુઃખનો વિભાગ જુદો પડે છે. એની પાસે કોઈ વિશેષ જ્ઞાન નથી. વચનવ્યવહાર નથી, સમજવું-સમજાવવું નથી. પૂર્વ સંસ્કારને વશ ત્યાં જ્ઞાન થાય છે. તો અંદરમાં જે પહેલી ઓળખાણ થાય છે, જ્ઞાન થયા પહેલા એની ઓળખાણ થાય છે. સ્વ-પરની ભિન્નતા, સ્વ-પરની જુદાઈ, આ સ્વ અને આ પર એમ. એમ આ સુખ અને આ દુઃખ. આ રાગ અને આ વીતરાગતા. આ રાગ અને જ્ઞાન એ બધું જુદાપણું એમાં થાય છે. તિર્યંચ હોય તોપણ થાય છે.

તિર્યંચ સુખ-દુઃખને સમજી શકે છે એ વાત તો પ્રસિદ્ધ છે. તિર્યંચ સુખ-દુઃખને સમજી શકે છે એ વાત તો પ્રસિદ્ધ છે. માખી કાંઈ ફટકડી ઉપર બેસતી નથી. સાકરના ગાંગડા ઉપર બેસે છે. કીડી-મકોડા પણ ફટકડીને વળગતા નથી. સાકરને વળગે છે. સુખ-દુઃખની તો એને ખબર (પડે છે). ભલે ત્યાં કલ્પના છે સુખ-દુઃખની પણ સુખ-દુઃખને સમજે છે એટલો ક્ષયોપશમ ત્યાં છે. આ તો સંજ્ઞી પંચેન્દ્રિય છે. પણ અસંજ્ઞીપણામાં પણ સુખ-દુઃખને સમજવાનો આટલો તો ક્ષયોપશમ છે. કીડી-મકોડા, માખી એ કોઈ સંજ્ઞી પંચેન્દ્રિય નથી. અસંજ્ઞી છે. ત્રીન્દ્રિય, ચૌન્દ્રિય જીવો છે, છતાં આટલો તો સુખ-દુઃખનો ત્યાં ખ્યાલ આવે છે. પણ વિવેક નથી બીજો કરી શકતા.

હવે કેટલાક શાસ્ત્રવચનોનો સરવાળો મારે છે. શાસ્ત્રમાં **'ક્યાંક રાગ વિષે 'રાગ આગ દહે' એમ કહ્યું હોય,...'** આ 'છ ઢાળા'નો બોલ છે. 'રાગ આગ દહે સદા તાતે સમામૃત સેઈએ'. **'ક્યાંક રાગ વિષે 'રાગ આગ દહે' એમ કહ્યું હોય,...'** અથવા તો ભઠ્ઠી જેવું દુઃખ કીધું હોય, બેય એક જ વાત છે. તો **'ક્યાંક પ્રશસ્તને રાગને 'વિષકુંભ' કહ્યો હોય,..'** આ 'સમયસાર'ની અંદર સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં 'અમૃતચંદ્રાચાર્ય મહારાજે' વાત લીધી છે કે પ્રશસ્ત રાગ છે, પ્રતિક્રમણનો રાગ છે એ વિષકુંભ છે. મારા દોષથી પાછા વળવું છે એવો વિકલ્પ થયો પ્રતિક્રમણમાં તો. તો કહે છે, એ વિષકુંભ છે-ઝેરનો ઘડો. રાગ થયો ને. ઝેરનો ઘડો છે. આવું છે. રાગમાં ઝેર ભાળે છે. જ્ઞાની રાગમાં ઝેર ભાળે છે. સ્વરૂપમાં-સ્વભાવમાં આનંદઅમૃતને ભાળે છે અને સાથે સાથે રાગમાં ઝેર તત્ત્વને જોવે છે.

'શ્રીમદ્જી'એ લોકસંજ્ઞાને વિષ કહ્યું છે. જ્યાં સુધી મુમુક્ષુજીવ લોકસંજ્ઞાને કાળકૂટ ઝેર ન સમજે ત્યાં સુધી લોકસંજ્ઞા જીવ છોડી શકતો નથી. વજન એટલા માટે વધારે દીધું છે કે અનંત કાળમાં એ જેટલી વાર વીતરાગમાર્ગમાં પણ ધર્મના બહાને આવ્યો છે એમાં લોકસંજ્ઞા સાથે રાખી છે. લોકો મને આમ જોશે કે નહિ? લોકો મને આમ જોશે, લોકો મને આમ જોશે. લોકસંજ્ઞાએ ધર્મ કર્યો છે. અને એથી એને ધર્મ નથી થયો પણ અધર્મ જ ચાલુ ને ચાલુ રહ્યો છે. એક તો બહુ માર્ગ માર્મિક વાત કરી છે.

**'જે વર્ધમાનસ્વામી ગૃહસ્થાશ્રમમાં છતાં અભોગી જેવા હતા.'** સમ્યગ્દર્શન સહિત હતા ને? **'અવ્યવસાયી જેવા હતા. નિસ્પૃહ હતા. અને સહજ સ્વભાવે તો મુનિ જેવા હતા.'** સાધકદશામાં ભગવાન 'મહાવીરસ્વામી-વર્ધમાનસ્વામી'નું વર્ણન કરે છે. આત્માકાર પરિણામી હતા. ગૃહસ્થ અવસ્થામાં **'આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને,...'** જુઓ! પ્રવૃત્તિને નહોતા ઈચ્છતા. **'સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને, નિરસ જાણીને...'** દૂર પ્રવર્ત્યા. નિવૃત્તિ લીધી. તે વ્યવસાય... આ તો મહાપુરુષાર્થી હતા, મહાપરાક્રમી હતા, ચરમશરીરી હતા. એ ભવમાં જેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે. એવા એમ કે 'મહાવીર' કહેવાણા. મહાપરાક્રમી અને મહાવીર કહેવાણા. એ પણ ... પ્રવર્ત્યા **'તે વ્યવસાય બીજા જીવે કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે એ વિચારવાનું છે'** ખોટું સમાધાન લે છે ને? કે જ્ઞાનીને રાજપાટ હોય છે, જ્ઞાનીને પ્રવૃત્તિ હોય છે, જ્ઞાનીને ભોગ-ઉપભોગ હોય છે. એમ લેમાં તું. એ પ્રવૃત્તિના કાળમાં આત્માકાર પરિણામી હતા. એ અમને દેખાય છે. એટલે એમણે એ છોડી દીધું હતું. તો બીજા જીવે કરીને એમાં કયા પ્રકારે સમાધાન રાખવું વિચાર્યું છે? એણે શું આશરો લીધો છે? કયો એવો અપસિદ્ધાંત પકડી લીધો તે વિચારવા યોગ્ય છે. **'તે વિચારીને ફરી ફરીને તે ચર્યા કાર્યે-કાર્યે, પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવા યોગ્ય છે.'**

હવે અહીંયાં જે એમણે Point ઉઠાવ્યો છે એ બહુ સારો છે. એમણે રુચિને પકડી છે કે જો તારી સંસારની રુચિ છે તો તું સિદ્ધાંતમાંથી ઝલટી વાત પકડીશ કે જુઓ! સમ્યગ્દષ્ટિને પણ રાજપાટ ને ભોગ ઉપભોગ છે. જો તારી રુચિ આત્માની હશે તો સમ્યગ્દષ્ટિ આત્માકાર પરિણામી છે અને રાજપાટમાં એને ક્યાંય સુહાતું નથી. એટલે એને છોડીને નિવૃત્ત થઈ ગયા. અથવા એ પ્રવૃત્તિમાં રહ્યા-રહ્યા સદા નિવૃત્તિની ભાવનામાં રહેતા હતા, જે અહીંયાં વાત કરી કે સ્વરૂપમાં ઠરી જવાની જ એને ભાવના વર્તે છે. બીજી ભાવના એને વર્તે નહિ.

એટલે **'વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવા યોગ્ય છે. જો એમ ન કરવામાં આવે...'** હવે અહીંયાં આ શરત નાખી છે એમણે. બહુ સ્પષ્ટ ચિત્ર પકડ્યું છે. રુચિને પકડીને વાત કરી છે. પકડી લીધી છે રુચિને. **'જો એમ ન કરવામાં આવે તો એમ લાગે છે કે હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઈ નથી.'** જ્ઞાનદશાની વાત તો બહુ આઘી છે. પણ મુમુક્ષુપદને વિષે પણ એની જિજ્ઞાસા આવવી

જોઈએ, જે અભિલાષા આવવી જોઈએ, જે ભાવના આવવી જોઈએ એ વાત હજી એને ઊભી થઈ નથી.

અથવા તો... એક વાત તો એમણે જિજ્ઞાસાપણું લીધું. પાત્રતાને લીધી કે મુમુક્ષુની પાત્રતા એવી નથી. જિજ્ઞાસાનો અર્થ અહીંયાં પાત્રતાના સંબંધમાં છે. '**અથવા તો આ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે.**' આ એની બીજી નાડ પકડી છે. એક એક નાડનો ધબકારો ગણ્યો છે કે એને ધર્મ કરવો છે અને લોકસંજ્ઞા રાખીને કરવો છે. નહિ થાય. એનો અર્થ શું થાય છે? બહુ સીધી રીતે વિચારએ તો. કે જ્યારે પ્રવૃત્તિથી નિવૃત્તિ જોઈએ છે તો સંભવ છે કે આર્થિક જીવન છે એની અંદર સ્તર નીચેનું આવે. તો જે નીચેનું સ્તર આવે તો એની જે ગણતરી છે કે લોકો મને આમ જોશે. લોકસંજ્ઞામાં તો એને લોકોની નજરમાં ઉચ્ચપદ રાખવું છે અને ધર્મ કરવો છે. તો કહે છે, બહારમાં જે ગણતરી મુકાવ તે મુકાવ. જે લોકોને આંક બાંધવો હોય તે બાંધે. લોકોને ગમે તેવો અભિપ્રાય મારા વિષે થાય, હું જે છું તે છું. આ વિષેનું બળવાનપણું એને આવવું જોઈએ. તો લોકસંજ્ઞા છૂટે અને ધર્મની પાત્રતા ઊભી થાય. પાત્રતા ઊભી થાય એટલી વાત છે. પત્ર-૫૧૬ નંબર છે.

જો તેની પાત્રતા નથી તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે પણ તેને ખરેખર આત્મકલ્યાણ કરવાની જિજ્ઞાસા અથવા ભાવના ઘટતી નથી. '**કારણ કે બેય જીવના સરખાં પરિણામ હોય અને એક બંધાય, બીજાને અબંધતા થાય, એમ ત્રિકાળમાં બનવાયોગ્ય નથી.**' તું 'મહાવીરસ્વામી'નું કે ચક્રવર્તીનું દૃષ્ટાંત લે છે કે એ પણ પ્રવૃત્તિ કરે છે. અને પ્રવૃત્તિ કરે છે તો સ્પષ્ટપણે એમના પરિણામ પણ પ્રવૃત્તિમાં લાગેલા છે અને પ્રવૃત્તિ કરે છે. અને મારા પરિણામ પણ લાગેલા છે અને હું પ્રવૃત્તિ કરું છું. તો એ બંધાતા નથી અને હું બંધાઉ એ કેમ બને? તો કહે છે, બંનેના પરિણામમાં જુદી જુદી વાત છે. એકસરખા પરિણામ હોય તો એનું ફળ પણ એકસરખું આવે. એક બંધાય છે અને બીજો બંધાતો નથી એનો અર્થ કે બંનેના પરિણામ જુદાં છે એ વાત નક્કી છે. પણ ઉપલક દૃષ્ટિએ તને બંને સરખા પરિણામ લાગે છે. અંદરનો ભેદ કોઈ જુદો છે.

એ બીજે પણ લ્યે છે કે આત્માની રુચિવાળાને તો પ્રવૃત્તિ છે એનો ત્રાસ લાગ્યા વિના રહે નહિ. ત્રાસ.. ત્રાસ... ત્રાસ... લાગ્યા કરે. છળ પકડીને ચક્રવર્તીને આમ છે, ફલાણા જ્ઞાનીને આમ છે એવો છળ પકડે નહિ. એ અવલંબન લેવા માટે વાત કરી નથી પણ એનું શ્રદ્ધાનું બળ દેખાડવા માટે વાત કરી છે. વાત કયા હેતુથી કરી છે અને તેં ગ્રહણ કર્યો છે કયો હેતુ, એ જુદી જુદી વાત છે.

શું કહે છે અહીંયાં? રાગને આગ કહ્યો હોય, રાગને વિષકુંભ કહ્યો હોય '**ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે...**' સર્વત્ર અભિપ્રાય એક જ છે '**કે વિભાવનો અંશ તે દુઃખરૂપ છે.**' એકાંતે વિભાવમાં દુઃખ, દુઃખ ને દુઃખ જ છે. વિભાવમાં ક્યાંય સુખ નથી. સર્વત્ર, સર્વત્રનો અર્થ એ છે એકાંતે. '**એક જ છે કે વિભાવનો અંશ તે દુઃખરૂપ છે. ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃતિ તેટલી આકુળતા છે અને જેટલો નિવૃત્ત થઈ સ્વરૂપમાં લીન થયો તેટલી શાન્તિ અને સ્વરૂપાનંદ છે.**' શું કહે છે? ભલે ઊંચામાં ઊંચો શુભભાવ હોય, સ્વભાવનો વિકલ્પ હોય અને સૂક્ષ્મપણે સ્વભાવનો વિકલ્પ હોય. અતિસૂક્ષ્મ લીધું ને. અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ એ સ્વભાવના વિકલ્પની છે.

સ્વભાવ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે એ લક્ષમાં હોય, સ્વભાવ જ્ઞાનમાં હોય અને ઉગ્રતા ઓછી હોય તો વિકલ્પ ઊઠે. ઉગ્રતા આવે તો જ વિકલ્પ તૂટે. તો ઓછી ઉગ્રતાના કાળમાં પુરુષાર્થની મંદતાના કાળમાં સ્વભાવ લક્ષમાં હોય તોપણ સૂક્ષ્મ રાગ ઊઠે કે આ હું. આ હું એટલો જ એમ. આ તે હું. આ હું એમ. એવો સૂક્ષ્મ રાગ ઊઠે. હું પણાનો, સ્વરૂપમાં હુંપણાનો, તોપણ એમાં આકુળતા જ છે. એ કાળે જ એ આકુળતા જણાય છે. આ જે છે, આ હું, એમાં આ જે છે, હું છું એ તો અનંત શાંતિનો પિંડ છું. એના પ્રત્યે ઢળતી વૃત્તિમાં શાંતિ છે અને જેટલો વિકલ્પાંશ છે એટલું દુઃખ છે. એ ત્યાં જુદું પડે છે. બેની જાત જુદી હોવાથી બંને ત્યાં જુદાં પડે છે. પાણી અને તેલ રંગમાં ભલે પારદર્શક છે. પાણી પણ પારદર્શક, તેલ પણ પારદર્શક (છે). છતાં તેલમાં પાણી નથી, પાણીમાં તેલ નથી. એનું કુંડાળુ જુદુ જ હોય. એમ રાગનું કુંડાળુ જુદું છે. જ્ઞાનમાં અને સ્વરૂપમાં રાગ સમાય એવું નથી.

એ સૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે અને જેટલી નિવૃત્તિ થઈ, રાગથી જેટલું ભિન્નપણું થઈને નિવૃત્તિ થઈ અથવા સ્વરૂપમાં પ્રવૃત્તિ થઈ, સ્વરૂપમાં લીન થયો એટલી શાંતિ અને સ્વરૂપનો આનંદ છે. એ શાંતિ અને આનંદ પાસે દુઃખ જુદું પડી જ જાય. શાંતિ અને આનંદ અને દુઃખ બે એકમાં ભળી જાય એમ કેમ બને? બેય તત્ત્વ જ વિરુદ્ધ તત્ત્વ છે. કેવી રીતે ભળી શકે? પાણી લુખ્ખું છે અને તેલ ચીકણું છે. આની લુખાશ ઘણી છે, આની ચીકાશ ઘણી છે. બે એકબીજામાં ભળી શકે નહિ.

આવો સૂક્ષ્મ રાગ પણ દુઃખ છે એ માત્ર ભેદજ્ઞાનથી સમજાય છે અને એ જૈનદર્શનમાં જ પ્રસિદ્ધ વિષય છે. બાકી તો રાગને જ ધર્મ માને છે. બહુ સારો રાગ થયો, બહુ સારી ભાવના થઈ એટલે ધર્મ થઈ ગયો. આવું આ મૂળમાર્ગને સમજ્યા

વિના જૈનમાં કે અજૈનમાં આ ગોટો ચાલે છે અને એથી કરીને ધર્મની પ્રાપ્તિ થવાને બદલે મિથ્યાત્વરૂપ અધર્મની પ્રાપ્તિ થાય છે. અધર્મને ધર્મ માનતા એક તત્ત્વમાં બીજા તત્ત્વની ભ્રાંતિ થઈ છે. મિથ્યાત્વ સહિતનો અધર્મ છે. અહીંયાં એ વિષય સુખ-દુ:ખથી લીધો છે.

જ્ઞાન અને રાગથી જ્યારે વાત લે છે ત્યારે પણ આ Point તો લે છે 'સમયસાર'માં. ૨૯૪ ગાથા. ભેદજ્ઞાનનો અધિકાર છે મોક્ષ અધિકારની અંદર. ત્યાં પણ સાથે એ વાત લીધી કે રાગ તો આકુળતારૂપ છે, જ્યારે જ્ઞાન નિરાકુળતારૂપ છે. માટે રાગ અને જ્ઞાન જુદાં છે. એમ રાગ અને જ્ઞાનને ભિન્ન સમજાવવા સુખ-દુ:ખની વાત લેવામાં આવે છે. કેમકે વેદનથી પકડવામાં આવે છે. વિચાર કરીને નહિ પણ વેદનથી પકડે છે. એટલે એ રીતે સાધકદશાની અંદર બંને ભાવો જેમ છે એમ જુદાં જુદાં અનુભવમાં રહે છે. બંનેનું ભેળસેળ પણ થતું નથી. અને તેથી રાગ અને આકુળતાથી નિવૃત્ત થઈને સહજપણે સુખ સ્વભાવમાં સાધક આગળ વધે છે. એ રીતે મોક્ષમાર્ગની પ્રવૃત્તિ છે.

**ચૈતન્ય સ્વભાવનું તેજ બેહદ છે; જે વિકલ્પો અત્યંત ચંચળ છે, સંખ્યાથી પુષ્કળ છે, અને જેની આડમાં મહાન ચૈતન્યસૂર્ય તેજ પુંજ અનાદિથી આચ્છાદિત થઈ ગયો છે; જેની ઈન્દ્રજાળરૂપ ભૂલભૂલામણીથી જીવ દિગ્મૂઢ થઈ, ભ્રમિત થઈ રહ્યો છે; એવા વિકલ્પરૂપ તરંગો પણ જેના સ્ફુરણ માત્રથી ભાગી જાય છે, તત્ક્ષણ અલોપ થઈ જાય છે; તે તેજના પુંજની - સ્વયંની મહાનતા કેવી ? અદ્‌ભુતથી પણ અદ્‌ભુત !! આ સ્ફુરણ તો માત્ર ચૈતન્યવીર્યનો અંકુર છે. મૂળ વસ્તુ પોતે તો અનંત શક્તિઓનો કંદ છે અમાપ છે. તો પણ જ્ઞાનમાં મપાય છે !**

**('અનુભવસંજીવની' બોલ નં.૩૬૮)**

## તા. ૩૦-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૯૬,૨૯૭
## પ્રવચન નં. ૨૨૭

**દ્રવ્ય તો સૂક્ષ્મ છે, તેને પકડવા સૂક્ષ્મ ઉપયોગ કર. પાતાળકૂવાની જેમ દ્રવ્યમાં ઊંડો ઊતરી જા તો અંદરથી વિભૂતિ પ્રગટે. દ્રવ્ય આશ્ચર્યકારી છે.**
**૨૯૬.**

... આત્મસ્વભાવ. દ્રવ્ય એટલે અહીંયાં આત્મસ્વભાવ. આત્મસ્વભાવ ... જડનો, ચૈતન્યનો દરેકનો સ્વભાવ સૂક્ષ્મ જ છે. .... બોલ-૨૮૮. '**વસ્તુ સૂક્ષ્મ છે, ઉપયોગ સ્થૂલ થઈ ગયો છે. સૂક્ષ્મ વસ્તુને પકડવા માટે સૂક્ષ્મ ઉપયોગનો પ્રયત્ન કર.**' અહીંયાં થોડી વિશેષ વાત છે. દ્રવ્ય સ્વભાવ સૂક્ષ્મ છે. જેમ તલમાં તેલ છે. તલ છે એ ઘન છે, તેલ છે એ પ્રવાહી છે. ચકમકમાં અગ્નિ છે. ચકમક પત્થર દેખાય છે. અગ્નિનો વાયુ... એમ વસ્તુનો-આત્માનો સ્વભાવ ઘણો સૂક્ષ્મ છે, અત્યંત સૂક્ષ્મ છે.

મૂળ સ્વભાવને વર્ણવવા માટે ભાષા પૂરેપૂરી સમર્થ નથી. બહુ અલ્પ માત્રામાં એનું વર્ણન થાય છે. વળી સ્વભાવને વ્યક્ત-અવ્યક્તનો પ્રકાર લાગુ પડતો નથી. જેમ રાગાદિ ભાવ વ્યક્તપણે અનુભવગોચર થાય છે અને એ સ્થૂળ હોવાથી એનો ખ્યાલ આવે છે કે રાગ થયો, ક્રોધ થયો. એમ આત્મસ્વભાવ ... સૂક્ષ્મ છે. સૂક્ષ્મ છે એટલો સ્થૂળ નથી. રૂપી પદાર્થ જેવો પણ સ્થૂળ નથી. રાગાદિ ભાવ જેવો પણ સ્થૂળ નથી. સૂક્ષ્મ છે એટલે સૂક્ષ્મ છે. અને સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરવાનો અભ્યાસ નહિ હોવાથી. અથવા ગ્રહણ કરવાની વિધિ પોતાને આવડતી નહિ હોવાથી એ સ્વભાવનું ગ્રહણ થવું કઠિન લાગે છે, અઘરું પડે છે. તોપણ અસંભવ તો નથી જ. કઠિન હોવા છતાં પણ અસંભવ નથી.

અઘરું અને સહેલું એનો આધાર તો મહાવરા પર છે. કોઈપણ વિષય ગમે તેટલો અઘરો હોય તો Practice થી સહેલો થઈ જાય છે. સહજમાત્રમાં કાર્ય કરી શકાય એવો થઈ જાય છે. સ્વભાવના વિષયમાં પણ એવું છે કે સ્વભાવને ગ્રહણ કરવાની જરૂરિયાત, સ્વભાવની રુચિપૂર્વક સ્વભાવને ગ્રહણ કરવાનો વારંવારનો પ્રયત્ન, પુરુષાર્થ એ જીવને નહિ હોવાથી એને અઘરું છે, અઘરું છે એમ લાગે છે. પણ જો પોતાને એકદમ શાંતિ જ જોઈએ છે અને એકલી શાંતિ જ જોઈએ છે. દુઃખમાત્ર જોઈતું નથી,

અશાંતિ બિલકુલ જોતી નથી એને આ દિશામાં આવવું સરળ પડે છે અને સુગમ પડે છે. સ્વભાવની દિશામાં, સ્વભાવની જરૂરિયાત અને સ્વભાવની રુચિ વગર પ્રયત્ન ઉપડતો નથી. રુચિ અનુયાયી વીર્ય છે. એટલે રુચિ વગર પ્રયત્ન ઉપડતો નથી. ઓળખાણ ઉપર આ બધો આધાર છે. ઓળખાણ વિના તો રુચિ કે જરૂરિયાત એમ ને એમ ઓઘે ઓઘે કદી ઉત્પન્ન થતા નથી.

દ્રવ્ય-ગુણ-પર્યાયમાં, દ્રવ્ય-ગુણ-પર્યાયથી નિરપેક્ષ રહેલો સ્વભાવ, દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદોથી નિરપેક્ષ. ન પર્યાયસ્વરૂપે, ન ગુણસ્વરૂપે, ન દ્રવ્યના ભેદસ્વરૂપે. કહેવાય દ્રવ્યસ્વરૂપે. કેમકે એક ગુણાત્મક નથી, એક પર્યાયાત્મક નથી. પર્યાય વિલિન થઈ જાય છે. સ્વભાવ તો અવિનશ્વર છે. એટલે પર્યાયસ્વરૂપે નથી. એક ગુણરૂપે નથી. અનંત ગુણનું એને રૂપ હોવા છતાં અનંત ગુણના રૂપનો ભેદ એ પણ નિરપેક્ષ છે. અનંત ગુણસ્વરૂપ સ્વભાવ હોવા છતાં અને એને દ્રવ્ય સ્વભાવ છે એમ એને દ્રવ્યત્વ લાગુ પાડવા છતાં દ્રવ્યના ભેદથી એ નિરપેક્ષ છે. એમ કથનમાં દ્રવ્યના ભેદથી પાર લઈ જવાય છે. પણ જ્ઞાનની અંદર એનું ગ્રહણ થવું, ઓળખાણથી બની શકે છે, સંભવી શકે છે.

સૂક્ષ્મ સ્વભાવ છે. '**તેને પકડવા સૂક્ષ્મ ઉપયોગ કર.**' સ્વભાવને ગ્રહણ કરવા માટે જેવો સૂક્ષ્મ સ્વભાવ છે એને ગ્રહણ થાય એવો જ સૂક્ષ્મ ઉપયોગ કર. કથનમાં સૂક્ષ્મતાનો વિષય આવવો માત્ર શબ્દથી જ સંભવિત છે. કેમકે શબ્દ અને જે વિકલ્પપૂર્વક શબ્દ થાય છે એ બંને સ્થૂળ છે. શબ્દનું નિમિત્ત વિકલ્પ છે. વિકલ્પ ઊઠે છે પછી શબ્દ ઉત્પન્ન થાય છે. વિકલ્પના નિમિત્તે. બંને સ્થૂળ છે અને સ્વભાવ સૂક્ષ્મ છે. એટલે જે સૂક્ષ્મ એવો શબ્દ છે એનું નામ છે સંજ્ઞા આપી, સ્વભાવને સૂક્ષ્મતાની સંજ્ઞા આપી. એથી વધારે સૂક્ષ્મતાના વિષયમાં આગળ વધી શકાય એવું નથી. શબ્દોથી આગળ વધી શકાય એવું નથી.

મુમુક્ષુ :- અતીન્દ્રિય છે અને .... પણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અતીન્દ્રિય છે. ઇન્દ્રિયજ્ઞાનથી પણ ગોચર નથી. એટલે ઇન્દ્રિયજ્ઞાન દ્વારા, ઇન્દ્રિયજ્ઞાનના સાધનથી સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરવાની, પકડવાની મહેનત કરે, પ્રયત્ન કરે તો એમાં કોઈ સફળ નથી થતું. કોઈ સફળ ન થાય. ઇન્દ્રિયજ્ઞાન ગમે તેવું હોય તો બધું જ ઇન્દ્રિયજ્ઞાન સ્થૂળ છે. કોઈ એમ કહે કે સ્વભાવને તમે બતાવો, બને એટલો દર્શાવો. અમે એને સમજવા માગીએ છીએ. શેનાથી સમજવા માગો છો? કે મનથી. મનના ઉપયોગથી, વિચારથી સમજવા માગીએ છીએ. એ તો એમાં ગ્રહણ થાય એવું સ્વરૂપ નથી. વિચાર તો સ્થૂળ છે. એમાં સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ

કરવાનું સામર્થ્ય નથી. એટલે વિચાર દ્વારા કોઈવાર પણ સ્વભાવનું ગ્રહણ થતું નથી.

મુમુક્ષુ :- ઇન્દ્રિયજ્ઞાન ...

પૂજ્ય ભાઈશ્રી :- ... એમ કે એમાં ભ્રમ છે. ભ્રમ સહિત પ્રવર્તે છે ત્યારે. એમ તો સમ્યગ્દૃષ્ટિના ઇન્દ્રિયજ્ઞાનના ઉપયોગને સમ્યક્જ્ઞાનના ભેદમાં લેવો પડે છે. મિથ્યાજ્ઞાનમાં નથી લઈ જવાતો. અનેક પ્રકારના બાહ્ય વિષયોમાં ઇન્દ્રિયજ્ઞાનપૂર્વક સમ્યગ્દૃષ્ટિ પ્રવર્તે છે. તો તેનું બધું જ જ્ઞાન સમ્યક્ છે એમ કહેવાય છે. પણ જે ઇન્દ્રિયજ્ઞાનમાં ભ્રમણા છે એટલે જાણતા જ પદાર્થને ઇષ્ટ-અનિષ્ટરૂપે કલ્પનાથી ગ્રહણ કરે છે. માત્ર જાણે છે નહિ પણ ઇષ્ટ-અનિષ્ટપણાથી ગ્રહણ કરે છે. ત્યારે એ જ્ઞાન ખોટું છે એટલા માટે એમ કહેવાય છે કે સામે પદાર્થ એવો ઇષ્ટ-અનિષ્ટ નથી.

લાડવો, ભૂખ લાગી અને ખાવાનું શરૂ કર્યું ત્યારે ઇષ્ટ લાગ્યો અને જેવી જઠરાગ્નિ તૃપ્ત થઈ એટલે એ લાડવો અનિષ્ટ લાગ્યો. તેનો જ તે લાડવો દસ મિનિટ પછી અનિષ્ટ લાગ્યો કે હવે નથી ખાવો. એમાં ઇષ્ટપણું પણ નહોતું અને અનિષ્ટપણું પણ નહોતું. એટલે એ જ્ઞાન ભ્રમણાયુક્ત હતું એટલે એ જ્ઞાનને ખોટું કહ્યું. એટલી વાત છે. અન્યથા ખોટું એટલે વિપરીત જાણે, અન્યથા જાણે એને ખોટું જ્ઞાન કહીએ. વિપરીત જાણે અથવા અન્યથા જાણે એને ખોટું જ્ઞાન કહીએ.

જ્યારે સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન પરને પર જાણે છે. ઇષ્ટ-અનિષ્ટ નથી એને ઇષ્ટ-અનિષ્ટ નથી એમ જાણે છે. જેવું છે એવું જાણે છે. મધ્યસ્થ રહીને જાણે છે. પોતે જ્ઞાન સ્વરૂપે છે એમ રહીને જાણે છે. જ્ઞેયને જ્ઞેયના સ્થાનમાં રાખીને જાણે છે. જ્યારે ખોટું જ્ઞાન જ્ઞેયને આત્માના સ્થાનમાં ગ્રહણ કરે છે. ઇષ્ટ-અનિષ્ટ કરતાં એનો એ આત્મા થઈ જાય છે. એ ભિન્ન જ્ઞેય રહેતું નથી. આ ભિન્ન જ્ઞેયને ભિન્ન જ્ઞેયપણે જાણે છે.

અહીંયાં તો બીજો વિષય છે કે પોતાનો જે આત્મસ્વભાવ (છે) એ સૂક્ષ્મ છે. અને સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરવા માટે પકડવું કહો, ગ્રહણ કરવું કહો એક જ વાત છે. ઉપયોગને સૂક્ષ્મ કર. સ્થૂળ ઉપયોગથી, વિચારથી ગમે એટલી સ્પષ્ટતા વિચારમાં કરવા જાય તોપણ એમાં સ્વભાવનું ગ્રહણ ન થાય તે ન જ થાય. કેમકે એની સૂક્ષ્મતા, સ્વભાવની સૂક્ષ્મતા અને વિચારની સ્થૂળતા, ઇન્દ્રિયજ્ઞાનની સ્થૂળતા એ વચ્ચે ઘણું અંતર છે. સ્થૂળ-સૂક્ષ્મપણે ઘણું અંતર છે. તેથી કોઈપણ કાળે વિચાર કરતાં કરતાં વિચારથી આત્મા ગ્રહણ થઈ ગયો એમ નથી.

અહીંયાં એક વિટંબણા અથવા એક સમસ્યા ઊભી થાય છે કે અમારી પાસે તો વિચાર સિવાય કોઈ સાધન છે નહિ. પહેલાં ઓળખાણ કરવી પછી ગ્રહણ થશે. સીધો ગ્રહણ નહિ થાય પણ પહેલા ઓળખાણ કરવી. ઓળખાણ કરતાં જ્ઞાન લક્ષણ દ્વારા

જ્ઞાનસ્વભાવી આત્માની જે ઓળખાણ થાય તો એ ઓળખાણની અંદર સ્વભાવરસ ઉત્પન્ન થવાની એક પરિસ્થિતિ નવી ઊભી થાય છે અને એ સ્વભાવરસ ઘુટાતા... ઘુટાતા... ઘુટાતા... તદાકાર દશા થાય છે. એમાં સ્વરૂપનું ગ્રહણ છે. ત્યારે આત્મા ગ્રહણ થયો. અને જ્યારે ગ્રહણ થાય છે ત્યારે અતીન્દ્રિય ઉપયોગ થાય છે. ઇન્દ્રિયજ્ઞાન મનનો સંબંધ પણ ઉપયોગ છોડે છે.

મન પહેલા જ મરી ફિટે છે. 'દીપચંદજી'એ લીધું. મન પહેલાં જ મરી ફિટે છે. શુદ્ધોપયોગ થાય છે, જેમાં શુદ્ધ આત્માનો અનુભવ થાય છે એ પહેલાં જ મન તો મરી ફિટે છે. મન મરી જાય છે. મન તરફ પછી એ ઉપયોગ લંબાયેલો નથી. અસંખ્ય પ્રદેશમાં પ્રસરી જાય છે.

મુમુક્ષુ :- ઇન્દ્રિયજ્ઞાન અને ભાવઇન્દ્રિયમાં ફેર શું?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવઇન્દ્રિય તે ઇન્દ્રિયજ્ઞાન છે. દ્રવ્ય ઇન્દ્રિય દ્વારા પ્રવર્તતો ઉપયોગ એને ભાવેન્દ્રિય કહે છે. કાનથી સાંભળે, આંખથી જોવે ત્યારે એ ભાવેન્દ્રિયથી કાર્ય કરી રહ્યો છે. અને કોઈપણ ઇન્દ્રિયના અવલંબન વિના જ્ઞાન સ્વભાવના લક્ષે પોતાના સ્વસંવેદનમાં રમે ત્યારે એને અતીન્દ્રિય જ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ઇન્દ્રિયજ્ઞાન અને ભાવઇન્દ્રિયજ્ઞાન બેમાં ફેર શું?

પૂજ્ય ભાઈશ્રી :- એક જ છે. ઇન્દ્રિયજ્ઞાન કહો કે ભાવેન્દ્રિય કહો, એક જ છે. જે શરીરના અવયવોના ખોખા છે, અવયવોની રચના છે–નાક, આંખ, કાન એ બધી દ્રવ્યઇન્દ્રિય છે. ત્યાં પ્રવર્તતો ભાવ તે ભાવેન્દ્રિય છે. અને એ બધાને છોડીને કેવળ આત્મના લક્ષે આત્મામાં જ એકાગ્ર થયેલો ભાવ એ અતીન્દ્રિય જ્ઞાન છે. કોઈ ઇન્દ્રિયજ્ઞાન સાથે સંબંધ નથી.

'**દ્રવ્ય તો સૂક્ષ્મ છે,...**' અથવા સામર્થ્ય સ્વરૂપ છે. સ્વભાવ સ્વરૂપ છે એને ગ્રહણ કરવા માટે ઉપયોગ સૂક્ષ્મ કર. દૃષ્ટાંત આપે છે. સૂક્ષ્મ ઉપયોગ કરવા માટેનો દૃષ્ટાંત છે. '**પાતાળ કૂવાની જેમ...**' જેમ પાતાળ કૂવો ઘણો ઊંડો છે. ઘણું જમીનમાં નીચે જતાં પાતાળ આવે છે. પાતાળ ઉપર નથી, પાતાળ તો નીચે છે. તેમ '**દ્રવ્યમાં ઊંડો ઊતરી જા.**' અંતર્મુખ થઈને ઊંડો... ઊંડો... ઊંડો... ઉપયોગ જાય છે. જે ઉપયોગ દેહને, દ્રવ્યકર્મને, ભાવકર્મને કે એક સમયની ક્ષયોપશમ પર્યાયને પણ નહિ વિષય કરીને એથી ઊંડો જઈને, એ બધાથી ઊંડો જઈને સ્વભાવમાં જ એકાગ્ર થાય છે. '**ત્યારે અંદરથી વિભૂતિ...**' એટલે આશ્ચર્યકારી દશાઓ ઉત્પન્ન થાય છે. અનંત ગુણની વિભૂતિ આશ્ચર્યકારી દશાઓ ઉત્પન્ન થાય છે.

'**જેમ દ્રવ્યમાં ઊંડો ઊતરી જા...**' તું '**પાતાળકૂવાની જેમ દ્રવ્યમાં ઊંડો ઊતરી**

**જા. તો અંદરથી વિભૂતિ પ્રગટે.'** આશ્ચર્યકારી દશાઓ પ્રગટે. ચૈતન્યનો એ ચમત્કાર છે કે જે દશાનો સ્વાદ એણે કદી લીધો નથી એવા આત્મગુણોના શુદ્ધ પરિણામનો અથવા સ્વભાવરૂપ પરિણામનો, જેવો સ્વભાવ છે એવી દશાઓનો, એવા અનંતા ગુણની અનંતી દશાઓનો અભેદ એકરસ ભાવ અનુભવ વખતે થાય છે. એ એક આશ્ચર્યકારી છે.

આશ્ચર્યકારી એટલે છે કે એનો વિકલ્પ નથી અને જ્યાં એકાગ્ર થાય છે ત્યાં ભડાક દઈને રાગાદિ જે વિકલ્પ ચાલતો હતો ત્યાં સીધો પડી જાય છે. દેહથી જે જોડાયેલી પરિણતિ છે અને હું મનુષ્ય છું એવી પરિણતી ચાલ્યા જ કરે છે એ તૂટી જાય છે. હું મનુષ્ય નહિ, આ દેહાદિ સ્વરૂપે હું નહિ. 'સોભાગભાઈ'એ લીધું. 'ઈડર'થી આવ્યા પછી. દેહ છોડવા પહેલા ૧૧ દિવસ. ફટાક દઈને દેહ અને આત્મા જુદાં પડી ગયા. પત્ર લખ્યો છે. આપની કૃપાથી ફડાક દઈને દેહ અને આત્મા જુદાં પડી ગયા. હવે દેહ જુદો જણાય છે. અત્યંત વૃદ્ધ અવસ્થા, રોગથી ગ્રહિત શરીર અવસ્થા હતી. દેહ છૂટી જાય. ઘણી નબળાઈ. પણ અંદર પુરુષાર્થની સબળાઈ પ્રગટ થઈ ગઈ. દેહની નબળાઈ ઘણી. ખાલી ખોખું થઈ ગયેલું. શારીરિક નબળાઈ એટલી. અહીંયાં પુરુષાર્થની અંદર જોર આવ્યું. કેવળજ્ઞાન લઈ લઉં. એમ લખે છે. આમાં ને આમાં રહીને જાણે હું કેવળજ્ઞાન લઈ લઉં. એવું જોર આવે છે. જોર એવું. કેમકે અંદરમાં ભરેલું અનંત સામર્થ્ય છે. પોતા સ્વરૂપે ભાસે છે. અને કદી નહિ થયેલો એવો ઉપયોગ થાય છે. એમાં શાંતિ, આનંદના આશ્ચર્યકારી પર્યાયો કોઈ દિવસ એવો ચમત્કાર એને અનુભવગોચર થયો નથી. ચમત્કારીક વિષય છે.

મુમુક્ષુ :- પાતાળ કૂવો તો બહુ ઊંડો છે, આ તો સાત ફૂટમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષેત્રથી એટલું ઊંડુ નથી પણ આમ ભાવથી ઊંડાણ ઘણું છે. આ પાતાળના પાણી જોવે છે કે નહિ? પાણી જોવાવાળા જમીનના ભૂસ્તર શાસ્ત્રીઓ પાણી જોવે છે કે નહિ? અહીંયાં પાણી આટલું ઊંડુ છે, અહીંયાં પાણી નથી, અહીંયાં છે. બધું જોવે છે કે નહિ? એનો ઉપયોગ ત્યાં જાય છે કે નહિ? અંદર રહેલા પાણી સુધી ઉપયોગ જાય છે. જ્ઞાનને જમીનનો થર નડતો નથી. નડે છે જ્ઞાનને? જ્ઞાનને ન નડે. ભાવ તો એકદમ જ્ઞાનમાં પ્રગટ છે. એક દૃષ્ટિએ જોઈએ, અપેક્ષા લગાડીએ તો પ્રગટ છે. પ્રગટ-અપ્રગટની ખરેખર એને અપેક્ષા નથી. તોપણ અવસ્થામાં વિદ્યમાનતા જોઈને પ્રગટ છે એમ કહેવામાં આવે છે.

અવસ્થામાં અવસ્થાથી ન્યારો. અવસ્થામાં છતાં અવસ્થાથી ન્યારો. 'સર્વ અવસ્થાને વિષે ન્યારો સદા જણાય.' સદાય પાછો. ક્યારે ન હોય એવું નહિ. કોઈ સમયે એની ઉપસ્થિતિ નથી, ગેરહાજરી છે એવું નથી. હાજરાહજૂર છે. ભગવાન-

ચૈતન્યભગવાન હાજરાહજૂર છે. જ્યારે જોવે ત્યારે હાજરાહજૂર છે.

**'આશ્ચર્યકારી છે.'** એવો જે દ્રવ્ય સ્વભાવ મહાઆશ્ચર્યકારી છે. એના જેટલો કોઈ જગતમાં આશ્ચર્યનો વિષય નથી. જેટલો દ્રવ્ય સ્વભાવ આશ્ચર્યનો વિષય છે, જેટલો મહાન છે એથી વિશેષ કોઈ આશ્ચર્યનો વિષય નથી. વિશેષ મહાન .. ભાવે ઊંડા જવાનું છે. દ્રવ્યથી ઊંડા જવાનું તો કાંઈ.... ભાવનું જ કાર્ય છે. વસ્તુ છે, સદાય છે. દ્રવ્ય સ્વભાવ સદાય વિદ્યમાન છે. એને કાંઈ બનાવવું નથી, એમાં કાંઈ કરવું નથી. જે છે સદાય છે એને માત્ર છે એમ જોવું છે. એની હયાતીને શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારવી છે. નિજ પરમેશ્વરને દૂર ન જો. આમાં કહે છે, 'દીપચંદજી'એ 'અનુભવપ્રકાશ'માં (લખ્યું), પોતાના નિજ પરમેશ્વરને દૂર અવલોકન ન કર. ક્યાંય ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે.. ઊંડે છું એમ કરીને દૂર જોવાની વાત નથી. અવ્યક્ત શક્તિને વ્યક્તપણે પ્રતીત કર. જેમ વ્યક્ત થઈ ગઈ હોય દશા અને પ્રતીત કરે. કેવળજ્ઞાન પ્રગટે એવો સ્વભાવ છે. જ્ઞાનને એમ જોવે કે કેવળજ્ઞાન જેમાં પ્રગટ છે એવો સ્વભાવ છે. અવ્યક્ત શક્તિને વ્યક્તપણે ભાવ. અવ્યક્ત શક્તિને વ્યક્તપણે પ્રતીતિ કરી કરીને ભાવ. એ પ્રતીતિનો વિષય છે.

મુમુક્ષુ :- વ્યક્ત છે છતાં માનીએ છીએ અવ્યક્ત.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવી કલ્પના કરવામાં આવે છે. અવ્યક્ત છે.. અવ્યક્ત છે.. પણ ખરેખર તો પ્રગટ અપ્રગટ તો અવસ્થા ભેદ જ છે. એવો ભેદ એને લાગુ પડતો નથી. એ તો જે સ્વરૂપે છે એ સ્વરૂપે નિરાવરણ છે. પણ અપ્રગટ હોય એને પ્રગટ થાય. જેમ કે સૂર્ય છે એનો અસ્ત અને ઉદય. ઉદય અને અસ્ત જોવામાં આવે છે. સૂર્યનો ઉદય અને અસ્ત થાય છે? સૂર્ય કોઈ નવો ઊગે છે? અને આથમી જાય છે એટલે કાંઈ નાશ થાય છે? પણ નજરમાં ગ્રહણ થાય ત્યારે એને ઉદય થયો એમ કહે છે. નજરમાં ગ્રહણ ન થાય એ પરિસ્થિતિમાં એને અસ્ત થયો એમ કહેવામાં આવે છે. પણ નજરમાંથી અસ્ત થયો છે. સૂર્યનો અસ્ત થતો નથી.

એમ આત્મા જે જ્ઞાનસૂર્ય છે એ તો સદાય ઉદિતરૂપ નિત્ય ઉદિતરૂપ જ છે. એને કોઈ પ્રગટ થવાનો પ્રશ્ન નથી. વચ્ચે આડું વાદળું છે. વાદળાથી કેટલાક કિરણો આ બાજુ આવે છે. વાદળું હોવા છતાં પણ અમાવાસની અંધારા જેવો તો કોઈ દિવસ (ન હોય), ગમે તેટલા ઘટાટોપ વાદળા હોય તો અમાવસના અંધારા જેવું તો કાંઈ દિવસે અંધારું થાય નહિ. તો એ જે પ્રકાશ આછો પણ પ્રકાશ આવ્યો એના ઉપરથી સૂર્યની જાત નક્કી કરી શકાય છે, આ બાજુ ઊભા રહીને. વાદળાની નીચે ઊભેલા વાદળાની પેલે પાર સૂર્ય કેવો છે એ બરાબર સમજી શકે છે, જ્ઞાનમાં લઈ શકે છે. ઉપયોગમાં આવી

શકે છે. કે ન આવી શકે?

પ્રકાશના કિરણ ઉપરથી, વાદળામાંથી પસાર થતા પ્રકાશના કિરણ ઉપરથી પ્રકાશનો પુંજ સૂર્ય આવો છે વાદળાને પેલે પાર. બરાબર નિશ્ચિત થાય છે. એમ અહીંયાં પર્યાયમાં આવરણમાં ઊભો છે તોપણ જ્ઞાનનું કિરણ પ્રગટ છે. આવરણની પેલે પાર ઉપયોગને લઈ જાય, નિરાવરણ-આવરણથી પાર જઈને કે મારું સ્વરૂપ તો નિરાવરણ છે. જ્ઞાનસૂર્ય છે એ તો નિત્ય ઉદિત છે. અનંત જ્ઞાનનો પુંજ છે પોતે. અનંત જ્ઞાનના પુંજને આવરણ-ફાવરણ નથી. આવરણ તો એનાથી દૂર છે. પણ આવરણથી હું આવરિત છું એમ નીચે ઊભો ઊભો માને છે. પણ એવું પોતાનું સ્વરૂપ જ નથી. એવું પોતાનું સ્વરૂપ નથી. પોતાનું સ્વરૂપ તો આવરણથી પાર જે જ્ઞાનસૂર્ય છે એવું પોતાનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- પકડવું અને ગ્રહણ કરવું એટલે હું છું એમ લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, હુંપણે ગ્રહણ કરવું. ગ્રહણ કરવું એટલે હુંપણે ગ્રહણ કરવું.

મુમુક્ષુ :- ગ્રહણ કરનાર બીજો અને ઓલો બીજો એમ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એમ નહિ. હું જ આ છું. એમ લેવું. પોતાની હયાતીને ભાવમાં વેદવી. હયાતીને ભાવમાં વેદવી. અસ્તિને વેદવી. હયાત છું, આ સ્વરૂપે હું સદાય હયાત છે. એમ પોતાની હયાતીનો અનુભવ કરવો. અંદર દ્રવ્યના સ્વભાવમાંથી જેમ જેમ એકાગ્ર થાય, ગ્રહણ કરવું કહો, એકાગ્ર થવું કહો, પકડવું કહો, લીન થવું કહો બધું એક જ છે. અનુભવ કરવો કહો, બધું એક જ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિશેષ એકાગ્રતા.

જેમ જેમ ઊંડો ઉતરે છે, જેમ જેમ એકાગ્ર થાય છે તેમ તેમ આશ્ચર્યકારી દશાઓ અંદરથી ઉત્પન્ન થાય છે. એ આશ્ચર્યકારી દશાઓ જોઈને એમ કહેવાય છે, અરે..! જેમાંથી આવી આશ્ચર્યકારી દશાઓ ઉત્પન્ન થાય છે એ કોઈ દ્રવ્ય જ મહાઆશ્ચર્યકારી છે! વસ્તુ કોઈ મહાઆશ્ચર્યકારી છે!! અક્ષયપાત્ર છે. ક્ષય ન થાય. અંદરથી લીધા જ કરો... લીધા જ કરો... લીધા જ કરો... એમ જ્ઞાન અને આનંદનું અક્ષયપાત્ર છે. અનંત ગુણની આશ્ચર્યકારી અવસ્થાઓનું એ અક્ષયપાત્ર છે. એમાંથી પ્રવાહ આવ્યા જ કરે. વસ્તુનું સામર્થ્ય એવું છે કે એમાં કાંઈ ફરક પડે નહિ.

ઓળખે તો એની અધિકાઈ આવે. એની અધિકતા આવે તો જગતના પદાર્થોની અધિકતા છૂટી જાય. બસ, એકવાર જગતના પદાર્થોની અધિકતા દ્રવ્યના લક્ષથી એને

છૂટે, દ્રવ્યના લક્ષે છૂટે તો એને કોઈ અવરોધ નથી. અવરોધ તો પોતે જ જગતના પદાર્થોને મહત્તા આપી છે એ જ પોતાના ભાવનો અવરોધ છે. બીજું કાંઈ અવરોધમાં નથી. આમ તો ત્યાગ કર્યો છે. અને પ્રાયઃ સર્વ સંપ્રદાયની અંદર (ઓછાવત્તા પ્રમાણમાં) બધે થોડો થોડો ત્યાગનો ઉપદેશ છે. પણ સ્વરૂપના ગ્રહણપૂર્વક પરપદાર્થની મહત્તા છૂટતાં એ પ્રવૃત્તિ આપોઆપ છૂટી જાય એ ત્યાગ જુદી વસ્તુ છે. અને ત્યાગ કરવાના વિકલ્પથી ત્યાગ કરે એ જુદી વસ્તુ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મારાપણું રાખીને ત્યાગ (કરે છે). મેં છોડ્યું. આ પૈસા મેં છોડ્યો, આ રાગ મેં છોડ્યો, આ કુટુંબ મેં છોડ્યું એમ આવે. અહીંયાં કહે છે કે પણ મારાથી જ ભિન્ન છે. ગૃહસ્થ અવસ્થામાં ચોથા ગુણસ્થાને કેવળ આત્મા જોયો ભિન્ન. કેવળ ભિન્ન આત્માનો બોધ થયો. 'દેહથી ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો'. અપૂર્વ અવસરમાં આવી ગયું. કેવો બોધ થયો? કે દેહથી ભિન્ન, કુટુંબથી ભિન્ન, પૈસાથી ભિન્ન, ઘર-મકાન, આબરૂથી ભિન્ન નહિ, દેહથી ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન થયું-એવો બોધ થયો. એટલે એને કોઈ વસ્તુ મારી નથી. જગતના કોઈ પદાર્થ દેહથી માંડીને કોઈ રજકણ એ મારી ચીજ નથી. મારે અને એને કોઈ મમત્વનો સંબંધ હોઈ શકે નહિ. અને એ ભ્રમણાથી હું બહુ દુઃખી થયો. મમત્વના સંબંધના ભ્રમણાથી હું બહુ દુઃખી થયો. સમજ આવી જાય છે. સર્વસાવદ્યયોગનો ત્યાગ એટલા માટે થાય છે કે ભિન્નતા જાણી છે. પોતે એનાથી પોતાની ભિન્નતા જાણી છે.

મુમુક્ષુ :- 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે'.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ આ બોધ છે-સમ્યગ્જ્ઞાનનો બોધ. દર્શનમોહનો નાશ થઈને જે સમ્યક્જ્ઞાન પ્રગટ થયું એમાં દેહથી ભિન્ન કેવળ ચૈતન્યમાત્ર છું એવું જ્ઞાન થયું. એવો બોધ થયો. અથવા જ્ઞાનસ્વરૂપ, બોધસ્વરૂપ આત્માનો બોધ થયો. પોતે જ બોધસ્વરૂપ છે. જેનું અવલોકન કરતાં, અવલોકન કરનાર અવસ્થાને બોધ થયો એવું વિશેષણ લાગુ પડે છે. અવસ્થાની વિશેષતા .... પોતે જ બોધસ્વરૂપ છે. બોધસ્વરૂપ જ છે.

મુમુક્ષુ :- જ્ઞાન પણ પોતે અને જ્ઞેય પણ પોતે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે જ છે. પોતે જ જ્ઞાન છે, પોતે જ પોતાનું જ્ઞેય છે અને પોતે જ જ્ઞાતા છે. અને જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા પોતે હોવા છતાં એ ત્રણના ભેદની પણ એને આવશ્યકતા નથી. એટલે હું જ્ઞાન, હું જ્ઞેય, હું જ્ઞાતા એવું કાંઈ નહિ. એવા ભેદથી પાર જઈને જે દશા રહી તે દશાના અનુભવને ચાહે છે. ભેદના અનુભવને જ્ઞાનીઓ

ચાહતા નથી. અભેદ અનુભવને ઈચ્છે છે.

દ્રવ્ય મહા આશ્ચર્યકારી છે. અનંત આશ્ચર્યકારી છે એમ કહીને અટકી જવું પડે છે. કેમકે એના આશ્ચર્યને શું કહેવું? જેના જઘન્ય પ્રથમ અનુભવથી સિદ્ધપદનું Registration થાય, Advavnce booking. પહેલા જ અનુભવથી એને અસ્તિથી જોઈએ તો સિદ્ધપદનો ટાંકો બંધાય કે સિદ્ધપદ એનું નક્કી. અલ્પ કાળમાં એ આત્મા સિદ્ધ અવસ્થારૂપે (પરિણમી જશે). સિદ્ધસ્વરૂપે તો છે જ પોતે, અવસ્થામાં સિદ્ધપણે થઈ જશે. એ એનું અસ્તિથી આશ્ચર્ય છે. એ જ પહેલા અનુભવમાં ભવભ્રમણની અનંતતા તૂટી ગઈ. અનંત ભવભ્રમણ એને ન રહ્યું. એ નાસ્તિથી એનું આશ્ચર્ય છે. જેના એક ક્ષણના અનુભવમાં અનંતભવના ભુક્કા બોલાવી દીધા. એનું સામર્થ્ય કેટલું! આ તો દશા છે એક સમયની. અંદરના સામર્થ્યનો તો કોઈ હિસાબ જ થાય એવું નથી.

કારણશુદ્ધપર્યાયનો વિષય લેવાય છે કે જેની સન્મુખ થનાર જ્ઞાનને, જ્ઞાનની પર્યાય દ્રવ્યરૂપે થયા વિના અને પર્યાયરૂપે જ રહી ગઈ. તોપણ સન્મુખ થતાં કેવળજ્ઞાન ફાટ્યું. એના વર્તમાનને અવલંબતા કેવળજ્ઞાન ફાટ્યું. એના ત્રિકાળીપણાની શું વાત થાય! આમ હતું એ આમ સ્વસન્મુખ અંતર્મુહુર્ત રહ્યું એમાં કેવળજ્ઞાન થયું. ફડાક દઈને છદ્મસ્થપણું છૂટીને. સચરાચર એક સમયમાત્રમાં ત્રણ લોક, ત્રણ કાળને અવલંબ્યા વિના, સન્મુખ થયા વિના, એની સામું જોયા વિના વિષય પ્રતિબિંબિત થઈ જાય એટલું નિર્મળ. એવું તો સન્મુખ થનારની હાલત થાય. વસ્તુની મહાનતા કેટલી!

મુમુક્ષુ :- ત્રિકાળ જે વર્તમાનમાં છે...

પૂજ્ય ભાઈશ્રી :- વર્તમાન જોતાં આમ હાલત થઈ. ત્રિકાળીપણું તો કાંઈ લંબાવાની જરૂર નહિ. એવો મહાઆશ્ચર્યકારી પદાર્થ છે. પોતાને પોતાની મહત્તા કદી આવી નહિ. જગતના પદાર્થોની મહત્તા પાછળ હેરાન-હેરાન થઈ ગયો.

મુમુક્ષુ :- સૂક્ષ્મ ઉપયોગ એટલે સંવર અધિકારની જે ઉપયોગની ગાથાઓ છે, ઉપયોગમાં ઉપયોગ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપયોગ ઉપયોગમાં છે પણ એને સૂક્ષ્મતાથી જો. ભાવ સૂક્ષ્મ છે. દ્રવ્ય સ્વભાવ સૂક્ષ્મ છે. એવો સૂક્ષ્મ છે એને સૂક્ષ્મ ઉપયોગ વગર કોઈ સ્થૂળ વિચારના ઉપયોગથી એ પકડાય છે એવું બનતું નથી. કેમકે વિચાર કરી... કરી... કરી... કરી... કરીને હું પકડી લઉં. એમ નહિ બને. પહેલા જ્ઞાનલક્ષણથી ઓળખાણ આવશે. અને એ ઓળખાણમાં આ સ્વભાવ સૂક્ષ્માતિ સૂક્ષ્મ અતીન્દ્રિય સ્વભાવ છે અને એ અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જ એનો અનુભવ થાય છે. એટલો પત્તો લાગશે. પત્તો લાગ્યા પછી એ દિશાની અંદર આગળ વધશે અને અતીન્દ્રિય દશાને પ્રાપ્ત કરીને અનુભવ કરશે.

મુમુક્ષુ :- જ્ઞાનનું કડકપણું...

પૂજ્ય ભાઈશ્રી :- કડકપણું નહિ, એ તો ઘણું જાડું જ્ઞાન છે. ઇન્દ્રિયજ્ઞાન છે એ ઘણું જાડું સ્થૂળ જ્ઞાન છે. સ્વભાવ તો અત્યંત સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દિશા જ બદલાણીને ? પહેલા દિશાંતર થાય છે. પછી એ દશા થાય છે. દિશા બદલાઈ જાય છે. સન્મુખની દશા આવે એમાં ને એમાં આગળ વધીને ઇન્દ્રિયનો ઉપયોગ છૂટીને, મનનો ઉપયોગ છૂટીને અંતરજલ્પનો પણ ઉપયોગ છૂટીને ઉપયોગ પ્રસરી જાય છે. ૨૯૬ થયો.

**તારુ કાર્ય તો તત્ત્વાનુસારી પરિણમન કરવું તે છે. જડનાં કાર્યો તારાં નથી. ચેતનના કાર્યો ચેતન હોય. વૈભાવિક કાર્યો પણ પરમાર્થે તારાં નથી. જીવનમાં એવું જ ઘુંટાઈ જવું જોઈએ કે જડ અને વિભાવ તે પર છે, તે હું નથી. ૨૯૭.**

૨૯૭. '**તારું કાર્ય તો તત્ત્વાનુસારી પરિણમન કરવું તે છે. જડના કાર્યો તારાં નથી.**' જગત આખાથી ઊલટી વાત છે. આખા જગતમાં બધા પ્રાણીઓ જડ પરમાણુ સાથેના વ્યવહારમાં લાગી જાય છે. જે કાંઈ પ્રવૃત્તિ છે એ બધી જડને અનુલક્ષીને, જડને અનુસરીને પરિણામની પ્રવૃત્તિ છે. જગત આખો સંસાર એમાં લાગેલો છે. મનુષ્યો નહિ કીડી-મકોડાથી માંડીને જુઓ તો આખો સંસાર એમાં લાગેલો છે. મનુષ્યની તો બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ છે. એ સમજી શકે છે. પણ એ જડની પાછળ તીવ્રતાથી (લાગે છે) ત્યારે તિર્યંચગતિમાં જીવ ચાલ્યો. પશુ-પક્ષી, ઢોર-ઢાંખર (થયો). જ્ઞાન મૂંઢાઈ ગયું, બિડાઈ ગયું પણ પ્રવૃત્તિ તો તેની તે ચાલી. કેમકે અત્યંત રસે કરીને એની એ દશા થઈ છે. જડ પ્રત્યેના અત્યંત રસથી એ દશા થઈ છે.

માણસ જ્યારે રસ લે છે ત્યારે એને ખબર પડતી નથી કે આનું ફળ શું આવશે? જડ કાર્યોમાં રસ લે છે. પ્રયોજન સમજે છે કે મને આ અનુકૂળતા અને શાંતિનું, સુખનું પ્રયોજન છે. પણ રસ લે છે ત્યારે ખબર નથી પડતી કે આ આર્તધ્યાનના ફળમાં હું તિર્યંચગતિમાં ચાલ્યો જઈશ અને જ્ઞાન મૂંઢાઈ જશે. એ ખ્યાલ આવતો નથી. નુકસાનનો ખ્યાલ ન આવે એટલે નુકસાનનો ધંધો બંધ થાય નહિ. વેપારમાં ઘણાં એમ

ચાલ્યા જાય છે. સરવૈયું કાઢે ત્યારે જ ખબર પડે કે આપણે થઈ ગયા સાફ. ત્યાં સુધી એને ખબર પડે નહિ. એમ ને એમ ચાલ્યા કરતું હોય એટલે એને ખબર પડે નહિ. પછી ખબર પડે કે આમાં તો દેવુ વધી ગયું છે, નુકસાનની ગઈ છે મોટી. એમ આ નુકસાનમાં ને નુકસાનમાં ચાલ્યો જાય છે.

જડના કાર્યો કરવા પાછળની વૃત્તિ છે એમાં કેટલું નુકસાન છે એને એ ખબર નથી. મનુષ્યપણું ખોઈ બેસ છે. તિર્યંચગતિનું પેટ મોટું છે, જાય છે તિર્યંચમાં. 'ગુરુદેવ' કહેતા, આ શેઠિયા અને મોટો મોટા ઉદ્યોગપતિઓ શું કહે? ઉદ્યોગપતિઓ, જડપતિઓ જાશે ક્યાંયના ક્યાંય. કોઈ ઢેઢગરોળીની કૂંખે. વાણિયા હોય, દારૂ ન પીતા હોય. કોઈ કૂતરીની કૂંખે, ઢેઢગરોળામાં... ક્યાંયનો ક્યાંય (ચાલ્યો જાય). ફડાક કરતો... અહીંયાં બધું પડ્યું રહેશે. પછી ત્યાં કોઈ ભાવ પૂછે એવું નથી. અહીંયાં બધા ભલે ભાઈ.. ભાઈ.. ભાઈ.. ભાઈ.. કરે પણ ત્યાં કોઈ ભાવ પૂછશે નહિ. ફરી ગયું. પુણ્યના સંયોગો બધા પૂરા થઈ ગયા. પુણ્યની નોટ એણે બાળી નાખી. વાપરી ન કહેવાય પણ બાળી નાખી.

**'તારું કાર્ય તો તત્ત્વાનુસારી પરિણમન કરવું તે છે.'** તારું કાર્ય એટલે કરવા યોગ્ય કર્તવ્ય એ તત્ત્વને અનુસરીને, સ્વતત્ત્વને અનુસરીને-નિજ તત્ત્વને અનુસરીને પરિણમન કરવું તે કર્તવ્ય છે. **'જડના કાર્યો તારા નથી.'** એ અનુસરવા લાયક નથી.

મુમુક્ષુ :- ... જેટલા કાર્યો થાય એ પોતાના મનાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- મનાઈ જાય છે એ ભૂલ છે. એ ભૂલ છે. એમાંથી દુર્ગુણ પ્રગટે છે, અભિમાન થાય છે. પછી દાન કરે તો દાનનું અભિમાન, પૂજા કરે તો પૂજાનું અભિમાન. મેં આમ કર્યું... મેં આમ કર્યું... મેં આમ કર્યું...

**'જડના કાર્યો તારા નથી.'** એ સિદ્ધાંત લઈ લે. **'જડના કાર્યો તારા નથી.'** તું ચૈતન્ય સ્વભાવી આત્મા, ચૈતન્યના કાર્યો તારા, જડના કાર્યો તારા નહિ. આમ કોઈ એને ઉચ્ચ પદે બેસાડે તો નીચું કામ કરવાની ના પાડે. ચાલો, તમારો રાજ્યાભિષેક કરીએ. પછી એમ કહે કે હું સંજવારી કાઢી નાખું? સાવરણી હાથમાં લઉં. રાજા છું. ઉચ્ચ પદે બેસે તો નીચપદનું કાર્ય ન કરે. અહીંયાં તું ચૈતન્ય છો. ચૈતન્યરાજા (છો). ઓલા જડ આંધળા છે તો કહે, એનું કામ હું કરું.

મુમુક્ષુ :- વાસીદા જેવું થયું

પૂજ્ય ભાઈશ્રી :- વાસીદા જેવુ થઈ ગયું. વાસીદુ કાઢવાની વાત છે. રાજાની પાસે વાસીદુ કઢાવવાની વાત છે. પાછુ એનું અભિમાન કરે. આટલી બધી પ્રવૃત્તિ કરી અને આટલી બધી સફળતા મેળવી અને એને લોકો મારી વાહ વાહ કરે છે. આટલી

પ્રવૃત્તિ કરી, એમાં મને સફળતા મળી અને લોકો એની વાહ વાહ કરે છે. એ જડના કાર્યો તારા નહિ. તે સંજવારી તે કાઢી એની સફળતાના ગાણા ગા અને એમાં તું તને ઠીકપણું માન, આ કાંઈ તને શોભતું નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' કહેતા, ગાંડા...

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ છે. પણ પાગલપન જે છે.

મુમુક્ષુ :- તત્ત્વાનુસારી પરિણમન.

પૂજ્ય ભાઈશ્રી :- તત્ત્વાનુસારી પરિણમન. જ્ઞાનીની દૃષ્ટિ જુદી છે. જગતમાં સંપત્તિવાળા માણસો મોટા થઈને ફરે છે અને પોતાની મોટાઈ એને માને છે. જ્ઞાની એમ એની દૃષ્ટિમાં જુએ છે કે બિચારો પામર છે. એ પામતામાં મોટાઈ માનીને ફરે છે એવું એને ગાંડપણ થયું છે. જે જડ પદાર્થોથી એની મોટાઈ માને છે એ ભાવ પામરતાનો છે. અને એ પામરતામાં રહ્યો રહ્યો પોતાની મોટાઈ માને છે. આ એક જાતનું ગાંડપણ છે. પામરતામાં મોટાઈ ક્યાંથી આવી? જ્ઞાનીની દૃષ્ટિ જુદી છે, લોકોની દૃષ્ટિ જુદી છે. લોકો અને પુણ્યવંત માને. ભાઈ પાસે ઘણું થઈ ગયું. આ કહે છે કે, બિચારો પામર છે. આટલો બધો દૃષ્ટિમાં ફેર છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને તો પોતાનો વૈભવ દેખાણો ...

પૂજ્ય ભાઈશ્રી :- એને અંદરની આત્મલક્ષ્મીના દર્શન થાય છે. લીધું ને? દ્રવ્ય આશ્ચર્યકારી છે. કેવી ગુણસંપત્તિ છે? મહાઆશ્ચર્યકારી! આ મુનિદશા જુઓ! આશ્ચર્યકારીદશા છે કે નહિ? જેને દેહનો ઉપયોગ જાણે છૂટી ગયો છે. ઠંડી-ગરમી કેમ એને નહિ લાગતી હોય? પણ દેહનો ઉપયોગ નથી, કહે છે. અંદર એવો પરમેશ્વરપદમાં રમણતા કરે છે ક્ષણે ક્ષણે. દેહનો ઉપયોગ છૂટી ગયો છે. એની મસ્તીમાં જ પડ્યા છે. આહારનો વિકલ્પ ક્યારેક ઉઠે તો ઠીક છે, પાછો શમાઈ જતા વાર નહિ લાગે. પણ છતાં આહાર કરતા કરતા ઉપયોગ એમાં (લીન થઈ) જાય, હાલતા-ચાલતા ઉપયોગ એમાં ચાલ્યો (જાય). કોઈ જગતની પ્રવૃત્તિ નહિ છતાં જરાય નવરા નથી. એક કામ માથે ન લ્યે. એવું આશ્ચર્યકારી પરિણમન છે.

**'જડના કાર્યો તારા નથી. ચેતનનાં કાર્યો ચેતન હોય.'** તું ચૈતન્ય છો તો તારા કાર્યો તો ચેતન સ્વરૂપે હોય. જડના કાર્યો જડ સ્વરૂપે અને ચેતનના કાર્યો ચેતન સ્વરૂપે. તું ચેતન થઈને હું જડના કાર્યો કરું છું. ક્યાંથી લઈ આવ્યો? જગતની કોઈ રચના એવી છે કે અસત્યનો આગ્રહ થાય. જે તે કામમાં કુશળતા હોય છે માણસની કામ કરનારની, કેવું સરસ કામ કરી દીધું. કેવું સરસ બનાવે છે. કાંઈ એણે કર્યું હોય તો હરામ બરાબર છે. ભાવ કર્યો છે. એક પરમાણુની પર્યાયને કોઈ પલટાવે ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ

જીવનું સામર્થ્ય નથી. સ્વયં પલટતા પરમાણુ છે. આ એમ કહે છે કે હું પલટાવું. સ્વયં પલટતાને હું પલટાવું છું. એ ભ્રમણા છે.

**'જડના કાર્યો તારા નથી. ચેતનના કાર્યો ચેતન હોય.'** ચૈતન્યના કાર્યો તો ચૈતન્ય રૂપે હોય. **'વૈભાવિક કાર્યો પણ પરમાર્થે તારા નથી.'** હવે ચેતનની અંદર પણ કાર્યની અંદર બે પ્રકાર-એક સ્વભાવિક અને એક વૈભાવિક. વૈભાવિક કાર્યો તારા નથી. એની અવસ્થામાં છે ને? શરીરને સોજો થાય એટલે કાંઈ જાડો થઈ ગયો એમ માની લેવાય? કે લોહી વધી ગયું એમ ન માની લેવાય. પાણી વધ્યું છે, લોહી વધ્યું નથી. સોજો ઉતારવા માટે પાણી કાઢે કે લોહી કાઢે? પાણી હોય એ કાઢી નાખે. વિભાવ છે એ રોગ છે. એની અવસ્થાનો એ રોગ છે. **'વૈભાવિક કાર્યો પણ પરમાર્થે તારા નથી.'**

**'જીવનમાં એવું જ ઘૂંટાઈ જવું જોઈએ કે...'** આ એક બહુ સરસ વાત કરી છે. આ એક ઘૂંટાઈ જવું જોઈએ. જીવનની અંદર આ વસ્તુ ઘૂંટાઈ જવી જોઈએ. આ સ્વાધ્યાય પણ ઘૂંટણ માટે છે. એકની એક વાત આવે છે. એ એકની એક વાત એના ઘૂંટણને લઈને આવે છે. કહેનારને ઘૂંટણ હોય, સાંભળનારને પણ ઘૂંટણ થવું જોઈએ. એ હેતુ છે.

મુમુક્ષુ :- ઘૂંટણમાં...

પૂજ્ય ભાઈશ્રી :- રસ હોય તો ઘૂંટણ ચાલે. ઘૂંટણમાં રસ ઘૂંટાય છે. ઘૂંટાઈ ઘૂંટાઈને ગાઢો રસ થાય છે. ગાઢ રસ થાય છે. એ ઘૂંટણનું કાર્ય છે રસને ગાઢ કરવાનું. રસને ગાઢ કરવાની પ્રક્રિયા એનું નામ ઘૂંટણ.

**'જીવનમાં એવું જ ઘૂંટાઈ જવું જોઈએ કે જડ અને વિભાવ તે પર છે, તે હું નથી.'** જડ પણ હું નથી અને જડ તરફના પરિણામરૂપ વિભાવ; જડ, જડના કાર્યો તો હું નથી પણ એ પ્રત્યેના વિભાવરૂપ પરિણામ છે એ બધા પણ મારું સ્વરૂપ નથી. એમ ઘૂંટાઈ જવું જોઈએ. ઉપરછલ્લો વિકલ્પ કરે એમ નહિ, ઘૂંટાઈ જવું જોઈએ. ઘૂંટાઈ ઘૂંટાઈને એકરસ થઈ જાય.

મુમુક્ષુ :- ...ઘૂંટણ આવ્યું છે, નિરંતર ઘૂંટણ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં ભેદજ્ઞાનનો વિષય લીધો છે. અહીંયાં પણ વાત ભેદજ્ઞાનની જ છે. જુદાપણાનું ઘૂંટણ, એવું નિરંતર ઘૂંટણ રહે. હું જુદો. આસ્તિથી વાત લીધી છે. હું જ્ઞાયક છું એમ કરીને. જ્ઞાયકની અસ્તિની વાત લીધી છે. અહીંયાં અસ્તિનો વિષય ...માં નથી પણ અધ્યાહાર છે એ. જીવનમાં એવું ઘૂંટાઈ જવું જોઈએ કે હું ચૈતન્ય છું અથવા જ્ઞાયક છું એનો આધાર લેવાનો છે. એના આધારે. આ નથી, આ નથી પણ કોના આધારે નથી? જ્ઞાયકના આધારે નથી. એ વાત અધ્યાહાર છે.

મુમુક્ષુ :- હું આ નથી... હું આ નથી... એમાં નાસ્તિ આવી જાય, પણ અસ્તિને પકડવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે જરૂરત લાગે તો ઘૂંટણ ઊભું થાય. જીવનમાં પણ જ્યારે પૈસાની જરૂરત પહેલીવહેલી સમજાણી, જ્યાં સુધી જેને એમ કહેવાય કે આર્થિક જીવન શરૂ ન થાય-Commercial life-ત્યાં સુધી તો ભણતર છે, રમતગમત છે એની અંદર એ વિષય... પણ જ્યારે આર્થિક જીવનમાં પ્રવેશ કરે છે ત્યારે માણસને પહેલીવહેલી પૈસાની જરૂરત સમજાય છે. પછી એનું ઘૂંટણ ચાલે છે કે નથી ચાલતું? શું કરું તો મને વધુમાં વધુ આર્થિક ...? એવું હું શું કરું? કરું છું એમાં હું શું વૃદ્ધિગતપણું કરું? એમાં એને એ પરિણામનું પુનરાવર્તન થાય છે એવું કંઈ લાગ્યા કરે? આ તેની તે વાત વિચારમાં આવ્યા કરે છે. તેની તે વાત વિચારમાં આવ્યા કરે છે. એવું એને લાગે છે? એવું નથી લાગતું. કેમકે જેની જરૂરિયાત હોય એનું ઘૂંટણ, એનું ચિંતન એને ચાલ્યા જ કરે. એમાં કૃત્રિમતા કરવી પડે નહિ.

એમ અહીંયાં પોતાને આત્મસ્વભાવ, આત્મશાંતિ, આત્માનો આનંદ, આત્મિક સુખ એની જરૂરિયાતથી એ વાત ઉપડવી જોઈએ. આત્મિક સુખનો સ્વાદ ચાખવો છે. આ જગતના પદાર્થોમાં ક્યાંય સુખ છે નહિ અને બધે આકુળતા ઉત્પન્ન થવાના જ પ્રકાર છે. ક્યાંય આકુળતા સિવાય બીજી વાત નથી અને એ અશાંતિનો એને ત્રાસ લાગવો જોઈએ. ત્રાસ ત્રાસ લાગવો જોઈએ, તો છૂટે. મીઠું લાગે એ છૂટે નહિ, છૂટી શકે નહિ. મીઠું નથી પણ એ તો ભ્રમણા છે. મીઠાશની કલ્પના ને ભ્રમણા છે.

મુમુક્ષુ :- ...તો નક્કી થાય.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવ નક્કી કરે તો બધું નક્કી થાય. વિભાવ નક્કી થાય, પર નક્કી થાય. સ્વભાવના નિર્ણય વિના એક ડગલું આગળ જવાય એવું નથી.

આ તો એક General વાત છે. '**જીવનમાં એવું ઘૂંટાઈ જવું જોઈએ કે જડ અને વિભાવ તે પર છે,...**' ક્યાંય મમત્વ કરવાની જગ્યા નથી, મમત્વ કરવા યોગ્ય નથી. મમત્વ કરવું તે નુકસાન છે, એકાંતે. એમ જીવનની અંદર એ ઘૂંટાઈ જવું જોઈએ. એ રસ બરાબર પાકો થઈ જવો જોઈએ. જેમ ઊલટો રસ પાકો થયો છે. આ મારું... આ મારું... આ મારું... એમ પાકુ થયું. એનો રસ થઈ ગયો છે ઘૂંટાઈ ઘૂંટાઈને. એનાથી ભિન્નપણાના રસથી એમાં નિરસ થઈ જવું જોઈએ.

મુમુક્ષુ :- પરિણતિ થઈ જવી એટલે ઘૂંટાઈ જવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘૂંટણની પરિણતિ. ઘૂંટણ ચાલે તો પરિણતિ થાય. ઘૂંટણ ચાલ્યા વિના પરિણતિ (થાય નહિ). ઘૂંટાઈ ઘૂંટાઈને પરિણતિ થઈ જવી જોઈએ. ઘૂંટાઈ

ઘૂંટાઈને પરિણતિ થઈ જવી જોઈએ. એમ કહેવા માગે છે. જીવનમાં ઘૂંટાઈ જવું જોઈએ એટલે ઘૂંટાઈ ઘૂંટાઈને એની પરિણતિ થઈ જવી જોઈએ. તો એને બહારમાં પુણ્ય-પાપનો ઉદય આવે તો પુણ્યના ઉદયમાં હરખનો રસ ચડે નહિ અને પાપના ઉદયમાં ખેદનો રસ એને ચડે નહિ. લોકો માને છે એને માનવા દો. હું તો જે છું એ છું. ખરેખર મારે કાંઈ લેવા દેવા નથી. ઉદયના હિસાબ-કિતાબ ભલે પૂરા થાય ઉદયમાં આવીને. કર્મના હિસાબ ઉદયમાં આવીને ભલે પૂરા થાય. એ પૂરા થાય કે અધૂરા થાય મારે લેવા-દેવા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા પરિણતિ. પરિણતિનું ફળ ... આવે છે. અહીં સુધી રાખીએ.

જ્ઞાનની બે મુખ્ય વિશેષતા છે એક સ્વ-પરનું પ્રકાશવું, બીજું માત્ર 'સ્વ' નું વેદવું. જેમ સ્વરૂપ પ્રકાશન (સ્વરૂપ ગ્રહણ) કાળે, સ્વરૂપ અનુભવ છે, તેમ પરપ્રકાશનકાળે પરનું વેદન નથી અને નિજ-વેદનનો ત્યાગ નથી; તો પણ પર-વેદનના અધ્યાસ કાળે, ભેદજ્ઞાનના અભાવને લીધે, વેદકતા અધ્યાસિત પરિણામમાં રોકાઈ જવાથી અધ્યાસિત ભાવે 'પર વેદાય છે', તેવો મિથ્યાભાસ રહે છે જે સ્વ-સંવેદનને તિરોભૂત કરે છે, વા પ્રગટ થવા દેતું નથી; તેથી જ્ઞાન સામાન્યમાં વેદન / અનુભવનો દ્રષ્ટિકોણ સાધ્ય કરી, સ્વરૂપ ગ્રહણ કરવું. ('અનુભવસંજીવની' બોલ નં.૩૮૫)

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ - | |
| ૦૯ | બીજું કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) - | |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) - | |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકિયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકિયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય - | |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |

| | | |
|---|---|---|
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમકિતનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ-૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ-૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ-૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૮૪ | રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૮ | રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૯ | રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૦ | રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૧ | રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૨ | અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૩ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૪ | રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૫ | રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૬ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૭ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૮ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૯૯ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર<br>પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૧૦૦ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૧ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૨ | અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૩ | રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૪ | રાજહૃદય (ભાગ-૧૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૫ | રાજહૃદય (ભાગ-૧૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૧૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૮) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मुल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निभ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |

| | | |
|---|---|---|
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

# वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |

| | | |
|---|---|---|
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |

| | | |
|---|---|---|
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मस्धा (भाग-१) (गुजराती) | १००० |

| | |
|---|---|
| १०५ अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ मुक्तिनो मार्ग (गुजराती) | १००० |
| ११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० जिन प्रतिमा जीन सारखी | ५०० |
| १२१ स्मरण संचिका | १५०० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी) | १००० |
| १२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी) | १००० |
| १२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी) | १००० |
| १२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी) | १००० |
| १२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी) | १००० |
| १२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी) | १००० |
| १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १३५ राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १३६ राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १३७ राज हृदय (भाग-११) (गुजराती) | १०० |
| १३८ राज हृदय (भाग-१२) (गुजराती) | १०० |

| | |
|---|---|
| १३९ राज हृदय (भाग-१३) (गुजराती) | १०० |
| १४० राज हृदय (भाग-१४) (गुजराती) | १०० |
| १४१ राज हृदय (भाग-१५) (गुजराती) | १०० |
| १४२ राज हृदय (भाग-१६) (गुजराती) | १०० |
| १४३ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १४४ अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |
| १४५ अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती) | १५० |
| १४६ अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती) | १५० |
| १४७ अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती) | १५० |
| १४८ अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती) | १५० |
| १४९ अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती) | १५० |
| १५० अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती) | १०० |
| १५१ अनुभवप्रकाशना किरणों (भाग-८) (गुजराती) | १०० |
| १५२ अनुभवप्रकाशना किरणों (भाग-९) (गुजराती) | १०० |
| १५३ राज हृदय (भाग-१७) (गुजराती) | २०० |
| १५४ राज हृदय (भाग-१८) (गुजराती) | २०० |
| १५५ राज हृदय (भाग-१९) (गुजराती) | २०० |
| १५६ अध्यात्म सुधा (भाग-८) (गुजराती) | १५० |

## પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે